

# શાંબ-પ્રધુમ્નચરિત્ર

## બીજો ભાગ



: અનુવાદિકા :

સ્વ. સાધ્વીજી સુનંદાશ્રીજીનાં શિષ્યા

**સાધ્વીજી સુલોચનાશ્રીજી**



ઉસરે

# શાંબ-પ્રદ્યુમ્નચરિત્ર

બીજો ભાગ


ઃ અનુવાદિકા ઃ

સ્વ. સાધ્વીજી સુનંદાશ્રીજીનાં શિષ્યા

સાધ્વીજી સુલોચનાશ્રીજી

કવિચક્રવર્તી શ્રી રવિસાગર ગણિ–વિરચિત

# શ્રી શાંબ-પ્રદ્યુમ્ન ચરિત્ર

[ સર્ગ : ૯ થી ૧૬ સંપૂર્ણ ]

બીજો ભાગ

卐

મૂળ સંસ્કૃત શ્લોકો અને ભાવાનુવાદ

: ભાવાનુવાદિકા :

સ્વ. પ્રવર્તિની સાધ્વીજી સુનંદાશ્રીજીનાં
વિદુષી શિષ્યા સાધ્વીજી સુલોચનાશ્રીજી

: પ્રકાશક :

અમિતભાઇ એસ. મહેતા
'અમિકુંજ', લો ગાર્ડન પાસે
નવરંગપુરા, અમદાવાદ–૯

: પ્રાપ્તિ સ્થાન :

■ સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ
અમદાવાદ–૧

■ સોમચંદ ડી. શાહ
જીવનનિવાસ સામે
પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

■ સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજનગલી.
ઝવેરી બજાર, મુંબઇ–૨

■ વિ. સં. ૨૦૪૬
■ પ્રતિ–૫૦૦

■ મૂલ્ય : ૫૦/રુ.
■ બે ભાગના : ૧૦૦/રુ.

: મુદ્રક :

ભાવના પ્રિન્ટરી
કંબોઈ નગર પાસે,
મહેસાણા [ઉ. ગુજરાત]

# આર્થિક સહયોગી

| | | |
|---|---|---|
| રૂ. ૧૧૦૦૦/- | ચીક પેઠ શ્રાવિકા સંઘ | બેંગલોર |
| રૂ. ૫૦૦૦/- | ગાંધીનગર જૈન સંઘ, જ્ઞાનખાતુ. | બેંગલોર |
| રૂ. ૨૦૦૦/- | પૂ. સાધ્વીજી જયવંતાશ્રીજીની પ્રેરણાથી જૈન સંઘનું જ્ઞાનખાતુ. | બિજાપુર |
| રૂ. ૫૫૧/- | પૂ. સાધ્વીજી ભાગ્યપૂર્ણાશ્રીજીની પ્રેરણાથી આદિનાથ સોસાયટી. | પૂના |
| રૂ. ૫૦૦/- | શ્રી દેવચંદ કુશળચંદજી | મદ્રાસ |
| રૂ. ૨૫૧/- | સાધ્વીજી નિપુણાશ્રીજીની પ્રેરણાથી | અમદાવાદ |

**રૂ. ૨૫૧/- ના સહયોગી પૂના- આદિનાથ સોસાયટીના ભાઈ-બહેનો :**

— મણીબેન જયંતિલાલ ફૂળિયા.
— હંસાબેન મનુભાઇ મહેતા.
— શારદાબેન કીર્તિભાઇ શાહ.
— કંચનબેન હિરાલાલ ચોખાવાળા.
— સુભદ્રાબેન સારાભાઈ શાહ.
— સરસ્વતીબેન અંબાલાલ પરીખ.
— પ્રકાશકુમાર રતિલાલ માનચંદ.
— તારાબેન દલપતભાઇ શાહ.
— શકુંતલાબેન રમણુલાલ મોતીવાળા.
— હિંમતલાલ રતનચંદ શાહ.
— ચતુરબેન સુંદરલાલ.
— મંગુબેન ગોકળદાસ.
— સંધ્યાબેન રમેશચંદ્ર.
— લાલીબેન સી. ગોમરાજ ગુલટેકરી, પુના.
— શકરીબેન કેશવલાલ મસાલીયા ચંદ્રનગર, પૂના.
— કલાવતી મહેન્દ્રભાઇ ઝવેરી. મુંબઈ
— શાન્તિલાલ ફકીરચંદ [શાહ બ્રધર્સ] શ્રીરામપુર
— વિમલાબેન જયંતિલાલ : હ. અનિલભાઈ પંચગીની

# પ્રકાશકીય

સંસ્કૃત ભાષામાં રચાયેલા અનેક ચરિત્રગ્રંથોમાં આ ચરિત્રગ્રંથ એક શિષ્ટ-વિશિષ્ટ ચરિત્ર-ગ્રંથ છે. કવિચક્રવર્તી શ્રી રવિસાગર ગણીવરે આ ગ્રંથની રચના કરેલી છે. ખરેખર, રમ્ય-સુરમ્ય ભાષામાં આ ગ્રંથ લખાયેલો છે.

પરંતુ સંસ્કૃત ભાષા હવે લોકભાષા રહી નથી. ધીરે ધીરે વિદ્યાલયો-મહાવિદ્યાલયોમાંથી આ ભાષા શિખવવાનું કાર્ય બંધ થઇ રહ્યું છે. લોકોને આ ભાષામાં રસ રહ્યો નથી. અંગ્રેજી ભાષાની ઘેલછા વધી રહી છે.

આ ગ્રંથનો ગુજરાતી ભાષામાં અનુવાદ પૂજ્ય સાધ્વીજી મ. સુલોચનાશ્રીજીએ કર્યો છે. અનુવાદ સરલ, સુબોધ અને રસપૂર્ણ છે. તેઓએ આટલા મોટા ચરિત્રગ્રંથનો અનુવાદ કરીને ખરેખર, ઉત્તમ કાર્ય કર્યું છે.

પહેલો ભાગ એક વર્ષ પૂર્વે છપાઇ ગયો છે. પરંતુ બંને ભાગ સાથે જ પ્રકાશિત કરવાની ભાવનાથી અમે હવે બંને ભાગનું પ્રકાશન કરીએ છીએ.

આ ભાગમાં (બીજા) બેંગલોર અને પૂનાના પુણ્યશાળી ભાઇ-બહેનોએ આર્થિક સહયોગ આપેલો છે. પૂજ્ય સાધ્વીજી શ્રી સુલોચનાશ્રીજી [ પૂ. બાપજી મ. ના સમુદાયનાં ] ની પ્રેરણાથી જ આ સહયોગ પ્રાપ્ત થયો છે. અમે એ સહુનો આભાર માનીએ છીએ.

આવા તો અનેક ચરિત્રગ્રંથો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલા છે. જો આ રીતે ગુજરાતી ભાષામાં અનુવાદ થાય અને સુંદર પ્રકાશન થાય, તો અનેક ભાવુક જીવોને ઉપયોગી બને. સંસ્કૃત કાવ્યોનું વાંચન કરનારાઓને માટે પણ ઉપયોગી બને.

આ કાવ્ય ખૂબ જ રસપૂર્ણ છે. શ્રીકૃષ્ણના ચરિત્રને પણ આમાં વણી લેવામાં આવ્યું છે, કે જે ખૂબ રોચક છે.

આ ચરિત્રગ્રંથના પ્રકાશનમાં સર્વે સહયોગી મહાનુભાવોનો હાર્દિક આભાર માનું છું. પ્રકાશનમાં કોઇ ત્રુટી રહી જવા પામી હોય તેની ક્ષમા ચાહુ છું.

મહાસુદ : ૧
૨૦૪૬

— પ્રકાશક

પંડિતચક્રવર્તી રાજસાગર ગણિ-શિષ્ય

પંડિત રવિસાગર ગણિ-વિરચિત

# શાંબ-પ્રદ્યુમ્ન ચરિત્ર

## ભાગ : બીજો

• અનુવાદિકા •

સાધ્વી સુલોચનાશ્રીજી

પંડિત ચક્રવર્તી શ્રી રાજ સાગર ગણિ-શિષ્ય
શ્રી રવિસાગર-ગણિ-વિરચિત

# शांबप्रद्युम्नचरित्र

[ ગુજરાતી અનુવાદ સાથે ]

## ભાગ : બીજો

### સર્ગ : ૯

अथ विद्याधराधीश–कालसंवरमंदिरे । कल्पशाखीव मेरौ स, वर्धते वयसा शिशुः ।१।
सौम्यत्वेन शशीवासौ, प्रतापेनार्यमेव च । आशैशवादपि द्वाभ्यां, गुणाभ्यां भासुरोऽभवत् ।२।
प्रद्युम्नो वर्ततेऽनंगो–ऽप्यपरेषां विकारकृत् । प्रद्युम्नोऽप्यद्भुतं सांगो, रुपेणायं प्रमोदकः ।३।
पुरुषाणां च नारीणां, हरणाच्चित्तचक्षुषां । रूपं शैशवतस्तस्य, तस्करतामशिश्रयत् ।४।
प्रयाति वयसा वृद्धिं, बालकोऽसौ यथा यथा । पित्रोर्गृहेऽतुलं चैति, धनधान्यं तथा तथा ।५।
शस्त्रशास्त्रकलाभ्यासं, स कुर्वन् पाठकांतिके । धवलप्रतिपच्चंद्र, इवैधत कलादिभिः ।६।
प्राणेभ्योऽप्यधिको मातु, राज्यसारं महीपतेः । भाग्यसौभाग्ययोग्यत्वा–न्मान्योऽभून्नगरेऽखिले ।।
यौवनं पावनं प्राप, विकृतिस्थितिवर्जनात् । प्रभूतानां मनुष्याणां, स्त्रीणामाश्चर्यकारणं ।८।
पुण्यलावण्यतारुण्यं, तस्य वीक्ष्य मृगीदृशः । दर्शयंति स्त्रियो नेत्र–विकारान्न तु स स्वयं ।९।
अभूत्सुभटकोटीना–मधृष्यः स भुजौजसा । शौर्येण पुरतस्तस्य, न कोऽप्यमंडयद्रणं ।१०।
येऽभवन् बलिनो दुष्टा, वैरिणो वैरकारिणः । सर्वेऽपि तस्य माहात्म्या–त्तन्मित्रतामशिश्रयन् ।।
द्वेधापि बलगर्वेण, येऽभूवन्नतिमानिनः । स्वकीयकलया जित्वा, तेन तेऽपि वशीकृताः ।१२।
स पार्श्ववर्तिनः शत्रून्, वशीकृत्याखिलानपि । तान् दूरवर्तिनो जेतुं, पितुराज्ञामयाचत ।१३।
तेनापि तस्य सामर्थ्यं, विज्ञाय सा समर्पिता । कटकेन प्रभूतेन, ततो बली चचाल सः ।१४।
शूरा वीरा रणे धीरा, येऽभवन् खेचरा नराः । निशेषानपि जित्वा तान्, विहितास्तेन ते वशे ।।
दुष्टानां खेचरेंद्राणां, देशेषु सकलेष्वपि । पितुः प्रवर्तयित्वाज्ञां, स यशस्वी समागतः ।१६।

વિદ્યાધરોના અધિપતિ કાલસંવર રાજાના રાજમહેલમાં મેરૂપર્વત ઉપર રહેલા કલ્પવૃક્ષની જેમ પ્રદ્યુમ્નકુમાર દિન-પ્રતિદિન વૃદ્ધિને પામે છે. ચંદ્રની જેમ શીતલ અને સૂર્યની જેમ તેજસ્વી-પ્રતાપી

એવો આ બાળક ગુણો વડે શોભી રહ્યો છે. પ્રદ્યુમ્ન અનંગ (અશરીરી) થઇને બીજાઓને વિકાર કરાવનાર છે. છતાં પોતાના અદ્દ્ભુત રૂપથી શરીરી એવો તે બીજાઓને આહ્લાદ આપનાર છે. સ્ત્રી-પુરૂષોના ચિત્ત અને ચક્ષુનું હરણ કરવાથી બાલ્યકાળથી પ્રદ્યુમ્નનું રૂપ ચોર જેવું બન્યું. જેમ જેમ બાળકની વય વધતી જાય છે તેમ તેમ માતા-પિતાના ઘરમાં અખૂટ ધન-ધાન્યના ભંડાર વધતા જાય છે. પંડિતની પાસે શસ્ત્રકલા અને શાસ્ત્રકલા ગ્રહણ કરતો પૂર્ણિમાના ચંદ્રની જેમ સર્વકલામાં સંપન્ન બન્યો. માતા-પિતાને પ્રાણથી પણ અધિક પ્રિય એવો પ્રદ્યુમ્નકુમાર પોતાના ભાગ્ય અને સૌભાગ્યથી આખાયે નગરમાં સર્વમાન્ય બની ગયો. વિકાર આદિ દૂષણોથી મુક્ત પ્રદ્યુમ્ને સઘળાએ સ્ત્રી-પુરૂષોને આશ્ચર્યકારી યુવાવસ્થા પ્રાપ્ત કરી. તેના લાવણ્ય, સૌન્દર્ય અને તારૂણ્યને સ્ત્રીઓ અનિમેષ નયને જોઇ રહેતી, છતાં સ્વયં વિકારથી રહિત રહેતો. ભુજાબલ વડે ક્રોડો સુભટોથી અજેય એવા પરાક્રમી પ્રદ્યુમ્નની સાથે યુદ્ધ કરવા કોઇ તૈયાર થતું નહી. તેથી બલવાન એવા શત્રુ રાજાઓ પણ સર્વે તેના પ્રભાવથી મિત્રરૂપે આવીને રહ્યા. અને જે અભિમાની રાજાઓ હતા, તે બધાને પણ પોતાની કલાથી જીતીને વશ કર્યા. નજીકમાં રહેલા સઘળા શત્રુરાજાઓને વશ કરી પિતાની આજ્ઞાને સ્વાધીન કર્યા, અને દૂર દૂર રહેલા શત્રુઓને જીતવા માટે પિતાની આજ્ઞાથી મોટું સૈન્ય લઇને પ્રયાણ કર્યું. શૂરવીર, રણવીર અને પરાક્રમી એવા વિદ્યાધર રાજાઓને પણ જીતીને શત્રુરાજાના દેશમાં પિતાની આજ્ઞાનો વિજયધ્વજ ફરકાવી યશસ્વી એવો પ્રદ્યુમ્નકુમાર પોતાની રાજધાની પાસે આવ્યો.

समागच्छंतमाकर्ण्य, कृत्वा दिग्विजयं वरं । द्रंगं शृंगारयित्वा तं, प्रावेशयत्पितोत्सवैः ।१७।
कालसंवरभूपेन, वीक्ष्यांगजमचिंत्यत । मयास्य जातमात्रस्य, यौवराज्यं पुरार्पितं ।१८।
अथातुलेषु भूपेषु, नागरेषु नरेषु च । वीक्षमाणेषु हर्षेण, तत्पदं प्रददाम्यहं ।१९।
परिकल्प्येति भूपालः, प्राह प्रद्युम्नमंगजं । दत्तमासीत्पुरा बाल्ये, यौवराज्यं मया तव ।२०।
साक्षिकं भूरिभूपानां, सांप्रतं त्वं गृहाण तत् । इत्युक्तोऽवक्सुतो ह्रीमान्, योग्यस्य तत्प्रदीयतां।।
महीपालोऽवदत्पुत्र ! योग्यस्यैव प्रदीयते । कथयित्वेति तद्दत्तं, महैः पश्यत्सु राजसु ।२२।
यौवराज्यं सुते दत्वा, दानानि याचकेषु च । भूपेषु बहुमानानि, मुमुदे कालसंवरः ।२३।
तारुण्ये यौवराज्येऽपि संप्राप्ते निजताततः । चित्रं कस्यापि जातो न, प्रद्युम्नो विकृतिप्रदः ।२४।
प्रद्युम्नः प्रायसश्चित्तभवो भवति भूपृशां । एश्वर्ये प्रबले प्राप्ते सोऽभवत्स्वांतसंस्थितः ।२५।
प्रद्युम्नस्योपरि प्रायः, स्नेहिनो देहिनोऽवनौ । पदव्यामुपलब्धायां, संजाता तन्मयी पुरी ।२६।
निकेतनेषु हट्टेषु, मार्गेषु च चतुःपथे । स्वाध्याये क्रियते लोकैस्तस्यैव भाग्यवर्णनं ।२७।

દિગ્વિજય કરીને આવેલા પુત્રનો કાલસંવર રાજાએ નગર શણગારીને મહોત્સવપૂર્વક નગર-પ્રવેશ કરાવ્યો. વિજયી પુત્રને જોઇને પ્રસન્ન થયેલા રાજાએ વિચાર્યું કે 'આ પુત્રને મેં જન્મતાં જ યુવરાજની પદવી આપી છે, તો હવે બધાએ રાજાઓ અને નગરવાસીઓ સમક્ષ મહોત્સવપૂર્વક યુવરાજપદ આપું. એમ વિચારીને પ્રદ્યુમ્નને કહ્યું: 'મેં તને બાલપણમાં યુવરાજપદ આપ્યું હતું,

પરંતુ હવે સર્વજન સમક્ષ યુવરાજપદ આપું છું, તે તારે ગ્રહણ કરવું પડશે.' લજ્જાળુ એવા પ્રદ્યુમ્ને કહ્યું : 'પિતાજી, એ પદ માટે હું યોગ્ય નથી અને મારી એવી તાકાત નથી કે એ જવાબદારી હું ઉઠાવી શકું. માટે જે યોગ્ય હોય તેને એ પદ આપો.' રાજાએ કહ્યું : 'વત્સ, મારે મન તું યોગ્ય જ છે.' આ પ્રમાણે કહીને સઘળા રાજાઓ અને પ્રજાજન સમક્ષ મહોત્સવપૂર્વક તેને યુવરાજપદ અર્પણ કર્યું. યાચકોને દાન આપીને અને રાજા આદિ મુખ્ય મુખ્ય અધિકારીઓનું બહુમાન કરીને કાલસંવર રાજા ખૂબ હર્ષિત થયા. તરૂણ અવસ્થામાં પિતા તરફથી યુવરાજપદ પ્રાપ્ત થવા છતાં પ્રદ્યુમ્નમાં કોઇ ઉદ્ધતાઈ આવી નહીં. તેણે પોતાના મનમાં ઐશ્વર્ય, બલ, સત્તા અને સૌન્દર્ય પચાવી દીધું. તેથી જ તે લોકોમાં 'મનોભવ' તરીકે પ્રસિદ્ધ થયો. પ્રદ્યુમ્ન પ્રત્યે સ્નેહ રાખનારી સમસ્ત નગરી તેના ગુણગાન ગાવામાં તન્મય બની ગઈ અને ચોરે-ચૌટે, ગલીએ-ગલીએ, બજારોમાં, ઘરોમાં અને દુકાનોમાં લોકોના મુખે પ્રદ્યુમ્નના ભાગ્યની પ્રશંસા થઈ રહી.

अथ तस्य प्रभोः संति, कांताः पंचशतानि च । पृथग्पृथग् सुतास्तासां, विद्यादभ्रपराक्रमाः ।२८।
स्वस्याः स्वस्या जनन्यास्ते, नमस्कर्तुं क्रमद्वयं । स्पष्टभक्तेः समायांति, नितांतं विनयाश्रिताः ।।
प्रणता मातरः सर्वा–स्तैः सुतैरन्यदा मुदा । तावत् कोपेन ताः प्रौचु–स्तनयान् जनितांजलीन् ।।
रे पुत्रा जिवितव्येन, यौष्माकीनेन किं तदा । भवंत्सु सत्सु साम्राज्यं, गृह्यातेऽन्यनरेण चेत् ।।
अज्ञातकुलशीलेन, जातिहीनेन पापिना । एतत्कुलक्रमायात–मस्मद्राज्यमपावितं ।३२।
ततो यथातथा दुष्टो, मारणीयोऽयमंजसा । यथा स्याद्भवतां नाम, प्रसिद्धिश्च महीतले ।३३।
कामिनी तुच्छबुद्धिः स्या-दिति तासां मनीषया । ते सर्वेऽपि सुता मुग्धाः, संजातास्तुच्छबुद्धयः ।।
मातरो यदि युष्माकं, वर्तामहे सुता वयं । चिंतितं वः करिष्याम, इत्युक्त्वा ते विनिर्गताः ।।
निर्गत्य जननीपार्श्वा–द्दत्वा कुमारसन्निधौ । सर्वेऽपि मिलिताः क्रूरभावेन शात्रवा इव ।३६।
मायया भोजनं पानं, शयनं क्रीडनं पुनः । सहैव ते तु कुर्वंति, विश्वासयितुं तन्मनः ।३७।
अन्येद्युरशनं पानं, तांबूलं कुसुमं फलं । सर्वमप्यददंस्तस्य, कृत्वा ते विषमिश्रितं ।३८।
तस्य प्राग्जन्मपुण्येन, विषमप्यमृतायितं । आश्चर्यं नात्र पुण्येन, किं किं शुभं न जायते ।३९।
यदा तस्य पराभूता–वपि भूतिः पराऽभवत् । तदा मत्सरकर्तारो–ऽभूवंस्ते कोपसंकुलाः ।४०।

કાલસંવર રાજાની બીજી પાંચસો રાણીઓ હતી. તેના વિનયી પાંચસો પુત્રો હતા. તેઓ હંમેશ પોતાની માતાઓને પ્રણામ કરવા માટે આવતા. એક દિવસે તેઓની માતાઓએ ક્રોધાતુર બનીને પુત્રોને કહ્યું : 'અરે પુત્રો, તમો શું જીવી રહ્યા છો? તમારા જીવનને ધિક્કાર હો. પરાક્રમી એવા તમો પાંચસો પુત્રો હોવા છતાં જેના શીલની ખબર નથી, જેના કુળની કે જાતિની ખબર નથી એવો અજાણ્યો પુત્ર તમારી હયાતીમાં કુળક્રમથી આવેલું રાજ્ય પચાવી જાય, તેની તમને શરમ નથી આવતી? તો એ દુષ્ટને ગમે તેમ કરીને મારી નાંખો અને રાજ્યના માલિક તમે થાઓ.' આ પ્રમાણે તુચ્છબુદ્ધિવાળી માતાઓની વાત સાંભળીને મંદબુદ્ધિવાળા પાંચસો પુત્રો માતાઓની વાતમાં લોભાઇ ગયા, અને કહ્યું : 'માતા, અમે તમારા પુત્રો છીએ. તમારી ઈચ્છા મુજબ અમે જરૂર

કરીશું.' આ પ્રમાણે કહીને ત્યાંથી નીકળી પ્રદ્યુમ્નને વિશ્વાસમાં લેવા માટે મનમાં શત્રુતાને ધારણ કરતા તેઓ કુમારની પાસે આવવા લાગ્યા. આવીને પ્રદ્યુમ્નની સાથે મીઠી મીઠી વાતો કરતા, તેમજ કપટભાવથી ભોજન, પાન, શયન, રમત, ગમત, બધું પ્રદ્યુમ્નની સાથે કરતા. પછી એક દિવસ ભોજનમાં, પાનમાં, તાંબૂલમાં, પુષ્પમાં અને ફલમાં અનુક્રમે વિષ આપ્યું. પરંતુ તેના પૂર્વજન્મના પુણ્યથી વિષ પણ અમૃતરૂપે બની ગયું. આમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. પુણ્યોદયથી શું શું શુભ થતું નથી ? જેમ જેમ તેનો પરાભવ કરવાનો પ્રયત્ન કરે છે, તેમ તેમ તેની વધુ ને વધુ આબાદી થાય છે. તેથી ઈર્ષ્યાળુ એવા તે રાજકુમારો વધારે ને વધારે ક્રોધિત બને છે.

आच्छादितबृहद्भानु–मिवांतर्दधतः क्रुधं । वज्रदंष्ट्रादयस्ते तं, निन्युर्वैताढ्यमस्तकं ।४१।
यावत्ते तत्र सर्वेऽपि, गताः कौतुकचेतसः । तावत्प्रासादमुत्तुंग–मेकमैक्षत सुन्दरं ।४२।
चतुर्द्वारं सहस्राणि, शिखराणि दधद्वरं । निरीक्ष्यार्हतगेहानि, प्राविशंस्तेऽखिला अपि ।४३।
प्रविश्य विधिना तत्र, नत्वा च मूर्तिमार्हतीं । विनिर्गत्य बहिः प्रीति-पूरेण द्वारि संस्थिताः ।४४।
तत्र स्थित्वा यदाऽद्राक्षु–रितस्ततः स्वदृष्टिभिः । तदा गोपुरमैक्षंत, श्रृंगे शिखरिणश्च ते ।४५।
तद्वीक्ष्य वज्रदंष्ट्रः स–कपटोऽवक्सहोदरान् । भ्रातरो वचनं माम–कीनं श्रृणुत सादरं ।४६।
प्रविश्य कुशलेनाया–त्यस्यांतर्गोपुरस्य यः । चिंतितार्थं स आप्नोति, वृद्धखेचवागिति ।४७।
ततः सहोदरा यूय–मत्रैव तिष्ठत क्षणं । परक्षां तत्र गत्वाहं, द्राक्करोमि यथा स्वयं ।४८।
इत्युक्ते वज्रदंष्ट्रेण, प्रद्युम्नोऽभ्यधाद् बली । सर्वेषामपि बंधूना–माज्ञा चेत्तद्व्रजाम्यहं ।४९।
तदुक्तं वाक्यमाकर्ण्य, जगदुः कपटेन ते । साधु साधु त्वया प्रोक्तं विलंबं त्वं विधेहि मा ।५०।
संतुष्टो वचसा तेषा–मवलंब्य स साहसं । तद्गोपुरं ससोपानं, शिरोगृहमिवाचटत् ।५१।
अधिरुह्य महाबुंबा–रवं कुर्वन् स्वलीलया । पद्भ्यां गिरिगुरुभ्यां स, कुट्टयामास तद् भुवं ।५२।
तदा नागकुमारस्त–दधिष्ठाता प्रकोपतः । प्रत्यक्षीभूय रक्ताक्षो, व्याचष्ट निष्टुरं वचः ।५३।
रे पापिन् रे दुराचार, रे निर्लज्जशिरोमणे । किमकृत्यं त्वयारब्ध–प्रकालमरणेच्छुना ।५४।
किं त्वयाकर्णितं नास्ति, यावदेतावतो दिनान् । एतदस्ति सुरस्थान–प्रवज्ञातुर्विघातकं ।५५।
प्रजजल्प कुमारोऽपि, किं भापयसि रे मुधा । तव स्याद्यदि सामर्थ्यं, तद्युध्यस्व मया समं ।५६।
इति प्रोक्तः क्रुधाध्मातः, समागत्यासुराधमः । शरीरे व्यलगत्तस्य, मारणार्थं समुद्यतः ।५७।
व्यलगत्तं कुमारोऽपि, युद्धं जनयितुं तदा । तेन यष्टचा तथा मुष्टचा, परिभूतः स निर्जरः ।।
हारितः पुरतस्तस्या–सुरो भग्नपराक्रमः । कुमारं प्रणिपत्योच्चै–रुचेऽस्मि तव सेवकः ।५९।
अद्यप्रभृति नाथस्त्वं, ममासि पुरुषोत्तम । तस्योपवेष्टुमित्युक्त्वा, सिंहासनं समर्पितं ।६०।
तत्र स्थितः कुमारोऽवक्, किमत्र विषमास्पदे । संस्थितोऽस्यसुरः प्राह, त्वदर्थमेव केवलं ।६१।

कुमारः पुनरप्यूचे, मदर्थं केन हेतुना । स्थितोऽसि सोऽप्यवग् तर्हि, त्वं पृच्छसि तदा शृणु ।६२।
अत्रैव पर्वते लंका–भिधं नगरमद्‌भुतं । नाम्ना कनककेतुश्च, भूपतिस्तत्र संमतः ।६३।
तस्यानिलेति भार्यास्ति, वर्यचातुर्यरुपभृत् । सतीगुणसमायुक्ता, वियुक्तौद्धत्यकर्मभिः ।६४।
भुंजानावद्‌भुतान् भोगान्, वियोगरहितान् पुनः । तावज्ञास्तां न गच्छंतं, कालं कलंकवर्जितौ ।।
तयोः पुत्रोऽन्यदा च्युत्वा, स्वर्गलोकात्सुरोऽभवत् । हिरण्योऽभिधया ख्यातो, रुपेण निर्जरोपमः ।।
राज्यभारस्य योग्यत्वं, विज्ञाय तनये निजे । तत्समर्प्य भवोद्विग्नः, प्राव्राजीन्मुक्तये नृपः ।६७।
पालयित्वा चिरं दीक्षां, द्वादशांगोमधीत्य च । स्फुरत्तरं तपस्तप्त्वा, केवलज्ञानमाप सः ।६८।
केवलज्ञानयोगेन, भव्यलोकान् प्रबोध्य सः । अष्टकर्मक्षयं कृत्वा, सिद्धिसौधमशिश्रयत् ।६९।
हिरण्याख्येन भूपेन, राज्यं प्रपाल्यते तथा । कंटकाः काननं भेजु–र्यथा बब्बुलपादपान् ।७०।
सम्यक्पालयति प्राज्यं, राज्यं कंटकवर्जितं । तदाप्यधिकलाभाय, हृदयं तस्य वर्तते ।७१।
कौतुकेन ततोऽन्येद्युः, प्रासादशिखरस्थितः । पश्यतीतस्ततस्ताव–द्दैत्यराजं ददर्श सः ।७२।
प्रभूतसैन्यसंयुक्तं, विभूत्या च विराजितं । तं दृष्ट्वा चिंतयामास, हाहा ममेदृशं न हि ।७३।
साधयामि ततो विद्यां, तथा सिद्धसमर्पितां । यथा मम प्रसन्ना सा, सर्वां ददाति संपदं ।७४।
विचार्येति स्वकीयाया–नुजाय राज्यमात्मनः । दत्वा सिद्धवनं विद्या-साधनाय स जग्मिवान् ।।
तत्र गत्वा तपः कृत्वा, हृद्यां विद्यामसाधयत् । विधिना साधयित्वा ता–मागान्मंदिरमुत्सवैः ।।
न्यासार्पणमिव क्षिप्रं, तद्राज्यमनुजार्पितं । सिद्धविद्यो हिरण्याख्यो, भूपतिर्बुभुजे मुदा ।७७।
महतामतिभोगेन, विरक्तिर्वाधके भवेत् ः विरक्तिरिति तस्याभूद्, घोरसंसारवासतः ।७८।
भवेयुः सुकृतश्रद्धाधारिणो ये महीभुजः । ते तं यावन्नभुंजंते भोगान् संवेगरंगतः ।७९।
इति तेन महीशेन, राज्यं न्यस्य निजांगजे । श्रीनमिनाथसार्वस्य, सभायां नंतुमागतः ।८०।
आगत्य च जिनं नत्वा, विनयान्नतमस्तकः । प्रजजल्पावनीपालो, ज्ञानवैराग्यपूरितः ।८१।
वर्तते नाथ संसार–स्वरुपं क्षणभंगुरं । ततः शाश्वतसौख्याय, चारित्रं त्वं प्रदेहि मे ।८२।
निशम्य वचनं तस्य, बभाण भगवानपि । क्षमाधिनाथ सौख्यं ते, यथा भवेत्तथा कुरु ।८३।
नमिनाथवचः प्राप्य, दीक्षां गृहीतुमुद्यतः । विद्यानां निकरस्ताव–त्प्रोचे हिरण्यपार्थिवं ।८४।
वैराग्यरसपूरेण, गृह्णासि संयमं नृप । वद त्वं कोऽस्मदाधार–स्तिष्ठामश्च यमाश्रिताः ।८५।
विद्यागणोदितं श्रुत्वा, वचोऽवग्नेमिनं नृपः । स्वामिन्नस्य स्वरुपं य-द्भवेत्तत्कथय प्रभो ! ।८६।
प्रोद्यद्विद्यागणस्यास्य, नायकः को भविष्यति । विधाय करुणां नाथ, सांप्रतं तन्निवेदय ।८७।
तदा श्रीनमिसार्वेण, प्रोचे श्रुणु नरेश्वर ! । भविष्यत्यस्य यो नाथो, वदामि तं पुरस्तव ।८८।

श्रीमतो नेमिनस्तीर्थे, हरिवंशाब्जिनीपतिः । द्वारवत्यां भविष्यत्य—च्युनोऽच्युताग्रजोपमः ।८९।
रुक्मिणी रमणी तस्य, प्रशस्यगुणधारिणी । तस्याःकुक्षिसमुद्भूतो, भावी प्रद्युम्ननंदनः ।९०।
पुण्यैनैपुण्यपुण्येन, धीरो गुणगणान्वितः । भविष्यत्यस्य स स्वामी, समेत्येदं हि गोपुरं ।९१।
इति श्रीनमिनाथस्य, समाकर्ण्य स्फुटं वचः । हिरण्यवसुधाधीशः, कथयामास मां प्रति ।९२।
स्वपराक्रमयोगेन, गर्जन्नन्यमचिंतयन् । समेत्यात्र त्वया सार्धं, यो युध्येत स ते पतिः ।९३।
तावद्विद्यागणाधीश ! स्थेयं त्वयात्र शर्मणा । उदित्वेति हिरण्येशो, जैनं चरणमादधे ।९४।
चिरं चारित्रमाराध्य, दृढकर्माणि मूलतः । विध्वस्य तपसा ज्ञान—मासाद्य स शिवं ययौ ।९५।
स्थितोऽत्र वचसा तस्य, त्वदर्थं मंत्रमंडलं । अचिंत्यमहिमागार—मरक्षं मिलितोऽसि च ।९६।
अथ त्वमिममादत्स्व, विद्यानां संचयं द्रुतं । महीयान् समयो नाथ, स्थितस्यात्र ममाभवत् ।।
दत्वा मंत्रगणं तस्य, मुकुटं रत्नसंचितं । कुमारं पूजयित्वावक्, तदधिष्टायकोऽसुरः ।९८।
नमिनाथेन यः प्रोचे, स त्वमेव मम प्रभुः । अहं ते किंकरश्चास्मि, ब्रूहि कार्यं करोमि किं ।।
कुमारोऽपि तमाचख्यौ, त्वमेवं यदि भाषसे । अहमाकारयामि त्वां, समेतव्यं त्वया तदा ।।
असुरो वरमित्यूक्त्वा, प्रणम्य च तिरोदधे । ततो धीरः कुमारोऽपि, चचाल भूषणान्वितः ।१।
असुरेण समं युद्धा—दिकं प्रकुर्वतो भृशं । तस्यासीन्महती वेला, तस्तदा हृदि चिंतितं ।२।
एतावत्यभवद्वेला, तत्रैव तस्य दोष्मतः । हतो दैत्येन नूनं स, नान्यथा सा प्रजायते ।३।
सर्वेऽपि ते प्रमादेन, परस्परमवीवदन् । विनौषधिं गतो व्याधि—रहो हि भाग्यमात्मनां ।४।
विमृशंत इति स्वांते, तेऽद्राक्षुः प्रतिकंदरां । भूषितं तत्र तं दृष्ट्वा, सर्वे जाता गतस्मयाः ।।

આચ્છાદિત થયેલા સૂર્યની જેમ અંતરમાં વૈરને ધારણ કરતાં વજ્રદંષ્ટ્ર આદિ પાંચસો ભાઈઓ પ્રદ્યુમ્નને સાથે લઈને વૈતાઢ્યપર્વતના શિખરો ઉપર ક્રીડા કરવા માટે ગયા. કૌતુકી એવા તે સર્વે કુમારોએ દૂરથી એક ઊંચો પ્રાસાદ જોયો. ચાર દ્વારો અને હજારો શિખરોને ધારણ કરતા જિનચૈત્યોને જોઈને મંદિરમાં ગયા. ત્યાં જિનબિંબોને ભાવપૂર્વક નમસ્કાર કરી બહાર નીકળ્યા.

આમ તેમ જોતા તે કુમારોએ પર્વતના શિખર ઉપર એક મોટું ગોપુર (મહેલ) જોયું. તેને જોઈને કપટભાવથી વજ્રદંષ્ટ્રે પોતાના ભાઈઓને કહ્યું :–'બંધુઓ, મારી એક વાત સાંભળો. સામે જે ગોપુર દેખાય છે, તેમાં પ્રવેશ કરીને જે કોઈ કુશળક્ષેમ પાછો આવે તેને ઇચ્છિત ફળ મળે છે. આવું વૃદ્ધ પુરૂષોનું કથન છે. તો તમે બધા અહીંયાં બેસો. હું ત્યાં જઈને તરત જ પાછો આવું છું.' આ પ્રમાણે વજ્રદંષ્ટ્રની વાત સાંભળીને પરાક્રમી એવા પ્રદ્યુમ્ને કહ્યું :– 'મોટાભાઈ એવા આપ સર્વે બંધુઓની આજ્ઞા હોય તો હું ત્યાં જઉં !' પ્રદ્યુમ્નનું વચન સાંભળતાની સાથે જ કપટી એવા વજ્રદંષ્ટ્રે કહ્યું : 'સારૂં, સારૂં, તેં કહ્યું તે બરાબર છે. તું જ જા, હવે વિલંબ ના કર !' તેના વચનથી સંતુષ્ટ થયેલો પ્રદ્યુમ્ન સાહસને અવલંબીને અગાસીની જેમ ગોપુરના

પગથિયાં ચઢવા લાગ્યો. મોટી મોટી રાડો પાડતો અને શિલા સમાન કઠિન પગ વડે ધરતીને ફૂટતો, જેવો ગોપુરમાં પ્રવેશ કરે છે ત્યાં ગોપુરનો અધિષ્ઠાયિક નાગકુમાર દેવ પ્રત્યક્ષ થઈને ક્રોધથી ધુઆંપુઆં થતો લાલ આંખોને કાઢતો નિષ્ઠુર વચનથી બોલવા લાગ્યો : 'રે પાપી, દુરાચારી, નિર્લજ્જ શિરોમણી, તેં આ શું કરવા માંડ્યું છે ? તને શું અકાળે મરવાની ઈચ્છા થઈ છે ? તેં આટલા દિવસોમાં શું સાંભળ્યું નથી કે આ દેવોનું સ્થાન છે. તેની અવજ્ઞા કરનારને મોતની શિક્ષા થાય છે ?' સ્વસ્થ મનવાળા પ્રદ્યુમ્ને કહ્યું : 'તું શું મને બીવડાવે છે ? તારામાં સામર્થ્ય હોય તો મારી સાથે યુદ્ધ કર. નાહક બડબડાટ શું કરી રહ્યો છે ? પ્રદ્યુમ્નના વચનથી ગુસ્સે થયેલો દેવ કુમારને મારવા માટે તેના શરીરને વળગ્યો. કુમારે પણ દૃષ્ટિ, મુષ્ટિ અને લાકડીના પ્રહારથી દેવને જર્જરિત કરી દીધો. પોતાના પરાભવને સ્વીકારીને તે દેવ કુમારના પગમાં પડીને બોલ્યો : 'હે પુરૂષોત્તમ, હું તમારો સેવક છું, આજથી આપ મારા નાથ છો.' એમ કહીને પ્રદ્યુમ્નને બેસવા માટે સિંહાસન આપ્યું. પ્રદ્યુમ્ને કહ્યું : 'આવા ભયંકર સ્થાનમાં કેમ રહ્યો છે ?' દેવે કહ્યું : 'તમારા માટે.' કુમારે કહ્યું : 'મારા માટે ? કયા કારણે તું મારા માટે અહીં રહ્યો છે ?' દેવે કહ્યું : 'સાંભળો, આ પર્વત ઉપર લંકા નામનું અદ્ભુત નગર હતું. તેમાં કનકકેતુ નામનો રાજા હતો. તેની રૂપવતી, ગુણવતી એવી 'અનિલા' નામની રાણી હતી. સાંસારિક સુખોને ભોગવતા સ્નેહપૂર્વક દંપતિનો સમય પસાર થઈ રહ્યો હતો. ત્યારે એક દિવસે સ્વર્ગલોકમાંથી ચ્યવીને કોઈ દેવ તેમને ત્યાં 'હિરણ્ય' નામના સુંદર પુત્ર તરીકે જન્મ્યો. હિરણ્યને રાજ્યભારને યોગ્ય જાણીને કનકકેતુ રાજાએ પુત્રને રાજ્ય સોંપીને સંસારથી ઉદ્વિગ્ન થયેલા પોતે દીક્ષા અંગીકાર કરી. લાંબા કાળ સુધી સંયમધર્મનું પાલન કરી, શાસ્ત્રાભ્યાસ કરી, તીવ્ર તપશ્ચર્યા કરી ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. કેવલી થઈને ભવ્ય જીવોને પ્રતિબોધ કરી આઠ કર્મોનો ક્ષય કરી કનકકેતુ રાજા મોક્ષગતિ પામ્યા. હિરણ્ય રાજા નિષ્કંટક રાજ્યનું એવું પાલન કરી રહ્યા છે કે જેથી બાવળ વૃક્ષના કાંટાઓને જંગલમાં વાસ કરવો પડ્યો છે ! તો પણ રાજ્યના વિસ્તારને વધારવા માટે મનમાં ઝંખના કરી રહ્યા છે. એવામાં એક દિવસે મહેલના ઝરૂખામાં બેસીને કુદરતી સૌંદર્ય જોઈ રહ્યા હતા, ત્યાં તેમણે વિપુલ સૈન્ય અને સમૃદ્ધિથી યુક્ત એવા દૈત્યરાજને જતા જોયા. જોઇને વિચારવા લાગ્યા : 'અરે મારે આવું કેમ નહીં ? હું પણ વિદ્યાઓને સાધું અને પ્રસન્ન થયેલી વિદ્યાઓના બળથી સર્વ પ્રકારની સંપત્તિનો માલિક બનું.'

આ પ્રમાણે વિચારીને હિરણ્ય રાજા પોતાના નાના ભાઈને થાપણ તરીકે રાજ્ય સોંપીને સિદ્ધવનમાં વિદ્યા સાધવા માટે ગયો. ત્યાં જઇને તપ કરીને વિધિપૂર્વક વિદ્યાની સાધના કરી. તેની સાધના અને સાહસથી અલ્પકાળમાં વિદ્યાઓ સિદ્ધ થઈ. વિદ્યાસિદ્ધ બની મહોત્સવપૂર્વક નગરમાં આવી હિરણ્ય રાજા રાજ્યનું પાલન કરી રહ્યા હતા. મોટા પુરૂષોને અતિ ભોગથી વૃદ્ધાવસ્થામાં વિરક્તિ થાય છે, તેવી જ રીતે હિરણ્ય રાજાને પણ સંસારના સુખોથી વિરક્તિ થઈ. પુણ્યશાળી અને શ્રદ્ધાવાન રાજાઓ જિંદગીના અંત સુધી ભોગો ભોગવતા નથી. હિરણ્યપ્રભ રાજા પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરીને શ્રી નમિનાથ ભગવાનને વંદન કરવા માટે ગયા. જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને જ્ઞાન અને વૈરાગ્યના રંગથી રંગાયેલા રાજાએ વિનયપૂર્વક ભગવંતને વિજ્ઞપ્તિ કરી : 'પ્રભો, સંસારનું સ્વરૂપ ક્ષણભંગુર છે. તેથી શાશ્વત્ સુખની પ્રાપ્તિને માટે મને ચારિત્ર આપો !' રાજાના વચન સાંભળીને ભગવંતે કહ્યું : 'રાજન, જેમ તમને સુખ થાય તેમ કરો.' ભગવંતના વચનથી ચારિત્ર લેવાને ઉદ્યત થયેલા રાજાને વિદ્યાઓના અધિષ્ઠાયક દેવોએ આવીને કહ્યું : 'રાજન, આપ તો વૈરાગી બનીને સંયમ ગ્રહણ કરવા તૈયાર થયા છો

પરંતુ હવે અમારો આધાર કોણ ? અમે કોને આશ્રયે રહીએ ?' વિદ્યાઓનું કથન સાંભળીને રાજાએ નમિનાથ ભગવાનને પૂછ્યું : 'પ્રભો, આ વિદ્યાઓનું શું કરવું ? એઓનો માલિક કોણ થશે, કૃપા કરીને આપ ફરમાવો.' ભગવંતે કહ્યું : 'રાજન્, વિદ્યાઓનો માલિક કોણ થશે તે હું કહું છું', સાંભળ. હવે પછીના ભગવાન નેમિનાથના તીર્થમાં હરિવંશને વિષે સૂર્ય સમાન તેજસ્વી ઈન્દ્રના બીજા ભાઈ સમાન 'કૃષ્ણ' નામના વાસુદેવ દ્વારિકા નગરીમાં થશે. તેની પુણ્યવતી, લાવણ્યવતી અને ગુણવતી એવી રુકિમણી નામની પટ્ટરાણીની કુક્ષિથી પ્રદ્યુમ્ન નામનો પુત્ર થશે. પુણ્યશાળી એવો પ્રદ્યુમ્નકુમાર ફરતો ફરતો ગોપુરમાં આવશે. તે આ બધી વિદ્યાઓનો સ્વામી થશે.' આ પ્રમાણે ભગવાન શ્રી નમિનાથના વચન સાંભળીને હિરણ્ય રાજાએ વિદ્યાઓના નાયક એવા મને કહ્યું : 'તારે ગોપુરમાં રહેવું. પોતાના પરાક્રમ વડે ધરતીને ધ્રૂજાવતો એવો પુરુષ ગોપુરમાં આવીને તારી સાથે યુદ્ધ કરી તને પરાજય આપશે, એ જ તમારો સ્વામી જાણવો.' આ પ્રમાણે મને કહીને હિરણ્ય રાજાએ ચારિત્ર ગ્રહણ કર્યું. લાંબા કાળ સુધી ચારિત્રનું પાલન કરી, ઘોર તપ વડે આઠે કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી તેઓ સિદ્ધગતિને પામ્યા. રાજાના વચનથી તમારા માટે જ અચિંત્ય મહિમાશાળી વિદ્યાઓના સમૂહનું રક્ષણ કરતો અહીંયા રહ્યો છું. આજ મારો દિવસ ધન્ય છે કે આપ મને મળ્યા. તો હે નાથ, મને અહીંયા રહ્યે ઘણો સમય થઈ ગયો છે, તેથી આ બધી વિદ્યાઓને આપ ગ્રહણ કરો.' આ પ્રમાણે કહીને અધિષ્ઠાયક દેવ કુમારને વિદ્યાઓ તેમજ રત્નજડિત મુગટ આપીને કુમારનું પૂજન કરીને બોલ્યો : 'નમિનાથ ભગવાનના કથન મુજબ આપ અમારા સ્વામી છો. હું તમારો સેવક છું. આપ કહો, હું તમારું શું કાર્ય કરું ?'

પ્રદ્યુમ્નકુમારે કહ્યું : 'જો એમ જ હોય તો મારે જ્યારે કાર્ય પડશે ત્યારે તને બોલાવીશ. ત્યારે તારે સત્વર હાજર થવું' અસુરે કહ્યું : 'તથાસ્તુ ! આપની આજ્ઞા શિરોમાન્ય છે.' એમ કહીને અંતર્ધ્યાન થઈ ગયો અને અલંકારોથી સુશોભિત પ્રદ્યુમ્ન ત્યાંથી પાછો ફર્યો. અસુરની સાથે યુદ્ધ કરતાં અને વાર્તાલાપ કરતાં ઘણો સમય થઈ જવાથી વજ્રદંષ્ટ્ર આદિ પાંચસો ભાઈઓ વિચારવા લાગ્યા : 'બળવાન એવા તેને આટલી બધી વાર થઈ છે તો નક્કી પેલા દૈત્યે એને મારી નાખ્યો હશે. સારું થયું. ભાગ્યશાળીઓને વિના ઔષધિએ વ્યાધિ જાય છે ! ટાઢા પાણીએ ખસ ગઈ ! આ પ્રમાણે ખુશ થયેલા દુષ્ટો પરસ્પર વિચારી રહ્યા હતા, એવામાં અલંકારોથી સુશોભિત પ્રદ્યુમ્નને આવતા જોઇને શ્યામમુખવાળા બની ગયા !

मिलिताः पुनरप्येते, दंभाद्विद्याधरांगजाः । निन्युस्तं सरलं तूर्णं, कंदरां मरणप्रदां ।६।
दरोतो दूरतस्तस्याः, स्थित्वा दूत इव क्षणात् । जगौ वज्रमुखो बंधून्, प्रविशेत्सहसात्र यः ।७।
इष्टसिद्धिमवाप्याय–मायाति प्रीतिसंयुतः । भवंतोऽत्रैव तिष्टंतु, गत्वायाम्यविलंबितं ।८।
लब्धः स्यादेकशो येन, विजयो जगति स्फुरन् । स एव पुनरप्यत्र, प्रवर्तेत तदाप्तये ।९।
ततः स एव बंधूनां, पुरतो न्यगदन्मुदा । अहमेव प्रयास्यामि, तिष्टंत्वत्राखिला अपि ।१०।
उक्त्वेति वीक्षमाणेषु, बांधवेषु स जग्मिवान् । गत्वा तत्र कृतस्तेन, महाशब्दो भयंकरः ।११।
आयातस्तेन शब्देना–धिष्टाता तस्य वेगतः । समेत्य कथितं तेन, प्रकोपारक्तचक्षुषा ।१२।
सहसा मृत्युदाताहं, नात्र किं रे श्रुतस्त्वया । समागत्यात्र निर्घोषान्, स्वैरं करोषि भीषणान् ॥

अबीभणत्कुमारोऽपि, रे त्वं कुप्यसि किं वृथा । यदि त्वयि भवेच्छक्ति-र्युद्धायैहि तदा द्रुतं ॥
दग्धस्योपरि भूयिष्ट-दुःखकृत्स्फोटकोपमं । समाकर्ण्य वचस्तस्य, सोऽप्यभूत्क्रोधभीषणः ।१५।
रक्ताक्षो व्यलगद्योध्धुं, यक्षस्तेन सह द्रुतं । अर्हस्तथा कुमारस्तं, स आक्रंदं यथाकरोत् ।१६।
यदा जितः कुमारेण, प्रसन्नः सोऽभवत्तदा । प्रसन्नतास्वरुपस्य, दर्शनार्थं स आनयत् ।१७।
निर्मलं चामरद्वंद्वं, पवित्रमातपत्रकं । नष्टारिं तरवारिं चा-नीय तस्मै स दत्तवान् ।१८।
पुनः सुनंदकं दत्वा प्रसूनान्यंशुकानि च । तवाहं सेवकोऽस्मिति, कुमारमसुरोऽब्रवीत् ।१९।
इत्युक्तेऽपि कुमारस्तं, संस्थाप्य तत्र तुष्टितः । ततोऽसुरार्चितांगोऽसौ, भूषितश्च विनिर्गतः ॥
अत्रापि मारितो नायं, चिंतयंत इतीर्ष्यया । ते भूषितं तं समालोक्य, बभूवुर्दीनमानसाः ।२१।

ત્યાર પછી કપટભાવથી વિદ્યાધર પુત્રો સરલ એવા પ્રદ્યુમ્નને મહાભયંકર ગુફા તરફ લઈ ગયા, અને ગુફાથી દૂર ઊભા રહીને વજ્રમુખે પોતાના બંધુઓને કહ્યું : 'બંધુઓ, સામે દેખાય છે તે ગુફામાં પ્રવેશ કરીને હું ઈષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરીને આવું છું. ત્યાં સુધી તમે બધા અહીંયા ઊભા રહો.' માનવ સ્વભાવ છે કે જગતમાં એક વખત વિજય મળ્યો હોય તો ફરીથી લાભ માટે પ્રયત્ન કરે છે. તે પ્રમાણે પ્રદ્યુમ્ને બંધુઓને કહ્યું : 'ભાઈ, તમે ના જાવ, હું જ ત્યાં જઈશ. તમે બધા અહીંયા રહો.' આ પ્રમાણે કહીને ભાઈઓના જોતા જોતામાં તો ગુફામાં જઈને ભયંકર અવાજ કર્યો. તેના અવાજથી ગુફાનો અધિષ્ઠાયક યક્ષ ક્રોધથી લાલપીળો થઈને આવ્યો અને પ્રદ્યુમ્નને કહ્યું : 'અરે છોકરા, શું તું અહીં મરવા માટે આવ્યો છે ? તને ખબર નથી કે આ ગુફા કોની છે ? અહીં આવીને સ્વેચ્છાયે રાડો પાડે છે !' ત્યારે કુમારે કહ્યું : 'અરે, એમાં શું તું આટલો બધો ક્રોધ કરે છે ? તારી શક્તિ હોય તો આવ મારી સાથે લડવા માટે.' દાઝ્યા ઉપર ડામ જેવાં કુમારનાં વચન સાંભળીને ક્રોધાતુર બનેલો યક્ષ કુમાર ઉપર ધસી આવ્યો. ત્યારે પ્રદ્યુમ્ને તેને એવી રીતે પછાડ્યો કે તે લોહી વમતો થઈ ગયો. આ રીતે પ્રદ્યુમ્નથી પરાજિત થયેલા યક્ષે પ્રસન્ન થઈને પ્રસન્નતાના સૂચક નિર્મલ બે ચામર, સુંદર છત્ર, શત્રુનો નાશ કરવાવાળી તલવાર, 'સુનંદક' નામનો પુષ્પગુચ્છક અને પુષ્પોના વસ્ત્રો પ્રદ્યુમ્નને આપીને બોલ્યો : 'આજથી હું આપનો સેવક છું. આપ મારા માલિક છો. જ્યારે કામ પડે ત્યારે યાદ કરશો. સેવક હાજર થશે.' આ પ્રમાણે કહીને યક્ષ સ્વસ્થાને ગયો. અસુરથી પૂજાયેલો અને અલંકારોથી અલંકૃત પ્રદ્યુમ્નને આવતો જોઈને ઈર્ષ્યાથી તે ૫૦૦ કુમારો વિચારવા લાગ્યા : 'અરે, આવી ભયંકર ગુફામાં પણ આ મરાયો નહી ?' આ પ્રમાણે વજ્રમુખ આદિ દીન મુખવાળા બની ગયા.

यतस्ततोऽप्ययं लाभं, समानयति तत्वरं । अत्रास्य जीवितस्यापि, विनाशो वै भविष्यति ।२२।
देवा देव्यश्च वर्तंते, व्यंतरा असुरा अपि । आराधिताः प्रसन्नाः स्यु-र्न तु नागकुमारकाः ॥
सर्वेभ्योऽपि शरीरिभ्यो, नागाः स्युः कोपकारिणः । अतोऽयं नीयते नाग-गुहायां यदि तद्वरं ।२४।
ध्यात्वेति खेचराधीश-तनया नयवर्जिताः । आनयन् सरलात्मानं, तं भीमां नागकंदरां ।२५।
तस्या दवीयसि स्थाने, स्थितो वज्रमुखोऽवदत् । यः प्रविश्यात्र निर्गच्छे-च्चिंतितार्थं लभेत सः ॥
युष्मानत्रैव संस्थाप्य, गच्छाम्यहं ततोऽनुजाः । तदोचे मदनो बंधो, यामि चेन्न विषीदसि ।२७।

अब्रवीदग्रजो वत्स, तवैवार्थोऽस्तु चिंतितः । अस्मिन्नर्थे विषादः किं, विधीयते मयानुज ! ।।
गच्छ गच्छ मनःस्वच्छा-गच्छ प्राप्य समीहितं । इत्युक्तः स ततोऽचाली-दलीकवचनोज्झितः ।।
स यावद्गतवांस्तत्र, तावत्तस्य प्रचारतः । फुफुत्कारं प्रकुर्वाणो, विनिर्ययौ भुजंगमः ।३०।
वीक्ष्य सन्मुखमायांतं, प्रकोपारुणलोचनं । स जांगुलिकवत्पार्श्वे, समेत्य तमखेलयत् ।३१।
हृद्यसद्यस्कविद्यायाः, प्रयोगात्तं भुजंगमं । तस्य खेलयतस्तुष्टो-ऽसुरोभवत्तदाश्रितः ।३२।
नागतल्पसमन्वीतां, शय्यां च वल्लकीं वरां । विष्टरं पादपीठं च, चीवराभरणानि च ।३३।
विद्यां निलयकर्त्रीं च, प्रभूतबलरक्षिकां । ददौ तस्मै कुमाराया-सुरः स्वकीयरक्षिकां ।३४।
दृष्ट्वा नागगुहातोऽपि, तं विद्याभरणैर्युतं । सर्वेऽपि चिंतया ग्रस्ता, अभूवन् खेचरात्मजाः ।।

અરે, આ જ્યાં જાય છે ત્યાંથી લાભ મેળવીને આવે છે, પરંતુ આનું જીવન છે તો અવશ્ય મરણ થવાનું જ છે. લોકોમાં કહેવાય છે કે 'દેવ-દેવીઓ, વ્યંતરો-અસુરો તેમની આરાધના કરવાથી તે બધા પ્રસન્ન થાય છે પરંતુ નાગકુમારના દેવો ક્યારે પણ પ્રસન્ન થતા નથી. સર્વે જીવો કરતાં નાગો વધારે ક્રોધી હોય છે, તેથી આને નાગની ગુફામાં લઇ જવો બરાબર છે.' આ પ્રમાણે વિચારી વિદ્યાધરપુત્રો સરલ પ્રદ્યુમ્નને નાગગુફા તરફ લઈ ગયા. વજ્રમુખે કહ્યું : 'જે કોઈ આ ગુફામાં પ્રવેશ કરીને બહાર આવે તેને ઇષ્ટફલની સિદ્ધિ થાય છે. તેથી તમે બધા અહીં રહો, હું ત્યાં જઇને આવું છું.' ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું : 'ભાઈ, જો તમને ખેદ ના હોય તો હું જઉં ?' વજ્રમુખે કહ્યું : 'વત્સ, એમાં ખેદ શા માટે ? જા, તું જા. જલ્દી જા અને તારૂં ઈષ્ટ મેળવીને આવ.' મોટાભાઇની અનુમતિ લઇને સરલસ્વભાવી પ્રદ્યુમ્ને જેવો ગુફામાં પ્રવેશ કર્યો કે ફૂંફાડા મારતો ભયંકર નાગ તેની સામે આવીને ઊભો રહ્યો. ક્રોધાતુર નાગને જોઇને પ્રદ્યુમ્ન જાંગુલિક (મદારી) ની જેમ તેને ખેલાવવા લાગ્યો. સારી રીતે ખેલાવવાથી અને વિદ્યાના પ્રયોગથી નાગ-અસુર સંતુષ્ટ થઈ ગયો. પ્રસન્ન થયેલ નાગદેવે નાગશય્યા, શ્રેષ્ઠ વીણા, સિંહાસન, પાદપીઠ, વસ્ત્રો, આભૂષણો, આવાસ બનાવવાવાળી વિદ્યા તેમજ શત્રુ સામે પોતાનું રક્ષણ કરવાવાળી વિદ્યા પ્રદ્યુમ્નને આપી. નાગગુફામાંથી વિદ્યા અને અલંકારોથી અલંકૃત પ્રદ્યુમ્નને આવતો જોઈને વિદ્યાધર કુમારો ચિંતાતુર બની ગયા.

स्नानं विना न शोभंते, भूषणानि नृणां तनौ । देवताधिष्टितां वापी-मेवं तमनयन् खगाः ।।
तां तं नीत्वावदद्वज्र-मुखो वज्रकठोरहृत् । अस्यां यः स्नाति निःशंकं, स स्यात्स्वरुपभाग्विभुः ।।
तेनोक्तमेवमाकर्ण्य, प्रद्युम्नः साहसान्वितः । सहोदरानपृष्ट्वैव, झंपापातं प्रदत्तवान् ।३८।
तत्र तेन गतेनांभः, सर्वमप्यवगाहितं । तदा तस्या अधिष्ठाता, सुरः प्रादुरभूद्रुषा ।३९।
तेनोचे प्रकटीभूय, रे पापिस्त्वं न वेत्सि किं । देवाश्च देव्य एवात्र, क्रीडां कुर्वंति नापरे ।४०।
ततः कथं त्वया दुष्ट, ममापूतं कृतं जलं । याहि पुरस्तान्मे प्राणा-नन्यथा त्यक्षसि स्वयं ।।
क्षणिका हि मनुष्याणां, प्राणा भवंति विग्रहे । वराक त्वमतो गच्छ, मा स्वच्छांभोऽपवित्रय ।।
धैर्यवान् मदनः प्रोचे, दूरतः किं प्रजल्पसि । यदि त्वं वर्तसे शूरो, धीरो वीरो रणं कुरु ।४३।

तदोभयोः परिज्ञानं, धीराधीरत्वसंभवं । भविष्यति मनुष्यत्व-देवत्वप्रकटीकरं ।४४।
वचनेन तदीयेन, सोऽपि प्रादुर्भवत्क्रुधः । योध्धुं सार्धं कुमारेण, प्रारेभे तेन सोऽपि च ।४५।
जयः पुण्यवतो जंतो-रुभयोर्युद्धचमानयोः । कुमारेण ततो लेभे, जयो विस्मयदायकः ।४६।
नमेदाक्रांत एवात्र, प्रोद्धतो नान्यथा मदात् । इत्याक्रांतः कुमारेण, वापीपतिस्तमानमत् ।।
स जजल्प नमस्कृत्य, कुमारं किंकरोऽस्मि ते । अथ मेऽनुग्रहाय त्वं, गृहाण मकरध्वजं ।४८।
बहुशः कथिते तेन, जगृहे तेन स ध्वजः । मकरध्वज इत्याख्य-स्तदादिमर्दनोऽभवत् ।४९।
ततोऽपि लाभसंयुक्तं, वीक्ष्यागतं तमक्षिभिः । खगाः खगा इवाभूवन्, विवेकपरिवर्जिताः ।५०।

'મનુષ્યોના શરીર ઉપર સ્નાન વિના આભૂષણો શોભતા નથી.' તેની જાણ ન હોય તેમ વિદ્યાધરપુત્રો પ્રદ્યુમ્નને દેવાધિષ્ઠિત વાવ પાસે લઈ ગયા. ત્યાં કઠોર હૃદયવાળા વજ્રમુખે કહ્યું : 'આ વાવમાં નિઃશંકપણે જે કોઈ સ્નાન કરે, તેના શરીરની સુંદરતામાં ઓર વધારો થાય છે.' આ સાંભળી ભાઈઓને પૂછીને પ્રદ્યુમ્ને વાવમાં ઝંપાપાત કર્યો અને વાવનું પાણી બધું ડહોળી નાંખ્યું. ત્યારે તેનો અધિષ્ઠાયક દેવ પ્રત્યક્ષ થઈને રોષપૂર્વક બોલ્યો : 'રે પાપી, શું તું નથી જાણતો કે આ વાવમાં દેવ અને દેવીઓ સિવાય કોઈ પણ માનવ સ્નાન કરી શકતો નથી. તેથી હે દુષ્ટ, મારૂં આ વાવનું જલ કેમ અપવિત્ર કર્યું ? જા, અહીંથી તારા પ્રાણો લઈને ચાલ્યો જા, નાહક મરણને શરણ થઈશ. વળી મનુષ્યોનું જીવન ક્ષણિક છે, તેથી હે રંક, તું અહીંથી ચાલ્યો જા. મારા સ્વચ્છ જલને અપવિત્ર ના કર.' ત્યારે ધૈર્યવાન એવા પ્રદ્યુમ્ને કહ્યું : 'દૂર રહ્યો રહ્યો શું બકવાસ કરે છે ? જો તું શૂરવીર હોય તો આવી જા મારી સામે. યુદ્ધમાં વીરતા અને કાયરતાની પરીક્ષા થશે. ભલે હું માનવ છું, પરંતુ તારા દેવત્વમાં કેટલું સામર્થ્ય છે તે મને બતાવ !'

આ પ્રમાણે પ્રદ્યુમ્નના વચનથી ઉશ્કેરાઈને દેવે પ્રદ્યુમ્નની સાથે યુદ્ધનો પ્રારંભ કર્યો. યુદ્ધ કરતા ઉભયપક્ષમાં પુણ્યશાળીને જ જયશ્રી વરે છે. એ રીતે પ્રદ્યુમ્નનો આશ્ચર્યકારી વિજય થયો. **નમ્ર હોય તે જ દબાય છે.** પરંતુ ઉદ્ધત માણસ ક્યારેય પણ દબાતો નથી. તેથી કુમારથી દબાયેલા દેવે પ્રદ્યુમ્નને નમસ્કાર કરીને કહ્યું : 'હું આપનો સેવક છું. તો મારા પર અનુગ્રહ કરીને આ 'મકરધ્વજ'ને ગ્રહણ કરો.' દેવના આગ્રહથી કુમારે મકરધ્વજ ગ્રહણ કર્યો. ત્યારથી પ્રદ્યુમ્ન-કામદેવનું બીજું નામ 'મકરધ્વજ' કહેવાય છે. વાવમાંથી પણ લાભ લઈને આવેલા પ્રદ્યુમ્નને જોઈને વિદ્યાધરકુમારો ખગા=પક્ષીઓની જેમ વિવેકભ્રષ્ટ બન્યા.

सुवर्णस्य परीक्षा स्या-दग्निप्रक्षेपणाद्यथा । पुण्यस्यास्य तथा वह्नि-प्रक्षेपात्सा विधीयते ।५१।
इति तं प्रापयंस्तेऽग्नि-कुंडस्य ज्वलतोंतिकं । तत्र प्राप्यग्रजः प्रोचे-ऽनुजाः शृणुत मद्वचः ।५२।
प्रविशेदग्निकुंडेऽत्र, साहसेन निजेन यः । चिंतितार्थं समादाय, स भवेद्धरणीधवः ।५३।
गत्वात्रापि परीक्षेऽहं, मत्पुण्यमिति चिंतयन् । प्रद्युम्नस्तस्य वाक्येना-विशत्तत्राविलंबतः ।५४।
तत्र प्रज्वलतोंगारान्, विद्यासिद्ध पुमानिव । हस्ताभ्यां समुपादाय, चिक्रीड लीलयैव सः ।५५।

जलकुंड इव ज्वाला–निद्धकुंडेऽस्य खेलतः । प्रादुर्भूयासुरः कोपा–दधावन्मारणेच्छया ।५६।
निहंतुं धावमानं तं, निरीक्ष्य मदनेन तु । गत्वाभिमुखमाक्रम्य, जितो जजल्प सोऽसुरः ।५७।
केनापि प्राग् जितो नाहं, जितस्त्वया कुमार चेत् । तदादत्स्वाग्निना धौत–मिदं स्वर्णांशुकद्वयं ।।
हेमवस्त्रे समादाय, जीवंतं वह्नितोऽपि तं । समागच्छंतमालोक्य, सर्वेऽपि चुकुपुर्हृदि ।५९।

અગ્નિમાં નાખવાથી જેમ સુવર્ણની પરીક્ષા થાય છે તેમ અગ્નિથી પુણ્યની પરીક્ષા થાય છે. એ પ્રમાણે વિદ્યાધરપુત્રો જાજ્વલ્યમાન એવા અગ્નિકુંડની પાસે આવ્યા ત્યારે વજ્રમુખે કહ્યું : 'જે પોતાના સાહસથી અગ્નિકુંડમાં પ્રવેશ કરે છે તે ચિંતિત અર્થને પ્રાપ્ત કરી રાજા બને છે.' વજ્રમુખની વાત સાંભળીને પ્રદ્યુમ્ને કહ્યું : 'હું મારા પુણ્યની પરીક્ષા કરૂં !' વજ્રમુખે કહ્યું : 'તથાસ્તુ.' પ્રદ્યુમ્ને તરત જ અગ્નિકુંડમાં પ્રવેશ કર્યો. સિદ્ધપુરૂષની જેમ ધગધગતા અંગારાને હાથમાં લઈને ક્રીડા કરવા લાગ્યો. અને જલકુંડમાં જેમ જલક્રીડા કરે તેમ અગ્નિકુંડમાં ખેલવા લાગ્યો. ત્યારે અગ્નિકુંડનો અધિષ્ઠાયકદેવ તેને મારવા માટે દોડ્યો, પરંતુ પ્રદ્યુમ્ને તેને પછાડીને જીતી લીધો. પરાભવ પામેલા અસુરે કહ્યું : 'હું કોઈથી પણ પરાભવ પામ્યો નથી, પરંતુ એક તારાથી પરાજિત થયો છું. તો અગ્નિમાં સાફ કરી શકાય તેવા સુવર્ણના વસ્ત્રને ગ્રહણ કર !' અસુરના આગ્રહથી સુવર્ણના બે વસ્ત્ર લઈને આવતા પ્રદ્યુમ્નને જોઈને વિદ્યાધરો મનમાં જલવા લાગ્યા.

मेषाकारं ततोऽप्यद्रिं, गत्वा वज्रमुखोऽभ्यधात् । शंकाशून्यो विशेद्योऽत्र, स प्राप्नोति हि चिंतितं ।।
मदनो वचसा तस्य, प्रेरितोऽतिपराक्रमः । ज्येष्टबंधुं नमस्कृत्य, जगाम तत्र वीक्षितुं ।६१।
देवताधिष्ठिते स्थाने, यावद्गतः कुतूहलात् । तावद्दिव्यानुभावेन, मिलितं श्रृंगयामलं ।६२।
बलिष्टाभ्यां स्वहस्ताभ्या–मितस्ततो विधाय तत् । गुहायां तत्र तामस्यां, चक्रवर्तीव सोऽविशत् ।।
देवः संसर्गतोऽध्रिभ्यां, व्यापादित इवोच्चकैः । कोपात्प्रकटितो युद्धे, कुमारेण पराजितः ।६४।
ततः स्वतोऽधिकं जान–न्नसुरस्तत्पराक्रमं । स्वीकृत्य सेवकीभावं, ददौ कुंडलयामलं ।६५।
श्रुत्योः परहित द्वंद्वं, तं निरीक्ष्य खगा जगुः । अग्रजैनं दुरात्मानं, मारयामोऽधुना वयं ।६६।
यतस्ततस्त्वयं लाभ–मादायायाति संप्रति । दुःसाध्यो वर्धितो भावी, दुष्टव्याधिरिवात्मनां ।।
तदा वज्रमुखोऽवोच–द्धीरा भवत बांधवाः । स्थानान्यद्यापि संत्यस्य, दश मृत्यूचितानि च ।६८।
मृतिस्तेषु भविष्यत्य–वश्यमेतस्य लोभिनः । जीवितव्यमपि स्वीयं, लोभवान् हि परित्यजेत् ।।
बंधूनां पुरतस्तेन, यावदेवं निवेदितं । तावत्सर्वेऽपि ते माया–योगेन मिलिताः पुनः ।७०।

ત્યાર પછી મેષ (બોકડા) ના આકારવાળા પર્વતને જોઈને વજ્રમુખ બોલ્યો : 'જે કોઈ નિઃશંકપણે આ પર્વતની ગુફામાં જાય તેને ઈચ્છિત ફલ મળે.' તેના વચનથી પ્રેરાયેલો પ્રદ્યુમ્ન જયેષ્ઠ બંધુને નમસ્કાર કરીને જોવા માટે ગયો. તેણે દેવાધિષ્ઠિત સ્થાનમાં જેવો પગ મૂક્યો કે તરત જ દિવ્ય પ્રભાવથી મેષ (પર્વત)ના બે શૃંગ (શીંગડાં) ભેગાં થઈ ગયાં. પ્રદ્યુમ્ને પોતાના બાહુબળથી આમ તેમ કરીને અંધકારમય એવી ગુફામાં ચક્રવર્તીની જેમ પ્રવેશ કર્યો. મનુષ્યના

પદસંચારથી સાવધાન થયલો અસુર કુમારની સાથે યુદ્ધ કરવા માટે આવ્યો. કુમારે તેને ક્ષણમાત્રમાં જીતી લીધો. કુમારને પોતાનાથી અધિક પરાક્રમી જાણીને અસુરે સેવકપણું સ્વીકારી કુમારને બે કુંડળ આપ્યાં. કાનમાં કુંડલ પહેરીને આવતા પ્રદ્યુમ્નને જોઇને વિદ્યાધરપુત્રોએ જયેષ્ઠ બંધુ વજ્રમુખને કહ્યું : 'આ દુરાત્માને તો હવે આપણા હાથે જ મારી નાખીએ. જ્યાં જ્યાં જાય છે ત્યાંથી લાભ લઇને આવે છે ! ભવિષ્યમાં વધતા વ્યાધિની જેમ આ આપણા માટે દુઃસાધ્ય બનશે.' ત્યારે વજ્રમુખે કહ્યું : 'બંધુઓ, હમણાં થોડી ધીરજ રાખો. મરણસૂચક હજી દશ સ્થાનો બાકી છે. લોભી એવો આ મરશે ત્યારે બધું આપણને જ મળવાનું છે ને! ભલે તે ભેગું કરે.' આ પ્રમાણે કહીને તેઓ આગળ ચાલ્યા.

मदनोऽप्यलगत्पादौ, ज्येष्टबंधोश्च भक्तये । दुष्टोऽग्रजस्तु वैताढच-सन्निधौ च निनाय तं ।७१।
कौतुकानि प्रपश्यत्सु, सर्वेसु तत्र सर्वत्रः । ददृशे वज्रदंष्ट्रेण, सहकारो मनोहरः ।७२।
तं दृष्ट्वा फलितं विष्वग्, जगौ वज्रमुखोऽनुजान् । अस्योपरि समारुह्य, भक्षयेत्तत्फलानि यः ।।
सौभाग्येन मनोज्ञेन, वर्धमानेन संततं । चमत्कारकरं स्त्रीणां, यौवनं तस्य जायते ।७४।
स्थाने स्थाने महालाभ-प्राप्तितस्तस्य वाचया । विश्वासं हृदये बिभ्र-त्तमाम्रं मदनोऽगमत् ।७५।
आरुह्य कंपयेद्याव-त्तावत्तस्येश्वरोऽसुरः । कुर्वन् दंतैः कटत्कारं, प्रोचे वानररुपभृत् ।७६।
रे धृष्ट कथमारूढः, सहकारेऽत्र मामके । यदारुढो निपात्यंते, फलान्यस्य कथं तदा ।७७।
अन्योन्यं गालिदानेना-नागरीन्मदनस्य रुक् । अहो वानरमात्रोऽपि, गालीर्दत्ते ममाप्ययं ।७८।
इति क्रोधेन लांगूलं, गृहीत्वा निजपाणिना । भ्रामयन्नभितो द्राक्त-मास्फालयितुमुद्यतः ।७९।
स तदाह महाभाग, मुंच मुंच कृपानिधे । इत्युक्ते तेन मुक्तः सो-ऽसुररुपधरोऽभवत् ।८०।
प्रादुर्भूतेन तेनापि, सुधाकुंभः किरीटकः । पादुके व्योमगामिन्या-वदीयंतास्य संमदात् ।८१।
असुरार्चितमालोक्या-गच्छंतं तं च खेचराः । प्रकोपेनाग्रजं प्रोचु-र्बंधोऽमुं द्रष्टुमक्षमाः ।८२।
घातग्रामस्ततो दुष्ट-मेतं प्रत्यर्थितोऽधिकं । स जजल्पोत्सुका यूयं, माभूत भूतवत्सलाः ।८३।

પ્રદ્યુમ્નની સાથે માયાથી હસતા ખેલતા ૫૦૦ કુમારો વૈતાઢ્ય પર્વતના શિખર ઉપર આવ્યા. ત્યાં અનેક પ્રકારના કૌતુકો જોતાં વજ્રમુખે એક સહકાર વૃક્ષ (આમ્રવૃક્ષ) જોયું. અને પોતાના બંધુઓને કહ્યું : 'ચારે બાજુ ફળોથી લચી ગયેલા આ આમ્રવૃક્ષ ઉપર ચઢીને જે કોઈ એના ફળોનું ભક્ષણ કરે તેને ભાગ્ય-સૌભાગ્ય અને સ્ત્રીઓના મનને હરવાવાળું સુંદર યૌવન પ્રાપ્ત થાય.' વજ્રમુખના વચનથી સ્થાને સ્થાને મહાલાભની પ્રાપ્તિ થવાને કારણે હૃદયમાં વિશ્વાસ ધારણ કરતો પ્રદ્યુમ્ન આમ્રવૃક્ષ નજીક ગયો. વૃક્ષ ઉપર ચઢીને જેવો વૃક્ષને કંપાવે છે તેટલામાં જ વૃક્ષનો અધિષ્ઠાયક અસુર વાનરરૂપ કરીને દાંત કચકચાવતો બોલ્યો : 'અરે દુષ્ટ, મારા વૃક્ષ ઉપર ચઢીને ફળો કેમ તોડે છે ?' આ પ્રમાણે કટુ વચન કહીને પ્રદ્યુમ્નના ક્રોધને ઉત્તેજિત કર્યો. 'અહો, વાંદરો થઇને મને ગાળો આપે છે ? તો તું પણ હવે લેતો જા.' એ પ્રમાણે કહીને હાથમાં પૂંછડું લઇને ચારેબાજુ ભમાડતો પત્થર ઉપર પછાડવા ઉદ્યત થયો ત્યારે વાંદરો કરુણ સ્વરે બોલ્યો : 'હે કૃપાનિધિ, કરૂણાના સાગર, મારા ઉપર દયા કરીને મને છોડ, મને છોડ.'

પ્રદ્યુમ્ને કરુણા લાવી તેને મુક્ત કર્યો. તે વાનરે અસુરરૂપે પ્રગટ થઈને પ્રદ્યુમ્નને અમૃતનો કુંભ, મુગટ અને આકાશગામિની પાદુકા આપી. અસુરથી પૂજાયેલા પ્રદ્યુમ્નને આવતો જોઈને નાના ભાઈઓએ ક્રોધથી વજ્રમુખને કહ્યું : 'બંધુ, આ દુષ્ટને અમે જોવા માગતા નથી. હવે તો અમે યેન-કેન-પ્રકારેણ પણ એનો વધ કરીશું.' ત્યારે વજ્રમુખે કહ્યું : 'થોડી ધીરજ રાખો. હજુ ઘણા સ્થાનો છે.'

ततः कपित्थकांतारं, तमादायागमन् खगाः । तत्र गत्वाग्रजोऽजल्प–दत्र गच्छति यो बली ।८४।
समीहितार्थमादाय, स जायते महीपतिः । वैताढ्यवासिनां विद्या–धराणामिति भाषितं ।८५।
इति तस्य वचोयोगा–दुद्यतो मदनोऽभवत् । अनिषिद्धप्रचारो हि, सर्वत्रोद्यमते बली ।८६।
अहं यामीत्युदित्वा स, यावत्तत्र वने गतः । आरुढस्तं तरुं ताव–न्मतंगजः समागतः ।८७।
स वनस्थायिनो वृक्षान्, मुक्त्वा स्वबालकानिव । अंजनाद्रिरिवोत्तुंगः, कुमारं प्रत्यधावत ।८८।
आत्मनः कलयेभं तं, क्रीडयित्वा निषादिवत् । आरुरोह कुमारोऽपि, पृष्टस्योपरि तस्य तु ।।
प्रसन्नत्वं श्रयन् हस्ति–रुपधर्ताऽसुरोऽवदत् । तवाहमस्मि कामेभः, स्मर्त्तव्योऽवसरेऽनिशं ।९०।
इति तद्वाग्विलासेन, रंजितः पूजितः पुनः । आगच्छन् स यदा दृष्टः खेदं दधुस्तदा खगाः ।९१।

ત્યાર પછી બધાને લઈને વજ્રમુખ કોઠાના વનમાં આવ્યો અને બોલ્યો : 'જે કોઈ બળવાન કોઠાના વૃક્ષ ઉપર ચઢીને તેનું ફળ લાવે તેને ઈષ્ટની પ્રાપ્તિ થાય અને તે વૈતાઢ્યવાસી વિદ્યાધરોનો રાજા થાય. બળવાન પુરૂષ ગમે તે સ્થળે જઈ શકે છે' વજ્રમુખના વચનથી પ્રદ્યુમ્ને કહ્યું : 'હું જાઉં છું.' એમ કહીને જેવો વૃક્ષ ઉપર ચઢવા જાય છે ત્યાં અંજનપર્વત સમાન મોટો હાથી પોતાના બાળકની જેમ બીજા વૃક્ષો મૂકીને પ્રદ્યુમ્ન તરફ દોડચો અને વૃક્ષને હચમચાવી નાખ્યું. પ્રદ્યુમ્ન પણ વૃક્ષ ઉપરથી કૂદકો મારી હાથીની પીઠ ઉપર મહાવતની જેમ ચઢી બેઠો અને તેના ગંડસ્થલ ઉપર મુષ્ટિપ્રહાર કરવા લાગ્યો. તેના સાહસથી પ્રસન્ન થયેલો હસ્તીરૂપધારી અસુર બોલ્યો : 'હે ભાગ્યશાળી, આજથી હું તમારો સેવક છું. અવસરે મને જરૂર યાદ કરવો.' એમ કહી વસ્ત્રાભૂષણ, ખડ્ગ વિગેરે આપીને અદૃશ્ય થયો. આ પ્રમાણે અસુરથી પૂજાયેલા પ્રદ્યુમ્નને આવતો જોઈને વિદ્યાધરો વિષાદ પામ્યા.

तेन खेदेन ते निन्युः, शिखरं भुजगाश्रितं । गत्वा तत्रावदज्ज्येष्ठो, दधत्कपटपाटवं ।९२।
विशेदत्र मनुष्यो यो, मनःशंकाविवर्जितः । राज्यमेकातपत्रं स्या–त्तस्य शुभ्रगुणश्रियः ।९३।
तिष्टंत्वत्र भवंतोऽहं, यामोत्याहाग्रजोऽनुजान् । तथाख्यन्मदनो गच्छा–म्यहं भ्रातस्त्वदाज्ञया ।।
गच्छ त्वमेव तेनेति, प्रोक्तो यदा स जग्मिवान् । सन्मुखं तावदगच्छ–त्तस्य क्रुद्धो भुजंगमः ।९५।
आगच्छंतं गृहीत्वा तं, पृच्छे सोऽभ्रामयद्यदा । अधिष्ठाता तदा तस्यासुरो भेजे प्रसन्नतां ।९६।
अश्वरत्नं मुदा तेन, क्षुरिका कांचनानि च । मुद्रिका ददिरे तस्मै, प्रद्युम्नाय यशस्विने ।९७।
तत्रत्यं च वशीकृत्य, नागमागात्स लाभवान् । तदा तं वीक्ष्य ते जाता, विशेषेण विषादिनः ।।
अहो पापोऽयमायाति, लाभवानेव सर्वतः । एनं निराकरिष्यामः, कथं शल्यमिवोत्कटं ।९९।

ત્યાર પછી તે સહુ નાગોથી આશ્રિત એવા એક શિખર નજીક ગયા. કપટપટુ વજ્રમુખે કહ્યું : 'બંધુઓ, જે કોઇ આ શિખર ઉપર જાય તેને એકછત્રી રાજ્ય મળે અને તેની કીર્તિ દિગંત-વ્યાપી બને. માટે તમે બધા અહીં રહો. હું ત્યાં જઇને આવું છું.' આ વાત સાંભળીને પ્રદ્યુમ્ને કહ્યું : 'મોટાભાઈ, મને આજ્ઞા આપો તો હું જાઉં.' વજ્રમુખે કહ્યું : 'વત્સ, જા, ખુશીથી જા. જઈને જલ્દીથી આવ.' તરત જ પ્રદ્યુમ્ન શિખર ઉપર ચઢ્યો કે તરત જ મહાભયંકર અજગર તેની સામે આવ્યો. ક્રોધથી ધસી આવતા અજગરનું પૂંછડું પકડીને પ્રદ્યુમ્ને ભમાડી ભમાડીને નિશ્ચેષ્ટ જેવો બનાવી દીધો. પરાજિત થયેલા અસુરે પ્રસન્ન થઇને પ્રદ્યુમ્નને અશ્વરત્ન, છૂરિકા અને રત્નજડિત સુવર્ણની મુદ્રિકા આપી. આ પ્રમાણે અસુરને વશ કરી લાભ પ્રાપ્ત કરીને આવતા પ્રદ્યુમ્નને જોઇને તે બધા વિદ્યાધરકુમારો ખિન્ન થઈને દુશ્ચિંતન કરવા લાગ્યા : 'આ પાપી હજુ મર્યો નહિ. પરંતુ જ્યાં જાય છે ત્યાંથી કંઇ ને કંઈ લાભ લઇને આવે છે. માથે પડેલા આ શલ્યનું ક્યારે નિરાકરણ કરીશું ?'

एवं विचिंतयंतस्ते, गताः शरावपर्वतं । गत्वा वज्रमुखस्तत्रा-भिदधावनुजान् प्रति ।२००।
आरोहत्यस्य शृंगं यः, शक्त्या स्वकीयया नरः । प्राप्नोति खेचराणां स, कमलां सकलामपि ।१।
तस्य गोःश्रवणेनेति, स गत्वारुह्य भूधरं । पादाभ्यां चालयेच्छृंगं, तावत्प्रकटितोऽसुरः ।२।
तेन सार्धं महायुद्धं, भुजाभ्यां प्रविधाय सः । यावत्पराजितस्ताव-त्प्रोचेऽहं तव सेवकः ।३।
मैत्रीं मया समं चार्यो, कर्तुमेतद्गृहाण भोः । कंठिकांगदकटक-युग्माग्रकटिसूत्रकं ।४।
लाभेन सहितो याव-दागच्छत् ददृशे दृशा । व्यशोचन् हृदि सर्वेऽपि, तावद्विद्याधरांगजाः ।५।

દુર્ભાવમાં રમતા તેઓ શરાવ પર્વત નજીક આવ્યા. વજ્રમુખે કહ્યું : 'જે કોઇ પોતાની શક્તિથી પર્વતના શિખર ઉપર ચઢે તેને વિદ્યાધરોની સઘળી ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય છે.' વજ્રમુખની વાણી સાંભળીને પ્રદ્યુમ્ને પર્વત ઉપર ચઢીને જેવો શિખર ઉપર પગ મૂક્યો કે તરત જ તેનો અધિષ્ઠાયક અસુર પ્રગટ થયો અને પ્રદ્યુમ્ન સાથે ભયંકર યુદ્ધ કરવા લાગ્યો. પરંતુ પ્રદ્યુમ્ને તેને ક્ષણમાત્રમાં જીતી લીધો. હારેલો અસુર પ્રદ્યુમ્નના ચરણે નમસ્કાર કરીને બોલ્યો : 'સ્વામિન્, આજથી આપ મારા સ્વામી છો, હું તમારો સેવક છું. મારી સાથે મૈત્રીને દઢ કરવા માટે કૃપા કરીને આટલી વસ્તુ ગ્રહણ કરો.' એમ કહીને સુવર્ણરત્નનો હાર, બે સુંદર કડાં અને સુવર્ણનો કંદોરો પ્રદ્યુમ્નને આપ્યો. આ પ્રમાણે લાભ મેળવીને આવતા પ્રદ્યુમ્નને જોઇને વિદ્યાધરપુત્રો ખિન્ન થઇને ઈર્ષ્યાથી હૃદયમાં બળવા લાગ્યા.

अथोऽग्रजस्ततो यातो--ऽवोचद्वज्रमुखो मिषात् । शूकराकृतिरेषोऽद्रि-स्तादृगेव मुखं दधत् ।६।
सहसैव विशेदत्र, स एव स्यान्महीपतिः । इति तद्वाक्यतो वेगा--त्तं कुमारोऽधिरुढवान् ।७।
तावत्सानुमता तेन, मेलितं वदनं निजं । कूर्पराभ्यां कुमारेण, विदार्याविशि निर्भयं ।८।
शूकरास्येन दैत्येन, क्रुद्धेनारब्ध उत्कटे । युद्धे जित्वा पुष्पधनु--र्जयशंखं ततोऽप्यलात् ।९।

ત્યાંથી આગળ જતાં શૂકર જેવા મુખને ધારણ કરતો વજ્રમુખ શૂકર આકૃતિવાળા પર્વતને જોઈને બોલ્યો : 'આ પર્વત ઉપર સ્વશક્તિથી જે કોઈ જાય તે વિદ્યાધરોનો રાજા થાય.' તેના વચનથી પ્રદ્યુમ્ન પર્વત ઉપર ચઢવા ગયો ત્યાં જ પર્વતના બે છેડા ભેગા થઈ ગયા. પરંતુ પરાક્રમી એવા તેણે પોતાના હાથથી છૂટા પાડીને નિર્ભયપણે તે પર્વતની મધ્યમાં ગયો. ત્યાં શૂકર જેવા દૈત્યને યુદ્ધમાં જીતી લીધો. પ્રસન્ન થઈને તે દૈત્યે પણ પ્રદ્યુમ્નને પુષ્પનું ધનુષ્ય અને જય નામનો શંખ આપ્યો.

लाभेन भरितं दृष्ट्वा, कोपात्कमलकाननं । तं नीत्वा वज्रतुंडोऽव-ग्निर्धात्यत्र प्रविश्य यः ।१०।
अतिवर्यं महैश्वर्यं, तस्यैव स्यादखंडितं । इति तद्वचनेनाशु, प्रद्युम्नस्तत्र जग्मिवान् ।११।
स तत्र गतवान् याव--त्तावत्तत्र वने घने । निबद्धो दृढबंधेन, विद्याभृत्तेन वीक्षितः ।१२।
तं समालोक्य पप्रच्छ, मदनो मदवर्जितः । वनेऽत्र विजने केन, बद्धोऽसि दृढबंधनैः ।१३।
सोऽवङ् मनोजवो नाम्ना, विद्याधरोऽस्मि पूरुष ! । बद्धो वसंतकेनाहं, प्राग्वैरात् खेचरेण हि ।।
सांप्रतमेव गत्वेतो, वृक्षस्योपरि संस्थितः । असौ मां मारयिष्यत्या--गतस्तच्छरणं तव ।१५।
बंधनान्मोचय त्वं मां, वर्तसेऽन्योपकारकः । न कुर्वंति विलंबं हि, परोपकारिणो नराः ।१६।
तेनेत्युक्ते कुमारोऽवक्, त्वं चिंतां हृदि मा कृथाः। अधुना मोचयिष्यामि, त्वां विद्याधरबंधनात् ।।
एतस्य मनसि भीति–र्माभूदिति विचिंत्य सः । सत्यीकर्तुं वचः स्वीयं, मोचितस्तेन बंधनात् ।।
विमोचितोऽप्यनालाप्य, प्रद्युम्नमुपकारिणं । अधावद्वैरिणः पृष्टे, मनोजवो जिघृक्षया ।१९।
नश्यंतमपि तं धृत्वा, मदनस्य पुरो द्रुतं । समानीयावदद्विद्या–धरो विनययोगतः ।२०।
उपकारविधातारं, त्वामपृष्ट्वैव यद्गतः । तदेनं शत्रुमानेतुं, यातो राभस्यतो ह्यहं ।२१।
प्रासादेव ते मर्त्या–द्यप्रभृत्यस्ति जीवनं । चित्ते त्वयेति विज्ञेयं, कृतज्ञस्य गिरा मम ।२२।
इत्युक्त्वा विद्ययोर्युग्मं, तस्मै हारं मनोहरं । इंद्रजालविधात्रीं च, विद्यां ददौ स तुष्टितः ।२३।
प्रद्युम्नवचसान्योन्यं, वैरे प्रशमिते सति । मनोजववसंताभ्यां, मैत्री तस्याभवद्वरा ।२४।

લાભ મેળવીને આવતા પ્રદ્યુમ્નને જોઈને ક્રોધિત બનેલો વજ્રમુખ બધાને કમલ નામના વન પાસે લઈ ગયો અને બોલ્યો : 'આ વનમાં જે કોઇ પ્રવેશ કરીને પાછો આવે તેને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઐશ્વર્ય તેમજ અખંડ સમૃદ્ધિની પ્રાપ્તિ થાય.' તેના વચનથી તરત જ પ્રદ્યુમ્ને વનમાં પ્રવેશ કર્યો. આગળ જતાં ગાઢ વનમાં વૃક્ષ સાથે એક વિદ્યાધરને મજબૂત બંધનથી બાંધેલો જોયો. પ્રદ્યુમ્ને પૂછ્યું : 'અરે, આવા ભયંકર વનમાં કોણે તને આ રીતે બાંધ્યો છે ?' તેણે કહ્યું : 'હું મનોજવ નામનો વિદ્યાધર છું. પૂર્વના વૈરી વસંત નામના વિદ્યાધરે મને ગાઢ બંધનથી બાંધીને કોઇ કારણસર હમણાં સામેના વૃક્ષ ઉપર ગયો છે. તે આવીને મને મારી નાખશે. માટે પરોપકારી એવા આપ મને બચાવો અને બંધનથી મુક્ત કરો. હું આપનો

શરણાગત છું. સત્પુરુષો પરોપકારના કાર્યમાં વિલંબ કરતા નથી.' વિદ્યાધરની વાત સાંભળીને પ્રદ્યુમ્ને કહ્યું : 'તું જરાયે ચિંતા કરીશ નહીં. હું તને મુક્ત કરીશ.' આ પ્રમાણે કહીને અને તેને અધૃતિ ના થાય, ભય ના રહે તે માટે અને પોતાના વચનની પ્રતીતિ કરાવવા માટે તરત જ તેના બંધનો તોડી નાખ્યાં. જેવો બંધનથી મુક્ત થયો કે તરત જ મનોજવ પોતાના ઉપકારી પ્રદ્યુમ્નને પૂછ્યા વિના શત્રુને મારવા માટે તેની પાછળ દોડ્યો. નાસતા એવા મનોજવને પકડીને વસંત વિદ્યાધર વિનયપૂર્વક પ્રદ્યુમ્નની પાસે લાવીને બોલ્યો : 'અરે સત્પુરુષ, આ કેવો કૃતઘ્ન અને નિષ્ઠુર છે કે જે પોતાનો ઉપકાર કરનાર એવા મહાપુરુષને પૂછ્યા વિના જ દોડી ગયો ? હું એની રાહ જોઈને જ બેઠો હતો. મારા શત્રુને પકડીને આપની પાસે લાવ્યો છું. આપની મહેરબાનીથી જ એને જતો કરૂં છું, નહીંતર એનું જીવિત હમણાં જ પૂરું થઈ જાત. તો મનોજવ, જરા વિચાર કર અને મનમાં કૃતજ્ઞભાવ ધારણ કર.' વસંતના વચનથી મનોજવે નમ્ર બનીને પ્રદ્યુમ્નની માફી માગી અને કુમારને બે વિદ્યા, સુંદર હાર અને ઈન્દ્રજાલની વિદ્યા આપી. વસંતકે પણ પોતાની રૂપ-લાવણ્યમતી અતિસુંદરી નામની કન્યા પ્રદ્યુમ્નને આપી. પ્રદ્યુમ્નના વચનથી મનોજવ અને વસંતક એકબીજાનું વેર ભૂલીને મિત્ર થઈને રહ્યા.

ततो वसंतकेनापि, निजा सुतातिसुंदरी । कन्या धन्या सलावण्या, मदनाय समर्पिता ।२५।

ततोऽपि लाभवंतं, दृष्ट्वा सर्वेऽपि खेचराः । खेदात्कालवनं निन्यु-स्तं च वक्रस्वरुपकाः ।२६।

तस्य दूरे स्थितो वज्र-मुखोऽभाषिष्ट बांधवान् । निःशंकमत्र यो गच्छे-त्स लाभं लभते शुभं ।।

लाभलुब्धस्तदीयेन, वचसा मदनो ययौ । तेन ध्वस्तेन दैत्येना-र्येषुपौष्पं धनुर्ददे ।२८।

उन्मादनं शोषणं च, तापनं मदनं हृदि । मोहनं मानिनीनां च, पौष्याः पंच शरा अमी ।२९।

मोहनेन मृगाक्षीणा-मुन्मादनेन देहिनां । प्राग्जन्मपुण्यपुण्येन, यथार्थो मदनोऽभवत् ।३०।

આ પ્રમાણે લાભ લઈને આવતા પ્રદ્યુમ્નને જોઈને સર્વે વિદ્યાધરકુમારો વક્રમુખવાળા થઈને કાલવનની સમીપે ગયા. દૂર રહીને વજ્રમુખે કહ્યું : 'આ વનમાં નિઃશંકપણે જે જાય તેને શુભ લાભની પ્રાપ્તિ થાય.' તેના વચનથી લાભમાં લોભી બનેલો પ્રદ્યુમ્ન કાલવનમાં ગયો. ત્યાં રહેલા દૈત્યની સાથે યુદ્ધ કરીને દૈત્યને પરારત કર્યો. પ્રસન્ન થયેલા દૈત્યે પાંચ પુષ્પ ધનુષ્ય આપ્યાં. ઉન્માદ, શોષણ, તાપન, મદન અને સ્ત્રીઓના ચિત્તનું હરણ કરનાર મોહન નામનું ધનુષ્ય. આ પ્રમાણે સ્ત્રી-પુરુષોને ઉન્માદ પેદા કરવાથી, શોષણ અને સંતાપ કરાવવાથી, હૃદયમાં વિકાર પેદા કરાવવાથી તેમજ મોહિત કરાવવાથી પૂર્વજન્મના પુણ્યયોગે પ્રદ્યુમ્ન જગતમાં મદન (કામદેવ) નામથી પ્રસિદ્ધ થયો.

क्षेमेण लाभसंपूर्णं, तं दृष्ट्वा मत्सरात्खगाः । कातराणां महाभीति-मगच्छन् भीमकंदरां ।।

गत्वोचे वजदंष्ट्रेण, यो गच्छत्यत्र मानवः । कामरुपकरीं शक्तिं, स संप्राप्नोत्यनारतं ।३२।

तद्वाक्यान्मदनः शूरो, जनयन्न विचारणां । गतवांस्तत्र यावत्स, तावत्तत्पतिरागतः ।३३।

युद्धेन स जितो याव-त्तावत्तेन समर्पितं । दिव्या सुमनसां शय्या, छत्रं च कुसुमोत्तमं ।३४।

ક્ષેમકુશલપૂર્વક લાભ લઈને આવતા પ્રદ્યુમ્નને જોઈને ઈર્ષ્યાળુ વિદ્યાધરકુમારો કાયરોને ભય પમાડનારી ભયંકર ગુફાની સમીપે આવ્યા. વજ્રમુખે કહ્યું : 'આ ગુફામાં જે પ્રવેશ કરે તેને ઈચ્છા મુજબ રૂપ કરવાવાળી શક્તિ મલે છે.' સાંભળીને પ્રદ્યુમ્ન તરત જ ગુફામાં ગયો. તેના સાહસથી પ્રસન્ન થયેલા ગુફાપતિ અસુરે પ્રદ્યુમ્નને ક્યારે પણ કરમાય નહિ તેવી પુષ્પોની દિવ્ય શય્યા તેમજ પુષ્પોનું ઉત્તમ છત્ર આપ્યું.

तदादायागतं वीक्ष्य, जगदुः क्रोधतः खगाः । ज्येष्टबंधो दुराचारं मारयामो ह्यमुं वयं ।३५।
स प्रोवाच प्रतीक्षध्व-मद्यापि स्थानकद्वयं । तेनैवास्य वधश्चेत्स्या-दात्मभिर्हन्यते कथं ।३६।
मान्यं स्यदाग्रजं वाक्य-मिति तद्वचनेन ते । मायया तं पुनर्निन्युः, काननं विपुलाभिधं ।३७।
तत्र शैलो जयंतोऽस्ति, जयंत इव दुर्धरः । तमालोक्याग्रजः प्राह, गत्वायात्यत्र यो नरः ।३८।
संप्राप्य चिंतितार्थं स, भवेन्नाकीव भूतले । मन्यमानः प्रतीतिं त-द्वचने मदनोऽगमत् ।३९।
वनस्य तस्य मध्ये स, यावद्भ्राभ्यता व्रजेत् । तावत्तेन जयंताद्रिः, समैक्ष्यत शिलोच्चयः ।४०।
नदी तस्य समीपेऽस्ति, पद्मगंधिजलान्विता । उपतीरं तमालाद्यैः, पादपैः परिवेष्टिता ।४१।
एकस्याधस्तमालस्य, शैलपट्टेऽतिसुंदरे । पद्मासनसमासीना, ध्यानलीनास्ति कामिनी ।४२।
चलेक्षणापि स्थिरदृग्, चलचित्तापि बद्धहृत् । चलांग्यपि दृढतनु-र्ध्यानयोगेन साऽभवत् ।४३।
योगिनीमिव नासाग्र-निहितेक्षणयामलां । बिभ्रतीं स्फाटिकीं मालां, पाणौ जापचिकीर्षया ।।
देहे परिहितक्षीरो-दकां श्लथशिरोरुहैः । आच्छादिता सयुग्मां च, ध्यानैकाग्रसमन्वितां ।४५।
तन्वंगीं सुविशालाक्षीं, पीनोन्नतपयोधरां । स्फारवक्षःस्थलां सूक्ष्म-कटिप्रदेशधारिकां ।४६।
दधानामपि दंतेषु, श्वैत्यं रक्तत्वमोष्टयोः । प्रसन्नत्वं मुखे भूयः, कृष्णत्वं दृष्टितारयोः ।४७।
स्वर्णं निर्भर्त्सयंतीं च, स्वशरीरस्य कांतिभिः । विनीलैस्तिलकैर्देह-श्रितैरिंदीवरश्रियं ।४८।
सकलैर्लक्षणैः पूर्णां, वर्णनीयां विचक्षणैः । मनोनयनसंतोष-कारकाकृतिसुंदरां ।४९।
राहित्यतः कलंकस्य, वदने सदने रुचां । जयंतीं षोडशकला-बिभ्राणमपि चंद्रकं ।५०।
तामिदृशीं समालोक्य, प्रद्युम्नो विस्मयाकुलः । स्वचित्ते चिंतयामास, तद्रूपमग्नलोचनः ।५१।
रंभा किमुर्वशी नाग-कुमारकामिनी किमु । किं किन्नरी किमिंद्राणी, किं वा पातालसुंदरी ।।
सर्वासामपि कांताना-मादाय रुपसंपदं । एतस्या विधिना रुपं, चक्रे लावण्यवारिधिं ।५३।
रुपं तस्याः समालोक्य, चित्रचित्रितमर्त्यवत् । इतस्ततः प्रयातुं, न समर्थो मदनोऽभवत् ।५४।
तत्र स्थितो बलिष्टोऽपि, जितानेकसुरोऽपि च । मदनस्त्वक्षमो गंतुं, पीडितो मदनेषुभिः ।५५।
तावत्समागतस्तत्र, श्रीवसंताभिधः सुरः । प्रणम्य तत्पुरः सेवा-कर्त्तेव सोऽपि संस्थितः ।५६।
प्रद्युम्नेन तदा पृष्ट, महाभाग निवेदय । केयं कन्या कथं चास्मि-न्नरण्ये समुपागता ।५७।
कस्य वा तनया लीला-वत्या अस्याश्च नाम किं । इत्युक्तः स पुरस्तस्य, तदा जगाद सादरं ।।
प्रभंजन इवाराति-पयोदपटलीहते । अत्र प्रभंजनो विद्या-धराणामस्ति नायकः ।५९।

ख्याता सरस्वती तस्य, वनिता विनयान्विता । तयोः पुत्री रतिर्नाम्ना, ददाते रतिमेव च ।।
एकदास्याः पितुर्धाम्नि, समाययौ निमित्तवित् । पुत्रीवात्सल्यतस्तस्य पृष्ट पित्रा प्रपूज्य च ।।
स्वामिन्नस्याः सुताया मे, पाणिग्रहणकारकः । को भविष्यति तं प्रीत्या, प्रकाशय पुरो मम ।।
तदा तेनोदितं भूप, द्वारिकानगरीविभुः । त्रिखंडनायकः कृष्णः, समस्त्यखंडशासनः ।६३।
तस्यास्ति रुक्मिणी पत्नी, तस्याः कुक्षिसमुत्थितः ।
सुतः प्रद्युम्ननामास्ति, सोऽस्या भर्ता भविष्यति ।६४।
भाग्यसौभाग्यसंपन्नो, धैर्योदार्यसमन्वितः । क्रीडां प्रजनयन् काल-वनं समागमिष्यति ।६५।
संतुष्टस्तद्वचोयोगा-त्प्रभंजनमहीपतिः । तनयां कथयामास, तत्र स्थेयं त्वयाधुना ।६६।
तातस्य वचसात्मीय-भर्तृविलोकनाय च । स्थितात्र ध्याने भर्त्तार-मेव पश्यति कन्यका ।६७।
त्वमेव चेष्टया नूनं, संभाव्यसे मया ध्रुवं । एतस्या भाग्ययोगेन, समागतोऽसि सुंदर ।६८।
युवयोर्जातस्पोह-मयोरिव परस्परं । चेत्पाणिग्रहणं स्यात्तत्, प्रयासः सफलो विधेः ।६९।
तं मामेव वदत्येष, प्रमोदमेवमाश्रयन् । इति हृष्टो निजे चित्ते, प्रद्युम्नोऽपि जगाद तं ।७०।
मदीयमपि भूयिष्टं, पुण्यं यत्कानने भ्रमन् । अत्रागतस्त्वदीयं च, दर्शनं समजायत ।७१।
अन्योन्यं क्रियमाणायां, वार्तायां तुष्टिसंभवात् । तत्पाणिग्रहणं साकं, तया कारितवान् सुरः ।।
एकस्तु मदनो मर्त्यस्तरुणोऽन्यच्च कामिनी । तादृशी मिलिता शोभा, वर्ण्यते तर्हि कीदृशी ।७३।
नवोढां प्रमदां यावत्, समादाय विनिर्ययौ । तावदेवामिलत्तस्य, तत्रैव शकटासुरः ।७४।
कथमेष स्त्रिया सत्रा, पादचारी गमिष्यति । ध्यात्वेति दर्शनात्तस्य, संतुष्टः प्रददाविदं ।७५।
आरोहणोचितं पुष्प-स्यंदनं सुंदराकृतिः । वांच्छितस्य पदार्थस्य, दायिकां कामगां पुनः ।७६।
मदनं स्यंदनारुढं, कामिन्या सममागतं । दृष्ट्वा ते खेचरा जाताः, श्यामाननाः समेऽपि च ।७७।

લાભ લઈને આવતા પ્રદ્યુમ્નને જોઈને ક્રોધાતુર બનેલા વિદ્યાધરકુમારોએ મોટા ભાઈ વજ્રમુખને કહ્યું : 'જયેષ્ઠ બંધુ, હવે તો હદ થાય છે. આ દુરાચારીને હવે અમે સહન નહી કરી શકીએ.' ત્યારે વજ્રમુખે કહ્યું : 'થોડી ધીરજ રાખો. હજુ ભયંકર બે સ્થાનો બાકી છે. એ પોતાની રીતે જ મરે, તો આપણે મારવાની શું જરૂર ?' આ પ્રમાણે કહીને તેઓ 'વિપુલ' નામના વનની સમીપે ગયા. વજ્રમુખે કહ્યું : 'આ વનમાં 'જયંત' નામનો મોટો પર્વત છે. જે મનુષ્ય એ પર્વત ઉપર જાય તેને દેવોની જેમ ચિંતિત અર્થની પ્રાપ્તિ થાય છે.' વજ્રમુખના વચન ઉપર વિશ્વાસ કરતો પ્રદ્યુમ્ન વિપુલ વનમાં ગયો. ત્યાં ઊંચા જયંત પર્વતને જોયો. પર્વતની નીચે જેના કિનારે કિનારે તમામ વૃક્ષો રહેલાં છે, એવી 'પન્નગંધી' નામની નદી જોઈ. નદી પાસે તમાલ વૃક્ષની નીચે સુંદર સ્ફટિકની શિલા ઉપર પદ્માસને બેઠેલી, ધ્યાનમાં લીન એવી એક કન્યાને જોઈ. ચંચલ છતાં સ્થિર દૃષ્ટિ, સ્થિર ચિત્ત અને સ્થિર શરીરવાળી એવી તે યોગિનીની જેમ શ્વેત વસ્ત્રને ધારણ કરનારી, છૂટા કેશવાળી, હાથમાં સ્ફટિકની માળા લઈને નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર દૃષ્ટિ રાખીને જાપ અને ધ્યાન કરી રહી છે. તેણીનું સુંદર શરીર, વિશાલ નેત્ર, પુષ્ટ

અને ઉન્નત સ્તનયુગ્મ, વિશાલ છાતી, મુષ્ટિગ્રાહ્ય સૂક્ષ્મ કટિપ્રદેશ, તેમજ દાંતોમાં શ્વેતતા (ઉજ્વલતા), હોઠોમાં રકતતા (લાલાશ), મુખમાં પ્રસન્નતા તેમજ આંખની કીકીમાં કૃષ્ણતા (શ્યામતા)ને ધારણ કરી રહી છે. પોતાના શરીરની કાંતિથી સુવર્ણને પણ તિરસ્કાર કરનારી (સુવર્ણસમી કાંતિવાળી) અને લલાટમાં નીલ તિલક કરવાથી નીલકમલની શોભાને ધારણ કરનારી, સંપૂર્ણ કલાઓથી યુક્ત પૂર્ણિમાના ચન્દ્ર જેવા મુખવાળી, કલંકરહિત મુખ હોવાથી ચન્દ્રની સોળે કળાને જીતવા માટે જ જાણે લલાટમાં ચાંલ્લો કર્યો ના હોય ! આવી અદ્ભુત રૂપવાળી કન્યાને જોઇને પ્રદ્યુમ્ન વિસ્મય પામી ગયો અને તેના રૂપને ધરાઈ ધરાઇને જોઇ રહ્યો. 'અરે, આ તો કોઇ રંભા છે ? ઉર્વશી છે ? નાગકુમારી છે ? પાતાલસુંદરી છે ? કિન્નરી છે કે કોઈ ઇન્દ્રાણી છે ? ખરેખર, બ્રહ્માએ જગતની સ્ત્રીઓની રૂપસંપત્તિને લઇને આ કન્યાને ઘડી લાગે છે.' આ પ્રમાણે વિચારતો પ્રદ્યુમ્ન ચિત્રામણમાં રહેલા ચિત્રની જેમ સ્થિર થઇ ગયો. ત્યાંથી એક ડગલું પણ ચાલવાની હિંમત રહી નહીં. જેણે અનેક દેવોને અને અસુરોને જીતી લીધા છે એવો બળવાન કુમાર પણ મદન (કામદેવ)ના બાણોથી પીડાવા લાગ્યો. તેવામાં 'શ્રીવસંત' નામનો દેવ કુમારને નમસ્કાર કરીને સેવકની જેમ ઊભો રહ્યો. કુમારે પૂછ્યું : 'હે દેવ, આ સુંદર કન્યા કોણ છે અને તે શા માટે આવા અંધકારમય અરણ્યમાં રહી છે ? તેનું નામ શું ?' દેવે કહ્યું : 'સ્વામિન્, ઘોર વાદળોને ક્ષણમાત્રમાં વિખેરી નાખતા પ્રચંડ પ્રભંજન (પવન) ની જેમ પ્રભંજન નામના વિદ્યાધર રાજાની વિદૂષી સરસ્વતી નામની પટ્ટરાણીની આ 'રતિ' નામની પુત્રી છે. એક દિવસે રાજસભામાં કોઇ નૈમિત્તિક (જયોતિષી) આવ્યો. પુત્રી પ્રત્યેના પ્રેમથી રાજાએ જયોતિષીને પૂછયું : 'આ મારી પુત્રીનો પતિ કોણ થશે ?' જયોતિષીએ કહ્યું : 'રાજન, ત્રણ ખંડના અધિપતિ દ્વારિકા નગરીના રાજા કૃષ્ણની અગ્રમહિષી રુક્મિણીની કુક્ષીથી ઉત્પન્ન થયેલો પ્રદ્યુમ્નકુમાર આ તમારી પુત્રીનો પતિ થશે. ધીર, વીર, ઔદાર્યાદિ ગુણોથી યુક્ત ભાગ્ય-સૌભાગ્યશાળી પ્રદ્યુમ્ન ક્રીડા કરતા કરતા કાલવનમાં આવશે અને ત્યાં કન્યાનો મેળાપ થશે.' નૈમિત્તિકનાં વચનથી સંતુષ્ટ થયેલા રાજાએ પોતાની પુત્રીને આ વનમાં રાખી છે. કન્યા પણ પિતાના વચનથી અને પોતાના પતિને જોવા માટે પતિનું ધ્યાન કરતી અહીંયા રહી છે. હું તેના રક્ષક તરીકે રહ્યો છું. તમારી આકૃતિ અને ચેષ્ટા ઉપરથી લાગે છે કે તમે જ પ્રદ્યુમ્નકુમાર છો. તો સુવર્ણ અને મણીના યોગની જેમ તમારા બંનેનો સંબંધ થાઓ. જેથી વિધાતા (બ્રહ્મા) નો પ્રયાસ પણ સફલ થશે. મને, રતિસુંદરીને તેમજ તેના માતાપિતાને પણ આનંદ થશે.' દેવના વચનથી હર્ષિત બનેલા પ્રદ્યુમ્ને કહ્યું : 'મારૂં પણ મહાન પુણ્ય કે હું ભમતો ભમતો આ જંગલમાં આવ્યો અને તમારૂં મને દર્શન થયું.' આ પ્રમાણે વસંતદેવની સાથે વાર્તાલાપ ચાલી રહ્યો છે ત્યાં રતિસુંદરી પણ શિલા ઉપરથી ઉઠીને ત્યાં આવી. પ્રદ્યુમ્નને જોઇને રોમાંચિત બની. લજ્જાથી નીચું મુખ કરીને ઊભી રહી. વસંતદેવે તે બંનેનો ગાંધર્વ વિવાહ કરાવ્યો. એક બાજુ કામદેવ જેવો પ્રદ્યુમ્ન અને બીજી બાજુ સુંદર અવર્ણનીય રૂપવાળી 'રતિસુંદરી' ! તે બંનેની શોભાનું વર્ણન કરવા માટે કોઈ શબ્દ નથી. અર્થાત્ બંને અપૂર્વ શોભાથી શોભી રહ્યાં હતાં.

નવોઢા પત્નીને લઇને આવતાં રસ્તામાં પેલો શકટાસુર મલ્યો. તે પ્રદ્યુમ્નને જોઇને ખુશ થયો. અસુરના મનમાં થયું કે 'સ્ત્રીની સાથે પ્રદ્યુમ્ન પગે ચાલીને કેવી રીતે જશે ?' એમ વિચારીને અસુરે પુષ્પોનો સુંદર રથ આપ્યો. તે રથ અશ્વ વિનાનો ચિંતિત સ્થાને પહોંચાડી શકે તેવો હતો. આવા દિવ્ય પ્રભાવવાળા સુંદર રથમાં પત્નીની સાથે બેસીને આવતા પ્રદ્યુમ્નને જોઇને ૫૦૦ વિદ્યાધરકુમારો શ્યામમુખવાળા બની ગયા.

यावत्स्यादात्मनो भाग्यं, यावत्पापं विभज्यते । भवेन्न द्वेषिणां ताव-त्पराभूतिर्मनागपि ।७८।
स्त्रिया सत्रा रथारुढः, स्वामीव मदनो बभौ । पदातय इवाभूवन्, खेचराः पदचारिणः ।७९।
परितो वेष्टितो वज्र-मुखादिभिः सहोदरैः । लाभैः षोडशभिर्भास्वन्, प्रत्यागच्छत्पुरीमसौ ।८०।
गच्छंतं पथि पश्यंति, ये ये तं पुण्यधारिणं । अहो पुण्यफलं ह्यस्य, प्रशंसंतीति नागराः ।८१।
केचिद्वदंति धन्यः स, पिता यस्येदृशः सुतः । केचिच्च जननी मान्या, यया कुक्षावयं धृतः ।८२।
धन्या कन्या त्वसौ केचि-देतेन सह रुपिणा । विवाहः समभूद्यस्याः, सादृश्ययोगशोभनः ।८३।
शतानि पंच पुत्राणां, राज्यौचित्यधृतामपि । लघोरप्यस्य पुण्यं हि, वर्तते सर्वतोऽधिकं ।८४।
क्रियते किं घनैः पुत्रैः, क्लेशसंतापदायकैः । एकोऽपि च समीचीन, ईदृशस्तनयो गुणी ।८५।

'જ્યાં સુધી પોતાનું ભાગ્ય અને પુણ્ય જાગતું હોય છે ત્યાં સુધી શત્રુઓ કોઇ પણ જાતનો પરાભવ કરી શકતા નથી.' પત્નીની સાથે રથમાં બેઠેલો પ્રદ્યુમ્ન બધાના માલિકની જેમ શોભતો હતો અને તે બધા ભાઈઓ પગે ચાલતા તેના સૈનિકોની જેમ લાગતા હતા. વજ્રમુખ આદિ પાંચસો ભાઈઓથી વીંટળાયેલો તેમજ સોળ લાભોથી શોભતો પ્રદ્યુમ્ન પોતાની નગરી તરફ જાય છે. રસ્તામાં લોકો પુણ્યશાળી પ્રદ્યુમ્નને જુવે છે અને તેના પુણ્યની પ્રશંસા કરે છે : કોઇ કહે છે-'ધન્ય છે તેના પિતાને કે જેને આવો પુત્ર છે.' કોઈ કહે : 'ધન્ય છે તેની માતાને કે જેણે આને કુક્ષીમાં ધારણ કર્યો.' કોઇ કહે- 'ધન્ય છે આ કન્યાને કે જેને આવો રૂપવાન્ પતિ મલ્યો, ખરેખર ! બંનેનો સરખે સરખો યોગ મલ્યો છે.' કોઈ કહે કે- 'રાજ્યને લાયક આ પાંચસો પુત્રો હોવા છતાં આ નાનાનું કેવું ભાગ્ય છે કે જે બધા કરતાં ચઢીયાતો છે ! ખરેખર, કલેશદાયી અને સંતાપદાયી એવા ઘણા પુત્રોથી શું ? આના જેવો ગુણીયલ એક પુત્ર હોય તો બસ છે.' આ પ્રમાણે નગરજનોની પ્રશંસા સાંભળતાં એ બધો સંઘ આગળ આગળ જાય છે.

स्थानात्स्थानान्मृगाक्ष्योऽपि, समायांति विलोकितुं ।
काश्चित्समारुहंत्यूर्ध्व-मधस्तात्काश्चनोत्सुकाः ।८६।
मस्तकस्योपरि स्वीयं, काश्चित्क्षिपंति मस्तकं । स्कंधस्योपरि काश्चिच्च, कक्षापुटेषु काश्चन ।८७।
काश्चित्कटीप्रदेशेषु, काश्चिदूर्वोर्द्वयोरपि । काश्चिच्चरणयोर्मध्ये, काश्चिद्वसुमतीतले ।८८।
त्रोटयंति तदा काश्चित्, केशान् काश्चन मुष्टिभिः। हंति काचिच्चपेटाभिः, कूर्पराभ्यां च काश्चन ।।
तस्मिन्नवसरे यद्य-त्संजातं योषितां तनौ । तत्सर्वमपि हर्षाया-भवद् द्वेषाय नो पुनः ।९०।
वर्तते रमणो यस्याः, पशुवद्गुणवर्जितः । भाषते सेदृशो भर्ता, देयो मम त्वया विधे ।९१।
यस्या रुपं न तादृक्षं, वर्यचातुर्यसंयुतं । सा ब्रवीति विधे माम-कीनमप्यस्तु चेदृशं ।९२।
काश्चिद्वदंति कांतानां, रुपमस्ति मनोहरं । भर्तुः काश्चन काश्चिच्च, सादृश्यमुभयोरपि ।९३।
काश्चिदाख्याति नारीणा-मवतारो विधे त्वया । न देयो दीयते यर्हि, देयस्तद्योग ईदृशः ।९४।
कामः संकल्पमात्रोऽपि, सुखायते शरीरिणां । प्रत्यक्षरुपधर्तायं, कस्य हर्षाय नो भवेत् ।९५।
मोहयन्नरनारीणा-मिति स्वांतेक्षणानि चः । भूपालभवनं भेजे, भूरिलाभविभूषितः ।९६।

સ્થાને સ્થાને સ્ત્રીઓ પણ પ્રદ્યુમ્નને જોવા માટે એકબીજાની ઉપર ચઢી ચઢીને જોતી હતી. કોઇ માથા ઉપર, કોઈ કપાળ ઉપર, કોઇ ખભા ઉપર, કોઇ કુક્ષી ઉપર, કોઇ કેડ ઉપર, કોઇ સ્તન ઉપર, કોઇ પગ ઉપર તો કોઈ પૃથ્વી ઉપર ટચાકા મારીને ઓવારણા કરી રહી હતી. કેટલીક સ્રીઓ કેશોને તોડતી મુઠ્ઠીઓ વડે પેટ અથવા હડપચીને કૂટતી, પોતાનો આનંદ વ્યક્ત રહી હતી. જોઇજોઇને આનંદ પામતી હતી. કોઇને પણ દ્વેષ થતો નહિ. જેનો પતિ પશુની જેમ નિર્ગુણ હશે એવી સ્ત્રીઓ વિધાતા પાસે પ્રાર્થના કરે છે કે, 'હે વિધાતા! અમને પ્રદ્યુમ્ન જેવો પતિ મળો.' પોતાનું રૂપ-લાવણ્ય તેવા પ્રકારનું નહિ હોવાથી કેટલીક રૂપની પ્રાર્થના કરે છે : 'હે વિધાતા! અમને પણ આવું સુંદર રૂપ મળો.' કેટલીક સ્ત્રીઓ પ્રદ્યુમ્નના રૂપના તો કેટલીક સ્ત્રીઓ રતિસુંદરીના રૂપના વખાણ કરી રહી છે. કેટલીક બંનેના રૂપ-ગુણની પ્રશંસા કરી રહી છે. કેટલીક વિધાતાને કહી રહી છે કે 'હે વિધાતા! તારે જો નારીનો અવતાર આપવો હોય તો એવો આપજે કે બંનેનો યોગ સરખેસરખો મળે.' કામ (સંકલ્પ માત્ર) પણ મનુષ્યોને સુખને માટે થાય છે, તો આ તો (પ્રદ્યુમ્ન-કામદેવ) સાક્ષાત્ દેહધારી છે તો કોના હર્ષના માટે ના થાય? આ પ્રમાણે સ્ત્રી-પુરુષોના નયન અને મનને મોહ પમાડતો અને ઘણા ઘણા લાભોથી વિભૂષિત થયેલો પ્રદ્યુમ્ન રાજમહેલમાં આવ્યો.

तत्रागत्य नमस्कृत्य, जनकस्य क्रमांबुजं । उपाविशद्यथास्थानं, पुत्रो हि पितृपूजकः ।९७।
आलिंग्य जनकेनापि, प्रमोदरससेचनात् । मौलेरुपरि संस्थाप्य, हस्तौ क्षेममपृच्छचत ।९८।
प्रद्युम्नोऽप्यवदत्तात, तव प्रोद्यत्प्रसादतः । शुभमस्ति न किं किं स्या–न्महतां ह्यनुभावतः ।९९।
स्थितस्तत्र क्षणं याव-त्तावत् प्रोवाच भूपतिः । जनन्या अपि ते वत्स, त्व नमस्करणं कुरु ।३००।
विनीतो यो भवेत्सूनु–स्तातज्ञां स न खंडयेत् । इति तस्य गिरा तत्र, सहसैव स जग्मिवान् ।।
गत्वा तत्र नमस्कार-मकार्षीद्विनयाय सः । चिरं जीवेति मात्रापि, तस्याशीर्वचनं ददे ।२।
मदीयास्ति जनन्येषा, ज्ञात्वेत्यस्थात्तदंतिके । तावत्तद्रूपमद्राक्षीत्, सुरुपं हि स्त्रियः प्रियं ।३।
स्नेहलाः कुंतलाः काला, अराला मौलिमंजुलाः । ललाटमष्टमीरम्य–रजनीकरसन्निभं ।४।
पौर्णिमेंदुसमाना श्री–र्वदनस्य विराजते । लांछनभ्रममाधत्ते, भ्रूयुग्मं कार्मुकोपमं ।५।
नेत्रे सरोरुहायेते, दोलायेते श्रुती पुनः । कपोलौ मुकुरायेते, बिंबायतेऽधरद्वयं ।६।
दशना दाडिमबीज–सदृशाश्चिबुकं वरं । कंठः कंबुरिवाभ्राज–त्स्कंधौ वृषसहोदरौ ।७।
भुजावालानसंकाशौ, रक्तोत्पलोपमौ करौ । कपाटानुकरं वक्षो, मृगेंद्रानुकृतिः कटि ।८।
जंघे स्तंभसमे गूढे, जानुनी चरणौ शुभौ । सत्पल्लवा इवांगुल्य–स्तलं रक्तोत्पलायते ।९।
रुपेण लक्षणैः सर्व–र्युक्तेन सुंदरार्चिषा । पुनस्तस्य जनन्याश्च, नेत्रयोरुत्सवायितं ।१०।
तदा कनकमालापि, तद्रूपं वीक्ष्य भासुरं । विद्धा मन्मथबाणेन-च्छ्वसितुं नाभवत्क्षमा ।११।
यतस्तारुण्यरुपाढ्यं, भ्रातरं पितरं सुतं । दृष्ट्वा स्त्री विषयौत्कट्या-द्भोक्तुं तमपि वांछति ।।
कांतायाश्छिन्ननासायाः, शतवर्षतनोरपि । विश्वासो न विधातव्यः, पुरुषेण मनीषिणा ।१३।
किं पुनश्चारुतारुण्य–रुपचातुर्यसंपदः । क्रियते प्रत्ययश्चित्ते, नरेण सरलात्मना ।१४।

प्रथमं त्ववतारोऽस्ति, स्त्रीणां दुःखपरंपरः । अन्यच्च चिंतितप्राप्ति–र्जायते न कदाचन ।१५।
ततः कांतासु सर्वास्व–हमेव मंदभाग्यभृत् । अधन्या गतपुण्याह–मेव नान्या मनस्विनी ।१६।
उपलब्धिरभीष्टस्य, भाग्योदयाद् भवेद्यदि । सममेतेन संबंध–स्तर्हि स्तात्परमेश्वर ।१७।
तावेव श्रवणौ धन्यौ, याभ्यामेतस्य वक्त्रतः । निर्गतं वाक्यपीयूषं, पीयते सर्वदा मुदा ।१८।
तदेव लोचनद्वंद्वं, भव्यं मद्वक्त्रसंस्थितं । वदनांबुजमेतस्य, प्रेमाढ्यं येन वीक्ष्यते ।१९।
सैव नासा समीचीना, ययैतस्यास्यनिर्गतः । गंध आघ्रायते जग्ध–कर्पूरादिसमुद्भवः ।२०।
रदनैश्चर्वितं चंच–त्तांबूलमस्य वक्त्रजं । भक्षयेद्रसना सैव, मनोहरा न चापरा ।२१।
तदेव हि वपुर्वच्मि, श्लाघनीयं सुखावहं । नित्यमालिंग्यते येन, साकमेतस्य वर्ष्मणा ।२२।
भूयः शुचिपयोदाग्रयाः, सैरिभ्याः सुपयोधरात् । तत्कालकर्षितं दुग्धं, हेमंतेऽनेन पीयते ।२३।
वल्लभेन सहैतेन, शय्यायां शय्यते मया । शीतं भूयोऽपि देहं न, शिशिरे कंपयेत्तदा ।२४।
पुष्पैः फलैर्दलैर्वल्गु–शोभे पल्लविते वने । क्रीडामेतेन कुर्वेऽहं, वसंते व्रीडयोज्झिता ।२५।
कर्पूरकुंकुमाभ्यां च, मिश्रितं चंदनं यदा । देहे विलिप्यतेऽनेन, नोष्णतापो भवेत्तदा ।२६।
दीपैः प्रद्योतिते गेहे, देहे भवति शर्मणि । वर्षासु सारिपाशाभ्यां, रम्यतेऽनेन तद्वरं ।२७।
एलाकर्पूरसंयुक्तं, नीरं शरदि पीयते । ऋतूनामित्यपि षण्णां, शर्मानेनानुभूयते ।२८।
चित्ते कनकमालेति, कल्पमाना मुहुर्मुहुः । प्रद्युम्नरूपमालोक्या–भवत्सूर्पणखोपमा ।२९।
सिद्धविद्यं सुतं द्रष्टुं, माता प्रीत्या समागता । लक्ष्मणेन हतं वीक्ष्य, खेदमासेदुषी भृशं ।३०।
हंतारमविजानंती, पश्यंतीतस्ततो रुषा । पदपंक्त्यनुसारेणा–याता रामं ददर्श सा ।३१।
सुतघातभवं दुःखं, विस्मार्य रामदर्शनात् । यथा सूर्पणखा जाता, कंदर्पदर्पविह्वला ।३२।
तथा कनकमालापि, मनोभुवातिपीडिता । विस्मार्य पुत्रसंबंधं, वियोगव्याकुलाभवत् ।३३।

રાજમહેલમાં આવી પિતાને નમસ્કાર કરીને યથાસ્થાને બેઠો. 'વિનયી પુત્ર પિતાનો પૂજક હોય છે.' પિતાએ પણ આનંદપૂર્વક માથા ઉપર અને હાથ ઉપર આલિંગન કરીને ક્ષેમકુશળ પૂછ્યું. પ્રદ્યુમ્ને કહ્યું : 'પિતાજી, આપની કૃપાથી બધુ સારૂં છે. મહાપુરુષોની કૃપાથી શું શું ના મળે ?' ક્ષણમાત્ર રહીને પિતાએ કહ્યું : 'વત્સ, તારી માતા પાસે જઈને નમસ્કાર કર. એ તારી રાહ જોઈ રહી છે.' 'વિનીત પુત્ર પિતૃઆજ્ઞાને ખંડિત કરતો નથી.' પિતાના કહેવાથી તરત જ ત્યાંથી ઉઠીને માતા પાસે ગયો. માતાને નમસ્કાર કરીને, પોતાની જનેતા જાણી માતાની નજીકમાં જઈને બેઠો. માતાએ પણ 'ચિરંજીવ'-આ પ્રમાણે આશીર્વાદ આપ્યા. 'સ્ત્રીઓને પ્રાયઃ રૂપ વધારે પ્રિય હોય છે.' કનકમાલા પ્રદ્યુમ્નના રૂપને અનિમેષ નયને જોઇ રહી. સુંદર શ્યામ કેશથી મસ્તક કેવું શોભી રહ્યું છે ! અષ્ટમીના ચન્દ્ર સમાન લલાટ, પૂર્ણિમાના ચન્દ્ર સમાન મુખની શોભા, તેમાં લાંછનના ભ્રમને ધારણ કરતી ધનુષ્ય સમાન ભ્રકુટિયુગ્મ, વિકસિત કમલ સરખા નેત્રો, હિંડોળા સમાન કર્ણયુગ્મ, દર્પણ સમાન કપોલયુગ્મ, બિંબફલ (ગીલોડા) સમાન લાલ બે હોઠ, દાડમની કળી સમાન દાંત, શ્રેષ્ઠ હડપચી, શંખ સમાન ડોક, વૃષભના સ્કંધ સમાન બે ખભા, કમલની નાલ

સમાન બે હાથ, લાલ કમલ સમાન હાથના તળીયાં, કપાટ સમાન વિશાલ છાતી, સિંહની કટી સમાન કેડ, કેળના સ્તંભ સમાન બે સાથળ, ગૂઢ જાનુ (ઢીંચણ) યુગ્મ, કાચબા સમાન સુંદર ચરણ-યુગ્મ, કોમલ પલ્લવ સમાન હાથપગની આંગળીઓ અને રક્ત કમલ સમાન પગના તળિયાં. આ પ્રમાણે સર્વ લક્ષણ સંપૂર્ણ એવા પ્રદ્યુમ્નકુમારના સુંદર દેહને નીરખી નીરખીને જોતી માતા કનકમાલા મુગ્ધ બની ગઇ. કામદેવના બાણોથી વીંધાયેલી તેણીને શ્વાસ–ઉચ્છ્વાસ લેવાની પણ તાકાત રહી નહિ. શાસ્ત્રકાર કહે છે : 'રૂપ-લાવણ્ય અને યુવાન એવા ભાઇ, પિતા અને પુત્રને જોઇને સ્ત્રીઓ વિષયવાસનાની ઉત્કટતાથી તેને પણ ભોગવવાની ઇચ્છા કરે છે ! નાક-કાન છેદાયેલી સો વર્ષની વૃદ્ધા સ્ત્રીનો પણ બુદ્ધિમાન પુરૂષોએ વિશ્વાસ કરવો જોઈએ નહીં. તો પછી રૂપ-લાવણ્ય, ચાતુર્ય અને તારૂણ્યથી યુક્ત એવી સ્ત્રીનો તો સરલ પુરૂષથી વિશ્વાસ કેમ કરી શકાય ?' પ્રદ્યુમ્નના રૂપને જોઇને પોતાનું માતૃત્વ વિસારી મનમાં દુષ્ટ વિચારો કરવા લાગી : 'પહેલાં તો સ્ત્રીનો અવતાર જ દુઃખની પરંપરા રૂપ છે અને તેની પરવશતા એટલી કે તેના મનની ઇચ્છાઓ ક્યારે પણ સફળ બનતી નથી. તેમ છતાંયે બધી સ્ત્રીઓમાં હું ખરેખર મંદભાગી છું. અધન્ય અને દુર્ભાગિણી છું. મારા જેવી નિષ્પુણ્ય બીજી કોઇ સ્ત્રી નહિ હોય. હે પરમેશ્વર, જો મારો ભાગ્યોદય હોય તો પ્રદ્યુમ્નની સાથે મારો સંબંધ થાઓ અને મારા ઇષ્ટની પ્રાપ્તિ થાઓ. તે બે કાનને ધન્ય છે કે જે હમેશા પ્રદ્યુમ્નના મુખમાંથી નીકળતી વાણીસુધાનું પાન કરે છે. મારા મુખ ઉપર રહેલા સુંદર લોચન-યુગ્મને ધન્ય છે કે જે આના મુખરૂપી કમલને પ્રેમપૂર્ણ કટાક્ષથી નીરખે છે. તે નાસિકાને ધન્ય છે કે જે આના શરીરમાંથી નીકળતી ચંદનકર્પૂરથી મિશ્ર સુગંધીને ગ્રહણ કરે છે. તે દાંતને ધન્ય છે કે જે આના મુખે ચાવેલા તાંબૂલને ચાવે છે અને તે રસના (જીભ)ને પણ ધન્ય છે કે આણે ભક્ષણ કરેલા મનોહર કવળને આરોગે છે. તે જ શરીર પ્રશંસા કરવા લાયક છે કે જે પ્રદ્યુમ્નના શરીરની સાથે હમેશા આલિંગન કરે છે. ઘણું પવિત્ર દૂધ આપવાવાળી ગાયના આંચળમાંથી તત્કાલ કાઢેલા દૂધનું પાન હેમંત ઋતુમાં પ્રદ્યુમ્નની સાથે બેસીને કરૂં ? હે ભગવાન ! એવો અવસર ક્યારે આવશે ? શિશિર ઋતુમાં પ્રિય એવા આની સાથે શય્યામાં એકબીજાને ગાઢ આલિંગન દઇને સૂઈ રહું, જેથી ઠંડી શરીરને ધ્રુજાવે નહીં. વસંત ઋતુમાં પુષ્પ, પાન, ફૂલો વડે નવપલ્લવિત બનેલા વનમાં પ્રદ્યુમ્નની સાથે સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરૂં. ગ્રીષ્મ ઋતુમાં કપૂર કુંકુમથી મિશ્ર ચંદનનો લેપ આની સાથે કરૂં કે જેથી ગ્રીષ્મનો તાપ શરીરને સંતાપે નહીં. વર્ષા ઋતુમાં દીપકોથી જળહળતા મહેલમાં બેસીને પ્રદ્યુમ્નની સાથે સોગઠાબાજી રમું. શરદ ઋતુમાં ઇલાયચી અને સાકર-કર્પૂરથી યુક્ત ઠંડાપાણીનું પ્રદ્યુમ્ન સાથે બેસીને પાન કરૂં.–આ પ્રમાણે છએ ઋતુના સુખો પ્રદ્યુમ્ન સાથે અનુભવું.' પ્રદ્યુમ્નના રૂપને વારંવાર જોતી કનકમાલા નવી નવી કલ્પનાઓ કરવા લાગી. તે ખરેખર, રાવણની બેન સૂર્પણખાની ઉપમાને લાયક ઠરી. તે આ પ્રમાણે–વિદ્યાની સાધના કરવા ગયેલા પોતાના વિદ્યાસિદ્ધ પુત્રને પ્રીતિથી જોવા માટે આવી, પરંતુ દૈવયોગે પુત્રનું મસ્તક ધડથી છૂટું પડેલું જોઇ કરૂણ સ્વરે વિલાપ કરવા લાગી. પોતાના પુત્રના હત્યારાનો વધ કરવા માટે ક્રોધથી ધમધમતી પગલાંને અનુસારે રામની પર્ણકૂટી આગળ આવીને ઊભી રહી. ત્યાં રામચન્દ્રજીના દર્શનથી તેમના રૂપને જોઇને વિહ્વલ બની ગઇ. પુત્રના ઘાતનું દુઃખ ભૂલી કામદેવના બાણોથી વીંધાયેલી સૂર્પણખા રામચંદ્રજી પાસે ભોગસુખની પ્રાર્થના કરવા લાગી. વિષયાંધ બનેલી સ્ત્રીઓ કૃત્યા-કૃત્યને ભૂલી પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરી નાખે છે. તેવી જ રીતે કનકમાલા પણ પુત્રનો સંબંધ વિસારીને કામથી પીડાયેલી-વિયોગથી વ્યાકુળ બની ગઈ.

प्रद्युम्नः संस्थितो याव–द्वत्सलो मातृभक्तये । पत्युः पराङ्मुखीभूता, दध्यौ तावन्मनस्यसौ ।।
गते तस्मिन् जराभीरु–बाणैः पीडितविग्रहा । व्याकुला प्राप वैकल्यं, कामस्पृहा हि दुस्सहा ।।
कपोलयोः क्षणं हस्तौ, दत्वा रुरोद भूरिशः । क्षणं पयोधरद्वंद्वं, क्षणं स्वरूपमीक्षते ।३६।
क्षणं कुंदाभदंतैः सा, चर्वयामास चाधरौ । नाभेरुपर्यपश्यच्चा–करोत्कक्षांतरे करौ ।३७।
क्षणं पीनस्तन द्वंद्वे, जंघयोरकृत व्रणान् । क्षणं मुमोच निःश्वासान्, क्षणं मौनावलंबिनी ।३८।
यथा यथेति चक्रे सा, कामचेष्टामनेकधा । तथा तथा दिदीपेऽस्या, अंगेऽनंगधनंजयः ।३९।
तस्योपशांतये नीरै–रभिषिक्ता सुशीतलैः । तापव्यापपरिध्वंसैः–र्विलिप्ता चंदनद्रवैः ।४०।
वेष्टिता कदलीपत्रैः, कर्पूरैर्मर्दिता तनौ । शायिता पुष्पशय्यायां, तथापि न शशाम सा ।४१।
तस्याः काये शशांकस्या–दहनायत रश्मयः । असर्पायंत हाराश्च, मणिमौक्तिकसंयुताः ।४२।
बभूवुर्भारभूतानि, भूषणान्यखिलान्यपि । सूक्ष्माणि पट्टकूलानि, स्थूलवस्तूपमानि च ।४३।
अन्नपानारुचिर्घस्रे, नष्टा निद्रा निशासु च । इत्यहोरात्रमप्यस्या–श्चाभूत्संतापकारकं ।४४।

માતૃભક્ત પ્રદ્યુમ્ન થોડી ક્ષણો માતા પાસે રહીને ત્યાંથી પોતાના સ્થાને ગયો. પ્રદ્યુમ્નના ગયા પછી પતિથી પરાઙમુખ બનેલી કનકમાલા વિરહથી વ્યાકુલ બની ગઈ. ખરેખર, કામનાં બાણોથી વીંધાયેલા મનુષ્યોની પીડા દુઃસહ હોય છે. એના મનની વિકલતા શરીરને પણ વિકલ બનાવી દે છે. તે ક્ષણવાર લમણે હાથ દઈને અત્યંત રૂદન કરે છે, તો કયારેક પોતાના સ્તનોને જોઈ રહે છે. ક્ષણવાર પોતાની ઉજ્જ્વલ દંતપંક્તિથી પોતાના અધર (નીચલો હોઠ)ને ચાવે છે તો ક્ષણવાર નાભિ ઉપરના ભાગને જુવે છે. કયારેક કક્ષ (બગલ) માં બે હાથ નાખીને દબાવે છે. કોઈક ક્ષણે પોતાના પુષ્ટ અને ઉન્નત સ્તનોને મસળે છે. તેમજ સાથળ ઉપર લીસોટા પાડે છે. આ પ્રમાણે નિસાસા મુકતી સુનમુન થઈને બેસી રહે છે. જેમ જેમ અનેક પ્રકારની કામચેષ્ટા કરે છે, તેમ તેમ તેનો કામાગ્નિ વધુ ને વધુ પ્રજ્વલિત થતો જાય છે. તેની શાંતિ માટે ઠંડા પાણીથી સ્નાન કરે છે અને દાહજ્વરના નાશ માટે ચંદનના દ્રવ્યથી વિલેપન કરે છે. કર્પૂર મિશ્રિત કેળના પત્રો વડે શરીરને માલિશ કરાવે છે અને પુષ્પોની શય્યામાં સુઈ જાય છે તો પણ તેને શાંતિ થતી નથી. ચન્દ્રના શિતળ કિરણો તેના શરીરને દાહ ઉત્પન્ન કરે છે. મણી-મોતીના હાર તેને સર્પરૂપે ભાસે છે. શરીર ઉપરના આભૂષણો તેને ભારભૂત લાગે છે. સૂક્ષ્મ ચીનાઈ વસ્ત્રો તેને જાડાં વસ્ત્ર જેવાં લાગે છે. દિવસે ખાવા-પીવાની રૂચિ થતી નથી. રાત્રે નિદ્રા આવતી નથી. આ રીતે દિવસ અને રાત તેને સંતાપકારી લાગે છે.

समस्तानामपि द्रंगे, नृणां स्त्रीणां तदीक्षणात् । बभूव प्रचुरं दुःखं, राज्ञी हि जननीनिभा ।४५।
ततश्चिकित्सकैः प्राज्ञ्या, चिकित्सा प्रविनिर्मिता । तथापि न तनौ तस्याः, समाधिः समजायत ।।
कुमारस्य सभास्थस्य, कालसंवरभूभुजा । निवेदितं तदान्येद्यु–र्मातुर्देहे व्यथास्ति ते ।४७।
गतः समभवो वत्स, समाधिप्रश्नहेतवे । सोऽवक् श्रुतमपि स्वामि–न्मयका नास्ति सर्वथा ।४८।
व्यथाप्यस्ति च तेऽप्याज्ञा, तर्हि गच्छामि सांप्रतं । इत्युक्त्वा तेन यातेन, तत्स्वरूपमदृश्यत ।४९।
आकारेण गिरा नेत्र–विकारेणांगचेष्टया । विक्रिया मन्मथस्यैव, ज्ञाता तेन दुरासदा ।५०।

कामस्य विकृतिं ज्ञात्वा, चिंतयामास चेतसि । शरीरे कथमेतस्याः, समाधिर्हि भविष्यति ।।
सर्वेषामपि रोगाणां, चिकित्सा वर्तते बहु । कंदर्पस्य विकारस्य, भोगादेव प्रतिक्रिया ।५२।
कल्पनामिति यावत्स, प्रकुर्वाणो व्यचिंतयत् । तावत्कनकमालाख्य–नंगचेष्टामचीकरत् ।५३।
कुमारेण तदा पृष्टं, मातस्ते कास्ति वेदना । तया विततनिःश्वासै–रेवोत्तरं समर्पितं ।५४।
अत्याग्रहाद्यदा पृष्टं, मदनेन विवेकिना । कृत्वा परिकरं दूरे, विविक्तं कारितं तया ।५५।
सा जाते विजनेऽजल्पत्, क्वणंती कामपीडया । समाकर्णय मद्वाक्य–मेकाग्रेण वियोगभित् ।।
विजानासि यया कुक्षौ, धृत्वा सूतस्त्वमंगजः । सा का ते जननी को वा, जनको यस्य वीर्यभूः ।।
हसित्वोचे कुमारोऽपि, किमेतत्पृछ्यते त्वया । मम त्वमेव मातासि, पिता च कालसंवरः ।५८।
समाकर्ण्येति सा देवी, मनोभवमवीवदत् । आदितस्तव वृत्तांतं, मन्मुखादवधारय ।५९।
अन्यदा स्वामिना सार्धं, क्रीडां कर्तुं गताऽभवं । सरित्सरोद्रहाराम–वापीकूपाद्रिसानुषु ।६०।
केलिं यदृच्छया कृत्वा, तेषु स्थानेषु भूरिशः । पुरींप्रति निजामावां, दंपती प्रतिचेलतुः ।६१।
वैताढ्यभूधरे भूत–रमणारामसंस्थिता, अस्ति । टंकशिला तस्या, उपरि त्वं स्थितोऽभवः ।।
गच्छद्विमानमाकाशे, स्तंभितं तव पुण्यतः । उत्तीर्णाभ्यां तदावाभ्यां दृष्टस्त्वं सुंदराकृतिः ।६३।
ततो मया समादाय, समानीतो निकेतने । अयं मम पतिर्भावी, प्रमोदादिति वर्धितः ।६४।
अथ त्वं मम तां वांछा–मनल्पकालचिंतितां । भोगान् भुंक्त्वा मया सार्धं संपूर्णीकुरु सुंदर ।।
ततो ममाखिलप्राण–दानं तव भविष्यति । अन्यथा रमणीहत्या–भवं च पातकं महत् ।६६।
एतद्दूरीकुरु त्वं च, मदीयं वचनं गुणिन् । कार्ये विचार्यमाणे हि, कालक्षेपः प्रजायते ।६७।
तवाहं जननी नास्मि, यः प्रोक्तः सोऽपि नो पिता । अधुना भोगयोग्योऽसि, तत्पूरय मनोरथं ।।

માતાતુલ્ય રાણીની આવી દશા જોઈને સમસ્ત નગરવાસી સ્ત્રી–પુરૂષોના મનમાં ઘણું દુઃખ થયું. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વૈદ્યો આવીને તેની ચિકિત્સા કરે છે, તો પણ તેના શરીરને જરા પણ સમાધિ થતી નથી. કાલસંવર રાજાએ રાજસભામાં બેઠેલા પ્રદ્યુમ્નકુમારને કહ્યું : 'તારી માતાને કોઈ વ્યાધિ ઉત્પન્ન થયો છે. ગમે તેટલા ઉપચારો કરવા છતાં તેને સારૂં થતું નથી. તું તારી માતાની ખબર પૂછવા ગયો હોઈશ. તને કેમ લાગે છે ?' પ્રદ્યુમ્ને કહ્યું: 'પિતાજી, માતાની વ્યાધિના સમાચાર મને મલ્યા જ નથી. મને કંઈ ખબર જ નથી. આપના કહેવાથી મેં જાણ્યું. તો હમણાં જ મારી માતાની ખબર પૂછવા જાઉં છું.' એમ કહીને પ્રદ્યુમ્ન માતાના આવાસમાં ગયો. તેણીના આકાર, વાણી, નેત્રનો વિકાર અને શરીરની ચેષ્ટા ઉપરથી પ્રદ્યુમ્નને ખ્યાલ આવી ગયો કે નક્કી આ કામદેવનો વિકાર છે. કામની વિકૃતિ જાણીને પ્રદ્યુમ્ને મનમાં વિચાર્યું : 'આના શરીરે સમાધિ કેવી રીતે થશે ? સર્વે રોગોની દવા હોય છે, પરંતુ કામવિકારની દવા કોઈ નથી. એ તો ભોગથી જ તેની પ્રતિક્રિયા થઇ શકે.' આ પ્રમાણે કલ્પના કરતો પ્રદ્યુમ્ન કનકમાલા નજીક આવ્યો ત્યારે તેણી કામચેષ્ટા કરવા લાગી. જ્યારે કુમારે પૂછ્યું : 'માતા, તને શું વ્યાધિ છે ?' ત્યારે તેને લાંબો નિસાસો મૂક્યો, અતિ આગ્રહથી પૂછ્યું ત્યારે દાસ-દાસીઓને દૂર મોકલી એકાંતમાં તેણે કહ્યું : 'દુખને દૂર કરનારી મારી વાતને તું સાવધાન થઇને સાંભળ. કોની કુક્ષીમાંથી ઉત્પન્ન થયેલો તું

કોનો પુત્ર છે તે તું જાણે છે? તારી જન્મદાત્રી માતા કોણ? અને જેના વીર્યથી ઉત્પન્ન થયેલો એવા તારા પિતા કોણ?' હસીને કુમારે કહ્યું : 'માતા, એમાં પૂછવાનું શું હોય? તું જ મારી માતા અને કાલસંવર મારા પિતા છે એ વાત જગજાહેર છે.' કનકમાલાએ કહ્યું : 'એ જ તારી ભૂલ છે. હું તને શરૂઆતથી વાત કહું તે તું બરાબર સાંભળ. એક દિવસે વાવ, તળાવ, સરોવર, નદીઓ તેમજ ઉદ્યાન અને ક્રીડા પર્વતો ઉપર હું સ્વામીની સાથે ક્રીડા કરવા માટે ગઇ હતી. અનેક સ્થળોએ સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરીને અમે બંને રાજધાની તરફ પાછાં આવી રહ્યાં હતાં ત્યારે વૈતાઢ્ય પર્વતના ભૂતરમણ ઉદ્યાનમાં આવેલી ટંકશિલા નામની શિલા ઉપર તું પડેલો હતો. આકાશમાર્ગે ચાલ્યું જતું અમારું વિમાન તારા પુણ્યકર્મથી સ્તંભિત થઈ ગયું. અમે બંનેએ નીચે ઉતરીને જોયું તો સુંદર આકૃતિવાળા બાલકને (તને) જોયો. હું તને લઈને મહેલમાં આવી. 'ભવિષ્યમાં આ મારો પતિ થશે !' એમ વિચારી આનંદપૂર્વક તારૂં પાલનપોષણ કર્યું. હવે તું ભોગને યોગ્ય બન્યો છે, તો મારી ઘણા સમયથી સંગ્રહી રાખેલી ઇચ્છાને પરિપૂર્ણ કરી, મારી સાથે ભોગસુખ ભોગવી મને જીવિતદાન આપ. જો તું નહિ માને તો તને સ્ત્રીહત્યાનું મહાપાપ લાગશે. માટે હે ગુણવાન, કોઇપણ જાતનો વિચાર કર્યા વિના મારી વાતનો સ્વીકાર કર. વિચાર કરવાથી કાલક્ષેપ થાય છે. હું તારી માતા નથી અને કાલસંવર તારા પિતા નથી, એ તું ચોક્કસ જાણ, અને મારા મનોરથને જલ્દી તું પૂર્ણ કર.'

इत्यश्रव्यं वचस्तस्या, निशम्य हृद्यचिंतयत् । विषयग्रथिला स्त्री न, कार्याकार्यं विचारयेत् ॥
विषयादपवादः स्या-द्विषयादविवेकिता । विषयान्नरकप्राप्ति-र्विषयाद् दुःखसंभवः ।७०।
स्त्रियस्तद्वशवर्तिन्यो-ऽकार्यं किं किं न कुर्वते । मारयंत्यपि भर्तारं, सूर्यकांतेव भूपतिं ।७१।
कटाक्षैर्वाग्विलासेन, बाह्यरागेण चेष्टया । चतुरा अपि के के न, वंचिता अनया नराः ।७२।
पंडितानां च पांडित्यं, चातुर्यं चतुरांगिनां । धीराणामपि धीरत्वं, चलेद्यस्याः पुरः क्षणात् ।७३।
लोकेऽप्याकर्ण्यते कांताः, ब्रह्माणं चतुराननं । विष्णोर्विडंबनां चक्रे, मृत्युं शंभोरकारयत् ।७४।
सहस्राक्षस्य शापं च, भानोः किरणतक्षणं । शशांकस्य कलंकित्वं, रावणस्य कुलक्षयः ।७५।
विश्वासं कामिनीनां ये, प्रकुर्वंति मनीषिणः । तत्पांडित्यमपांडित्यं, तच्चातुरी त्वचातुरी ।७६।
कामाधिक्येन संयुक्ता, क्लेशसंतापकारिका । भेदसंपादयित्री स्त्री, संग्रामोद्वेगकारणं ।७७।
शास्त्रेष्विति प्रणीतं य-ज्जिनेंद्रैरिंद्रवंदितैः । तत्सत्यं चिंतयित्वेति, जगाद जननीमयं ।७८।
अत्र परत्र लोकेऽपि, विरुद्धं कि प्रजल्पसि । किं चिंतयसि वा चित्ते, मातर्नैपुण्यसंयुता ।७९।
विरुद्धजल्पनादेव, निंदा भवति भूयसी । चिंतनात्परलोके हि, संप्राप्तिर्घोरदुर्गतेः ।८०।
कुलीनानां नराणां च, नारीणां धर्मचेतसां । नोचितं भाषणं दुष्टं, सर्वलोकापवादकं ।८१।
मावादीर्वचनं पापं, मातस्ततस्त्वमीदृशं । माकार्षीश्चिंतनमपि, परजन्मनि दुःखदं ।८२।
यथांकुशेन हस्ती च, यथा मंत्रेण पन्नगः । सुकृतेन यथा मर्त्यो, वार्यते कुप्रवृत्तितः ।८३।
इतस्ततस्ततो गच्छ-न्मातर्गुणगणान्विते । शुभध्यानेन चेतः स्वं, तथा त्वमपि वारय ।८४।
बोधितापि घनैर्वाक्यैः, प्रद्युम्नेन वचस्विना । सोच्चैस्तद्दर्शनाल्लेभे, प्रत्युतानंगपीडनं ।८५।

નહીં સાંભળવા યોગ્ય માતાનાં વચન સાંભળીને પ્રદ્યુમ્ન હૃદયમાં વિચારવા લાગ્યો: 'વિષયાંધ બનેલી સ્ત્રી કાર્યાકાર્યનો વિચાર કરતી નથી કે વિષયાસક્તિથી જગતમાં અપયશ ફેલાય છે, અવિવેકીપણું, નરકપ્રાપ્તિ અને ભયંકર દુઃખોની યાતનાઓ ભોગવવી પડે છે. વિષયાંધ બનેલી સ્ત્રીઓ શું શું અકાર્ય નથી કરતી? સૂર્યકાંતાએ જેમ રાજા-પતિને માર્યો તેમ પોતાના પતિને પણ મારતા અચકાતી નથી. સ્ત્રીઓના હાવભાવ, વાગ્વિલાસ અને કટાક્ષ આદિ બાહ્ય ચેષ્ટાથી ચતુર પુરૂષો પણ ઠગાઈ જાય છે. પંડિત પુરૂષોનું પાંડિત્ય, ચતુર પુરૂષોની ચતુરાઈ તેમજ ધીર પુરૂષોનું ધીરત્વ સ્ત્રીઓની આગળ ક્ષણમાત્રમાં ચાલ્યું જાય છે. લોકમાં સંભળાય છે કે 'સ્ત્રીઓએ ચતુર્મુખ બ્રહ્માની અને વિષ્ણુની કેવી કેવી વિડંબના કરી છે! શંકરને મરણશરણ કર્યા, ઈન્દ્રને શાપિત કર્યો, સૂર્યના કિરણોનો ક્ષય કરાવ્યો, ચન્દ્રને કલંકિત બનાવ્યો અને રાવણના કુળનો ક્ષય કરાવ્યો. ખરેખર, સ્ત્રીઓને આધીન બનેલાઓની કેવી કેવી દુર્દશા થઈ છે અને થાય છે. માટે બુદ્ધિમાન પુરૂષોએ સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહિ. તેમાંયે કામાસક્ત સ્ત્રીઓ કલેશ અને સંતાપ કરાવનારી, ભાઈ ભાઈ વચ્ચે ભેદ કરાવનારી તેમજ સંગ્રામ અને ઉદ્વેગ કરાવનારી હોય છે. દેવદેવેન્દ્ર પૂજિત જિનેશ્વર ભગવંતોએ શાસ્ત્રોમાં જે કહ્યું છે તે સત્ય જ કહ્યું છે. આ પ્રમાણે વિચારીને પ્રદ્યુમ્ને માતાને કહ્યું: 'માતા, આ લોક અને પરલોક વિરૂદ્ધ એવું તું શું બોલે છે? તારા જેવી નિપુણ નારીએ મનમાં પણ આવું ચિંતવવું ના જોઈએ. આવું વિરૂદ્ધ બોલવાથી આ લોકમાં ઘણી નિંદા થાય છે અને વિપરીત ચિંતનથી પરલોકમાં ઘોર દુર્ગતિનાં દુઃખ ભોગવવાં પડે છે. કુલીન અને ધર્મી સ્ત્રી-પુરૂષોએ જગતમાં અપવાદકારી એવું બોલવું જોઈએ નહિ. માટે માતા, આવા પ્રકારનું પાપવચન બોલ નહીં અને પરલોકમાં દુઃખદાયી એવું ચિંતન કર નહીં. જેમ અંકુશથી હાથીને વશ કરાય, જાંગુલિ મંત્રથી નાગને વશ કરાય અને સત્કાર્યથી મનુષ્યને વશ કરાય તેમ તારા મનને આવી ખરાબ પ્રવૃત્તિથી પાછું વાળ. હે મારી ગુણીયલ માતા, આમ તેમ ભટકતા મનને શુભ ધ્યાનમાં સ્થિર કર.' આ પ્રમાણે પ્રદ્યુમ્ને ઘણા દાખલા–દલીલોથી તેમજ ઉપદેશ વચનોથી સમજાવવા છતાં તેને કંઈ જ અસર થઈ નહિ, પરંતુ પ્રદ્યુમ્નના દર્શને તેને વધારે વિહ્વળ બનાવી.

तत्स्वरुपं तथा वीक्ष्य, निषण्णो जननीगृहात् । स निर्गत्य पुरो दुरे, जगाम घनकाननं ।८६।
चित्रैर्विचित्रिते तत्र, जिनाधीशनिकेतने । ववंदे जिननाथार्चां (प्रतिमां),विश्वक्लेशविनाशिनीं ।।
धर्मसाराभिधः सूरि–स्तत्रास्ते मुनिपुंगवः । प्रभूतपरिवारेण, युक्तः प्रौढसभास्थितः ।८८।
व्याख्याता द्वादशांगानां, जिनोक्तानां समस्ति सः । प्रभास्वदवधिज्ञान–ज्ञातापरस्वरुपकः ।८९।
तं त्रिःप्रदक्षिणीकृत्य, प्रथमं प्रणिपत्य सः । विनयेन यथास्थान–मुपाविशत्कृतांजलिः ।९०।
संजाते विजनेऽप्राक्षी–त्कुमारः श्रमणप्रभुं । मन्माता वीक्ष्य मामेव, कथं कामातुराभवत् ।९१।
मुनिनाथस्तदा प्राह, शृणु वत्सास्ति कारणं । न विना पूर्वसंबंधं, रागद्वेषोद्भवो भवेत् ।९२।
इतस्तृतीयजन्मन्य–भवस्त्वं मधुभूधवः । कैटभो नामधेयेन, तवाऽभवत्सहोदरः ।९३।
तदा हेमरथेशस्य, प्रमदेंदुप्रभामिधा । गृहीत्वा स्वगृहेऽस्थापि, रागानुषंगतस्त्वया ।९४।
भुंजानस्य तया साकं, नानाभोगान् पुरस्तव । अन्यदा कश्चिदानीत–स्तरुणः पारदारिकः ।९५।
त्वयादिष्टो वधस्तस्य, तदैवेंदुप्रभाभ्यधात् । नाथान्यललनाभोगे, कश्चिद्दोषोऽपि वर्तते ।९६।
तद्वाक्येन प्रबुद्धेन, चारित्रं जगृहे त्वया । भवता सह देव्यापि, प्रीतितो बंधनादिव ।९७।

सम्यक्चरणमाराध्य, तपस्तप्त्वा च दुर्धरं । महाशुक्राभिधे स्वर्गे, त्रयोऽप्यायुःक्षयेऽगमन् ।९८।
सप्तदशातरोद्भूत-मानमायुः प्रपूर्य च । तत इंदुप्रभा च्युत्वा, जाता विद्याधरान्वये ।९९।
वैताढ्ये मेघकूटाख्य-पुरेशः कालसंवरः । नाम्ना कनकमालेति, तस्य प्राणप्रियाभवत् ।४००।
द्वारिकायां महापुर्यां, गोविंदो राज्यपालकः । तस्य रूपेण देवीव, देवी समस्ति रुक्मिणी ।१।
बांधवेन समं तत्र, भुक्त्वा सौख्यमनुत्तरं । तस्याः कुक्षौ समुत्पन्नो-ऽनन्यरूपस्त्वमेव ।२।
दैत्येन जातमात्रस्त्वं, वैरेण पूर्वजन्मनः । हृत्वा टंकशिलामध्ये, विमुक्तो मारणेच्छया ।३।
प्राग्जन्मोत्थेन मोहेन, वीक्ष्य त्वां स्नेहविह्वला । राज्ञी कनकमालापि, संजाता स्मरपीडिता ।।
गुरुणामपि पुंस्त्रीणां, द्वेषरागौ यतो दृढौ । पुराजननसंभूतो, दुस्त्यजौ दुःखदायकौ ।५।
विद्याद्वयस्य दानेच्छा, तस्याः प्रवर्त्ततेऽनघा । गृहीतव्या त्वया येन, तेनोपायेन तद्व्रतं ।६।

તેણીનું વિપરીત સ્વરૂપ જોઈને ખેદ પામેલો પ્રદ્યુમ્ન માતાના ઘેરથી નીકળીને દૂર દૂર જંગલમાં ગયો. ત્યાં સુંદર ચિત્રોથી અલંકૃત જિનમંદિર જોયું. અંદર જઈને જગતના ક્લેશને નાશ કરનારી ભગવંતની મૂર્તિ જોઈ. આનંદવિભોર બની જિનપ્રતિમાનું પૂજન-વંદન કરી, મંદિરમાંથી બહાર આવ્યો. નજીકમાં આવેલા ઉદ્યાનમાં સાધુઓના પરિવારથી પરિવરેલા 'ધર્મસાર' નામના આચાર્ય ભગવંતને જોયા. જિનેશ્વર ભગવંતે શ્રીમુખે કહેલી દ્વાદશાંગીના જ્ઞાતા અને અવધિજ્ઞાની એવા આચાર્ય ભગવંતને નમસ્કાર કરી, ત્રણ પ્રદક્ષિણા દઈને હાથ જોડીને યથાસ્થાને બેઠો. ધર્મદેશના સાંભળીને બધા ચાલ્યા ગયા ત્યારે એકાંતમાં પ્રદ્યુમ્ને આચાર્ય ભગવંતને પૂછ્યું: 'ભગવંત, મારી માતા મને જોઈને કેમ કામાતુર બની?' આચાર્ય મહારાજે કહ્યું: 'વત્સ, સાંભળ, એમાં કારણ છે. પૂર્વભવના સંબંધ વિના એકબીજા પ્રત્યે રાગદ્વેષ પ્રગટ થતા નથી. અહીંથી ત્રીજા ભવમાં તું મધુ નામનો રાજા હતો. 'કૈટભ' નામનો તારો પરમપ્રિય બંધુ હતો. ત્યારે હેમરથ રાજાની પ્રિયા ઈંદુપ્રભાને તેં રાગવશાત્ તારી રાણી કરીને રાખી. તમે બંને પ્રેમપૂર્વક અનેક પ્રકારનાં ભોગસુખ ભોગવી રહ્યાં હતાં. એવામાં કોટવાળ પરસ્ત્રીસેવન કરનાર કોઈ એક સુંદર પુરૂષને બાંધીને તારી પાસે લાવ્યો, ત્યારે તેં તેને મૃત્યુદંડની શિક્ષા ફરમાવી. ત્યારે ઈન્દુપ્રભાએ કહ્યું:'સ્વામિન્, પરસ્ત્રી સેવનથી કોઈ દોષ લાગે ખરો?' વિગેરે વિગેરે. ઇન્દુપ્રભાના ઉપદેશથી તેં પ્રતિબોધ પામી ચારિત્ર ગ્રહણ કર્યું. તારા પ્રત્યેના રાગથી ઈન્દુપ્રભાએ અને તારા ભાઈ કૈટભે પણ તારી સાથે ચારિત્ર ગ્રહણ કર્યું. સમ્યગ્પ્રકારે ચારિત્રની આરાધના કરી દુષ્કર તપને તપી તમે ત્રણે જીવો 'મહાશુક્ર' નામના સાતમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં દિવ્ય સુખો અનુભવી સત્તર સાગરોપમ (અસંખ્યાત વર્ષો)નું આયુષ્ય પૂર્ણ કરી ઈન્દુપ્રભાનો જીવ વિદ્યાધર વંશમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. કાલક્રમે તે વૈતાઢ્ય પર્વતના મેઘકૂટ નામના નગરમાં કાલસંવર રાજાની કનકમાલા નામની પ્રાણપ્રિયા થઈ. દ્વારિકા નામની મહાનગરીમાં કૃષ્ણ નામના મહારાજાની રુકિમણી નામની પટ્ટરાણી છે. દેવ-લોકમાં પ્રિય બંધુ કૈટભદેવની સાથે અનુત્તર એવાં દિવ્ય સુખોને અનુભવી અદ્ભુત રૂપવાન એવો તું રુકિમણીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. હેમરથ રાજા પોતાની પ્રાણપ્રિયા ઈન્દુપ્રભાના વિરહથી પાગલ બની જ્યાં ત્યાં ભટકી અનેક કષ્ટો સહન કરી ત્યાંથી મરી આર્તધ્યાનથી અનેક યોનીઓમાં ભટકી ભવિતવ્યતાના પવિપાકથી મનુષ્ય થયો. ત્યાં તાપસી દીક્ષા ગ્રહણ કરી અજ્ઞાન કષ્ટ સહન કરી તપ તપીને તે અસુરકુમાર નિકાયમાં ધુમકેતુ નામનો દેવ થયો. ધુમકેતુએ એક વખત આકાશમાર્ગે જતાં દ્વારિકા નગરીમાં રુકિમણીની પાસે તને જોયો. જોતાંની સાથે જ પૂર્વજન્મના

વૈરથી જન્મજાત એવા તને મારી નાખવા માટે તારૂં હરણ કરી ટંકશિલા ઉપર તને મૂકી દીધો. આ પ્રમાણે પૂર્વજન્મના મોહથી કનકમાલા તને જોઈને સ્નેહથી વિહ્વલ બની ગઈ. મહાન સ્ત્રી-પુરૂષોને પણ રાગદ્વેષ થાય છે, તે પૂર્વજન્મના ઋણાનુબંધથી જ થાય છે અને તે દુસ્ત્યજ્ય અને દુઃખદાયી બને છે. કનકમાલા તને બે વિદ્યાઓ આપવાની ઈચ્છા કરશે તો તારે કોઈ પણ ઉપાયે તેની પાસેથી વિદ્યાઓ ગ્રહણ કરી લેવી. ભવિષ્યમાં તને ઉપયોગી થશે.'

तदाकर्ण्य कुमारोऽवक्, मुनीशमुल्लसन्मनाः । त्वद्वाक्यं प्रकरिष्यामि, त्वं महानुपकारकः ।७।
प्रभो पृच्छाम्यहं किंचि–दन्यच्च जनवल्लभ । मात्रा सत्रा वियोगो य, आबाल्यादपि मेऽभवत् ।।
स किं मद्दोषतः किं वा, जननीदोषतोऽजनि । इति व्यक्तं त्वया नाथ, निरुप्यतां पुरो मम ।९।
तदा प्राह मुनिस्वामी, वियोगो यस्तवाभवत् । स मातृदोषतो जातो, न पुनस्तव दोषतः ।१०।
प्रद्युम्नः पुनरप्याह, कथं नाथ ! बभूव सः । प्रजजल्प तदाचार्यः, समाकर्णय सद्‌गुण ! ।११।
प्रायो वियोगसंयोगौ, भवेतामिह देहिनां । प्राग्जन्मसेवितैः सांद्रैः, कर्मभिरस्तशर्मभिः ।१२।
जंबूद्वीपे जगद्दीपे, भरते विरतेऽवमैः । देशे परिहृतक्लेशे मगधे विबुधे हिते ।१३।
पुरं लक्ष्मीपुरं नाम्ना, लक्ष्मीपूरसुसंश्रितं । सोमशर्मा द्विजस्तत्र, वसति स्मृतिनीतिवित् ।१४।
षट्कर्मादीनि कर्माणि, सत्यापयन्निरंतरं । जपहोमविधाता स, ध्याता ब्रह्महरीश्वरान् ।१५।
तस्य प्रवर्तते पत्नी, सपत्नीभूतनीरधेः । कमलानामतस्तस्या, अपि लक्ष्मीवती सुता ।१६।
रूपेण देवकन्येव, चातुर्यवर्यविग्रहा । नक्रचक्रं प्रचक्रे साऽन्यांगनारूपदर्शनात् ।१७।
अन्यदा मंदिरे तस्या, भिक्षार्थं साधुरागतः । मलक्लिन्नशरीरश्च, कुर्वन् मासेन पारणं ।१८।
विश्वोद्योतितपोयुक्तो, धर्मध्यानपरायणः । सर्वशास्त्रकृताभ्यासो, मित्रामित्रपवित्रधीः ।१९।
तदा परिदधानांगे, विभूषणानि कन्यसौ । पश्यंती रूपमात्मीयं, प्रमोदेन प्रवर्तते ।२०।
पृष्टे समागतस्यर्षे–र्दर्पणे प्रतिबिंबितं । दृष्ट्वा रूपं मदांधा साऽ–हंकारेण व्यचिंतयत् ।२१।
क्व बीभत्समिदं रूपं, मनुष्याणां भयंकरं । दर्शनीयं ममेदं क्व, लोचनप्रमदप्रदं ।२२।
मुहुर्मुहुर्मुने रुपं, निंदंती गुणधार्यपि । स्तुवंती च निजं रुपं, घोरकर्मार्जितं तया ।२३।
तेनैव कर्मणा तस्याः, कायेऽल्पैरेव वासरैः । कुष्टरोगः समुद्‌भूतो, यतिनिंदा हि दुःखदा ।२४।
अक्षामितो महाक्रोधो, यथा मिथः प्रवर्धते । इतीर्ष्ययेव तस्याश्च, रोगः प्रावर्धताधिकः ।२५।
तेन कुष्टामयेनेयं, प्राप्नुवंत्यरतिं बहुं । सप्तमे दिवसे वह्नौ, रोगेण व्याकुलाऽविशत् ।२६।
ज्वलत्कृशानुना दह्य–मानार्त्तध्यानधारिणी । सा मृत्वा रासभीभूता, प्रभूतभारभारिणी ।२७।
ततोऽपि दुःखिता मृत्वा, संजाता सा च शूकरी । मारिता कोट्टपालेन, शुनी सा समजायत ।।
एकदा सारमेयी सा, हेमंते सूतबालका । वाटिकासन्निधौ गत्वा, नोवारवारसंस्थिता ।२९।
अगच्छंती स्वबालानां, मोहेनान्यत्र कुत्रचित् । वह्निना तत्र लग्नेन, दग्धा साभूद्वदामितत् ।।
कैवर्तस्य नाविकस्य, कुले पुत्रो बभूव सा । पूतिगंधसमन्वीत–विग्रहा शेषकर्मणा ।३१।

वपुर्दौर्गंध्ययोगेना–निष्टा सा स्वजनैरपि । निष्कासिता गृहान्निंदा–कृतं कर्म हि दुस्त्यजं ।३२।
ततो निर्गत्य गंगायां, पार्श्वे कृत्वा कुटीरकं । स्थिता सात्र तरंडेनो–त्तारयत्यतुलान् जनान् ।।
तदुत्तारणमूल्येना–जीविकां विदधाति सा । तन्मध्याद् द्रविणं किंचत्, प्रेषयेत्सा पितुर्गृहे ।।
अनेन विधिना काल–क्षेपं प्रजनयत्यसौ । देहदौर्गंध्यतो लोकै–र्दुर्गंधेत्यभिधा कृता ।३५।
अथान्येद्युः स एवागा–न्मुनिर्ज्ञानी हिमागमे । मदाद्यस्यानया निंदा, कृता समभवत्पुरा ।३६।
तं समीक्ष्योल्लसच्चित्ता, पूर्वकर्मक्षयेण सा । व्यचारयदयं शीत–शर्वर्यां किं करिष्यति ।३७।
यद्यप्यस्ति तृणागारं, वस्त्रप्रावरणं मम । तथाप्यत्र सरिच्छीतं, न सोढुं शक्यते मया ।३८।
ततः कथमचेलोऽसौ, साधुः शीतं सहिष्यति । विमृश्येति तया तस्यां–तिके प्रज्वालितोऽनलः ।।
अत्र शीतमत्र शीतं, चिंतयतीति भक्तितः । आप्रभातं स्थिता साग्नि–वस्त्राभ्यां तन्न्यवारयत् ।।
पारयित्वा प्रगे कायो–त्सर्गं स्वर्गापवर्गधीः । प्रोचे लक्ष्मीवती प्रीति–मत्यस्ति कुशलं तव ।४१।
सोमशर्मद्विजस्य त्वं, वत्से प्रवर्तसे सुता । सा नामांतरमाकर्ण्य, व्यचिंतयन्निजे हृदि ।४२।
साधुः किमीदृशं ब्रूते–ऽसत्यवाचं विचारवित् । असत्यं ब्रुवते नैव, जैना लोकोक्तिरीदृशी ।४३।
अभीक्ष्णं चिंतयंतीति, तन्मयत्वमुपेयुषी । सा जातिस्मरणं लब्ध्वा–पश्यत्पूर्वभवान्निजान् ।४४।
यथोक्तांस्तान् समालोक्य, श्रद्दधाना मुनेर्वचः । जैनं धर्मं समीचीनं विदंती, तं ननाम सा ।४५।
नत्वोचे नाथ किं चैत–ज्जातं मे भवनर्तनं । नानाजन्मसमुद्भूतं, भूयो योनिविधायकं ।४६।
द्विजानां कुत्र मे जाति, कैवर्तककुले त्वियं । पूर्वे भवे स्वरूपं मे, क्वात्र रूपमिदं क्व वा ।४७।
विनिर्मिता मया निंदा, पातकिन्या तपस्विनः । तेन पापविपाकेन, कर्मोपार्जितमीदृशं ।४८।
यः पूर्वं निंदितः साधुः, स तु त्वमेव नायकः । तत्पापान्मोचय त्वं मां, कृपालुरसि जंतुषु ।४९।
अथ त्वं तादृशं धर्मं, प्ररुपय मुनीश्वर । येन निंदाकृतं कर्म, कदापि मां न पीडयेत् ।५०।
इत्युदित्वा स्मरंतो सा, स्वरुपं पूर्वजन्मनः । रुरोद प्रौढशब्देन, स्त्रीणां हि रुदनं बलं ।५१।
तदा दयासमुद्रोऽव–ग्वाचंयमो हितावहः । मारोदीस्त्वं च दुःखं हि, भुज्यते स्वककर्मणा ।५२।
रोदनेन जनैर्नैव, कदापि प्राप्यते सुखं । सुखेच्छा ते भवेद्यर्हि, तद्धर्ममार्हतं कुरु ।५३।
येनानेकभवोद्भूतं, सर्वं कर्म विलीयते । येन संप्राप्यते सौख्यं, येन कैवल्यसंगमः ।५४।
गृहस्थानां स उत्कृश्च, सम्यक्त्वद्वादशव्रतः । गार्हस्थ्येऽपि त्वया कार्यो, धर्मः स एव सद्दयः ।५५।
प्रमाणीकृत्य निर्ग्रंथ–वचनं पापपावनं । दधौ सम्यक्त्वमूलानि, द्वादशोच्चव्रतानि सा ।५६।
कुले नीचेऽपि भाग्येन, संप्राप्तश्राद्धधर्मया । धीवर्या वंदितः साधुः, प्रतस्थे स्थानकात्ततः ।५७।
धीवर्यपि कियत्कालं, तत्र स्थित्वा दयाधिया । कुतश्चित्कार्यतोऽगच्छ–दयोध्यां नगरींप्रति ।।
सा तत्र प्रथमं गत्वा, प्रयाता श्रीजिनालये । तत्रैव मिलितां साध्वी, मुमुदे च निरीक्ष्य तां ।५९।
उपाश्रये ततोऽसौ च, गत्वा तत्पुरतः स्थिता । साप्यपृच्छत्तदा भद्रे, का त्वं जातिस्तवास्ति का ।।

सोचे धीवरजातीया, प्रवर्तेऽहं तपस्विनि। दुःखिन्यापि मया सौख्यं, संप्राप्तं तव दर्शनात् ।६१।
इति प्रोक्ते व्रतिन्यापि, चक्रे धर्मोपदेशनं । तस्यास्तदुपदेशेन, धर्मश्रद्धाभवद्बहु ।६२।
अजानंती स्वसामर्थ्य-मन्यस्मिन् धर्मकर्मणि । नानाभेदं तपः कर्तुं, प्रवृत्ता धीवरांगजा ६३।
जनयंती तपः प्रौढं, साध्व्याश्च चरणद्वयं । तत्रैव सेवमाना सा, तिष्ठति प्रीतिसंयुता ।६४।
अन्येद्युरार्यिका यात्रा-कृते राजगृहं पुरं । धीवर्यपि तया साकं, ययौ चैत्यानि वंदितुं ।६५।
गिरिमारुह्य साध्वी च, नत्वार्हत्प्रतिमा मुदा। आत्मरक्षाविधानाय, गुहामध्ये स्थिता निशि ।।
धीवरी तु जिनाधीश-धर्मध्यानेन जाग्रती । कायोत्सर्गोपवासाभ्यां, कंदरातः स्थिता बहिः ।।
तत्रागतेन व्याघ्रेण, भक्षिता सा कृशोदरी। शुभध्यानेन सा मृत्वा, द्वितीयस्वर्गमीयुषी ।६८।
तत्र भूत्वाऽच्युतस्वर्गि-नाथभोगोचिता सुरी। अमीष्टान् बुभुजे भोगान्,कृतो धर्मो हि सौख्यकृत्।।
जीवितांते ततश्च्युत्वा, कुंडिनाख्ये महापुरे। श्रीमतो भीष्मभूपस्य, दुहिता समजायत ।७०।
पूर्वपुण्यानुभावेन, रुक्मिणीत्यभिधा कृता । रुक्मिणा बंधुना दत्ता, शिशुपालाय सा पुरा ।७१।
नारदर्षिमुखात् श्रुत्वा, वर्णनं नरकद्विषः । प्रेषयित्वा जनं रुक्मिण्यनुरक्ता तमाह्वयत् ।७२।
पाणिग्रहणवार्तापि, संसारिणां भवेत्प्रिया । प्रेष्यस्य प्रेषणात्कस्य, न स्यात्संमदलब्धये ।७३।
ततस्तद्वाक्यसंतुष्टि-धरो गोविंद आगतः । शिशुपालनृपं जित्वा, रुक्मिणीं वनमानयत् ।७४।
तत्रानीय स्वयं पाणि-पीडनं प्रविधाय च । तां नीत्वा द्वारिकां तेन, चक्रेऽग्रमहिषी मुदा ।७५।
तयोः पुत्रः पवित्रश्री-स्त्रस्तशत्रुरजायथाः । निशि त्वं द्वेषिदैत्येन, हृत्वानीतोऽत्र वैरतः ।७६।
प्रद्युम्नः पुनराचख्यौ, विनयाद्गणिनं मुनिं । येन मात्रा वियोगो मे-ऽभवत्तत्पापमस्ति किं ।।
साधुनाभिदधे वत्स, भवतः पातकं न तत् । प्राग्जन्मनि कृतं तत्त्व-न्मातुरेवावगच्छतात् ।७८।
विप्रपुत्र्यान्यदा लक्ष्मी-वत्या वने प्रयातया। मयूरबालको दृष्टो, मातुः पार्श्वे वराकृतिः ।७९।
घटीः षोडश यावत्स, गृहीत्वा रक्षितस्तया । क्रीडार्थं बहुसौख्येन, न पुनः पापबुद्धितः ।८०।
पुत्राविलोकनाद्वीक्ष्या-क्रंदंतीं शिखिनीं च तां । लोका लक्ष्मीवतीं प्रोचु-र्मयूरीयं मरिष्यति ।।
विलापं जनयंत्यास्त्व-मेतस्या मुंच नंदनं । तद्वाक्येन तया मुक्तो, मातृपार्श्वे स बालकः ।८२।
तवाभून्मातृपापेन, विरहः षोडशाब्दिकः । कृतं पापं जघन्येन, यतो दशगुणं भवेत् ।८३।
अतः कस्यापि कामिन्या, मर्त्यस्य च कदाचन । बालवृद्धयुवादीनां, न कार्यो विरहो बुधैः ।।
हसने क्रीडने तेन, जल्पने कल्पने पुनः । शयने भोजने याने, विधेयं पापकर्म न ।८५।

આચાર્ય ભગવંતની વાણી સાંભળીને પ્રદ્યુમ્ને કહ્યું: 'હે નિષ્કારણ ઉપકારી ગુરુભગવંત, આપના કહ્યા મુજબ હું કરીશ. પરંતુ પ્રભો! હું એક વાત પૂછું? જન્મતાં જ મારી માતાની સાથે મારો વિયોગ થયો, તે મારા કોઈ દોષથી કે મારી માતાના દોષથી?' આચાર્ય ભગવંતે કહ્યું : 'માતા-પુત્રનો વિયોગ થવામાં તારો કોઈ દોષ નથી, પરંતુ તારી માતાના દોષથી થયો છે.' પ્રદ્યુમ્ને પૂછયું: 'વિયોગ થવા માટેનું કારણ આપ કૃપા કરીને મને જણાવશો?' આચાર્ય ભગવંતે કહ્યું: 'કુમાર;

તું સાંભળ જીવોને સંયોગ અને વિયોગ થવામાં પણ પૂર્વસંચિત કર્મ જ કારણ છે. જગતમાં દ્વીપ સમાન જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધ નામનો મહાન દેશ છે. તે મગધ દેશમાં લક્ષ્મીથી પરિપૂર્ણ લક્ષ્મીપુર નામનું નગર છે. ત્યાં હમેશા યજ્ઞ-યાગ કરનારો, જપ-ધ્યાન કરનારો, ષટ્કર્મમાં રક્ત, બ્રહ્મા, વિષ્ણુ અને ઇશ્વરની પૂજા કરનારો નીતિવાન 'સોમશર્મા' નામનો બ્રાહ્મણ પુરોહિત રહે છે. તેની કમલા નામની પતિવ્રતા સ્ત્રી છે. તેની લક્ષ્મીવતી નામની પુત્રી હતી. રૂપમાં દેવ-કન્યા સમાન લક્ષ્મીવતી પોતાના રૂપ અને સૌંદર્યથી ઉન્મત્ત થયેલી એવી તે બીજી સ્ત્રીઓને તુચ્છ ગણતી અને બીજી સ્ત્રીઓની સામે મુખ મચકોડતી. એક દિવસ મલીન વસ્ત્રધારી સાધુભગવંત માસક્ષમણને પારણે તેના ઘેર ભિક્ષા લેવા માટે આવ્યા. પોતાના તપ તેજ વડે જગતને પ્રકાશી રહેલા, ધર્મધ્યાનમાં તત્પર, શાસ્ત્રાભ્યાસી અને શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ રાખનારા એવા મુનિવરે જ્યારે તેના ઘરમાં પ્રવેશ કર્યો, ત્યારે લક્ષ્મીવતી વસ્ત્રાલંકાર વડે શરીરને સુશોભિત કરતી પોતાના રૂપને દર્પણમાં જોઇને આનંદ પામી રહી હતી. ત્યારે દર્પણમાં મુનિવરનું રૂપ પ્રતિબિંબિત થયેલું જોઇને મદાંધ બનેલી લક્ષ્મીવતી અહંકારથી બોલી : 'આહા, મનુષ્યોમાં ભયંકરમાં ભયંકર ક્યાં આ બિભત્સ રૂપ અને મન-નયનને આનંદદાયી ક્યાં મારૂં અદ્ભુત રૂપ ! થૂ થૂ.... આવા બેડોળ માણસો જગતમાં જન્મતા કેમ હશે ?' આ પ્રમાણે વારંવાર મુનિના રૂપની નિંદા કરતી અને પોતાના રૂપની પ્રશંસા કરતી લક્ષ્મીવતીએ ઘોર પાપકર્મ ઉપાર્જન કર્યું. તે કર્મથી તેણીના શરીરમાં થોડા જ દિવસોમાં કુષ્ટરોગ ઉત્પન્ન થયો. ખરેખર, સાધુની નિંદા મહાદુઃખદાયી હોય છે. ખમાવ્યા વિનાનો મહાક્રોધ જેમ પરસ્પર વધે છે તેમ લક્ષ્મીવતીના શરીરનો રોગ દિનપ્રતિદિન વધતો ગયો. મહાકુષ્ટના રોગથી દુઃખી થયેલી લક્ષ્મીવતીએ સાતમે દિવસે અગ્નિમાં પ્રવેશ કર્યો. ભડભડતી આગમાં ભસ્મીભૂત થયેલી લક્ષ્મીવતી આર્તધ્યાનથી મરીને ઘણા ભારને વહન કરનારી ગધેડી બની. ત્યાંથી મરીને ભૂંડણ થઈ. ત્યાં તેને કોટવાલે મારી નાખી. ત્યાંથી તે કૂતરી થઇ. એક દિવસે કૂતરી હેમંત ઋતુમાં પોતાના બચ્ચાંને લઇને ઉદ્યાનની વાડમાં બખોલ કરીને રહી હતી ત્યાં દાવાગ્નિ ઉત્પન્ન થયો, પરંતુ બાળકોના મોહથી ત્યાંથી ખસી નહિ. અગ્નિમાં બળીને ખાખ થઈ ગઈ. ત્યાંથી મરીને માછીમાર નાવિકને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઇ. સાધુનિંદાનું થોડું કર્મ બાકી રહેવાથી જન્મતાંની સાથે જ દુર્ગંધ શરીરવાળી થઇ. તેના શરીરની ઉત્કટ દુર્ગંધને સહન નહિ થવાથી સ્વજનોએ તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. લોકોમાં દુર્ગંધા તરીકે પ્રસિદ્ધ થઇ. ખરેખર, નિંદા એ મોટામાં મોટું પાપ છે. દુર્ગંધા ગંગા નદીના કિનારે ઝુંપડી બાંધીને રહી. નાવમાં બેસાડીને લોકોને નદી પાર કરાવતી. તેનાથી પોતાની આજીવિકા ચલાવતી હતી. તેમાંથી પણ થોડી બચત થાય તે પોતાના પિતાને ઘેર મોકલતી હતી. આ પ્રમાણે દુર્ગંધા પોતાનો સમય પસાર કરી રહી હતી, એવામાં શિશિર કાળમાં એક જ્ઞાની મુનિ (કે તેણે લક્ષ્મીવતીના ભવમાં જેમની નિંદા કરી હતી તે) નદીના કિનારે કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહ્યા હતા. મુનિને જોઇને પૂર્વકર્મના ક્ષયથી વિચારે છે : 'અરે, આ મહામુનિ રાત્રિના સમયે આવી કડકડતી ઠંડી કેવી રીતે સહન કરશે ? મારી પાસે ઘાસની ઝુંપડી છે, ઓઢવા માટે કંબલ છે, છતાં પણ મારાથી ઠંડી સહન થતી નથી તો આ સાધુ તો ખુલ્લા શરીરે છે. કોઇ ઓઢવાનું વસ્ત્ર નથી. ઠંડી કેવી રીતે સહન કરશે ?' એમ વિચારીને ભક્તિભાવથી મુનિની પાસે તાપણું કર્યું. 'બહુ ઠંડી, બહુ ઠંડી....' એમ વિચારતી આખી રાત્રિ અગ્નિ અને વસ્ત્રથી ઠંડીનું નિવારણ કરતી બેસી રહી. મુનિરાજે પ્રભાતે કાઉસ્સગ્ગ પારીને 'લક્ષ્મીવતી-પ્રીતિમતિ તને કુશલ છે ને ? સોમશર્મા બ્રાહ્મણની પુત્રી તું કુશલક્ષેમ છે ને ?' આ પ્રમાણે બોલ્યા. આવું અજ્ઞાત નામ સાંભળીને દુર્ગંધા વિચારવા લાગી : 'સાધુ આવું અસત્ય

કેમ બોલે છે ? લોકોમાં કહેવાય છે કે જૈન સાધુ પ્રાણાંતે પણ અસત્ય વચન બોલતા નથી, પરંતુ આ મુનિ કહે છે એની પાછળ કોઈ રહસ્ય હોવું જોઇએ.' આ પ્રમાણે તન્મય થઇને વારંવાર વિચારતી દુર્ગંધાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સાધુએ કહ્યા પ્રમાણે પોતાના પૂર્વજન્મોને જોઈને સાધુના ઉપર શ્રદ્ધા ધારણ કરતી, જૈન ધર્મની પ્રશંસા કરતી દુર્ગંધાએ મુનિને નમસ્કાર કરીને કહ્યું : 'નાથ, અનેક યોનિઓમાં ભટકાવનારૂં મારૂં ભવનાટક કેવું થયું ? કયાં મારૂં બ્રાહ્મણકુલ અને કયાં આ નીચ ધીવર કુલ. પૂર્વજન્મનું મારૂં સુંદર રૂપ કયાં અને કયાં આ દુર્ગંધમય કદરૂપપણું ? મેં પાપિણીએ અહંકારમાં આવીને તપસ્વીની નિંદા કરીને કેવું ઘોર કર્મ ઉપાર્જન કરેલું ? તે પાપ કર્મના ફલરૂપે મેં કેવી કેવી વિડંબનાઓ સહન કરી ? હે નાથ, મેં જે સાધુની નિંદા કરી હતી તે આપ જ છો. તો હે કૃપાલુ, હવે એ પાપમાંથી મારો છૂટકારો કરો. આપ તો સર્વજીવો પ્રત્યે કરૂણા ધરનારા છો. હે મુનિશ્વર, મને તેવા પ્રકારનો ધર્મ બતાવો કે નિંદાથી ઉપાર્જન કરેલું કર્મ મને કયારે પણ પીડે નહી.' આ પ્રમાણે કહીને અને પૂર્વજન્મના સ્વરૂપને યાદ કરતી દુર્ગંધા કરૂણ સ્વરે રૂદન કરવા લાગી. 'ખરેખર, સ્ત્રીઓનું રૂદન એ મોટામાં મોટું બળ છે.' ત્યારે કરૂણાના સાગર એવા મુનિશ્વરે કહ્યું : 'વત્સે, તું રૂદન કરીશ નહિ, કરેલા કર્મ તો આપણે ભોગવવાં જ પડે છે. રોવાથી કંઈ સુખ મલતું નથી. હા, તારે જો સુખની ઇચ્છા હોય તો આર્હત્ (જૈનધર્મ) ધર્મનો સ્વીકાર કર. જૈનધર્મથી અનેક ભવોનાં સંચિત કર્મનો પણ નાશ થાય છે. કૈવલ્યની પ્રાપ્તિ તેમજ પરંપરાએ અનુત્તર એવું શાશ્વત્ સુખ પ્રાપ્ત થાય છે. જિનેશ્વર ભગવંતોએ બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ બતાવ્યો છે. માટે તું દયામય એવા ગૃહસ્થ ધર્મની આરાધના કર.' આ પ્રમાણે મુનિ ભગવંતના પવિત્ર વચનને પ્રમાણ કરીને દુર્ગંધાએ સમ્યકત્વ-મૂલ બાર વ્રતને ધારણ કર્યાં. નીચકુળમાં ઉત્પન્ન થવા છતાં પણ તેના ભાગ્યયોગે સાધુ ભગવંત મળ્યા. ધર્મની પ્રાપ્તિ થવાથી ખૂબ હર્ષિત બનેલી દુર્ગંધાએ ફરી ફરીને મુનિને વંદના કરી. મુનિ પણ ત્યાંથી આગળ વિહાર કરી ગયા. શ્રદ્ધાળુ બનેલી ધીવરી (મચ્છીમાર) શ્રદ્ધાપૂર્વક દયા-ધર્મનું પાલન કરતી ત્યાં રહી હતી. એક દિવસે કોઈ કાર્યપ્રસંગે તેને અયોધ્યા નગરીમાં જવાનું થયું. અયોધ્યામાં પ્રથમ જિનમંદિરમાં જઇને પરમાત્માની મૂર્તિને ભાવપૂર્વક વંદના-સ્તવના કરી. બહાર મંદિરની પાસે રહેલા ઉપાશ્રયમાં સાધ્વીજી મહરાજને જોઇને ખુશ થઇ. વંદના કરી સાધ્વીજી પાસે બેઠી.

સાધ્વીજીએ પૂછ્યું : 'ભદ્રે, તું કોણ છે ? તારી જાતિ કોણ ? અને કયાંથી આવી છે ?' તેણે કહ્યું : 'તપસ્વિની, હું ધીરવ (મચ્છીમાર) જાતિની છું. દૂરથી આવી છું. હું બહુ દુઃખી હોવા છતાં આપના દર્શનથી મને ઘણું સુખ મળ્યું.' સાધ્વીજીએ તેને ધર્મનો ઉપદેશ આપ્યો. તેમના ઉપદેશથી ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં વધારો થયો. ચારિત્ર લેવાની પ્રબળ ઇચ્છા છતાં પોતાનું સામર્થ્ય નહિ હોવાથી સાધ્વીજી પાસે રહી. ભક્તિપૂર્વક તેમની વૈયાવચ્ચ આદિ શુશ્રુષા કરતી અનેક પ્રકારની તપશ્ચર્યા શરૂ કરી. સાધ્વીજીએ યાત્રા કરવા માટે રાજગૃહી નગરી તરફ વિહાર કર્યો. તેમની સાથે દુર્ગંધા પણ જિનચૈત્યોને વંદનાર્થે સાથે ચાલી. સાધ્વીજી અને ધીવરી પર્વત ઉપર રહેલા જિનચૈત્યને ભાવપૂર્વક વંદના-નમસ્કાર કરીને નીચે ઉતરતાં રાત્રિ થઈ જવાને કારણે પોતાની રક્ષા માટે એક ગુફામાં રહ્યાં. વીતરાગ પરમાત્માનું ધ્યાન કરતી ઉપવાસી એવી ધીવરી ગુફાની બહાર કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહી. રાત્રિમાં વાઘણે આવીને તેનું ભક્ષણ કર્યું. શુભ ધ્યાનમાં મરીને તે બીજા દેવ-લોકમાં દેવીપણે ઉત્પન્ન થઈ. ત્યાં ઇષ્ટ એવા સ્વર્ગીય સુખોને ભોગવી, આયુષ્યક્ષયે ત્યાંથી ચ્યવીને

કુંડિનપુર નગરમાં ભીષ્મ રાજાની રુક્મિણી નામની પુત્રીપણે ઉત્પન્ન થઈ. પૂર્વના પુણ્યથી અત્યંત રૂપ-લાવણ્યવતી એવી રુક્મિણીનું તેના ભાઈ રુક્મિકુમારે શિશુપાલને વાગ્દાન કર્યું, પરંતુ નારદ ઋષિના વચનથી કૃષ્ણની પ્રશંસા સાંભળીને વિષ્ણુ પ્રત્યે અનુરાગિણી બનેલી રુક્મિણીએ એક માણસને મોકલીને દ્વારકાથી કૃષ્ણને બોલાવ્યા. 'સંસારી જીવોને પાણિગ્રહણની વાત પણ પ્રિય લાગે છે. તો આવી જગવિખ્યાત રૂપસુંદરી સામે ચાલીને મળતી હોય તો કોને આનંદ ના થાય?' એ પ્રમાણે દૂતના કહેવાથી સંતુષ્ટ થયેલા કૃષ્ણ પોતાના બંધુ બલભદ્રની સાથે ગયા. શિશુપાલને જીતીને રુક્મિણીને ઉદ્યાનમાં લાવ્યા. તેની સાથે પાણિગ્રહણ કરીને દ્વારિકામાં લાવ્યા. રુક્મિણીના રૂપ અને ગુણથી આકર્ષાઈને કૃષ્ણે તેને પોતાની અગ્રમહિષી (મુખ્ય પટ્ટરાણી) બનાવી. તે કૃષ્ણ અને રુક્મિણીથી ઉત્પન્ન થયેલો એવા તને જોવા માટે વિષ્ણુ તારા જન્મથી છઠે દિવસે રુક્મિણીના ત્યાં આવ્યા. રુક્મિણીએ તને વિષ્ણુના હાથમાં આપ્યો. પોતાના પુત્રને જોઈને ખુશ થયેલા વિષ્ણુ રુક્મિણીના હાથમાં આપવા જાય છે ત્યાં વચમાંથી જ તારા પૂર્વભવના વૈરી દેવે તારૂં અપહરણ કરીને તને મારવા માટે ટંકશિલા ઉપર મૂકયો. જન્મદાત્રી માતાના પૂર્વભવો સાંભળીને પ્રદ્યુમ્ને ફરીથી ગુરૂ મહારાજને પૂછયું : 'ભગવંત, મારી સાથે માતાનો વિયોગ કરાવનારૂં કયું પાપકર્મ હતું ?' આચાર્ય ભગવંતે કહ્યું : 'વત્સ, એ તારા પાપકર્મથી નહિ પરંતુ તારી માતાના પૂર્વજન્મના પાપકર્મથી જ તારો વિયોગ થયો છે. બ્રાહ્મણપુત્રી લક્ષ્મીવતીના ભવમાં લક્ષ્મીવતી એક વખત સખીઓની સાથે ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગઈ હતી. ત્યાં તેને મયૂરી (મોરલી-ઢેલ) સાથે રમતા સુંદર આકારવાળા મયૂરના બચ્ચાને જોયો. લક્ષ્મીવતીએ પાપબુદ્ધિથી નહિ, પરંતુ પોતે ક્રીડા કરવા માટે બાલમયૂરને સોળ ઘડી સુધી પોતાની પાસે રાખ્યો. પોતાના બાળકને નહી જોવાથી આક્રંદ કરતાં, અને માથું પછાડતી મયૂરીને જોઈને લોકોએ લક્ષ્મીવતીને સમજાવી : 'પુત્રના વિયોગથી આ મયૂરી ઝુરી ઝુરીને મરી જશે, તેનું પાપ તને લાગશે. માટે તેના બચ્ચાને તેની પાસે મૂકી દે.' આ પ્રમાણે લોકોની સમજાવટથી લક્ષ્મીવતીએ મોરબાળકને સોળ ઘડી પછી મયૂરી પાસે મૂકયું. તારી માતાના આ પાપકર્મથી સોળ વર્ષ સુધી તેને પુત્રનો વિયોગ પડયો. એક કરેલું પાપકર્મ ઓછામાં ઓછું દશગણું ફળ આપે છે. આથી કોઈપણ બુદ્ધિમાન સ્ત્રી-પુરૂષોએ કયારે પણ બાળ, યુવાન કે વૃદ્ધ કોઈની સાથે વિરહ કરાવવો ના જોઈએ. હસતાં, રમતાં, ખાવામાં, પીવામાં, ભોજનમાં કે શયનમાં કોઈને પણ અંતરાય પાડવો નહિ, કે જેથી આવું પાપકર્મ બંધાય.'

इत्याकर्ण्य यतेर्वाचं, नत्वा च पदपंकजं । जगाम जननीगेहं, देहं कृत्वा विभूषितं ।८६।
गत्वा विशारदस्तत्रा–विधायैव नमस्कृतिं । किंचिदूध्ध्वमधः पश्यं–स्तत्पुरो निषसाद सः ।८७।
तस्याः पुरः प्रणामेन, रहितः स यदा स्थितः । तदांतःकरणे ज्ञातं, तया पापमनीषया ।८८।
मदीयरूपपाशेन, बद्धः समागतोऽस्त्ययं । करिष्यत्यथ मद्वाक्यं, जानामीति च चेष्टया ।८९।
चिंतयित्वेति तत्काम–भोगस्पृहार्तिविह्वला । तन्वंती हावभावांश्च, सा प्रद्युम्नमवीवदत् ।९०।
मम चेद्वचनं कुर्या–श्चातुर्यधैर्यसंयुतः । तत्कालफलसौख्यानां, कारकं दुःखहारकं ।९१।
विद्ये प्रज्ञप्तिरोहिण्यौ, निःशेषदोषमोषिके । समर्पयामि तत्तुभ्यं, मन्मनोरथपूर्तते ।९२।
इति प्रोक्ते तया प्राह, हसित्वा मदनः सुधीः । किं कदा वचनं ताव–कीनं नास्ति कृतं मया ?।।
करिष्येऽथ विशेषेण, दासोऽहं किंकरोऽस्मि वा । यस्या उत्थाप्यते वाक्यं, न सा त्वमपि तादृशी ।।

**प्रद्युम्नस्नेहलां वाणीं, समाकर्ण्य तमाह सा । हृद्यां विद्याद्वयीमेतां, गृहाण विधिपूर्वकं ।९५।**
**इष्टं करिष्यतेऽनेन, जानंती मृष्टया गिरा । तस्मै विद्याद्वयीं दत्वा, सा जगौ मदनातुरा ।९६।**
**विद्याद्वयीं पुरादाय, पश्चाद्वपुर्लतां च मे । द्वयोरपि त्रियामायां, परीक्षां कुरु सुंदर ।९७।**
**तवैतद्वचनं भूया–दित्युक्त्वा विनयेन सः । सम्यगाम्नायमादाय, प्रद्युम्नः प्रजजल्प तां ।९८।**
**मान्ये धन्ये महापुण्ये, शरण्ये शरणार्थिनां । वरेण्ये पुण्यकारुण्ये, नीतः कष्टं नगेऽरिणा ।९९।**
**तदा मया न माता न, तातो ज्ञातो मनागपि । त्वमेव मम रक्षायै, बभूविथ गुणान्विते ।५००।**
**त्वमेव शरणं तस्मात्, त्वमेव जननी मम । कालसंवरभूपाल, एव मे जनकः पुनः ।१।**
**ततो यत्ते भवेत्कृत्यं, स्वकीयतनयोचितं । त्वं मे कथय निःशंक–मुद्यमेन करोमि तत् ।२।**
**इति तस्य वचः श्रुत्वा, वज्रघातानुकारकं । न नीरं मे च नो तीरं, बभूव सेत्यचिंतयत् ।३।**
**आरोपयाम्यकार्येऽमुं, छलेनेत्युद्यता यदा । मदनः सहसा नत्वा, तां तदा स्वगृहं गतः ।४।**
**तदा ज्ञातं तया हाहा, वंचितैतेन पापिना । तर्ह्यस्य पापिनः पाप–फलं प्रदर्शयाम्यहं ।५।**

આ પ્રમાણે આચાર્ય ભગવંતની વાણી સાંભળી તેઓના ચરણકમલમાં વંદના કરીને પ્રદ્યુમ્ન ત્યાંથી નીકળી શરીરને શણગારીને માતા કનકમાલાના આવાસમાં આવ્યો. ત્યાં જઈને માતાને નમસ્કાર કર્યા વિના જ આડુઅવળું જોઈને માતાની પાસે બેઠો. પ્રણામ કર્યા વિના પ્રસન્ન મુખ-વાળા પ્રદ્યુમ્નને પોતાની પાસે બેઠેલો જોઈને પાપબુદ્ધિથી કનકમાલા પોતાના મનમાં વિચારે છે : 'મારા રૂપપાશમાં બદ્ધ થઈને આવ્યો લાગે છે. એની ચેષ્ટા ઉપરથી લાગે છે કે જરૂર મારું કહ્યું માનશે.' આ પ્રમાણે વિચારી કામભોગની સ્પૃહાથી અતિ વિહ્વળ બનેલી અને હાવભાવ બતાવતી એવી કનકમાલાએ પ્રદ્યુમ્નને કહ્યું : 'તું ધીર અને ચતુર હોય તો તત્કાલ ફળ આપનારું, દુખનો નાશ કરનારું અને સુખ આપનારું મારું વચન માન. અને જો તું મારી ઈચ્છાને પૂર્ણ કરે તો તને સમસ્ત દોષોનો નાશ કરનારી રોહિણી અને પ્રજ્ઞપ્તિ નામની બે વિદ્યાઓ આપું.' ત્યારે બુદ્ધિશાળી એવા પ્રદ્યુમ્ને હસીને કહ્યું : 'મેં તારું વચન ક્યારે નથી માન્યું ? અને તારું કાર્ય ક્યારે નથી કર્યું ? વિશેષે કરીને તો હું તારો દાસ છું. કિંકર છું. તું જે કહે તે કરવા તૈયાર છું. તારું વચન ક્યારે પણ નહિ ઉથાપું. બોલ, મારે યોગ્ય સેવાકાર્ય બતાવ.' પ્રદ્યુમ્નની સ્નેહપૂર્ણ વાણી સાંભળીને કનકમાલાએ કહ્યું : 'લે, મારી આ બે વિદ્યાને વિધિપૂર્વક ગ્રહણ કર.'

પ્રદ્યુમ્નની મીઠી વાણીમાં લોભાઈને તેણે આમ્નાયપૂર્વક બે વિદ્યા આપીને કહ્યું : 'પ્રદ્યુમ્ન, પહેલાં બે વિદ્યા ગ્રહણ કર. પછી મારી દેહલતાની રાત્રિમાં પરીક્ષા કરજે.' 'તારું વચન સફળ થજો.' એમ કહીને પ્રદ્યુમ્ને વિનયપૂર્વક વિધિસહિત બે વિદ્યાને ગ્રહણ કરીને કનકમાલાને કહ્યું : 'માન્યા, ધન્યા, વરેણ્યા, મહાપુણ્યા, શરણ્યા એવી હે માલા, જ્યારે શત્રુએ મને પર્વત ઉપર કષ્ટમાં નાખ્યો ત્યારે કોઈ મારી માતા નહોતી કે પિતા ન હતા. કોઈ મને જાણતું ન હતું ત્યારે તમે જ મારું રક્ષણ કર્યું. તમે જ મને શરણ આપ્યું, તેથી ગુણના ભંડાર એવી તું જ મારી માતા છે અને કાલસંવર એ જ મારા પિતા છે. તમે પોતાના પુત્રને યોગ્ય બધું જ કર્તવ્ય બજાવ્યું છે. તેથી હે મારી માતા, તું નિઃશંક થઈને કહે, હું તારું શું કાર્ય કરું ?' પ્રદ્યુમ્નના વજ્રાઘાત સમાન વચન સાંભળીને 'નીર નહી ને તીર નહી.' એમ ઉભયભ્રષ્ટ થયેલી કનકમાલા

ચિંતવવા લાગી : 'આ પાપીએ કપટ કરીને મને છેતરી. બસ હવે એના ઉપર ખોટો આરોપ મૂકું. એ ઠગારાને તેના પાપનું ફળ બતાવું.' આ પ્રમાણે તે વિચારે છે ત્યાં પ્રદ્યુમ્ન નમસ્કાર કરીને ત્યાંથી નીકળી પોતાના મહેલમાં આવ્યો.

विमृश्येति पुमान् कामी, भोगस्यावसरे यथा । करोति कामिनीकाये, व्रणानि नखरैः खरैः ।६।
स्वयमेव तया तानि, प्रचक्रिरे रुषा तथा । गल्लयोरोष्ठयोरेवं, कुचयोर्जंघयोः पुनः ।७।
कचान् विसंस्थुलान् कृत्वा, रजोधूसरविग्रहा । चक्षुषोरंजनैः सर्वं, श्यामं मुखं विधाय च ।८।
रुदती सुदती तीव्र–दुःखेन नृपसन्निधौ । समेत्यासत्यतायुक्तं, जगौ गद्गदया गिरा ।९।
रे नाथ नाथ ! कुत्राऽथ स्थितोऽसि किं न भाषसे । शून्ये वने त्वयादत्तो, यो बालः पुत्रलिप्सया ।।
चेष्टितं वैरिणस्तस्य क्रूरकर्मविधायिनः । वपुर्विडंबनां वीक्ष्य, त्वं समाकर्णय श्रुतौ ।११।
त्वदाज्ञया गृहीत्वा स, पालितो वर्धितो मया । त्वयापि मम रागेण, यौवराज्यं समर्पितं ।१२।
आगच्छंती तवोपांते, कृत्वा शृंगारमद्भुतं । तारुण्ययौवराज्याभ्यां, मत्तो मां व्यलगन्मदात् ।।
मिथो विलगतोर्भूरि–प्रतिघादुभयोरपि । अहं तु कथमप्याशु, नष्टा निपतिता क्षितौ ।१३।
धूलीधूसरदेहापि, विशीर्णकुंतलापि च । कुलदेव्यनुभावाच्च, त्वत्पुण्यादागतास्म्यहं ।१४।
अनुमाने यथा धूमा–द्वह्निज्ञानं समुद्भवेत् । तथैतस्य कुकर्तव्या–ज्जातिर्नीचानुमीयते ।१५।
लालितः पालितः पुत्र–बुद्धया मया त्वदाज्ञया । पापबुद्धिं कथं कुर्या–दन्यथा मयि मातरि ।।
वैरुद्धयेऽपि च संजातं, कार्यमेकं शुभं प्रभो ! । यथातथाप्यतः पापा–न्न जातं शीलखंडनं ।१७।
शीलस्य खंडनं यद्य–भविष्यन्मम वल्लभं । अहं तर्ह्यकरिष्यं हि, प्राणत्यागं क्षणादपि ।१८।
रक्षणीयं कुलस्त्रीभिः, शीलरत्नं यथा तथा । तद्भंगे जीवितव्येन, निद्येन किं प्रयोजनं ।१९।
मंडनं शीलमेव स्या–द्वरं कुलीनयोषितां । भूषणैर्भारभूतैः किं, चीवरैः सुंदरैरपि ।२०।
शीलेन मानयेद्भर्त्ता, पितरौ स्वजना अपि । समस्ता अपि लोकाश्च, रक्ष्यं तदेव योषिता ।२१।
भूयः कदर्थना नाथ, तेन प्रजनिता मम । तथापि त्वत्प्रभावेण, शीलं मया च रक्षितं ।२२।
अथ यद्यपि दुष्टोऽयं, बलविद्यासमन्वितः । सुभटैरपि कष्टेन, मारणीयः प्रवर्तते ।२३।
रक्ताविलं तथाप्यस्य, वीक्षे शिरो लुठद्भुवि । तर्ह्येव जीवितव्यं मे, जानामि सफलं विभो ।।
मायाविन्यः स्त्रियो लोके, स्त्रियः कौटिल्यकेलयः। प्रतारयंति नीरागा–नपि वाचंयमान् भुवि ।।
तर्हि दुर्बलकर्णानां, रागिणामविचारिणां । सहसाकार्यकर्तृणां, राज्ञां किं वंचनेऽद्भुतं ।२६।

મનોરથોની પૂર્તિ નહિ થવાના કારણે ક્રોધાતુર બનેલી કનકમાલાએ દુષ્ટભાવથી પ્રેરાઇને 'કામાંધ પુરૂષ બળાત્કાર કરે તે સમયે સ્ત્રીના શરીર ઉપર તીક્ષ્ણ નખો વડે ઉઝરડા પાડે,' તેમ પોતે પોતાના હાથે ગળા ઉપર, સ્તન અને જંઘા ( સાથળ ) ઉપર નખોથી ઉઝરડા પાડ્યા, માથાના કેશ જેમ તેમ છૂટા મૂકયા, શરીર ઉપર રજ અને ધૂળ નાખી, આંખના અંજનથી મુખને શ્યામ કર્યું. આ પ્રમાણે દુષ્ચેષ્ટા કરીને રૂદન કરતી રાજાની પાસે આવીને ગદ્ગદ્ સ્વરે

વિલાપ કરવા લાગી : 'હે નાથ, હે નાથ, તમે કયાં છો ? કેમ બોલતા નથી ? શૂન્ય વનમાંથી પુત્રની ઈચ્છાથી જેને ઘરમાં લાવ્યા, એ ક્રૂરકર્મને કરવાવાળા વૈરીનું ચેષ્ટિત તો જુઓ ! મારા શરીરની આવી વિડંબના જોઇને તમે કેમ મૂંગા બેસી રહ્યા છો ? તમારી આજ્ઞાથી મેં તેનું પુત્રની જેમ લાલન-પાલન કર્યું અને તમે પણ મારા પ્રત્યેના રાગથી તેને યુવરાજ બનાવ્યો. એ પાપીએ દુશ્મનને પણ ન છાજે એવું કામ કર્યું. હે નાથ, હું સોળ શણગાર સજીને તમારી પાસે આવતી હતી, ત્યારે યુવાની અને સત્તામાં અંધ બનેલો એવો તે પ્રદ્યુમ્ન મને વળગી પડયો. મેં તેનાથી છૂટવા માટે પ્રયત્ન કર્યો, ત્યારે તેણે મને ધરતી ઉપર નીચે પછાડી. માંડમાંડ તેનાથી છૂટી કુલદેવીના પ્રભાવથી અથવા તમારા પુણ્યથી હું અહીં સુધી આવી પહોંચી. જુઓ તો ખરા, ધૂળથી ખરડાયેલું મારૂં શરીર અને ખેંચી નાખેલા મારા કેશ ! કોઈ સજ્જન પુરૂષ હોય તો આવું કામ કરે નહી, ધૂમથી અગ્નિનું અનુમાન થાય તેમ તેના આ દુષ્ટ કાર્યથી લાગે છે કે તે કોઈ નીચ જાતિનો હોવો જોઇએ. નહીંતર જેનું પુત્રબુદ્ધિથી તમારી આજ્ઞા પ્રમાણે લાલન-પાલન કર્યું, એવી આ માતા ઉપર આવી પાપબુદ્ધિ કયાંથી સૂઝે ?

હે સ્વામિન્, ભલે મારા શરીરની આવી વિડંબના થઇ, પરંતુ એક કામ સારૂં થયું કે આ પાપાત્માથી મારૂં શીલખંડન ના થયું. મારૂં પ્રિય એવું શીલનું ખંડન થયું હોત તો સ્વામિન્, એક ક્ષણમાત્રમાં મારે પ્રાણ ત્યાગ કરવા પડત, કુલવાન સ્ત્રીઓએ પ્રાણના ભોગે પણ શીલનું રક્ષણ કરવું જોઇએ, શીલભંગ થયા પછી નિંદનીય એવા આ જીવિતનું કોઈ પ્રયોજન નથી. શીલ એ સ્ત્રીઓનો શણગાર છે. સુંદર વસ્ત્રો કે અલંકારોથી શરીરની શોભા નથી, પરંતુ શીલ એ જ સ્ત્રીઓની શોભા છે. માતા, પિતા, પતિ, સ્વજન આદિ સમસ્ત લોકો શીલવાન સ્ત્રીનું રક્ષણ કરે છે. માટે હે નાથ, મને ઘણી ઘણી કદર્થના થઇ, પરંતુ તમારા પુણ્ય પ્રભાવે મારૂં શીલ અખંડિત રહ્યું, તેનો મને ઘણો આનંદ થાય છે. બલ-વિદ્યા અને પરાક્રમથી મદોન્મત્ત બનેલા એ દુષ્ટને કોઈ સુભટો પણ મારી શકે તેમ નથી. છતાં હે નાથ, એ પાપીનું લોહીથી ખરડાયેલુ માથું જમીન ઉપર લોટતું હું જોઇશ ત્યારે જ મને શાંતિ થશે. તો જ હું જીવી શકીશ.' માયાવી અને કપટની કેલી સમી સ્ત્રીઓ નીરાગી એવા સાધુપુરૂષોને પણ ઠગે છે અને પોતાની જાળમાં ફસાવે છે, તો દુર્બળ કાનવાળા, રાગી અને વિચાર્યા વિના કાર્ય કરનારા રાજાને ઠગે તેમાં શું આશ્ચર્ય છે ?

ततस्तस्या महामाया—वंचितः कालसंवरः । श्रुत्वा दृष्ट्वा स्वरूपं त-दाकारयत्सुतान् क्रुधा ।२७।
तान्नाकार्य जगौ राजा, गूढकोपप्रपूरितः । चेन्मद्वचोऽनुगा यूयं, प्रद्युम्नस्तर्हि हन्यतां ।२८।
वनाद्बाल्येऽयमज्ञात—नीचोच्चजातिरालये । कारुण्येन मयानीतः, सुतत्वेनापि पालितः ।२९।
परं मत्तेभवद्दुष्टो, वर्धमानवया भृशं । यौवनं प्राप्य युष्माकं, मम सोऽभूद्यशोहरः ।३०।
मया तदैव विज्ञातं, पादचारेण काननात् । भवद्भिरागतं माना—द्रथारुढेन तेन तु ।३१।
भो युष्माकमवज्ञाया, विधानादेव नंदनाः । चित्ता ममायमुत्तीर्णो, रक्षितो न गुणाय वै ।३२।
ततो यथा न जानाति, कोऽपि मारणकारणं । तेनोपायेन वध्योऽसौ, दुरात्मा तापकारकः ।३३।
उपदिष्टमिवाभीष्टं, वैद्यैर्हृद्यैः कुबुद्धयः । श्रुत्वा स्वपितृवाक्यं ते, प्रभूतं प्रमदं ययुः ।३४।
मारणेच्छा पुरास्माक—मासीदेतस्य दुर्मतेः । तातस्याप्यधुना वाक्यं, वर्तते समभूद्वरं ।३५।

संचित्येति गता गेहं, प्रद्युम्नस्य छलान्विषः । गत्वा च चाटुभिर्वाक्यै-र्जगुस्ते खेचरांगजाः ।।
क्रीडायामात्मनां साकं, कृतायां बहवो दिनाः । जातास्तेन त्वमागच्छे-र्वयं तर्हि रमामहे ।।
बांधव त्वां विना क्वापि, पुरापि न गता वयं । इदानीमपि नास्माक-मुत्सहते मनो मनाक् ।।
भ्रातस्ततस्त्वमागच्छ, गच्छामः क्रीडितुं यथा । इत्युक्तः सत्यमेवायं, जानन् विनिर्गतो गृहात् ।।
सर्वेऽपि समुदायेन, मिलित्वा स्वांतकैतवाः । कानने गहने गत्वा, महतीं वापिकां गताः ।४०।
तत्र प्रक्षिप्य वालुंकी-कर्षणार्थं समुद्यतः । एक एकः पतित्वाशु, कर्षेत्फलमनाकुलः ।४१।
केल्या वारेण वारेण, विशत्सु तेषु दंभीशु । सरलस्य समायातो, मदनस्यापि वारकः ।४२।
वारके स निजे याव-त्तत्र निष्कपटः पतेत् । पुण्येन विद्यया तावत्, कथितं तस्य कर्णयोः ।४३।
माकार्षीः पतनं वाप्या-मस्ति दंभस्तवोपरि । मारयिष्यंत्यमी पापा-स्त्वामपराधवर्जितं ।४४।
इति श्रुत्वा द्वितीयं च, रूपं विधाय विद्यया । संप्रेषितं स्वयं तूच्चैः, सूक्ष्मीभूय स्थितो बहिः ।।
रूपभेदापरिज्ञानात्, सर्वेऽपि मंदबुद्धयः । प्रद्युम्नं पतितं दृष्ट्वा, युगपत्पतिता मुदा ।४६।
झंपापातं प्रकुर्वाणा, मार्यतां मार्यतामयं । ब्रुवाणा इति वक्रैस्तेऽगृहणंस्तं भुजकोटरे ।४७।
गृहीत्वा मार्यते याव-त्तावत्स प्रजजल्प तान् । घात्यते पितुरादेशा-द्युष्माभिः स्वेच्छयाऽथवा ।।
ते प्रोचुः पितृनिर्देशा-देव त्वं मार्यसेऽधुना । तातादेशं विना केन, निहंतुं शक्यते भवान् ।४९।
तदा तेन हृदि ज्ञातं, मातुरेतद्विचेष्टितं । कद्दूषणं तयवोक्तं, पितुः पुरो भविष्यति ।५०।
मायया कल्पनां कृत्वा-लीकमेव वदेद्वशा । रागेण सरलो मर्त्यो, जानाति सत्यमेव तत् ।५१।
ततस्तयैव पापिन्या, वैरूप्यं परिकल्प्य च । कथितं दर्शितं च स्त्री-कैतवेन भविष्यति ।५२।
तस्या एव प्रकोपेन, तातेन निखिलानपि । आहूय नंदनान् प्रोक्तं, मन्मारणं भविष्यति ।५३।
अत एवाभवन्नेते, मरणार्थं ममोद्यताः । अन्यथैतैर्वराकैः किं, हंतुं शक्येऽहमंजसा ।५४।
अथ चेन्मारयाम्येतान्, दंभात्कल्पितमारणान् । सर्वेषामपि शिक्षा स्या-न्मयि पापधिया तदा ।।
विमृश्येति तटस्थेन, रूपेणानीय द्राक्शिलां । पिधानमिव वाप्यास्त-न्मानं स विद्ययाऽकरोत् ।।
तयैव तत्र ते वापीं, पिधाय चावलंबिताः । ऊर्ध्वं पादा अधो वक्त्रा-स्तेन वल्गुलिका इव ।।
एकं विमुच्य तन्मध्यात्, कथितं तस्य तेन च । व्रजित्वा त्वं पितुः पार्श्वे, मत्कृतं कथय द्रुतं ।५८।
श्वासपूरितवक्त्रेण, तेन व्याकुलचक्षुषा । अतिदुःखेन तातस्य, तत्स्वरूपं निवेदितं ।५९।
तदाकर्ण्य महीनाथः, कोपाटोपेन रक्तदृग् । निर्ययौ खड्गमादाय, कर्तुं पुत्रसहायितां ।६०।
तदा निवारितोऽमात्यै-र्नाथौत्सुक्यं विधेहि मा । सहसा विहितं कृत्यं, न सौख्याय भवेन्नृणां ।।
बद्धा वापीजले येन, वीराः पंचशती सुताः । यस्य षोडश लाभाश्च, स्फुरंतः संति सन्निधौ ।।
माज्ञासीस्तं नरं शक्ति-युक्तं सामान्यवृत्तिकं । यथातथा विजेतुं स, शक्ष्यते न त्वया विभो ।।
कोपेऽप्यमात्यवाक्येन, प्रद्युम्नं दुर्जयं जवात् । ज्ञात्वा द्वेधापि भूपालो, रणभेरीमवादयत् ।६४।

तेन भेरीनिनादेन, मेलयित्वा महद् बलं । जेतुमेनं च प्रद्युम्नं, चचाल पृथिवीपतिः ।६५।
निर्गच्छत्कटकं दृष्ट्वा कौतुकाद्वापिकावृतौ बांधवा इव भून्वा स तस्थौ लालां मुखे वमन् ।६५।
वीक्षमाणो महत्सैन्यं प्रद्युम्नो हृद्यचिंतयत् । अहो विचक्षणस्यापि, जनकस्य विमूढता ।६६।
पंडितैर्योषितां प्रायो, वचनं मन्यते न हि । तस्या असत्यवाक्येन, मद्वधाय समेत्ययं ।६७।
तस्मिन् विचिंतयत्येवं, कटकं निर्गतं बहु । मार्गस्थाः कर्करास्तेन, पांसूपमाः प्रचक्रिरे ।६८।
तुरंगमखुरोत्खातै, रजोभिश्च घनाश्रयैः । छादितेष्वर्कतेजस्सु, दिवसेऽप्यभवन्निशा ।६९।
प्रोत्तुंगानां गजेंद्राणां, कपोलाभ्यां गलन्मदैः । उच्छलध्धूलिशांतौ च, दृग्भ्यां मार्गो विलोक्यते ।।
कोलाहलेन पत्तीनां, वादित्राणां महारवैः । हयानां हेषितैर्मत्त–वारणानां च बहितैः ।७१।
स्यंदनानां च चीत्कारै--र्विस्फारैर्धनुषां पुनः वरीतुं जयलक्ष्मीं च, सैन्यं रणांगणेऽचलत् ।७२।

કનકમાલાની માયાજાળમાં ફસાયેલા કાલસંવર રાજા તેની વાત સાંભળીને અને તેના સ્વરૂપને જોઈને ક્રોધથી ધુંઆફુઆ થઈ ગયા. રાજાએ પોતાના પાંચસો પુત્રોને બોલાવ્યા. પોતાના ગુસ્સાને કાબુમાં રાખીને પુત્રોને કહ્યું : 'પુત્રો, તમે જો મારૂં કહ્યું માનતા હો તો પ્રદ્યુમ્નને મારી નાખો. એ દુષ્ટને વનમાંથી હું લાવ્યો. દયાભાવથી તેનું લાલનપાલન કર્યું, રાજકુમારની જેમ રાખ્યો, તમારી સૌની અવજ્ઞા કરીને એ દુષ્ટને મેં યુવરાજ બનાવ્યો, પરંતુ અંતે એ એની જાત ઉપર ગયો. જ્યારે તમે સૌ પર્યટન કરીને આવતા હતા ત્યારે પોતે સૌના માલિકની જેમ આરામથી રથમાં બેસીને આવે અને તમે સૌ પગે ચાલીને આવતા હતા, ત્યારે જ મને થયું કે આ કોઇ નીચ જાતિનો હોવો જોઇએ. ગમે તેવો પણ જો ઉચ્ચ કુળનો હોય તો એનામાં સ્વાભાવિક જ વિનય ગુણ હોય. ત્યારે જ મને નક્કી થયું કે 'નક્કી તે કુલીન નથી.' તેથી તે મારા મનથી ઉતરી ગયો છે. તો હવે શીઘ્રતાથી એ કાંટાને દૂર કરવો જોઈએ. હા, પણ કોઇ જાણે નહિ તેમ તેનો વધ કરજો. કોઇને પણ ખ્યાલ આવવો જોઇએ નહિ.' કુબુદ્ધિ પુત્રોને પિતાનું વચન 'ઇષ્ટ'-વૈદ્યોપદિષ્ટ' (પોતાને ઇષ્ટ હતું તે વૈદ્યે ખાવાનું કહ્યું) જેવું લાગ્યું. પહેલાં પણ પ્રદ્યુમ્નને મારવાની ઈચ્છાવાળા તો હતા જ, તેમાં પિતાની આજ્ઞા મળી ગઈ, તેથી તેઓ ખૂબ ખુશખુશાલ થયા. પ્રદ્યુમ્નના છિદ્રને શોધે છે; પરંતુ કોઇ છિદ્ર મળતું નથી, તેથી તેઓએ કપટ ભાવે પ્રદ્યુમ્નને ત્યાં જઇને કહ્યું : 'કુમાર, આપણે ફરવા ગયે ઘણો સમય થઈ ગયો છે. તો અમારી સૌની ઇચ્છા છે કે તું આવે તો ક્રીડા કરવા માટે આપણે સહુ જઇએ. તારા સિવાય મજા ના આવે. આટલા દિવસોમાં તને છોડીને અમે ક્યાંય ગયા નથી. માટે જો તું તૈયાર હોય તો હમણાં જ આપણે જઇએ.' આ પ્રમાણે કપટી બંધુઓની મીઠી વાણીને સાચી માનતો સરલ સ્વભાવી પ્રદ્યુમ્ન, તે બધાની સાથે રાજમહેલમાંથી નીકળ્યો. કપટી એવા તે ૫૦૦ કુમારો ભયંકર જંગલમાં એક મોટી વાવ હતી ત્યાં ગયા. વાવમાં કાંઠા ઉપરથી ગીલ્લી નાખવાની અને એકેક જણ વાવમાં જઇને ગીલ્લી બહાર લઈ આવે. દંભીઓએ આ રીતની રમત ગોઠવી. એકેક પછી એકેક ગીલ્લી નાખતા જાય છે અને વાવમાં પડીને ગીલ્લી બહાર લાવતા જાય છે. તેમાં છેલ્લે પ્રદ્યુમ્નનો વારો આવ્યો. સરલ એવો પ્રદ્યુમ્ન જેવો વાવમાં પડવા જાય છે, તે પહેલાં જ તેના પુણ્યથી વિદ્યાએ તેના કાનમાં કહ્યું :- 'પ્રદ્યુમ્ન, તું વાવમાં પડીશ નહીં. આ દંભીઓ તને વાવમાં જ ખતમ કરવા માગે છે. તે પાપીઓએ તને મારવા માટે જ આવું ષડ્યંત્ર ગોઠવ્યું છે. માટે સાવધાન થઇ જા.' વિદ્યાના

કહેવાથી પ્રદ્યુમ્ને પોતાનું બીજુ રૂપ કરીને વાવમાં મોકલ્યું, અને પોતે સૂક્ષ્મરૂપે વાવની બહાર રહ્યો. રૂપના ભેદને નહીં જાણતા મંદબુદ્ધિવાળા તે સહુએ પ્રદ્યુમ્નને પડેલો જોઇને એકી સાથે વાવમાં ઝંપાપાત કર્યો. 'મારો, મારો' એમ બોલતા પ્રદ્યુમ્નના રૂપને કચરી નાખવા લાગ્યા, ત્યારે પ્રદ્યુમ્નના રૂપે કહ્યું : 'તમે કેમ મને મારો છો ?'

ત્યારે તેઓએ કહ્યું : 'પિતાના આદેશથી તને મારીએ છીએ. પિતાજીએ તારો વધ કરવાનો અમને આદેશ આપ્યો છે. બાકી પિતાની આજ્ઞા વિના તને કોણ મારી શકે ? પ્રદ્યુમ્ને જાણ્યું કે 'નક્કી આ માતાનું જ દુઃચેષ્ટિત છે, માતાએ પિતાની આગળ મારા ઉપર ખોટો આરોપ મૂકયો લાગે છે. ખરેખર, સ્ત્રીઓ માયાકપટ કરી, બીજા ઉપર જૂઠા આરોપ મૂકી સરલ માણસને મુશ્કેલીમાં મૂકી દે છે. મેં માતાનું કહ્યું માન્યું નહિ, તેની પાપવાસના સંતોષી નહિ, તેથી તેણે પિતા પાસે મારા વિરૂદ્ધમાં રજુઆત કરી હશે. રાગવશાત્ પિતાએ ગુસ્સામાં આવીને પોતાના પુત્રોને બોલાવી મારો વધ કરવાનો આદેશ આપ્યો હશે. નહીંતર આ રાંકડાઓની શું તાકાત છે કે મને મારી શકે ? કપટી એવા આ લોકોને જો મારી નાંખુ તો મારા ઉપર કલંક લાગશે. એના કરતા દંભીઓને બરાબર શિક્ષા કરૂં જેથી ફરીથી આવું કામ કરે નહિ.' એમ વિચારીને બહાર રહેલા પ્રદ્યુમ્ને વિદ્યાશક્તિથી પત્થરની એક મોટી શિલા બનાવી. તે બરાબર વાવના ઢાંકણા જેવી. તેનાથી વાવને ઢાંકી દીધી. તે પાંચસોમાંથી એકને મૂકીને બધાને માથું નીચે અને પગ ઉપર આ રીતે વડવાગુલીયા (ચામાચીડીયા) ની જેમ વાવમાં લટકતા રાખ્યા. તેમાંના એક ભાઇને કહ્યું : 'જા, અહીંથી જલ્દી જા અને પિતાને જઇને વાત કર.' ભયથી વિહ્વળ બનેલા શ્વાસભેર દોડતા એવા એ કુમારે પિતા પાસે જઇને બધી વાત કરી. તેની વાત સાંભળીને ક્રોધથી લાલચોળ બનેલા કાલસંવર રાજા પુત્રોની સહાય કરવા માટે અને પ્રદ્યુમ્નને મારવા માટે ખુલ્લી તલવાર લઇને દોડી આવ્યા. ત્યારે અમાત્યો (મંત્રીઓ) એ કહ્યું : 'નાથ, ઉત્સુક બની અતિ સાહસ ના કરો. વિચાર કર્યા વિનાનું સાહસ–કાર્ય મનુષ્યોના સુખને માટે થતું નથી. જેણે આપના પાંચસો પરાક્રમી પુત્રોને વાવમાં બાંધી રાખ્યા છે, જેણે અમૂલ્ય સોળ લાભ મેળવ્યા છે, એવા વિદ્યાથી અચિંત્ય શક્તિશાળી પ્રદ્યુમ્નને સામાન્ય માણસની જેમ સહેલાઇથી જીતી શકાશે નહિ. એને જીતવો હશે તો વિશાળ સૈન્યની જરૂર પડશે.' ક્રોધમાં હોવા છતાં અમાત્યના વચનથી પ્રદ્યુમ્નને દુર્જય જાણીને, રાજાએ રણભેરી વગડાવી. મહાન સૈન્ય લઇને પ્રદ્યુમ્નને જીતવા માટે કાલસંવર રાજાએ પ્રયાણ કર્યું. સૈન્યને નીકળતું જોઇને કૌતુકથી પેલો ભાઇ પણ પોતાના ચારસો નવ્વાણુ ભાઇઓની જેમ મોંઢામાંથી લાળ પાડતો વાવની પાસે જઇને ઊભો રહ્યો. પોતાની સામે આવતી વિપુલ સેનાને જોઇને પ્રદ્યુમ્ન હૃદયમાં વિચારે છે : 'અહો, વિચક્ષણ એવા પિતાની પણ કેવી મૂઢતા છે ? પંડિત પુરૂષોએ સ્ત્રીઓના વચન ઉપર વિશ્વાસ ના રાખવો જોઇએ – આ પ્રમાણે સમજવા છતાં માતાના અસત્ય વચનને સત્ય માની મારો વધ કરવા આવી રહ્યા છે ! ખરે, સંસારના સંબંધોની કેવી વિચિત્રતા ? ભાવો કેવા પરિવર્તનશીલ હોય છે ?' તે આ પ્રમાણે વિચારે છે. ત્યાં એવડું મોટું સૈન્ય આવી રહ્યું છે કે માર્ગમાં રહેલા કાંકરા પણ પીલાઇને ધૂળ સમાન બની ગયા. ઘોડાની ખરીઓના ઉત્ખાતથી એટલી બધી રજ ઉછળે છે કે આકાશમાં સૂર્ય પણ આચ્છાદિત થઈ ગયો. દિવસે રાત્રિના જેવો અંધકાર છવાઇ ગયો. મદોન્મત્ત હાથીઓના ગંડસ્થલમાંથી નીકળતા મદ વડે ધૂળ શાંત થઈ ગઇ. જેથી માર્ગ જોઇ શકાતો ન હતો. પાયદળોના કોલાહલથી, વાજિંત્રોના અવાજથી, અશ્વોના હેષારવથી, મદોન્મત્ત હાથીઓની ગર્જનાથી, રથોના ચીત્કારોથી અને ધનુષ્યના ટંકારવથી પૃથ્વી રણભૂમિ બની ગઈ. જયલક્ષ્મી વરવા માટે સૈન્ય રણસંગ્રામમાં આવીને ઊભુ રહ્યું.

महांतं बलविस्तारं, निरीक्ष्य मदनो बलो । कियन्मात्रमिति स्मित्वा, दध्यावभीष्टदेवतां ।७३।
तया मतंगजान्मत्तान्, वाजिनो जविनो घनान् । रथ्यान् स्थान् पदातींश्च, विकुर्व्य कटकं कृतं ।।
बिरुदैर्बंदिवृन्दानां, संजातरोमकंचुकाः । संग्रामं सुभटाः कर्तु-मुत्साहभाजिनोऽभवन् ।७५।
नायका नायकैर्मर्त्यै-र्गुरवो गुरुभिस्तदा । सामान्यैः सह सामान्याः, मध्यमा मध्यवर्तिभिः ।।
अश्ववारैरश्ववारा, निषादिनो निषादिभिः । रथिका रथिकैः साकं, पदातिकाः पदातिकैः ।७७।
इति द्वयो रणे रौद्रे, जायमाने परस्परं । पूज्यत्वात्पितृसैन्येन, नाशितं मान्मथं बलं ।७८।
दिशोदिशं बलं सर्वं, प्रणश्यन्मदनो निजं । वीक्ष्यमाणो महाकोपा-च्चिंतयामास भीषणः ।७९।
संग्रामे कः पिता पुत्रो, जानन्निवीव विद्यया । कृत्वा गजादिभिः सैन्यं, ससैन्याभिमुखं ययौ ।।
प्रद्युम्नस्य बलेनाथ, क्षणाद्वसुमतीपतेः । त्रासितं कटकं कः स्या-न्मदनस्य पुरो जयी ।८१।
दुर्जयोऽस्ति दुरात्माय-मिति विज्ञाय भूभुजा । मंत्रिणो जगदे ताव-द्रक्षणीयं बलं त्वया ।८२।
समानयाम्यहं याव-न्मम रामासमीपतः । प्रज्ञप्तिरोहिणीविद्ये, सद्यः शत्रूपघातिके ।८३।
आचख्यौ धीसखो नाथ, गत्वा विद्ये समानय । रक्षिष्यामि भवत्सैन्य-महं तावत्प्रयत्नतः ।।
यथाशक्ति करिष्यामि, संग्राममपि दारुणं । एतद्विषयिणी चिंता, न कर्तव्या विभो त्वया ।८५।
इत्युक्त्वा निशि गत्वा स, स्त्रीपार्श्वाद्यावदर्थयेत् । विद्याद्वयीमियं ताव-दरोदीत्स्त्रीचरित्रकैः ।।
तेन राज्ञा तदा ज्ञात-मेषास्ति व्यभिचारिणी । कृतानि तानि भावोनि, चरित्राण्यनयैव हि ।।
चिह्नं न ज्ञायते धूर्त-मनीषयाऽनयाऽनयात् । पुरा द्वे अपि सद्विद्ये, दत्ते तस्य भविष्यतः ।८८।
विमृश्येति जगौ राजा, कथं त्वं सुभ्रु रोदिषि । रोदनस्य तु वेला न, विद्ये प्रदेहि सत्वरं ।८९।
गतनिःशेषवित्तेव, रुदती गद्गदस्वनं । अभणद्भूपतिं कांता, कांतारसंस्थितेव सा ।९०।
प्रभो पातकिना तेना-नेकप्रकारवंचिता । न वक्तुं तस्य पापस्य, किंवदंत्यपि युज्यते ।९१।
प्राणनाथ ! मया ज्ञात-मयं बाल्ये विवर्धितः । आवां सौख्यप्रदानेन, वार्धके पालयिष्यति ।।
इति ज्ञात्वा मयान्येद्युः, क्रोडे संस्थाप्य रागतः । शैशवे शिक्षिता तस्य, विद्याद्वयी मया विभो ।।
न मुग्धचित्तया नाथ, पापिन्या विदितं मया । ईदृशो यौवनं प्राप्य, कृतघ्नोऽयं भविष्यति ।९४।
हा हाऽहं वंचितानेन, पापिना तनुतापिना । तस्य दुश्चरितं नाथ, किं वदामि पुरस्तव ।९५।
इत्युक्त्वा रुदिता याव-त्तावद् ज्ञातं महीभुजा ।
विद्ये दत्वा करोत्येषा, स्त्रीचरित्राणी निश्चयात् ।९६।
स्त्रीकृतानि चरित्राणि, न ज्ञायंते बुधैरपि । नाशयित्वा च मे विद्ये, पुत्रं च विलपत्यसौ ।९७।
रक्ष्यं कथं मया हाहा, महत्त्वं जीवितं निजं । धुन्वन्निति शिरो राजा, विषादेन विनिर्गतः ।९८।
ममैव पालकः पुत्रो, मयैव परिवर्धितः । मत्त एवाप्त उच्चत्वं, सोऽपि मां मारयिष्यति ।९९।
रणे यदि न गच्छामि, शोभापि च न तादृशी । एवं दोलायमानेन, तेनायातं बले निजे ।६००।

મહાન સૈન્ય જોઈને પ્રદ્યુમ્ને કંઈક હસીને, ઈષ્ટદેવતાનું ધ્યાન કરી, મદોન્મત્ત હસ્તિસેના, વેગવંત અશ્વસેના, મહાન રથસેના તેમજ હજારોની સંખ્યાની પાયદળ સેના—આ પ્રમાણે ચતુરંગી સેના વિકુર્વી. બંદીજનો વડે ગવાતી બિરૂદાવલીથી તેમજ રણવાજિંત્રોથી સુભટો યુદ્ધ કરવા માટે થનગની રહ્યા !

સેનાપતિઓ સેનાપતિઓની સાથે, ઉપસેનાપતિઓ ઉપસેનાપતિઓની સાથે, સામાન્ય સૈનિકો સામાન્ય સૈનિકોની સાથે, મધ્યમ કક્ષાના સૈનિકો મધ્યમોની સાથે, ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સાથે, હસ્તિસેના હસ્તિસેનાની સાથે, રથિકો રથિકોની સાથે અને પદાતિઓ પદાતિ (પાયદળ) ઓની સાથે પરસ્પર ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. પ્રદ્યુમ્ને પૂજ્ય હોવાથી પિતાના સૈન્યથી પોતાના સૈન્યને નાશભાગ કરતું બતાવ્યું. પરંતુ દશે દિશામાં પોતાના સૈન્યને નાશભાગ કરતુ જોઈને ક્રોધે ભરાયેલા પ્રદ્યુમ્ને વિચાર્યું : 'સંગ્રામમાં કોણ પિતા અને કોણ પુત્ર ? પિતા વૈરી બનીને મારો વધ કરવા તૈયાર થયા છે, તો પછી મારે એવા લાગણીવેડા શા કામનાં ? એમ વિચારી ચતુરંગી સેના સાથે સૈન્યના મોખરે આવીને ઊભો રહ્યો. પ્રદ્યુમ્નના સૈન્યના ધસારાથી ક્ષણમાત્રમાં રાજાનું સૈન્ય ત્રાસી ગયું અને પીછેહઠ કરવા લાગ્યું. રાજાએ મંત્રીને કહ્યું : 'આ દુરાત્મા દુર્જય છે તો કોઈપણ રીતે આપણા સૈન્યની રક્ષા કરવી જોઇએ. મંત્રીશ્વર, હું રાણી પાસેથી શત્રુનો નાશ કરનારી રોહિણી અને પ્રજ્ઞપ્તિ વિદ્યા લઈને આવું, ત્યાં સુધી તમારે સૈન્યનું રક્ષણ કરવું.' મંત્રીએ કહ્યું : 'સ્વામિન્, આપ જલ્દી વિદ્યા લઈને આવો. ત્યાં સુધી હું બનતા પ્રયત્ને સૈન્યને રક્ષીશ, એ માટેની આપ જરાયે ચિંતા કરશો નહીં.' કાલસંવર રાજાએ રણભૂમિમાંથી રાત્રિના સમયે જઈને પટરાણી કનકમાલા પાસે બે વિદ્યાની માગણી કરી ત્યારે તેણી સ્ત્રીચરિત્ર કરીને રૂદન કરવા લાગી. રાજાએ તેણીના ચિહ્ન ઉપરથી જાણી લીધુ કે 'નક્કી આ જ વ્યભિચારિણી છે. એના જ આ બધા ચરિત્રો છે. દુષ્ટબુદ્ધિથી વિદ્યાઓ પ્રદ્યુમ્નને આપીને હવે સ્ત્રીચરિત્ર કરે છે.' આ પ્રમાણે વિચારતા રાજાએ કહ્યું : 'અરે સુભ્રુ, તું રૂદન કેમ કરે છે ? અત્યારે રોવાની વેળા છે ? જલ્દી મને વિદ્યા આપ.' ત્યારે જાણે પોતાનું સર્વસ્વ લૂંટાઈ ગયુ હોય તેમ ગદ્‌ગદ સ્વરે રાજાને કહ્યું : 'હે નાથ, આ પાપીએ મને એક રીતે નથી ઠગી ! હું અનેક રીતે ઠગાઈ ગઇ છું. એ પાપીના પાપને શું કહેવું ? હે પ્રાણનાથ, મેં તેનું બાળપણમાં લાલનપાલન કર્યું તે એટલા માટે કે વૃદ્ધાવસ્થામાં તે આપણા સુખને માટે થશે. એક દિવસ તે નાનો હતો ત્યારે ખોળામાં લઈને તેને રમાડતી હતી ત્યારે તેના પ્રત્યેના વાત્સલ્યભાવથી મેં ભોળીએ તેને બન્ને વિદ્યાઓ શીખડાવી, ત્યારે ભોળપણમાં મેં ના જાણ્યું કે એ યુવાન થશે ત્યારે આવો કૃતઘ્ન બનશે. અરેરે નાથ, એ પાપીએ મને બધી રીતે ઠગી. તેના દુશ્ચરિત્રને હું આપની આગળ શું કહું ?' આ પ્રમાણે કહીને તે વિલાપ કરવા લાગી. રાજાએ જાણ્યું : 'વિદ્યાઓ આપીને આ નક્કી સ્ત્રીચરિત્ર કરે છે. સ્ત્રીચરિત્રને બ્રહ્મા પણ જાણી શકતા નથી. મારી વિદ્યાઓનો નાશ કરાવીને હવે પુત્રનો વિલાપ કરે છે. ખેર, બીજું તો ઠીક પરંતુ મારા મહત્ત્વને હું કેવી રીતે ટકાવી શકીશ ? જેને મેં પાળીપોષીને મોટો કર્યો, પ્રેમ આપ્યો એના હાથે જ મારે મરવું પડશે ? મૂઢ એવા મેં પણ તેણીની માયાજાળમાં ફસાઈને પુત્રને દુશ્મન બનાવ્યો. હવે જો રણસંગ્રામમાં ના જઉં તો મારી શોભા શી ? અરે ભગવાન, તું મારા મહત્વનું રક્ષણ કરજે.' આ પ્રમાણે વિષાદને ધરતા, મસ્તકને ધૂણાવતા રાજા મનની ડામાડોળ સ્થિતિમાં રણભૂમિમાં આવ્યા.

प्रातः समेत्य युद्धोर्व्या–मवादीन्मदनं नृपः । रे दिग्मूढ कथं गूढ–बाणास्त्रं दधसे मुधा ।१।
शिक्षितोऽस्यधुनैव त्वं, तद्विमुंच पुरा शरान् । मयैव वर्धितं बालं, हन्म्यहं प्रथमं कथं ? ।२।
प्राणा नृणां क्षणक्षीण–भावं भजंति सर्वथा । ध्यात्वेति क्षत्रियो मर्तु–कामोऽपि न त्यजेत्स्मयं ।।
ततः स भूभुजेत्युक्तो, हसित्वा पितरं जगौ । पितः स एव मूढात्मा, स्त्रीवाक्यं विदधाति यः ।।
अविचार्यैव तद्वाक्या–त्स्वयमेव प्रवर्धितं । बालकं मूढतायुक्तो, निर्मंतुं हंतुमादिशेत् ।५।
पूज्यत्वात्प्रथमं वृद्ध–कृत्यं पश्चाच्छिशोर्भवेत् । अतस्त्वमेव वृद्धत्वात्, प्रथमं मुंच मार्गणं ।६।
तस्मिन्निति प्रकुर्वाणे, वितर्कणां रणांगणे । मुक्तः शिलीमुखः कोपा–त्कालसंवरभूभुजा ।७।
प्रद्युम्नस्य रथस्तेन, भंजितस्तत्क्षणादपि । तथापि केलये तेन, मुक्तः सुवेगमार्गणः ।८।
निबद्धय नागपाशेन, तेनानीतस्तदंतिके । तथापि न मदोन्मत्तः, किंतु लज्जानमच्छिराः ।९।
स्वशक्तिदर्शनार्थं सो–ऽजल्पच्छक्तियुतोऽत्र यः । स छोटयतु मत्तातं, पतितं बंधनापदि ।१०।
तेनेत्युदीर्यमाणे हि, कुर्वन्नृत्यं घनाश्रयात् । उत्तीर्णो नारदस्तत्र, समाययौ पवित्रहृत् ।११।
तत्र तेन समेतेन, कालसंवरपार्थिवः । प्रद्युम्नस्य पुरो बद्धो, दृष्टो हृष्टोऽभवत्तदा ।१२।
अहो जातमिदं भव्यं, यदेतयोः परस्परं । विरोधोऽभूदथ द्राग्मे, फलिष्यति मनोरथः ।१३।
मत्वेति नारदोऽप्राक्षी–द्विजानन्नपि मायया । युवयोः प्रीतिभाजोः किं, बभूव रणकारणं ।१४।
तदोचे मदनः स्वामिन्, मात्रा मम विरुपकं । किंचित्पितुः पुरः प्रोक्तं, मद्वधाय तदागतः ।१५।
सहसालीकवार्तया भाषितया मृगीदृशा । अविचारात्समायातो, मारणार्थमयं मम ।१६।
ततो द्वयोरपि प्रीति–मतोर्निरपराधयोः । पितृसून्वोरपि प्रादु–र्भूतोऽतिदारुणो रणः ।१७।
व्यक्तं मातुरपि प्रोक्तं, सर्वं स्वरूपमादितः । पुरस्तस्य मुनेस्तेन, कलंकभीतचेतसा ।१८।
आच्छाद्य श्रवणद्वंद्वं, तदैव नारदर्षिणा । चक्षुर्निमीलनं कृत्वा, मस्तकं धुन्वतोदितं ।१९।
वत्साश्राव्यं स्त्रीचरित्रं, मा श्रावय ममाधुना । स्त्रीस्वरुपं न जानासि, त्वमद्याप्यसि बालकः ।।
यस्मिन् स्युर्योषितो रक्ताः, स्वाभिलाषप्रपूरणात् ।
तस्य निर्द्रविणस्यापि, दद्युः प्राणानपि स्वकान् ।२१।
यस्मात्पुनर्विरक्तास्ताः, स्ववाक्याननुयायिनः । सद्रव्यं सुंदराकारं, स्वयमेव निहंति तं ।२२।
अद्यापि तव जागर्त्ति, भाग्ययोगो मनस्विनः । प्रस्ताव ईदृशेऽपि त्वं, जीवन्नेवोज्झितस्तया ।।
नारदर्षिवचः श्रुत्वा, मदनो दुःखगर्भितं । जगाद वचनं नाथ, निराधारोऽस्म्यहं क्षितौ ।२४।
न माता मे पिता मे न, स्वजना बांधवा न मे । तैर्विना निष्फलं जन्म, कथ्यते नरजन्मनि ।२५।
पितृभ्यां रहितः कुत्रा–हं गच्छाम्याश्रयामि कं । वर्तसे दीर्घदर्शी त्वं, जीवनोपायमादिश ।२६।
कालसंवरभूपो मे, पिता तेनैव वर्धितः । माता कनकमाला तु, स्तन्यपानमकारयत् ।२७।
तयोस्तु कार्यमीदृक्षं, यथा कुर्यान्न वैर्यपि । तदाधारवियुक्तस्य, का गतिर्मे भविष्यति ।२८।

प्रद्युम्नस्य महादुःख-वाक्यमाकर्ण्यनारदः । जगाद मा कृथा दुःखं, तव पुण्यं विजृम्भते ।२९।
प्राज्यास्ते स्वजनाः संति, स्कंधोध्धुराः सहोदराः । हरिवंशसमुत्पन्न, यादवा बलशालिनः ।३०।
द्वारिकानगरीनाथः, केशवो नवमो बली । कृष्ण इत्यभिधस्तेऽस्ति, पिता गर्जन् गजेंद्रवत् ।३१।
स्वप्राणेभ्योऽप्यभीष्टास्ति, वल्लभा तस्य रुक्मिणी। शीलादिभिर्गुणैर्वर्या,त्वदीया जननी च सा ।।
सपत्नी वर्त्तते तस्याः, सत्यभामाऽभिमानिनी । विडंबयति मात्सर्या-न्मृदुलां तव मातरं ।३३।
त्वदीयाकारणार्थं त-दहं संप्रेषितस्तया । मया सह त्वमागच्छ, वत्स स्वच्छमना द्रुतं ।३४।
स्वरूपं निजवंशस्य, शस्यं निशम्य मन्मथः । मुमुदे कस्य न स्यात्स्व-वंशदीप्तिश्रुतिर्मुदे ।३५।

હતાશ થયેલા રાજાએ પ્રભાતે સંગ્રામભૂમિમાં આવીને પ્રદ્યુમ્નને પડકાર આપ્યો : 'રે મૂઢ, ફોગટ બાણોને શા માટે રમાડે છે ? હમણાં જ તને શસ્ત્રવિદ્યા શિખવાડી છે, તો તું પ્રથમ મારા પર બાણવર્ષા કર, મેં તને બચપણથી મોટો કર્યો છે તો મારાથી તારો વધ કેમ થઇ શકે ? માટે પહેલો ઘા તું કર.' મનુષ્યોના પ્રાણો ક્ષણભંગુર હોય છે. નાશવંત હોય છે. એમ વિચારીને ક્ષત્રિયપુત્ર મરવા માટે તૈયાર થાય, પરંતુ પોતાના અહંકારને છોડતો નથી. પિતાનું વચન સાંભળી કંઇક હસીને પ્રદ્યુમ્ને કહ્યું : 'પિતાજી, મૂઢ એ જ કહેવાય કે જે સ્ત્રીના વચનને અનુસરે છે. સ્ત્રીના વાક્યથી પોતે મોટો કર્યો અને હવે એ જ નિરપરાધી બાળકનો વધ કરવા માટે તૈયાર થયા છો. લોકમાં પણ કહેવાય છે કે : 'પૂજ્ય હોવાથી પ્રથમ વૃદ્ધે કાર્ય કરવું જોઇએ. પછીથી બાળક કરે.' આથી આપ વૃદ્ધ હોવાથી પહેલો ઘા આપ કરો.'

યુદ્ધભૂમિમાં આ રીતે કલ્પનાઓ કરવાની હોય નહીં, એમ જાણીને ક્રોધાતુર બનેલા કાલસંવર રાજાએ પ્રદ્યુમ્ન ઉપર બાણવર્ષા કરીને પ્રદ્યુમ્નના રથને ક્ષણમાત્રમાં ભાંગી નાખ્યો. તો પણ પ્રદ્યુમ્ન પિતાની સાથે ક્રીડાયુદ્ધ કરે છે. પ્રદ્યુમ્નના પ્રાણને હણવા માટે કાલસંવરે જ્યારે તીક્ષ્ણ શસ્ત્ર છોડવાની તૈયારી કરી ત્યારે ચપલ એવા પ્રદ્યુમ્ને 'સુવેગ' નામનું બાણ છોડીને તેના શક્તિ નામના શસ્ત્રને છેદી નાખ્યું. ત્યાર બાદ નાગાસ્ત્ર મૂકીને રાજાને નાગપાશથી બાંધી પોતાની પાસે લાવ્યો. તો પણ તેના મનમાં જરાયે અહંકાર નથી. પરંતુ લજ્જાથી નીચુ મુખ રાખીને ઉભો રહ્યો અને મોટે સ્વરે બોલ્યો : 'જે કોઇ શક્તિશાળી પુરૂષ હોય તે પોતાની શક્તિનું પ્રદર્શન કરવા માટે બંધનમાં પડેલા મારા પિતાને બંધનમુક્ત કરે.' એ જ સમયે નૃત્ય કરતા પવિત્ર હૃદયવાળા નારદજી આકાશમાંથી નીચે ઉતર્યા. ત્યારે પ્રદ્યુમ્નની પાસે નાગપાશથી બંધા-યેલા કાલસંવર રાજાને જોઇને નારદજી ખુશ થયા : 'સારૂં થયુ. આ બંનેનો પરસ્પર વિરોધ થયો, તે સારા માટે થયો, તો જ મારો મનોરથ સફળ થશે.' એમ માનીને નારદજીએ જાણતા હોવા છતાં અજાણ્યા થઇને પ્રદ્યુમ્નને પૂછયું : 'વત્સ, તમારે પિતા-પુત્રને ઘણો પ્રેમ હતો, તો આમ એકાએક યુદ્ધ કરવાનું શું કારણ ?' પ્રદ્યુમ્ને કહ્યું : 'સ્વામિન્, અમારે પિતા-પુત્રનો ઘણો સ્નેહ હતો, પરંતુ માતાએ મારી વિરૂદ્ધ પિતાના કાનમાં વિષ રેડયું. અવિચારી અને અસત્ય-ભાષી એવો સ્ત્રીઓનો સ્વભાવ જાણવા છતાં માતાના કહેવાથી પિતા મારો વધ કરવા તૈયાર થયા. નિરપરાધી એવા મારો વધ કરવા માટે પિતાજી મોટું સૈન્ય લઇને આવ્યા. આ પ્રમાણે કહીને કલંકના ભયથી માતા સાથે જે ઘટના બની તેની આદિથી અંત સુધી બધી વાત નારદજીને કહી, ત્યારે નારદઋષિ બે કાન ઢાંકી, આંખો બંધ કરીને મસ્તક ધૂણાવતા બોલ્યા : 'વત્સ, સ્ત્રીચરિત્ર સાંભળવા લાયક નથી. હવે વધારે મને ના સંભળાવ. તું હજુ બાળક છે. તેં સ્ત્રીચરિત્રને જોયું નથી

અને જાણ્યું નથી. પોતાની અભિલાષા પૂર્ણ થવાથી જે પુરૂષ પ્રત્યે પોતે અનુરાગી હોય તે ભલે નિર્ધન હોય કે કુરૂપ હોય, તો પણ તેને પોતાના પ્રાણ સહેલાઈથી આપી શકે છે. અને જે પુરૂષ તેના વચનને અનુસરનાર નથી, તેની ઈચ્છાઓ પૂર્ણ કરનાર નથી, તે પુરૂષ ભલે ધનવાન હોય કે સુંદર હોય, તેના પ્રત્યે વિરક્ત બનેલી તેનો વધ કરતાં પણ અચકાતી નથી. હજુ તારૂં ભાગ્ય જાગ્રત છે કે તને આવા અવસરે જીવતો જવા દીધો.' નારદઋષિની વાત સાંભળીને ગદ્‌ગદ્ સ્વરે પ્રદ્યુમ્ન દુઃખપૂર્ણ વચન બોલ્યો : 'નાથ, આ જગતમાં હું નિરાધાર છું. મારે કોઈ માતા નથી, પિતા નથી, બંધુ કે સ્વજન નથી. એ બધા વિના મારો જન્મ નિષ્ફળ છે. મા–બાપ વિનાનો હું ક્યાં જાઉં ? કોના આશ્રયે રહું ? આપ દીર્ઘદર્શી છો, મને મારા જીવનનો ઉપાય બતાવો. મારા પિતા કાલસંવર રાજાએ મારૂં લાલન–પાલન કર્યું, માતા કનકમાલાએ મને સ્તનપાન કરાવ્યું, એ જ માતા–પિતાએ કોઈ દુશ્મન ના કરે તેવું કાર્ય કર્યું. તેથી નિરાધાર એવા મારી શું ગતિ થશે ?' પ્રદ્યુમ્નના આવા દુઃખપૂર્ણ વચન સાંભળીને નારદજીએ તેને આશ્વાસન આપ્યું : 'વત્સ, તારે દુઃખી થવાની શી જરૂર ? તારૂં પુણ્ય ઘણું જાગ્રત છે. હરિવંશમાં ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ યાદવો તારા સ્વજનો છે. બળવાન અને પરાક્રમી એવો તારો બંધુવર્ગ છે. દ્વારકા નગરીના અધિપતિ નવમા વાસુદેવ હાથીની માફક ગર્જના કરતા બળવાન કૃષ્ણ તારા પિતા છે. તેની પ્રાણથી પણ અધિક પ્રિય સર્વગુણસંપન્ન અગ્રમહિષી રુક્મિણી જેવી તો તારી માતા છે. તેની અભિમાની શોકય સત્યભામા ઈર્ષ્યાથી તારી કોમળ માતાને હમેશાં વિડંબના કરે છે, તેથી તને લેવા માટે જ તારી જન્મદાત્રી માતાએ મને મોકલ્યો છે. તો વત્સ, હવે તું મારી સાથે જલ્દી આવ અને તારા વિયોગમાં ઝુરતી તારી માતાને સંતુષ્ટ કર.' પોતાના નિર્મલ વંશની પ્રશંસા સાંભળીને પ્રદ્યુમ્ન ખુશ થયો. પોતાના કુલ–વંશનું ગૌરવ સાંભળીને કોને આનંદ ના થાય ?

प्रद्युम्नस्तत आचख्यौ, नारदं किं करोम्यहं । तेनोक्तं पतितानेता–नुत्थाप्यनिखिलान् व्रज ।।
नारदर्षिगिरा तेनो–त्थापिताः कृपया भटाः । ब्रुवाणा हतहतेति, प्रमीलात इवोत्थिताः ।३७।
नारदेन तदा प्रोक्तं, ज्ञातं ज्ञातं भवद्बलं । हतो हतोऽरिर्युष्माभि–र्मोनमेवाथ धीयतां ।३८।
सर्वेभ्योऽपि बलिष्टेन, मदनेन दयालुना । मुक्ता जीवितदानार्थं, गेहं गच्छत मंगलैः ।३९।
नारदर्षिवचोयोगा–द्विलक्षवदना भटाः । अपि प्रत्युत्तरं दातुं, शक्ताः समभवन्न हि ।४०।
पितापि भक्तिरागेण, दृढबंधनकष्टतः । विमुक्तः सोऽपि लज्जालुः, प्रद्युम्नं न किमप्यवक् ।४१।
यथा गंधगजेंद्रस्य, पुरः स्युरपरे गजाः । वीरा गलितदर्पास्ते, प्रद्युम्नाग्रे तथाभवन् ।४२।
बलेन मदहीनेन, युक्तो मौनावलंबनः । भून्यस्तलोचनो राजा, पुरं साधुरिवागमत् ।४३।
विषादेन समन्वीतो, गत्वा निकेतनं निजं । बभाण भामिनीं भूपो, न किंचित्तव दूषणं ।४४।
यत्पूर्वमर्जितं कर्म, तदेव सुखदुःखकृत् । अतो हर्षविषादौ न, कर्तव्यौ संपदापदोः ।४५।
दुःखाढयमपि भूपालं, राज्ञी पप्रच्छ वल्लभ । सर्वेऽप्यत्र समायाता–स्तनया न्यायसंगिनः ।।
निःश्वस्य पार्थिवः प्राह, दूरे तिष्टंतु तेऽखिलाः। एकोऽपि न समेतोऽस्ति, मम वाक्यविधायकः ।।
खेदार्त्तौ वदतो याव–द्दयया मदनेन तु । मुक्ता वापीजलात्तेऽपि, श्यामास्यास्तावदागताः ।।

भग्नं सैन्यमिवालोक्य, समस्तमपि तद्बलं । राज्ञ्या दुश्चरितं सर्व–लोकैर्ज्ञातं विनिश्चितं ।४९।
कृतस्य प्रकटं यद्वा, रहःकृतस्य कर्मणः । प्रसिद्धिः सर्वथा पंगु–र्न स्यादभ्रगतार्कवत् ।५०।
अहार्यस्यापि सैन्यस्य, तस्य योऽभूत्पराजयः । राज्ञीपापफलं सर्व–मपि तत्समभूद्विभोः ।५१।
ततः सर्वेऽपि जल्पंति, धर्मादेव जयो भवेत् । पापादेव क्षयस्तन्न, पापं कार्यं मनीषिभिः ।५२।
पुण्यं कार्यं सज्जयोत्पत्तिकारं, पापं वार्यं बालकैर्जेयदर्पं ।
स्तुत्यो निंद्यः पुण्यपापाद्भवेतां, जेयाजेयौ मानवौ युद्धमध्ये ।५३।
पुण्यादेवातिशयविशदान् षोडशोत्तुंगलाभान्, भूस्पृग्भूयोभयदविषमस्थानकेऽप्याप विद्यां ।
एकाकित्वेऽप्यरिजयकरो यो महासंप्रहारे, स प्रद्युम्नो विलसति सुखं देवमुन्यादियुक्तः ।५४।

પ્રદ્યુમ્ને નારદને પૂછ્યું : 'નાથ, હવે હું શું કરૂં ?' નારદે કહ્યું : 'યુદ્ધભૂમિમાં આ બધા પડેલા છે, તેઓને સ્વસ્થ કરીને તું મારી સાથે ચાલ.' નારદના કહેવાથી પ્રદ્યુમ્ને પોતાની વિદ્યાશક્તિથી બધાને ઉઠાડચા. ઉંઘમાંથી ઉઠચા હોય તેમ 'મારો....મારો....' એમ બોલતા સુભટોને નારદે કહ્યું : 'જાણ્યું', જાણ્યું તમારૂં શૂરાતન ! બરાબરનું જાણ્યું. શત્રુને 'હણો.... હણો....' એમ બોલવા કરતાં મૌન ધારણ કરો. તમારા બધાથી બળવાન એવા પ્રદ્યુમ્ને તમારા ઉપર દયા લાવીને તમને જીવતા મૂકચા છે. તો સીધે સીધા ઘેર ચાલ્યા જાવ.' નારદઋષિના વચનથી વિલખા થયેલા સુભટો પ્રત્યુત્તર આપવા માટે તો નહિ, પરંતુ સામું જોવા માટે શક્તિમાન થયા નહિ. પિતાને પણ ભક્તિરાગથી દૃઢ બંધનમાંથી મુક્ત કર્યા. રાજા પણ લજ્જાથી નીચું જોઇ રહ્યા. પ્રદ્યુમ્નની સાથે કંઈ પણ બોલ્યા વિના પોતાના નગર ભણી ચાલી ગયા. જેમ ગંધહસ્તિની આગળ બીજા બધા હાથીઓના મદ ઓગળી જાય તેમ પ્રદ્યુમ્નની આગળ પરાક્રમી સુભટોનો મદ (અહંકાર) પણ ઓગળી ગયો. ખેદ, વિષાદ અને નિરાશાથી ભરેલા રાજાએ ઘેર જઇને પોતાની પત્નીને કહ્યું : 'એમાં કંઇ તારો દોષ નથી, પૂર્વે કરેલા કર્મને અનુસારે સુખ-દુઃખ મળે છે. તો સંપત્તિ અને વિપત્તિમાં હર્ષ કે વિષાદ કરવા જેવો નથી.' રાજાની દુઃખપૂર્ણ વેદનાને જાણીને કનકમાલાએ પૂછ્યું : 'સ્વામિન્, તમારા પરાક્રમી એવા બધા પુત્રો આવ્યા હતા કે નહિ ?' નિસાસો નાંખીને રાજાએ કહ્યું : 'તે સર્વે દૂર રહો. તેમાંથી એક પણ પુત્ર મારૂં કહ્યું કરનાર નથી.' આ પ્રમાણે ખેદથી રાજા-રાણી વાત કરી રહ્યા છે, ત્યારે પ્રદ્યુમ્ને દયાભાવથી તે બધાને વાવમાંથી મુક્ત કરેલા તે શ્યામ મુખવાળા બધા ત્યાં આવ્યા. સઘળું સૈન્ય બળભ્રષ્ટ થયેલું જોઈને સર્વે લોકોએ જાણ્યું કે નક્કી આ રાણીનું જ દુશ્ચરિત્ર છે. પ્રગટમાં કરેલું હોય કે એકાંતમાં કરેલું કાર્ય હોય, તે વાદળમાં છુપાયેલા સૂર્યની જેમ સર્વથા બહાર આવ્યા વિના રહેતું નથી. રાજાના બળવાન એવા સૈન્યનો પણ પરાજય થયો, તે સર્વે રાણીના પાપકર્મનું જ ફળ છે. તેથી સર્વે લોકો બોલવા લાગ્યા : 'ધર્મથી જ જય અને પાપથી જ ક્ષય થાય છે.' તે કારણે બુદ્ધિમાન પુરૂષોએ પાપકાર્ય કરવું જોઇએ નહીં. જયની ઉત્પત્તિનું કારણ પુણ્યકર્મ

અને પરાજયનું કારણ પાપકર્મ છે. પુણ્યથી પ્રશંસા અને પાપથી નિંદા મળે છે. તેમ યુદ્ધમાં પણ પુણ્યથી જયલક્ષ્મી અને પાપોદયથી પરાજિતપણું પ્રાપ્ત થાય છે. પ્રદ્યુમ્નને પુણ્યથી જ અતિશયવાળા મહાન સોળ લાભ પ્રાપ્ત થયા. તેમજ મનુષ્યોને ભયપ્રદ એવા ભયંકર સ્થાનો-માંથી પણ વિદ્યાઓ અને સ્ત્રીની પ્રાપ્તિ થઈ. અને પોતે એકાકી હોવા છતાં પણ ઘોર સંગ્રામમાં શત્રુઓને પરાજિત કર્યા. તે બધી ખરેખર, પુણ્યની જ લીલા છે. દેવો અને મુનિઓથી યુક્ત પ્રદ્યુમ્ન દેવકુમારની જેમ સુખ ભોગવે છે.

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી સમા શ્રી રાજસાગરગણિના વિદ્વાન્ શિષ્ય શ્રી રવિસાગર-ગણિએ રચેલા શ્રી 'શાંબ-પ્રદ્યુમ્ન ચરિત્ર'માં શ્રી પ્રદ્યુમ્નકુમારને સોળ લાભની પ્રાપ્તિ, પિતા અને બંધુજનોનો વિરોધ, તેમજ નારદઋષિનું આગમન, આદિનું વર્ણન કરતો ૬૫૪ શ્લોક પ્રમાણનો નવમો સર્ગ સમાપ્ત થયો.

## સર્ગ-૧૦

अथोचे नारदर्षिस्तं, प्रद्युम्नं द्युम्नदायकं । वत्सावाभ्यामविक्षेपं गम्यते द्वारिकापुरि ।१।
तदावादीत्कुमारस्तं कृतज्ञैकशिरोमणिः । युक्तं न गमनं नाथा–नापृच्छ्य पितरौ मम ।२।
यस्माद्यो वयसा वृद्धि, प्राप्तोऽथवा विभूतिभिः । उपकारविधातारं, तं न लुंपेद्विचक्षणः ।३।
अत्रैव त्वमतस्तिष्ठ, व्रजित्वाहं पुरि द्रुतं । पृष्ट्वा मत्पितरौ सत्रा, त्वयैवायामि नारद ।४।
मुनिं तं कथयित्वेति, मुक्त्वा तत्रैव मन्मथः । जगाम जनकागारं, निर्विकारं दधन्मनः ।५।
माता कनकमालापि, तत्रैव संस्थिताऽभवत् । तौ द्वावपि नमस्कृत्य, बभाषे मदनो नृपं ।६।
युवयोरहमन्यायी, दुष्कर्मकारकोऽपि च । क्षमेतामथ मन्मंतुं, युवां कारुण्यसागरौ ।७।
किमस्त्यतः परं पापं, यन्मातर्यपि कामनं । तदप्यज्ञानतोऽकार्षं सर्वमपि क्षमस्व तत् ।८।
उत्तमाः पुरुषा नैव, निर्नाथमपराधिनं । दीनं द्रविणहीनं न, विडंबयंति सर्वथा ।९।
तवैव बालको वर्ते, त्वयैवाहं विवर्धितः । त्वयैव प्रापितो भव्या–मियतीं पदवीमपि ।१०।
शैशवे या मयावज्ञा, बालकेन विनिर्मिता । सा स्मर्तव्या युवाभ्यां न, गभीराभ्यां कदाचन ।११।
अद्यप्रभृति माता त्वं तातस्त्वमेव चक्षुषा । दृष्टशाथ मया सौख्यप्रवर्द्धको न चेतरः ।१२।
युवयोर्यदि निर्देशो, भवेत्पालकयोर्मम । तर्ह्यहं जन्मदातारौ, पश्यामि पितरौ निजौ ।१३।
कुलीना नंदना ये स्युः, पित्रोराज्ञां विना न तैः । किमपि क्रियते कृत्यं, शुभं वा ह्यशुभं खलु ।।
अवज्ञाप्रविधाताप्य–पराधशतकारकः । स्वकीयतनयत्वेन, स्मर्तव्योऽहं निरंतरं ।१५।
ममैव कुक्षिसंभूतोऽ विनीतोऽपि ह्ययं शिशुः । विचिंतनीयमित्येव, त्वया मातर्न चान्यथा ।।
बालका बालभावेन, निःस्नेहा निर्दया यदि । भवेयुरविनीताश्च, पितरौ स्नेहलालसौ ।१७।
पितरौ मिलितुं यामि, यद्यप्यहमितः पितः । तथापि युवयोः पाद–पद्मे मच्चित्तषट्पदः ।१८।

लोकेऽपि कथ्यते सर्वे, पुत्रा यदि कुपुत्रकाः । पितरौ भवतः सर्व—सहौ मोहानुषंगतः ।१९।
आत्मनो दूषणाभावे—ऽप्यंगीकृत्य स्वदूषणं । पितरौ क्षमितौ तेन, विनीत इदृगेवहि ।२०।
इत्यभिधीयमानेऽपि विनयेन मुहुर्मुहुः । लज्जयाधो मुखौ तौ न किमपि प्रत्यजल्पतां ।२१।
आदेशमार्गणे मौन—मप्यादेशाय संभवेत् । उत्सुकः स विमृश्येति, पितरौ भक्तितोऽनमत् ।२२।
बांधवानपि संतोष्य, स्वजनान् सकलानपि । पुनरप्यागमिष्यामि, कथयित्वेति निर्ययौ ।२३।
तदा प्रत्यर्थिभिर्ज्ञातं, समीचीनमभूदिदं । उत्तीर्णं शिरसः शल्यं, सुखेन विचरिष्यते ।२४।
सुजनैर्विदितं नृणां, भविष्यत्यथ का गतिः । अधमाः प्रसरिष्यंति, दुष्टेष्वयमभूत्सृणिः ।२५।
नीचतादर्शनाभावा—दुच्चतादर्शनान्नृणां । गुणैः सर्वैरपि स्तूय—मान एवाचलत्पुरात् ।२६।

નારદ ઋષિએ તેજસ્વી પ્રદ્યુમ્નને કહ્યું : 'વત્સ, હવે આપણે જલ્દીથી દ્વારકા નગરી પહોંચવું જોઈએ.' કૃતજ્ઞશિરોમણી પ્રદ્યુમ્નકુમારે કહ્યું : 'નાથ, માતા-પિતાને પૂછ્યા વિના હું નહી આવું. જે માતા-પિતાએ મને જીવન આપ્યું, પાળીપોષીને મોટો કર્યો અને જેના પ્રતાપે હું આટલી વિભૂતિ પામ્યો, એવા ઉપકારી માતા-પિતાની અવજ્ઞા મારાથી કેમ થઈ શકે? આપ અહીં ઊભા રહો. હું નગરીમાં જઇને માતા-પિતાની રજા લઇને આવું છું.' એમ કહીને નારદને ત્યાં મૂકીને સરલ સ્વભાવી પ્રદ્યુમ્ન પિતાના મહેલમાં ગયો. માતા કનકમાલા પણ ત્યાં જ હતી. માતા-પિતા બંનેને નમસ્કાર કરીને પ્રદ્યુમ્ન બોલ્યો : 'હે માતા-પિતા, હું અન્યાય કરનારો અને દુષ્કર્મ કરનારો હોવા છતાં આપ તો કરૂણાના સાગર છો. મારા અપરાધની ક્ષમા આપો. માતાને હેરાન કરવી, એનાથી વધીને બીજું કયું પાપ હોય? અજ્ઞાનતાથી મેં જે કાંઇ આપનું અહિત કર્યું, તેની હે માતા! મને ક્ષમા આપો. ઉત્તમ પુરૂષો અનાથની, અપરાધીની દીન કે હીનની વિડંબના કરતા નથી. હું તમારો જ બાળક છું, તમે જ મને મોટો કર્યો છે અને તમે જ મને અહીં સુધી પહોંચાડ્યો છે. આટલી સુંદર વિભૂતિ આપી છે. બાળપણમાં બાલચેષ્ટાથી મેં આપની ઘણી ઘણી અવજ્ઞા કરી હશે, ગંભીર હૃદયવાળાં એવાં આપે તે યાદ કરવી નહિ. આજ સુધી મેં તમને માતા અને તમને જ પિતા તરીકે જોયા છે, મારા સુખને વધારનાર આપ સિવાય બીજું કોઇ નથી. તો હે માતા-પિતા! આપ જો આજ્ઞા આપો તો મારા જન્મદાતા માતા-પિતાને જોવા માટે જાઉં. કુલવાન પુત્રો માતા-પિતાની આજ્ઞા વિના શુભ કે અશુભ કંઇ પણ કાર્ય કરતા નથી. આપની અવજ્ઞા કરનારા, આપના સેંકડો અપરાધો કરનારા એવા મને, પુત્ર તરીકે હંમેશા યાદ કરજો. 'અવિનીત એવો આ બાળક મારી કુક્ષીથી ઉત્પન્ન થયો છે.' આ પ્રમાણે હે માતા, આપે હંમેશા વિચારવું. બાળકો બાલભાવથી નિઃસ્નેહી, નિર્દય અને અવિવેકી હોય, છતાં માતા-પિતા પુત્ર ઉપર પ્રેમ જ રાખે છે. લોકમાં પણ કહેવાય છે કે 'પુત્ર કપુત્ર થાય પરંતુ માતા-પિતા તો બધું સહન કરીને પુત્ર ઉપર હંમેશા વાત્સલ્ય જ રાખતા હોય છે.' પિતાજી, જો કે હું માતા-પિતાને મળવા જાઉં છું, છતાં મારો મનરૂપી ભ્રમર આપના ચરણકમલમાં સદાયે ગુંજારવ કરતો રહેશે.' પોતાનો કોઇ દોષ ના હોવા છતાં પ્રદ્યુમ્નકુમાર બધા દોષ પોતે સ્વીકારીને માતા-પિતાને વારંવાર ખમાવે છે, એ જ એનું વિનયી અને વિવેકીપણું સૂચવે છે. પ્રદ્યુમ્ને આ પ્રમાણે વારંવાર વિનયપૂર્વક ક્ષમાયાચના કરવા છતાં લજ્જાથી કાલસંવર અને કનકમાલા નીચું જોઇ રહ્યાં. કંઇ પણ બોલ્યાં નહી. 'મૌનં અનુમતમ્!' 'મૌન એ જ આજ્ઞા' એમ માનીને માતા-પિતાને નમસ્કાર કરી ત્યાંથી નીકળીને બંધુવર્ગ તેમજ બધાયે સ્વજનોને સંતોષ આપીને 'ફરીથી

પાછો આવીશ,' એમ કહીને નગરની બહાર આવ્યો. ત્યારે વિરોધીઓએ મનમાં વિચાર્યું : 'સારૂં થયું. અમારા મનનું એક શલ્ય ગયું. હવે સુખેથી રહીશું.' જ્યારે સજ્જન માણસોએ વિચાર્યું : 'હવે કોણ જાણે શું થશે ? સજ્જન માણસોની શું ગતિ થશે ? હવે અધમ માણસો એમની નીચતા બતાવશે. આવો ગુણવાન ઉત્તમ પુરૂષ નગરમાંથી ચાલ્યો જતાં સર્વત્ર અંધકાર ફેલાશે.' આ પ્રમાણે લોકોના મુખે પ્રશંસા કરાતો પ્રદ્યુમ્ન, નગરમાંથી નીકળીને નારદજી પાસે આવ્યો.

उपेत्य नारदाभ्यर्णं, नत्वा च क्रमयामलं । प्रद्युम्नोऽवक्कियत्यस्ति, स्वामिन् द्वारवती पुरी ।।
तदाह नारदो वत्स, वैताढ्यगिरिरस्त्ययं । वसंति खेचरा एव, न पुनर्भूचरा इह ।२८।
इतोऽस्ति महती भूमि-र्यावत्सा पूस्तदाह सः । तामल्लंघयितुं पद्भ्यां, भविष्यावः कथं क्षमौ ।।
नारदर्षिरवादीत्तं, तच्चित्ततुष्टिपुष्टये । माकार्षीश्चिंतया युक्तं, हृदयं सुकुमालधीः ।३०।
विमानं रचयिष्यामि, वेगान्मार्गावगाहकं । आवां तत्र समारुढौ, प्राप्स्यावस्तां पुरीं द्रुतं ।३१।
प्रद्युम्नोऽभ्यदधत्स्मित्वा, रच्यतां रच्यतां जवात् ।
पश्याम्यहमपि स्वामिन्, रचनां रचितां त्वया ।३२।
ततस्तेन विशेषेण, विधाय रचनां बहु । किंकिणीचित्रसंयुक्तं, विमानं रचितं ततं ।३३।
मदनस्तत्समालोक्य, जगाद नारदं मुनिं । द्वयोरप्यावयोः प्रौढ-भारमेतत्सहिष्यति ।३४।
हसित्वोचे मुनिर्बाल, स्वरूपमस्य वेत्सि न । अर्कतूलसमानोऽयं, किंमात्रो भार आवयोः ।३५।
एतस्मिन् स्थूलवस्तूनां, यदि भाराः सहस्रशः । प्रक्षिप्यंते तथाप्यस्य, न भंगः सर्वथा भवेत् ।३६।
मदनोऽभिदधातिस्म, यद्येवं वर्त्तते मुने । आरोहाम्यहमेतत्तत्, सोऽवक्त्वं शीघ्रमाश्रय ।३७।
इत्युक्ते मुनिना तेन, स यावत्पादमादधौ । त्रटत् त्रटत् प्रकुर्वाणा-स्त्रुटितास्तस्य संधयः ।३८।
चालिनीव विमानं त-त्सच्छिद्रं समभूत्क्षणात् । हसंस्तदा स आचख्यौ, मुनेरेतद्विमानकं ।३९।
क्रममात्रे प्रदत्तेऽपि, यदासीत् त्रुटितं खलु । निर्वाहकं कथं नाथ, तदाग्रे तद्भविष्यति ।४०।
यथेच्छं भ्रमता देशे, देशे त्वया मुनीश्वर, विद्येदृशी कुतः प्राप्ता, विमानरचनाकरी ।४१।
त्वयि विद्या त्वयि ज्ञानं, विज्ञानमपि च त्वयि । एतावंतं मुने कालं, प्रतीतिरिति मेऽभवत् ।।
लज्जितो मुनिरप्याख्यत्, किं त्वं हससि भूरिशः । जराजर्जरितांगस्य, कार्यमीदृक्षमेव हि ।४३।
स्फुटत्तारुण्यलावण्यः, सर्वविद्याविशारद । त्वमेव रचय क्षिप्रं, विमानं वेगगामुकं ।४४।
इत्यादेशं मुनेः प्राप्य, प्रद्युम्नेन मनस्विना । विमानरचना चक्रे, निजविद्याबलेन तु ।४५।
जातरूपमयं सर्वं, रत्नैः षोडशजातिभिः । खचितं लंबमानाभि-र्महाघंटाभि रन्वितं ।४६।
वायुना कंपमानेन, ध्वजेनाभिलिहन्नभः । शोभितं दीर्घिकावापी-कूपकासारभासुरं ।४७।
हंससारसकादंब-मयूरैरुपशोभितं । नालिकेरकदल्यादि-नानावृक्षैः समाकुलं ।४८।
चामरैश्चामरैश्चारुरचनारचितैरिव । वादित्राणां विचित्राणां निनादपुरितांवरं ।४९।
वातायनैर्वरं क्षुद्र-घंटिकानिःस्वनैः पुनः । मुक्ताफललसज्जालै-र्भूरिशोभाधरं बभौ ।५०।

विधायेति विमानं त–न्नारदं च नयान्वितं । प्रद्युम्नो मुनिमाचख्यौ, योग्यं जानासि चेदिदं ।५१।
समारोह तदेतत्त्वं, विलंबेन विना विभो । अदृष्टां रचनां दृष्ट्वा, मुनिरप्याह संमदात् ।५२।
समारोह त्वमप्येतत्, कालक्षेपं करोषि किं । वरिवर्ति वियोगार्त्ता, जननी दुःखिनी तव ।५३।
इत्युक्तेऽपि स लीलातो, मंदं मंदमचालयत् । तदर्षिः पुनरप्याख्य–द्धस्तैस्तच्चालय द्रुतं ।५४।
वियोगवह्निना दग्धा, रुक्मिणीवदनद्युतिः । त्वद्वक्त्रसुधया सिक्त्वा, तां नवपल्लवां कुरु ।५५।
जनन्या यदि मान्याया–स्त्वत्तो दुःखं न यास्यति । त्वया शक्तियुतेनापि, पुत्रेण किं प्रयोजनं ।।

નારદજીને નમસ્કાર કરીને પ્રદ્યુમ્ને કહ્યું : 'સ્વામિન્, દ્વારિકા નગરી ક્યાં છે?' ત્યારે નારદે કહ્યું : 'વત્સ, આ તો વૈતાઢ્ય પર્વત છે. અહીયાં તો વિદ્યાધરો જ વસે. ભૂચરો (ભૂમિ ઉપર ચાલનારા) કોઇ આવી શકે નહીં. અહીંથી ધરતી બહુ દૂર છે. કેટલીય પૃથ્વીનું ઉલ્લંઘન કરીશું ત્યારે દ્વારિકા નગરી આવશે.' પ્રદ્યુમ્ને કહ્યું : 'ત્યારે આપણે પગે ચાલીને કેવી રીતે જઇ શકીશું?' પ્રદ્યુમ્નને સંતોષ આપવા માટે નારદે કહ્યું : 'સુકુમાર, તું ચિંતા કરીશ નહીં. વેગથી આકાશ-માર્ગે ચાલી શકે તેવું સુંદર વિમાન હું બનાવીશ. તેમાં બેસીને આપણે ત્વરાથી દ્વારિકા પહોંચી જઇશું.' ત્યારે પ્રદ્યુમ્ને હસીને કહ્યું : 'સ્વામિન્, આપ વિમાન બનાવો. હું પણ તમારી રચના અને કલાને જોઉં.' ત્યારે નારદે વિશેષ પ્રકારની રચનાવાળું, ઘૂઘરીઓવાળું અને અનેક પ્રકારના ચિત્રોવાળું સુંદર વિમાન બનાવ્યું. તે જોઇને પ્રદ્યુમ્ને કહ્યું : 'સ્વામિન્, આ વિમાન આપણા બંનેનો ભાર કેવી રીતે સહન કરશે?' હસીને નારદે કહ્યું : 'અરે બાળક, આ વિમાનના સ્વરૂપને તું જાણતો નથી. આ વિમાનમાં ભારેમાં ભારે સ્થૂલ વસ્તુઓ મૂકવામાં આવે તો પણ, વિમાનનો એક નાનકડો ભાગ પણ તૂટે નહીં. જ્યારે આપણા બંનેનો ભાર તો તેની અપેક્ષાએ આકડાના રૂ જેવો અલ્પ છે.' પ્રદ્યુમ્ને કહ્યું : 'વિમાનનું આટલું બધું મહત્વ હોય તો હું જ પહેલાં આરોહણ કરૂં.' નારદે કહ્યું : 'ભલે, જલ્દીથી બેસ.' પ્રદ્યુમ્ને વિમાનમાં જેવો પગ મૂક્યો કે તૂર્ત વિમાનના સાંધેસાંધા તૂટી ગયા. ચાળણીની જેમ છિદ્રવાળું બની ગયું વિમાન. ત્યારે હસતાં હસતાં પ્રદ્યુમ્ને કહ્યું : 'મુનિ, આવું તમારૂં વિમાન? એક પગ મૂકતાની સાથે ત્રટ્ ત્રટ્ કરતું તૂટી ગયું, તો નાથ, મારા શરીરનો ભાર કેવી રીતે સહન કરશે? તમે દેશોદેશ ફરીને વિદ્યા તો બહુ સારી શીખી લાવ્યા. વિમાનની રચના કરવાની આવી વિદ્યા ક્યાંથી શીખી લાવ્યા? મુનિશ્વર, તમારૂં જ્ઞાન, તમારૂં વિજ્ઞાન, તમારી વિદ્યાની પ્રતીતિ તો મને થોડા સમયમાં થઇ ગઇ.' શરમાઇ ગયેલા નારદે કહ્યું : 'એમાં તું હસે છે શું કામ? જરાથી જર્જરિત થયેલા વૃદ્ધોનું તો આવું જ કામ હોય. તું યુવાન અને લાવણ્યશાળી છે. તેમજ સર્વ વિદ્યામાં વિશારદ છે. તો હવે તું જ તીવ્ર ગતિવાળું વિમાન બનાવ.' મુનિના આદેશથી બુદ્ધિશાળી પ્રદ્યુમ્ને પોતાની વિદ્યાશક્તિથી અદ્ભુત વિમાનની રચના કરી. સોળ જાતિના રત્નોથી જડિત સુવર્ણનું વિમાન બનાવ્યું. તેમાં મોટી-મોટી અને લાંબી ઘંટાઓ બનાવી. વાયુથી ફરફરતી અને આકાશ-માર્ગને અડીને રહેલી વિધવિધ પ્રકારની ધજાઓથી વિમાન સુશોભિત હતું. વિમાનમાં નદી, વાવ, કુવા, તળાવ અને સરોવર બનાવ્યાં. તેમાં હંસ, સારસ, કાદંબ અને મયૂર આદિ પક્ષીઓ ક્રીડા કરતાં હતાં. તેમાં નાળિયેર, કેળાં આદિ વિવિધ પ્રકારનાં વૃક્ષો હતાં. તેમાં સુંદર ચિત્રોવાળાં ચામરો હતાં. અનેક પ્રકારના વાજિંત્રોના અવાજ થતા હતા. નાની નાની ઘૂઘરીઓ અને મોતીની માળાઓથી સુશોભિત ગવાક્ષો (ઝરૂખા) હતા.

આવા અદ્‌ભુત વિમાનની રચના કરીને પ્રદ્યુમ્ને નારદજીને કહ્યું : 'મુનીશ્વર, આ વિમાન યોગ્ય લાગે તો આપ એમાં આરૂઢ થાઓ.' વિમાનની અપૂર્વ રચના જોઈને ખુશ થયેલા નારદે કહ્યું : 'તું પણ હવે વિના વિલંબે વિમાનમાં બેસ. તારા વિયોગે ઝુરતી તારી દુઃખી માતા પાસે જલ્દી જઈને તેને સંતોષ આપ.' નારદે આ પ્રમાણે કહેવા છતાં કુમાર ધીમે ધીમે વિમાનને ચલાવતો હતો. ત્યારે નારદે ફરીથી કહ્યું : 'વત્સ, વિમાનની ગતિ વધાર. વિયોગરૂપી અગ્નિથી દાઝેલી વેલ જેવી તારી માતા રૂક્મિણીને, તારા મુખરૂપી સુધા વડે સીંચીને નવપલ્લવિત કર. માનનીય એવી તારી જનેતાનું દુઃખ તું દૂર નહીં કરે તો તારા જેવા શક્તિશાળી પુત્રનું શું પ્રયોજન ?' મુનિના વચનથી પ્રેરાઈને પ્રદ્યુમ્ને વાયુવેગે અસ્ખલિત વિમાન હંકાર્યું.

मुनिना प्रेरितेनेति, विमानं तेन चालितं । वायुवेग इवाचाली–त्तदपि स्खलनं विना ।५७।
शक्तिभाग्भ्यां नारदर्षि–प्रद्युम्नाभ्यां विमानकं ।
स्थिताभ्यां गुरुशिष्याभ्या–मिव द्वाभ्यामभाषत ।५८।
विमाने व्योम्नि गच्छत्या–त्मीयकेल्यै स विद्यया । वज्रभारोपमां चक्रे, जटां नारदमूर्धनि ।।
खंड्यते जल्पने जिह्वा–कंपमानमभूद्वपुः । भग्ना दंता मुखाद्बद्धा–विवाभूतां करक्रमौ ।६०।
तदोचे व्याकुलीभूतः, प्रौढकोपश्च नारदः । कदर्थनां कथं वत्स, यथेच्छं यच्छसि मम ।६१।
जननीं जनकं बंधून्, कुटुंबं मिलितुं निजं । उत्साहेन प्रयासि त्वं, मां पीडयसि किं मुधा ।६२।
रुक्मिणी तव या माता, सा तातमिव मां प्रति । मानयत्येव मे भक्तिं, विदधाति पितापि ते ।।
समस्ता अपि सेवंते, यादवाः सेवका इव । सर्वेषामपि लोकाना–महं पूज्योऽस्मि देववत् ।६४।
यौवनादविजानानः, स्वरूपं मम मन्मथ । व्याकुलं कुरुषेऽत्यंतं, त्वं मां निर्दयमर्त्यवत् ।६५।
एवं मुनिर्यदोवाच, शरीरे पीडितो भृशं । कौतुकेन तदावादीत्, प्रद्युम्नः कुटिलाशयः ।६६।
बुद्धं बुद्धं मया तात–चरित्रं तव दांभिकं । समागच्छन्नहं शीघ्रं, तुभ्यं रोचे न मानसे ।६७।
ततोऽहं नागमिष्यामि, त्वमेव व्रज सर्वथा । मतं मे गमनं भावि, तत्र यास्यामि नारद ।६८।
इत्युदित्वा विहायस्य–स्तंभयत्तद्विमानकं । तदा मुनिर्जगौ कोपं, संहृत्य मृदुवाचया ।६९।
मय्यागतेऽपि नो यर्हि, त्वं समागच्छसि द्रुतं । ज्ञायते तर्हि नो विद्या–नृल्लोकं त्यक्तुमीहसे ।७०।
विलंबे क्रियमाणे त्व–न्मातुरेव पराभवः । त्वदीयागमनं पश्चा...न्नूनं व्यर्थत्वमेष्यति ।७१।
शृणु वत्स तवाभीष्टा, जननी वरिवर्ति न । तथाप्यहं प्रजल्पामि, त्वदीयहितवांच्छया ।७२।
पितृभ्यां ते विवाहाय, महीयसां महीभुजां । कन्याः सुरूपलावण्याः, प्रभूताः संति मार्गिताः ।।
न त्वं यास्यसि वेगेन, मम वाक्यममानयन् । तर्हि ताः परिणेष्यंति, सर्वा अपि तवानुजाः ।७४।
एवं वाक्श्रुतिमात्रेण, तेनौत्सुक्येन चालितं । विमानं खलु कन्यानां, वरणं कस्य नो मुदे ।७५।

શક્તિશાળી નારદ અને પ્રદ્યુમ્ન ગુરુ-શિષ્યની જેમ વાર્તાલાપ કરતા આકાશમાર્ગે વિમાનમાં જઈ રહ્યા હતા, ત્યાં કૌતુક કરવા માટે પ્રદ્યુમ્ને પોતાની વિદ્યાશક્તિથી નારદના મસ્તક ઉપર રહેલી જટાને વજ્ર જેવી ભારે બનાવી દીધી. તેથી નારદની જીભ થોથરાવા લાગી. શરીર ધ્રુજવા

લાગ્યું. દાંત કચકચવા લાગ્યા અને હાથ પગ જાણે જૂઠા પડી ગયા હોય તેમ લાગવા માંડયા. તેથી વ્યાકુળ બનેલા અને ક્રોધિત થયેલા નારદે કહ્યું : 'વત્સ, તારી ઇચ્છા મુજબ તું ચાલી રહ્યો છે. તું તારા માતા-પિતા-બંધુ અને સ્વજન-કુટુંબને મળવા જાય છે, ત્યારે મને શા માટે પીડી રહ્યો છે ! તારી માતા રૂક્મિણી, મને પિતાની જેમ પૂજ્ય માને છે અને તારા પિતા કૃષ્ણ પણ મારી ભક્તિ કરે છે. બધાયે યાદવો સેવકોની જેમ મારી સેવા કરે છે. એટલું જ નહીં, સમસ્ત જગતમાં હું દેવની જેમ પૂજ્ય છું. ત્યારે યુવાનીના મદમાં ઉન્મત્ત બનીને મારા સ્વરૂપને નહીં જાણતો તું, નિર્દય માણસની જેમ મારી આવી વિડંબના કરી રહ્યો છે, તેનો તને કંઇ વિચાર આવે છે ખરો ?' શારિરીક પીડાથી અત્યંત પીડાઇ રહેલા નારદના ક્રોધપૂર્ણ વચન સાંભળીને પ્રદ્યુમ્ન વ્યંગમાં બોલ્યો : 'પિતાજી ! જાણ્યું જાણ્યું....તમારૂં દાંભિકપણું મેં જાણી લીધું. હું શીઘ્રતાથી ચાલું છું એ તમને ગમતું નથી લાગતું. કંઇ વાંધો નહીં. તમે તમારે જાવ, હું મારે પાછો જઇશ.' એમ કહીને વિમાનને આકાશમાં ઊભું રાખી દીધું. ત્યારે તેનાથી ભય પામીને ક્રોધને દબાવીને નારદે મૃદુ વચનથી કહ્યું : 'વત્સ, હું આવ્યો છતાં તું મારી સાથે નહી આવે તો લોકોમાં મારી વિદ્યાની કેટલી હાંસી થશે ? લોકો મને શું જાણશે ? તે તો ઠીક, પરંતુ વિલંબ કરવાથી તારી માતાનો કેટલો પરાભવ થશે ? અવસર પત્યા પછીનું તારૂં આગમન ફોગટ થશે. વત્સ, ભલે તારી માતા તને પ્રિય ના હોય, પરંતુ તારા હિતની વાત કહું તે તું સાંભળ. તારા માતા-પિતાએ તારા વિવાહને માટે મોટા મોટા રાજાઓની રૂપલાવણ્યમતી ઘણી કન્યાઓની માગણી કરી છે. તું જો મારૂં કહ્યું નહીં માને અને વિલંબ કરીશ તો એ બધી રાજકન્યાઓને તારા નાના ભાઈઓ પરણી જશે. માટે તને કહું છું કે તું જલ્દી ચાલ.' નારદજીની વાણીને સાંભળતાની સાથે જ કુમારે ઉત્સુકતાથી વિમાનને પવનવેગે ચલાવ્યું. કન્યાઓને પરણવું કોને પ્રિય ના લાગે ?

श्रोतव्यानि चरित्राणि, बभूवुस्तस्य वर्त्मनि । तानि कानि विविच्यंते, विस्मयोत्पादकानि च ।।
चलनानंतरं तस्मा-त्स्थानादध्वनि भूरिशः । कुत्रचित्पर्वताः प्रौढा, नानाकारा निरीक्षिताः ।।
कुत्रचिन्नालिकेराश्च, कुत्रचित्सहकारकाः । कुत्रचिद्गुरुपुन्नागाः, कुत्रचिन्नागवल्लयः ।७८।
कौतुकानीति पश्यंतौ, विमानस्थावुभावपि । तद्भूतरमणोद्यानं, विचरंतौ समागतौ ।७९।
यावत्तत्र समेतौ द्वौ, तावता नारदर्षिणा । यतो बाल्येऽयमादत्तो-भूत्सा शिला प्रदर्शिता ।८०।
तां चक्षुर्भ्यां समालोक्य, प्रद्युम्नः प्रमदं ययौ । आपद्यपि सुखं यस्मा-त्तां दृष्ट्वा को न मोदते ।।
ततः पुरो विमाने द्राग्, चलिते मुनिराह तं । पश्य पश्य कुमार त्वं, मृगयूथानि भूतले ।८२।
घंटानां मधुरध्वान-श्रवणे रसिका मृगाः । कर्णानुध्धृत्य शृण्वंति, स्वकीयहरिणीयुताः ।८३।
वल्गंति शिशवस्तेषां, मिथः केऽपि विनोदतः । केऽपि स्वजनकान् केऽपि मातृणां च पयोधरान् ।।
दर्शितं मुनिना तेन, कौतुकं वीक्ष्य मन्मथः । बोहित्थवद्विमानं त-न्नभोमार्गे ह्यचालयत् ।८५।
ततोऽपि चलितं याव-द्विमानं त्वरितं कियत् । तावज्जगाद तं हर्षा-च्चित्रं दर्शयितुं मुनिः ।८६।
ऊर्ध्वीकृत्य स्वपिच्छानि, नृत्यंति शिखिनो मुदा । गुरुसान्निध्यमभ्यस्त-मपि तन्नृत्यमीक्ष्यतां ।।
लांगूलचामरा गावः, खेलंत्यत्र यदृच्छया । एतासां दर्शनादेव, प्रमोदो जायते महान् ।८८।

निजोदरेषु चालंब्य, बालकांश्चपलानपि । समारोहंति वृक्षाणां, प्रतिशाखां प्लवंगमाः ।८९।
पश्य पंचाननेनात्म–शब्दप्रकंपिताद्रिणा । आरुह्य हस्तिनः पृष्टं, कुंभस्थलं विदार्यते ।९०।
तस्माद्विनिर्गतैर्मुक्ता–फलैर्निपतितैः क्षितौ । उद्योतः परितः प्राज्यः, क्रियते ग्लौकरैरिव ।९१।
सल्लकीभक्षणेनापि, रेवासलिलपाततः । मत्ताः शैलायमानांगा, विराजंते मतंगजाः ।९२।
झरन्मदरसास्वाद–लुब्धा गुंजंत उच्चकैः । तेषां कपोलयोर्मूलं, न त्यजंति षडंघ्रयः ।९३।
जलाश्रये समायांति, शुंडादंडेन लीलया । प्रक्षिप्तां विग्रहे धूली–मिव क्षालयितुं द्विपाः ।९४।
एकवर्णयुतत्वेन, नभोरत्नकरैः समं । स्पर्धंते यस्य रत्नानि, वर्णवैचित्र्यधारणात् ।९५।
विलोकय महाबाहो, विततं तं शिलोच्चयं । रोहणाचलनामानं, नानारत्नविराजितं ।९६।
अग्रेगतः पुनः प्राह, प्रद्युम्नं मुनिनारदः । निरीक्षस्व नदीमेनां, गंभीरनीरपूरितां ।९७।
गंधोदकमिवैतस्याः, सुगंधिसलिलं शुचि । जानाना मनुजाः स्नांति, कर्त्तुं सुगंधि विग्रहं ।९८।
समस्तीदं महातीर्थं, रौद्रकर्मविदारणं । इति बुद्धया जना अत्र, समेताः संति शुद्धये ।९९।
इतीव हंसचक्राद्या, अन्येऽपि जलजंतवः। अस्याः सेवां प्रकुर्वंति,स्वस्मिन् सुखाभिलाषिणः।१००।
स्वकीयान्घमलक्षेपा–न्नैर्मल्यमधरज्जले । तन्नृणां दर्शयत्येषा, लोलकल्लोलकैतवात् ।१।
अनेकनाकिसंसेव्यां, किन्नरीकृततांडवां । गंगामेनां प्रपश्य त्वं, तुष्टिपुष्टिप्रदां सदा ।२।
इति पृथ्वीगतं भूयः, कौतुकं मुनिदर्शितं । पश्यन् समतिचक्राम, यावद् घनाश्रयं घनं ।३।

આકાશમાર્ગે પવનવેગે જતા નારદજી, પ્રદ્યુમ્નને આશ્ચર્યકારી ચરિત્રો સંભળાવે છે. નીચે જમીન ઉપર રહેલા અનેક આકાર પ્રકારના મોટા મોટા પર્વતો, નદીઓ અને નગરોની ઓળખાણ કરાવતા જાય છે. કોઈ જગ્યાએ નારિયેળો, આમ્રવનો, પુન્નાગ, નાગરવલ્લી, કદલી આદિ વૃક્ષોની ઘટાને જોતા, તેમજ બીજાં પણ અનેક કૌતુકોને જોતા 'ભૂતરમણઉદ્યાન' ઉપર આવ્યા; ત્યારે નારદે પ્રદ્યુમ્નને કહ્યું : 'બાળપણમાં તને નીચે રહેલી 'ટંકશિલા' ઉપરથી કાલસંવર રાજાએ ગ્રહણ કર્યો હતો.' એમ કહીને કુમારને તે શિલા બતાવી. પ્રદ્યુમ્ન શિલા જોઇને ખુશ થઇ ગયો. આપત્તિમાંથી પણ સુખની પ્રાપ્તિ થાય, એવા સ્થળને જોઇને કોને આનંદ ના થાય ? ત્યાંથી વિમાન આગળ ચાલ્યું. મુનિએ કુમારના મનને ખુશ કરવા માટે કહ્યું : 'વત્સ, જો જો, ધરતી ઉપર મૃગલાનાં ટોળાં કેવી દોડધામ કરી રહ્યાં છે ? વિમાનની ઘંટાઓના મધુર અવાજને સાંભળવામાં રસિક બનેલા હરણો પોતાની હરણીઓની સાથે કાન ઊંચા કરીને કેવું સાંભળી રહ્યા છે ! અરે જો જો, હરણોનાં નાનાં બચ્ચાં પરસ્પર કેવાં રમી રહ્યાં છે ! કોઇ પોતાના પિતા પાસે લાડ કરે છે, તો કોઈ માતાનું સ્તનપાન કરી રહ્યાં છે. વત્સ, આ બાજુ જો. મોરલા પીંછા ઉંચા કરીને કેવું નૃત્ય કરી રહ્યા છે ? એમાં કોઇ નાના મોર, જાણે ગુરૂ પાસે નૃત્ય-શિક્ષા લઈ રહ્યાં હોય, એમ મોરની કલાને ઊભા ઊભા જોઇ રહ્યા છે. આ ચમરી ગાયો તો જો ! કેવી સ્વેચ્છાથી આમ તેમ ફરી રહી છે ? એને જોતા જ કેટલો આનંદ થાય છે ! વત્સ, આ બાજુ ચંચળ વાનરોને તો જો. પોતાના બચ્ચાઓને પેટે વળગાડીને એક વૃક્ષની શાખા ઉપરથી બીજી શાખા ઉપર કેવા કુદાકુદ કરી રહ્યા છે ! અરે, આમ તો જો ! પર્વતને પણ ભેદી નાખે એવી ગર્જના કરતો સિંહ હાથીની પીઠ ઉપર ચઢીને, તેના કુંભસ્થળને વિદારી રહ્યો છે. વિદારેલા કુંભસ્થળમાંથી જમીન ઉપર

વિખરાયેલા મોતી, ચન્દ્રનાં કિરણોની જેમ કેવા પ્રકાશી રહ્યા છે ! અરે, સલ્લકી (વનસ્પતિ વિશેષ)નું ભક્ષણ કરીને રેવા નદીના તટ ઉપર ફરતા પર્વત સમાન મદોન્મત્ત હાથીઓ કેવા શોભી રહ્યા છે ? હસ્તિઓના કુંભસ્થળમાંથી ઝરતા મદના સ્વાદમાં લુબ્ધ બનીને ગુંજારવ કરતા ભ્રમરો, હસ્તિઓના કપોલ ભાગમાં કેવા ચોંટી ગયા છે ? યુદ્ધમાં પોતાના ઉપર પડેલી ધૂળનું પ્રક્ષાલન કરવા માટે ના હોય તેમ હાથીઓ સરોવરમાં આવીને પોતાની સૂંઢથી પાણીને કેવું ઉછાળી રહ્યા છે ! એક વર્ણવાળા સૂર્યનાં કિરણોની સાથે સ્પર્ધા કરતા વિધવિધ વર્ણવાળાં રત્નોથી સુશોભિત એવા આ રોહણાચલ પર્વતને તો જો ! આગળ જઈને નારદે પ્રદ્યુમ્નને કહ્યું : 'હે મહાબાહુ, પાણીથી પરિપૂર્ણ ગંભીર એવી આ નદીને જો. નદીનું પાણી ગંધોદકની જેમ પવિત્ર અને સુગંધી છે, એમ જાણતા મનુષ્યો પોતાના શરીરને પવિત્ર બનાવવા માટે સ્નાન કરવા આવે છે. તેમજ 'ઘોર કર્મોનો નાશ કરનાર આ પવિત્ર મહાતીર્થ છે,' એ બુદ્ધિથી પણ મનુષ્યો પોતાની શુદ્ધિને માટે આવીને ગંગાસ્નાન કરે છે. 'આ પાણી પોતાના અને બીજાના મેલ સાફ કરનારું છે,' એમ મનુષ્યોને જણાવવા માટે જાણે ઉછળતા જલતરંગોથી શોભિત, અનેક દેવ-દેવીઓથી સેવ્ય, તેમજ કિન્નરીઓ જેમાં હંમેશા જલક્રીડા કરી રહી છે, એવી તુષ્ટિ-પુષ્ટિ દેનારી ગંગા નદીને જો.' આ પ્રમાણે પૃથ્વી ઉપર રહેલા કૌતુકને બતાવતા અને તેનો પરિચય કરાવતા નારદ મુનિની સાથે પ્રદ્યુમ્ન આકાશમાર્ગે આગળ વધી રહ્યા હતા.

तावत्तुंगैर्गजैः प्राज्यै–र्जविनां वाजिनां व्रजैः । अदभ्रैः स्यंदनैर्युक्तं संख्यातीतैः पदातिभिः ।४।
निःस्वानदुंदुभिभेर्या–दिकवाद्यरवेर्भृतं । भूभागे परितो दृष्टं, गर्जनां जनयद्बलं ।५।
सार्वभौमस्य सैन्येन, साम्यं बिभ्रन्निरीक्ष्य तत् । मदनो मुनीमप्राक्षीत्, कौतुकान्वितमानसः ।।
कस्येदं वर्तते सैन्यं–मनल्पबलगर्वितं । स्मित्वा सोऽवक् यदर्थं त्व–मानीतस्तदिदं बलं ।७।
समाकर्णय वत्स त्व–मत्रास्ति कारणं महत् । बलीयसापि मर्त्येन, दुर्वार्यमुद्यमेन हि ।८।
दुर्योधनो महावीर्यो, दुर्योधनोऽपरैरपि । कुरुवंशसमुत्पन्नः, प्रवर्त्तते प्रजाप्रभुः ।९।
श्रीयुगादीशतीर्थेश–तीर्थे प्रथमदान्यभूत् । श्रेयांसः श्रेयसा शाली, विशालीभूतसद्यशाः ।१०।
तस्य प्रशस्यवंशेऽभूत् कुरुक्ष्मापः प्रजागुरुः । यस्य नाम्ना यशो धाम्ना कुरुक्षेत्रं निरुप्यते ।११।
तस्यान्वये बभूवांसः पृथ्वीनाथाः सहस्रशः । प्राज्येषु तेषु भूतेषु, बभूव शांतनुर्नृपः ।१२।
सुतो विचीत्रवीर्योऽभूत्, तस्य भूपस्य भास्वतः। जाता विचीत्रवीर्यस्य, कांतास्तिस्रो मनोहराः ।।
तिस्रोऽपि रूपलावण्य–भृतोंबा प्रथमेरिता । अंबिका च द्वितीयोक्ता, तृतीयांबालिका मता ।१४।
तिसृणामपि स्वसृणां, सत्यस्नेहधृतेरिव । त्रयोऽपि तनया जाता–स्त्रिजगज्जनविश्रुताः ।१५।
धृतराष्ट्रोऽधृतराष्ट्रो, निजप्राज्यपराक्रमात् । पांडुः पांडुरदेहश्री–र्विदुरो विदुरो मतः ।१६।
अत्यासक्ततयाकामे, विचित्रवीर्यभूभुजः । वपुः सांद्रमपि ग्रस्तं, रोगेण राजयक्ष्मणा ।१७।
तेन प्राणा अपि ग्रस्ता–स्तस्य भूपस्य सत्वरं । ततस्तदास्पदेऽमात्या–श्चक्रुः पांडुं प्रजापतिं ।१८।
तस्य राज्ये प्रजामूर्ध्नि, न्यायेन करमोचनं । अभूद्देवस्य पूजाया, आदानमिव वृद्धये ।१९।

तस्य दीप्रप्रतापस्य, न्यायेन राज्यपालनात् । सापि न्याययुता जाता, प्रजा राजानुयायिनी ।२०।
अन्यदा दृष्टुमारामं, दलैः सुमैः फलैरपि । वर्धितश्रियमायातो, वसंत इव भूधवः ।२१।
क्षणं स मालतीपुष्पं, क्षणं जातिसुमं पुनः । आम्राणां मंजरीं जिघ्रं–श्चंचरीक इवाऽभ्रमत् ।।
क्षणं गृह्णन् स्वहस्ताभ्यां, विविधानि फलानि च । अशोकादिकपुष्पाणि, तत्र कामीव सोऽजनि।।
समंतात्स्वेच्छया भ्राम्यन्, वीक्षमाणो वनश्रियं । सहकारतले मर्त्यं स्थितं ददर्श पार्थिवः ।२४।
आच्छादितं सुवस्त्रेण, दर्शनार्थमिवेशितुः । पश्यंत फलकं भूय–स्तं निरीक्ष्याब्रवीन्नृपः ।२५।
अहो पुरुष किं वारं–वारं त्वमवलोकसे । सोऽवक् किमपि नास्तीदं फलकं वर्त्तते मम ।२६।
तदा भूपः पुनः प्रोचे, ममाऽपि त्वमदर्शयः । पृष्टमित्याग्राहाद्यावत्तावत्तेनाऽस्य दर्शितं ।२७।
चित्रितमंगनारूपं समालोक्य स भूपतिः । स्वयमप्यभवत्तद्वत् क्षणजीवितधारणात् ।२८।
अहो सुरूपमेतस्या, अहो लावण्यमद्भुतं । चित्रस्था जीवशून्याऽपि, हरतेऽसौ मनो नृणाम् ।२९।
अहो प्रवेणिदंडोऽस्याः, कृष्णकाकोदरायते । तथाप्यालिंगनोत्कंठां तनुते न भयं वपुः ।३०।
औपम्यं यन्निशीभर्त्तुरस्या वक्त्रेण वर्ण्यते । कवीनां तदपांडित्यं, चन्द्रेऽस्ति हि कलंकिता ।३१।
अहो स्त्रीणामपीदृक्षं, रूपं स्यादिति चिंतयत् । ऊढाऽनूढाऽथवाऽस्तीयमित्याशंक्य जगौ स तं ।।
हे मर्त्य ! कलया रूपमेतत्त्वया विचित्रितं । किं वा दृष्टचरं लोके, पर्यटनं प्रकुर्वता ।३३।
सोऽप्यब्रवीद्विभो ! शौर्यपुरेशोंऽधकवृष्णिजाः । दशार्हा दश वर्त्तंते, तेषामेषा लघु स्वसा ।३४।
नामतो वर्तते कुन्ती, कुन्तीभूता स्मराकुले । स्त्रियो निर्भर्त्सयंती च, रुपेण शैशवादपि ।३५।
तस्या रुपमिदं चित्रे, विज्ञानेन विचित्रितं । नत्वदृष्टचरं क्षोणीभर्त्त ! आलेखितं मया ।३६।
अन्यदा जनकस्तस्या रुपमालोक्य सुंदरं । नरे(तस्याः)सदृग् धवाभावान्मग्नश्चिन्तापयोनिधौ ।।
इति प्रोक्तं समाकर्ण्य, दानेनावर्ज्य तं नरं । गृहीत्वा फलकं रागाद्वनवीथिमगान्नृप ।३८।
फलके चित्रितं रुपं, दर्शं दर्शं महीपतिः । दधानो मदनोद्रेकं, विस्मयेन व्यचारयत् ।३९।
नीलोत्पलानि नेत्राभ्यां, कुचाभ्यां कलशावलीं । दोर्दंडेन मृणालान्यं–गुलीभ्यां वरपल्लवान् ।।
वीराणामपि जंतूनां, भयंकरमपि द्रुतं । कटचा पंचाननं भीमं, वनावस्थितिकारिणं ।४१।
समस्तास्वपि वामाक्षी–ष्वेषा रेखासमन्विता । शैशवेऽपि जयत्येषा, यौवने किं करिष्यति ।।
इयं मनुष्यधर्मत्वा–द्विवाहाय सुपर्वणां । न योग्या सर्वथा मर्त्य–लोके को भविता पतिः ।४३।
विमृशन्निति भूपालः फलितां फलदावलिं । क्षणं च फलके रुपं, पश्यश्चित्तं द्विधा व्यधात् ।४४।
तस्य क्षमाधिनाथस्य, द्वैविध्येन च चेतसः । सर्वत्रापि तथैवाभूत्, सर्वहेतुर्हृ देव हि ।४५।
नारिंगं नागरंगं च, बकुलं कलिकारकं । अशोकं शोककर्तारं, क्रकचं क्रकचच्छदं ।४६।
कदलीं स्तंभसंकाशां, नागवल्लिं लतामिव । मालतीं प्रौढसंतापां, जातिं जातिविनाशिनीं ।४७।
उष्णत्वं वापिकावारि, दीर्घिकास्वप्यदीर्घतां । स कासारेष्वसारत्वं, जानन् बभ्राम कानने ।४८।

તેવામાં મોટા મોટા હાથીઓ, ઘોડાઓ, રથો અને અસંખ્ય સૈનિકોથી યુક્ત, વિવિધ જાતના વાજિંત્રોના ગગનભેદી અવાજથી ભરપુર એવી ચક્રવર્તીના સૈન્યની જેમ વિશાલ ચતુરંગી સેનાને પૃથ્વી ઉપર રહેલી જોઇને, કૌતુકી એવા પ્રદ્યુમ્ને પૂછ્યું : 'સ્વામિન્, ધરતી ઉપર રહેલું આવડું મોટું વિશાળ સૈન્ય કોનું છે?' હસીને નારદે કહ્યું : 'વત્સ, જેને માટે તને લઇ જવામાં આવ્યો છે, તેનું આ સૈન્ય છે! એનું બહુ મોટું કારણ છે, કે જે બળવાન મનુષ્યથી પણ દુર્વાર્ય છે. વત્સ, તું સાંભળ : બીજાઓથી યુદ્ધમાં દુઃખેથી પણ જીતી શકાય નહીં, તેવો કુરૂ-વંશમાં ઉત્પન્ન થયેલો 'દુર્યોધન' નામનો પરાક્રમી રાજા છે. શ્રી ઋષભદેવ ભગવંતના તીર્થમાં પ્રથમ દાતા શ્રેયાંસકુમાર નામના કલ્યાણકારી રાજા થયા. તેમનો યશ દિગંત વ્યાપી હતો. તેના પ્રશસ્ય વંશમાં 'કુરૂ' નામનો યશસ્વી રાજા થયો. તેજના ધામરૂપ કુરૂ રાજાના નામથી 'કુરૂક્ષેત્ર' અને 'કુરૂવંશ' પ્રસિદ્ધ થયા. એ કુરૂવંશમાં હજારો પરાક્રમી અને શૂરવીર રાજાઓ થયા. તેમાં 'શાંતનુ' નામના રાજાનો 'વિચિત્રવીર્ય' નામનો બળવાન પુત્ર થયો. એ વિચિત્રવીર્ય રાજાની અંબા, અંબિકા અને અંબાલિકા નામની રૂપલાવણ્યમતી ત્રણ રાણીઓ હતી. પરસ્પર સત્ય અને સ્નેહને ધારણ કરનારી તે ત્રણે બેનોને (રાણીઓને) ત્રણે જગતમાં વિખ્યાત ત્રણ પુત્રો થયા. પોતાના પરાક્રમથી રાજ્યને પ્રાપ્ત કરનાર ધૃતરાષ્ટ્ર, શરીરની ઉજ્જવલ કાંતિવાળો પાંડુ અને વિદ્વાન્ એવો વિદુર. અત્યંત કામાસક્ત એવા વિચિત્રવીર્ય રાજાને ક્ષયરોગ લાગુ પડચો. દિનપ્રતિદિન શરીર ક્ષીણ થતું હોવાથી તેના સ્થાને પ્રધાનોએ પાંડુને રાજ્યસિંહાસને બેસાડચો. પાંડુ રાજાએ પોતાની સંતતિની જેમ પ્રજાનું ન્યાયપૂર્વક પાલન કરતા, રાજ્યનો વિસ્તાર વધાર્યો. તે લોકપ્રિય રાજા બન્યો. 'યથા રાજા તથા પ્રજા'–એ ન્યાયે રાજા ન્યાયી અને સદાચારી હોવાથી પ્રજા પણ એવા પ્રકારની બની. એક દિવસે પાંડુ રાજા વિકસ્વર પત્ર–પુષ્પ–ફૂલથી નવપલ્લવિત બનેલા ઉદ્યાનમાં ફરવા માટે ગયા. ત્યાં માલતી, જાઇ, ગુલાબ, મોગરા, આમ્રમંજરી આદિ પુષ્પોની ભ્રમરની જેમ સુવાસ લેતા અને આમ્રફળ આદિ ફળોનું આસ્વાદન કરતા, સ્વેચ્છા-પૂર્વક વનશ્રીને જોતા ફરી રહ્યા હતા, ત્યાં આમ્રવૃક્ષની નીચે બેઠેલા એક પુરૂષને તેમણે જોયો. તે પુરૂષ જાણે રાજાને બતાવવા માટે ના હોય તેમ રેશમી વસ્ત્રમાં વીંટાળેલા ફલકને વારંવાર ઉઘાડ–વાસ કરી રહેલો હતો. રાજાએ તેને જોઇને પૂછ્યું : 'અરે, તારી પાસે શું છે? તું વારં-વાર શું જોઈ રહ્યો છે?' તેણે કહ્યું : 'મહારાજા, મારી પાસે બીજું કંઇ નથી, પરંતુ એક ચિત્ર છે. તેને જોતાં આંખો ધરાતી નથી, એટલે વારંવાર જોઇ રહ્યો છું.' રાજાએ કહ્યું : 'તે ચિત્ર મને બતાવ ને!' રાજાના અતિ આગ્રહથી તેણે બતાવ્યું. તે એક કન્યાનું ચિત્ર હતું. તેને જોઇને રાજા સ્તબ્ધ થઈ ગયો. પોતે ચિત્રમય બની ગયો. 'અહો, શું આ કન્યાનું અદ્ભુત રૂપ છે! એનું લાવણ્ય કેવું મજાનું છે! ખરેખર, ચિત્રમાં રહેલું આ રૂપ જો મનુષ્યોના મનને હરે છે, તો એનું સાક્ષાત્ રૂપ કેટલું સુંદર હશે? એનો વેણીદંડ (ચોટલો) કેવો શ્યામ અને સુંદર છે! જાણે કાળો નાગ ના હોય! તેમ છતાં તેને આલિંગન કરવાની ઇચ્છા થાય છે. નહીંતર તો કાળા ભયંકર નાગનો સ્પર્શમાત્ર ભયથી શરીરને ધ્રુજાવી દે! એના મુખની શોભાને કવિઓએ ચન્દ્રની (ચન્દ્રમુખી) ઉપમા આપી છે, પરંતુ તેમાં કવિઓની પંડિતાઇ ના કહેવાય! કેમકે ચન્દ્ર કલંકી છે. જ્યારે આ કન્યાનું મુખ નિષ્કલંક શોભી રહ્યુ છે. મર્ત્યલોકમાં શું સ્ત્રીઓનું આવા પ્રકારનું રૂપ હોતું હશે?' આ પ્રમાણે ચિત્રમાં મુગ્ધ બનેલા રાજાએ એ પુરૂષને પૂછ્યું :

'આ કોઇ માનવીય સ્ત્રીનું રૂપ છે કે કોઈ અપ્સરાનું? માનવીય સ્ત્રી હોય તો તે વિવાહિતા છે કે અવિવાહિતા? હે પુરૂષ, જગતમાં પર્યટન કરતાં તેં બીજે ક્યાંય આવું

રૂપ જોયું છે ?' તે પુરૂષે કહ્યું : 'રાજન્, માનવીય સ્ત્રીનું આ સાચું રૂપ છે. ચિત્રમાં તો એક અંશ પણ નથી. તેણીનું સાક્ષાત્ રૂપ તો કોઇ અનેરૂં છે. એ કન્યા કોણ છે, તે હું આપને કહું છું : શૌર્યપુર નગરના 'અંધકવૃષ્ણિ' રાજાના દશ પુત્રો 'દશાર્હ' તરીકે લોકમાં પ્રસિદ્ધ છે. તેમની ભગિની 'કુંતી' નામની છે. તે ખરેખર, કામદેવની તીક્ષ્ણ કુંતી (ભાલી) જાણે ના હોય ! તેવી રૂપવતી કુંતી, બાલપણથી જ જગતની સ્ત્રીઓના રૂપને અવગણે છે. અર્થાત્ અત્યંત સુંદર રૂપવાળી કુંતીને જોઈને મેં મારા જ્ઞાન-વિજ્ઞાનની અજમાયશ કરવા માટે ફલક ઉપર આ ચિત્રનું આલેખન કર્યું છે. એક દિવસે કુંતીના પિતા પુત્રીનું અદ્‌ભુત રૂપ જોઈને ચિંતારૂપી સમુદ્રમાં ડૂબી ગયા : 'અરે, મારી આવી સુંદર પુત્રીનો પતિ કોણ થશે ?' ચિંતાતુર રાજાએ મારી પાસે કુંતીના ચિત્રનું આલેખન કરાવ્યું. તે જ આ ચિત્ર છે. આ પ્રમાણે કહીને રાજાને ચિત્ર આપ્યું. રાજાએ તેનો સત્કાર કરીને વિદાય કર્યો. ફલક ઉપર રહેલા ચિત્રને જોઇ જોઇને પાંડુ રાજા કામાતુર બની ગયો. આશ્ચર્યચકિત થયેલો રાજા વિચારે છે : 'નીલકમલ સમાન તેણીનાં નેત્રો, કલશ સમાન તેણીના સ્તન, મૃણાલ (કમલની નાલ) સમાન તેણીના ભુજાદંડ, શ્રેષ્ઠ પલ્લવી સમાન તેણીની કોમલ અંગુલીઓ, વીર પ્રાણીઓમાં ભયંકર એવા સિંહની કટી સમાન તેણીનો કટીપ્રદેશ, ખરેખર ! તેણીના શરીરના અંગોપાંગનું શું વર્ણન કરવું ? તેણીનું બધું જ અદ્‌ભુત છે. મનુષ્ય સ્ત્રી હોવાથી તેણીના વિવાહને યોગ્ય દેવો તો થઈ શકે નહીં. મનુષ્યલોકમાં કોઇ સદ્‌ભાગી મનુષ્ય જ તેનો ભાવિ પતિ થશે !' આ પ્રમાણે વિચારતો રાજા ક્ષણવાર નવપલ્લવિત વૃક્ષોની પંક્તિઓને જુવે છે, તો ક્ષણવાર ચિત્રપટને જુવે છે. આ રીતે રાજાનું મન દ્વિધામાં પડી ગયું. સર્વત્ર તેને ચિત્ર જ દેખાય છે ! નારંગીના વૃક્ષ તેને નાગના રંગ જેવા લાગે છે, બકુલવૃક્ષ કજિયા કરનારાં, અશોકવૃક્ષ શોક આપનારાં અને ક્રકચવૃક્ષ કાચકા જેવાં લાગે છે. કદલીવૃક્ષ થાંભલા જેવાં, નાગરવેલ લતા જેવી, માલતી પુષ્પ સંતાપ આપનાર, જુઇ પુષ્પ જાતિનો નાશ કરનાર, વાવના શીતલ જલ તેને ઉષ્ણ લાગે છે. વાવડીઓ વાવડ જેવી, કાસાર (સરોવર) તેને અસાર લાગે છે. આ પ્રમાણે મતિમોહના કારણે રાજાને જરાય ચેન પડતું નથી.

ददर्शे भ्रमता तेन, चंपकद्रुमपंक्तिषु । यंत्रितो लोहनाराचै–र्नर एको विमूर्छितः ।४९।
कामेनात्याकुलत्वेऽपि, तं दृष्ट्वा पांडुपार्थिवः । कोऽयमत्रेति संकल्प्य, गतः स तस्य सन्निधौ ।।
यावत्तत्र गतस्तावत्, खड्गं भूपतितं पुरः । दृष्ट्वा चादाय पाणिभ्यां, प्रत्याकारमथैक्षत ।५१।
औषध्यौ लिखिते खड्गे, तत्र द्वे तेन वीक्षिते । वपुर्विशल्यका ह्येका, व्रणसंरोहिणीतरा ।५२।
ते द्वे अपि समादाय, मुक्त्वा खड्गं जगौ नृपः । हे मर्त्य ! वर्तसे त्वं क–स्तवावस्थेदृशीं कथं? ।।
दीनस्वरेण सोऽप्याह, परोपकारमानसः । नाम्नाऽनिलगतिर्वर्ते, विद्याभृतामधीश्वरः ।५४।
कांताशनिवता विद्या–धरेण मम कामिनी । विद्ययापहृता तस्य, पृष्टेऽहमपि निर्गतः ।५५।
उभयोर्मिलने युद्धे, जाते तेन नियंत्रितः । अथ त्वं मां कृपां कृत्वा, कष्टादस्माद्विमोचय ।५६।
इति श्रुते महीजानि–स्तं च बंधनसंकटात् । मोचयित्वा स्वहस्ताभ्यां, तदीयं देहमामृशत् ।५७।
अद्यापदि जीवितस्य, दाता त्वं वर्तसे मम । स्वस्थीभूतेन तेनेत्यु–र्दत्वौषध्यौ समर्पिते ।५८।
पुनः प्रत्युपकाराय, वांछितस्थानगामिनी । तस्यैका मुद्रिका दत्ता, सख्यं च स्वीकृतं मिथः ।।
भूयःसंतोषयोगेन, विद्याधरो विसर्जितः । कुंतीमेव हृदि ध्यायन्, भूपोऽपि प्रस्थितः पुरे ।६०।

ઉદ્યાનમાં ફરતા પાંડુ રાજાએ, ચંપકવૃક્ષોની ઘટામાં લોઢાનાં બાણોથી પીડાતા અને બંધનમાં પડેલા એક મૂર્છિત માણસને જોયો. પોતે કામથી વ્યાકુળ હોવા છતાં તેની પાસે ગયો. 'આ કોણ હશે ?' એમ વિચારી તેની સમીપે ગયો. ત્યાં જમીન ઉપર પડેલા એક ખડ્ગ (તલવાર) ને જોયું. હાથમાં લઈને ખડ્ગને બરાબર જુએ છે. ખડ્ગ ઉપર 'વપુર્વિંશલ્યકા' અને 'વ્રણસંરોહિણી' એ ઔષધિઓ જોઈ. રાજાએ તે માણસને પૂછ્યું : 'તું કોણ છે ? કોણે તારી આવી દશા કરી ?' દીન સ્વરે તેણે કહ્યું : 'હે પરોપકારી, હું 'અનિલગતિ' નામનો વિદ્યાધર રાજા છું. 'અશનિવતી' નામનો વિદ્યાધર મારી પ્રિયાનું અપહરણ કરીને ભાગતો હતો. હું તેની પાછળ પડ્યો. અમારા બન્નેનું યુદ્ધ થયું. તેમાં તેણે મને બાણોથી વીંધ્યો. અને અહીં બંધનગ્રસ્ત કર્યો. હે કૃપાલુ, મારા પર કૃપા કરી મને આ કષ્ટથી મુક્ત કરો.' તેની વાત સાંભળીને પાંડુ રાજાએ તેને બંધનથી મુક્ત કરી 'વપુર્વિંશલ્યકા' ઔષધિથી તેના શરીરમાંથી બાણો કાઢ્યાં અને 'વ્રણસંરોહિણી' ઔષધિથી ઘા ઉપર વિલેપન કર્યું. 'પ્રાણાંત કષ્ટમાંથી આપે મને ઉગાર્યો. હું આપનું શું શ્રેય કરું ? આપ મારા જીવનદાતા છો.' આ પ્રમાણે કહીને વિદ્યાધરે રાજાને તે બંને ઔષધિઓ આપી અને પ્રત્યુપકાર માટે 'વાંછિતસ્થાનગામિની' નામની એક મુદ્રિકા આપીને રાજાની સાથે મૈત્રી-સંબંધ બાંધ્યો. સ્વસ્થ થયેલો વિદ્યાધર પોતાના સ્થાને ગયો. રાજા પણ કુંતીનું સ્મરણ કરતો પોતાના નગરમાં ગયો.

इतोंधकवृष्णिद्रंगं, गत्वा फलकधारकः । पांडोरश्वैर्यरुपादीन्, गुणान् राज्ञः पुरोऽस्तवीत् ।६१।
वर्ण्यमानान् गुणान् पांडोः, श्रावं श्रावमनेकधा । प्रतिज्ञामकरोत्प्राज्ञा, कुंती तातांकमाश्रिता ।।
पांडुरेव पतिर्मेऽस्मिन्, भवे भवतु निश्चितं । भवांतरेऽपि चास्यैव, करिष्ये करपीडनं ।६३।
मनस्येवं प्रतिज्ञातं, जानाति मन एव तत् । अन्यस्मिन् पुरुषे वक्तु—मक्षमा क्षीणतामगात् ।६४।
क्रीडयान्येद्युरुद्याने, गता कुंती सखीयुता । दुर्लभां पतिसंप्राप्ति, मत्वाऽबध्नाद्गले गुणं ।६५।
कंठे बध्वापि सा रज्जु—मभ्यधाददतिदुःखतः । भोः कुलदेवता यूयं, मच्चिंतां चेत्करिष्यथ ।६६।
तदा मदीयवृत्तांतं, व्रजित्वा ब्रूत तत्पुरः । अन्यथा कल्पितस्वाम्य—प्राप्त्या मर्त्तुमना अहं ।६७।
पांडुरेव प्रतिज्ञातो, भर्तृत्वेनात्र जन्मनि । जन्मांतरेऽपि युष्माकं, प्रसादादयमेव हि ।६८।
चिंतयिष्यथ नो यूयं, यदि मां विपदाकुलां । तदानेन हि पाशेन, मरिष्ये शरणं विना ।६९।
वदंतीति मुखाद्दुःखा—द्ध्यायंती पांडुसंगमं । त्यजंति मातृ(पितृ)संमोहं,यावद्भ्राम्यति कानने।।
माकार्षीन्मरणं माम—कीनाद्वियोगतस्त्वियं । इतीव स्नेहपाशेन, बद्धः पांडुरजायत ।७१।
मुद्रिकाया इदं प्रोक्त—मस्ति माहात्म्यमद्भुतं । तत्किं सत्यमसत्यं वा, परीक्षितुमिवागमत् ।७२।
यद्वा स्नेहः स एवेह, यस्तुल्य उभयोरपि । इति ज्ञापयितुं मन्ये, तत्र पांडुरपीयिवान् ।७३।
आगत्य चानुसारेणो—पलक्ष्य तां नृपो गले । पाशच्छोटनदंभेन, भुजाभ्यां पाशमादधौ ।७४।
स्पर्शात् स्नेहिलपाणिभ्या—मुल्लासिरोमकंचुका । दृष्टितुष्ट्या पतिं ज्ञात्वा,रागभावानदर्शयत् ।।
दर्शनात्स्पर्शनाच्चैव, प्रीतिर्जाता द्वयोरपि । कृत्वा गांधर्वविवाहं, कुंत्या स पर्यणीयत ।७६।
क्वाहं क्वेयं च दैवेन, योगोऽयं मेलितो यदि । प्रस्तावोऽथ विलंबस्य, नोभयोरपि विद्यते ।७७।

यथा पूर्वं समत्वं च, बभूव मनसो द्वयोः । तथा सांप्रतमप्येवं, कृत्वा ताभ्यां कृतं रतं ।७८।
कुंती तेनैव भोगेन. दधावाधानमुत्तमं । समुद्रे शुक्तिका स्वाति–सलिलेनैव शुक्तिजं ।७९।
आत्मनः कामितं कृत्वा, पांडुर्जिगमिषुर्यदा । ऋतुस्नाता लज्जमाना तत्पुरं कुंत्यवक् तदा ।।
जातमस्ति ममाधानं, नाथ त्वयोप्तबीजतः । लोकानामुत्तरं दास्ये, किमहं त्वं तु गच्छसि ।८१।
अभिज्ञानाय दत्वा स्वं, कंकणं लिखिताभिधं । मुद्राया एव माहात्म्यात्, प्रत्यगच्छत्पुरं नृपः ।।
सर्वेभ्यो गोपमानापि, दक्षा सा गर्भमादधौ । तथापि ज्ञातमालीभिः, कथंचिच्चिह्नदर्शनात् ।८३।
अज्ञाता नूतना वार्ता, स्त्रीणां समाति नो हृदि । कयाचिदिति तन्मातुः, स्वरुपं तन्निरुपितं ।।
तयापि निजनाथस्य, तेनोक्तं देवि ! पृच्छयतां । पातकिन्या तया वंश–कलंकिता कथं कृता ।।
विच्छायवक्त्रया मात्रा, तत्र दुःखात्समेतया । पृष्टा पुत्र्युदरे वृद्धिः, कथं ते ब्रूहि सूनृतं ।८६।
साचे जननि माकार्षी–र्विषादं त्वं मनागपि । पांडुना क्रीडिता वर्ते, न त्वन्येन नरेण हि ।८७।
मया स तु पतित्वेन, प्रतिश्रुतः प्रवर्तते । स एवाभूत्समेतोऽत्र, पश्य तत्पाणिकंकणं ।८९।
पांडुनामांकितं वीक्ष्यां–गदं स्वर्णमणीमयं । स्वयमेव वृतत्वेन, जाता सा हर्षखेदभाग् ।९०।
तयापि कथितं राज्ञः, पुरः सोऽप्याह दीर्घदृग् । प्रसिद्धिरथ नो कार्या, लोकानां पुरतो मनाक् ।।
गुप्तवृत्त्या दधाना साऽ–धानं धन्या मनीषिणी । सुषुवे पूर्णकालेन, पुत्रं प्राचीव भास्करं ।९२।
तं क्षिप्त्वा कांस्यपेटायां, ह्रिया कुंती महानिशि । समुद्रिकं वयस्याभि–र्मंदाकिन्यामवाहयत् ।।
वातेन प्रेर्यमाणोच्चैः, सा हस्तिनापुरस्तटे । संप्राप्ता वीक्षिता प्रीत्या, सूतसारथिना प्रगे ।९४।
ततो गृहीतपेटायाः, कृष्ट्वा बालं सुलक्षणं । राधायै निजभार्यायै, सुतत्वेन स दत्तवान् ।९५।
सापि पुत्रतया मोहा–त्पालयामास तं शिशुं । कर्ण इत्यभिधानेन, दंपतीभ्यां निगद्यते ।९६।
वयसा वर्धमानश्च, सगुणैरप्यवर्धत । बाल्यादपि प्रसिद्धोऽभू–द्वल्लभो नृपतेरपि ।९७।
पांडुकुंत्योश्च संबंध–मथ विज्ञाय तत्पिता । समक्षं पौरलोकानां, तस्मै तां प्रददे महैः ।९८।
मद्रकक्ष्मापतेः पुत्री, मद्रकी भद्रकीर्तिभाक् । कांता स्वयंवराप्ताभू–दन्या पांडुमहीपतेः ।९९।

આ બાજુ પેલો ચિત્રકાર અંધકવૃષ્ણિ રાજા પાસે ગયો. જઈને પાંડુ રાજાના રૂપ અને ઐશ્વર્ય આદિ ગુણોની પણ ખૂબ પ્રશંસા કરી. ત્યારે રાજા પાસે બેઠેલી કુંતી જેમ જેમ પાંડુ રાજાના ગુણોનું વર્ણન સાંભળતી ગઈ તેમ તેમ તે પાંડુ રાજા પ્રત્યે આકર્ષાતી ગઈ. આકર્ષાઈને કુંતીએ પ્રતિજ્ઞા કરી : 'આ ભવમાં પાંડુ રાજા એ જ મારા પતિ થાઓ. અને ભવાંતરમાં પણ પાંડુ રાજા સાથે જ પાણિગ્રહણ કરીશ.' મનમાં કરેલી પ્રતિજ્ઞા મન જ જાણે ! બીજાની આગળ કહેવા માટે તેની હિંમત ચાલી નહીં. દિવસે દિવસે તે ક્ષીણ થતી ગઈ. એક દિવસે સખીઓ સાથે ક્રીડા કરવા માટે ગઈ. પરંતુ વ્યગ્ર ચિત્તવાળી કુંતી, સખીઓની નજર ચૂકવીને વૃક્ષોની ઘટામાં સંતાઈ ગઈ પતિની પ્રાપ્તિ દુર્લભ માનીને દુઃખથી ગળે ફાંસો ખાઇને મરવાની તૈયારી કરી. ગળા ઉપર દોરડું બાંધીને ઉચ્ચ સ્વરે બોલી : 'હે કુલદેવતા, તમે જો મારી ચિંતા કરતા હોવ તો મારી પ્રતિજ્ઞાને મારા કલ્પનાના સ્વામી પાસે જઇને કહો કે : 'આ ભવમાં અને ભવાંતરમાં પાંડુ રાજા

જ મારા પતિ છે.' કૃપા કરીને મારા સ્વામીને તમે મેળવી આપો. નહીંતર હું મરણને શરણ થઈશ.' આ પ્રમાણે બોલતી અને પાંડુ રાજાના સંગમનું ધ્યાન કરતી અને માતા-પિતાના મોહનો ત્યાગ કરતી કુંતીએ ગળામાં પાશ નાંખ્યો. આ બાજુ કુંતીના સ્નેહપાશથી બંધાયેલા પાંડુ રાજાએ આ મુદ્રિકાનો પ્રભાવ સત્ય છે કે અસત્ય, તેની પરીક્ષા કરવા માટે કુંતીનું ધ્યાન કર્યું કે તરત જ કુંતી જ્યાં હતી તે ઉદ્યાનમાં આવી ગયા ! તે જાણે 'મારા વિયોગથી આનું મરણ ના થાઓ.' તે માટે જ આવ્યા ના હોય ! અથવા 'બન્નેનો સ્નેહ એક સરખો છે,' તે જણાવવા માટે આવ્યા ના હોય ! કુંતીના વચનને અનુસરીને તેને ઓળખી રાજાએ તરત જ તેના ગળામાં પડેલા ફાંસલાને કાપી નાખ્યો, અને સ્નેહપાશથી બે હાથે ઉચકીને વૃક્ષ ઉપરથી નીચે ઉતારી. સ્નેહાળ હાથના સ્પર્શથી રોમાંચિત બનેલી કુંતીએ રાગદૃષ્ટિથી પાંડુ રાજા પ્રત્યે પ્રેમભાવ દેખાડયો. દર્શન અને સ્પર્શનથી બંનેની ગાઢ પ્રીતિ થઇ. ત્યાં ને ત્યાં પાંડુ રાજાએ કુંતી સાથે ગાંધર્વ વિવાહ કરી લીધો. 'કયાં હું અને કયાં આ ? દૈવયોગે બંનેનું મિલન થયું છે, તો આ અવસરે વિલંબ કરવો ના જોઇએ. પહેલાં મનનું સામ્યપણું હતું, હવે તનનું સામ્યપણું કરીને પ્રીતનું સંવેદન અનુભવવું,' એમ વિચારી કુંતી સાથે પાંડુ રાજાએ રતિક્રીડા કરી. સમુદ્રમાં રહેલી છીપમાં સ્વાતિનક્ષત્રનું એક બિંદુ મૌક્તિક (મોતી) ને ઉત્પન્ન કરનારૂં બને છે તેમ, તે સંભોગથી કુંતીએ ઉત્તમ ગર્ભ ધારણ કર્યો. પોતાની ઇચ્છાની પૂર્તિ કરીને પાંડુ રાજા જવાની ઇચ્છા કરે છે, ત્યારે કુંતીએ લજ્જાથી તેને કહ્યું : 'સ્વામિન્, હું આજે ઋતુસ્નાતા છું. આપના બીજથી મને ગર્ભાધાન થશે તો લોકોમાં હું શું ઉત્તર આપીશ ? આપ તો જાવ છો !' ત્યારે પાંડુ રાજાએ પોતાના નામવાળી મુદ્રિકા અને કંકણ ચિહ્ન તરીકે આપીને તેને આશ્વસ્ત કરી. મુદ્રિકાના પ્રભાવથી રાજા પોતાના નગરમાં પાછા આવ્યા. દિનપ્રતિદિન કુંતીનો ગર્ભ વૃદ્ધિ પામ્યો. ચતુર એવી કુંતીએ તેને ગુપ્ત રાખવા માટે ઘણી કોશિશ કરી, પરંતુ ગર્ભની વાત કોઇ ને કોઈ રીતે દાસીઓના જાણવામાં આવી. 'અજ્ઞાત અને કોઈપણ નવી વાત સ્ત્રીઓના હૃદયમાં સમાતી નથી.' તેમાંની મુખ્ય દાસીએ કુંતીની માતાને વાત કરી. રાણીએ રાજાને કહ્યું. રાજાએ કહ્યું : 'દેવી, એને પૂછો. એ પાપિણી પુત્રીએ આપણા કુળને કેવી રીતે કલંકિત કર્યું ?' ઉદાસીન બનેલી માતાએ આવીને પૂછયું : 'બેટી, આ તારૂં પેટ કેમ વધ્યું ? જે હોય તે સાચેસાચુ કહી દે.' ત્યારે કુંતીએ કહ્યું : 'માતાજી, જરાયે વિષાદ ના કરો. બીજા કોઈ પુરૂષ સાથે નહીં પરંતુ પાંડુ રાજા સાથે જ મારો સંયોગ થયો છે. આપ તો જાણો છો કે હું પાંડુ રાજાને મનથી વરી ચૂકી છું.' એ પ્રમાણે આદિથી અંત સુધીનો બધો વૃત્તાંત કહીને નિશાની તરીકે પાંડુ રાજાના નામની મુદ્રિકા અને સ્વર્ણના કંકણ બતાવ્યાં. કુંતી પાસેથી વાત જાણીને હર્ષ અને ખેદને ધારણ કરતી રાણીએ રાજા પાસે આવીને બધી વાત કરી. દીર્ઘ દૃષ્ટિવાળા રાજાએ 'લોકમાં આ વાતની પ્રસિદ્ધિ ના થાય,' એ રીતે ગુપ્તપણે કુંતીને રાખી. પૂર્વ દિશા જેમ સૂર્યને ઉત્પન્ન કરે છે, તેમ પૂર્ણ માસે કુંતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. રાત્રિના સમયે કુંતીએ પુત્રને કાંસાની પેટીમાં સુવાડયો. પોતાની અને પતિના નામની મુદ્રિકા પેટીમાં મૂકીને ગંગા નદીમાં પેટીને વહેતી મૂકી દીધી. પવનથી પ્રેરાઇને પેટી હસ્તિનાપુરના કાંઠે આવી. ત્યાં પ્રભાતમાં 'સૂત' નામના સારથીએ પેટી જોઈ. નદીમાંથી પેટીને બહાર કાઢી. પોતાના ઘેર લાવ્યો. પેટીમાં લક્ષણવંત બાળકને જોયો. પોતાની પત્ની રાધાને તે આપ્યો. રાધા પણ બાળકનું પુત્રરૂપે પાલન કરે છે. પાલક માતા-પિતાએ પુત્રનું નામ 'કર્ણ' રાખ્યું. વય અને ગુણોથી વધતો કર્ણ, લોકમાં અને રાજાને પ્રિય થયો. અંધકવૃષ્ણિ રાજાએ કુંતી અને પાંડુ રાજાનો સંબંધ જાણીને નગરવાસીઓની સમક્ષ ઉલ્લાસપૂર્વક

તે બંનેનો વિવાહ મહોત્સવ કર્યો. ત્યાર બાદ પાંડુ રાજાએ 'મદ્રક' નામના રાજાની 'ભદ્રિકા' નામની પુત્રીનું સ્વયંવર મહોત્સવમાં પાણિગ્રહણ કર્યું.

गांधारदेशभूपस्य, भूतले सबलेशितुः । संजाताः शकुनेरष्टौ, गांधार्यादिसुता मताः ।२००।
शकुनैर्गोत्रदेवीभि–रुक्तैरष्टापि ताः पिता । प्रददौ धृतराष्ट्राय, भावि कर्म हि नान्यथा ।१।
देवकस्य महीशस्य, नाम्ना कुमुदिनी सुता । जाता जैवातृकस्येव, विदुरस्य नितंबिनी ।२।
पांडुकुंतीस्फुरद्भोगा–दुत्पन्नाः पंच नंदनाः । युधिष्ठिरादयो युद्ध–योद्धारो भुवि विश्रुताः ।३।
विचित्रवीर्यभूपालो, विभज्य राज्यमात्मनः । धृतराष्ट्रकपांडुभ्यां, दत्वा चारित्रमग्रहीत् ।४।
धृतराष्ट्रनृपस्यापि, गांधारीकुक्षिसंभवाः । सुता एकशतान्यासन्, शौर्योदार्याभिमानिनः ।५।
धृतराष्ट्रस्तनूजेषु, शतेषु तेषु सांप्रतं । मत्वा दुर्योधनं राज्यं, प्रदाय प्राव्रजन्मुदा ।६।
तेषु पंचसु साम्राज्य–योग्यं जानन् युधिष्ठिरं । राज्येऽभिषिच्य भूपालः, पांडुरप्याददे व्रतं ।७।
जनकैश्वर्यभोगाच्च, स्वकीयादपि वीर्यतः । तृणवन्मन्यमानोऽन्यान्, मानी दुर्योधनोऽभवत् ।८।
सर्वेऽपि पांडवास्तेन, देशान्निर्वासिताश्छलात् । बिभ्रता तेषु मात्सर्य–महंकारमयाशयात् ।९।
स दुर्योधन भूपालः, साम्राज्यं पाति संप्रति । अस्ति तस्य पवित्रश्रीः पुत्रीकोदधिनामिका ।१०।
यस्या रुपेण गीर्वाण–नितंबिन्यो विनिर्जिताः । यथा तथा ह्रिया वक्त्रं, दर्शयंति न भूस्पृशां ।।
यस्या नयनसंभूतै–स्तीक्ष्णैः कटाक्षमार्गणैः । विद्धा उच्छ्वसितुं नालं, भवंति भूस्पृशो भुवि ।।
यत्पाणिग्रहणं चित्ते, वांछंत एव कामिनः । अप्राप्त्या कर्म शापंति, स्वकीयं धनिनोऽपि च ।१३।
शैशवादपि चापल्या–चरणेनेव चक्षुषोः । चलत्वं चारुचित्तानां, चिनोति चतुरांगिनां ।१४।
रुपेण लसता रंभा, पौर्णिमेंदुर्मुखेन च । लावण्येन पयोराशि–र्बाल्येऽपि विजितस्तया ।१५।
अजातस्यापि ते दत्ता–भवद् दुर्योधनेन सा । वत्स ! त्वं तु हृतो जात–मात्रोऽप्यसुरवैरिणा ।।
शुद्धिस्तव कृता बह्वी, संप्राप्तिश्च तथापि न । अथ त्वदनुजान् दातुं, तातेन प्रेषितास्ति सा ।।
व्रतिवाचाविलासेन, संतुष्टो मदनोऽगदत् । निरीक्षितुमिदं सैन्यं, यियासा वर्तते मम ।१८।
भवेद्यदि तवादेशो, मयका तर्हि गम्यते । मुनिर्जगाद गंतुं त्वा, प्रदास्यामि न सर्वथा ।१९।
चपलो वर्तसे त्वं तु, चापल्यं प्रकरिष्यसि । तस्मिन् विधीयमाने हि, विलंबः प्रबलो भवेत् ।।
कुमारः प्राह चापल्यं, न करिष्याम्यहं मुने । कटकस्य बलं दृष्ट्वा, समायास्याम्यहं द्रुतं ।२१।
मुनिर्बभाण तर्हि त्वं, समीक्ष्यागच्छ सत्वरं । इत्युक्तोऽगात्स तत्रैव, स्तंभयित्वा विमानकं ।२२।

ગાંધાર દેશના ત્રિધવિખ્યાત સબલ રાજાની શાકુન નામની ગોત્રદેવીઓથી ગાંધારી આદિ આઠ પુત્રીઓ ઉત્પન્ન થઈ. તે આઠે કન્યાઓ ધૃતરાષ્ટ્ર રાજાની સાથે પરણાવી. દેવક રાજાની 'કુમુદિની' નામની પુત્રીને મહાપંડિત વિદુરની સાથે પરણાવી. પાંડુ રાજા અને કુંતીથી યુધિષ્ઠિર આદિ મહાપરાક્રમી પાંચ પુત્રો ઉત્પન્ન થયા. તે જગતમાં પાંડવો તરીકે પ્રસિદ્ધ થયા. ધૃતરાષ્ટ્ર અને પાંડુને પોતાના રાજ્યની વહેંચણી કરી આપીને વિચિત્રવીર્ય રાજાએ ચારિત્ર ગ્રહણ કર્યું.

ધૃતરાષ્ટ્રને ગાંધારીની કુક્ષિથી પરાક્રમી સો પુત્રો ઉત્પન્ન થયા. એ સો પુત્રોમાં મોટા પુત્ર દુર્યોધનને રાજ્ય આપીને ધૃતરાષ્ટ્રે ચારિત્ર ગ્રહણ કર્યું. પોતાના મોટા પુત્ર યુધિષ્ઠિરને રાજ્યયોગ્ય માની તેનો રાજ્યાભિષેક કરી પાંડુરાજાએ પણ ચારિત્ર ગ્રહણ કર્યું. પિતાના ઐશ્વર્યની પ્રાપ્તિથી અને પોતાના પરાક્રમથી અભિમાની બનેલો દુર્યોધન જગતને તૃણવત્ માનતો હતો. ઇર્ષ્યાથી પાંડવોની સાથે છલકપટ કરીને, પાંડવોનું રાજ્ય છીનવી પાંડવોને દેશનિકાલ કર્યા. સર્વેસર્વા બનેલો દુર્યોધન બંને રાજ્યનું પાલન કરી રહ્યો હતો. તે દુર્યોધનની રૂપલાવણ્યમાં અજોડ રૂપસુંદરી એવી 'ઉદધિ' નામની પુત્રી હતી. અહીં કવિ કલ્પના કરે છે કે 'રંભા-ઉર્વશી આદિ અપ્સરાઓ પૃથ્વી ઉપર આવતી નથી તેનું કારણ એ છે કે ઉદધિકુમારીના રૂપથી પરાજિત થયેલી તે અપ્સરાઓ, માણસોને મુખ કેવી રીતે બતાવી શકે?' તેથી જ તેઓ સ્વર્ગમાં રહે છે. ઉદધિકુમારીના નયનકટાક્ષના એક જ બાણથી વિંધાયેલો પુરૂષ શ્વાસ લેવા માટે પણ સમર્થ થઈ શકતો નથી. ઉદધિકુમારી સાથે પાણિગ્રહણની ઇચ્છા કરનાર હજારો પુરૂષોને તેની પ્રાપ્તિ નહી થવાથી, તેઓ પોતાનાં પ્રારબ્ધને શાપ આપે છે. અને પોતાના ધન-વૈભવ તથા જીવનને તુચ્છ માને છે. બાલપણથી ચપલતાનું આચરણ કરનારા તેના ચંચલ ચક્ષુઓ, ચતુર પુરૂષોના ચિત્તને ચંચળ બનાવી દે છે. એ ઉદધિકુમારીએ બાલપણથી જ પોતાના રૂપથી રંભાને, મુખથી પૂર્ણિમાના ચન્દ્રને અને લાવણ્યથી સમુદ્રના તરંગોને પરાજિત કરી નાખ્યા છે. 'હે વત્સ, એવી રૂપ લાવણ્યવતી ઉદધિકુમારીને, તારો જન્મ થયો નહોતો તે પહેલાં જ દુર્યોધને તને આપવાનું વચન આપેલું. પરંતુ પૂર્વ ભવના વૈરી અસુરે જન્મતાની સાથે જ તારૂં અપહરણ કર્યું. આખી પૃથ્વી પર તારી ઘણી ઘણી શોધ કરાવી, છતાં કયાંય તારી ભાળ લાગી નહીં, તેથી દુર્યોધને તે ઉદધિકુમારીને તારા નાનાભાઈની સાથે પાણિગ્રહણ કરવા માટે મોકલી છે.' આ પ્રમાણેની નારદની વાત સાંભળીને સંતુષ્ટ થયેલા પ્રદ્યુમ્ને કહ્યું : 'પિતાતુલ્ય, જો આપની આજ્ઞા હોય તો હું નીચે સૈન્ય જોવા માટે જાઉં. મારી ખૂબ ઇચ્છા છે. માટે આજ્ઞા આપો.' નારદજીએ કહ્યુ : 'ના રે ભાઈ, તને હવે હું કયાંય જવા નહીં દઉં. તું ચપલ છે. કયાંક ચપળતા કરી બેસે, અને પહોંચવામાં વિલંબ થાય.' પ્રદ્યુમ્ને કહ્યું : 'સ્વામિન્, હું કોઇ ચપલપણું કરીશ નહીં. સૈન્ય જોઇને જલ્દીથી પાછો આવીશ.' તેના અતિ આગ્રહથી નારદે કહ્યું : 'જોઇને જલ્દીથી પાછો આવી જા.' 'સારૂ.' એમ કહી પ્રદ્યુમ્ન વિમાનને આકાશમાં થંભાવીને, જ્યાં ઉદધિકુમારીના સૈન્યની છાવણી હતી ત્યાં ગયો.

**सैन्येन वेष्टितां कन्यां, चारुरूपेण वीक्षितुं । न शक्यत इतीवायं, भिल्लरूपमचीकरत् ।२३।**
**यत्र तत्कटकं सर्वं, भोजनार्थमवस्थितं । समेतो भिल्लरूपेण, मदनस्तत्र कौतुकी ।२४।**
**वपुस्ताडायमानं च, हस्तिहस्तोपमौ करौ । शाखिशाखासमे जंघे, हस्तांघ्री सूर्पकाकृती ।२५।**
**राजादनशुष्कफल-मिव संकुचितं मुखं । दंता गर्दभदंतानां, महत्वेनोपमां दधुः ।२६।**
**चिर्पटा नासिका श्मश्रु, पिंगलं गुरुतान्वितं । कठिनं जठरं प्रौढं, शरीरं श्यामवर्णभाक् ।२७।**
**वक्रीभूते कटीग्रीवे तस्य तारुण्यसन्मणेः । दर्शनायेव भूपीठे प्रस्खलती गतिः पुनः ।२८।**
**स्व हस्ते वंशकोद्दंडं, तूणीरं भूरिमार्गणं । शरीरे दधते वस्त्रं, खंडितं सर्वतोऽपि च ।२९।**
**शिरःकेशान् जटाजूटान्, लोचने अरुणारुणे । जल्पने मुखनिर्गच्छ-न्निष्टिवो रुद्ररूपभृत् ।३०।**

ईदृक्षं कुरुदेशीयाः, कुरूपं वीक्ष्य पुरुषाः । धनुःसंधितबाणं तं, जहसुः स्थितमध्वनि ।३१।
यावत्ते भोजनं कृत्वा, चेलुरग्रे यियासया । मार्गं निरुद्ध्य तावत्स, जगौ तान् कोपपूरितः ।३२।
यूयं यद्यपि वर्तध्वे, सुभटाश्च मदोत्कटाः । तथापि पदमात्रं न, गंतुं दास्यामि सर्वथा ।३३।
कुमाराः कौरवा वीरा, हसंतः क्रीडयाब्रुवन् । किमर्थं रे पुलिंद त्वं, मार्गं रुध्ध्वा स्थितः पुरः ।।
आरोप्य भृकुटिं भाले, कोदंडे च शिलीमुखं । सोऽवक्साधुस्थितोऽस्म्यत्र युष्माकं जनकस्य किं ।।
पुनस्ते जगदुः कस्य, सेवकस्त्वं प्रवर्त्तसे । क्रोधेनाभ्यदधत्सोऽपि, विष्णोः शुक्लधरोऽस्म्यहं ।३६।
कृष्णस्य शौल्किकत्वेन, तेऽपि कोमलया गिरा । आचख्यू रे किमस्माकं, करिष्यसि वनेचर ! ।।
अथवा कथमस्माकं, गंतुं दास्यस्यतो वनात् । सोऽप्याह भागधेयं मे, दत्वा यात नृपा इव ।।
कृष्णप्रीत्यै जगुस्तेऽपि, विष्णोस्त्वं शौल्किकोऽसि यत् ।
ततः संताप्यतऽस्माभिः, कथं वृद्धत्वसंयुतः ।३९।
कटकेऽत्र प्रवर्तंते, गजवाजिपदातिकाः । रुप्यकाञ्चनरत्नाद्याः, पदार्था अपरेऽपि च ।४०।
तेषु यत्त्वं विजानीया–स्तवोचितं च सुंदर! । शुल्कस्थाने गृहीत्वा त–द्देह्यस्मान् गंतुमुत्सुकान् ।।
अमर्षादवदत्सोऽपि, किं सार्थलुंटकोऽस्म्यहं । यतो मे दर्शिता एते, पदार्थाः सैन्यवर्तिनः ।४२।
यूयमेव विजानीथ, यत्सारं मम भोगकृत् । दत्वा तत्कुशलेनातः, काननाद्गच्छत द्रुतं ।४३।
भवतां चलतां विघ्नो, भविष्यत्यन्यथाध्वनि । संतोषिते शुल्काध्यक्षे, निर्विघ्नता भवेत्खलु ।४४।
केचिद्वदंति हास्येन, सैन्येऽव सकलादपि । सारं भोगकरं भूमि–पालपुत्री प्रवर्तते ।४५।
सारे वस्तुनि चेद्वांछा, विद्यते तव चेतसि । तर्हि त्वं तां समादत्स्व, स्वच्छरुपविलासिनीं ।४६।
हसित्वोचे तदा भिल्लो, भवंतो भाग्यभाजिनः । महांतः संति मेदिन्यां, तामेव दीयतां मम ।।
एकाकित्वेन तिष्ठामि, गहने काननेऽत्र हि । कापि रंधनकर्त्री मे, नास्ति स्त्री परिचारिणी ।४८।
तेऽपि जल्पयितुं प्रोचुर्ग्रथिलत्वयुतं वचः । भक्षणं परिधानं च, त्वत्तः सा मार्गयिष्यति ।४९।
स प्राह मम किं नास्ति, वनेऽत्र भक्षणं वरं । बदरीवटवृक्षादि–फलानि संति भूरिशः ।५०।
भूर्जत्वग्बर्हिबर्हाणि, द्राक्परिधापयिष्यते । कारयिष्यामि शृंगारं, गुंजाफलकपर्दकैः ।५१।
मयि संतोषितेऽवश्यं, सारसंपत्तिसंयुते । युष्माकमुपरि प्रीतिं, मुकुंदोऽपि करिष्यति ।५२।
कृष्णेनापि मम प्रीत्यै, प्रोक्तमस्ति वचः पुरा । सार्थेऽत्र वहमाने यत्सारं ग्राह्यं त्वयैव तत् ।।
ततश्चेतसि माकार्ष्ट, यूयं विचारचातुरीं । समर्प्य कन्यकां मह्यं, क्षेमेण व्रजताभितः ।५४।
केचित्प्रोचुर्मुकुंदेन, वचनं प्रोक्तमस्ति चेत् । तर्ह्यत्र बहवः सार्था, भविष्यंति गताः पुरा ।५५।
तेषां किमपि नो सारं, त्वत्पार्श्वे वस्तु दृश्यते । दरिद्रपुत्रक एवा–जन्मतस्त्वं समीक्ष्यसे ।५६।
स प्राह रे स्वरुपं मे, यूयं जानीथ नो शठाः । अहं दाता च भोक्ताहं, दत्तं भुक्तं च तेन तत् ।५७।
केचिदाहुररे मूर्ख !, वैकल्यं किं करोषि च । तव सर्वमपि ज्ञात–माजन्मतः स्वरुपकं ।५८।

ग्रहणं राजकन्याया, दूरे तिष्टतु सर्वथा । नास्ति दर्शनमप्यस्य, वराकस्य तवाग्रहात् ।५९।
लंबोदरं च कृष्णांगं, पिंगलकचधारिणं । त्वां दृष्ट्वान्यवशा बिभ्येत्, किं पुना राजकन्यका ।।
अस्ति यर्हि सुरूपायाः, कन्यायास्तव च स्पृहा । तर्हि भैरवझपां त्वं, प्रदाय कामनां कुरु ।६१।
यथा जन्मांतरेऽपीष्टां, तां प्राप्य रूपसुंदरीं । वांच्छितां चापि कालेन, पूर्णं कुर्या मनोरथं ।६२।
केचित्कोपेन जल्पंति, किमेतेन कुरूपिणा । ग्रथिलेन समं वार्त्ता, भवद्भिः प्रविधीयते ।६३।
संस्थास्यत्ययमत्रैवा–स्माकं तु गमनं महत् । गले धृत्वा विदूरेऽमुं, कृत्वा चलत सत्वरं ।६४।
वयं क्षत्रियजातीया, अयं पुलिंदजातिजः । सर्वथास्माकमेतस्य, न योग्या शुल्कदानिता ।६५।
भविष्यति मुकुंदस्य, शुल्काध्यक्षोऽत्र यद्ययं । तर्हि प्रकुपितश्चित्ते–ऽस्माकं किं स करिष्यति ।६६।
यदि कश्चिद्भवेदत्र, क्षत्रियो भूपनंदनः । दीयतेऽपि तदा किंचि–त्तस्मै शुल्काधिकारिणे ।६७।
ब्रुवाणा इति ते दर्पात्, सुभटा गंतुमुत्सुकाः । यावदासन् प्रतोल्येव, तान् धन्वना रुरोध सः ।।
धनुरेकमपि प्राप, विस्तारतां समंततः । विहायसींद्रधन्वेव, पंचवर्णसमन्वितं ६९।
तान्निरुध्याखिलांस्तेन, धनुषा शक्तिशालिना । अट्टहास्यं प्रकुर्वाणः, सर्वान्निर्भर्त्सयन् जगौ ।७०।
विवर्जिता विचारेण, रे मूर्खा मे कुरु प्रभोः । कथं न दीयते पुत्री, युष्माभिरल्पबुद्धिभिः ।७१।
अहं तु वासुदेवस्य, प्रथमस्तनयो नयी । प्रवर्ते काननावास–विधायिनां शिरोमणिः ।७२।
भवंतो यदि जानंति, मिथ्याप्रजल्पकं हि मां । तर्हि दत्वा कनीं पूर्वं, पृष्टव्याः सकला अनु ।।
सांप्रतं चेन्न दास्यंति, भवंतो मम कन्यकां । पश्चातापं विधास्यंति, पुनः प्रचलिता इतः ।७४।
वनेऽत्र वसतः कन्यां, यूयं चेन्मम दास्यथ । तदैव वासुदेवोऽपि, परमां मुदमाप्स्यति ।७५।
युष्माभिः कथ्यते कन्या, नास्तीदृशीह संसृतौ । मया प्रोच्येत मत्तुल्यो, वरः कोऽपि न लप्स्यते ।।
सदृशे मिलिते योगे, विचारः क्रियते कथं । संप्राप्ते समये येन, विचार्यते जडो हि सः ।७७।
गमिष्यथैव चेद्यूयं, मामुपेक्ष्य पराक्रमात् । धीरा भवथ तत्तावद्यावद्यत्नं करोम्यहं ।७८।
ते प्रोचू रे पुलिंद! त्वं, कुरु यत्नं यथेप्सितं । यत्ने कृतेऽपि यास्यामो, हत्वा त्वामात्मशक्तितः ।।
इति श्रुते पुलिंदस्य, वेषधारी स विद्यया । सीसीत्कारं च कृत्वा द्राग्, मेलयामास भिल्लकान् ।।
तथा तत्राभवत् सैन्यं, भिल्लानामेव केवलं । तैरेव वेष्टितं कन्या–सैन्यं पूषेव दुर्दिनैः ।८१।
कुरुदेशभटा यद्य–प्यायुधैर्विविधैर्युताः । तथापि तेऽभवंस्तेषां, रुपैः शस्त्रैर्भयंकराः ।८२।
पृथिव्यां कानने शैले, कंदरायां समंततः । किरातानेव कृष्णांगा–नद्राक्षुः कुरुदेशजाः ।८३।
गृह्णीत च निबध्नीत, गच्छंत्येते क्व पापिनः । इति बुंबां प्रकुर्वाणाः, समेता भिल्लकोटयः ।८४।
मस्तके पल्लवश्रेणि–रचितोन्नतमौलयः । पादपानामनेकानां, फलैः कल्पितहारकाः ।८५।
बृहत्पलाशपत्राणां, कृतातपत्रखेटकाः । हस्ते धृतदृषत्काष्ठ–यष्टयो विविधायुधाः ।८६।
उद्घाटितशिरोदेशे, बद्धकेशकलापकाः । धावंतः कुरुदेशीयवरुथिनीं जिघृक्षया ।८७।

भूयो हनुमतां सैन्य-मिव चापल्यमादधत् । विष्वक् भिल्लबलं व्याप्तं, भूरिकोलाहलाकुलं ॥
अवलोक्य समागच्छ-त्स्वसैन्याभिमुखं च तत् । कौरवाः सुभटाः केचि-च्चुक्षुभुः समुदायतः ॥
केचिद्ददंत्यमर्षेण, किमेतेभ्यो बिभीथ भोः । तिष्टंत्यग्रे गजानां कि-मकृशा अपि शूकराः ।९०।
अतिशौर्यतया यूयं, युध्यध्वं वीरमानिनः । इद्दशोऽवसरोऽस्माकं, काले न हि समेष्यति ।९१।
एतान् वनेचरान् दुष्टान्, कंदमूलफलाशिनः । गृहीत्वा मारयध्वं च, भूतानिव भयंकरान् ॥
वदंत इति झात्कार-विद्युद्दामेव बिभृता । उद्घाटितेन खड्गेना-धावन् सैन्यस्थिता नृपाः ॥
पुलिंदा अपि भूपानां, योध्धुं सन्मुखमागताः । ततो रौद्रे रणे जाते, भिल्लर्भूपाः पराजिताः ॥
तदा केचिद्व्यमुंचन् स्वां-स्तुरंगान् वक्रताधरान् ।
अश्ववाराः सरंगाश्व, विद्धा भिल्लशिलीमुखैः ।९५।
क्षुत्क्षामाणां पुलिंदानां, दयया भारभारिताः । तुंगाः स्तंबेरमास्तस्मि-न्ननीक एव बभ्रमुः ॥
तत्पृष्टेभ्यस्तदा तत्र, पतिताः सर्पिषो घटाः । तेषामेव घृतैर्जाता, सारणिर्धरणीतले ।९७।
पुनस्तेभ्योऽपि गोधूम-राशयः पतिता भुवि । संग्रामकर्तृपादैश्च, चूर्णीभूता विमर्दिताः ।९८।
क्षुधितानां किरातान-मन्येषामपि भूस्पृशां । भक्षणं रणदेव्येव, प्रदत्तं गुडमिश्रितं ।९९।
संपूर्णोदरमाहारं, लभंते पामरा यदा । भवंति त्वरितं प्राय-स्तदा बलमदोद्धताः ।३००।
इति ते पूर्णमाहारं, संप्राप्य शबरास्तदा । तथा युयुधिरे नष्टा, यथा सर्वेऽपि कौरवाः ।१।
निखिलान्यपि वस्त्राणि, केचित्स्वमूर्धवेष्टनं । परिधानांशुकं केचि-न्नश्यंतो व्यमुचन् भयात् ।२।
वस्त्रहीना यदा नष्टाः, कौरवा वीरमानिनः । कुर्वाणाः क्रीडया नृत्यं, किराता अहसन् भृशं ।३।
वादयंतो मुखैर्वेणून्, ददाना हस्ततालकान् । जाता अस्माद्दशा एते, भव्यं भूतं मिथो जगुः ।४।
स्वकीयधनिकस्यापि, धान्यगोण्यादिकं तदा । समारोपयितुं भारं, न ददुर्वेसरा अपि ।५।
त्रटत्कारं प्रकुर्वाणा, उन्मत्ता गवया इव । मिथ आस्फाल्यमानाश्चा-नश्यंश्च वृषभाः समे ।६।

પ્રદ્યુમ્નને ઉદધિકુમારીને જોવાની ઘણી તાલાવેલી થઇ, પરંતુ 'લાખો સૈનિકોથી ઘેરાયેલી કુમારીને કેવી રીતે જોઇ શકાય ?' એમ માનીને તેણે ભયંકર ભિલ્લનું રૂપ કર્યું. જ્યાં બધા સૈનિકો ભોજન માટેની તૈયારી કરતા હતા ત્યાં ભિલ્લ રૂપે પ્રદ્યુમ્ન આવ્યો. તળાવ જેવું મોટું શ્યામ શરીર, હાથીની સૂંઢ જેવા હાથ, વડના થડ જેવી જંઘા, સૂપડાના આકાર જેવા હાથ-પગનાં તળિયાં, ચીમળાઈ ગયેલા ફૂલ જેવું સંકુચિત મુખ....ગર્દભના દાંત જેવા મોટા દાંત, ચપટી નાસિકા, પીળી અને મોટી દાઢી-મૂછ, તગારા જેવું મોટું પેટ, કઠીન અને મોટું રાક્ષસ જેવું શ્યામ શરીર, વાંકી કેડ અને ડોક....લાંબા લાંબા વાળોની મોટી જટા, લાલ લાલ નેત્રો અને મોંઢામાંથી સતત નીકળતું થૂંક....ચારે તરફથી ફાટી ગયેલાં વસ્ત્રો....એવા ભયંકર રૂપને ધારણ કરનારો, હાથમાં વાંસની લાકડીના ટેકે ઠચુક ઠચુક ચાલતો, ખભે ધનુષ્ય બાણ લઇને, ભયંકર ભિલ્લ રૂપે પ્રદ્યુમ્ન રસ્તા વચ્ચે આવીને ઊભો રહ્યો. આવા કુરૂપ ભિલ્લને જોઇને કુરૂદેશના (દુર્યોધનના) સૈનિકો હસવા લાગ્યા. જ્યારે તેઓ ભોજન કરીને જવાની તૈયારી કરે છે, ત્યાં માર્ગ

રોકીને, ક્રોધાતુર બનીને તેણે સૈનિકોને કહ્યું : 'અરે, તમે મહોત્કટ સુભટો ભલે રહ્યા, પરંતુ અહીંથી એક પગલું માત્ર આગળ જઈ શકશો નહીં.' ત્યારે કૌરવ રાજકુમારો અને વીર સુભટોએ હસતાં હસતાં તેને કહ્યું : 'એ ભીલ, શા માટે તું અમારો માર્ગ રોકીને ઊભો છે?' ત્યારે કપાળ ઉપર ભ્રકુટિ અને ધનુષ્ય ઉપર બાણ ચઢાવીને ભિલ્લ બોલ્યો : 'હું અહીં ઊભો રહ્યો છું તેમાં તમારા બાપનું શું જાય છે?' કૌરવોએ પૂછ્યું : 'તું કોનો સેવક છે?' તેણે કહ્યું : 'હું વિષ્ણુનો સેવક દાણી છું. તમારે દાણ ચૂકવીને જ આગળ જવું પડશે.' ત્યારે સુભટોએ કહ્યું : 'તું કૃષ્ણનો દાણી છે, તેમાં અમારે શું ? અમને અમારો રસ્તો કરી આપ. અમારી વચ્ચે શા માટે ઊભો રહ્યો છે?'

ભિલ્લે કહ્યું : 'જેમ બધા રાજાઓ આપે છે તેમ કૃષ્ણની પ્રીત માટે તમે પણ મને દાણ આપીને જઇ શકો છો.' ત્યારે સુભટોએ કહ્યું : 'તું દાણી છે તેથી શું થઈ ગયું ? અમને શા માટે સંતાપે છે ? તેમ છતાં તારે જોઇતું હોય તો આ સૈન્યમાં હાથી, ઘોડા, રથ, હીરા, માણેક, મોતી, રત્નો આદિ ઘણી વસ્તુ છે. તારી સુંદરતાને યોગ્ય લાગે તે દાણના બદલામાં લઇ લે અને અમારો માર્ગ છૂટો કર.' ત્યારે ક્રોધથી ભિલ્લે કહ્યું : 'તમારા મનમાં તમે શું સમજો છો ? શું હું કોઈ લુંટારો છું કે તમારા સૈન્યમાંથી મન ફાવે તે લઇ લઉં ? તમારા સૈન્યમાં સારામાં સારી, મારા યોગ્ય શું ચીજ છે, તે તમે જાણતા હો, મને શું ખબર ? તમારે કુશલક્ષેમ અહીંથી જવું હોય તો તમારી પાસે સારામાં સારી જે કોઇ ચીજ હોય તે મને દાણમાં આપીને નિર્વિઘ્નપણે તમે જઇ શકો છો.' ત્યારે કોઇ સુભટે મશ્કરીમાં કહ્યું : 'આ સૈન્યમાં સારભૂત વસ્તુ હોય તો તે રાજાની રાજકુંવરી છે. તારા મનમાં સારી ચીજની ઝંખના હોય તો સુંદર એવી રાજકુંવરીને જ લઈ જા ને!' ત્યારે ભિલ્લે કહ્યું : 'ઓહો, આ જગતમાં તમે મહાભાગ્યશાળી છો, તમે સ્વહસ્તે જ મને રાજકુંવરી આપો ! કેમકે આવા ભયંકર જંગલમાં હું એકાકી રહું છું. કોઈ રાંધનારી કે મારી સેવા કરનારી સ્ત્રી નથી. તમારો ઉપકાર ક્યારે પણ નહીં ભૂલું.' સુભટોએ પાગલ માની તેને ખીજવવા માટે કહ્યું : 'રાજકુંવરી તારી પાસે વસ્ત્ર, આભૂષણ, ભોજન વિગેરે માગશે. તું શું આપીશ ?' ત્યારે ભિલ્લે કહ્યું : 'શું મારી પાસે કંઇ નથી ? મારી પાસે ઘણું બધું છે ! સાંભળો, આ વનમાં ખાવા માટે બોર, વડવૃક્ષનાં ફળો વિગેરે ઘણા ફળો છે. તેને પહેરવા માટે ઝાડની છાલ, મોરના પીંછાં....વિગેરે વલ્કલનાં હું વસ્ત્ર આપીશ. અને તેને શણગારવા માટે ચણોઠી અને કોડીઓનાં આભૂષણો બનાવી આપીશ. બોલો, તમારી રાજકુંવરીને આથી વિશેષ શું જોઇએ ? વળી રાજકુંવરી આપીને મને સંતોષ પમાડશો તો તમારા ઉપર કૃષ્ણનો પ્રેમ વધશે. કૃષ્ણે જ મને પહેલાં કહેલું કે 'આ જંગલમાંથી જતા જે કોઈની પાસે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ચીજ હોય તે તારે લેવી.' તેથી તમો બીજો કોઈ વિચાર કર્યા વિના મને રાજકુંવરી આપીને ક્ષેમકુશલ અહીંથી જઈ શકો છો.' ત્યારે કેટલાક સુભટોએ કહ્યું : 'કૃષ્ણે તને કહ્યું હોય કે 'સારભૂત વસ્તુ તારે ગ્રહણ કરવી,' તો અહીંથી ઘણા ઘણા સાર્થો ગયા હશે. તેમાંની સારભૂત વસ્તુ તો કોઈ તારી પાસે દેખાતી નથી. તું તો જન્મથી જ દરિદ્રનારાયણ દેખાય છે.' ત્યારે ભિલે કહ્યું : 'અરે શઠો, તમે મારા સ્વરૂપને જાણતા જ નથી. હું કેવો છું ખબર છે ? હું દાતા છું અને ભોક્તા છું. હું કોઇ વસ્તુ સંઘરી રાખતો નથી. બધું દાનમાં આપી દીધું અને ભોગવી લીધું.' ત્યારે કેટલાક સુભટોએ કહ્યું : 'અરે મૂર્ખ, શાનો બકવાસ કરે છે ? જાણ્યું, જાણ્યું, જન્મથી જ તારૂં સ્વરૂપ જાણ્યું. રાજકન્યાની પ્રાપ્તિ તો દૂર રહી, તેનું દર્શન પણ તારા જેવા માટે દુર્લભ છે. તારૂં લાંબુ લાંબુ પેટ, કાજળ જેવું શ્યામ શરીર, પીળા પીળા વાળ, આવા તારા ભયંકર રૂપને જોઇને બીજી સ્ત્રીઓ

પણ ડરી જાય, તો આવી સુંદર અને કોમળ રાજકન્યા તો તને દૂરથી જોતા જ ભયની મારી મરણને શરણ થઇ જાય ! તને જો આ સ્વરૂપવાન રાજકન્યાની સ્પૃહા હોય તો તેની ઈચ્છા કરીને ભૈરવ ઝંપાપાત (પર્વતની ટોચથી પડતું મૂકવું) કર, તો ભવાંતરમાં આવી રૂપસુંદરીને મેળવીને તારા મનોરથો પૂર્ણ થશે.' ત્યારે કેટલાક શાણા સુભટોએ કહ્યું : 'અરે, તમે લોકો પણ કેવા છો કે આવા કુરૂપ પાગલની સાથે ચર્ચા કરીને નાહક સમય બગાડો છો. આપણે હજુ ઘણું દૂર જવાનું છે. એને અહીંયા રાખીને અથવા ગળુ પકડીને એને દૂર કાઢી મૂકો, અને જલ્દી પ્રયાણની તૈયારી કરો. આપણે ક્ષત્રિયો છીએ અને આ ભીલ જાતિનો છે. એની સાથે શું વાત કરવી ? એ શું દાણ લેવાને યોગ્ય છે ? કદાચ માનો કે એ કૃષ્ણનો રાખેલો દાણી હોય અને દાણ ચૂકવ્યા વિના આપણે જઈએ, અને કૃષ્ણ આપણા ઉપર ગુસ્સે થાય, એની પણ આપણે ચિંતા કરવાની જરૂર નથી. હા, કોઇ ક્ષત્રિયપુત્ર હોત તો તો બરાબર છે. તેને દાણ આપ્યા પછી જઈએ, પરંતુ આ ભીલડાને કોણ દાણ આપે ? માટે અહીંથી જલ્દી રવાના થાઓ.' આ પ્રમાણે શાણા સેનાપતિની વાણી સાંભળીને અભિમાનથી સુભટો જવા માટે તૈયાર થયા. ત્યાં ભીલ રૂપે પ્રદ્યુમ્ને બાણોની વર્ષા કરી અને દરવાજાની જેમ માર્ગ રોકીને ઊભો રહ્યો. એક ધનુષ્યમાંથી બાણ છોડે છે ત્યારે આકાશમાં ઈન્દ્રધનુષ્યની જેમ ચારે તરફ પાંચ વર્ણવાળા બાણો સિવાય કંઈ જ દેખાતું નથી. શક્તિશાળી એવા પ્રદ્યુમ્ને બાણોની વર્ષાથી ચારે બાજુનો માર્ગ રોકી દીધો. અટ્ટહાસ્ય કરતો તે બોલ્યો : 'અરે મૂર્ખાઓ, અલ્પબુદ્ધિ એવા તમે મને રાજપુત્રી કેમ આપતા નથી ? હું વાસુદેવનો પ્રથમ પુત્ર છું અને આ વનવાસીઓનો શિરોમણી છું. તમને એમ લાગતું હશે કે હું મિથ્યા પ્રલાપ કરૂં છું. પણ મને પહેલાં રાજકન્યા આપો, પછી બધી વાત વિસ્તારથી કરૂં. જો તમે મને રાજકન્યા નહીં આપો તો પાછળથી તમારે પસ્તાવું પડશે. વનમાં વસતા એવા મને રાજપુત્રી આપશો તો કૃષ્ણ-વાસુદેવ તમારા ઉપર ઘણા ખુશ થશે. તમે કહો છો ને કે 'આ સંસારમાં રાજકન્યા જેવી કોઈ રૂપવતી સુંદરી નથી.' તો હું કહું છું કે આ સંસારમાં તેને મારા જેવો કોઈ વર નહીં મળે. સરખે-સરખો યોગ છે. માટે કંઈક વિચાર કરો. વિચાર નહીં કરો તો સમય ગયા પછી તમે મૂર્ખશિરોમણી કહેવાશો. આ વાત તમારા હિતને માટે કહી છે, છતાં જો મારી ઉપેક્ષા કરીને સ્વપરાક્રમથી જવાની તૈયારી કરશો તો મારે બીજો પ્રયત્ન કરવો પડશે.' ભિલ્લની વાત સાંભળીને ગુસ્સે થયેલા સેનાપતિએ કહ્યું : 'તારી ઈચ્છા હોય તે કરી લે, અમે તો તને મારીને અમારી શક્તિથી જઇશું. અમે જોઇએ છીએ કે તું અમને કોણ રોકનાર છે ?' સેનાપતિને સાંભળીને ભિલ્લ વેષધારી પ્રદ્યુમ્ને વિદ્યા શક્તિથી સીસકારો (સીસોટી) કર્યો, તેની સાથે જ ચારે તરફથી ભિલોના સૈન્યે આવીને, વાદળાઓ જેમ સૂર્યને ઘેરી વળે તેમ કૌરવોના સૈન્યને ઘેરી લીધું. કૌરવો શસ્ત્રો ઉગામીને તૈયાર થયા, પરંતુ ભયંકર શસ્ત્રોને ધારણ કરનારા પૃથ્વીમાંથી, જંગલમાંથી, પર્વતોમાંથી અને ગુફામાંથી ચારેબાજુથી આવતા ભિલોના સૈન્યને જોઇ રહ્યા. મસ્તક ઉપર પાંદડાઓના બનાવેલા મુગટોને ધારણ કરનારા, ગળામાં ફૂલોના હાર પહેરેલા, ખાખરાના પાનનું છત્ર ધારણ કરનારા, હાથમાં કાષ્ટ અને પત્થરના વિવિધ પ્રકારનાં શસ્ત્રો ધારણ કરનારા, કોઈ ઉઘાડા માથાવાળા તો કોઈ માથે જટાને ધારણ કરનારા, આવા પ્રકારના ક્રોડો ભિલ્લો 'મારો મારો, પકડો, પકડો, અરે પાપીઓ, ક્યાં ભાગો છો ?' આ પ્રમાણે બૂમ-બરાડા પાડતા કૌરવોના સૈન્ય ઉપર ધસી આવ્યા. હનુમાનના સૈન્યની ચપળતાને ધારણ કરનારૂં કોલાહલ કરતું ભિલ્લ સૈન્ય પોતાના સૈન્યની સામે આવતુ જોઇને કેટલાક કૌરવ સુભટો ભયભીત બની ગયા, ત્યારે સેનાપતિઓ ગુસ્સે થઇને બોલ્યા :

'અરે વીરમાની સુભટો, ડરો છો શા માટે ? હાથીઓની આગળ તગડા જેવા શૂકરો શું કરી શકવાના છે ? શૂરવીરતાથી તમે એમની સાથે યુદ્ધ કરો. ફરી ફરીને આવો અવસર નહીં મળે. કંદમૂળ અને ફળાહાર કરનારા ભૂતડા જેવા આ દુષ્ટ વનચરોને પકડી પકડીને મારો.' સેનાપતિના ઉત્સાહિત વચનથી વીજળીના ચમકારા જેવી ખુલ્લી તલવારો લઇને કૌરવ સુભટો મારવા માટે દોડયા. ભિલ્લો પણ સામે આવ્યા. આ પ્રમાણે ભિલ્લો અને કૌરવોનું ભયંકર યુદ્ધ થયું. ભિલ્લ સૈન્યથી પરાજિત થયેલા અને તેઓના બાણોથી ઘાયલ થયેલા કૌરવ સુભટો હાથી, ઘોડા, રથ, આદિ ત્યાં જ છોડીને પોતાના પ્રાણ બચાવવા ત્યાંથી દૂર દૂર નાશી ગયા.

ભિલ્લ સૈન્યના ભૂખ્યા થયેલા હાથી ઘોડા આદિ ખાલી પડેલી કૌરવોની છાવણીમાં ઘૂમવા લાગ્યા. ઘીથી ભરેલા ઘડાઓ ફૂટી જવાથી જમીન ઉપર ઘીની જાણે નીક બની ગઇ. ઘઉં આદિ અનાજના ઢગલા પગ નીચે કચરાવાથી રેતીની જેમ ચૂર્ણ બની ગયા. ભૂખ્યા થયેલા ભિલ્લો પણ છાવણીઓમાં રહેલું ગુડમિશ્રિત સંપૂર્ણ મિષ્ટાન્ન રણદેવીની જેમ આરોગી ગયા. પામર પુરૂષોને જ્યારે પેટ ભરાય ત્યારે વધારે બળ અને મદ ચઢે છે, તેમ ભિલ્લો આહારથી તૃપ્ત થઇને કૌરવોની પાછળ યુદ્ધ કરવા માટે દોડયા. ત્યારે સર્વે કૌરવ સુભટો ભયભીત બની, કોઇ માથા ઉપરનું વસ્ત્ર, તો કોઇ પહેરેલાં વસ્ત્રો મૂકીને ત્યાંથી નાઠા. આ રીતે નિર્વસ્ત્ર બનેલા કૌરવોને નાસતા જોઇને ભિલ્લો અટ્ટહાસ્ય કરવા લાગ્યા. તાળીઓ પાડી પાડીને નાચવા લાગ્યા. વાંસળીઓ તેમજ સીસોટી વગાડવા લાગ્યા. બૂમો પાડી પાડીને બોલવા લાગ્યા : 'વાહ, કેવું થયું ! કેવા હારી ગયા ! ક્ષત્રિય થઇને અમારા જેવાથી હારી ગયા ! કેવા નાઠા ! પોતાના માલિકની ધન-ધાન્યની ગુણોનો ભાર ખચ્ચરો પણ ઉપાડવા માટે ના કહેતા નથી, તો વૃષભ જેવા તમે લોકો રોઝની જેમ ઉન્મત્ત થઇને કેમ ભાગી રહ્યા છો ? તમને શરમ આવતી નથી ? ઓ ઉન્મત્ત કૌરવો, ઊભા રહો ઊભા રહો.' આ પ્રમાણે બૂમો પાડતા ભિલ્લો તેમની પાછળ પાછળ દોડી રહ્યા. કૌરવો પરસ્પર અથડાતા ભાગી રહ્યા હતા. ધીમે ધીમે ભિલ્લ સૈન્ય અદૃશ્ય થઈ ગયું.

हा हा पुरः किरातानां, क्षत्रिया हारिता वयं । इति ते च मनस्तप्त्या, वक्त्राणां कालिकां दधौ ।।
कौरवाणां बलिष्टाना–मस्माभिर्विजितं बलं । ध्यायंत इति कृष्णास्या, अपि श्वेतमुखा इमे ।।
कौरवाणां सदुःखे च. तदा जातेऽखिले बले । वीक्षमाणर्षिणा कन्या–पजह्रे भिल्लवेषिणा ।९।
अपहृत्य समानीय, विमाने शोभने निजे । नारदर्षिसमीपे सा, स्वास्थ्याय विनिवेशिता ।१०।
सौरभेयी यथा व्याघ्रा–द्बिभेति भयविह्वला । किराततस्तथा तस्मा–द्भीतासावप्यजायत ।।
माकार्षीदियमात्मीय–प्राणत्यागं भयान्मम । इति तस्याः पुरो वक्रं, वक्त्रं कृत्वा स संस्थितः ।।
बीभत्सं कालिमाढ्यं सा, विकरालं कलोज्झितं । रुपं वीक्ष्याभवत्कंप–मानांगी मृत्युशंकिता ।।
त्रस्यंत्यपि रुदंती च, विश्वासं कुर्वती मुनौ । अपश्यत् सन्मुखं तस्य, दीना म्लानमुखी कनी ।।
अश्रुपातं विमुंचंती, विलपंती पुनः पुनः । जगाद नारदं तात, मयास्ति कर्म किं कृतं ? ।१५।
पितृभ्यामतिवाल्लभ्या–दहं संपोषिता सुखं । विरुद्धैव ममावस्था, संजाता केन कर्मणा ।१६।
प्रथमं रुक्मिणीसूनो–रजातस्यापि भाषिता । असौ केनापि पापेन, जातमात्रो हृतोऽरिणा ।१७।
पश्चात्कृष्णनृपस्यास्ति, सत्यभामादिमा प्रिया । अहं तस्यास्तनूजस्य, भानुनाम्नः समर्पिता ।।

तदर्थं नीयमानापि, विचाल एव पातकान् । मलिम्लुचैर्गृहीताहं, केनापि नो निवारिता ।१९।
नारदर्षे ! कृपासिंधो, सर्वरामासहोदर ! । मय्यपह्रियमाणायां, दया तवापि नोऽभवत् ।२०।
आशैशवात्त्वया मातः, पालिता वर्धिताप्यहं । पुलिंदैर्गृह्यमाणाया–श्चिंता मे न कथं कृता ।२१।
प्रेषिता प्रौढसैन्येन, विज्ञाय स्थानकं महत् । एतस्मिन् समये तात, विमुक्तैकाकिनी कथं ।२२।
ममोपरि महाप्रेम, भवंतो दधतोऽभवन् । सहोदरा गताः कुत्र, संप्रति स्नेहवर्जिताः ।२३।
हा हाऽथवा मया ज्ञातं, संसारस्य स्वरूपकं । संकटे कोऽपि रक्षायाः, कारको न भवेदिह ।२४।
दुःखश्रोता मिलेत्कोऽपि, तदा दुःखं स्फुटीभवेत् । इत्यालोक्य मुनिं कन्या, विललाप मुहुर्मुहुः ।।
दुःखस्यापि सुखस्यापि, प्रांतो–ऽस्त्येव कदाचन ।
विलप्येति यदा किंचित्, स्वस्था बाला बभूव सा ।२६।
नारद सा ततोऽवादी–त्तातैतस्य दुरात्मनः । ईदृशी विद्यते विद्या, कथं गगनगामिनी ? ।२७।
कोऽपि रुपपरावृत्त्या वृंदारकः समस्त्यसौ । विद्याधरोऽथवा कोऽपि, कोऽपि किंनरनिर्जरः ।२८।
सममेतेन दुष्टेन, जाता ते संगतिः कथं । यद्वा मद्वद्गृहीतोऽसि, तात त्वमपि पापिना ।२९।
अहं तु प्रविधास्यामि, प्राणानां व्यपरोपणं । भाविनी का गतिस्तत्र, चिंतेति मम वर्तते ।३०।
तस्याः श्रुत्वा वचांसीति, स्मित्वोचे मुनिनारदः । हर्षास्पदे कथं खेदं, करोषि पुत्रि! मौढ्यतः ।।
रुदती सावदत्तात, हर्षः कोऽत्र निरुप्यतां । मुनिः प्राह पितृभ्यां त्वं, यस्य दत्ताभवत्पुरा ।३२।
रुक्मिणीतनयः सोऽय–मचिंत्यशक्तिसंयुतः । भाग्येनात्र समेत्य त्वं, गृहीतानेन धीमता ।३३।
निशम्येति जगौ कन्या, मुने! मां किं नु वंचसि । नेदृशः सर्वथा भावी, स तु राज्ञोऽस्ति नंदनः ।।
मुनिः प्राहेदृशं रुपं, वीक्ष्य मुग्धे विषीद मा । अभ्रैराच्छादितोऽर्कः किं, स्यात्स्वतेजःप्रकाशकः ।।
तथा रुपविभेदेन, विज्ञेयोऽयमपि त्वया । आगात्त्वदर्थमेवात्र, विद्याधरनिवासतः ।३६।
एकस्य वांछना यर्हि, द्वितीयस्य न सा भवेत् । तदा द्वयोरपि प्रौढा, भवेद्दुःखपरंपरा ।३७।
अत्रैतस्य तवाकांक्षा, तवापि साऽभवत्पुनः । उभयोर्युवयोर्जाताः, पूर्णास्तेन मनोरथाः ।३८।
ततस्त्वं मानसं खेदं, परित्यज्य मृगेक्षणे ! । स्वभाग्यमद्भुतं भूमौ, जानंती भज संमदं ।३९।
कोमलैर्वचनैरेवं, स्वस्थीकृत्य च तां कनीं । निजरुपप्रकाशाय, मुनिरुचे मनोभवं ।४०।
कीर्तये नातिदृष्टिः स्या–ल्लज्जायै नातिजल्पनं । न चातिभक्षणं पुष्ट्यै, न स्नेहायातिरोषणं ।।
नातिक्रीडनमाभाति, न चातिहसनं मुदे । स्वरुपं प्रकटीकृत्य, तदेनां त्वं प्रमोदय ।४२।
प्रद्युम्नेन पुरैतस्य, समस्ति स्वीकृतं वचः तदेष सर्वलोकानां, पूज्यो जातोऽस्ति भूतले ।४३।
मानयिष्याम्यहं नो चे–देतस्य सांप्रतं वचः । ममैव भाविनी हानि–स्तत्तेनापीति मानिते ।४४।
स्वीकृत्य वचनं तस्य, व्यक्तीकृत्य स्वरुपकं । अभ्रान्मुक्तः शशीवासौ, हारैस्तारोज्ज्वलैर्बभौ ।।
चारुचातुर्यलावण्या, मनोहरकलावतः । रोहिणीव शशांकस्य, सा रेजे तस्य सन्निधौ ।४६।

शक्तिर्ज्ञाता पुरंतस्य, दृष्टं रूपं च सांप्रतं । द्वाभ्यां तस्याः प्रमोदो यो–ऽभूत्तं वक्तुं न शक्यते ।।
भूषितो भूषणैः सर्वै–र्भूरिवर्यमणीमयैः । साम्यं देवकुमारस्य, दधानो विरराज सः ।४८।
तस्य रूपं समालोक्य, कन्या हृष्टा स्वचेतसि । सहसा भवतो हर्ष–विषादावतिदुस्सहौ ।४९।
यदीदृशेन रुपेण, मनुष्योऽयं भविष्यति । अयं च मे भवेद्भर्ता, तदोर्व्यां भाग्यवत्यहं ।५०।
भविष्यति सुपर्वासौ, यदीदृक्शक्तिसंयुतः । मनुष्यत्वादवश्यं मां, त्यक्षेन्मे तर्हि का गतिः ।५१।
स्पष्टीकृतेऽपि तेनात्म–रुपे दीनमुखीं कनीं । वीक्ष्याचख्यौ मुनिर्भद्रे–ऽद्यापि दीनानना कथं ।।
सा प्रोचे कथितं तात, यत्त्वयायं पतिस्तव । तदसत्यं विजानामि चित्तकल्पनया ह्यहं ।५३।
यदेषोऽस्ति मनुष्यो न, देवोऽयं कोऽपि वर्त्तते । देवस्य मानुषीकांता, न योग्या सर्वथा भवेत् ।।
स्मित्वा तदा मुनिः प्राह, माकार्षीस्त्वमधीरतां । यो मया कथितः पूर्वं, तवैव पतिरेष सः ।५५।
द्वितीयवारमित्युक्ते, मुनिना तेन शर्मणे । विश्वासं जनयंती सा, तस्मिन् प्रेमरसं दधौ ।५६।
प्रद्युम्नेन यदा प्राप्ता, रमणीरमणीयरुक् । प्रद्युम्नश्च यदा नार्या, प्रीतिः प्राज्या कथं न तत् ।।
उभयोरपि संजाता, दंपतीत्वेन भूयसी । यदा परस्परं प्रीति–र्नारदर्षेस्तदा त्रपा ।५८।
ततस्तौ दंपती स्नेह–रसमादधतुर्भृशं । सोऽचलत्पितरौ द्रष्टुं मुनिभार्यायुतस्ततः ।५९।

'અરેરે, આપણે ક્ષત્રિયો થઈને ભીલડાઓથી હારી ગયા. બલવાન અને પરાક્રમી હોવા છતાં આવા જંગલી વનચરોથી પરાજિત થયા.....લોકોમાં આપણી કેટલી હાંસી થશે. રાજાને આપણે શું મોંઢું બતાવીશું ?' આ પ્રમાણે વિષાદ કરતા કૌરવો શ્વેત મુખવાળા હોવા છતાં શ્યામ મુખવાળા બની ગયા. કૌરવોનું સઘળું સૈન્ય નષ્ટપ્રાય: થયેલું જોઈને નારદ ઋષિના દેખતાં ભિલ્લવેષધારી પ્રદ્યુમ્ને રાજપુત્રીનું અપહરણ કર્યું અને પોતાના સુંદર વિમાનમાં લાવીને નારદ ઋષિની પાસે શાંતિ માટે તેને બેસાડી. ત્યારે જેમ ગાય વાઘને જોઈને ભયભીત બની જાય તેમ રાજકન્યા ભયંકર એવા આ ભિલ્લને જોઈને ભયથી વિહ્વલ બની ગઈ. 'મારા ભયથી આ બિચારી પ્રાણત્યાગ ના કરે,' એમ માની કુમાર તેની પાછળ મોંઢું ફેરવીને બેઠો. ભયંકર એવા બિભત્સ રૂપને જોઈને રાજકન્યા મૃત્યુની શંકાથી ધ્રુજવા લાગી. રૂદન કરતી, નિસાસા નાખતી, મુનિ ઉપર વિશ્વાસ ધારણ કરતી રાજપુત્રી દીનમુખે મુનિની સામે જોઈને વારંવાર વિલાપ કરતી આંસુ સારતી બોલી : 'હે પિતા, મેં એવું કયું કર્મ કર્યું હશે ? માતા-પિતાએ મને કેટલા પ્રેમથી પાળી–પોષીને મોટી કરી.... મારા સુખ માટે માતા–પિતાએ મોકલી, ને કર્મસંયોગે મારી આવી વિપરીત દશા થઇ. જન્મ થતાં પહેલાં રૂકિમણીના પુત્ર સાથે વાગ્દાન થયું હતું, પરંતુ કોઇ પાપાત્માએ જન્મતાની સાથે જ રૂકિમણીના પુત્રનું અપહરણ કર્યું. ત્યાર બાદ સત્યભામાના પુત્ર ભાનુકુમાર સાથે મારૂં લગ્ન નકકી કર્યું. તેની સાથે પાણિગ્રહણ કરવા માટે મને મોકલી, પરંતુ આ પાપાત્મા લુંટારાઓએ મારૂં હરણ કર્યું. હે નાથ, આ પાપીના હાથમાંથી મને કોણ બચાવશે ? હે નારદ ઋષિ, આપ તો કરૂણાના સાગર છો, જગતની સઘળી સ્ત્રીઓના નિષ્કારણ બંધુ છો. મારૂં અપહરણ કરાયું છતાં આપ કેમ મૌન બેસી રહ્યા છો ? શું આપને પણ મારી દયા નથી આવતી ? હે માતા, બાળપણથી તેં મારૂં પાલન–પોષણ કર્યું, મોટી કરી, છતાં આ

ભીલડાઓએ મારૂં અપહરણ કર્યું, તેની ચિંતા શું તને નથી થતી ? હે પિતા, મોટું સ્થાનક જાણીને ઘણા સૈન્ય સાથે મને મોકલી. છતાં આવા સમયે મને એકાકી મૂકીને બધા સૈનિકો ભાગી ગયા. હે બંધુઓ. મારા સહોદરો, તમે બધા મારા ઉપર ઘણો પ્રેમ રાખો છો ! પરંતુ આવા કપરા સમયે મને છોડીને કયાં જતા રહ્યા ? અથવા હા, હા, મેં જાણ્યું–સંસારનું સ્વરૂપ જ એવું છે. સંકટમાં પરમાત્મા સિવાય બીજું કોઇ રક્ષણ કરનાર નથી.' દુઃખને સાંભળનાર કોઇ મળે તો દુઃખ વધારે પ્રગટ થાય છે. મુનિને જોઇને રાજકન્યા વારંવાર વિલાપ કરવા લાગી. 'દુઃખનો પણ અંત છે અને સુખનો પણ ક્યારેક અંત હોય છે.' કુમારી ઘણો ઘણો વિલાપ કરીને થાકી ગઈ. કંઈક સ્વસ્થ થઈને નારદને કહ્યું : 'હે તાત, આ દુરાત્મા પાસે આવી આકાશગામિની વિદ્યા ક્યાંથી આવી હશે ? અથવા તો આ રૂપપરાવર્તન કરીને આવેલો કોઈ દેવ છે ? વિદ્યાધર છે કે કિન્નર છે ? આ દુષ્ટની સાથે આપનો મેળાપ ક્યાંથી થયો ? અથવા મારી જેમ આ પાપાત્મા આપને પણ પકડીને લાવ્યો છે ? હે નાથ, મારાથી રહેવાતું નથી ! મારા પ્રાણો ચાલ્યા જશે. મારી શું ગતિ થશે ? મને ઘણી ચિંતા થાય છે.' તેણીના ઉપર્યુક્ત વચન સાંભળીને કંઇક હસીને નારદ મુનિએ કહ્યું : 'દીકરી, હર્ષના સ્થાને વિષાદ કેમ કરે છે ?' રાજકન્યાએ કહ્યું : 'તાત, અહીં હર્ષનું સ્થાન શું છે ?' નારદે કહ્યું : 'સાંભળ, તારા માતા–પિતાએ તને પહેલાં જેને આપી હતી, તે રૂકિમણીનો પુત્ર અચિંત્ય શક્તિશાળી, અનેક વિદ્યાઓનો સ્વામી પ્રદ્યુમ્ન, તારા ભાગ્યથી અહીં આવીને તેણે તારૂં ગ્રહણ કર્યુ છે.' સાંભળીને કન્યાએ કહ્યું : 'મુનિ, શું તમે પણ મને ઠગો છો ? રાજાનો પુત્ર કયારે પણ આવો કદરૂપો હોઇ શકે ?' મુનિએ કહ્યું : 'હે મુગ્ધા, તું ભોળી છે. આવું રૂપ જોઇને તું વિષાદ ના કર ! વાદળાઓથી ઢંકાયેલો સૂર્ય શું પોતાના તેજનો પ્રકાશક નથી હોતો ! રૂપભેદ હોવા છતાં તારે તેને પ્રદ્યુમ્ન જ સમજવો. તારા માટે તો તે વિદ્યાધરોની નગરીથી અહીં આવેલો છે. એકની ચાહના હોય અને બીજાની ચાહના ના હોય તો બંનેના જીવનમાં દુખની પરંપરા સર્જાય છે. પ્રદ્યુમ્નને તારા પ્રત્યેની ચાહના છે, તેવી જ રીતે તું પણ તેના પ્રત્યે ચાહના રાખીશ તો ભવિષ્યમાં તમારા બંનેનું જીવન પ્રેમપૂર્ણ બનશે અને તમારા મનોરથો સિદ્ધ થશે. માટે હે પુત્રી, તું ખેદનો ત્યાગ કરી જગતમાં ચઢીયાતા એવા તારા ભાગ્યની પ્રશંસા કર ! અને પ્રદ્યુમ્ન પ્રત્યે રાગ ધારણ કર !'

આ રીતે રાજકન્યાને કોમલ વચનો વડે સ્વસ્થ કરીને નારદજીએ મૂળ રુપ પ્રગટ કરવા માટે પ્રદ્યુમ્નને કહ્યું : 'પ્રદ્યુમ્ન, અતિવૃષ્ટિ સુભિક્ષ માટે થતી નથી. અતિ બોલવું તે લજ્જા માટે નથી હોતું, અતિ ભક્ષણ પુષ્ટિ માટે થતું નથી, અતિ ક્રોધ સ્નેહ માટે થતો નથી. અતિ ક્રીડા શોભા માટે થતી નથી. અને અતિ હસવું કાંઇ આનંદ માટે થતું નથી. 'અતિ સર્વત્ર વર્જયેત' એ ન્યાયે કોઇપણ બાબતમાં અતિ નહિ કરવું જોઇએ. હવે બસ થયું. તારા મૂળ સ્વરૂપને પ્રગટ કરીને આ રાજકન્યાને ખુશ કર.' નારદજીની વાત સાંભળીને પ્રદ્યુમ્ને વિચાર્યું : 'મારે મુનિનું વચન માન્ય રાખવું જોઇએ. કારણ, તેઓ આ જગતમાં સર્વ લોકોને પૂજનીય છે. જો તેમનું વચન નહીં માનું તો ભવિષ્યમાં મને જ નુકસાન થશે.' આ પ્રમાણે વિચારીને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. વાદળોથી મુક્ત થયેલા અને તારાગણથી શોભતા ચન્દ્રની જેમ પ્રદ્યુમ્નકુમાર અલંકારોથી શોભવા લાગ્યો. સોળે કળાથી સંપૂર્ણ ચન્દ્રની આગળ જેમ રોહિણી શોભે તેમ રૂપ લાવણ્યવતી રાજકન્યા શોભવા લાગી. પ્રદ્યુમ્નની શક્તિ તો તેણે પહેલાં જ જાણી હતી, હવે તેનું સાક્ષાત્ કામદેવ સમાન રૂપ જોઇને રાજપુત્રીને એટલો બધો આનંદ થયો કે તેને બોલવા માટે

કોઈ શબ્દ ના જડ્યો. મનોહર સર્વાલંકારોથી ભૂષિત દેવકુમાર સમાન પ્રદ્યુમ્નના રૂપને જોઇને તેનો આનંદ મનમાં સમાતો નથી. ખરેખર, 'અતિહર્ષ અને અતિ વિષાદ-બંને દુસ્સહ હોય છે.' રાજકન્યા મનમાં વિચારે છે: 'આવો રૂપવાન આ મનુષ્ય હશે તો તે નક્કી મારા પતિ થશે તો આ જગતમાં મારા જેવી ભાગ્યશાલિની બીજી કોણ કન્યા હોઈ શકે? પરંતુ આવા પ્રકારનો શક્તિશાળી જો દેવ હશે તો હું મનુષ્ય-સ્ત્રી હોવાના કારણે તે મને ત્યજી દેશે. તો મારી શું દશા થશે?' આ પ્રમાણે ચિંતા કરતી દીનમુખવાળી જોઇને નારદે પૂછ્યું: 'ભદ્રે, પ્રદ્યુમ્ને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યા છતાં તું કેમ ઉદાસ છે?' ત્યારે રાજકન્યાએ કહ્યું: 'નાથ, આપે કહ્યું: 'આ તારો પતિ થશે.' પરંતુ મારા મનમાં કલ્પના કરતાં આ વાત સાચી લાગતી નથી. કારણ કે આવો રૂપવાન્ અને આવો શક્તિશાળી પ્રાયઃ મનુષ્ય હોઈ શકે નહી. મને લાગે છે કે આ કોઈ દેવ છે. અને દેવને મનુષ્ય-સ્ત્રી યોગ્ય નથી. તો મારી શું દશા થશે?' હસીને નારદે કહ્યું: 'બેટી, તું અધીર ના બન. મેં જે કહ્યું તે સત્ય જ છે. આ કૃષ્ણ અને રૂકિમણીનો પુત્ર, વિદ્યાધરને ત્યાં મોટો થયેલો પ્રદ્યુમ્નકુમાર જ છે. માટે તું જરાયે શંકા રાખીશ નહીં.' આ પ્રમાણે બીજી વખત કહેલા નારદજીના વચનથી વિશ્વસ્ત થયેલી ઉદધિકુમારી પ્રદ્યુમ્ન પ્રત્યે પ્રેમ ધારણ કરતી આનંદ પામી. પ્રદ્યુમ્ન પણ આવી સુંદર રાજકન્યા પ્રાપ્ત કરીને ઘણો ખુશ થયો. ત્યાં એક બીજાની પ્રેમદૃષ્ટિનું મિલન દંપતીરૂપે પરસ્પરની ગાઢ પ્રીતિરૂપે પરિણમ્યું. ત્યારે નારદજીની લજ્જા વચમાં આડખીલી રૂપે લાગી. આ પ્રમાણે પરસ્પર સ્નેહને ધારણ કરતા દંપતી નારદજીની સાથે માતા-પિતાને મળવા માટે ઉત્સુક થયાં. પ્રદ્યુમ્નકુમારે તીવ્ર ગતિએ વિમાન ચલાવ્યું.

**प्रपश्यन् कौतुकान्यध्वजातानि विविधानि सः । समायातो विमानेन, श्रीमतीं द्वारिकापुरीं ॥**
**तत्र तेन समेतेन, यादृशी ददृशे दृशा । विभूतिः स्वःतिरस्कार–करी दृष्टचरी न सा ।६१।**
**प्रद्युम्नस्तादृशीं शोभा–मवलोक्य चमत्कृतः । अवादीन्नारदं नाथ, भुवि स्थानं किमद्भुतं ॥**
**स्वर्गलोकस्य खंडोऽयं, स्वशक्त्या किं बिडौजसा । निवेशितोऽस्ति भूपीठे, विश्रामाय कदाचन ॥**
**अथवा भूरिकोटिनां, निर्जराणां बहुत्वतः । तत्र संकीर्णतायां किं, निवासायार्पितोऽस्त्ययं ।६४।**
**अष्टाग्रमहिषीमध्ये, क्लेशो जातो मिथोऽथवा । अमर्षेण निवासाया–दत्ता कयाचिदस्त्यसौ ।६५।**
**किंचित्स्मित्वा मुनिः प्राह, महाबाहो विनिर्मितं । यत्त्वया कल्पनं तस्मा–न्नैकमप्यस्त्यदो ननु ॥**
**मदनोऽभ्यदधत्तर्हि, त्वमेव विनिवेदय । नारदर्षिस्तदाचख्या–वियं द्वारवती पुरी ।६७।**
**आज्ञया सुरनाथस्य, वैश्रमणेन वासिता । नगरीय निवासाय, मुकुंदस्य पितुस्तव ।६८।**
**स्वर्गलोकाधिकास्त्येषा, संपत्तिभिर्लसत्सुखैः । केनाप्यत्र प्रकारेण, न्यूनता न हि विद्यते ।६९।**
**वनानि नंदनौपम्यं, संदधंतीह भूरिशः । वर्ततेऽनेकजातीयै–र्वृक्षैः कल्पद्रुमादिभिः ।७०।**
**वृन्दारकपुष्करिण्य, इवाभांति सरोरुहैः । वाप्यो विचित्रसोपान–संदर्भैरुपशोभिता ।७१।**
**अभ्रंलिहानि हर्म्याणि, राजंते बहुजालकैः । मंडितानि गवाक्षौघै–रभितोऽत्र बहूनि च ।७२।**
**देवेनैकेन या भुक्ता, तामेवान्यो भुनक्ति च । देवेष्वपीति वैरुध्यं, यत्राहुः स्ववशारताः ।७३।**
**देवेन क्रीडितैकेन, या देवी सैव नाकिना । अन्येन रमते धिग्धिग्, देवोरिति जगुः स्त्रियः ।७४।**
**विद्यंते पुरुषा अत्र, स्वकीयदारतोषिणः । कामिन्योऽपि लसद्रूपाः, स्वभर्तृकृतनिश्चयाः ।७५।**
**सहस्रयोधिनः केचि–त्केचिच्च लक्षयोधिनः । विद्यासिद्धविजेतारः, केचिन्मंत्रपरायणाः ।७६।**

**दानिनोऽपि प्रियालापा, ज्ञानिनश्च न मानिनः । बलिनोऽपि क्षमाभाजो, धनिनोऽपि च दानिनः ।।**
**अस्यां निवासिनो लोका दूरे संतु विवेकिनः । तिर्यंचोऽपि द्विपाः संति, प्रभूतदानदायकाः ।७८।**
**दानस्यावसरे केचि–द्भवंति विघ्नकारिणः । हया अपि स्ववेगेन, प्रेरका अत्र संति च ।७९।**
**यादवा बलगर्वेण, गणयंति न कानपि । स्वदोः पराक्रमाक्रांत–पारवारवसुंधराः ।८०।**
**यथा सुवर्णमुद्रायां भांति रत्नं तथाऽत्र तु । कपिशीर्षाणि रत्नानां प्राकारे हेमनिर्मिते ।८१।**
**एतस्याः सुखमास्तोतुं, शेषेणापि न शक्यते । एकया जिह्वया वक्तुं, तत्कथं क्षम्यते मया ।८२।**

રસ્તામાં અનેક પ્રકારનાં કૌતુકો જોતાં જાય છે. વિમાન દ્વારિકા ઉપર આવ્યું. દ્વારિકાની શોભા જોઈને આશ્ચર્ય ચકિત બનેલો પ્રદ્યુમ્ન વિચારે છે: 'અરે, આ શું હશે ? સ્વર્ગપુરીને શરમાવે એવી આ કઈ વિભૂતિ હશે ? આજ સુધી આવી અદ્‌ભુત નગરી મારા જોવામાં આવી નથી. આ કોઈ મનુષ્યલોકની નગરી લાગતી નથી.' વિચારીને નારદને પૂછ્યું : 'સ્વામિન્, પૃથ્વી ઉપર આવું અદ્‌ભુત કયું સ્થાન છે ? શું ઈન્દ્રે પોતાની શક્તિથી સ્વર્ગલોકનો કોઈ ખંડ પોતાના વિશ્રામ માટે પૃથ્વી ઉપર ઉતાર્યો છે ? અથવા સ્વર્ગલોકમાં કરોડોની સંખ્યામા દેવો હોવાથી ત્યાં ભીડ થવાને કારણે ઈન્દ્રે દેવોને રહેવા માટે આ સ્થાન બનાવ્યું છે કે શું ? અથવા પોતાની આઠ અગ્રમહિષી (ઈન્દ્રાણી) ઓમાં પરસ્પર ક્લેશ થવાથી, તેમાંની એકાદ–બે ઇન્દ્રાણીના નિવાસ માટે આ સ્થાન આપ્યું હશે ?' નારદજીએ હસીને કહ્યું : 'હે મહાબાહુ, તેં જે જે કલ્પના કરી તેમાંની તારી એક પણ કલ્પના સાચી નથી. સાંભળ, આ દ્વારિકા નગરી છે. તારા પિતા વિષ્ણુના નિવાસ માટે ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે આ નગરી વસાવી છે. સંપત્તિ અને સુખ વડે સ્વર્ગલોકથી ચઢીયાતી આ નગરીમાં કોઈપણ જાતની ન્યૂનતા નથી. આ નગરીમાં કલ્પવૃક્ષ સમાન અનેક જાતના વૃક્ષોથી સુશોભિત નંદનવન જેવાં અનેક ઉદ્યાનો છે. વિચિત્ર પ્રકારના પગથિયાથી સુશોભિત દેવોની ક્રીડા માટેની વાવડીઓ જેવી કમલોથી યુક્ત અનેક જાતની વાવડીઓ છે. રત્ન અને મોતીઓની જાળીઓથી શોભિત અનેક ગવાક્ષવાળી આકાશને અડીને રહેલી અસંખ્ય હવેલીઓ અને પ્રાસાદો છે. દેવલોકમાં તો એક દેવે ભોગવેલી દેવીને બીજો દેવ ભોગવી શકે છે, દેવોમાં પણ આ રીતે વિરૂદ્ધ પ્રવૃત્તિ ચાલે છે, જ્યારે આ દ્વારિકાનગરીમાં તો રૂપવતી રમણીઓ પતિપરાયણા મહાસતીઓ છે. પુરૂષો પણ સ્વદારાસંતોષી છે. તેમાં કેટલાંક સહસ્રયોધી (એક પુરૂષ હજાર માણસની સાથે ટક્કર ઝીલી શકે), લક્ષયોધી વીરપુરૂષો છે. તેમજ વિદ્યાસિદ્ધ, માંત્રિક, તાંત્રિક આદિ અનેક સિદ્ધપુરૂષો છે. વળી આ નગરીમાં પ્રિયભાષી દાનવીરો, નિરભિમાની પંડિતો, ક્ષમાશીલ શૂરવીરો તેમજ ધનિકો ક્રોડોની સંખ્યામાં વસે છે. આ નગરીના રહેવાસી વિવેકી મનુષ્યો તો દાની છે જ પરંતુ, અહીંના તિર્યંચ પશુ–હાથી આદિ પણ દાનને આપનારા છે ! દાનના અવસરે કોઈ વિઘ્નકર્તા બને તો અશ્વો પોતાના વેગથી તેના પ્રેરક બને છે. પોતાના પરાક્રમથી સમુદ્ર-પર્યંતની પૃથ્વીને ભોગવનારા યાદવો પોતાના બલગર્વ વડે બીજાને તુચ્છ ગણે છે. સુવર્ણની મુદ્રિકામાં જેમ રત્ન શોભે તેમ આ નગરીના સુવર્ણના કિલ્લામાં રત્નોના કાંગરા શોભે છે. પ્રદ્યુમ્ન, દ્વારિકાનગરીની સુખ–સંપત્તિનું વર્ણન મારી એક જીહ્‌વાથી કરવા માટે હું સમર્થ નથી. અર્થાત્ આ નગરીની શોભા અપરંપાર છે.'

**द्वारवत्या इति श्रुत्वा, वर्णनं नारदाननात् । उत्सुकश्चेक्षितुं जातो मदनो द्रुतमेव तां ।८३।**
**ततः स नारदं प्रोचे, नाथाज्ञा तव चेद्भवेत् । द्वारिकां दृष्टुमेकाकी, गच्छाम्यहं कुतूहलात् ।।**

व्याचष्ट स्पष्टवाक्येन, मदनं नारदो मुनिः। तत्र त्वां सर्वथा गंतुं, न दास्यामि हितैष्यहं ।८५।
अहं शक्तिसमन्वीतो, विद्यावांश्च पराक्रमी। चेतसीति विजानासि, यथा त्वं निजगर्वतः ।८६।
तत्रानेके तथा संति, यादवा अभिमानिनः। विद्याशक्तिबलिष्टं त्वां, तृणवद्गणयंति न ।८७।
क्रीडाविनिर्मितौ प्राज्यो, वरिर्वति रसस्तव। सहजं चापि चापल्यं, न ते शर्मकृते खलु ।८८।
असहंतस्तव क्रीडां, योद्धारो यादवाः समे। उपद्रवं प्रकुर्युश्चे-न्मत्प्रयासो मुधा भवेत् ।८९।
इत्युक्तेऽपि भृशं तेन, यावन्नापससार सः। तावत्तमुत्सुकं वीक्ष्या-ज्ञापयत्संज्ञया वशा ।९०।
तदा जगाद सा नाथ, यद्यपि त्वं बलोत्कटः। यादवा अपि दुःसाध्या-स्तत्र संति महाभुजा ।।
विवादे तु मिथो जाते, घातयेयुर्यदि हि ते। तदा सुवासिनीत्वं मे, कथं स्थास्यति नाथ मे ।९२।
ततः सा नारदस्याभि-मुखं वीक्ष्य जगाद च। कृत्वा करांजलिं स्वीय-ललाटे भयविह्वला ।९३।
सर्वथैव ततो गंतुं, न देयोऽयं पितस्त्वया। मानयिष्यति तेऽवश्यं, वचनं हितकारकं ।९४।
तस्या इति वचः श्रुत्वा, मुनिर्मदनमभ्यधात्। गमनाय प्रदास्यामि, न त्वां ममांतरा ध्रुवं ।।
मेलयिष्यामि ते पुत्रं, पुरा मयेति भाषितं। जनन्यास्तव दुःखिन्या, मेलयाम्येकशस्तथा ।९५।
पश्चादत्स्वैरतया कार्या, क्रीडा त्वया विवेकिना। नाहं निवारयिष्यामि, त्वां क्रीडाकृतितत्परं ।।
विज्ञाय व्याकुलं चित्त-मुभयोर्मुनिभार्ययोः। बभाण मदनो नाहं, चापल्याय समुत्सुकः ।९७।
कुटुंबे मिलिते चोप-लक्षिते सकलैरपि। द्वारिकानगरीशोभां, द्रष्टुं मया न शक्यते ।९८।
ततस्तव समादाया-देशं क्लेशविनाशकं। दृष्ट्वा च द्वारिकां सर्वां, समेष्याम्यविलंबतः ।९९।
इत्युक्त्वा नारदं नत्वा, विमानादवतीर्य सः। प्रतस्थे द्वारिकां द्रष्टुं, शक्तिं दर्शयितुं निजां ।४००।

નારદના મુખે દ્વારિકાનું વર્ણન સાંભળીને જોવા માટે ઉત્સુક થયેલા પ્રદ્યુમ્ને કહ્યું : 'નાથ, જો આપની આજ્ઞા હોય તો પહેલાં હું એકલો દ્વારિકા નગરીને જોવા માટે જાઉં.' નારદે સ્પષ્ટ રીતે કહ્યું : 'અરે, હવે હું તને એકલો કયાંય નહીં જવા દઉં. તારા મનથી તું એમ સમજતો હોઇશ કે 'હું શક્તિશાલી, વિદ્યાવાન અને પરાક્રમી છું.' પરંતુ દ્વારિકામાં તો વિદ્યાયુક્ત અને પરાક્રમી ક્રોડો યાદવો પોતાના બાહુબળથી બીજાને તુચ્છ ગણનારા મહાન્ અહંકારી છે. તને હું જાણું છું. તું કેવો કુતૂહલપ્રિય છે. ત્યાં જઇને ક્રીડા માટે કંઇક ચપલતા કરી તો યાદવો તારી ચપલતાને જરાયે ચલાવી લે તેમ નથી. માટે તારો હિતસ્વી થઇને હું તારા સુખ માટે કદાપી તને દ્વારિકામાં એકલા જવા માટે આજ્ઞા આપું નહીં. ત્યાં જાય અને ત્યાં તેં કંઇ આડું અવળુ કર્યું અને તને ઉપદ્રવ થાય તો ? મારો તને લાવવા માટેનો અહીં સુધીનો પ્રયાસ ફોગટ જાય. માટે હમણાં છાનોમાનો બેસી રહે.' નારદે આ પ્રમાણે વારવા છતાં કુમારને જવા માટે ઉત્સુક થયેલો જોઇને રાજકન્યાએ તેને ઇશારાથી કહ્યું : 'નાથ, આપ ભલે બલવાન છો, પરાક્રમી છો, પરંતુ બાહુબળી યાદવો દુઃસાધ્ય છે. યાદવો સાથે તમે યુદ્ધ કરો અને તેમાં તમને કંઇક થાય, તો મારૂં સૌભાગ્ય લુંટાઇ જાય.' ત્યાર પછી ભયભીત બનેલી ઉદધિકુમારીએ હાથ જોડીને નારદને કહ્યું : 'પિતાજી, એને કયાંય જવા દેશો નહીં'. ચોકખી ના પાડજો. આપનું તો વચન તેઓ જરૂર માનશે.' રાજકન્યાના વચન સાંભળીને નારદે પ્રદ્યુમ્નને કહ્યું : 'હવે મારા વિના

તને એકલો ક્યાંય પણ નહી જવા દઉં. પહેલાં એક વખત તારી દુઃખી માતાની સાથે તારો મેળાપ કરાવી દઉં, પછી તારે જ્યાં જવું હોય, જે રમતો કરવી હોય તે કરજે. પછી તને રોકવા નહી આવું. તારી જનેતાને મેં આપેલું વચન મને સત્ય કરવા દે.' મુનિ તથા પત્નીને વ્યાકુળ ચિત્તવાળા જાણી પ્રદ્યુમ્ને કહ્યું : 'હું ક્યાંય પણ ચપલતા કરીશ નહી. પછી તો કુટુંબ ભેગું થશે. બધા ઓળખીતા-પારખીતા મલવા આવશે. એમાં મને દ્વારિકાની શોભા જોવા નહીં મળે. માટે આપની આજ્ઞાથી દ્વારિકાની શોભા જોઈને વિના વિલંબે આવી જઈશ. આપ કોઈ જરા પણ ચિંતા કરશો નહીં.' એમ કહીને પ્રદ્યુમ્ને દ્વારિકા તરફ પ્રયાણ કર્યું.

विमानाद्यावदुत्तीर्य, यात्यसौ द्वारिकापुरि । तावद्भानुकुमारो यान्, दृष्टः क्रीडाकृतेऽमुना ।१।
धार्यमाणशिरच्छत्रं, वीज्यमानं च चामरैः । राजांगजैर्भटैर्युक्तं, तं दृष्ट्वा स व्यचिंतयत् ।२।
अस्याः पुर्या अधीशो यः, श्रूयते पुरुषोत्तमः । स एवायं किमन्यो वा, युवराजोऽस्ति कश्चन ।३।
दधान इति संदेहं, स्नेहं च परमं वहन् । विद्यां संस्मृत्य पप्रच्छ, हे विद्ये कः समस्त्यसौ ।४।
तस्य श्रवणयोः सापि, तदाभ्यदधदादरात् । सत्यभामा सपत्नी या, जनन्यास्तव वर्तते ।५।
असौ तस्याः सुतो भानु–र्भानुरिवोरुतेजसा । कर्तव्यं यद्भवेत्किंचि–त्तत्वया क्रियतां मुदा ।६।
प्रोक्तं तस्या निशम्येति, प्रद्युम्नः कौतुकप्रियः । तुरगं रचयामास, भूयो रयोपशोभितं ।७।
मध्ये परिमितं वक्त्रं, निर्मांसं कर्णयोर्लघु । विस्तीर्णमुरसि स्निग्धं, रोमराजौ सुलक्षणं ।८।
आत्मनो हयपालस्य, रूपं चक्रे विरूपकं । जराग्रस्तसमस्तांगं, कंपमानशिरःकरं ।९।
गृहीत्वा तेन रूपेण, सुवर्णमुखयंत्रणं । तमश्वं वाहयामास, हेमपर्याणसंयुतं ।१०।
मुदाथ वाहयन् वाहं, प्रद्युम्नो राजवर्त्मनि । गोविंदनंदनो यत्र, तत्रायया सलीलया ।११।
वल्लभा राजपुत्राणां, तुरंगमा भवंति हि । ततः सोऽश्वं समाकारं, तं निरीक्ष्य चमत्कृतः ।१२।
तेनोदितमहो वृद्ध, हयोऽयं कस्य वर्तते । तेन प्रोक्तं ममैवायं, न चान्यस्यापि कस्यचित् ।१३।
तदा भानुः पुनः प्राह, हयोऽयं केन हेतुना । अत्रानीतस्त्वया वृद्ध, समीचीनं वद द्रुतं ।१४।
स जजल्प मया ज्ञातं, हरेः सूनुर्महोदयः । वर्तसे त्वममुं वाहं, मन्मूल्येन ग्रहीष्यसि ।१५।
विक्रयाय तवाभ्यर्णे, समानीतस्ततोऽस्त्ययं । भानुः प्राह किमस्मूल्य–मेतस्य ब्रूहि सूनृतं ।१६।
सोऽवग्जल्पाम्यहं सत्य–मथवा वितथं सखे । कुमारोऽभ्यवदत्सत्य–मेव वृद्ध निवेदय ।१७।
प्रजजल्प ततो वृद्ध–श्चेत्सत्यमेव पृच्छसि । तदा सौवर्णिकाः कोटि–टंका एतस्य मूल्यकं ।१८।
कुमारोऽवग्वयोवृद्धा, भवेयुर्ये भवादृशा । असत्यं ते न जल्पंति, सत्यमेव ततो वद ।१९।
किंचित्कोपेन स प्राह, वृद्ध वृद्ध करोषि किं । पुराणपुरुषस्तात–स्त्वदीय एव वर्तते ।२०।
अहं तु तरुणो वर्त्ते, श्मश्रु मे पलितं यदि । अंगं च गलितं दंता, भग्नाः किं तर्ह्यजायत ।२१।
निवेदितं मया यच्च, ज्ञेयं मूल्यं तथैव तत् । तव चेतसि चेद्भ्रान्तिः, परीक्षा क्रियतां तदा ।२२।
लोकेऽपि सर्ववस्तूनि संगृह्यंते परीक्षया । चतुरैरथवा मूर्खैः, पुरुषैः प्रमदाजनैः ।२३।

तस्य वाक्यं समाकर्ण्यो–वाच भानुकुमारकः । समीचीनं त्वया प्रोक्तं, करोमि वचनं तव ।२४।
इत्युक्त्वा सहसोत्थाय, स आरुरोह वाजिनं । तेनापि पंचधाराख्या, गतयः क्रमतः कृताः ।२५।
आद्यां द्वितीयां तृतीयां, गतिं च प्रविधाय सः । रंजयामास भानोश्च, लोकानां मानसं क्षणात् ।।
चतुर्थी च गतिस्तेन, वाजिना विहिता यदा । तदा देहात्समस्तानि, भूषणान्यपतन् भुवि ।२७।
गतिश्च पंचमी चक्रे, यदा तेनातिदुस्सहा । निपपात तदा भानु–रधोवक्त्रेण भूतले ।२८।
उच्चस्थाने विराजेत, भानुर्भूयिष्टभानुभिः । सोऽप्यधोवदनेनोर्व्यां, पपाताऽन्यस्य का कथा ।२९।
इत्याच्छाद्य निजं वक्त्रं, जहसूराजनंदनाः । वृद्धस्तु गाढशब्देना–हसद्भानुं वितर्कयन् ।३०।
पातयित्वावनौ भानुं, हयोऽपि च दिदृक्षया । चंचलत्वं परित्यज्य, संस्थितस्तस्य सन्निधौ ।३१।
ददत्सु हस्ततालांश्च, स्थितेषु राजसूनुषु । स्थविरो वचनं प्रोचे, क्षारप्रक्षेपवद् व्रणे ।३२।
अस्मादपि कुमार त्वं, शांतात्तुरंगमाद्यदि । पृथिव्यां पतितस्तत्ते, नाश्वारोहणकौशलं ।३३।
सत्यभामासुतो वाजि–शिक्षायामस्ति कोविदः । तावकीनो यशोवाद, इति श्रुतः स निष्फलः ।।
त्वं चेन्मां वृद्धमन्यं वा, गुरुं कृत्वाथ शिक्षसे । हयशिक्षाप्रवीणत्वं, भविष्यति तदैव ते ।३५।
ब्रवीम्यहं ततो भानो, भवंतं हितशिक्षया । अश्वारोहकलाभ्यासं, शिक्षध्वं सम्यगादरात् ।३६।
वसुधाधवपुत्राणा–मश्वारोहकलां विना । साम्राज्यसाधकं लोके, यशो न प्रकटीभवेत् ।३७।
अनया कलया राज्य–भोगो न दृश्यते तव । कीर्त्तिसाम्राज्यवांछा चे–च्छिक्षणीया कला तदा ।।
सहते न महीपाल–पुत्रा जल्पनमुत्कटं । श्रुत्वा जगाद कोपेन, पतितोऽपि मुकुंदभूः ।३९।
रे वृद्धाकर्णितं नास्ति, जरत्याः का कथेशितुः । त्वं प्रविज्ञायसे मूर्खो, मम निंदां करोषि यत् ।।
चटिष्यति तुरंगं यः, स एव निपतिष्यति । त्वादृशानां वराकाणां, चटनं पतनं न च ।४१।
अन्यस्य क्रियते निंदा, तर्हि यद्यात्मनि स्फुटं । किंचिन्मनोहरत्वं स्यात्, त्वं न किंचित्करो भुवि ।।
निंदनीयं शरीरं ते, कुरुपं च शरीरिणां । तथापि कुरुषे निंदां, परस्य तत्किमुच्यते ।४३।
तवापि तुरगारोह–कला नास्ति मनागपि । यदि स्यात्ते कलाभ्यास–स्तदा त्वं मम दर्शय ।४४।
इत्युक्ते भानुना वृद्धः, प्राह सत्यं त्वयोदितं । वृद्धोऽपि तरुणात्त्वत्तो, वर्त्तेऽहं कलयाधिकः ।४५।
मां सर्वेऽपि समुत्पाट्या–रोहयंतु तुरंगमे । प्रदर्शयामि युष्माकं मदीयाः सकलाः कलाः ।४६।
समाकर्ण्य वचो भानु–स्तस्य वृद्धस्य गर्वितं । उत्कटान् सुभटान्, प्राहा–रोहयत ह्यमुं हये ।४७।
पापस्यैतस्य वृद्धस्य, परनिंदाविधायिनः । अश्वारोहणदक्षत्वं, पश्यामि निखिलं यथा ।४८।
स्वस्वामिनो वचः श्रुत्वा, समारोहयितुं भटाः । यावद् वृद्धं च बाहुभ्यां, लग्नास्तावत्पपात सः ।।
वृद्धोऽपि श्लथदेहोऽपि, पतन् वज्र इवावनौ । सहसा पातयामास, तान् सामर्थ्ययुतानपि ।५०।
कस्यचिद्वदनं भग्नं, हस्तावपि च कस्यचित् । कस्यचिद्रदना भग्नाः, कस्यचित्कूर्परं क्रमौ ।५१।
तदाह मायया वृद्ध, एतैर्दुरात्मभिस्त्वहं । निर्दयैरिव भूपीठे, पातितः किं करोम्यहं ।५२।
भानोस्तस्यागुणज्ञस्य, किं ददाम्युपलंभकान् । निर्वाहः क्रियते येना–मीषां द्रव्यादिदानतः ।।

एते पापा दुरालापा वृद्धविग्रहपीडकाः । दुर्विनीता मदोन्मत्ता, विचारपरिवर्जिताः ।५४।
यदेतैः पापिभिर्वाहा–रोहदर्शनकौशलं । रक्षितं मम भानोश्च, चमत्कारविधायकं ।५५।
अथापि यदि मां कोऽप्या–रोहयेदत्र वाजिनि । मदीययामुं चातुर्या, विस्मयं प्रापयाम्यहं ।५६।
जराजीर्णोऽयमित्युक्त्वा, निंद्योऽहमखिलैरपि । वृद्धोऽप्यश्वकलाभ्यासं, दर्शयाम्यखिलेष्वपि ।।
तस्य वाक्यं कटु श्रुत्वा, भानुराख्यद्भटानथ । सर्वेऽपि संमतीभूया–रोहयंतु ह्यमुं द्रुतं ।५८।
एकशः पतितो भूमौ, द्वितीयवारमप्यथ । अयं निपततु स्वीय–प्राणान् यथा परित्यजेत् ।५९।
भानुवाक्श्रुतिमात्रेण, ते सर्वेऽपि समुत्थिताः । यावदारोहयेयुस्तं, तावत्पुरेव च ते कृताः ।६०।
पातयन् मर्दयन् भानोः, सुभटान् विकटानपि । बुंबारवं ददानः स, जजल्प कठिनं वचः ।६१।
भो भानो खादयित्वा ये, शंढा इव त्वया कृताः । सेवकास्तव ते शक्ताः समारोपयितुं न मां ।।
मेलयित्वाखिलांस्त्वं मां, स्वयमारोहयेर्यदि । तदैवरोहणं भावि, नान्यथैतैर्दुरात्मभिः ।६३।
मामारोहयसि त्वं न, राजांगजयुतोऽपि चेत् । कला ममाखिला तर्हि, स्थास्यैत्जठर एव हि ।।
इतिगीःप्रेरितो भानुः, समस्तपरिवारयुक् । उत्थायारोहयेद्याव–न्मात्सर्यं हृदये वहन् ।६५।
तावन्नारकवद्देह–शीर्णतां प्रविधाय सः । निपतन् पातयामास, भान्वादीन्निखिलानपि ।६६।
सर्वेऽपि पतिता याव–न्निःश्वसंति सुखेन ते । भानोरुरसि तावत्स, दत्वा पादौ हयेऽचटत् ।६७।
आरुह्य वाहयन् तं गत्या कमनोयया । भान्वादिनृपपुत्राणा–माश्चर्यमुदपादयत् ।६८।
वाहयित्वावनोपोठे, क्षणमेकं तुरंगमं । दर्शयित्वा स्वदक्षत्व–मुत्पत्य गगनं ययौ ।६९।
गत्वा तत्रापि वाहं तं, चारुवेगेन खेलयन् । प्रविधाय चमत्कारं, ततश्चचाल कोतुको ।७०।
देवो वा दानवो वायं, किन्नरो वाऽसुरोऽथवा । गते तस्मिन्निति स्वांते, चक्रुः सर्वेऽपि कल्पनां ।।

દ્વારિકા તરફ જતાની સાથે ક્રીડા કરવા માટે નીકળેલા ભાનુકુમારને જોયો. મસ્તક પર છત્ર હતું. બે બાજુ ચામરો વીંઝાઇ રહ્યા હતા. અનેક રાજકુંવરોથી પરિવરેલા ભાનુકુમારને જોઇને પ્રદ્યુમ્ન વિચારવા લાગ્યો : 'આ નગરીનો સ્વામી પુરૂષોત્તમ (કૃષ્ણ) કહેવાય છે તે હશે કે કોઇ બીજો રાજા કે યુવરાજ હશે ?' આ પ્રમાણે સ્નેહ અને શંકાને ધારણ કરતા પ્રદ્યુમ્ને પ્રજ્ઞપ્તિ વિદ્યાનું સ્મરણ કરીને પૂછ્યું : 'હે વિદ્યા, આ કોણ છે ?' ત્યારે વિદ્યાએ આદરપૂર્વક તેના કાનમાં કહ્યું : 'તારી માતા રૂકિમણીની શોકય સત્યભામાનો પુત્ર સૂર્યસમાન તેજસ્વી આ ભાનુકુમાર છે. તેની સાથે તારે જેવું વર્તન કરવું હોય તે કરી શકે છે.' વિદ્યાની વાણી સાંભળીને કૌતુકપ્રિય પ્રદ્યુમ્ને, મધ્યમાં પરિમિત, સંકોચિત મુખ, નાના કાન, વિશાળ છાતી અને સ્નિગ્ધ રોમરાજી વાળો વેગવાન્ અને જાતિવંત અશ્વ વિકુર્વ્યો. પોતે જરાથી જર્જરિત કદરૂપું વૃદ્ધ રૂપ ધારણ કરીને અશ્વપાલ બન્યો. સુવર્ણની દોરીથી સુવર્ણનાં પલાણુવાળા અશ્વને દોરતો તે રાજમાર્ગ તરફ ચાલ્યો. ત્યાં ભાનુકુમાર આદિ રાજપુત્રો સામે મલ્યા. સુંદર આકૃતિવાળા અશ્વને જોઇને વિસ્મિત થયેલા ભાનુકુમારે પૂછ્યું : 'હે વૃદ્ધ, આ અશ્વ કોનો છે ?' તેણે કહ્યું : 'મારો છે. બીજા કોઇનો નથી.' ભાનુકુમારે કહ્યું : 'શા માટે તું લાવ્યો છે ? સાચુ બોલજે.' અશ્વપાલે કહ્યું : 'મારા જાણુવામાં આવેલું કે કૃષ્ણનો પુત્ર ભાનુકુમાર અશ્વનો શોખીન છે, તેને મૂલ્યથી આ

અશ્વ આપીશ ! વેચવા માટે આ અશ્વ લઈને તમારી પાસે આવ્યો છું.' ભાનુએ કહ્યું : 'તેનું શું મૂલ્ય છે તે કહે.' વૃદ્ધે કહ્યું : 'હું સાચું કહું કે ખોટું ?' ભાનુએ કહ્યું : 'સાચું જ કહેજે.' વૃદ્ધે કહ્યું : 'જો મને સત્ય જ પૂછે છે તો કહું છું કે આ અશ્વનું મૂલ્ય એક ક્રોડ સુવર્ણમહોર છે.' ભાનુકુમારે કહ્યું : 'તારા જેવા વયોવૃદ્ધ પુરૂષે આ રીતે અસત્ય ના બોલવું જોઈએ. સત્ય હોય તે કહે.' ત્યારે તે કંઈક ગુસ્સો કરીને બોલ્યો : 'અરે મને વૃદ્ધ....વૃદ્ધ....(ડોસો-ડોસો) શું કરે છે. તારો બાપ વૃદ્ધ હશે. જો ને હું તો કેવો યુવાન છું ? મારા દાઢી મૂછ કેવા સુંદર સફેદ છે ? મારા શરીરે કેવી કરચલીયો શોભે છે ? મારૂં મુખ દાંત વિનાનું કેવું સરસ લાગે છે કે જાણે દાંત જન્મ્યા જ ના હોય ! મેં જે મૂલ્ય કહ્યું તે સત્ય જ છે. તેમાં કોઈ ફેરફાર નથી. તેમ છતાં તારા ચિત્તમાં જો શંકા હોય તો તેની પરીક્ષા કર. લોકમાં સર્વ વસ્તુની ચતુર કે મૂર્ખ સ્ત્રી-પુરૂષો પરીક્ષા કરીને ગ્રહણ કરે છે. માટે તારે અશ્વ ખરીદવો હોય તો તેની ગતિની તું પરીક્ષા કર.' વૃદ્ધની વાત સાંભળીને ભાનુકુમારે કહ્યું : 'તેં જે વાત કરી તે બરાબર છે. હું તેની પરીક્ષા કરૂં છું.' એમ કહીને ભાનુકુમાર કૂદકો મારી અશ્વ ઉપર બેઠો. ત્યારે અશ્વે પંચધારા નામની અનુક્રમે ગતિ શરૂ કરી. પહેલી, બીજી અને ત્રીજી ગતિ કરીને ભાનુકુમાર આદિ લોકોનાં મન પ્રસન્ન કરીને જીતી લીધાં. પરંતુ અશ્વે જ્યારે ચોથી ગતિનો વળાંક લીધો ત્યારે ભાનુકુમારના શરીર ઉપર રહેલા સમસ્ત આભૂષણો જમીન ઉપર પડી ગયાં અને અતિ દુસ્સહ એવી પાંચમી ગતિનો વળાંક લીધો ત્યારે તો ભાનુકુમાર સ્વયં અધોમુખે જમીન ઉપર પડી ગયો. ઉચ્ચ સ્થાને બિરાજમાન ભાનુ (સૂર્ય)ની જેમ ભાનુકુમાર અધોમુખે જમીન ઉપર પડે તો બીજાની શું વાત કરવી ? ભાનુકુમારને પડેલો જોઈને રાજકુમારો મુખ ઉપર કપડું ઢાંકીને હસવા લાગ્યા, પેલો વૃદ્ધ તો જોર જોરથી હસતો ભાનુની હાંસી કરવા લાગ્યો. અશ્વ પણ પૃથ્વી ઉપર પડેલા ભાનુને જોવાની ઈચ્છાથી પોતાનું ચપલપણું છોડીને તેની પાસે જઈને ઉભો રહ્યો. તાળીઓ પાડીને હસતા રાજપુત્રોને અને ભાનુકુમારને ઘા ઉપર ખાર નાખવા સમાન કટુ વચનથી વૃદ્ધે કહ્યું : 'કુમાર, આવા શાંત અશ્વ ઉપરથી તું પૃથ્વી ઉપર પડી ગયો તો મને લાગે છે કે તને અશ્વ ખેલાવવાની કલા આવડતી નથી. સત્યભામાનો પુત્ર અશ્વશિક્ષામાં હોંશિયાર છે, આવો તારો યશોવાદ ખોટો છે. તું જો મને વૃદ્ધ માનતો હોય તો મને ગુરૂ બનાવી મારી પાસે અશ્વખેલનની શિક્ષા ગ્રહણ કર. હું તારા હિત માટે કહું છું. હું તને અશ્વકૌશલ્ય સારામાં સારૂં શીખવાડીશ. રાજપુત્રો અશ્વખેલન ના શીખ્યા હોય તો તે રાજ્યને યોગ્ય કહેવાતા નથી. તેને સામ્રાજ્ય મળતું નથી અને લોકમાં તેની અપકીર્તિ થાય છે, માટે જો તને કીર્તિ અને સામ્રાજ્યની ઈચ્છા હોય તો મારી પાસે અશ્વખેલનની શિક્ષા ગ્રહણ કરવી જોઈએ.' રાજકુંવરો કોઈના પણ કટુ વેણ સહન કરી શકતા નથી. તેમ વૃદ્ધના વચનથી જમીન ઉપર પટકાયો હોવા છતાં ભાનુકુમાર ગુસ્સાથી બોલ્યો : 'અરે વૃદ્ધ, તારૂં મારે કંઈ સાંભળવું નથી. તારો બકવાસ બંધ કર. ડોસો થઈને સાવ મૂર્ખ જણાય છે. મારી નિંદા કરનાર તું કોણ ? ઘોડા ઉપર જે ચઢે તે જ પડે, એમાં શું મોટી વાત છે ? તારા જેવા રાંકડાને શું ચઢવું ને શું પડવું ? જે માણસ પોતાની પ્રશંસા અને બીજાની નિંદા કરે છે, તેની આ જગતમાં કોડીની કિંમત છે. ડોસો થઈને આ રીતે તું નિંદા કરે છે તે શું તને સારૂં લાગે છે ? તારૂં શરીર તો જો કેવું કદરૂપુ અને નિંદનીય છે ? બીજાની નિંદા કરવા નીકળી પડ્યો છે ? તને પોતાને તો જરાયે અશ્વક્રીડા આવડતી નથી, અને બીજાને શીખવવા નીકળી પડ્યો છે ? આવડતી હોય તો બતાવ તારી કલા.' જ્યારે ભાનુકુમારે આ પ્રમાણે કહ્યું ત્યારે

વૃદ્ધે કહ્યું : 'બરાબર, તેં સત્ય કહ્યું. હું વૃદ્ધ હોવા છતાં તરૂણ એવા તારાથી કલાઓમાં અધિક છું. મને તમે બધા ઉપાડીને અશ્વ ઉપર ચડાવો, તો મારી બધી જ કલા તમને બતાવું !' વૃદ્ધનાં ગર્વપૂર્ણ વચન સાંભળીને ભાનુકુમારે સુભટોને કહ્યું : 'ચઢાવો આ પાપી, નિંદક ડોસલાને ઘોડા ઉપર ચઢાવો. આપણે તેનું અશ્વકૌશલ્ય જોઇએ !' પોતાના સ્વામીની આજ્ઞા સાંભળીને સેવકો વૃદ્ધને અશ્વ ઉપર ચઢાવવા માટે બે હાથે ઉંચકવા લાગ્યા, પરંતુ એ બધા બળવાન સૈનિકો ભૂમિ પર ઉંધે મસ્તકે પડી ગયા. સાથે જરાથી જર્જરિત દેહવાળો વૃદ્ધ પણ વજ્રની જેમ ભૂમિ પર પડ્યો. તેમાં કેટલાકનું મુખ ભાગ્યું, કેટલાકના હાથ અને કેટલાકના દાંત તૂટી ગયા. કેટલાકના પગ અને હાથ છોલાઈ ગયા. ત્યારે વૃદ્ધ માયાથી બોલ્યો : 'અરે, આ દુરાત્માઓએ નિર્દયની જેમ મને જમીન ઉપર પછાડ્યો. હું શું કરૂં ? હે ભાનુકુમાર, આ નિર્ગુણીઓને કંઈક ઠપકો તો આપ. વેતન આપીને એ લોકોનો નિર્વાહ કરે છે, પરંતુ આ પાપીઓ દુર્વિનીત, મદોન્મત્ત, ઉચ્છૃંખલ અને વૃદ્ધ પુરૂષોની વિડંબના કરનારા છે. આ પાપાત્માઓનું અશ્વારોહ કૌશલ્ય તો જોઇ લીધું. પરંતુ હે ભાનુકુમાર, તું વિવેકી લાગે છે. મારૂં અશ્વકૌશલ્ય જોવું હોય તો મને કોઈ પણ એક જણ અશ્વ ઉપર ચઢાવે તો આશ્ચર્યકારી અશ્વખેલન બતાવું. મને 'ઘરડો', 'ઘરડો' કરીને આ બધા મારી નિંદા કરે છે. પરંતુ એક વખત મારૂં કૌશલ્ય તમે જોશો તો તમને ખબર પડશે કે કોણ વૃદ્ધ છે ?' વૃદ્ધના આવા કટુવચન સાંભળીને ભાનુકુમારે પોતાના સેવકોને કહ્યું : 'આ વખતે આપણે બધા એકી સાથે તેને ઉંચકીને અશ્વ ઉપર ચઢાવીએ. જોજો, સાવધાની રાખજો. આ એક વખત પડ્યો તો બચી ગયો. પરંતુ હવે જો બીજી વખત પડશે, તો તો મરી જ જશે. માટે તેને બરાબર પકડજો.' આ પ્રમાણે ભાનુકુમાર આદિ રાજપુત્રો તેમજ બધા સેવકોએ એકીસાથે તેને ઉચકવા પ્રયત્ન કર્યો, પરંતુ જમીનથી એક તસુમાત્ર પણ હાલ્યો નહીં. પોતે પોતાનામાં જેટલું સામર્થ્ય હતું તે બધું અજમાવીને તેને ઉચકવા પ્રયત્ન કરે છે, પરંતુ નારક જીવની જેમ જીર્ણશીર્ણ થઇને બધા ભૂમિ પર ઊંધે માથે પડી જાય છે. તેઓનાં આભૂષણો અને વસ્ત્રો પણ શરીર પરથી જમીન પર સરી પડ્યાં. ત્યારે વૃદ્ધ કઠોર વચન બોલ્યો : 'અરે ભાનુકુમાર ! આ સેવકોને તેં ખવડાવી ખવડાવીને સાંઢ જેવા કર્યા છે, એટલું જ છે ! બાકી એ નિર્માલ્યોમાં મારા જેવાને ઉપાડી અશ્વ ઉપર ચઢાવવાની પણ શક્તિ નથી. વળી, આ બધા તારા ભાઇઓ પણ શક્તિહીન નપુંસક જેવા છે, મને એકને પણ ઉચકવાની તેઓમાં તાકાત નથી. ખેર, કંઇ નહી, મારી કલા મારા પેટમાં જ ભલે રહી. તમારા જેવા કાયરોને આપીને મારે શરમાવું પડે.' આ પ્રમાણે કઠોર શબ્દ સંભળાવીને જમીન પર ચત્તાપાટ પડેલા ભાનુકુમારની છાતી ઉપર બે પગ દઇને પોતે ઘોડા ઉપર સ્વારી કરી ગયો. એવી સુંદર ગતિથી અશ્વને દોડાવવા લાગ્યો કે જાણે આકાશમાં ઉડતો ના હોય ! જમીન પર પડેલા ભાનુકુમાર આદિ રાજપુત્રો અને સેવકો તેનું અશ્વખેલનનું કૌશલ્ય જોઈ વિસ્મય પામ્યા. મનમાં કલ્પના કરે છે કે 'આ કોઈ દેવ, દાનવ, કિન્નર કે અસુર હશે !' કૌતુકી પ્રદ્યુમ્ન, વૃદ્ધરૂપે સુંદર ગતિથી અશ્વ ખેલવતો ક્ષણમાત્રમાં અદૃશ્ય થઈ ગયો.

**पुरस्ताच्चलता तेन, द्वारिकापूर्दिदृक्षया । एकं मनोहरं दृष्ट्वा, विद्यापृच्छचत काननं ।७२।**
**कस्येदं काननं कांतं, बहिः कर्णपिशाचिके । सा चख्यौ सत्यभामायाः, समस्तीदं तदद्भुतं ।।**
**समाकर्ण्योदितं तस्या–स्तेन प्रस्तावेदिना । विद्यासान्निध्यतश्चक्रे, रूपं षोडशवार्षिकम् ।७४।**
**हयाः सप्त कृतास्तेन, लक्षणैर्लक्षिता अपि । क्षुधया पीडिता देहे, स्नेहेन परिवर्जिताः ।७५।**

स्वयं तद्रक्षको भूत्वा, चारणार्थं तुरंगमान् । आनीय तद्वनोपांते, सोऽवदद्वनपालकान् ।७६।
भो भो वनाधिपा यूयं, वाक्यं शृणुत मामकं । भाषध्वं यदि तर्ह्यत्र, चारयामि हयानमून् ।७७।
दृश्यते काननं रम्यं, विस्तीर्णं फलितं ह्यदः । लात्वाश्वानहमग्यागां, दूरतः कथ्यते ततः ।७८।
चारयित्वा हयानत्र, पुष्टान् कृत्वा ततो यदा । विक्रिष्यामि तदा किंचि–द्युष्माकमपि दास्यते ।।
तदा ते जगदुर्मूर्खा,–जन्मतो ग्रथिलोऽसि किं । भूतेन केनचिद्यद्वा, ग्रस्तः सांप्रतमेव किं ।८०।
येन त्वमासमंजस्यां, गिरं राजविरोधिनीं । तत्कालं प्राणसंहार–विधायिनीं प्रजल्पसि ।८१।
अत्र क्रिडति गीर्वाण, इव भानुः प्रसादवान् । इतरेषां मनुष्याणां, प्रवेशोऽपि न विद्यते ।८२।
यस्य च्छायापि नो लभ्या, तत्रेच्छस्यश्वचारणं ।
त्वत्तः कोऽप्यपरो नास्ति, मूर्खो धृष्टोऽत्र संसृतौ ।८३।
कृष्णाग्रमहिषी सत्य–भामाया अस्ति काननं । अस्य दर्शनवांछाभि–रेव तिष्ठंति केचन ।८४।
गच्छ गच्छ ततो वाहा–नादाय तुच्छधीरितः । तद्भृत्या मारयिष्यंति, गृहीत्वा तुरगांस्तव ।।
निर्नाथोऽसि दरिद्रोऽसि, दुर्बलोऽसि च रंकवत् । परदेशात्समेतोऽसि, ब्रूमो वयं हिताय ते ।८६।
अवादीन्मदनो भो भो, रक्षका यूयमेव हि । मूर्खेभ्योऽप्यधिकाः संतो, वर्तध्वे कठिनाः कथं ।८७।
युष्माकं कठिनो नाथः, स्वामिनी वास्ति तादृशी । देशो वा सन्निवेशो वा, सत्यं ब्रूते पुरो मम ।।
नाथश्च श्रूयते सम्यग्, राज्य नीतिप्रपालकः । शत्रुंजयोज्जयंतादि–तीर्थैर्देशोऽपि धर्मवान् ।८९।
स्वामिन्याः सत्यभामाया, यूयं तदनुगामिनः । किं च भूतं यतो मर्त्य–मर्त्यांतरं च वित्थ न ।।
हस्तिनां वाजिनां नृणां, रत्नादिवस्तूनामपि । अंतरं येन न ज्ञातं, तदीयं जीवितं वृथा ।९१।
चरंतु तुरगा एते, तृणमात्रोपजीविनः । कानने संस्थिता विष्वक्, सारणीपार्श्ववर्तिनः ।९२।
मयामी शिक्षिताः संति, तुरगा हृदयंगमाः । फलपत्रप्रसूनानि, भोक्ष्यंतेऽस्य वनस्य न ।९३।
मदुक्ते यदि विश्वासो, न भवेद्भवतां हृदि । मुद्रिकां मम तर्ह्येतां, यूयमादाय रक्षत ।९४।
इत्थमस्तु गदित्वेति, समादाय च मुद्रिकां । चरितुं तैर्हया दत्ता, धनेन हि न किं भवेत् ।९५।
तेऽवादिषुश्चरिष्यंत्य–र्वाक्सारण्या हया यदि । तद्वरं चान्यथा ताव–कीना देया न मुद्रिका ।।
चरितुं वरमित्युक्त्वा, विमुक्तास्तेन तत्र ते । आदाय मुद्रिकां जग्मु–र्गेहं वनाधिपा अपि ।९७।
गतेषु तेषु तैरश्वै–र्विचित्रे तत्र कानने । महीरुहास्तृणैः सत्रा, समस्ता अपि भक्षिताः ।९८।
तत्पत्रफलपुष्पाणि, तृणानि पतितान्यपि । भक्षयित्वा कृतं तैस्त–दूषरक्षेत्रभूरिव ।९९।
कासाराणां च कूपानां, वापीनामखिलान्यपि ।
आपीय जीवनीयानि, शुष्कीकृताः समेऽपि ते ।५००।

દ્વારિકા નગરીને જોવાની ઈચ્છાથી આગળ ચાલતાં પ્રદ્યુમ્ને એક મનોહર વન જોયું. જોઈને પ્રદ્યુમ્ને વિદ્યાને પૂછ્યું : 'હે કર્ણપિશાચિકા, આવું મનોહર વન કોનું છે ?' વિદ્યાએ કહ્યું : 'સત્યભામાનું આ વન છે, તો તને યોગ્ય લાગે તેમ કર !' વિદ્યાની સહાયથી સુંદર લક્ષણવંતા

સાત અશ્વો બનાવ્યા. પરંતુ તે અશ્વો ક્ષુધાથી કૃશ બનેલા બનાવ્યા. પોતે સોળ વર્ષના અશ્વ-પાલકનું રૂપ કર્યું. ઘોડાઓને ચરાવવા માટે વનની નજીકમાં જઈ વનપાલકોને કહ્યું : 'હે વન-પાલકો, મારૂં એક વાકચ માનશો ? જો તમે આજ્ઞા આપો તો ક્ષુધાતુર બનેલા મારા ઘોડાઓને આ વનમાં ચરાવું.' આવું ફાલ્યું-ફુલ્યું સુંદર વન જોઈને, અશ્વો લઈને હું અહીં આવ્યો છું. અશ્વોને લીલોછમ ચારો ચરાવીને હૃષ્ટપુષ્ટ કરીશ. પછી નગરીમાં જઈને વેચીશ. એમાંથી થોડું દ્રવ્ય તમને પણ આપીશ.' ત્યારે વનપાલકોએ કહ્યું : 'અરે મૂર્ખા, તું જન્મથી જ પાગલ લાગે છે. અથવા તો તને કોઈ ભૂત વળગ્યું લાગે છે ! નહીંતર આવી રાજવિરોધી વાણી કોણ બોલે ? તને ખબર છે આવું બોલવાથી તો તારા પ્રાણ સંકટમાં આવી જશે ! આ વનમાં તો દેવની જેમ ભાનુકુમાર જ ક્રીડા કરી શકે. બીજો કોઈ એમાં પ્રવેશ પણ ના કરી શકે. તો જેની છાયા મેળવવી પણ દુર્લભ છે, તેમાં વળી અશ્વોને ચરાવવાનું તો કયાંથી મળે ? મને લાગે છે કે આ સંસારમાં તારાથી વધીને બીજો કોઈ મૂર્ખ કે ધીટ્ઠો માણસ નહીં હોય. જા, જા, અહીંથી દૂર ચાલ્યો જા. નહીંતર તારૂં આવી બનશે. આ વન તો કૃષ્ણ મહારાજાની અગ્રમહિષી સત્યભામાનું છે. એનું દર્શન પણ મહાદુર્લભ છે. માટે તારા હિત માટે કહું છું કે તારા અશ્વો લઈને અહીંથી જલ્દી ચાલ્યો જા. નહીંતર રાજસેવકો તને મારી નાખશે. તું નિર્નાથ, દરિદ્ર અને રાંકની જેમ દુર્બળ છે. પરદેશથી આવ્યો લાગે છે. માટે તને કહું છું કે જલ્દી ચાલ્યો જા..' પ્રદ્યુમ્ને કહ્યું : 'અરે રક્ષકો, તમે મને મૂર્ખ કહો છો, પરંતુ મારા કરતાં વધારે મૂર્ખ તો તમે છો. તમે કઠોર હૃદય-વાળા છો. જેનો માલિક કઠોર, જેની સ્વામિની કઠોર, જેનો દેશ અને સન્નિવેશ કઠોર હોય, તેના સેવકો કઠોર હોય જ. રાજા તો તે કહેવાય કે જે નીતિપૂર્વક રાજ્યનું પાલન કરતો હોય અને શત્રુંજય, ઉજ્જયંત આદિ તીર્થોનું રક્ષણ કરતો હોય, પ્રજાવત્સલ હોય તે જ સમ્યક્ રાજા, માલિક અને માલકણ કહેવાય. તમારી સ્વામિની સત્યભામા જેવી કઠોર છે તેવા તમે છો. પરંતુ તમે લોકો માણસ માણસનું અંતર જાણતા નથી. હાથી, ઘોડા, મનુષ્યો અને રત્ન આદિ વસ્તુઓનું જે અંતર જાણતા નથી, તેનું જીવન ખરેખર નિરર્થક હોય છે. તૃણભક્ષી આ ઘોડાઓ જંગલની કોરે કોરે રહેલા તૃણનું ભક્ષણ કરશે. મારાથી શિક્ષીત થયેલા આ ઘોડાઓ ફલ, પત્ર કે પુષ્પોનું ભક્ષણ કરશે નહીં. તમને જો મારા પર વિશ્વાસ ના હોય તો લ્યો આ મુદ્રિકા ! રાખો તમે.' ત્યારે વનરક્ષકોએ કહ્યું : 'જો આ ઘોડા વનની કોરે કોરેના ઘાસને ચરશે તો તને મુદ્રિકા પાછી આપીશું, નહીંતર પાછી નહીં આપીએ.' એમ કહીને વનપાલકો ઘેર ગયા. પ્રદ્યુમ્ને ઘોડા છૂટા મૂકી દીધા. અશ્વો જંગલમાં રહેલા વૃક્ષો, ફલ, ફૂલ, પાંદડા, ઘાસ આદિ બધું જ ભક્ષણ કરી ગયા. અને જંગલને ઉખર ભૂમિ જેવું બનાવી દીધું. તેમજ જંગલમાં રહેલા વાવ, કૂવા અને તલાવનું બધુ જ પાણી પી ગયા. બધુ શુષ્ક બનાવી દીધું.

विधाय बहिरुद्याने, क्रीडामेवमनेकधा । द्रष्टुं पुरीश्रियं मध्ये, चचालालस्यवर्जितः ।१।
नगरं विशता तेन, निरीक्ष्य काननं घनं । नानामहीरुहै राज–दचिंत्यत निजे हृदि ।२।
प्रदर्शयितुमात्मीयां, विभूषां फलशाखिनां । नंदनं काननं स्वर्ग–लोकतः किमिहागतं ।३।
तत्समालोक्य सोऽपृच्छ–द्विद्यां वृत्तांतवादिनीं । विद्ये कस्येदमानंद–दायकं काननं महत् ।४।
सा बभाण भवन्मातुः, सापत्न्यं विदधाति या । काननं सत्यभामाया–स्तस्याः समस्ति सुंदरं ।।
तया निवेदितं वाक्य–माकर्ण्य मदनो बली । चकार मर्कटं विद्या–प्रभावतो महातनुं ।६।

चंचलं ततलांगूलं, पुच्छस्याधोऽतिरक्ततां । संदधानं प्रकुर्वाणं, बुत्कारं च बुभुक्षया ।७।
चांडालस्य कुरूपस्य, सोऽकार्षीद्रुपमात्मनः । तेन मर्कटमादाय, रूपेणागाद्वनांतिकं ।८।
तत्रागत्य वनाधीशान्, प्राह भो वनपालकाः । क्षुधितो मर्कटो मेऽस्ति, दत्तैकं फलमस्य हि ।९।
ते प्राहुः सहजेनैव, जातिहीनोऽसि दुर्बल । बुद्धिहीनोऽपि किं जातो, वक्षि येनेदृशं वचः ।१०।
रामायाः सत्यभामाया, मान्यायाः नरकद्विषः । अस्त्येतत्काननं रम्यं, पत्रपुष्पफलैर्भृतं ।१०।
महतामपि भूपानां, पुत्राणामपि दुर्लभा । छायाप्येतस्य वृक्षाणां, क्व ते फलसमर्पणं ।११।
उवाच श्वपचो यूयं, तुच्छा एवेति मे मतिः । स्त्रीसेवकतया चापि, जाताः किं तत्समानकाः ।।
भवेयुरुत्तमा ये ते, प्रार्थनाभंगभीरवः । मार्गितं क्षुधितानां च, ददते निजसत्त्वतः ।१३।
सत्वहीना भवेयुर्ये, नकारं कथयंति ते । नायमुत्तममर्त्याना—माचारः कथितो बुधैः ।१४।
यद्येकमपि युष्माभि—रभविष्यत्समर्पितं । फलं तत्खादयित्वामु—मकरिष्यं बलान्वितं ।१५।
विपणौ खेलयित्वा तं, लोकानां पुरतो घनं । समुपार्ज्य धनं किंचि—दजीविष्यमहं पुनः ।१६।
यूयं तु कठिनेभ्योऽपि कठिनाःस्थेति मे मतिः । फलमेकमपि दत्तं, कपेरेतस्य नो मम ।१७।
युष्माभिश्चेन्न दास्येत, फलमेतस्य शाखिनः । तदोत्पत्य क्षणादेष, बहूनि हि ग्रहीष्यति ।१८।
स्थास्यति क्षुधितो मे न, मर्कटः सर्वथोत्कटः । कथयित्वेति तेनासौ, मुमुचे चलसंचरः ।१९।
निरंकुशः स हस्तीव, यावद्वनं समागमत् । तावत्तद्रक्षकास्तस्य, मारणार्थं समुद्यताः ।२०।
केचिल्लकुटमादाय, केचित्पाषाणपाणयः । लात्वा केचित्कृपाणं च, तद्रक्षका दधाविरे ।२१।
एकस्मात्तावता तस्मा—द्वानराद्गगनध्वजात् । प्राज्यांशव इवानेके, प्रादुर्भूताः प्लवंगमाः ।२२।
चापल्यात्सर्वतो व्याप्य, तैः सर्वमपि काननं । विहितं तत्क्षणादेव, लंकाकाननवृक्षवत् ।२३।
परराष्ट्रजिघृक्षार्थी, भूपो भूमितले यथा । आदौ परिकरं लाति, गृह्णाति नगरं त्वनु ।२४।
एतेनापि तथा सत्य—भामायाः मातृवैरितां । दधानाया वनादीनां, शोभाभितो निराकृता ।।

આ પ્રમાણે સત્યભામાના વનને ઉજ્જડ કરીને અનેક પ્રકારની ક્રીડા કરતો પ્રદ્યુમ્ન નગરીની શોભા જોવા માટે આગળ ચાલ્યો. નગરમાં પેસતાં જ અનેક વૃક્ષોથી સુશોભિત એક ઉદ્યાન જોઈને વિચાર્યું : 'પૃથ્વી પર રહેલા વૃક્ષોને પોતાની શોભા બતાવવા માટે સ્વર્ગલોકમાંથી જાણે નંદન-વન આવ્યું ના હોય ! કેટલું સુંદર ઉદ્યાન છે ! કોનું હશે ?' વિદ્યાને પૂછ્યું : 'આવું આનંદ-દાયક ઉદ્યાન કોનું છે ?' વિદ્યાએ કહ્યું : 'તારી માતાની શોકય સત્યભામાનું આ સુંદર ઉદ્યાન છે.' સાંભળીને પ્રદ્યુમ્ને વિદ્યાના પ્રભાવથી મોટા શરીરવાળો, લાંબા પૂંછડાવાળો અને લાલ મોંઢાવાળો એક મોટો વાનર વિકુર્વ્યો. પોતાનું કદરૂપા ચંડાલનું રૂપ કર્યું. સાંકળથી બાંધેલા વાનરને લઈને ઉદ્યાનની નજીકમાં આવ્યો. વનરક્ષકોને કહ્યું : 'મારો આ મર્કટ ભૂખ્યો છે, તો આ વૃક્ષમાંથી એક ફળ તેને ખાવા માટે આપો.' વનરક્ષકોએ કહ્યું : 'રે, તું સ્વાભાવિક જાતિહીન અને દુર્બલ છે. સાથે સાથે બુદ્ધિહીન પણ છે, ત્યારે જ આવું બોલે ને. તને ખબર છે કે આ ઉદ્યાન કોનું છે ? કૃષ્ણ મહારાજાની માનીતી પટ્ટરાણી સત્યભામાનું આ ઉદ્યાન છે. મોટા મોટા રાજપુત્રોને આ વૃક્ષોની છાયા પણ દુર્લભ છે, ત્યારે તું ફળની આશા રાખે છે ? ચંડાળે કહ્યું :

'તમે બધા તુચ્છ બુદ્ધિના છો. સાચી વાત છે : 'સ્ત્રીના સેવકો સ્ત્રીની જેમ તુચ્છ બુદ્ધિવાળા જ હોય, એમાં કંઈ આશ્ચર્ય નથી. ઉત્તમ પુરૂષો ક્યારે પણ પ્રાર્થના ભંગ કરતા નથી. યાચકોને અને ભૂખ્યાઓને પોતાની શક્તિ અનુસાર જરૂર આપે છે. સત્ત્વહીન અધમ પુરૂષો માગનારને નકારો સંભળાવે છે. ઉત્તમ પુરૂષોનો આ આચાર નથી. જો એક ફળ આપો તો મર્કટને ખવડાવી તેને બળવાન કરીને શેરીઓમાં લોકો સમક્ષ ખેલ કરાવી, ધન મેળવીને મારી આજીવિકા ચલાવીશ. તેમાંથી તમને પણ થોડું આપીશ. પરંતુ તમારી બુદ્ધિ કુંઠિત થઇ ગઈ છે કે મારા આ મર્કટને એક ફળ પણ આપવા માટે તૈયાર નથી, તો જો જો આ ઉત્કટ મર્કટ ભૂખ્યો નહીં રહી શકે. તમારા વૃક્ષના બધા જ ફળ ખાઈ જશે !' એમ કહીને તેણે મર્કટને છૂટો મૂકી દીધો ! નિરંકુશ હાથીની જેમ મર્કટ વનમાં ગયો. તૂર્ત જ વનરક્ષકો લાકડીઓ, પત્થરો અને કૃપાણો લઈને તેને મારવા માટે દોડ્યા. એટલામાં તો જાણે આકાશમાંથી પડતા હોય તેમ અસંખ્ય વાનરો પ્રગટ થયા ! તે બધા વાનરોએ ચપલતાથી આખું ઉદ્યાન લંકાના વનની જેમ સફાચટ (ઉજ્જડ) કરી નાખ્યું. પરરાષ્ટ્રને જીતવાની ઈચ્છાવાળો રાજા જેમ પહેલાં પરિકરને લાવે છે, પછી નગરને વશ કરે છે, તેમ પ્રદ્યુમ્ને પણ પહેલાં માતાના વૈરનો બદલો સત્યભામાના વન-ઉદ્યાન આદિને ઉજ્જડ કરીને વાળ્યો.

तथा कृत्वा स चांडाल–रूपं त्यक्त्वाभ्रमत्पुरि । सुवर्णरथमद्राक्षीत् सद्यस्ककुंभभारितं ।२६।
स्त्रीभिर्धवलगीतानि, गायंतीभिः प्रमोदतः । संयुक्तं कंपमानोच्च–ध्वजव्रजैर्विराजितं ।२७।
ईदृशं स्यंदनं वीक्ष्य, विद्यामुवाच कौतुकात् । कस्यासौ स्यंदनो विद्ये, यथार्थं वद मत्पुरः ।।
सा जगाद विवाहोऽस्ति, सत्यभामातनूभुवः । नीयंते कलशाः कुंभ–कारगेहात्तदुत्सवैः ।२९।
समाकर्ण्येति विद्योक्तं, विवाहे विघ्नवांछया । कृत्वा स कुत्सितं रूप–मारुरोहाधमं रथं ।३०।
एकस्मिन् रासभः पार्श्वे, एकस्मिंश्च क्रमेलकः । तौ द्वावपि नियंत्र्याथा–धावयत्सन्मुखं रथं ।।
उभयोरपि संजाते, रथयोर्मिलने सति । आस्फालनं तथा जातं, स्फुटिताः कलशा यथा ।३२।
कासांचित् त्रुटिताः कर्णाः, कासांचित्करकंकणाः ।
परितः स्फाटितानि द्रा–क्कासांचिच्चीवराणि च ।३३।
रुदंति बाढशब्देन, काश्चित्काश्चिच्छनैः शनैः । काश्चित्प्रददते गालीः, काश्चिच्छापाननेकशः ।।
रंगे भंगमसौ कृत्वा, गायन् गीतानि भूरिशः । तमेव रथमारूढो, बभ्राम पुरवीथिकां ।३५।
विकुर्व्य मशकान् दंशां–स्तत्र मुक्त्वा महीयसः । रथं स भ्रामयामास, पुरो मध्ये यदृच्छया ।३६।
वृन्दारकोऽथवा कोऽपि, विद्यासिद्धोऽसुरोऽथवा । पर्यटंतं तमालोक्य, नागरा हृद्यचिंतयन् ।३७।
अद्ययावन्न कोऽपीदृ–गस्माभिर्वीक्षिता नरः । खरोष्ट्रस्यंदनारूढः, कुतहलविधायकः ।३८।
स्वरुपमपि नैतस्य, विज्ञातुं शक्यते मनाक् । विद्यते किंस्वरुपोऽयं, चमत्कारकरो भुवि ।३९।
शृण्वान इति लोकानां, वचनं हर्षसूचनं । चिक्रीड निजसामर्थ्या–त्सर्वस्यामप्यसौ पुरि ।४०।

ચંડાળના રૂપનો ત્યાગ કરીને પ્રદ્યુમ્ન નગરીમાં પ્રવેશ કરે છે, ત્યાં મંગલકલશોથી ભરેલો અને ધજાપતાકાથી સુશોભિત એવો સુવર્ણરથ જોયો. રથની પાછળ સુંદર વસ્ત્રાલંકાર પહેરેલી

સૌભાગ્યવંતી સ્ત્રીઓ માંગલિક ગીતો ગાતી ગાતી ચાલી રહેલી જોઈ. તે જોઇને પ્રદ્યુમ્ને વિદ્યાને પૂછ્યું : 'આ કોનો રથ છે અને ક્યાં જઈ રહ્યો છે ?' વિદ્યાએ કહ્યું : 'તારી અપરમાતા સત્યભામાના પુત્ર ભાનુકુમારનો વિવાહ છે, તેથી મહોત્સવપૂર્વક કુંભારના ઘેરથી આ મંગલ કલશો લઈ જાય છે.' વિદ્યાએ કહેલું સાંભળીને વિવાહમાં વિઘ્ન કરવાની ઈચ્છાથી પોતાનું કુત્સિત રૂપ કર્યું, અને એક વિચિત્ર રથ બનાવ્યો. જેમાં એક બાજુ ગધેડો અને બીજી બાજુ ઉંટને જોડીને રથને સામા આવતા સુવર્ણરથની સામે જોરથી દોડાવ્યો. બન્ને રથો સામસામા ભટકાવાથી મંગલ કલશો બધા ફૂટી ગયા. પાછળ ચાલતી સ્ત્રીઓના કોઇના કાન તો કોઇના કંકણ તુટયાં. કોઇના વસ્ત્રો ફાટી ગયાં. તેથી કેટલીક સ્ત્રીઓ ગાઢ સ્વરે રૂદન કરવા લાગી, ગાળો દેવા લાગી અને અનેક પ્રકારના શાપ વરસાવવા લાગી. સ્ત્રીઓનો કોલાહલ થઈ ગયો. આ રીતે રંગમાં ભંગ પાડીને ડાંસ મચ્છરોને વિકુર્વી રથને ચારે તરફ ઘૂમાવતો નગરીની મધ્યમાં ચાલ્યો ગયો. વિચિત્ર રથને જોઇને નગરવાસીઓએ અનેક કલ્પનાઓ કરી કે 'આ તો કોઈ દેવ હશે, વિદ્યાધર હશે કે અસુર હશે ? આપણી જિંદગીમાં ઊંટ અને ગધેડાને જોતરેલો રથ કયારે પણ જોયો નથી. આવો રથ અને રથચાલક કયારે પણ જોયો નથી.' આ પ્રમાણે હસતા હસતા વાતો કરે છે, ત્યાં તો ડાંસ મચ્છરો શરીર પર ચોંટી જાય છે. એના ત્રાસથી લોકો ભાગંભાગ કરી રહ્યા છે. એ જોઇને હસતો કૌતુકી પ્રદ્યુમ્ન રથને સંહરી લઈ, પોતાનું સામર્થ્ય બતાવવા માટે આગળ ચાલ્યો.

नगर्यां पर्यटन् वापी–मेकां ददर्श शोभनां । रत्नसोपानसंयुक्तां, जातरुपेण निर्मितां ।४१।
भूरिभूषणनेपथ्य–धात्रिभिः स्त्रीभिराश्रितां । तां दृष्ट्वा स जगौ विद्यां, कस्येयमस्ति वापिका ।।
सा तमभ्यदधद्भानु–मातुर्भ्रातुर्यताभृतः । तस्याः प्रवर्तते वापी, जनतापोपशामिनी ।४३।
विद्योक्तमेवमाकर्ण्य, तत्र स्नानविधित्सया । संयुक्तो यज्ञसूत्रेण, बभूव विप्ररुपभाक् ।४४।
कमंडलुकरोऽखंड–दर्भसंदर्भमुद्रिकः । काष्टोरूपादुकायुक्त, षट्कर्मकृतितत्परः ।४५।
वेदपाठं वदन् वक्त्रात्, श्वेतवस्त्रसमन्वितः । कंठे धृताक्षमालश्च, शौचकर्मणि कर्मठः ।४६।
वार्धकत्वेन जीर्णांगः, श्वेतकेशोरुमस्तकः । रदनै रहितं तुंडं, दधानः श्लथदेहभाक् ।४७।
ईदृशो द्विजरुपेण, स समागत्य कौतुकी । वापीरक्षाविधात्रीणां, प्रमदानां पुरोऽब्रवीत् ।४८।
भो स्त्रियो वयसा वृद्धः कंपमानवपुस्त्वहं । युष्माभिः सह चेष्टां न, करिष्यामि मनागपि ।४९।
अत्र वाप्यां मम स्नानं, कर्तुं यूयं प्रदत्थ चेत् । तत्पुण्यं भावि युष्माकं, मानयिष्याम्यहं गुणं ।।
अस्यां स्नात्वा समादाय, स्वकमंडलुना जलं । शांत्यर्थं कस्यचिद्दत्वा, भोजनं प्रार्थयाम्यहं ।५१।
तस्य वाक्यं समाकर्ण्य, ताः सर्वा अपि योषितः । जजल्पुः कोपतो वृद्ध, नष्टा किं तव शेमुषी ।।
अत्र या सत्यभामास्ति, कृष्णप्राणप्रियादिमा । सैव स्नात्यपरः कृष्णो, भानुर्वा तत्सुतोऽपरः ।।
अन्येन दर्शनीयापि, कुलांगनेव नास्त्यसौ । तर्हि स्नातुं कथं तुभ्यं, वयं दद्मो द्विजन्मने ।५४।
तासामुदितमाकर्ण्य, स जगाद कुतूहलात् । ज्येष्ठः पुत्रोऽहमप्यस्मि, जनार्दनस्य भूभुजः ।५५।
स्नाति चेत्कृष्णपुत्रोऽत्र, युष्मद्वाक्यानुसारतः । कथं तर्हि ममाप्यत्र, स्नानं कर्त्तुं न दीयते ।५६।

कौतुकं वर्ततेऽन्यच्च, युष्माभिः श्रूयते यदि । मया निगद्यते तर्हि, ता हास्यादूचिरे वद ।५७।
तदा स ब्राह्मणोऽवोच–दस्ति दुर्योधनो महान् । कुरुदेशस्य साम्राज्यं, कुर्वन् योऽसहनोज्झितं ।।
तेन भानोः प्रदानाय, संप्रेषिता निजांगजा । अध्वन्यैव गृहीता सा, भिल्लैर्भल्लादिकायुधैः ।।
तैरादाय निजेशाय, सा कुमारी समर्पिता । तेनापि तां समालोक्य, मनसीति विचिंतितं ।६०।
इयं राजकुलोद्भूता–हं तु भिल्लकुलोत्थितः । ममानया न सामग्री, विरुद्धा सर्वथा मिलेत् ।।
कश्चिद्राजकुमारः स्या–त्तस्यैवैषोचिता कनी । कुतश्चित्कार्यतस्तत्र, गतः समभवं तदा ।६३।
मां दृष्ट्वा रूपसंपन्नं, भूपालकुलसंभवं । जातहर्षेण तेनापि, ममैव सा समर्पिता ।६४।
स्नाननिर्मितिमात्रेऽपि, निषेधः क्रियते कथं । ममापि राजपुत्रस्य, युष्माभिः कठिनत्वतः ।६५।
तेनाभिहितमाकर्ण्य, जगुस्तं भद्रकाः स्त्रियः । वृद्धोऽपि जीर्णदेहोऽपि, हास्यं त्वं न विमुंचसि ।।
ये स्युर्लज्जालवो वृद्धा, असत्यं ते वदंति न । निर्लज्जो लक्षणैस्त्वं तु, ज्ञायसे यन्मुधावदः ।६७।
आजन्मतोऽपि सत्यस्यः वर्त्मनि त्वं गतोऽसि न । वार्धकेपि ततोऽसत्यं, प्रजल्पस्यविवेकतः ।६८।
दुर्योधनेशितुः पुत्रो, क्व वृता भटकोटिभिः । तस्या अपि किरातैश्च, ग्रहणं क्व दुरात्मभिः ।६९।
पुण्यनैपुण्यतारुण्या, क्व सा कन्या सुयौवना । वृद्धस्य ते दरिद्रस्य, क्व वा तस्याः समर्पणं ।७०।
स जगाद वचो यूयं, कुरुध्वं यद्यसूनृतं । आगच्छत मया साकं, युष्माकं दर्शयामि तत् ।७१।
प्रोचुस्ताश्च क्रुधा पापिन्, मुखमादाय गच्छत । दर्शनीयं जनन्यास्ते, त्वं प्रदर्शय सत्वरं ।७२।
उभयोः कुर्वतोः काच–पिच्चं परस्परं रुषा । स्वकीयकलया वापीं, प्राविशत्स शनैः शनैः ।७३।
तदा तं ताडयामासुः, पाणिभिः काश्चनांगनाः । सोऽपि प्रत्युत संजात–स्तासां सौख्यविधायकः।।
रुपवत्योऽधिकं रुपं, तासु प्रापुर्मृगीदृशः । कुरुपा रुपसंपन्ना–स्तत्पाणिस्पर्शतोऽभवन् ।७५।
स्थूलोदर्यः कृशोदर्यः, शुष्कस्तना घटस्तनाः । जातास्त्रुटितकर्णाश्च, संधितश्रवणाः क्षणात् ।।
श्यामलांग्यश्च गौरांग्यः, काणाश्चप्रस्तरलेक्षणाः । पिशंगकुंतलाः कांत–कचा मूका वचोवराः ।।
ज्ञात्वा रुपमनोज्ञत्वं, बहिर्वाप्या विनिर्गताः । प्रशशंसुर्द्विजन्मानं, गुणज्ञा ह्युत्तमाः स्त्रियः ।७८।
धन्यो धन्योऽवतारोऽस्य, धन्यौ च पितरौ क्षितौ । यत्स्पर्शाद्रूपसौन्दर्य–मस्माकं समजायत ।।
प्रशंसामिति विप्रस्य, श्रुत्वा बहिःस्थिता अपि । मिलिताः प्रशशंसुस्तं, मनोज्ञरुपवांच्छया।।८०।
अहो भूदेव वृद्धस्त्वं, स्तवनीयोऽसि भूतले । अपकर्त्रीष्वपि प्राज्यो–पकारस्य प्रकारकः ।८१।
तासामपि कृता तेन, रुपशोभनता तनौ । सर्वा अपि मिलित्वा त–त्पश्यंति रुपमात्मनां ।८२।
वदत्येका प्रजातं ते वदनं सदनं श्रियां । त्रुटितौ श्रवणौ जातौ, संधिताविव शोभनौ ।८३।
एकाऽवक्सुभगे नेत्रे, पवित्रे ते बभूवतुः । एकावक्सखि ते रम्या–वधरौ च भुजौ खलु ।८४।
शुष्कस्तनौ घनौ पीनौ, ते जातावित्यवक्परा । कांतः कटिप्रदेशश्च, जातः पंचाननोपमः ।८५।
प्रशंसामिति कुर्वंति, कांता वाप्या बहिःस्थिताः । यावत्कुंडिकया तेन गृहीतं वापिकाजलं ।।

वार्तारसेन संपूर्णाः, प्रायसः किमपि स्त्रियः । न जानंति ततः सोऽपि, परिज्ञातः कयापि न ।।
कुर्वत्या रसतो वार्ता, स्त्रियः कस्याश्चिदुच्चकैः । तृषा लग्ना तदा तोयं, पातुं वाप्यां गतांगना ।।
सा तदा केवलं तत्र, पाषाणतृणसंचयं । ददर्श पतितं विष्वक्, सलिलं न मनागपि ।८९।
तया कलकलारावं, जनयंत्या पिपासया । समागत्य बहिः स्त्रीणां, मुदितानां निवेदितं ।९०।
स्वकमंडलुना भृत्वा, सलिलं वापिकाजलं । द्विजेन जीर्णवापीवा–स्माकं वापी विनिर्मिता ।९१।
दर्शयित्वा चमत्कार–मीषदपि द्विजन्मना । आजन्मपापिना तेन, मुषिता मुषिता वयं ।९२।
तस्या एवं वचः श्रुत्वा, वापीं विलोक्य वेगतः । दधावुर्योषितः क्रुद्धा, जीवितव्याभिलाषुका ।।
धावंत्यो वनिता याव–त्संप्राप्तास्तं त्रयीमुखं । नानाचेष्टां प्रकुर्वन् स, हट्टश्रेणीरुपेयिवान् ।९४।
तत्र तासां लसच्छोभां, जहार सकलामपि । दक्षिणावर्तशंखाप्त–माहात्म्यमहरत्समं ।९५।
पात्राणां यानपात्राणां, रत्नानां रत्नरोचिषां । प्रवालानां, त्वबालानां, धेनुभूघनजन्मनां ।९६।
मुक्तानां शुचिशुक्तीनां, पारावारभुवां पुनः । कलधौतकलाधौत–ताम्रोद्यत्पित्तलायसां ।९७।
शस्त्रशास्त्राग्रवस्त्राणां, गोधूमानां गरीयसां । चणकानां मसूराणां, तैलानां हट्टवर्तिनां ।९८।
सर्वेषामपि वस्तूनां, परावृत्तिमिति द्रुतं । हस्तसंस्पर्शमात्रेण, कुर्वन् भ्राम्यति वर्त्मनि ।९९।
कोलाहलं प्रकुर्वाणा, वापीरक्षाकरा स्त्रियः । ददाना मुखतो गालीः, शापयामासुरुच्चकैः ।६००।
तथा च जल्पयामासु–र्यावत्ताः कोपतो दृढं । तेनोर्व्यां तावदास्फाल्य, भंजितः स्वकमंडलुः ।१।
पानीयानि ततो भग्ना–त्पतितानि तथावनौ । प्रवाहः परितस्तत्र, प्रचचाल यथा महान् ।२।
अहो किं वापिका भग्ना, स्फुटितं वा सरोवरं । आगाद्गंगाप्रवाहः किं, दध्युर्यावज्जना इति ।३।
तावत् पाथोधिवेलेव, कल्पांतकालसंभवा । तज्जलं सर्वतो व्याप्तं, विक्षोभनविधायकं ।४।
तदा तत्र सुवर्णानां, रजतानां कदंबकैः । ताम्रपित्तलरत्नानि, शुक्तिमुक्ताफलान्यपि ।५।
वस्त्राणि प्राज्यपात्राणि, क्रयाणकान्यनेकशः । सोऽप्लावयदगाराणि, सप्राकाराणि सर्वतः ।६।
हट्टगेहादिकं वस्तु, निरीक्ष्य प्लावितं क्षणात् ।
जलं मा प्लावयत्वस्मा–निति भीत्या जना गताः ।७।

નગરીમાં પર્યટન કરતા પ્રદ્યુમ્ને, રત્નના પગથીયાવાળી સુંદર સુવર્ણની વાવ જોઇ. ત્યાં કેટલીક સ્ત્રીઓને સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને ક્રીડા કરતી જોઈ. તેણે વિદ્યાને પૂછયું : 'આ કોની વાવ છે ?' વિદ્યાએ કહ્યું : 'ભાનુકુમારની માતા સત્યભામાની આ વાવ છે. તેનું જલ લોકોના તાપ અને તરસ શાંત કરનારૂં છે.' વિદ્યાનું કહેલુ સાંભળીને પ્રદ્યુમ્ને વિદ્યાના પ્રભાવથી સ્નાન કરવાની ઈચ્છાવાળા, જરાથી જર્જરિત શરીરવાળા બ્રાહ્મણનું રૂપ કર્યું. ફક્ત કૌપીન (લંગોટી) પહેરીને, જનોઇને ધારણ કરી, એક હાથમાં કમંડલ અને બીજા હાથમાં દર્ભની ઝુડી રાખી, કાષ્ટની પાદૂકા પહેરી, મુખેથી વેદવાકયનું ઉચ્ચારણ કરતો, કંઠમાં રૂદ્રાક્ષની માળા ધારણ કરી તે શૌચકર્મમાં આસક્ત એવો વૃદ્ધ બ્રાહ્મણ બન્યો. દાંત પડી ગયેલા, માથાના વાળ

સફેદ થઇ ગયેલા, આખા શરીરે કરચલી પડી ગયેલા અને શરીરને કંપાવતા એવા બ્રાહ્મણને જોઇને બધી સ્ત્રીઓ ભેગી થઇ ગઈ. વાવની રક્ષક સ્ત્રીઓ પાસે આવીને બ્રાહ્મણરૂપે પ્રદ્યુમ્ને કહ્યું : 'હે સ્ત્રીઓ, જુવો, હું કેવો ઘરડો છું ? મારૂં શરીર ધ્રુજી રહ્યું છે, તો તમારી સાથે હું કોઇ ખરાબ ચેષ્ટા કરીશ નહીં. પરંતુ આ વાવમાં તમે જો મને સ્નાન કરવા દેશો તો તમને ઘણું પુણ્ય થશે. તમારો ઉપકાર જિંદગીભર ભૂલીશ નહિ. વાવમાં સ્નાન કરીને થોડું જલ મારા કમંડલમાં લઇને, શાંતિને માટે કોઇને આપીને, ભોજન માટે પ્રાર્થના કરીશ. મારી ક્ષુધાની શાંતિ થશે તેનું પુણ્ય તમને મલશે.' બ્રાહ્મણની વાત સાંભળીને સ્ત્રીઓ બોલી : 'અરે વૃદ્ધ, તારી બુદ્ધિ જતી રહી છે કે શું ? 'સાઠે બુદ્ધિ નાઠી'–એ કહેવત બરાબર છે. માટે હે મૂર્ખ, તને ખબર છે કે આ વાવ કોની છે ? આ વાવ તો કૃષ્ણ મહારાજાની પ્રાણપ્રિયા સત્યભામાની છે. એમાં તો કૃષ્ણ અથવા કૃષ્ણનો પુત્ર ભાનુકુમાર જ સ્નાન કરી શકે. બીજા લોકોને તો એના દર્શન પણ દુર્લભ છે. તો સ્નાન કરવાની વાત જ ક્યાં રહી ?' સ્ત્રીઓની વાત સાંભળીને કુતૂહલથી બ્રાહ્મણ બોલ્યો : 'તમે કહ્યું ને કે આ વાવમાં કૃષ્ણ અથવા કૃષ્ણનો પુત્ર સ્નાન કરી શકે, તો હું પણ કૃષ્ણનો જ્યેષ્ઠ પુત્ર છું. તો મને સ્નાન કરવા માટે કેમ ના કહો છો ? વળી તમારે બીજું કૌતુક સાંભળવું હોય તો હું કહું.' દાસીઓએ હસીને કહ્યું : 'તું કૃષ્ણનો મોટો પુત્ર છે તો તારી પાસે ઘણા કૌતુકો હશે. સંભળાવ !' ત્યારે બ્રાહ્મણે કહ્યું : 'કુરૂદેશના ગર્વિષ્ઠ રાજવી દુર્યોધને પોતાની કન્યાને ભાનુકુમારની સાથે વિવાહ કરવા માટે મોકલેલી. ત્યાં રસ્તામાં શસ્ત્રધારી ભિલ્લ લોકોએ તેને પકડી પોતાના સ્વામી ભિલ્લ-પતિને સમર્પિત કરી. પરંતુ સુંદર રાજકન્યાને જોઇને ભિલ્લપતિએ વિચાર્યું કે 'આ કન્યા રાજ-કુળમાં ઉત્પન્ન થયેલી છે અને હું ભિલ્લકુળમાં ઉત્પન્ન થયેલો છું. અમારા બંનેનો મેળ જામશે નહિ. જો કોઇ રાજકુમાર આવે તો આ કન્યા તેને આપી દઉં'. આ પ્રમાણે ભિલ્લપતિ વિચારી રહેલો ત્યાં કોઈ કાર્ય પ્રસંગે હું જઇ ચઢ્યો. રૂપસંપન્ન રાજકુમાર જેવા મને જોઇને ભિલ્લપતિએ અતિ આનંદપૂર્વક મને રાજકન્યા આપી. જ્યારે રાજપુત્ર એવા મને, કઠોર એવી તમે સ્ત્રીઓ સ્નાન કરવા માત્રનો પણ નિષેધ કરો છો ?' બ્રાહ્મણનું કહેલું સાંભળીને ભોળી સ્ત્રીઓ બોલી : 'અરે, આટલો ઘરડો થયો છે તો પણ હાસ્ય છોડતો નથી ? લજ્જાળુ વૃદ્ધ પુરૂષો તો ક્યારે પણ અસત્ય બોલતા નથી. તું તો સાવ નિર્લજ્જ અને મૃષાભાષી છે. તું જન્મીને જ સાચું બોલ્યો નહિ હોય. ઘરડો થયો છતાં હજુ જૂઠું બોલવાનું છોડતો નથી. ક્રોડો સુભટોથી રક્ષાયેલી દુર્યોધનની પુત્રી એવી રીઢી પડી હશે કે દુરાત્મા ભિલ્લોના હાથમાં આવે અને તારા જેવા દરિદ્રનારાયણ ઘરડા ડોસાને એ લાવણ્યવતી પુણ્યશાળી રાજકન્યા સોંપવામાં આવે. જા, જા, નદીમાં મોંઢું ધોઇ આવ. રાજકન્યાના દર્શન પણ તને દુર્લભ છે.' ત્યારે બ્રાહ્મણે કહ્યું : 'જો હું જૂઠું બોલતો હોઉં તો આવો મારી સાથે, હું તમને રાજકન્યા બતાવું.' ત્યારે ક્રોધિત થયેલી સ્ત્રીઓએ કહ્યું : 'પાપી, તારું મોંઢું લઇને અહીંથી ચાલ્યો જા. તારી માને બતાવ.' આ પ્રમાણે ક્રોધથી કીચકીચ કરતી દાસીઓને હાથથી સ્પર્શ કરતા બ્રાહ્મણે ધીમે ધીમે વાવમાં પ્રવેશ કર્યો. તેના હસ્તના સ્પર્શમાત્રથી કેટલીક જે કુબડી દાસીઓ હતી તે સપ્રમાણ અને સુંદર દેહવાળી થઇ ગઇ. જે કુરૂપ દાસીઓ હતી તે સ્વરૂપવાન્ બની ગઇ. કેટલીક મોટા પેટવાળી હતી તે કૃશોદરી બની ગઇ, સુકાયેલા સ્તનવાળી દાસીઓ પુષ્ટ સ્તનવાળી બની ગઈ. કોઇના કાન તૂટેલા હતા તેમના કાન સંધાઈ ગયા. કોઇનાં નાક ચપટાં હતાં તે અણીદાર બની ગયાં. કેટલીક દાસીઓ કાજળ જેવી શ્યામ હતી, તે ગૌરવર્ણવાળી ઉજ્જવળ બની ગઇ. કોઈ કાણી હતી તેનાં બંને નેત્રો સુંદર થઇ ગયાં. કોઇ મુંગી હતી તે બોલતી થઈ ગઇ. કોઇ ભૂરા અને પીળા કેશવાળી હતી, તેના કેશ ભમરા જેવા શ્યામ બની ગયા.

અને કોઇ જાડા શરીરવાળી હતી તે કોમલાંગી બની ગઇ. આ રીતે પરસ્પરનાં સુંદર રૂપ જોઈને બ્રાહ્મણની પ્રશંસા કરતી ગુણગાન કરવા લાગી: 'ખરેખર, જગતમાં આનો અવતાર ધન્યવાદને પાત્ર છે, એના માતા-પિતાને ધન્ય છે કે જેમનો આવો ચમત્કારી પુત્ર છે. જેના હાથના સ્પર્શ-માત્રથી આપણાં રૂપરંગ કેવાં બદલાઇ ગયાં !' બહાર રહેલી સ્ત્રીઓ વૃદ્ધ બ્રાહ્મણની પ્રશંસા કરતી કહે છે: 'અહો ભુદેવ ! આ જગતમાં તમે ખરેખર પ્રશંસનીય છો ! અપકારી ઉપર પણ ઉપકાર કરનારા છો ! અમે તમારી કેટલી અપભ્રાજના કરી ? છતાં બદલામાં તમે અમોને નવું જીવન બક્ષ્યું.' આ પ્રમાણે બ્રાહ્મણની સ્તુતિ કરી બધી ભેગી થઇને એક બીજાના રૂપને જોતી પરસ્પર પ્રશંસા કરે છે. કોઈ કહે છે: 'અલી, જો તો ખરી, તારૂં મુખ કેટલું સુંદર લાગે છે !' બીજી કહે છે: 'તારા કાન કેવા સંધાઇ ગયા ?' કોઇ કહે છે: 'તારા બે નેત્રો કેવાં સુંદર લાગે છે', ત્રીજી કહે છે: 'તારા અધર કેવા સુંદર થઇ ગયા ? તારા હાથ, સ્તન અને કટી પ્રદેશ કેટલા સુંદર થઇ ગયા ?' આ રીતે વાવની બહાર રહીને એક બીજીની પ્રશંસા કરે છે, ત્યાં બ્રાહ્મણ કમંડલમાં વાવનું જલ ભરીને બહાર નીકળી ગયા તેની સ્ત્રીઓને ખબર પડી નહીં. **ખરેખર, સ્ત્રીઓને વાતનો રસ ઘણો હોય છે. કોણ ગયું ને કોણ આવ્યું, તેનું પણ ભાન રહેતું નથી.'** રસપૂર્વક ઉંચે સ્વરે વાર્તાલાપ કરી રહી હતી, તેમાંની કેટલીક દાસીઓને પાણીની તરસ લાગી. પાણી પીવા માટે વાવમાં ગઈ. તો વાવમાં પાણીનું એક બિંદુ પણ દેખાયું નહીં ! પાણીના બદલે પત્થર અને ઘાસના ઢગલા જોવા મલ્યા. તરસી થયેલી સ્ત્રીઓ કોલાહલ કરતી બહાર આવી. તેમણે બીજી સ્ત્રીઓને નિવેદન કર્યું: 'અલી, અહીં આવો, અહીં આવો, ત્યાં શું વાતો કરી રહી છો ? જુઓ તો ખરા, એ પાપી બ્રાહ્મણે વાવમાં પાણીનું એક ટીપું પણ નથી રાખ્યું. આખી વાવ સુક્કી પત્થર જેવી બનાવી દીધી છે. આ પાપાત્માએ તો આપણને ચમત્કાર બતાવીને ઠગી છે. ખરેખર, આપણે લુંટાઈ ગયાં છીએ.' આ પ્રમાણે તરસી સ્ત્રીઓની વાત સાંભળીને બધી સ્ત્રીઓ દોડતી વાવ પાસે આવી. પાણી વિનાની વાવની દુર્દશા જોઇને ક્રોધિત થયેલી અને જીવિતની અભિલાષી એવી બધી સ્ત્રીઓ ગાળો દેતી દેતી તે બ્રાહ્મણની પાછળ દોડી. તેની પાસે પહોંચી તેટલામાં બ્રાહ્મણ બજારમાં અનેક પ્રકારની વસ્તુઓથી ભરેલી દુકાનોની શ્રેણી આગળ આવી ગયો હતો. તેણે પોતાના હાથના સ્પર્શ માત્રથી દુકાનોની શોભા હરી લીધી, જે દુકાનમાં દક્ષિણાવર્ત શંખો હતા તે શંખોનું માહાત્મ્ય હરી લઇને કોડી જેવા બનાવી દીધા. યાનપાત્રોને પાત્ર જેવા, દેદીપ્યમાન રત્નોને કાચના ટુકડા જેવા, પ્રવાલોને ઠળિયા જેવા, સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા સાચા મોતીઓને છીપ જેવા, સોના-ચાંદીને પિત્તળ અને તાંબા જેવા, તેમજ શસ્ત્ર, શાસ્ત્ર, વસ્ત્ર, ઘઉં, ચણા, મસૂર, તેલ આદિને ઢગલામાં બદલીને રસ્તામાં આવી આગળ આગળ જાય છે. ત્યાં કોલાહલ કરતી વાવની રક્ષક સ્ત્રીઓ ગાળો અને શાપ વરસાવતી પહોંચી. સ્ત્રીઓએ રાડો પાડીને બુમરાણ મચાવી ત્યારે તેણે ક્રોધથી કમંડલ પૃથ્વી ઉપર પછાડ્યું. તૂટી ગયેલા કમંડલમાંથી પાણીનો પ્રવાહ ચારેબાજુ ફેલાયો. ધસમસતા જલના પ્રવાહમાં સુવર્ણ, ચાંદી, મુક્તાફલ, તાંબુ-પિત્તળ આદિ ધાતુઓ, વસ્ત્રો, પાત્રો કરીયાણા આદિ પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યાં. ઘરો અને દુકાનોમાં પણ પાણી પેસી ગયાં. લોકો પોતાના જીવ બચાવવા માટે નાસભાગ કરી રહ્યા. લોકો વિચારે છે કે: 'અરે, કોઈ વાવ ભાગી ગઇ હશે કે સરોવર ફૂટયું હશે ? એ સિવાય ગંગાના પ્રવાહની જેમ આવો ધસમસતો પાણીનો પ્રવાહ આવે નહીં.' પેલી દાસીઓ તો બિચારી કોઇ મહેલની અગાસીમાં તો કોઇ વૃક્ષો ઉપર ચઢી ગઇ. આવી ક્રીડા કરતો બ્રાહ્મણ રૂપધારી પ્રદ્યુમ્ન નગરીમાં ભમતો આગળ ચાલ્યો.

प्लावनाद्भूरिवस्तूनां, कृत्वा कौतुकमुच्चकैः । द्वितीयमाददे सोऽपि, द्विजरूपं सयौवनं ।८।
नगर्यां भ्रमता तेन, पंचवर्णानि वर्त्मनि । मालिकैर्ग्रथ्यमानानि, पुष्पाणि वीक्ष्य भाषितं ।९।
भो मालिकाः किमर्थोऽयं, ग्रथ्यते कुसुमोत्करः । तेऽभणन् भानुविवाह–निमित्तोऽयं विधीयते ।।
विप्रः प्राह मम द्रव्यं, नास्ति धर्मधिया यदि । युष्माभिश्चारुपुष्पाणि प्रदीयंते कियंत्यपि ।११।
तदहं सत्यभामाया, गेहं गत्वा बुभुक्षितः । आशिषैतानि दत्वा च, भोजनं प्रार्थयाम्यहं ।१२।
तदा ते मालिकाः प्रोचू, रे रे मूर्खशिरोमणे । तारुण्योपचितस्यापि, तव शुद्धिर्न विद्यते ।१३।
अयं पुष्पोत्करः सत्य–भामायास्तनयस्य वै । विवाहहेतवे ग्रथ्य–मानः प्रवर्तते भृशं ।१४।
प्रसूनमेकमप्यस्मा–द्यद्यस्माभिः प्रदीयते । तर्हि तेन सहास्माकं, देयो जीवोऽपि संभवेत् ।१५।
वार्ता ततश्च एतस्य, कार्या सुमनसो न हि । तस्यां विधीयमानायां, तवापि भावि घातनं ।१६।
आकर्ण्य वचनं तेषां, प्रजजल्प त्रयीमुखः । धूर्तायाः सत्यभामायाः, किं साम्यं प्रविधीयते ।१७।
कथयित्वेति हस्ताभ्या–मनल्पशक्तिधारकः । गृहीत्वा तानि पुष्पाणि, सोऽपश्यत्कलया ततः ।।
अशोकशाखिपुष्पाणि, नवचंपकजान्यपि । मंदारबकुलोत्थानि, जपाजातिभवानि च ।१९।
सहस्रशतपत्राणिः पयोरुहाणि पंचभिः । वर्णैर्युक्तानि पुन्नाग–यूथिकासंभवानि च ।२०।
इत्यादीनि प्रसूनानि, पाणिसंस्पर्शतस्तदा । विधायार्कमयान्याशु, पुरतोऽथ चचाल सः ।२१।

તેણે પછી યુવાન બ્રાહ્મણનું રૂપ કર્યું. આગળ ચાલતા પ્રદ્યુમ્ને ઉદ્યાનની માલણોને પાંચ વર્ણના પુષ્પોની માલા ગુંથતી જોઇ. માલણોને કહ્યું : 'હે માલણો, આ પુષ્પનો ઢગલો શા માટે છે ? અને આવી સુંદર માલાઓ કોને માટે ગુંથો છો ?' માલણોએ કહ્યું : 'વિપ્ર, ભાનુકુમારનો વિવાહ મહોત્સવ ચાલે છે. તેના નિમિત્તે માલાઓ તૈયાર કરીએ છીએ.' બ્રાહ્મણે કહ્યું : 'મારી પાસે કંઈ દ્રવ્ય નથી, જો ધર્મબુદ્ધિથી થોડાં પુષ્પો આપો તો ભૂખ્યો એવો હું, સત્યભામાના ઘેર જઈ તેને આશિર્વાદ આપીને ભોજનની પ્રાર્થના કરીશ.' ત્યારે માલણોએ કહ્યું : 'મૂર્ખ-શિરોમણી, યુવાન હોવા છતાં તને કંઈ સુધ–બુધ છે કે નહિ ? તને ખબર છે, આ પુષ્પોનો ઢગલો સત્યભામાના પુત્ર ભાનુકુમારના વિવાહ નિમિત્તે માલાઓ બનાવવા માટેનો છે. એમાંનું એક પુષ્પ પણ જો આઘુંપાછું થાય તો અમારૂં આવી જ બને. અમારૂં મોત તો થાય, તને જો આપીએ તો તારૂં પણ મોત થાય. માટે પુષ્પો જોઈતાં હોય તો બીજે ક્યાંયથી મેળવી લેજે.' માલણની વાત સાંભળીને બ્રાહ્મણે કહ્યું : 'તારી માલકણ સત્યભામા ધૂર્ત છે. શું એનામાં આટલું પણ સૌજન્ય નથી ?' એમ કહીને અચિંત્યશક્તિના ધારક પ્રદ્યુમ્ને બે હાથથી પુષ્પો લઈને, બીજા પુષ્પો પર હાથથી સ્પર્શ કર્યો. સ્પર્શ કરતાની સાથે અશોક વૃક્ષનાં, ચંપક વૃક્ષનાં, મંદારનાં, બકુલનાં, જાઈનાં, સહસ્ત્રપત્ર કમલો, શતપત્ર કમલો અને પુન્નાગ વિગેરે પાંચ વર્ણના પુષ્પો આકડાનાં ફૂલ જેવાં નિર્માલ્ય અને નિર્ગંધ થઇ ગયાં. તે ત્યાંથી આગળ ચાલ્યો.

चलन्नग्रे चकारासौ, पदार्थान् विपणिस्थितान् । दुर्गंधान् विलसद्गंधान्,सुगंधान् गंधवर्जितान् ।।
खलं कस्तूरिकारूपं, कस्तूरिकां खलोपमां । कर्पूरं लवणाकारं, लवणं कपूरोपमं ।२३।
कासरान् द्विरदस्थाने, कासरेषु गजानपि । वेसरांस्तुरगस्थाने, तुरगान् वेसरेष्वपि ।२४।

कांचनं पित्तलं कुर्वन्, पित्तलं तपनीयकं । रजतं शुक्तिकाखंडं, शुक्तिकां रजतोपमां ।२५।
रत्नानि काचखंडांश्च, काचखंडान्मणीनिभान् । मौक्तिकानि युगंधर्य्-स्ता मुक्ताफलसंचयान् ।।
घृतानि कांततैलानि, तैलान्यपि घृतानि च । वस्त्राणि पट्टकूलानि, पट्टकूलानि तानि च ।२७।
विनोदजननेनेति, भूपालवर्त्मनि व्रजन् । प्रभूतभूतिसंयुक्तं, प्रमादं स व्यलोकयत् ।२८।

નગરીમાં આગળ ચાલતા પ્રદ્યુમ્ને દુકાનોમાં રહેલા દુર્ગંધી પદાર્થોને સુગંધીમાં અને સુગંધી પદાર્થોને દુર્ગંધીમાં ફેરવી નાખ્યા. તેવી રીતે ખેળને કસ્તુરી રૂપે અને કસ્તુરીને ખેળ રૂપે, કર્પૂરને મીઠા રૂપે અને મીઠા (નમક)ને કર્પૂર રૂપે બનાવી દીધાં. તેમ ગધેડાને હાથી અને હાથીઓને ગધેડા, ખચ્ચરોને અશ્વો અને અશ્વોને ખચ્ચર, સુવર્ણને પિત્તલ અને પિત્તલને સુવર્ણ, ચાંદીને છીપ અને છીપોને ચાંદી, રત્નોને કાચના ટુકડા અને કાચના ટુકડાને રત્નો, મૌક્તિક (મોતી) ને જુવાર અને જુવારને મૌક્તિક, ઘીના ડબ્બાને તેલ અને તેલના ડબ્બાને ઘી, ચીનાઈ (રેશમી) વસ્ત્રોને સૂતરાઉ અને સૂતરાઉ વસ્ત્રોને રેશમી વસ્ત્રો બનાવતો ચાલ્યો. આ રીતે હાથના સ્પર્શ માત્રથી રાજમાર્ગમાં આવેલી દુકાનોમાં કૌતુકથી પરાવર્તન કરતો આનંદપૂર્વક આગળ ચાલ્યો.

उत्तुंगानां करेणूनां, कपोलाभ्यां विनिर्गतैः । मदैर्जंबालमप्युच्चैः, तत्राभूदभितो मही ।२९।
तत्र स्खलद्गतिर्विद्या-मप्राक्षीदेष वाडवः । प्रासादोऽयं प्रवर्तेत, कस्य विश्वंभराविभोः ।३०।
सावदद्वसुदेवस्य, भवत्पितामहस्य हि । प्रासादो एष राजेत, भूरिशोभाविभूषितः ।३१।
पप्रच्छ पुनरेतस्य, वल्लभं किं प्रवर्तते । हृद्या विद्यावदन्मेष-युद्धं प्रबंधनिर्मितं ।३२।
तदुक्तं स श्रुतौ श्रुत्वा, मेषं विकुर्व्य विद्यया । समुत्पादयितुं चित्रं, वसुदेवगृहं गतः ।३३।
सुवर्णतोरणान्वीतं, वैजयंतीविराजितं । बंदिनां जयनिर्घोषैः, पूरितं चित्रविचित्रं ।३४।
गजराजिलसद्वाजि-भ्राजिसारंगसुन्दरं । गोद्वीपिकेसरिव्याघ्रै-र्युक्तं सोऽविशदंगणं ।३५।
द्वारपालाज्ञया याव-त्प्रतोलीमध्यमाश्रयत् । तावत्प्रौढप्रतापाढ्यं, वसुदेवं स दृष्टवान् ।३६।
हरिविष्टरमासीनं, चामीकरमणीमयं । तं वीक्ष्य मेरुशृंगस्थ-मार्तण्डभ्रांतिमादधत् ।३७।
अभीक्ष्णं वीक्षमाणैश्च, भूपपुत्रैः सुसेवितं । पितामहं महापुण्यं, चारुरूपं ननाम सः ।३८।
गृहीतं पंचशाखाभ्यां स्वर्णशृंखलसंयुतं । वीक्ष्य मेषं सुमंजीरं, वसुदेवोऽभ्यधात्स्वयं ।३९।
अहो वाडव कस्याय-मुरभ्रो वर्तते वरः । त्वयात्र कथमानीतः, सत्यं कथयतां मम ।४०।
स प्राजल्पदुरभ्रोऽयं, वर्तते मम भूपते । अत्र प्रदर्शनार्थं ते, समानीतोऽस्त्ययं मया ।४१।
कृता एतेन संग्रामा, अन्यैः सार्धमनेकशः । ततोऽयं सबलो मेषो, वर्तते सर्वतोऽधिकः ।४२।
महतामपि मेषाणां, कलाबलविशालिनां । दृष्टचराणि युद्धानि, समभूवन् पुरा त्वया ।४३।
मेषयुद्धपरीक्षायां, वर्तसे कुशलो यदि । एकशोऽस्यापि संग्रामं, तर्हि त्वं प्रविलोकय ।४४।
इत्युक्ते वसुदेवोऽवग्, दुर्जयो यदि ते हुडु । तदैष बलिना मे हि, जानुना सह युध्यतां ।४५।
मज्जानु यदि मथ्नाति, तदायं सबलो हुडुः । तदाहमपि जानामि, सर्वतोऽमुं बलाधिकं ।४६।

एवं वचनमाकर्ण्य, शक्तिवान् ब्राह्मणोऽब्रवीत् । कथितं यत्त्वया नाथ ! मेषस्तत्प्रविधास्यति ॥
एतैस्तव जनैस्तर्हि अवज्ञाकरणात् क्षणात् । मेषेणापि सहाहं तु, मार्यो निशितमार्गणैः ।४८।
पूजनीयो जनैरेतैः, सांप्रतं त्वं प्रवर्तसे । त्वामेव यदि मेषोऽयं, पातयेद्वसुधातले ।४९।
क्रुद्ध्यंति यादवाः किं न, तदा ते बलगर्विताः । ततोऽमुं न विमोक्ष्यामि, सर्वथोद्यत्पराक्रमं ॥
सर्वेऽपि यादवाः प्रोचुः स्वस्वामिभक्तितस्तदा । ईदृशाः खेलिताः प्राज्या दुष्टोऽयं किं करिष्यति॥
तदोचे वसुदेवोऽपि, शोकं त्वं हृदि मा कृथाः । पातयिष्यति मेषो मां, चेन्न तत्तव दुषणं ।५२।
द्विजोऽवक् साक्षिणो यूयं, भवतेत्यभिधाय च । मुमोच कृष्णतातस्य, जानु प्रति तमेडकं ।५३।
विधाय जानुना साक–मास्फालनं पराक्रमात् । मेषोऽयं वसुदेवस्या–करोद् भूरिव्यथां हृदि ॥
तेनाथ वसुदेवोऽपि, मूर्छां प्राप्यापतद् भूवि । धावंतो यादवाः सर्वे, तस्य पार्श्वे समाययुः ।५५।
सर्वे समुदितोभूय, हाहारवं निजाननात् । कुर्वाणा उपचारांस्ते, विविधांश्चक्रुरुद्यमैः ।५६।
उपायैर्बहुभिर्याव–द्यादवैरुपचर्यते । मानहीनं हरेस्तातं कृत्वा तावत्स निर्ययौ ।५७।

આગળ ચાલતા બ્રાહ્મણરૂપે પ્રદ્યુમ્ને ઉંચા રાજમહેલની, મદોન્મત્ત હાથીઓના ગંડસ્થલમાંથી ઝરતા મદજલથી કાદવ રૂપ બની ગયેલી જમીન જોઈને વિદ્યાને પૂછ્યું : 'અનેક જાતની શોભાથી સુશોભિત એવો આ મહેલ કોનો છે !' વિદ્યાએ કહ્યું : 'તારા પિતામહ (દાદા) વસુદેવનો આ મહેલ છે.' ફરીથી વિદ્યાને પૂછ્યું : 'દાદાને અતિ પ્રિય શું ચીજ છે ?' વિદ્યાએ કહ્યું : 'દાદા વસુદેવને ઘેટાઓનું યુદ્ધ અતિ પ્રિય છે.' વિદ્યાનું કથન સાંભળીને વિદ્યાશક્તિથી સુંદર હૃષ્ટ-પુષ્ટ ઘેટાને વિકુર્વી, ઘેટાના કંઠમાં સુવર્ણની ઘુઘરીઓવાળી પાંચ કંઠીઓ પહેરાવી. સુશોભિત એવા ઘેટાને સોનાની સાંકળથી બાંધીને, સુવર્ણના તોરણોથી સુશોભિત અનેક ધજા-પતાકા વડે આશ્ચર્યકારી, બંદીજનોના માંગલિક સૂરોથી આનંદદાયક, તેમજ સજીવન અને ચિત્રિત હસ્તિ, અશ્વો, ગાયો, સિંહ, વાઘ....આદિ પશુઓથી સુશોભિત રાજમહેલના આંગણામાં પ્રવેશ કર્યો. દ્વારપાલની આજ્ઞા મેળવીને રાજમહેલની મધ્યમાં ગયો. ત્યાં મેરૂના શિખર પર રહેલા સૂર્યની જેમ રમણીય એવા સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા, અનેક રાજપુત્રોથી સેવાતા, દેવેન્દ્ર સમાન સુંદર રૂપવાન્ પુણ્યશાળી પિતામહને જોઈને પ્રણામ કર્યા. સુવર્ણની શૃંખલાથી બાંધેલા મનોહર ઘેટાને જોઈને સ્વયં વસુદેવે પૂછ્યું : 'અહો બ્રાહ્મણ, આવો શ્રેષ્ઠ ઘેટો કોનો છે ? શા માટે અહીં લાવ્યો છે ?' તેણે કહ્યું : 'રાજન્, આ ઘેટો મારો છે. હું આપને બતાવવા માટે લાવ્યો છું. આની સાથે બીજા ઘેટાઓએ અનેક વખત સંગ્રામો કર્યા છતાં આ ઘેટો સર્વ કરતાં બલવાન હોવાથી, બધાને પરાજિત કર્યા છે. આપે કલાવાન્ અને બલવાન એવા મોટા મોટા ઘેટાનાં યુદ્ધો જોયા હશે. આપ તો ઘેટાયુદ્ધમાં કુશલ છો. તો એક વખત મારા આ ઘેટાનું યુદ્ધ જુઓ.' વસુદેવે કહ્યું : 'જો તારો ઘેટો દુર્જય હોય તો મારા જાનુની સાથે યુદ્ધ કરાવ. જો મારા જાનુ (ઢીંચણ) ને આ ઘેટો મસળી નાંખે તો હું જાણું કે તારો ઘેટો બધાથી અધિક બલવાન છે.' વસુદેવનું કથન સાંભળીને શક્તિશાળી બ્રાહ્મણે (પ્રદ્યુમ્ને) કહ્યું : 'નાથ, આપે કહ્યું તે બરાબર છે. મારા ઘેટાનું યુદ્ધ કરાવું પરંતુ આપ આ બધા માણસોને પૂજનીય છો. અતિવલ્લભ છો. તો ઘેટાને આપની પાસે ખેલવા માટે છૂટો મૂકીશ અને તે આપને જમીન ઉપર પછાડી દેશે તો આપના આ બધા સ્વજનો મને અને મારા ઘેટાને તીક્ષ્ણ બાણોના પ્રહારથી મારી નાખશે.' બ્રાહ્મણના આવા ગર્વિષ્ઠ વચન

સાંભળીને ક્રોધાતુર બનેલા સ્વામીભક્ત યાદવોએ કહ્યું : 'અરે, તું કોઈ વિદેશી લાગે છે. તારી સામે આ કોણ છે, તું જાણે છે ? મહાબળવાન વસુદેવ છે. એ કાંઇ એવા નિર્માલ્ય નથી કે તારો આ દુષ્ટ ઘેટો તેમને જમીન પર પછાડી દે. તેઓએ તો ઘણાં ઘણાં ઘેટાયુદ્ધો પણ ખેલ્યાં છે. બધામાં તે વિજયી બન્યા છે. માટે તારો બકવાસ બંધ કર.' ત્યારે વસુદેવે કહ્યું : 'તું શોક ના કર. મને પછાડશે તેની ચિંતા તારે કરવાની જરૂર નથી. કદાચ મને પછાડશે તો એમાં તારો કોઈ દોષ ગણશે નહીં.' ત્યારે 'તમે બધા સાક્ષી છો ને ?' એમ કહીને બ્રાહ્મણે કૃષ્ણના પિતા અને પોતાના દાદા વસુદેવના ઢીંચણ તરફ ઘેટાને છૂટો મૂક્યો. પોતાના પરાક્રમથી ઘેટો વસુદેવના ઢીંચણની સાથે એવો અથડાયો કે વસુદેવને ઘણી પીડા થઈ. તેનાથી મૂર્છિત થઇને ભૂમિ ઉપર પડી ગયા. હાહારવ કરતા સર્વે યાદવોએ પાસે આવીને અનેક પ્રકારના ઉપચારો શરૂ કર્યા. ઘણા ઘણા ઉપચારોથી વસુદેવ કંઇક સ્વસ્થ થયા. આ પ્રમાણે કૃષ્ણના પિતા વસુદેવની પણ માનહાનિ કરીને પ્રદ્યુમ્ન ત્યાંથી રવાના થઇ ગયો.

बहिः स मेषमादाय, निर्गतः पर्यटन् पुरे । अतुच्छैरुत्सवैर्युक्तं निकेतनं ददर्श सः ।५८।
अभ्रंलिहपताकाढयं, चारुवंदनमालिकं । तत्समालोक्य विद्यां सो-ऽप्राक्षीत्कस्यायमालयः।५९।
सा जगाद विभो सत्य-भामाया अयमालयः । भानुनाम्नस्तनूजस्य, विवाहकृतमंगलः ।६०।
तदा तेन कृतं रूपं, स्थविरस्य द्विजन्मनः । चतुर्दशमहाविद्या-सूत्रार्थपारगामिनः ।६१।
उच्चरन् वदनाद्वेदान्, विप्रकर्तव्यकारकः । भोजनप्रार्थनव्याजात्, सत्यभामागृहं ययौ ।६२।
यावत्तत्र प्रविष्टोऽसौ, तावत्तेन समीक्षिता । प्रथमं कुब्जिका दासी, हासीकृतावनीनरा ।६३।
तां वीक्ष्य तादृशीं तस्याः, पृष्टे सरलता कृता । विस्मयप्रविधानाय, विप्रेण तेन विद्यया ।६४।
कृतज्ञा साप्यभाषिष्ट, किमर्थं नाथ गम्यते । स आचख्यावहं यामि, भोजनप्रापणेच्छया ।६५।
सोचे तद्दापयिष्यामि, सत्यभामानिकेतनात् । इत्युक्त्वा द्वारि तं मुक्त्वा, धाममध्यमुपागता ।।
रम्यरुपवतीं दृष्ट्वा, भामाऽभाषिष्ट तां प्रति । केन त्वमीदृशी दृश्या, कृता कुब्जत्वनाशनात् ।।
सावोचत्स्वामिनि! क्ष्मायां, परोपकारकारिणा । एकेन वाडवेनाहं, पटीयसी विनिर्मिता ।६८।
सत्या जगौ तदा दासि, द्रुतं तं मे प्रदर्शय । परोपकारिणं विप्रं, पूजनीयं जगज्जनैः ।६९।
आज्ञां श्रुत्वेति स्वामिन्याः,सापि प्रावेशयद् द्रुतं । इति प्रोक्ते समानीतस्तस्याः पार्श्वे स वाडवः ।।
अस्तु स्वस्ति हरेः कांते, कांतेक्षणविराजिते । चिरं पतिमनःप्रीतिकारिके दुःख दारिके।।७०।
एवं आशीर्वचो दत्त्वा, सत्यासमर्पितासने । निःशंकं वाडवोऽतिष्ठद्विद्यावान् हि भयोज्झितः ।।
तं दृष्ट्वा मृष्टवाक्येन, साऽभाषिष्ट द्विजोत्तम ! मदीयमधिकं रूपं, कुरुष्व कृपया विभो ! ।।
मायाद्विजो जगौ देवि, यादृग्रूपं तवेक्ष्यते । तादृक्षमपरस्त्रीणां, वीक्षितं नास्ति कुत्रचित् ।७३।
भामाऽभाषत भूदेव !, त्वादृशो ब्राह्मणो मया । अद्यप्रभृति दृष्टो न, सत्यवादी हितंकरः ।७४।
ततो जल्पसि सत्यं त्वं, किंतु रुपेण रुक्मिणी । मानयत्यच्युतः प्रोच्चैस्ततोऽपि मेऽधिकं कुरु ।।
हसित्वेषत्तदा विप्रः, प्राह तां मातृमत्सरां । रुक्मिण्यधिकरूपेच्छा, वर्त्तते यदि ते हृदि ।७६।

भव त्वं सर्वथा तर्हि, कुरूपा च पुरो मम । यथा विद्याप्रयोगो मे, लगेद्रूपाधिकत्वकृत् ।७७।
सा जगादार्थिनी स्वामिन् ! , रक्ष्यं गोप्यं न मत्पुरः । विधाय करुणां प्रौढां, तं विधिं मे प्रदर्शय ।।
स प्रोचे कथयिष्यामि, तत्त्वं न प्रकरिष्यसि । साऽवोचत्प्रकरिष्याम्य–वश्यं सद्रूपलिप्सया ।७९।
स प्राह परिधेहि त्वं, जीर्णस्यूतं तदांबरं । मस्तकं मुंडितं कृत्वा, मष्यालिपाऽखिलं वपुः ।८०।
तिष्ठ त्वं मत्पुरो भद्रे, यथा मंत्रं ददाम्यहं । तेनेत्युक्ते तया चक्रे, विधिः सर्वोऽपि भाषितः ।८१।
कृत्वा तदुदितं याव–द्विधिं सा संस्थिता पुरः । रुडुंबडुंमिति मंत्र–स्तावत्तेन समर्पितः ।८२।
कुलदेव्याः पुरो मंत्रो, जपनीयोऽयमद्भुतः । कथयित्वेति विप्रोऽवक्, क्षुधया पीडितोऽस्म्यहं ।।
ततो मां भोजय त्वं य–द्विवाहो वर्ततेऽत्र च । क्षुन्मे शामयितुं शक्या, न विवाहगृहं विना ।८४।
क्षुधाकुलं वचः श्रुत्वा, हसितं सत्यभामया । वाडवः प्राह किं त्वं न, भोजनं दातुमिच्छसि ।८५।
भोजने प्रार्थ्यमानेऽपि, त्वयका हसितं यतः । इत्युक्ते मिलितास्तत्र, विप्राः प्रोचुर्जडोऽसि किं ।।
हास्येन सत्यभामाया, विषादं विदधासि यत् । भूरिभाग्योदयस्तस्य, येन सार्धं हसत्यसौ ।८७।
हसिता तव यद्येषा, भोजनं याचितं कथं । दशग्रामांगनावाजि–हस्त्यादि किं न याचितं ।८८।
अद्यापि स्वर्णमाणिक्य–रूप्यद्रव्यादिकान्यपि । याचस्व पट्टकूलानि, वराणि वसनानि च ।८९।
अथवा यादृशं भाग्यं, स्यात्प्रार्थनापि तादृशी । अत्र नास्ति भवद्दोषः, किंतु कर्मण एव सः ।९०।
स जगाद न मूर्खोऽहं, यूयमेवाविशारदाः । फलं भोजनमेवादौ, वस्तुन्युपार्जितेऽखिले ।९१।
शुद्धविप्रकुलाचारा–राधको यो भवेद् द्विजः । स तु भोजनमेवादौ, याचते यजमानतः ।९२।
आचारस्यैव विप्रस्य, भवेत्तस्य प्रयोजनं । अतो भोजनमात्रेण, तृप्तिर्मम प्रवर्त्तते ।९३।
यद्येषा कृपणा न स्या–दस्याश्च धनसंभवः । दीयतां भोजनं तर्हि, पुत्रमंगलवांच्छया ।९४।
मम यद्भोजनं दत्तं, सकलं तन्मुधा गतं । स्त्रीणां तुच्छस्वभावेन, नेति ज्ञेयं त्वया हृदि ।९५।
वर्त्तेऽहमपि भूदेवो, यादृशस्तादृशो न हि । भोजिते मयि निःशेषं, भुवनं भोजितं त्वया ।९६।
ततो मां शुचिभावेन, भोजयाशु क्षुधातुरं । गृहस्थानां हि दानेन, शुद्धिर्भवति निश्चयात् ।९७।
संतुष्टा वचसा तस्य, कृष्णाग्रमहिषी जगौ । भोजयध्वममुं यूयं, भो भक्तकारका नराः ।९८।
शास्त्रज्ञानेन रूपेण, विप्राचारेण बुद्धिभिः । दृश्यतेऽयं समीचीनो, भोजनं दीयतां ततः ।९९।
विप्रमप्यब्रवीद्देवी, भुंजते यत्र वाडवाः । गत्वा महानसे तत्र, भुंक्ष्व त्वमपि लीलया ।७००।
विप्रवेषोऽवदत्तूर्ण–मेभिर्द्विजातिभिः समं । भोजनं यन्ममादिष्टं, किमहं तत्समो मतः ।१।
ते हि पाखंडिनो विप्रा, विप्रनाम्नश्च धारिणः । वेदशास्त्रपरिभ्रष्टा, दुष्टाचारस्य सेविनः ।२।
एतैः सह न भोक्ष्येऽहं, कलत्रादिनियंत्रितैः । विषयैः परलोकस्य, साधनोपायवर्जितैः ।३।
यदि भोजनदानेच्छा, भवेत्त्वदीयचेतसि । तर्ह्येतेभ्यः पृथग्देय–मशनं पुनरासनं ।४।
त एव ब्राह्मणा ज्ञेया–स्तारणे तरणे क्षमाः । कषायविषया येषां, विद्यंते न कदाचन ।५।

अमीषां नाममात्रेण, ब्राह्मणत्वं प्रवर्त्तते । नाम्नः प्रयोजनं नास्ति, तद्वेदोक्तक्रियाकृतेः ।६।
अहं वेदविदां मुख्यो, ब्रह्मक्रियाविधायकः । भक्तानां च सदा सौख्य–दायको द्विजनायकः ।७।
मयि भोजनमादान–मेकशोऽपि सुभावतः । वंशवृद्धिकरं ज्ञेयं, शतशाखाप्रसारतः ।८।
कोटिशोऽन्यद्विजातीनां, स्याद्भोजनेन यत्फलं ।
भविष्यत्यधिकं तस्मा–देकस्मिन् भोजिते मयि ।९।
हसित्वा तस्य वाक्येन, सत्यभामा जगौ द्विजान् ।
आचारी वेदशास्त्रज्ञो, भोज्य एष विशेषतः ।१०।
स्वस्वामिन्या वचोयोगा–त्प्राहुस्ते कृत्रिमं द्विजं । चरणौ भोजनार्थत्वं,प्रक्षालयाविलंबतः ।११।
तैरित्युक्ते स विप्रस्य, वृद्धस्याभूद्यदासनं । तदारुह्य द्रुतं पादौ, क्षालयामास वारिभिः ।१२।
तदा परे द्विजाः प्रोचु–स्तं रे विवेकवर्जितः । लघुर्वृद्धासने नैव, तिष्ठेन्नेत्यपि वेत्सि किं ।१३।
स प्रजजल्प वृद्धाः के, लघवः के च पुरुषाः । वयसा वार्धकं नास्ति, गुणैरेव समस्ति तत् ।१४।
यस्मिन् गुणा भवेयुः स, वृद्ध एव लघुरपि । यस्मिंस्त एव नो रम्याः, स वृद्धोऽपि लघुः पुनः ।।
केचिद् वृद्धा जगुर्विप्रा, किमेतेनाविवेकिना । सार्धं कार्यो विवादश्च, गर्वसंपूर्णचेतसा ।१६।
उच्यमाने द्विजैरेवं, प्रक्षाल्य सहसा क्रमौ । सोऽवगणय्य निःशेषा–न्निविष्टो ज्येष्टविष्टरे ।१७।
तदा ते च क्रुधाध्माता, द्विजन्मानो बभाषिरे । स्थास्यामो न वयं भोक्तु–मत्रैतेन दुरात्मना ।।
अत्रैवैनं शठं मुक्त्वा, गत्वा द्वितीयमालयं । वयं भोक्ष्यामहे नूनं, नानेन सर्वथा पुनः ।१९।
इत्युक्त्वा वाडवा सर्वे, यावद्यांति गृहांतरं । अग्रतस्तेन गत्वाशु, तत्रापि पूर्ववत्कृतं ।२०।
निरीक्ष्य सत्यभामापि, तमेवं कलिकारकं । ब्राह्मणा अपि संजाता, अनल्पकोपपूरिताः ।२१।
तदा ते प्रोचुरन्योन्यं, सर्वाविज्ञाविधायकः । मार्यतामयमात्मीय–वेदशास्त्रविडंबकः ।२२।
सर्वेऽपि ते मिलित्वोचु–र्वेदज्ञानविलोपकः । मार्यते दूषणं तर्हि, शास्त्रेऽपि न निरुपितं ।२३।
इत्यालापान् प्रकुर्वाणान्, ज्ञात्वा तान् विप्रवेषभाक् ।
प्रोचे के वेदशास्त्रज्ञा, युष्मासु संति वाडवाः ।२४।
तेषां पृच्छामि वेदार्थान् यज्ञहोमप्रदर्शिन । वेदशास्त्रोदितं कर्म, किं कुर्वंत्यथवा न हि ।२५।
शास्त्रत्वेन प्रमाणं न वेदास्ते तत्ववेदिनां । अश्वच्छागादिजंतूनां, यत्र हिंसा प्ररुपिता ।२६।
तच्छास्त्रं शस्त्रमेवोक्तं, येन हिंसा निगद्यते । ब्राह्मणास्तेऽपि चांडालाः, साः च यैरुपदिश्यते ।।
जीवानां घाततो धर्मः, कुत्रापि न निरुपितः । युष्माभिः स्मृतिवेदोक्त्याः, स एवादौ निगद्यते ।।
वेदोक्तोत्थापकं मत्वा, त्वं च ब्राह्मणनिंदकं । यावत्कोपाकुला हंतुं, समुद्यता द्विजातयः ।२९।
तेषामुपरि तेनाशु, विद्या तावदमुच्यत । मिथ एव तया चक्रु–र्वल्गनं कलहेन ते ।३०।
मुष्टिभिर्मारयामासु–र्वाडवा केऽपि मूर्धनि । केचित्कटीप्रदेशेषु, कूर्परेषु च केचन ।३१।

ताडयामासुरेके च, केषांचिद् हृदयेषु च । केऽपि नेत्रेषु कर्णेषु, केऽपि करक्रमेष्वपि ।३२।
कुर्वंति लुण्ठनं भूमौ, केचिद्गृहीतकुंतलाः । प्रहारं ददते केचि–च्चरणेन गरीयसा ।३३।
क्लेशं तेषां मिथो ज्ञात्वा, सत्यभामाऽवदच्च तान् ।
कुप्यथ भो कथं विप्रा, भोजयिष्याम्यहं समान् ।३४।
एकाक्याप्युच्छलद्विप्र–वेषधारी कुतूहलात् । वाडवान् कुट्टयामास, लेष्टुभिर्लकुटादिभिः ।३५।
हास्याकुला स्थिता ताव–त्सत्यभामा द्विजं जगौ । एतैस्त्वमपि जरधध्वं, कलहं कुरुषे कथं? ।।
एकाकिनोऽपि संजाता, न तवोदरपूरणा । यथेच्छं भोजनं कुर्या, माकार्षीः कलहं द्विजैः ।।
प्रजजल्प तदा विप्रः, सत्यभामे मया हृदि । ज्ञातं त्वच्चेष्टितं सर्वं, स्त्रीजन्मपरिकल्पितं ।३८।
विप्रा आकारिता एव, भोज्यंते त्रपया त्वया । अनाकारित एकोऽपि, निर्वोढुं शक्यते न हि ।।
कर्णजापं ततः कृत्वा, त्वयैव प्रेरिता द्विजाः । मत्सरोपचिता हंतुं, मामेकाकिनमागताः ।४०।
आचारवर्जितैरेतैः, कुक्षिंभरिभिरुद्धतैः । वराकैः शुद्धविप्रोऽहं, निहन्ये कथमन्यथा ।४१।
केशवस्यादिमा रामा, प्रोचे यो येन मारितः । तदीक्षितं मया दृष्ट्या, मौनमाधाय भुंक्ष्व भोः ।।
कृत्रिमेन द्विजेनोक्तं, भोजयिष्यसि मां यदि । पूर्णं तद्भोजनं देयं, न पुनस्तालुमात्रकं ।४३।
स्मित्वा तया बभाषे चेद्, बुभुक्षा प्रचुरा तव । ममाग्रे तर्हि तिष्ठ त्वं, द्राक् परिवेषयाम्यहं ।।
इत्युक्त्वा तस्य विप्रस्य, सा जगाद स्वसेवकान् । भोजयंत्वमुमाकंठं, प्राज्यान्नपरिवेषणात् ।४५।
तैरप्यादरतस्तस्य, प्रदत्तं शुभमासनं । मंडितं जातरुपस्य, विशालं स्थालमुत्तमं ।४६।
प्रकांडतमकूष्मांड–पाकं फलान्यनेकधा । आनीय विविधान्नानि, ते तस्य पर्यवेषयन् ।४७।
सत्याऽवादीदहो विप्र, तव यत्परिवेषितं । तत्सर्वमपि पीयूष–मिवान्नं कुरु सत्वरं ।४८।
इत्युक्ते कवलैर्वृद्धैः, करीव स बुभुक्षितः । अभुंक्त सर्वमाहारं, सेवकैः परिवेषितं ।४९।
द्वितीयवारमप्युच्चै–र्विमुक्तं तस्य भक्षणं । तदप्यभुंक्त निःशेषं, किंचिदुद्धरितं न तु ।५०।
भुंक्ते यथा यथा विप्र–स्तथा तथा विनोदतः । आनीयानीय गेहेभ्य–स्तस्यान्नं पर्यवेषयन् ।।
परिवेषंति यावच्च, पक्वान्नं तस्य ते जनाः । भक्षणात्क्षणतस्तस्य, भवेत्तेषां कुतूहलं ।५२।
विधातुं भानुविवाहो–त्सवं या यादवांगनाः । समेतास्ता अपि प्राज्य–मन्नादि पर्यवेषयन् ।।
क्रीडया ये पुमांसश्च, कामिन्यो या हसान्विताः । मुंचंति तत्पुरो यद्य–त्तत्तत्स भक्षयेत्क्षणात् ।।
कौतुकेन ततः काश्चिद्, घृतपूरान्मनोहरान् । खर्जकान् काश्चन प्राज्यान्, मोदकांश्च प्रमोदकान् ।।
कांश्चित्पूपान् लसद्रपान्, भक्तयुक्तांश्च कांश्चन । गुडान् खंडानखंडांश्च वटकांल्लपनश्रियः ।५६।
काश्चिद्दधीनि दुग्धानि, तैलान्याज्यानि काश्चन । गोधूमांश्चणकान्माषा–न्मुद्गान्मसूरिकानपि।।
पक्वं धान्यमपक्वं वा, लसत्पेयमपेयकं । हृद्यं खाद्यमखाद्यं वा, स्वाद्यमस्वाद्यमुच्चकैः ।५९।
निष्पन्नं द्रागनिष्पन्नं, मनोज्ञममनोज्ञकं । मनुष्यगजगोवाजि–महिष्यर्थं समाहृतं ।६०।
भांडेषु प्रौढकुंडेषु, महानसेषु सद्मसु । तस्येति मुमुचुस्ते यत्, तत्सर्वं तेन भक्षितं ।६१।

साधायित्वा यथा वीरा–सनं भुंक्ते नरोऽखिलं । तथायमपि निःशेषं, मुक्तमभुंक्त निर्व्यथं ।६२।
कोलाहलो महानासीत्, सत्यभामानिकेतने । अहो ब्राह्मणरूपेण, प्रेतोऽयमस्ति कश्चन ।६३।
विवाहाय कृतं चान्य–दप्यन्नं गृहसंस्थितं । परिवेषितमेतस्य, जग्धं तत्सर्वमप्यहो ।६४।
नितंबं स्तनयुग्मं च, घर्षंत्यो योषितस्तदा । तं समालोकितुं हास्या–दौत्सुक्येन समागताः ।६५।
तदा च सोऽवदद्वैरे, जनाः कथं समागताः । कृपणाः किममू कांता, दीयतां मम भोजनं ।६६।
कोष्टागारे गृहे पात्रे, यद्धान्यं भवतां भवेत् । तत्समस्तं समानीया–कंठं कथं न दीयते ।६७।
वर्तसे सत्यभामे त्वं, यद्यप्यच्युतकामिनी । तथापि भोजनं पूर्णं, कथं न प्रददासि मे ।६८।
तेनेत्युक्ते हसंत्येके, केचिद्विचारमादधुः । सत्यभामापि चिंताब्धि–पतिता व्याकुलाऽभवत् ।६९।
पुनरप्यब्रवीद्विप्रः सत्यभामे त्वया यदि । अहं संपूर्णमेकोऽपि, न भोज्ये कृपणत्वतः ।७०।
तवान्नं तर्हि नो भोक्ष्ये, द्रुतं प्रतिगृहाण तत् । इत्युक्त्वावमदन्नं स, समस्तमपि तत्पुरः ।७१।
अंगणं पूरयामास, तेनासौ विप्ररुपभाक् । आहस्तं सत्यभामा तु, निमग्ना तत्र तत्क्षणात् ।७२।
समस्ता अपि भूदेवा, भोजनार्थं समागताः । न्यमज्जंस्तत्र कामिन्यो–ऽपि च भूरिविभूषणाः ।७३।
महानसं च वासौक–श्चंद्रशालोपकारिके । भांडागारं चित्रशालां, हस्तिशालां च मेदुरां ।७४।
भूषणानां च वस्त्राणां, स्थानानि, सर्वमालयं । संपूर्य वमनेनासौ, ययौ हृत्वाखिलं जलं ।७५।
विनिर्गत्य बहिश्चित्ते–ऽचिंतयच्चतुरस्त्वयं । अथात्रावस्थितिर्मामि–कीना समस्ति नोचिता ।७६।

વસુદેવના મહેલેથી નીકળીને આગળ ચાલતા ધજાપતાકાઓ તેમજ સુંદર મંડપ અને રંગોળીથી સુશોભિત એવા મહોત્સવવાળા મોટા પ્રાસાદ (મહેલ) ને જોઇને પ્રદ્યુમ્ને વિદ્યાને પૂછયું : 'આ કોનો મહેલ છે ?' વિદ્યાએ કહ્યું : 'સત્યભામાનો રાજમહેલ છે. હાલ ભાનુકુમારનો વિવાહ-મહોત્સવ ચાલે છે.' સાંભળીને પ્રદ્યુમ્ને ચૌદ મહાવિદ્યાના પારગામી એવા વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું. વેદોચ્ચારને કરતો બ્રાહ્મણ ભોજનના બ્હાને સત્યભામાના આવાસમાં ગયો. જેવો દ્વારમાં પ્રવેશ કર્યો ત્યાં હાંસીપાત્ર એવી કુબડી દાસીને જોઇ. તેને વિસ્મય પમાડવા માટે કુબડીની પીઠમાં હાથથી ધબ્બો મારીને, તેને સપ્રમાણ અને સુંદર રૂપવાળી બનાવી દીધી. પોતાનું સુંદર સ્વરૂપ જોઇને હર્ષિત થયેલી કૃતજ્ઞ દાસીએ પૂછયું : 'નાથ, આપ શા માટે પધાર્યા છો ?' બ્રાહ્મણે કહ્યું : 'હું ભોજન મેળવવા માટે આવ્યો છું.' દાસીએ કહ્યું : 'હું સત્યભામાના ઘેરથી તમને ભોજન અપાવીશ. આપ હમણાં અહીં ઊભા રહો.' એમ કહીને દાસી મહેલમાં સત્યભામાની પાસે ગઇ. સુંદર રૂપવતી દાસીને જોઇને આશ્ચર્ય પામેલી સત્યભામાએ કહ્યું : 'અરે કુબડી, તને કોણે આવી સુંદર બનાવી ? તારૂં કુબડાપણું આમ એકાએક કેવી રીતે ચાલ્યું ગયું ?' તેણે કહ્યું : 'સ્વામિની, અહીં નીચે એક પરોપકારી બ્રાહ્મણ આવ્યો છે. તેણે મને સારી સુંદર બનાવી.' સત્યભામાએ કહ્યુ : 'દાસી, જા, જલ્દી જા, તે પરોપકારી પુરુષને લઈ આવ અને મને દર્શન કરાવ. જગતમાં પરોપકારી પુરૂષો વિરલ હોય છે. તેનો અવશ્ય સત્કાર કરવો જોઇએ.' પોતાની સ્વામિનીની આજ્ઞા સાંભળીને દાસી દોડતી ગઈ અને બ્રાહ્મણને બોલાવી સત્યભામા પાસે લઇ આવી. 'સુંદર નેત્રવાળી, પતિના મનને ખુશ કરનારી, દુઃખને દૂર કરનારી એવી કૃષ્ણની પ્રાણપ્રિયા, આપનું કલ્યાણ થાઓ.' આ પ્રમાણે આશીર્વાદ આપીને સત્યભામાએ આપેલા આસન ઉપર નિઃશંક બની વિદ્યાવાન એવો

પ્રદ્યુમ્ન બ્રાહ્મણરૂપે નિર્ભય થઇને બેઠો. તેને જોઇને મધુર વાણીથી સત્યભામાએ કહ્યું : 'હે બ્રાહ્મણોત્તમ, આપ પરોપકારી છો. કરૂણાના સાગર છો. પ્રભુ, મારા પર કૃપા કરીને મારૂં અધિક સુંદર રૂપ બનાવો.' ત્યારે માયાવી બ્રાહ્મણે કહ્યું : 'દેવી, તમારા જેવું રૂપ મેં આજ દિન સુધી કોઇ બીજી સ્ત્રીઓમાં જોયું નથી.' પોતાના રૂપની પ્રશંસા સાંભળીને ભામાએ કહ્યું : 'ભૂદેવ, તમારા જેવા સત્યવાદી અને હિતકારી એવા બ્રાહ્મણને મેં ક્યાંય જોયા નથી. તેથી આપ કહો છો તે સાચી વાત છે. પરંતુ મારા કરતાં અધિક રૂપ રૂકિમણીનું છે. તેથી જ હું કહું છું કે મને રૂકિમણી કરતાં અધિક રૂપવતી બનાવો. જેથી કૃષ્ણ મને વધારે માન આપે.' ત્યારે પોતાની માતા પ્રત્યે ઈર્ષ્યા કરનારી એવી સત્યભામાને જાણી, હસીને બ્રાહ્મણે કહ્યું : 'દેવી, રૂકિમણી કરતાં અધિક રૂપની ઈચ્છા હોય તો પહેલા તમારે મારી આગળ કુરૂપ બનવું પડશે. કારણ કે વિદ્યાનો પ્રયોગ કુરૂપ ઉપર જ કરી શકાય.' સત્યભામાએ કહ્યું : 'સ્વામિન્, આપની આગળ મારે કંઇ છુપાવવા જેવું છે નહિ. માટે મારા ઉપર કરૂણા કરીને જે વિધિ કરવાની હોય તે બતાવો.' બ્રાહ્મણે કહ્યું : 'હું વિધિ બતાવીશ તે તું નહિ કરી શકે.' સુંદર રૂપની તીવ્ર ઈચ્છામાં ઘેલી બનેલી સત્યભામાએ કહ્યું : 'આપ જે કહેશો તે કરવા હું તૈયાર છું.' બ્રાહ્મણે કહ્યું : 'પહેલા તો જીર્ણશીર્ણ વસ્ત્ર પહેર. પછી મસ્તક મુંડાવી આખાયે શરીર પર મેશ લગાવી મારી આગળ બેસ. હું જે મંત્રજાપ આપું તેનો જાપ કર.' બ્રાહ્મણે બતાવેલી બધી વિધિ કરીને સત્યભામા તેની આગળ બેઠી. ત્યારે તેને 'રૂડું બંડુ, રૂડું બંડુ' નામનો જાપ આપ્યો. અને કહ્યું : 'હવે આ જાપ તારે કુલદેવી આગળ બેસીને કરવાનો. તેમાં તને ઘણા ઉપદ્રવો થશે, પરંતુ તન-મન સ્થિર કરીને જો જાપ કરીશ તો તારૂં દેવાંગનાને શરમાવે તેવું અદ્ભુત રૂપ થશે. પરંતુ તે પહેલાં મને ભોજન આપ. હું ખૂબ ભૂખ્યો થયો છું. અને મારી ભૂખ વિવાહના ઘર સિવાય શમી શકે તેવી નથી. તારે ત્યાં વિવાહ-પ્રસંગ છે એટલે મને બરાબર તૃપ્તિ થશે.' તેના ક્ષુધાકુલ વચન સાંભળીને સત્યભામાને હસવું આવ્યું. ત્યારે બ્રાહ્મણે કહ્યું : 'શું તું મને ભોજન આપવા ઈચ્છતી નથી? મેં ભોજન માટે પ્રાર્થના કરી ત્યારે તું હસવા લાગી.' એવામાં ત્યાં જમવા માટે આવેલા બીજા બધા બ્રાહ્મણોએ આવીને તેને કહ્યું : 'અરે, તું મૂર્ખ છે કે કોણ છે? સત્યભામાનું હસવું તને વિષાદ રૂપે લાગે છે? જેનો મહાન્ ભાગ્યનો ઉદય હોય તેની સાથે જ આ હસે. સત્યભામા તારા ઉપર આટલી બધી પ્રસન્ન છે તો નિર્ભાગી એવા તેં ભોજનની જ પ્રાર્થના કરી? પ્રસન્ન થયેલી આ મહાદેવી પાસે તો દશ-પંદર ગામ માગવા જોઇએ અથવા હાથી-ઘોડા, વસ્ત્ર-પાત્ર, સુવર્ણ-ચાંદી, મણિ-માણેક કે રત્નો માગવાં જોઇએ. ત્યારે તેં તો માગી માગીને ભોજન માગ્યું! કેવો મૂર્ખનો શિરદાર છે તું? ખેર, જેવું જેનું ભાગ્ય, તેવી તેની પ્રાર્થના! એમાં તારો કોઈ દોષ નથી. દોષ તો તારા કર્મનો જ કહેવાય.'

પ્રદ્યુમ્ને બ્રાહ્મણોને કહ્યું : 'મૂર્ખ હું નથી. મૂર્ખા તો તમે બધા છો. આ બધી વસ્તુ મેળવીને એનું ફળ શું? ફળ તો ભોજન જ છે! શુદ્ધ કુલાચારના આરાધક બ્રાહ્મણે યજમાન પાસે ભોજન સિવાય બીજી કોઇ યાચના કરવી જોઇએ નહીં. બ્રાહ્મણનો આચાર એ જ છે. મને ભોજન માત્રથી જ તૃપ્તિ છે. જો સત્યભામા કૃપણ ના હોય અને એની પાસે અખૂટ ધનભંડાર હોય તો પુત્રના મંગલ માટે મને ભોજન કરાવે. મને ભોજન કરાવેલું ફોગટ જશે નહીં. મનમાં સ્ત્રી સહજ તુચ્છ સ્વભાવ રાખીશ નહીં. હું જેવો તેવો બ્રાહ્મણ નથી. મને એકને જમાડીશ તો આખા જગતને જમાડયા જેટલું પુણ્ય મલશે. ગૃહસ્થોની શુદ્ધિ દાનથી જ થાય છે. અને અતિથિદાન એ તો ગૃહસ્થોની શોભા છે. માટે દેવી, પવિત્ર ભાવથી ક્ષુધાતુર એવા મને સારી રીતે ભોજન

કરાવ.' બ્રાહ્મણના વચનથી સંતુષ્ટ થયેલી સત્યભામાએ રસોઇઆઓને કહ્યું : 'આચાર-વિચાર, જ્ઞાન અને બુદ્ધિથી બધા બ્રાહ્મણો કરતાં આ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. તો તેમને સારી રીતે ભોજન કરાવો.' પછી બ્રાહ્મણને કહ્યુ : 'ભૂદેવ, આપ રસોડામાં પધારો. જ્યાં બધા બ્રાહ્મણો જમે છે, ત્યાં આપ શાંતિપૂર્વક ભોજન કરો.' તરત જ વિપ્રવેશધારી પ્રદ્યુમ્ને કહ્યું : 'હું આ દ્વિજાતિ બ્રાહ્મણો સાથે બેસીને ભોજન નહી કરૂં. શું હું આ દ્વિજાતિ બ્રાહ્મણો જેવો છું ? કે તું મને એમની સાથે ભોજન કરવાનું કહે છે. આ બ્રાહ્મણો તો પાખંડી છે. બ્રાહ્મણ નામધારી, વેદશાસ્ત્રથી ભ્રષ્ટ, દુરાચારી, પરસ્ત્રી સેવન કરનારા અને વિષય-કષાયમાં આસક્ત છે. એ લોકોને તો પરલોકના હિતની કંઇ પડી જ નથી. ખાઈ ખાઇને અલમસ્ત માતેલા સાંઢ જેવા છે. બ્રાહ્મણો તો એ જ કહેવાય કે જે વિષય-કષાયથી રહિત હોય, પોતે તરે અને બીજાને તારવા માટે સમર્થ હોય. વેદોક્ત ક્રિયાને નહિ કરનારા નામમાત્રના બ્રાહ્મણથી બ્રાહ્મણપણું આવી જતું નથી. અને હું તો વેદવિદ્યાનો જાણકાર, બ્રહ્મક્રિયાનો આરાધક અને ભક્તજનોને સદાય સુખ આપનારો શ્રેષ્ઠ બ્રાહ્મણ છું. મને સાચા ભાવથી એક વખત પણ ભોજન આપવામાં આવે તો સેંકડો પેઢી સુધી તેના વંશની વૃદ્ધિને કરનારૂં થાય. બીજા દ્વિજાતિય બ્રાહ્મણોને ક્રોડો વખત જમાડવાનું જે ફળ મળે, તેનાથી અધિક ફળ મને એકલાને જમાડવાથી મળે છે.' તેના કહેવાથી સંતુષ્ટ થયેલી સત્યભામાએ હસીને કહ્યું : 'આચાર-વિચાર અને વેદશાસ્ત્રના જ્ઞાતા આ બ્રાહ્મણ વિશેષ રૂપે ભોજન કરાવવા માટે યોગ્ય છે.' પોતાની સ્વામિનીના આદેશથી સેવકોએ દ્વિજરાજ (કૃત્રિમ બ્રાહ્મણ) ને કહ્યું : 'ચાલો, તમને ભોજન કરાવીએ. એ માટે પહેલાં તમારા ચરણ (પગ) પખાળીને આસન ઉપર પધારો.' સેવકો કહેતા રહ્યા અને બ્રાહ્મણ રૂપધારી પ્રદ્યુમ્ન સહુથી મોટા બ્રાહ્મણના આસન ઉપર ચઢીને, પોતાના પગ પાણીથી ધોવા લાગ્યો. ત્યારે બીજા બ્રાહ્મણો તેના પ્રત્યે તાડૂકીને બોલ્યા : 'અરે વિવેકહીન, તું આ શું કરી રહ્યો છે ? મોટાના આસન ઉપર નાનાના પગનો સ્પર્શ પણ થવો ના જોઇએ, તે શું તું નથી જાણતો ?' તે બોલ્યો : 'વૃદ્ધ કે લઘુ (નાના) ઉંમરથી નથી હોતા. ગુણોથી વૃદ્ધ હોય તે સાચા અર્થમાં વૃદ્ધ કહેવાય છે. જેનામાં રમ્યગુણો હોય તે ભલે નાનો હોય તો પણ તે વૃદ્ધ છે. અને ઉંમરમાં વૃદ્ધ હોય પરંતુ ગુણોનું મીંડુ હોય તો તેને લઘુ જ કહેવાય છે.' આ પ્રમાણે એકબીજા ચર્ચા કરી રહ્યા હતા ત્યારે કેટલાક વૃદ્ધ બ્રાહ્મણોએ પોતાના બ્રાહ્મણોને કહ્યુ : 'આવા અવિવેકી અને ઉદ્ધતની સાથે શા માટે વિવાદ કરવો જોઇએ ? મૂકો એનું નામ.' બ્રાહ્મણો બોલતા રહ્યા ને પ્રદ્યુમ્ન પગ ધોઇને બધાને અવગણી સહુથી મોટામાં મોટું આસન હતું એના ઉપર જઇને બેઠો. ત્યારે ક્રોધાતુર બનેલા બ્રાહ્મણોએ કહ્યું :

'આ દુરાત્મા-પાપીની સાથે અમે ભોજન કરવા નહિ બેસીએ. એને અહીં જ મૂકીને અમે બીજા સ્થળે જઇને ભોજન કરશું. આ શઠની સાથે તો હરગીજ નહીં બેસીએ.' આ પ્રમાણે કહીને બ્રાહ્મણો બીજા રૂમમાં ગયા ત્યારે બ્રાહ્મણ રૂપધારી પ્રદ્યુમ્ન તેઓની પહેલાં ત્યાં જઇને બેઠો અને બધાં આસનો પાણીથી ભીંજવી દીધાં. સત્યભામા પણ આ બ્રાહ્મણનું પરાક્રમ જોઇને સમજી ગઈ કે 'આ જ બ્રાહ્મણ ઝગડાખોર છે.' અત્યંત ક્રોધાતુર બનેલા બ્રાહ્મણો અરસ-પરસ કહેવા લાગ્યા : 'આ આપણા બધાની અવજ્ઞા કરનારો પાખંડી બ્રાહ્મણ છે. તો એને બરાબરનો મારો. વેદ-વિજ્ઞાનની હાંસી કરનારને મારવામાં કોઇ દૂષણ નથી.' આ પ્રમાણે આલાપ સંલાપ કરતા બ્રાહ્મણોને જાણીને બ્રાહ્મણ વેષધારી પ્રદ્યુમ્ને કહ્યું : 'ઓ ભામટાઓ, તમારામાં વેદશાસ્ત્રનો જાણકાર કોણ કોણ છે ? હોમ બતાવનારા વેદના અર્થોને હું પૂછુ છું : તમે વેદશાસ્ત્રમાં કહેલું કાર્ય કરો છો કે નહીં ? જે શાસ્ત્રોમાં અશ્વ અને બોકડા આદિની હિંસાનું પ્રરૂપણ હોય તે

શાસ્ત્રો (વેદો)ને તત્ત્વજ્ઞાનીઓ શાસ્ત્રરૂપે પ્રમાણરૂપ માનતા નથી. જેમાં હિંસાનું નિરૂપણ હોય તે શાસ્ત્ર એ શાસ્ત્ર નથી, પરંતુ શસ્ત્ર છે. હિંસાનું પ્રરૂપણ કરનારા બ્રાહ્મણો એ બ્રાહ્મણ નથી, પરંતુ ચંડાળ છે. જીવોની હિંસાથી ધર્મ થાય છે એવું કોઈ પણ શાસ્ત્રમાં બતાવ્યું નથી. તમારા જ મનુસ્મૃતિ, વેદ રહસ્ય વિગેરે શાસ્ત્રોમાં પણ એ પ્રમાણે જ કહ્યુ છે.' આ પ્રમાણે તેને વેદ અને બ્રાહ્મણોનો નિંદક માનીને ક્રોધાતુર બનેલા દ્વિજાતિય બ્રાહ્મણો તેને મારવા માટે દોડ્યા. ત્યારે બ્રાહ્મણ વેષધારી પ્રદ્યુમ્ને તેઓના ઉપર વિદ્યા મૂકી, જેથી તે લોકો અરસપરસ એક બીજાની સાથે ઝગડો અને મારામારી કરવા લાગ્યા. કોઈ મુઠીઓથી, લાકડીથી, પત્થરથી એક બીજાના માથા ઉપર, કમર ઉપર, છાતી ઉપર, અને હાથ–પગ ઉપર ઘા કરવા લાગ્યા. એક બીજાના માથાના વાળ, પગ, હાથ અને વસ્ત્રો ખેંચવા લાગ્યા. આ પ્રમાણે અરસપરસ ઝગડો કરતા અને મારંમારી કરતા બ્રાહ્મણોને જોઇને સત્યભામા બોલી : 'હે વિપ્રો, તમે શા માટે આમ ઝગડા કરો છો અને મારામારી કરો છો? હું તમને બધાને જમાડીશ. આ રીતે તમાસો કરો તે સારૂં ના કહેવાય.' ત્યારે તે વેષધારી બ્રાહ્મણ કુતૂહલથી ઉછળી ઉછળીને બીજા બ્રાહ્મણોને લાકડી–ઢેફા આદિથી કૂટવા લાગ્યો. મારફૂટ કરતા તેને જોઈ હાસ્યાકુલ બનેલી સત્યભામાએ કહ્યું : 'હે બ્રાહ્મણશ્રેષ્ઠ, તમે આ લોકોની સાથે શા માટે ઝગડો છો ? તમે એકલા છો, તો શું તમારી ક્ષુધા શાંત નહીં થાય ? તમારી ઇચ્છા મુજબ ભોજન કરી લ્યો. આપને શા માટે કલહ કરવો જોઇએ ?' ત્યારે બ્રાહ્મણે કહ્યુ : 'સત્યભામા, મેં તારી દાનત જાણી લીધી. આ બધાને તો તેં નિમંત્રણ આપીને બોલાવ્યા છે, તો એ લોકોને તારે જમાડવાના લાગે છે. હું એક વિના આમંત્રણે આવ્યો છું એટલે મને જમાડવાની તારી મરજી લાગતી નથી. એથી જ તેં આ લોકોના કાનમાં વાત કરીને, તેમને બોલાવી મને મારવા માટે પ્રેરણા કરી લાગે છે. નહીંતર આચારહીન, પેટભરા અને ઉદ્ધત એવા આ શંકડાઓ શુદ્ધ બ્રાહ્મણ એવા મને મારવા માટે કેમ આવી શકે ?' ત્યારે સત્યભામાએ કહ્યુ : 'કોને કોણે માર્યા છે, એ તો મેં મારી સગી આંખે જોયું છે. તો હવે તમે મૌન ધારણ કરીને ભોજન કરી લ્યો.' ત્યારે કૃત્રિમ બ્રાહ્મણે કહ્યું : 'જો મને ભોજન કરાવવું જ હોય તો સંપૂર્ણ ભોજન આપજે. તાલવું ચાટે એટલું ના આપીશ.' ત્યારે હસીને સત્યભામાએ કહ્યું : 'તમને ઘણી ભૂખ લાગી છે તો તમે મારી આગળ બેસો. હું જ તમને પીરસીશ.'

આ પ્રમાણે કહીને પોતાના સેવકોને કહ્યું : 'આમને સારા સારા પકવાન્ન વિગેરે પીરસીને આકંઠ ભોજન કરાવવાનું છે.' સેવકોએ પણ કૃત્રિમ બ્રાહ્મણને આદરપૂર્વક સુંદર આસન ઉપર બેસાડ્યા, અને સુવર્ણના વિશાલ થાલમાં, કુષ્માંડપાક, ઘેબર, લાપસી આદિ શ્રેષ્ઠ પકવાનો લાવીને પીરસ્યાં. સત્યભામાએ કહ્યું : 'હે દ્વિજોત્તમ, આ બધુ પીરસાઇ ગયું છે. તેને અમૃત માનીને હવે ભોજનની શરૂઆત કરો.' ત્યારે બ્રાહ્મણ ભૂખમરામાંથી આવ્યો હોય તેમ હાથીની જેમ મોટા મોટા કોળીયા કરીને સેવકોએ પીરસેલો સર્વ આહાર ક્ષણમાત્રમાં આરોગી ગયો. બીજી વખત એટલું જ પીરસ્યુ તે પણ બધું ખાઇ ગયો. જરાયે બાકી રાખ્યુ નહીં. ત્યારબાદ ઘરમાં જેટલા પકવાન હતાં તે બધાં લાવી લાવીને સેવકો પીરસતા જાય છે અને એ બ્રાહ્મણ ખાતો જાય છે. જેટલી પાકી રસોઇ હતી તે બધી જ પીરસાઈ ગઇ અને તે બધી આરોગી ગયો. ત્યારે વિવાહ પ્રસંગે આવેલા સ્વજન સ્નેહીઓ કુંટુબીજનો તેમજ આડોશ–પાડોશવાળા બધા લોકો કુતૂહલથી જોવા માટે આવ્યા. એ લોકો પણ હાથમાં જે આવ્યું તે જેમ જેમ પીરસતા ગયા તેમ તેમ આ બ્રાહ્મણ ખાતો ગયો. ઘેબર, ખાજા, મોદકો, પુરી, બરફી, પેંડા, વડા, લાપસી આદિ જેટલાં પકવાન્ન અને રાંધેલી રસોઈ હતી, તે બધી પીરસી. તે બધી આરોગી ગયો. રાંધેલી રસોઈ

ખલાસ થઈ જવાથી, ગોળ, ઘી, તેલ, ખાંડ, દૂધ, દહી, ઘઉં, ચોખા, અડદ, મગ, ચણા, મસૂર, તુવેર આદિ પાકાં અને કાચાં ખાદ્ય, અને અખાદ્ય સ્વાદિષ્ટ કે અસ્વાદિષ્ટ જે કાંઈ માનવને ખાવા લાયક હતું તે બધું ખાઈ ગયો. ત્યાર પછી હાથી, ઘોડા, ગાય અને ભેંસોના માટે બનાવેલું ભોજન પીરસ્યું તે પણ ખાઈ ગયો ! રસોડામાં અથવા કોઠારમાં નાના મોટા બધાં વાસણો ખાલીખમ થઈ ગયાં. એક પણ દાણો બચ્યો નહી. ત્યાર પછી સત્યભામાના મહેલમાં રહેલા કુવા તળાવ, વાવ આદિનું બધું પાણી પણ પી ગયો. ઘરમાં પાણીનું એક બુંદ પણ બાકી રાખ્યું નહી. જેમ પુરૂષ વીરાસનને સાધીને સમસ્ત પૃથ્વીને ભોગવે તેમ સત્યભામાના સ્વજનો અને પરીજનોએ જે જે મૂક્યું તે તે બધુ હજમ કરી ગયો. લોકોમાં કોલાહલ થયો કે 'અરે, સત્યભામાના ત્યાં બ્રાહ્મણરૂપે કોઇ પ્રેત આવ્યો છે. તે વિવાહના માટે લાવેલા અન્નપાણી, પકવાન આદિ જેટલુ પીરસ્યું તે બધું ખાઇ ગયો. ચાલો ચાલો જોઇએ તો ખરા.' એ પ્રમાણે લોકોનાં ટોળે ટોળાં અને વિશેષ તો સ્ત્રીઓ પેટ દાબીને હસતી હસતી જોવા માટે આવી. મોટા બાજોઠ ઉપર પલાંઠી વાળીને બેઠેલા બ્રાહ્મણને જોઈને, બધા હસવા લાગ્યા. ત્યારે બ્રાહ્મણે કહ્યું : 'અરે માણસો, તમો હસો છો કેમ ? આ બધી સ્ત્રીઓ કૃપણ છે. ઉભી શું રહી છો ? મને ભોજન તો કરાવો. કોઠાર, ઘર કે વાસણોમાં જે કાંઈ હોય તે લાવીને મને આકંઠ ભોજન કરાવો.' સત્યભામાને કહ્યું : 'સત્યભામા, તું કૃષ્ણની અગ્રમહિષી હોવા છતાં મને પૂર્ણ ભોજન કરાવી ન શકી ? મારા પેટનો એક ખૂણો પણ હજુ ભરાયો નથી ' ત્યારે ત્યાં રહેલા બધા લોકો હસવા લાગ્યા. સત્યભામા પણ ચિંતારૂપી સમુદ્રમાં ડુબી ગઈ. વ્યાકુળ બની ગઇ. ફરીથી બ્રાહ્મણ બોલ્યો : 'સત્યભામા, તું કેટલી કૃપણ છે ? મારા જેવા એકને પણ તું પુરતું ભોજન કરાવી શકતી નથી. તારી કૃપણતાની તો કંઈ હદ છે ? ખેર, તારે ભોજન ના કરાવવું હોય તો કંઈ નહી, લે તારૂં અન્ન પાછું.' એમ કહીને તેણે સત્યભામાની સામે વમન (ઉલ્ટી) કર્યું. હસતો જાય અને વમન કરતો જાય. એટલી ઉલ્ટી કરી કે તેનું આંગણું આખું ભરાઇ ગયું. સત્યભામા તેમજ ભોજન માટે આવેલા બ્રાહ્મણો, સારા વસ્ત્ર, આભૂષણો પહેરેલી સ્ત્રીઓ વગેરે તેની ઉલ્ટીમાં ડુબવા લાગી. રસોડા, શય્યાગૃહ, અગાસીઓ, ઝરૂખા, ભાંડાગાર, ચિત્રશાળા, હસ્તિશાળા તેમજ વસ્ત્ર-આભૂષણો મૂકવાના સ્થાનો.... વગેરે અને આખો રાજમહેલ વમનથી ભરી દીધો. તેમજ થોડું ઘણું પાણી બચ્યું હશે તે પણ વિદ્યાશક્તિથી હરીને બહાર નીકળી ગયો. મનમાં વિચાર્યું કે 'હવે અહીં ઉભા રહેવું તે યોગ્ય નથી.' એમ વિચારીને બ્રાહ્મણરૂપે પ્રદ્યુમ્ન ત્યાંથી રવાના થઇ ગયો.

**विचार्येति ततोऽगच्छ–द्यदा तदैव वर्त्मनि । प्राज्योत्सवजनोपेतं, स ददर्श निकेतनं ।७७।**

**मत्तंगजहयद्वीपि–व्याघ्रकेशरिशालया । विराजितं गृहं दृष्ट्वा, विद्यां सोऽपृच्छदादरात् ।७८।**

**एतत्कस्य गृहं स्नेह–संपादकं प्रवर्त्तते । साप्यवोचदिदं गेहं, रुक्मिण्या मातुरस्ति ते ।७९।**

**तदाकर्ण्य कृतं तेन, रूपं बालतपस्विनः । दंतुरं कृशतायुक्तं, विरूपं भीषणाकृति ।८०।**

**लक्षणै रहितः शुष्क–कायो दुर्गंधवक्त्रभृत् । कृष्णदंतः पुनर्लंब–ग्रीवः संकुचिताननः ।८१।**

**दीर्घांहिर्ह्स्वपाणिश्च, कुटिलांगुलिसंयुतः । शुष्कजंघोऽतिनिंद्यश्च, भग्नोरुपृष्टकोदरः ।८२।**

**दंडधारी पात्रधारी, यतिवेषयुतो द्रुतं । विवेश जननीगेहं, देहशुश्रूषयोज्झितः ।८३।**

**चंद्राश्मसारसूर्याश्म–रत्नैरचितभित्तिभिः । नाशिताशेषभूच्छायं, गवाक्षैः परिमंडितं ।८४।**

**भेरीदुंदुभिशंखौघ–झल्लरीपटहस्वनैः । संपुरितांगणं सोऽपि, यावन्मध्यगृहं ययौ ।८५।**

तावत्तत्रासने देवी-मिव स्थितां च रुक्मिणीं । सोऽद्राक्षीद्धरिणाक्षीं तां, क्षीणरुपैकसंपदं ।८६।
भूरिभूषणभूषाभि-र्भूषितामासनस्थितां । दृष्टिभ्यां तां समालोक्य, मानसे स व्यचिंतयत् ।।
किमेषाखंडलस्त्रीणां-मभिमानं विमर्दितुं । निष्पादिता विधात्रास्ति, मर्त्यलोकेंगनोत्तमा ।८८।
विमृशंतमिति स्वांत, आगच्छंतं समीक्ष्य तं । यतिवेषधरत्वेन, ननाम मुदिता भृशं ।८९।
विनयाद्विष्टरं दातुं, रुक्मिणी यावदुत्थिता । कृष्णस्यैवासनं ताव-न्निर्भयं तस्थिवानसौ ।९०।
समेतासनमादाय, यावत्कृष्णासने स्थितं । तं दृष्ट्वा रुक्मिणी प्रोचे, विनयान्मृष्टभाषया ।।
तिष्ठेदत्रासने साधो, कृष्णोऽथवा तदंगजः । यस्तिष्ठेदपरः कश्चि-द्देव्यः पराभवंति तं ।९२।
सोऽवग्भद्रे न जानासि, बालसाधुस्वरूपकं । तस्य तपःप्रभावेण, न कश्चन पराभवेत् ।९३।
तदा तया मुनिः पृष्टः, किमर्थं त्वमिहागतः । स प्राह षोडशाब्दीं च, तपस्तीव्रं कृतं मया ।।
आजन्मतोऽपि नो चक्रे, जननीस्तनपानकं । तत्पारणार्थमायातो-ऽहमद्य तव सद्मनि ।९५।
सा जगाद त्वया प्रोक्तं, यत्तपः षोडशाब्दिकं । तदसत्यं चतुर्थादि, संवत्सरांतमस्ति तत् ।९६।
सोऽवोचत्किं तवैतेन, विवादेन प्रयोजनं । यदि स्याद्धाम्नि ते किंचि-त्तद्देहि मम सत्वरं ।९७।
रुक्मिण्युवाच बालर्षे ?, मे मंदिरे विषण्णता । वरीवर्ति किमप्यद्य, पाचितं न ततो मया ।९८।
मुनिर्बभाण ते गेहे, किं विषादनिबंधनं । सोचे सुतवियोगेन, तदस्ति बहुदुःखकृत् ।९९।
आराधिता मया पूजो-पवासैः कुलदेवता । अनेहसमियंतं च, सूनुसंगमकाम्यया ।८००।
न ताभिरपि मत्पुत्रो, मेलितो द्राग्विषादहृत् । दातुकामाभवं मौलिं, ततोऽहमतिदुःखिता ।१।
यावदेवं च कुर्वेऽहं, तावद्देव्योऽपि मां जगुः । माभूस्त्वमुत्सुका वत्से, तव पुत्रो मिलिष्यति ।२।
मया पृष्टा महादेव्यः, कदा मे स मिलिष्यति । प्रोचुस्ताः सहकारोऽयं, फलिष्यति यदा तव ।३।
आम्रोऽयं फलितः सोऽपि, न पुनर्मिलितः सुतः । अयथार्था ततो वाणी, देवीनामप्यजायत ।४।
सीमंधरजिनोक्तानि, चिह्नानि निखिलान्यपि । मिलितानि तथाप्याप्तो, नांगजो हृदयंगमः ।५।
तदर्थं त्वमपि प्रीत्या, होरालग्ने विलोकय । स प्रोचे रिक्तपाणीनां न स्यातां ते फलप्रदे ।६।
रुक्मिण्याख्यदहो साधो, किं ददामि तवेप्सितुं । स प्राह मम भोज्यं त्वं, प्रयच्छ स्वच्छमानसे ।।
निलयांतर्गता तस्माद्, द्रव्याणि प्रविलोकितुं । हृदयोद्वेगधारित्वात्, किमप्याप्तं तया न हि ।८।
वह्निसंधुक्षणं चक्रे, तत्पाकाय द्रुतं तया । सोऽपि न प्रकटीभूतः, स्तंभितस्तेन विद्यया ।९।
तदा मुनिर्जगौ काल-क्षेपं त्वं विदधासि किं । त्वद्गेहे यद्भवेत्सिद्धं, तदेव त्वं प्रदेहि मे ।१०।
सा प्राह मोदकाः शुद्धा, वर्तंते मम मंदिरे । किंतु कृष्णंविना ते स्यु-र्दुर्जराः क्षीणवर्ष्मणां ।११।
यतिहत्याभवं पापं, भवेत्तेषां प्रदानतः । ततस्तान्न प्रदास्यामि, क्षुधितस्यापि ते मुने ! ।१२।
स्मित्वेषत्साधुराचख्या-वस्मात्तपःप्रभावतः । दुर्जराः सुजरा एव, स्युः प्रक्षीणवपुष्यपि ।१३।
तद्वाक्येनैक एकोऽपि, प्रदायि मोदकस्तया । शीघ्रमभुंक्तासौ, मातृदत्तं च मोदकं ।१४।

भुंजानं तं च निःशंकं, दुर्जरानपि मोदकान् ।
हसित्वा रुक्मिणो दुःखे-ऽप्याख्यत्त्वं बलवानसि ।१५।
दर्शं दर्शं च बालर्षिं, सा जातोच्छ्वसिताकुला । प्रस्रवत्स्तनदुग्धेना-तीवार्द्रीभूतकंचुकी ।१६।
चित्तांतः सा तदाज्ञासी-न्माभूदेष ममांगजः । भविष्यच्चेत् त्रपाहेतु-स्तदापि मे कदाकृति ।।
सत्यभामा स्वभावेन, मय्यस्ति मत्सरान्विता । एन तनयमालोक्य, हसिष्यति विशेषतः ।१८।
ईदृशोऽपि मया सूतः, सुतो भावी न सर्वथा । सोऽपि मातुः पितुश्चैष-दनुसारेण जायते ।।
एतस्मिन् कुत्सिते रूपे, द्वयोरन्यतरस्य न । अनुसारः प्रवर्तेत, कथमेष सुतो मम ।२०।
न मे स्थास्यति मानोऽपि, बहुधा समुपार्जितः । भविष्यति तद्भंगेन, जिवितव्यविनाशनं ।२१।
अथवा नारदेनैव, निवेदितमभूत्पुरा । वर्धते त्वत्सुतः सौख्यै-र्विद्याधरनिकेतने ।२२।
स एव हृद्यविद्यायाः, प्रभुत्वाद्रुपमीदृशं । विधाय मत्परीक्षार्थं, समागतो भविष्यति ।२३।
मनस्येव स्वकीये सा, कल्पनामिति कुर्वति । पप्रच्छ यतिनं स्वामिन्, कुलादि कथयात्मनः ।।
स प्राह त्वं विवेकेन, समन्विता विचक्षणा । जैनधर्मप्रवीणासि, कथं पृच्छसि तद्वदः ।२६।
निर्ग्रंथानां कुलादीनां, प्रश्नेन न प्रयोजनं । धर्माचारविधानेन, शासनीयं समस्ति तत् ।२७।
जात्या महर्द्धिको यद्वा, हीनो वाचंयमोऽस्म्यहं । करिष्यस्यधिकेन त्वं, किं तर्हि वदतान्मम ।।
यतीनां जनकः को वा, का माता कः सहोदरः । धर्मकर्तव्यकर्त्तारो, निजा एवाखिला अपि ।।
त्वमेव मम मातात्र, पिता गोविंद एव वा । बांधवा यादवा ज्ञेयाः, संसारे स्वजना इति ।३०।
कुर्वतौ तौ मिथो वर्ता-मिति प्रमोदपूरतः । इतश्चावादि दासीभिः, सत्यभामा पुरो द्रुतं ।३१।

ત્યાંથી આગલ ચાલતા પ્રદ્યુમ્ને હાથી, ઘોડા, સિંહ, વ્યાઘ્ર આદિ વિધવિધ ચિત્રોથી સુશોભિત સુંદર એવો સાત માળનો મહેલ જોઈને વિદ્યાને પૂછયુ : 'આવો દર્શનીય સુંદર મહેલ કોનો છે?' વિદ્યાએ કહ્યું : 'તારી માતા રૂકિમણીનો છે.'

ત્યારે માતાને પણ વિસ્મિત કરવા માટે પ્રદ્યુમ્ને વિદ્યાશક્તિથી બાલતપસ્વીનું રૂપ ધારણ કર્યું. નાનું ત્રિખુણીયું માથુ, કદરૂપું નાનું મુખ, લાંબા અને કાળા દાંતવાળુ દુર્ગંધી મોઢું, કૃશ શરીર, ટૂંકી ડોક, લાંબા હાથ, ટૂંકા પગ, વાંકીચૂંકી આંગળીઓ, શુષ્ક જંઘા, પેટ મોટુ અને પગ નાના, આવા પ્રકારના અતિકદરૂપા શરીરવાળા, દંડ અને કમંડલથી સહિત બાલ સંન્યાસીના રૂપે પ્રદ્યુમ્ને માતાના મહેલમાં પ્રવેશ કર્યો. ચન્દ્રકાન્ત અને સૂર્યકાન્તમણીની ભીંતોથી પ્રકાશિત, સુવર્ણ અને મોતીની જાળીઓથી સુશોભિત, ભેરી, દુંદુભિ, ઝાલર આદિના મધુર ધ્વનિથી મંજુલ એવા રાજમહેલના મધ્યભાગમાં તેણે પ્રવેશ કર્યો. ત્યાં સુવર્ણ-રત્ન-મણિ-માણેક ના આભૂષણોથી અલંકૃત હરિણાક્ષી સમાન નેત્રવાળી રૂકિમણીને સિંહાસન ઉપર બેઠેલી જોઈને, પ્રદ્યુમ્ન (બાલ તપસ્વી) વિચારવા લાગ્યો : 'અરે આ તો કોઈ દેવાંગના, રંભા, ઉર્વશી, કે સાક્ષાત્ ઈન્દ્રાણી લાગે છે ! ખરેખર, બ્રહ્માએ ઇન્દ્રાણીના રૂપનું મર્દન કરવા માટે જ આ માનવ સ્ત્રી બનાવી હશે.' ત્યાં વિચારોમાં મગ્ન બનેલી રૂકિમણી, બાલતપસ્વીને આવતા જોઈને ઉભી થઈ ભાવ-

ભક્તિપૂર્વક પ્રણામ કરી બાલતપસ્વીને બેસવા માટે આસન આપવા જાય છે તેટલામાં તો બાલતપસ્વી કૃષ્ણના આસન ઉપર નિર્ભયપણે બેઠા. રૂક્મિણીએ વિનયપૂર્વક મધુર ભાષામાં કહ્યું : 'સાધુ, તમે આ આસન ઉપર બેસો. એ આસન ઉપર તો કૃષ્ણ અથવા તેમનો પુત્ર જ બેસી શકે. બીજો કોઇ બેસે તો કુલદેવી તેનો પરાભવ કરે.' બાલ સાધુએ કહ્યું : 'ભદ્રે, તું બાલસાધુના સ્વરૂપને જાણતી નથી. તેના તપના પ્રભાવથી કોઇ દેવદેવીની તાકાત નથી કે તે તેનો પરાભવ કરી શકે.' ત્યાર પછી રૂક્મિણીએ પૂછયું : 'મુનિ, આપ શા માટે અહીં પધાર્યા છો ?' મુનિએ કહ્યું : 'સોલ વર્ષ સુધી મેં ઉગ્ર તપ કર્યો છે. જન્મથી જ માતાનું સ્તનપાન કર્યું નથી. તેથી તેના પારણા માટે અહીં આવ્યો છું.' રૂક્મિણીએ કહ્યું : 'આપ અસત્ય કેમ બોલો છો ? સોળ વર્ષ જેટલી તો આપની વય લાગે છે. તો આપે ઉપવાસ આદિની સોલ વર્ષની તપસ્યા કયાંથી કરી હોય ?' ત્યારે તેણે કહ્યું : 'તારે વિવાદ કરવાનું શું પ્રયોજન ? તારા ઘરમાં જે કંઇ હોય તે મને આપ.' ત્યારે રૂક્મિણીએ કહ્યું : 'બાલમુનિ, મારા ઘરમાં તો હમણાં ખેદનું વાતાવરણ છે. મેં આજે કંઇ જ બનાવ્યુ નથી.' મુનિએ કહ્યું : 'ખેદનું શું કારણ ?' રૂક્મિણીએ કહ્યું : 'પુત્રના વિયોગનું મને ઘણું દુઃખ છે. મેં કુલદેવીની પૂજા-ઉપાસના વડે આજ સુધી આરાધના કરી, તો પણ મને મારો પુત્ર મળ્યો નહી. પુત્ર વિયોગથી દુઃખી થયેલી હું મારા માથાનું બલિદાન આપવા જ્યારે જ્યારે તૈયાર થઈ ત્યારે કુલદેવી મને કહે કે 'વત્સ, તારો પુત્ર તને જરૂર મળશે.' મેં પૂછયુ : 'મહાદેવી, મને મારો પુત્ર કયારે મળશે ?' ત્યારે દેવીએ કહ્યું : 'તારા ઉદ્યાનમાં રહેલું આમ્રવૃક્ષ ફળશે ત્યારે તને પુત્ર મલશે.' ત્યારની હું આમ્રવૃક્ષને જોઈ રહી છું. આજે આમ્રવૃક્ષ ફળોથી લચી પડયું છે. તો પણ મને પુત્ર મલ્યો નથી. માટે દેવીની વાણી પણ અફળ જતી લાગે છે. તેમજ સિમંધરસ્વામીએ કહેલા બધા જ ચિહ્નો મળવા છતાં પણ મને પુત્ર મળ્યો નહી. તે માટે હે બાલતપસ્વી, આપ કંઈ જોષ જુવોને. મને મારો પુત્ર કયારે મલશે ?' ત્યારે સાધુએ કહ્યું : 'ભદ્રે, ખાલી હાથે જોષ જોવડાવાય નહી. અને તે સફળ થાય નહી.' ત્યારે રૂક્મિણીએ કહ્યુ : 'સાધુ, આપને ઇચ્છિત હોય તે આપવા તૈયાર છું. પરંતુ મને જલ્દી બતાવો કે મારો પુત્ર કયારે મલશે.' સાધુએ કહ્યું : 'મારે કંઈ જોઇતું નથી. ફક્ત મને ભોજન કરાવ.' તેથી રૂક્મિણી ખાવા લાયક વસ્તુ જોવા માટે અંદર રૂમમાં ગઇ. પરંતુ પોતે ઉદ્વિગ્ન હોવાથી કંઇ પણ વસ્તુ હાથમાં આવી નહી, તેથી નવી રસોઈ બનાવવા માટે અગ્નિ પેટાવવા લાગી. પરંતુ વિદ્યાશક્તિથી પ્રદ્યુમ્ને અગ્નિને થંભાવી દીધી. ઘણી મહેનત કરવા છતાં ચૂલો સળગતો નથી. ત્યારે મુનિએ કહ્યું : 'તું વિલંબ કેમ કરે છે ? તારા ઘરમાં જે કાંઈ તૈયાર હોય તે આપને. નવું બનાવવાની કંઇ જરૂર નથી.' રૂક્મિણીએ કહ્યું : 'મુનિ, મારા ઘરમાં બીજુ કંઇ નથી. ફક્ત શુદ્ધ લાડુ તૈયાર છે. પરંતુ એ લાડુ તો કૃષ્ણ સિવાય કોઇ પચાવી શકે નહી. ત્યારે તમે તો તપસ્વી, કૃશ શરીરવાળા અને મંદ જઠરાગ્નિવાળા હોઇ તમને આપવાથી મને યતિહત્યાનું પાપ લાગે. તેથી એ લાડુ તમને આપી શકું નહી.' ત્યારે હસીને સાધુએ કહ્યું : 'અમારા તપના પ્રભાવથી ગમે તેવા દુઃપાચ્ય (પાચન થઇ શકે નહી તેવા) હોય તો પણ અમને સુપાચ્ય બની જાય છે.' ત્યારે મુનિના કહેવાથી રૂક્મિણીએ એક લાડુ આપ્યો, ત્યારે માતાના હાથે આપેલો લાડુ પ્રદ્યુમ્ન તરત જ ખાઇ ગયો, પછી બીજો, ત્રીજો, ચોથો એમ જેટલા લાડવા આપ્યા તે બધાય એકેક કોળીયો કરીને ખાઇ ગયો. તેને આખોને આખો લાડુ મોંઢામાં મૂકતો જોઇને દુઃખી હોવા છતાં પણ રૂક્મિણીને ઘણું હસવું આવ્યું, અને બોલી : 'મુનિ, તમે બલવાન્ લાગો છો હોં ! તમને જોઇ જોઇને મને ઘણો આનંદ થાય છે.' આ પ્રમાણે કહેતી રૂક્મિણી બાલતપસ્વીને અનિમેષ નયને જોઇ રહી. જેમ જેમ જુવે છે તેમ તેની રોમરાજી વિકસ્વર

બને છે, અને સ્તનમાંથી દૂધની ધારા છૂટે છે. જેથી તેની કંચુકી ભીંજાઈ ગઈ તેથી રૂક્મિણી પોતાના મનમાં વિચારે છે : 'આવો કદરૂપો પુત્ર મારો તો ના હોય. અને કદાચ હોય તો મારે તો ભારે પડી જાય. ઘણું શરમાવું પડે. એક તો સત્યભામા મારા પ્રત્યે પહેલેથી જ માત્સર્યભાવ રાખે છે અને તેમાં જો મારો આવો કદરૂપો પુત્ર હોય તો તેને જોઇને મારી કેટલી હાંસી ઉડાડે. અત્યાર સુધીનું મળેલું માનપાન ધૂળમાં મળી જાય. આ રીતના માનભંગથી જીવવું ઝેર થઇ જાય. ના, ના, આવો કદરૂપો પુત્ર મારો હોય જ નહી, પ્રાયઃ સંતાન પણ માતા પિતાના રૂપને અનુસાર હોય છે. જ્યારે આવું કુત્સિત રૂપ તો અમારા બેમાંથી કોઈનું પણ નથી. તો અણુસારે પણ આ મારો પુત્ર કયાંથી હોય ? અથવા નારદજીએ મને પહેલા કહ્યું હતું કે તારો પુત્ર વિદ્યાધરને ઘેર સુખપૂર્વક મોટો થઈ રહ્યો છે. અને તે અનેક વિદ્યાઓનો સ્વામી બન્યો છે. તો કદાચ આ મારી પરીક્ષા કરવા માટે આવું રૂપ કરીને આવ્યો હશે ?' આ પ્રમાણે મનમાં સંકલ્પ-વિકલ્પ કરતી રૂક્મિણીએ સાધુને પૂછ્યું : 'સ્વામિન્, આપનું કુલ કયું ! આપના માતા પિતા કોણ ? આપનો દેશ કયો ? તે કૃપા કરીને જણાવશો ?' ત્યારે બાલતપસ્વીએ કહ્યું : 'ભદ્રે, તું તો વિવેકી અને વિચક્ષણ છે. જૈન ધર્મની જાણકાર છે. તો આવું કેમ પૂછે છે ? નિર્ગ્રન્થ સાધુઓના કુલ-વંશ વિગેરે જાણવાનું શું પ્રયોજન ? તેમને તો ધર્મના આચાર વિચારને અનુસરીને ચાલવાનું હોય છે. હું જાતિમાં મહર્દ્ધિક હોઉં કે હીન હોઉં, મને કહે તું મારૂં અધિક શું કરીશ ? વળી, સાધુઓને માતા કોણ, પિતા કોણ કે સહોદર કોણ ? એમને માટે તો ધર્મકાર્યને કરનારા સર્વે પોતાના જ છે. સાધુઓને તો **વસુધૈવ કુટુંબકમ્** (આખુ જગત એમનુ કુટુંબ છે.) સાચું કહું તો આ સંસારમાં તમે જ મારી માતા, વિષ્ણુ મારા પિતા અને યાદવો મારા બંધુઓ અને સ્વજનો છે.' આ પ્રમાણે બાલતપસ્વી અને રૂક્મિણીનો આનંદપૂર્વક વાર્તાલાપ ચાલી રહ્યો છે.

**वनपालाः समेत्यात्र, कथयंति भयद्रुताः । भानुविवाहकृत्यार्थं, रक्षितं यदभूद्वनं ।३२।**
**तत्सर्वमपि केनापि, पापेन पापभाजिना । कृतं फलादिभी रिक्त–मुद्वसीभूतगेहवत् ।३३।**
**केनापि, तृणयुक्तापि, निस्तृणा पृथिवी कृता । जलाशयाश्च केनापि, पानीयेन विना कृताः ।।**
**केनापि तुरगारुढो, भानुर्निपातितो भुवि । न ज्ञायते क उत्पातो, भावी स्वामिनि ! दुस्सहः ।।**
**जपंति जापमास्येन, श्रुत्वा दास्युदितं वचः । कश्चिन्मामपि जापांतः, क्षोभयतीत्यचिंतयत् ।३६।**
**ध्यानमध्येंतरायस्य, भवनेन मनोरमं । रूपं भावि न मे हाहा, दार्ढ्येनेति जजाप सा ।३७।**
**तदापि तुमुलं कृत्वा, दासा दास्योऽपि मालिकाः। प्रजजल्पुर्भयाद्ध्यानं,मुक्त्वोक्तं सत्यभामया ।।**
**अरे दास्यो द्विजन्मा स, मयि सौभाग्यवर्धकः । दृश्यतां वर्तसे कुत्र, ताः प्राहुस्तस्य चेष्टितं ।३९।**
**गतं पुरातनं रूपं, नवीनमपि नागतं । संजातीभयतो भ्रष्टा, हा हा विधिविलासतः ।४०।**
**कर्त्तव्येन निजेनैषा, विषादमिति तन्वती । जगौ सपत्न्यमर्षेण, दासीश्चेतसि विह्वला ।४१।**
**नापितं च समादाय, रुक्मिणीसद्म गच्छत । गत्वा च तच्छिरःकेशान्, समानयत सत्वरं ।४२।**
**तयेति स्पर्धया प्रोक्ते, दास्यः पटलिकाकराः । कुर्वंत्यो गीतगानानि प्रययू रुक्मिणीगृहं ।४३।**
**तासामागमनं ज्ञात्वा, रुरोद सापि भूरिशः । बलं हि रुदनं चैव, स्त्रीणां दुःखे समागते ।४४।**
**अश्रुपातं प्रकुर्वाणां, तां दृष्ट्वा मुनिरूचिवान् । किं संप्रत्येव ते दुःख–कारणं येन रोदिषि ।।**

सा जगाद पुरस्तात्ते, मुने ! किं कथयाम्यहं । अश्रव्या सुखिभिर्लोकै–र्निद्या कर्मकथा मम ।४६।
मायामुनिर्जगौ मात–र्निःशंकं पुरतो मम । त्वं निवेदय दुःखानां, कारणं कर्णदारूणं ।४७।
तेनेत्युक्ते जगादासौ, वाक्येन गद्गदेन तु । सत्यभामादिमा देवी, स्वामिनो वर्त्तते हरेः ।४८।
रुपेण चाभिमानेन, लावण्येन समृद्धिभिः । साधिका वर्तते मत्तो, मत्तेवोरुविलासिनी ।४९।
अहं तु नारदप्रोक्त–गुणैर्जातानुरागिणी । परिणिता मुकुंदेन, मयि रागं च बिभ्रता ।५०।
मानिताहं नवीनत्वा–न्माधवेन विशेषतः । मात्सर्यं सा मया साकं, चकार सविकारहृत् ।५१।
मात्स्यर्ततस्तयान्येद्यु–र्निवेदितं पुरो मम । यस्याः पुत्रस्य विवाहः, प्रथमं स्यान्महोत्सवैः ।५२।
तस्या अपरया देयाः, शिरःसर्वशिरोरुहाः । पुत्रक्रमणपूजायै, पण एवं विधीयते ।५३।
मयापि स्वीकृतं तस्या, वचनं दुःखदायकं । साक्षिणौ तत्र गोविंद–रामौ प्रजनितौ तया ।५४।
मम पुत्रस्तु केनापि, पापिना नाकिना हृतः । भामादास्य समायाति गृहितुं मम कुंतलान् ।५५।
प्राक् कृतेन पणेनाशु मानिन्या सत्यभामया । ता दास्यः प्रेषिताः संति ग्रहीतुं मम कुंतलान् ॥
किं कुर्वेऽथेति दिङ्मूढा, संजातास्मि मुनीश्वर । बुद्धिः शुद्धयति केचिन्न,ततो रोदिमि दुःखिता ॥
पुरा शिरःकचोच्छेद–भयान्मर्त्तुमना यदा । जाताहं मेलयिष्यामि, तनयं तव रुक्मिणि ! ।५८।
एवमाश्वासिता गेहे, स्थिताहं नारदर्षिणा । पुत्रकामनया पूर्व–मेव वा न मृता ननु ।५९।
न मया मरणं पूर्वं, तस्य वाक्येन निर्मितं । सुतोऽपि मिलितो मे न, केशदानं त्वजायत ।६०।
मुनिर्बभाण चिंतां त्वं, मा कृथा मानसे वृथा । अद्यापि प्रबलं भाग्य–मस्ति पुण्योदयोऽपि च ॥
मिलिष्यति तनूजोऽपि केशानपि न कश्चन । गृहीष्यति ततः प्रौढां मातस्त्वं धीरतां धर ।६२।
कथयित्वेति रुक्मिण्याः,प्रतिबिम्बं विधाय च । स्थापयित्वाऽऽसने तच्च, स भूत्वा कंचूकी स्थितः॥
तावत्समागता दास्यः, प्रेषिताः सत्यभामया । तां स्थितां मासने दृष्ट्वा, प्रणिपातमकुर्वत ।६४।
प्रणिपत्यावदन् दास्यो–ऽस्माकं देवि न दूषणं । चिंतनीयं त्वया चित्ते,दोषादोषविचारिके! ।६५।
वयं वर्त्तामहे दास्यो, हास्योचितवपुर्लताः । स्वामिन्युदितकर्त्तव्य–निष्पादनोपजीवनाः ।६६।
मायारुपावदद्दासीः, किमर्थं यूयमागताः । ताः प्रोचुः प्रेषिताः सत्य–भामया वयमागताः ।६७।
पुनरप्यब्रवीत्सैवं, लोकनापितसंयुताः । किं कारणं समुद्दिश्य, भामया प्रेषिता इह ।६८।
ताः प्राहुर्विनयेनैव, पुरा स्वामिनि यः पणः । कृतोऽभवद्युवाभ्यां च, तदर्थं प्रेषिता वयं ।६९।
तत्स्वकीयं पणं स्मृत्वा, चेद्दास्यसि शिरोरुहान् । तर्हि त्वं देहि नो देय–मस्माकं खलु दूषणं ॥
तासामेवं समाकर्ण्य, वचनं चित्तशोचनं । मायामयी तदावादी–द्युष्माभिः सुंदरं कृतं ।७१।
सेव्यसेवकभावो हि, तादृशो वर्त्तते खलु । ततो दोषो न युष्माकं, स्वस्वामिनीवचःकृते ।७२।
आकार्याथ दिवाकीर्तिं, यूयं गृह्णीत वेणिकां । गृहीत्वा च स्वस्वामिन्यै, प्रदेया संमदाय सा ।७३।
इत्युक्ते नापितं तूर्ण–माकार्य ता बभाषिरे । समेत्य रुक्मिणीदेव्या, गृहाण त्वं शिरःकचान् ॥
बिभ्यंस्तासां गिरा याव–त्तत्पार्श्वं स समागतः । रुक्मिण्याभदधत्ताव–द्वेणीं गृहाण निर्भयं ।७५।

तथेति कथिते सोऽपि, ग्रहीतुं मौलिकुंतलान् । अवाहयत् क्षुरंस्त्रीभि–रधश्च पटली धृता ।७६।
तदा विद्याप्रभावेण, स्वकीय नक्र एव सः । क्षुरप्रं वाहयामास, छिन्ननक्रश्च सोऽभवत् ।७७।
ततस्तत्रागतानां स, क्रमेणांगुलिकर्णयोः । छेदंचकार विद्यायाः, प्रभावाद्ग्रहिलीव सः ।७८।
दासीनां मध्यतस्तासां, प्रेषितानां च भामया । महत्याश्च शिरःकेशां–श्चिच्छेद नापितः पुनः ।।
निःशेषान् सदृशान् कर्त्तुं,सार्थे याः पुरुषस्त्रियः। तासामपि तथाच्छेत्सीत्, ताभिर्ज्ञातं यथा न वा ।।
कुतूहलविलोकाय, तत्पुरो मानवांगनाः । ताश्च तांश्चेदृशान् वीक्ष्या–हसन्मिथः शनैः शनैः ।।
केशानां पटलीं भृत्वा, हृष्टा दास्यो यदा गताः । तदा मार्गेऽपि ता दृष्ट्वा, हसंति मानवाः समे ।।
हसतस्तान् समालोक्य, दास्योऽजानन् स्वचेतसि । अस्माकं रूपसंपत्ती–र्दृष्ट्वा हसंति नागराः।।
अहो धन्या सलावण्या, मान्यापि नरकद्विषः । सौजन्यात्प्रददौ केशान्, वाचं पालयितुं निजां ।।
गायंत्य इति रुक्मिण्या, मुदा गुणगणावलिं । नृत्यंत्यश्चातिहर्षेण प्राप्ता भामानिकेतनं ।८५।
सत्यभामाभणद्दासी, रे रे कस्याः स्तुतिं मुखे । जनयंत्योऽतिहर्षेण, यूयमागच्छथालयं ।८६।
रुक्मिण्या यादृशी दृष्टा, सौजन्यगुणसंततिः । न तादृश्यपरस्त्रीणां, विलोकिता मनागपि ।८७।
एका तु वल्लभा विष्णो–रन्यत्सौजन्यसद्गुणाः । तृतीयं तद्गिरो भृष्टा, वर्ण्यतेऽसौ ततो भृशं ।।
अस्माभिस्त्वद्वचोयोगा–द्रुक्मिणीमंदिरे गतं । स्ववचः पालनार्थं सा, विनयात्प्रददौ कचान् ।।

[બાલસાધુના રૂપે પ્રદ્યુમ્ન માતા રૂક્મિણી પાસે બેસીને આનંદપૂર્વક વાતો કરી રહ્યા છે, ત્યારે સત્યભામાને ત્યાં શું બની રહ્યુ છે, તે આપણે જોઈએ.]

ધૂર્ત બ્રાહ્મણરૂપ પ્રદ્યુમ્ને રૂપ અને સૌભાગ્ય વધારવા માટે સત્યભામાને વિધિવિધાન બતાવ્યા હતાં તે પ્રમાણે સત્યભામા માથે મુંડન, જીર્ણશીર્ણ વસ્ત્રમાં આખાયે શરીરે મષી લગાડીને 'રૂંડુબુંડુ' જાપ કરતી એકાંત રૂમમાં ધ્યાનમાં બેઠી છે, ત્યારે દાસીઓએ આવીને સત્યભામાને નિવેદન કર્યું : 'સ્વામિની, આપણા વનપાલકો અને ઉદ્યાનપાલકો ભયભીત બનીને કહી રહ્યા છે કે 'ભાનુકુમારના વિવાહ માટે આપણું વન અને ઉદ્યાન નવપલ્લવિત કર્યું હતું તે કોઈ દુષ્ટ પાપીએ આવીને ફળ-ફૂલ વિનાનું સાવ ઉજ્જડ બનાવી દીધુ છે.' તેટલામાં વાવની રક્ષક દાસીઓ આવીને કહેવા લાગી : 'હે સ્વામિની, આપણી સુંદર વાવ જલથી પરિપૂર્ણ હતી, તે કોઇ પાપીએ આવીને બધું પાણી હરી લીધું છે. વાવને તૃણ વિનાની અને જલ વિનાની શુષ્ક પત્થર રૂપ બનાવી દીધી છે.' તેવામાં જલાશયોના રક્ષકોએ પણ ફરિયાદ કરી કે જલાશયો પણ પાણી વિનાના શુષ્ક ખાડા બનાવી દીધા છે. તેમાં વળી કોઇ દાસે આવીને કહ્યું : 'આપના ભાનુકુમારને કોઇ દુષ્ટ પાપીએ અશ્વ ઉપરથી નીચે પટકી દીધો છે. એમને ખૂબ વાગ્યું છે.' ત્યારે માલણો અને મંગલકલશો લેવા માટે ગયેલી દાસીઓએ પણ આવીને ફરિયાદ કરી. આ રીતનો દાસદાસીઓનો કોલાહલ સાંભળીને ધ્યાનમાં બેઠેલી સત્યભામા વિચાર કરે છે : 'મને બ્રાહ્મણે કહ્યું હતું કે 'જાપમાં અને ધ્યાનમાં દુષ્ટ દેવદેવીઓ આવીને ઉપદ્રવ કરશે માટે તમે દઢ રહેશો તો જ તમારૂં સૌભાગ્ય વધશે.' તેથી બ્રાહ્મણના કહેવા મુજબ મને ધ્યાનમાંથી ચલિત કરવા માટે જ દાસદાસીઓરૂપે દેવો ઉપદ્રવ કરી રહ્યા છે.' આ પ્રમાણે વિચારીને સત્યભામા ધ્યાનમાં અડગ રહીને જાપ કરવા લાગી. ત્યાં ભાનુકુમાર આવીને કહેવા લાગ્યો : 'મા–મા–તું કયાં છે ! તું આ શું કરી રહી છે ? તું બહાર

આવ. જોને આ દાસદાસીઓ શું કહે છે. મને અને મારી સાથેના રાજકુમારોને કોઈ પાપીએ અશ્વ ઉપરથી નીચે જમીન ઉપર પછાડી દીધા છે.' આ પ્રમાણે વ્યાકુળતાપૂર્વકના ભાનુકુમારનાં વચન સાંભળીને ભયભીત થયેલી સત્યભામા જાપ અને ધ્યાન પડતું મૂકીને બહાર આવી. દાસ-દાસીઓનો કોલાહલ અને ભાનુકુમારની સ્થિતિ જોઇને કોપાયમાન થયેલી સત્યભામાએ કહ્યું : 'અરે દાસીઓ, મારૂં સૌભાગ્ય વધારવા માટેની વિધિ બતાવનારો એ બ્રાહ્મણ કયાં ગયો ? એને જલ્દી બોલાવો.'

ભયથી ધ્રુજી રહેલી દાસીઓએ કહ્યું : 'સ્વામિની, આ બધું તોફાન એનું જ લાગે છે. એ કોઈ ધૂર્ત બ્રાહ્મણ હતો. રૂપ-રૂપાંતર કરીને બધાને ઠગી ગયો. એ કયાં અને કયારે પલાયન થઇ ગયો, તેની કોઇને ખબર નથી.' પોતાના કૃત્યથી વિષાદ કરતી સત્યભામા મનથી દુઃખી દુઃખી થઈ ગઇ. 'અરેરે, બધું તો ઠીક, પરંતુ મારૂં પહેલાનું રૂપ ગયું અને નવું આવ્યું નહી. હું હતભાગી ઉભયથી ભ્રષ્ટ થઈ. કુદરતે મને કેવો કરૂણ અંજામ આપ્યો ? ખેર, મારા માથાના કેશ ગયા ને મારી સુંદરતા ગઈ તો રૂકિમણીનું રૂપ કેમ સારૂં રહે ? એને પણ મારા જેવી બોડી કેશ વિનાની બનાવું, તો જ મને શાંતિ થશે.' આ પ્રમાણે શોકય પ્રત્યેના અતિ માત્સર્યભાવથી પ્રેરાઇને દાસીને કહ્યું : 'દાસી, તું આપણા દાસદાસીઓની સાથે, હજામને લઇને જલ્દીથી રૂકિમણીના ઘેર જા. રૂકિમણીને કહેજે કે : 'સત્યભામાએ અને તમે શરત કરી હતી તે યાદ છે ને ? તમારો પુત્ર પહેલો પરણે તો સત્યભામાએ માથાના વાળ ઉતારી આપવા, અને સત્યભામાનો પુત્ર પરણે તો તમારે માથાના વાળ ઉતારી આપવા. આ પ્રમાણે તમે બંનેએ શરત કરીને રામકૃષ્ણને સાક્ષી-રૂપે રાખ્યા હતા. તો હવે સત્યભામાના પુત્રનો વિવાહ છે, માટે તમે માથાના વાળ ઉતારી આપો.' આ પ્રમાણે સત્યભામાની શિખામણ સાંભળીને ગીતગાન કરતી દાસીઓ છાબડીઓ લઇને રૂકિમણીના ઘેર ગઇ. દાસીઓનું આગમન જાણીને રૂકિમણી અત્યંત રૂદન કરવા લાગી. 'દુઃખ આવે ત્યારે સ્ત્રીઓ માટે રૂદન એ મોટું બલ હોય છે. રૂદન કરતી રૂકિમણીને જોઇને બાલતપસ્વીએ પૂછયું : 'ભદ્રે, એકાએક રૂદન કેમ કરી રહી છે ?' રૂકિમણીએ કહ્યું : 'મુનિ, હું શું કહું ? સુખી લોકો માટે નિંદ્ય એવી મારી કર્મ કથા છે.' મુનિએ કહ્યું : 'જે હોય તે નિઃશંકપણે મને કહે. મારાથી શકય હશે તો જરૂર તારા દુઃખને દૂર કરીશ.'

રૂકિમણીએ ગદ્‌ગદ્‌ સ્વરે કહ્યું : 'મુનિ, મારા સ્વામી કૃષ્ણની અગ્રમહિષી સત્યભામા દેવી છે. તે પોતાના રૂપ, લાવણ્ય અને સમૃદ્ધિના અભિમાનથી મદોન્મત્ત હસ્તિની જેમ મારાથી પોતાની જાતને અધિક માને છે. અને હું તો નારદના મુખે શ્રીકૃષ્ણના ગુણગાન સાંભળીને તેઓ પ્રત્યે અનુરાગિણી બની, માતા-પિતા અને બંધુની આજ્ઞા વિના શ્રીકૃષ્ણને મનથી વરી ચૂકી. શ્રીકૃષ્ણ પણ મારા પ્રત્યેના અનુરાગથી મને કુંડિનપુર લેવા માટે આવેલા. નવી હોવાથી માધવે મને વિશેષ પ્રકારે માનીને મને પટ્ટરાણીપદે સ્થાપી. ત્યારથી માંડીને સત્યભામા મારા પ્રત્યે માત્સર્ય-ભાવ (ઇર્ષ્યા) રાખે છે. ઇર્ષ્યાથી કોઇ એક દિવસે મને કહેવડાવ્યું કે 'જેના પુત્રનો વિવાહમહોત્સવ પહેલો થાય ત્યારે બીજીએ પોતાના માથાના વાળ ઉતારી આપવા.' મેં પણ ભોળાભાવે તેની શરત સ્વીકારી, અને સાક્ષીરૂપે કૃષ્ણને રાખ્યા છે. તેમાં સત્યભામા કરતાં પહેલાં મેં પુત્રને જન્મ આપ્યો, પરંતુ મારા કોઇ દુર્ભાગ્યથી કોઇ દુષ્ટ દેવ જન્મતાંની સાથે જ મારા પુત્રનું અપ-હરણ કરી ગયો. હવે સત્યભામાના પુત્ર ભાનુકુમારનો વિવાહમહોત્સવ ચાલી રહ્યો છે. તેથી શરત પ્રમાણે દાસીઓને મારા માથાના વાળ લેવા માટે મોકલી છે. હાય, હાય, હવે હું શું કરૂં ? મને કંઇ સુઝતું નથી. મારી સુધ-બુધ બધી ચાલી ગઇ છે. હું દિગ્મૂઢ બની ગઇ છું. માથાના

વાળ આપવા પડે તેના ભયથી પહેલાં જ હું મરવા માટે તૈયાર થઇ હતી, પરંતુ નારદઋષિએ 'હું તારા પુત્રને મેળવી આપીશ.' એ પ્રમાણે આશ્વાસન આપીને મને રોકી રાખી. પુત્રમિલનની ઝંખનાથી, ત્યારે હું નારદજીના વચનથી ના મરી. હવે પુત્રનું મિલન તો થયું નહી, અને શરત પ્રમાણે મારે માથાના કેશ ઉતારી આપવા પડશે. અરે, મુનિશ્વર, મારાથી આ પરાભવ કેવી રીતે સહાશે ?' એમ કહીને દુઃખી થયેલી રૂકિમણી રૂદન કરવા લાગી. મુનિએ કહ્યું : 'માતા, તું શા માટે ચિંતા કરે છે ? હજી તારૂં ભાગ્ય બલવાન છે. તારો મહાન્ પુણ્યોદય જાગતો છે. તારો પુત્ર તને જરૂર મલશે. તારા માથાના વાળ કોઇ નહી લઇ શકે. માતા, તું ધૈર્ય ધારણ કર.' એમ કહીને રૂકિમણીને અદૃશ્ય કરી, તેનું પ્રતિબિંબ આસન ઉપર સ્થાપન કરી પોતે અંગરક્ષક થઇને ઊભો રહ્યો. તેટલામાં સત્યભામાએ મોકલેલી દાસીઓ આવી. આસન પર બેઠેલી રૂકિમણીને નમસ્કાર કરીને કહ્યું : 'મહાદેવી, અમારો કોઇ દોષ નથી. આપ તો સારાસારના જાણકાર છો. અમે દાસીઓ, હાસ્ય ઉપજાવે એવાં તો અમારાં શરીર છે. કર્મના કઠનાઇથી આજીવિકા માટે આવું દાસકાર્ય કરવું પડે છે. માટે આપ અમને ક્ષમા કરશો.' પ્રતિબિંબરૂપે રહેલી રૂકિમણીએ કહ્યું : 'દાસીઓ, તમે શા માટે આવી છો ?' ત્યારે તેઓએ કહ્યું : 'સત્યભામાએ અમને મોકલી છે. ફરીથી માયારૂપ રૂકિમણીએ પૂછ્યું : 'હજામ-હજામડી આદિ દાસદાસીઓને સત્યભામાએ કયા કારણે મોકલી છે ?' ત્યારે વિનયપૂર્વક દાસીઓએ કહ્યું : 'આપે અને અમારી સ્વામિનીએ જે શરત કરી હતી તે માટે અમને મોકલી છે. તો આપ શરતને યાદ કરીને આપના માથાના વાળ ઉતારી આપશો. નહી આપો તો અમારો કોઇ દોષ નથી.' માયામયી રૂકિમણીએ કહ્યું : 'નહી, નહી, તમે બહુ સારૂં કર્યું. સ્વામિસેવકભાવ તેવા પ્રકારનો જ જોઇએ. તેથી પોતાની સ્વામિનીના વચન પ્રમાણે કરવામાં તમારો કોઇ દોષ નથી. નિર્ભય થઇને બોલાવો હજામને. મારી વેણી (કેશ) ને ગ્રહણ કરો, અને તમારી સ્વામિનીને આનંદપૂર્વક આપજો. રૂકિમણીના કહેવાથી દાસીઓએ દૂર ઉભેલા હજામને બોલાવીને કહ્યું : 'તું રૂકિમણીદેવીના માથાના બધા વાળ લઇ લે.' હજામ પણ બીતો બીતો ધીમે ધીમે રૂકિમણીની પાસે આવ્યો. ત્યારે માયારૂપ રૂકિમણીએ કહ્યું : 'ડરે છે શા માટે ? નિર્ભયપૂર્વક લઈ લે મારી વેણીને.' હજામે અસ્ત્રો તીક્ષ્ણ કરવા માટે ઘસ્યો. દાસીઓએ નીચે છાબડી ધારણ કરી રાખી અને જેવો તે (હજામ) માથા પર અસ્ત્રો ચલાવવા જાય છે ત્યાં કંચુકી રૂપે ઉભેલા પ્રદ્યુમ્ને વિદ્યાના પ્રભાવથી અસ્રાને બુઠ્ઠો બનાવી દીધો. અને દાસીઓના નાક, કાન અને આંગળીઓ છેદી નાખી. સત્યભામાની બધી દાસીઓના, હજામ અને બીજા સાથે આવેલા નોકરોના માથાના વાળ ઉતારી નાખ્યા. નાકકટ્ટી, કાનકટ્ટી અને મુંડિત (બોડી) થયેલી દાસીઓને વિદ્યાના પ્રભાવથી કંઇજ ખબર પડી નહી. તે લોકો તો એમ જ જાણે છે કે રૂકિમણી દેવીના માથાના વાળથી છાબડીઓ ભરીને લઇ જઇએ છીએ. તેથી હસતી-રમતી દાસીઓ રૂકિમણીના મહેલથી નીકળી ત્યારે દાસ દાસીઓના દેદાર જોઇને લોકો ધીમે ધીમે હસવા લાગ્યા. રસ્તામાં જતા નગરવાસીઓ નાકકટ્ટા, કાનકટ્ટા અને મૂંડાયેલા પરિવારને જોઈને જોર જોરથી હસવા લાગ્યા. તે બધાને હસતા જોઇને દાસીઓ વિચારે છે : 'અમારી રૂપસંપત્તિ જોઇને આ લોકો હસે છે.' આ પ્રમાણે આનંદ-પ્રમોદ કરતી દાસીઓ અરસપરસ રૂકિમણીના ગુણગાન કરે છે : 'અહો ધન્ય છે રૂકિમણી દેવીને કે જે આટલી રૂપ-લાવણ્યવતી, સૌંદર્યવતી અને કૃષ્ણની માનીતી હોવા છતાં વચનપાલનમાં કેટલી સજ્જનતા છે કે જરાયે આનાકાની કર્યા વિના સહજતાથી માથાના કેશ ઉતરાવી આપ્યા.' આ પ્રમાણે રૂકિમણીદેવીના ગુણગાન કરતી કરતી હર્ષપૂર્વક સત્યભામાના આવાસમાં આવી. દાસીઓના અવાજને સાંભળીને સત્યભામાએ કહ્યું : 'અલી દાસીઓ,

આટલા આનંદમાં આવીને કોની પ્રશંસા કરો છો ? ઘરમાં તો આવો.' ત્યારે દાસીઓએ કહ્યું : 'સ્વામિની, રૂક્મિણીદેવી જેવી સૌજન્યવતી અને ગુણવતી આ જગતમાં બીજી કોઈ સ્ત્રી નહી હોય. એક તો વિષ્ણુની પ્રાણપ્રિયા, બીજી સૌજન્યતા, અને ત્રીજી એની વાણીની મીઠાશ, ખરે-ખર પ્રશંસનિય છે. અમે તમારા કહેવાથી રૂક્મિણીના મંદિરે ગયા. ત્યારે તેણે તો પોતાના વચન-પાલન માટે રાજીખૂશીથી માથાના વાળ ઉતારી આપ્યા.'

रुक्मिणीस्तुतिमाकर्ण्य, भामाभाणीदमर्षतः । वर्णिता ये गुणास्तस्या–स्तस्यां संतु नवाऽथ ते ।।
विगुप्ताः केन दुष्टेन, केन च्छिन्ना च नासिका । श्रवणाच्छेदिताः केन, केन मस्तककुंतलाः ।९१।
तयेत्युक्ते स्वहस्ताभ्यां, तत्र दास्यो व्यलोकयन् । तावत्तदुदितं सर्वं, विदांचक्रुः सवेदनं ।९२।
तदा तासां समस्तेषु, छिन्नेष्वंगेषु वेदना । बभूव महती चक्रु–र्विलापांस्ता तया भृशं ।९३।
विलपंतीरमूर्दृष्ट्वा, सत्यभामाथ कोपतः । अब्रवीत्केन युष्माकं, वपुःपीडा विनिर्मिता ।९४।
ताः प्राहुर्न विजानीमो, वयं पीडानिबंधनं । त्वत्प्रेषिता गतास्तत्र, साप्यदाद्वेणिकां मुदा ।९५।
तां समादाय तुष्यंत्य–स्त्वद्गृहं यावदागताः । त्वया पृष्टाभिरस्माभिः, सा ज्ञाता छेदसंभवा ।।
दासीनामुदितं श्रुत्वा, भामा बभाण चेर्ष्यया । नैतेन केवलं यूयमेवाहमपि पिडिता ।९७।
अकृत्यं यदिदं जातं, तद्रुक्मिणीप्रभावतः । अन्यथा दासदासीर्मे, न हि कोऽपि पराभवेत् ।९८।
दासीषु परिभूतासु, विडंबिताहमेव हि । पातकिन्यानया लज्जा, रक्षिता सर्वथा न मे ।९९।
विवेकः स्नेहतस्तस्यां, न वर्त्तते मनागपि । सगोविंदस्य रामस्य, दृष्टिरागविधायिनो ।९७।
किं तद्वशस्य कृष्णस्यो–पालंभं दापयाम्यहं । रुक्मिणीकृतमन्यायं, रामस्यैव वदाम्यहं ।९८।
विमृश्येति निजामात्या–नाकार्य भामयोदितं । रामस्य पुरतो यूयं, मम वाक्येन गच्छत ।९००।
गत्वा विडंबितं सर्वं, लात्वा परिकरं मम । साक्षिणो बलभद्रस्य, प्रदर्शयत सत्वरं ।१।
कथनीयं च युष्माभिः, पुरो रामस्य साक्षिणः । केशदानमभूत्तस्याः, प्रतिपन्नं तया पुरा ।२।
पापया तु तदर्थं च, निकेतने गतो मम । विडंबितः परिवारः, कथं नक्रादिकर्त्तनात् ।३।
स्वीकृत्य वचनं तस्या–स्ततस्तेऽपि प्रतस्थिरे । गदितुं बलदेवस्य, स्थितस्य विष्णुसंसदि ।४।
सभामध्ये समायातं, सत्यभामापरिच्छदं । कदर्थितं समालोक्य, जहास मधुसूदनः ।५।
समीक्षितुं मुकुंदस्य, स्वरूपं सत्यभामया । क्रुधा संस्थितया जाला–न्तराले प्रविलोकितं ।६।
स्वतंत्रदर्शनात्कृष्णं, हसन्तमवलोक्य सा । चित्तेऽज्ञासीदनेनैव, शिक्षिता साऽकरोदिदं ।७।
ततोऽस्य पुरतो नैव, कथनेन प्रयोजनं । तथापि सान्वतस्यैवा–वश्यं निवेद्यमेव च ।८।
ज्ञति ज्ञात्वा स्वभृत्यं सा, ज्ञापयित्वा निवेदितं । तेन मंत्रिपुरः प्रोक्तं, मंत्रिणोऽप्यवदन् बलं ।९।
हे सान्वत विधाय त्वां, जनार्दनं च साक्षिणं । रुक्मिणीसत्यभामाभ्यां, पणः कृतोऽभवत्पुरा ।।
तदर्थं प्रेषिता दास्यः, सत्यया सत्यभामया । तया तस्या मनुष्याणां, कृतेदृशी विडंबना ।११।
नासाकर्णशिरःकेश–हीनं भामापरिच्छदं । अवलोक्य हसन् विष्णुर्जगाद हलिनं प्रति ।१२।

**पतिर्यस्या न विद्येता–लये एकाकिनी तु सा । इयंतोऽमी बलीयांसो, विडंबिताः कथं तया ॥**
**इति हास्यवचो विष्णो–र्दुःखैर्निशम्य सान्वतः । प्रजजल्प प्रकोपेन, हास्यं भ्रातः करोषि किं ॥**
**पणः कृतस्तया कृत्वा, साक्षिणं यादवेषु मा । अधुना चकरोत्येषा, विरुद्धं कृत्यमीदृशं ।१५।**
**अहमेव प्रदास्यामि, शिक्षां तस्याः किलोचितां । चालिताः कथयित्वेति, बलदेवेन मंत्रिणः ॥**
**तुष्टिवाक्यप्रदानेन, गृह्णंतो हलिनो गुणान् । सत्यभामागृहं जग्मु–र्मिष्टं वाकयं हि सौख्यकृत् ॥**

રુકિમણીની પ્રશંસા સાંભળીને ઇર્ષ્યાથી સત્યભામા બોલી : 'શાની તમે સાચાખોટા ગુણો ગાઈ રહી છો ? એમાંનો એક પણ ગુણ રુકિમણીમાં નથી. તમે દાસીઓ શું સમજો ?' એમ કહીને દાસીઓ સામે નજર પડતાં જ સત્યભામા છળી ગઈ : 'અરે, કોણ દુષ્ટે તમારા નાક-કાન છેદી નાખ્યાં ? તમારા બધાના માથાના વાળ કયાં ગયા ?' ત્યારે દાસીઓએ પોતાના હાથ નાક-કાન અને માથા ઉપર ફેરવ્યા તો જે પ્રમાણે સત્યભામાએ કહ્યું તે પ્રમાણે જાણીને વિલાપ કરવા લાગી. અને છેદાયેલાં અંગોમાં વેદના થવા લાગી તેથી, અને પોતાનું મુખ અને મસ્તક કદરૂપું જોઇને અત્યંત રૂદન કરવા લાગી. પોતાનાં દાસ-દાસીઓને વેદનાથી પીડાતા અને વિલાપ કરતા જોઇને ક્રોધાયમાન થયેલી સત્યભામાએ કહ્યું : 'પણ કહો તો ખરા, તમારા શરીરની આવી દશા કોણે કરી ? તમે કયાં ગયાં હતાં ?'

દાસીઓએ કહ્યું : 'સ્વામિની, અમને કંઇ ખબર નથી. આપે રુકિમણીના કેશ લેવા માટે અમને મોકલેલાં, અમો તેના ઘેર ગયાં. રુકિમણીએ પણ સંતુષ્ટ થઈને હજામ પાસે કેશ ઉતરાવ્યા. અમે છાબડીઓ ભરીને આ કેશ લાવ્યાં છીએ. અત્યાર સુધી અમને કંઈ પીડા કે નાક-કાન કપાયા, માથે મૂંડન થયું, તેની કંઈ જ ખબર પડી નથી. જ્યારે આપે કહ્યું ત્યારે જ અમને ખબર પડી. અરેરે, લોકો અમને જોઈ જોઇને હસશે, અમારી વિડંબના કરશે. અમે શું કરીએ ? કયાં જઈએ ?' આ પ્રમાણે દાસીઓનું વિષાદપૂર્ણ કથન સાંભળીને સત્યભામા ઈર્ષ્યાથી જલી ઉઠી. 'બસ, આ બધા કારસ્તાન રુકિમણીનાં જ છે. નહીંતર કોઈની તાકાત નથી કે મારાં દાસ-દાસીઓનો કોઈ પરાભવ કરી શકે. પાપિણી એવી એણે ફક્ત મારાં દાસ-દાસીઓની વિડંબના નથી કરી, પરંતુ મારી પોતાની વિડંબના કરી છે. મારી ઈજ્જત એણે લૂંટી લીધી. આમાં તો મારી આબરૂનો પ્રશ્ન છે. સેવકને સંતોષ આપ્યાથી તેના માલિકને સંતોષ આપ્યો કહેવાય, અને સેવકજનની વિડંબના એ માલિકની વિડંબના છે. અથવા આમાં રુકિમણીનો કોઇ દોષ નથી. દોષ તો રામ–કૃષ્ણનો છે. તે બંને તેના દૃષ્ટિરાગી બની ગયા છે, અને કૃષ્ણને તો તેણે કામણટુમણ કરીને વશ કરી લીધા છે....તો કૃષ્ણ પાસે ફરિયાદ કરૂં તો એ થોડો એને સજા કરવાનો છે ? તેમ છતાં રુકિમણીએ કરેલા અન્યાયની વાત બલભદ્રને કહું તો એને બરાબરની સજા કરશે.' આ પ્રમાણે વિચારીને સત્યભામાએ પોતાના અમાત્યને બોલાવીને કહ્યું :

'તમે બલભદ્ર પાસે જાવ. આ વિડંબના પામેલા પરિવારને સાથે લઇ જાવ.... અને મારા વતી બલભદ્રને કહેજો કે કેશદાન (એક–બીજીના વાળ લેવા) માટે તમે તેમજ વિષ્ણુ સાક્ષી રૂપે છો. ભાનુકુમારનો વિવાહ હોવાથી, શરત અનુસાર મેં મારા પરિવારને કેશ લેવા માટે રુકિમણીના ઘેર મોકલ્યો....ત્યારે એ પાપિણીએ મારા પરિવારની કેવી હાલત કરી છે તે તમે

નજરે જુઓ.' આ પ્રમાણે કહીને વિડંબના પામેલા પરિવાર સાથે પ્રધાનને રાજસભામાં મોકલ્યો. પોતે પણ પાછળના દરવાજેથી પડદા પાછળ જઇને ઊભી રહી. કૃષ્ણ–બલભદ્ર આદિ યાદવોથી પૂર્ણ રાજસભામાં અમાત્ય સાથે સત્યભામાનો પરિવાર જઇને ઊભો રહ્યો. રાજસભામાં આવેલા સત્યભામાના કદર્થના પામેલા પરિવારને જોઇને, કૃષ્ણ આદિ યાદવો ખૂબ હસ્યા. કૃષ્ણ તો પેટ પકડીને હસતા રહ્યા. હાસ્ય કરતા કૃષ્ણને જોઇને પડદામાં રહેલી, ક્રોધાતુર બનેલી સત્યભામાએ વિચાર્યું કે 'નક્કી આ બધાં કારસ્તાન કૃષ્ણનાં જ હોવાં જોઇએ, એણે જ રુકિમણીને બધું શિખવાડેલું હોવું જોઇએ....નહીંતર રુકિમણીનું શું ગજું કે આ બધું કરી શકે. ખેર, કૃષ્ણને કહેવું નિરર્થક છે. બલભદ્રને જ નિવેદન કરૂં.' એમ વિચારી પોતાના સેવકને બોલાવી, મંત્રીને સૂચના કરી કે 'તમે બલભદ્ર પાસે જ ફરિયાદ કરો.' સત્યભામાની સૂચનાથી મંત્રીએ બલભદ્રને કહ્યું :

'સ્વામિન્, આપ અને કૃષ્ણ મહારાજાની સાક્ષીએ રુકિમણી અને સત્યભામાએ શરત કરેલી, તે મુજબ સત્યભામાએ કેશ લેવા માટે પોતાના દાસ-દાસી આદિ પરિવારને રુકિમણીના ઘેર મોકલ્યો, ત્યારે રુકિમણીએ સત્યભામાના પરિવારના નાક-કાન અને માથાના વાળ છેદી નાખ્યા. તે આપ નજરોનજર જોઈ શકો છો.' નાકકટ્ટા, કાનકટ્ટા અને મૂંડિત થયેલા સત્યભામાના પરિવારને જોઇને હાસ્ય કરતા વિષ્ણુએ બલભદ્રને કહ્યું : 'આ બધો પરિવાર ગયેલો ત્યારે રુકિમણી તો એકલી હતી ને ? એનો પતિ તો ત્યાં હતો નહીં; તો આવા બળવાન પરિવારની એકલી રુકિમણી કેવી રીતે વિડંબના કરી શકે ?' હાસ્યપૂર્ણ કૃષ્ણના વચન સાંભળીને રોષે ભરાયેલા બલભદ્રે કહ્યું : 'ભાઈ, આમ હાંસી શું કરે છે ? આપણી નજર સમક્ષ દેખાય છે, પછી હસવાનું શું રહ્યું ? અને આપણને ખબર છે કે મારી, તારી અને યાદવોની સાક્ષીએ બંને જણીઓએ શરત કરેલી. તો હકીકત છે રુકિમણીએ કેશદાન કરવું જ જોઇએ. તેના બદલે તેણે આવું વિપરીત કામ કર્યું. ખરેખર તે સજાને પાત્ર છે. હું તેને બરાબરની શિક્ષા કરીશ.' સત્યભામાના મંત્રીને એ પ્રમાણે કહીને વિદાય આપી. બલભદ્રના વચનથી સંતુષ્ટ થયેલી સત્યભામા અને તેનો પરિવાર બલભદ્રનાં ગુણગાન કરતા પોતાને સ્થાને ગયા. મીઠું વચન કોને પ્રિય ના લાગે ?

**गतेषु तेषुः भामाया, धाम रामेण सेवकान् । आकार्यावादि रुक्मिण्या, लुंटनीयं गृहं द्रुतं ।१८।**
**संप्राप्य बलदेवस्या–देशं तस्या निकेतने । लुंटनाय गता याव–त्तावद्यद्यदजायत ।१९।**
**कथयामि समासेन, तच्चमत्कारकारकं । भव्याः शृणुत रुक्मिण्याः, प्रद्युम्नस्य स्वरूपकं ।२०।**

સત્યભામાના પરિવારને સંતોષપૂર્વક વિદાય કરીને બલભદ્રે પોતાના સેવકોને બોલાવીને આજ્ઞા આપી : 'જાવ તમે, રુકિમણીના મહેલને લુંટી લ્યો.' બલભદ્રની આજ્ઞાથી સેવકો રુકિમણીના ત્યાં જાય છે તે પહેલાં ત્યાં શું બને છે, તે રુકિમણી અને પ્રદ્યુમ્નનું ચમત્કારિક વર્ણન સંક્ષેપમાં કહું છું, તે ભવિજીવો તમે સાંભળો :

**विगुप्ते सत्यभामाया, लोके गेहं गते सति । पूर्वरूपं स आदाय, तस्थिवान् रुक्मिणीपुरः ।२१।**
**स्थितमग्रे समालोक्य, रुक्मिणी प्रजजल्प तं । यो विद्याभृत्कुले वृद्ध–स्त्वमेव सः वत्सः प्रवर्तसे ।।**
**विना विद्याभृतां विद्यां, न भवेच्छक्तिरीदृशी । मायारूपं ततो मुक्त्वा, स्वस्वरूपं प्रदर्शय ।२३।**
**वत्सातुच्छगुणस्वच्छ–मना मातृविपत्तिभित् । कुलीनस्य तनूजस्य, हास्यं योग्यं न मातरि ।२४।**

नारदेनोदितो यस्त्वं, विद्याधरीप्रवर्धितः । सारः षोडशभिर्लाभै-स्त्वमेव तनयो मम ।२५।
ऊपाया बहवः पुत्र, त्वदर्थं जनिता मया । प्रेष्याश्च प्रेरिताः स्थाने, स्थाने त्वदीयशुद्धये ।२६।
संप्राप्ता क्वापि शुद्धिर्न, त्वदीया पापतो मया । किंचिदद्यापि जागर्ति, सुकृतं मिलितोऽसि यत् ।।
तनये जनकान्मातुः, प्रायो रागोऽधिको भवेत् । इति प्रेमपरीक्षायै, तेन तस्याः प्रतीरितं ।२८।
हे भद्रे येन पुत्रेण, सुंदराकारधारिणा । लोके स्यान्महती कीर्तिः, पुत्रः स एव सौख्यदः ।२९।
कुरुपैर्मादृशैः पुत्रै-रुपहास्यविधायिभिः । किं करिष्यसि भूयिष्ट-परिवारर्द्धिसंयुता ।३०।
श्रुत्वा तद्वचनं सोचे, मनाग्बाष्पार्द्रलोचना । यादृक्तादृकसुतो भूया-त्स एव कुलमंडनं ।३१।
विना तेन परिवार-समृद्धिं सकलामपि । अहं वृथा विजानामि, सकेतनं निकेतनं ।३२।
अथाभ्रच्छन्नमार्तंड, इवावृतमहोदयः । सूनो वियोगिनीं मां त्वं, संतापयसि किं मुधा ।३३।
दुःखिनीं स्नेहिलां वाणीं, मातुराधाय चेतसि । तेन व्यक्तीकृतं रुपं, विद्यया क्रियते न किं ।३४।
लक्षणैर्लक्षितं सर्वै-र्भूषणैश्च विभूषितं । नरनारिमनोहारि-रुपं स्वाभाविकं बभौ ।३५।
जननीमनसस्तुष्टि-पुष्टिसंपादनाय सः । तद्रूपं प्रकटीकृत्या-नमत्तस्याः क्रमांबुजं ।३६।
तदा देवकुमारभं, रुपमालोक्य रुक्मिणी । प्रीतिं यां प्राप तां देवा, अपि नो वक्तुमुद्यताः ।।
मिलितं चिरकालेन, तनयं विनयान्वितं । आलिलिंग चंचुबोच्चै-मौंलौ मौलिसमं कुले ।३८।
आलिंग्य जननीपुत्रौ, मुहुर्मुहुः प्रमोदतः । सुखदुःखभरां वार्त्तां, पप्रच्छतुः परस्परं ।३९।
तदा रुकमिण्यवक् पुत्र !, दुखं तव वियोगतः । इयंत समयं याव-द्भूयो बभूव दुस्सहं ।४०।
किंतु पुण्यप्रसंगेन, त्वमद्य मिलितो मम । न मया शैशवं किंतु, पापिन्या तव वीक्षितं ।४१।
कष्टेन नवमासांस्त्वं, मयका जठरे धृतः । धन्या कनकमाला सा, यया बाल्येऽपि लालितः ।।
पुत्रस्य शैशवालोक-स्नेहयालु मनो विदन् । प्रद्युम्नो मातुराचख्यौ, सर्वविद्याविचक्षणः ।४३।
मातर्मे शैशवं दृष्टु-मभिलाषस्तवास्ति चेत् । दर्शयामि चमत्कार-कारकं तर्हि वेगतः ।४४।
कथयित्वेति बालस्य, रुपमादाय सुंदरं । संस्थितः पुरतो मातु-स्तयापि स निरीक्षितः ।४५।
तं दृष्ट्वा जननी चित्ते, व्यचिंतयदहो मम । अथाप्यस्ति महद्भाग्यं, सुतो विद्याद्भुतो यतः ।।
तमादाय निजोत्संगे, संस्थाप्य च प्रमोदतः । अगायद् बालगीतानि, मधुरेण स्वरेण सा ।४७।
आत्मीयकामनापूर्ति-करणार्थं तयांजसा । स्तन्यपानं तनूजस्य, तस्याकार्यत हर्षतः ।४८।
तस्य खेलनवस्तूनि, चानीतानि तया पुनः । सुवर्णरुप्यरत्नादि-विनिर्मितान्यनेकशः ।४९।
सोऽपि तानि समादाया-खेलच्छैशवतः क्षणं । क्षणं रेणौ क्षणं भूमौ, क्षणमङ्केऽन्ययोषितां ।५०।
क्षणं मातुः करांगुल्यां, विलग्नः प्रांगणे चलन् । किंकिणीनां रणत्कारः, सोऽपूरयन्निकेतनं ।।
बालकोचितभूयिष्टा-भरणैः स विभूषितः । प्रतिबिंबमिवार्कस्य, रराज देहतेजसा ।५२।
क्रीडां कुर्वन्मनो मातु-र्मोहयन् मृष्टभाषणैः । ययाचे भक्षणं सापि, पक्वान्नं तं समार्पयत् ।।

**तदा बालोऽब्रवीन्नेतद्, याचेऽहं सुखभक्षिकां । वदित्वेति तथारोदी–द्यथा सा सोढुमक्षमा ।५४।**
**कठोरं रुदनं तस्य, निशम्य जननी जगौ । अलं बाल त्वदीयेन, भिमेन रोदनेन तु ।५५।**
**हसन् स जननीं प्रोचे, मातस्त्वं सुकुमालधीः । दृढा विद्याधरी सैव, सोढं मे रुदनं यया ।५६।**
**जनन्याः पूरयित्वेति, कामनां मदनो मुदा । जग्राह पुण्यतारुण्य–वरेण्यं रुपमद्भुतं ।५७।**
**ननाम तेन रुपेण, जननीक्रमणद्वयं । विनीतो हि सुतो मातुः, पूरयित्वा स्पृहां नमेत् ।५८।**

વિડંબિત થયેલો સત્યભામાનો પરિવાર રુક્મિણીના ઘેરથી વિદાય થયા પછી બાલતપસ્વીના રૂપે પ્રદ્યુમ્ન રુક્મિણીની પાસે આવીને બેઠો. રુક્મિણીએ કહ્યું : 'હે વત્સ, તું જ મારો પુત્ર છે. વિદ્યાધરકુળમાં મોટો થયેલો તું જ પ્રદ્યુમ્ન છે. કેમકે વિદ્યાધરો વિના આવી વિદ્યાશક્તિ બીજા કોની પાસે હોઇ શકે ? માટે મારા વહાલા પુત્ર, તું આ બનાવટી રૂપનો ત્યાગ કરી, તારૂં મૂળ રૂપ મને બતાવ. વત્સ, ગુણનિધાન, વિનયી એવા પુત્રે માતાની હાંસી કરવી તે યોગ્ય નથી. નારદે કહેલું કે વિદ્યાધરોને ત્યાં વૃદ્ધિ પામતો સોળ પ્રકારના લાભ મેળવીને તારો પુત્ર તને મળશે. નારદજીની વાત સત્ય છે. તું જ મારો પુત્ર છે. બેટા, તારા માટે તો મેં ઘણા ઘણા ઉપાયો કર્યા. તારી શોધ માટે સ્થાને સ્થાને માણસો મોકલીને શોધ કરાવી, પરંતુ મારા દુર્ભાગ્યથી તું મને ના મળ્યો. તેમ છતાં હજુ મારૂં પુણ્ય જાગૃત છે કે તારો મને મેળાપ થયો.'

પુત્ર ઉપર પિતા કરતાં માતાનો સ્નેહ અધિક હોય છે. આથી માતાના પ્રેમની પરીક્ષા કરવા માટે બાલતપસ્વી બોલ્યો : 'ભદ્રે, સુંદર શરીર અને સુંદર આકૃતિવાળો પુત્ર હોય તે પુત્ર જ મા–બાપની કીર્તિને માટે અને સુખને માટે થાય છે....પરંતુ મારા જેવો કુરૂપ, લોકોને હાંસી-પાત્ર એવો પુત્ર શું કામનો ? તારા જેવી ઋદ્ધિ-સિદ્ધિવાળી સૌન્દર્યવતી સ્ત્રીને માટે આવો કુરૂપ પુત્ર દુઃખદાયી છે.' સાધુના વચનથી અશ્રુપૂર્ણ નેત્રે રુક્મિણીએ કહ્યું : 'જેવો તેવો પણ કુળના ભૂષણરૂપ છે. ગમે તેટલો પરિવાર હોય કે સમૃદ્ધિ હોય; પરંતુ પુત્ર વિનાનું ઘર એ ઘર નથી, અને સ્ત્રીઓના માટે તો પુત્ર વિનાનું જીવન નિરર્થક છે. માટે વાદળથી આચ્છાદિત થયેલા સૂર્યની જેમ હે પુત્ર, તારી વિયોગિની માતાને હવે વધારે સંતાપ ના કરાવ.'

માતાની દુઃખયુક્ત સ્નેહપૂર્ણ વાણી સાંભળીને પ્રદ્યુમ્ને વિદ્યાશક્તિથી પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું. ત્યારે મેઘથી આચ્છાદિત સૂર્ય વાદળમાંથી બહાર આવે તેમ પ્રદ્યુમ્નના રૂપથી રુક્મિણીના ઘરની ચારે દિશાઓ પ્રકાશિત થઈ ગઈ. લક્ષણોથી લક્ષિત, આભૂષણોથી વિભૂષિત, નર-નારીના મનને હરવાવાળા સુંદર રૂપવાળા પ્રદ્યુમ્ને માતાના મનની તુષ્ટિને માટે પ્રગટ થઈને માતાના ચરણકમલમાં નમસ્કાર કર્યા. ત્યારે દેવકુમાર સમાન પ્રદ્યુમ્નને જોઈને રુક્મિણીને એટલો આનંદ થયો કે તેનું વર્ણન કરવા માટે દેવો પણ સમર્થ નથી. લાંબા સમયે મળેલા પુત્રને રુકિમણી વારંવાર આલિંગન કરે છે, અને મસ્તકને વારંવાર ચુંબન કરે છે. રુકિમણી પુત્રને પોતાના સુખદુઃખની વાત કહે છે : 'પુત્ર, તારા વિયોગે મેં આજ સુધી ઘણું દુઃખ સહન કર્યું, એની તને શું વાત કરૂં ? પરંતુ મારા ભાગ્યથી આજે તું મને મળ્યો. મારૂં બધું દુઃખ નાશ પામ્યું. બેટા, તું નાનો હશે ત્યારે કેવો લાગતો હશે ? પાપિણી એવી મને તારૂં બાલસ્વરૂપ જોવા ના મળ્યું. નવ નવ મહિના તને પેટમાં રાખ્યો, પરંતુ ન તો તને સ્તનપાન કરાવી શકી કે ના બાળપણમાં રમાડી શકી. ધન્ય છે કનકમાલાને કે તેણે તારૂં બાળપણમાં લાલન–પાલન કર્યું. પુત્રનું બાળરૂપ જોવા ઝંખતી માતાને પ્રદ્યુમ્ને કહ્યું :

'મા, તારે મારૂં બાળસ્વરૂપ જોવાની ઇચ્છા છે, તો બતાવું.' એમ કહીને સર્વ વિદ્યામાં વિચક્ષણ પ્રદ્યુમ્ને ચમત્કારી સુંદર બાળસ્વરૂપ ગ્રહણ કર્યું અને માતાની આગળ ભાંખડીયા ભરતો આવીને માતાની ગોદમાં બેસી ગયો. બાળકને જોઇને રૂક્મિણી મનમાં ખુશ થઇ. તેણે વિચાર્યું: 'મારૂં કેવું મહાન પુણ્ય છે કે મને આવો વિદ્યાવાન પુત્ર મળ્યો.' એમ વિચારી ખોળામાં લઈ, આનંદપૂર્વક મધુર સ્વરે હાલરડા ગાવા લાગી, અને પોતાની ઇચ્છાને પૂર્ણ કરવા માટે પ્રેમથી તેને સ્તનપાન કરાવ્યું. તેને રમાડવા માટે સોના-રૂપા અને રત્નના બનાવેલાં અનેક રમકડાં લાવીને રમાડવા લાગી. પ્રદ્યુમ્ન પણ બાલભાવથી રમવા લાગ્યો. ક્ષણવારમાં રેતમાં આળોટે તો ક્ષણવારમાં જમીન ઉપર આળોટે. તો ક્યારેક માતાના ખોળામાં બેસી જાય. કોઇ વખતે માતાની આંગળી પકડીને મહેલમાં ફરે છે. ઠેસ વાગે છે ને પાછો પડી જાય છે. પગલી પગલી ચાલવાથી તેની ઘુઘરીઓના મધુર અવાજથી આંગણું ભરાઇ જાય છે. માતાએ પણ તેને બાળઅવસ્થાનાં આભૂષણો અને વસ્ત્રોથી શણગાર્યો. તે જાણે બાલસૂર્ય ના હોય! તેમ શોભી રહ્યો છે. માતાને ખુશ કરવા માટે બાલચેષ્ટા કરતો કાલીકાલી મીઠી ભાષાથી ખાવાનું માગે છે. પકવાન્ન આદિ બાળકને ખાવા લાયક વસ્તુઓ લાવી લાવીને આપે છે ત્યારે, 'ના મા, હું આ નહીં ખાઉં...મને જલેબી આપ.' જલેબી આપે ત્યારે કહે 'ઉંહું....એ નહીં લઉં....મને લાડુ આપ....' આ પ્રમાણે માતાને ખીજવવા માટે નવા નવા તુક્કા લગાવે છે. જે વસ્તુ ના હોય તે ક્યાંથી લાવી આપે? એટલે મોટા સ્વરે રાડો પાડીને રોવા લાગે છે. ધ્રૂસકાં ભરીભરીને જોરથી રડે છે. તેને શાંત કરવા માટે રુક્મિણી ઘણા ઘણા ઉપાય કરે છે; પરંતુ તે રોતો શાંત થતો નથી. તેના રૂદનથી કંટાળીને રૂક્મિણીએ કહ્યું: 'બસ, બેટા બસ, હવે શાંત થા! તારૂં આવું ભયંકર રૂદન તો મારાથી સહન થતું નથી.' ત્યારે પ્રદ્યુમ્ને હસીને કહ્યું: 'મા, તું સુકુમાર છે. મારૂં રૂદન તો વિદ્યાધરી જ સહન કરી શકે.' માતાની ઝંખનાને (ઇચ્છાને) આ રીતે પૂર્ણ કરીને, પોતાનું અદ્ભુત મૂળ સ્વરૂપ ગ્રહણ કરીને, માતાના ચરણમાં પ્રણામ કર્યા. **ખરેખર, વિનીત પુત્ર માતાની બધી જ ઇચ્છાઓ પૂર્ણ કરે છે.**

**निरीक्ष्य तनयं सर्वमनोरथप्रपूरकं । विद्याग्रद्योततः सद्य-स्तुतोष जननी हृदि ।५९।**
**सर्वरत्नाधिकं पुत्र-रत्नं ज्ञात्वा विशेषतः । पुनरालिंगनं दत्वा, जननी यावता स्थिता ।६०।**
**लुंटितु निलयं ताव-द्बलभद्रेण कोपतः । उत्कटाः सुभटास्तत्र, संप्रेषिताः समाययुः ।६१।**
**तान् समालोक्य वीभत्सान्, विविधायुधधारिणः । प्रद्युम्नो मातरं प्राह, क एते वीरमानिनः ।।**
**सावोचत्सत्यभामाया, लोकास्त्वया विडंबिताः। तयोक्तं बलदेवस्य, तेनैते, प्रेषिताः क्रुधा ।६३।**
**पणः कृतो यदा पूर्वं, मया च सत्यभामया । तदायं प्रतिभू रामो, यादवेषु कृतोऽभवत् ।६४।**
**तेन संप्रेषिता एते, लुंटिष्यंति गृहं मम । नैषां निवारकः कोऽपि, वर्त्तते हि बलो बली ।६५।**
**इति दीनवचो मातु-र्निशम्य मदनोऽवदत् । निरिक्षस्व बलीयस्त्वं, रामस्य दर्शयाम्यहं ।६६।**
**मातोवाचाधुना बाल-स्त्वमेते युद्धकारिणः । तिष्ठ तिष्ठाधुनावत्स, मौनमाधाय मंदिरे ।६७।**
**कुशलं तव देहस्य, यदि पुत्र भविष्यति । समस्तमपि संपूर्णं, समस्ति वस्तु तर्हि मे ।६८।**
**जनन्या वचनं श्रुत्वा, निःशकं नंदनोऽवदत् । बलदेवजनैरेतै-र्मा मां भापय सर्वथा ।६९।**
**यथा हरेः पुरो हस्ति-घटा नश्यति दूरतः । तथामी त्वत्प्रसादेन, नंक्ष्यंति पुरतो मम ।७०।**

कथयित्वेति मातुः स, विद्यां प्रैषीत्स्वशक्तितः । गत्वा प्रतोलिकां सापि, बभूव विप्रवेषभृत् ।।
अतिस्थूलोदरं श्रांतं, प्रौढदेहं भयावहं । रूपं कृत्वा च विस्तार्य, क्रमौ तद्द्वार्यशेत सः ।७२।
तावत्समागतास्तत्र, रामेण प्रहिता भटाः । विद्यया स्तंभयित्वा तान्, तान् मुमोचैकं प्रजल्पितुं ।।
तेन केशवसंसद्या–सीनस्य नीलवाससः । प्रोक्तं सोऽपि क्रुधाध्मातो, जगाद कठिनं वचः ।७४।
माननीया न केनापि, रुक्मिणी मंत्रधारिणी । संजातास्ति यतः कृष्णोऽनया मंत्रैर्वशीकृतः ।।
मंत्रस्य बलमेतस्या, गत्वा पश्याम्यहं द्रुतं । इत्युदित्वा स उत्थाय, रुक्मिणीगेहमागमत् ।७६।
रामस्तत्र समागत्य, हसित्वा चाह रुक्मिणी । विद्यासिद्धा प्रजातासि, सेविता कापि योगिनी ।।
विद्यया जनितो वश्यो, बलीयानपि माधवः । ममापि सेवका युद्धे, योद्धारः स्तंभितास्तया ।।
भवेच्च स्तंभनं मेऽपि, तव यद्यथ विद्यया । तर्हि ज्ञास्याम्यहं तस्याः, प्रत्ययं सुनृतं हृदि ।७९।
प्रजल्पन्निति रुक्मिण्या, गृहद्वारं स यावता । समेतस्तावता तत्र, सुप्तं ब्राह्मणमैक्षत ।८०।
अन्नेन जठरं भृत्वा, रुद्ध्वा मार्गं समंततः । द्वारे प्रसुप्तमालोक्य, वाडवं प्रजजल्प सः ।८१।
अहो ब्राह्मण ! मार्गं त्वं, गंतुं मुंचोत्सुकस्य मे । सद्भिरुल्लंघनीयो न, नूनं विप्रो विशेषतः ।८२।
तेनेत्युक्ते स भूदेवो, जगाद यादवोत्तम । सत्यभामागृहे भुंक्त्वा धुनैवाहं समाययौ ।८३।
पदमात्रमपीतोऽहं, नास्मि गंतुमहो क्षमः । पणं कृत्वा गृहे तस्या, भुक्तमन्नं महत्तमं ।८४।
वलित्वा त्वमतो याहि, सांप्रतं कृपया मम । उत्थातुमक्षमो वर्ते, श्रुत्वेति सान्वतोऽवदत् ।।
कुक्षिंभरे ह्यरे विप्र, भृत्वा जठरमात्मनः । सुप्तः कार्यवियुक्तस्त्व–मस्माभिः सह भाषसे ।८६।
कालक्षेपविधानेन, मम कार्यं विसीदति । अस्ति प्रयोजनं प्राज्यं, भवने गमनेन च ।८७।
आकंठं परकीयं त्वं, लब्ध्वा यत्नं विनान्नकं । भुक्त्वाजगरवद्द्वारि, पतितो वर्त्तसे द्विज ।८८।
भांडान्यन्नेन पूर्णानि, संभवेयुः कदाचन । उदरं तु त्वदीयं न, संभवेद्वाडवाधम ।८९।
भवेद् द्विजन्मनां प्रायो, भक्षणे लौल्यमुच्चकैः । भक्षितं त्वयका तेन, भविष्यत्यप्रमाणकं ।९०।
एवमुक्ते द्विजन्मोचे, त्वमहो क्षत्रियाधम । स्वरूपं वेत्सि विप्राणां तर्हि ब्रूषे कथं मम ? ।९१।
कोपेनोचे तदा रामो, माकर्षीस्त्वं कदाग्रहं । तवैकशो मया प्रोक्त–मुत्तिष्ठोत्तिष्ठ दुष्ठधीः ।।
उत्थास्यसि न यर्हि त्वं, तत्कदाग्रहज फलं । गृहाणेति भणित्वा स, तत्क्रमौ पाणिनाग्रहीत् ।।
गृहीत्वा तौ पुरद्वार–प्रांतं यावत्स सान्वतः । अघर्षत्तं पुनः पृष्टे–ऽपश्यत्तत्रैव तद्वपुः ।९४।
विद्याप्रयोगमालोक्य, मुशलो रुक्मिणीं जगौ । मयापि सह चेष्टां त्वं, करोषि विद्यया स्वयं ।।
त्वं नूनं न हि सामान्या, शाकिनी वर्तसेऽथवा । त्यजत्येव गृहं सापि, त्यक्तोऽहमपि न त्वया ।।
एका स्त्री मानिता भर्त्रा, सापि विद्यसमन्विता । अन्यं कं मानयेन्मर्त्यं, तुच्छप्रकृतिका मदात् ।।
ततो मामपि विद्याया, बलेनेयं निपीडयेत् । तथा विडंबयाम्येनां, यथा जानात्यसावपि ।९८।
भाषमाणो निजाद्वक्त्रा–दिति कोपारुणेक्षणः । पुनरप्यागतो द्वार–देशे संकर्षणः क्षणात् ।९९।
तं वीक्ष्य भृकुटीभीमं, प्रद्युम्नः प्राह मातरं । वीरमानी क्रुधाक्रांतः, कोऽयं समेति पूरुषः ।१०००।

सोचे पुत्र ! पितृव्यस्ते, श्वसुरोऽयं समस्ति मे । ज्येष्टः सहोदरस्ताव—कीनस्य जनकस्य च ।१।
निःशेषकार्यकर्त्ताऽयं, संग्रामायैति सान्वतः । प्राणेभ्योऽपि निजेभ्यश्च पितुस्तवास्ति वल्लभः ।।
अनल्पबलसंयुक्ते—रपि यादवसंचयैः । आदेशः खंडयते नास्य, देवतादिष्टवाक्यवत् ।३।
बलेन कलया शीलाद्यैरन्यैरपि सद्गुणैः । अनेन सदृशः कोऽपि, योद्धा न वर्त्तते भुवि ।४।
एतस्य पादयोः पुत्र—पतनेनैव जीवनं । अन्यथा न ततोऽस्यांध्रि—द्वितयं प्रणम द्रुतं ।५।
स्मित्वाह तनयो मातः, कृत्वा संग्राममेकशः । एतस्य मम चाशेष—वीरत्वं दर्शयामि ते ।६।
पश्चात्सुखकरं वाक्यं, वक्षसि त्वं यथा मम । तथाहं प्रकरिष्यामि, कुर्वे पूर्वं कुतूहलं ।७।
प्राप्तस्य चिरकालेन, माभूदेतस्य घातनं । स्नेहेनेति पुनः प्रोचे, वत्स त्वं लग पादयोः ।८।
स कोऽपि भुवने नास्ति, युद्धयतेऽनेन यः पुमान् । बलीयानपि रामस्य, प्रणामेनैव जीवति ।९।
सुतोऽवक् क्षणमेकं त्वं, निःशंका पश्य कौतुकं । इत्युक्त्वाश्वासिता तेन, जननी स्नेहलालसा ।।
प्रतोलीस्थेन विप्रेण, योध्धुं समेति सान्वतः । तावता संहृता तेन, माया विप्रमयीकृता ।११।
तां संहृत्य मृगेंद्रोऽसौ, बभूव भूरिकेसरः । चारुदंष्ट्र ऊर्ध्वपुच्छः, सिंहनादेन संयुतः ।१२।
तं गेहांतरतो वीक्ष्य, समागच्छंतमुत्कटं । रामोऽपि क्षोभनं प्राप्त, सहसा दर्शनेन तु ।१३।
पुंसा चिरंतनेनापि, मध्ये भूपालसद्मनः । सिंहस्य सोऽस्थातद्दृष्टा, न संश्रुता कदाचन ।१४।
यदयं दृश्यते गेहा—द्विनिर्गच्छन् भयंकरः । लीलयास्फालयन् पुच्छं, रुक्मिण्यास्तद्विचेष्टितं ।।
नेयं मम लघुभ्रातु—रुचिता मंत्रतंत्रिणी । कुर्यात्कार्मणमप्येषा, विरक्ता स्त्री हि पापिनी ।१६।
ध्यायन्निति पुरः कृत्वा, वामं तं दुर्जयौजसं । स्वहस्तमुत्तरीयेण, संवेष्ट्याकारयत्स हि ।१७।
तेन हक्कारितः सोऽपि, रोषात्सन्मुखमागतः । पाणिभ्यां चरणाभ्यां च, बलभद्रमताडयत् ।।
रामोऽपि बलदेवत्वा—त्तस्य घातेन नो मृतः । सज्जीभूय पुनः सोऽपि, हर्षाद्धुस्तमतर्जयत् ।१९।
तथापि न मृतः सोऽपि, निरुपक्रमजीवितः । इति युद्धे मिथो जाते, न कोऽप्याप जयाजयौ ।२०।
ततः प्रादुर्भवत्पुण्यः, प्रद्युम्नः सिंहरूपभाक् । चपेटैर्बलमास्फाल्य, प्रापयद्विष्णुपर्षदि ।२१।

સર્વ મનોરથોને પૂર્ણ કરનાર, વિદ્યાવાન્ અને સર્વ રત્નથી અધિક એવા પુત્રને નીરખી નીરખી ખુશ થતી રુક્મિણી, વારંવાર આલિંગન આપી સંતુષ્ટ થઇ રહી છે, તેવામાં બલભદ્રે મોકલેલ બળવાન સુભટો તેનું ઘર લુંટવા માટે આવ્યા. વિવિધ શસ્ત્રોને ધારણ કરીને આવેલા સુભટોને જોઇને પ્રદ્યુમ્ને માતાને પૂછયું : 'આ કોણ વીરપુરુષો છે ?' રુક્મિણીએ કહ્યું : 'વત્સ, સત્યભામાના પરિવારની તેં વિડંબના કરેલી, તેની ફરિયાદ સત્યભામાએ બલભદ્રને કરી હશે. કારણ કે અમે જ્યારે કેશદાનની શરત કરેલી ત્યારે યાદવોમાં સાક્ષીરૂપે બલભદ્રને રાખ્યા હતા. તેથી ક્રોધાયમાન થયેલા બલભદ્રે મારૂં ઘર લુંટવા માટે સુભટોને મોકલ્યા લાગે છે. હવે બલભદ્રને રોકવાની કોઇનામાં તાકાત નથી.' માતાનાં દીન વચન સાંભળીને પ્રદ્યુમ્ને કહ્યું : 'માતા, એ બળવાન બલભદ્રને બતાવી આપું કે કેવી રીતે તારૂં ઘર લુંટી શકે છે.' ત્યારે માતાએ કહ્યું : 'નહીં બેટા, તું બાળક છે. આ લોકો તો યુદ્ધકલામાં પાવરધા છે. માટે હમણાં મૌન લઇ ઘરમાં બેસ. ભલે, મારૂં સર્વસ્વ લુંટી જાય ! મારે તો તું કુશળ રહે એ જ મારૂં સર્વસ્વ છે.'

માતાનાં વચન સાંભળી પ્રદ્યુમ્ને કહ્યું : 'મા, તું મને બલભદ્રના માણસોથી ડરાવ નહીં. જેમ સિંહ આગળ હાથીઓનાં ટોળાં ઊભાં રહી શકતાં નથી, તેમ તારી કૃપાથી મારી આગળ આવા સેંકડો બલભદ્ર આવે તો પણ તેમનું કંઇ ચાલવાનું નથી. તું નિર્ભય અને નિશ્ચિંત થઇને બેસ.' આ પ્રમાણે માતાને સ્વસ્થ કરીને પ્રદ્યુમ્ને પોતાની વિદ્યાશક્તિથી પહાડ જેવી સ્થૂલ કાયાવાળા અને મોટા પેટવાળા બ્રાહ્મણનું ભયંકર રૂપ કરીને દરવાજા આગળ મોકલ્યું. બે પગ પહોળા કરીને દરવાજાની વચ્ચોવચ તે સૂતો. તેટલામાં બલભદ્રના સુભટો આવી ગયા. વિદ્યા-શક્તિથી તેમાંથી એકને કહેવા માટે બાકી રાખીને બીજા બધાને ત્યાં ને ત્યાં થંભાવી દીધા. ત્યારે છૂટો રહેલો સૈનિક દોડીને વિષ્ણુની રાજસભામાં પહોંચ્યો અને બધી વાત બલભદ્રને કહી. ત્યારે ક્રોધથી ધુંઆપુંઆ થયેલા બલભદ્રે કહ્યું : 'કોઇને પણ માનવામાં ના આવે, પરંતુ નક્કી આ રુકિમણી મંત્ર–તંત્ર અને કામણટુમણ કરનારી છે. કૃષ્ણને પણ મંત્રશક્તિથી વશ કરી દીધો છે. હવે હું જઇને જોઉં છું કે એનું મંત્રબળ ક્યાં સુધી ટકી શકે છે?' રાજસભામાં આ પ્રમાણે કહીને બલભદ્ર રુકિમણીના ઘેર આવ્યા, અને હસીને મોટા સ્વરે રુકિમણીને ઉદ્દેશીને બોલ્યા : 'તું વિદ્યાસિદ્ધ થઈ છે અથવા કોઇ યોગિનીને સાધી લાગે છે. મંત્ર–તંત્ર કરીને તો બળવાન એવા મારા ભાઈને તેં વશ કરી દીધો છે. યુદ્ધ કરવા આવેલા મારા સુભટોને પણ તેં થંભાવી દીધા. હવે ચલાવ, મારા ઉપર તારી વિદ્યા ચલાવ. મને થંભાવી દે તો હું જાણું કે તારી વિદ્યા સાચી.' આ પ્રમાણે બોલતા બોલતા બલભદ્ર રુકિમણીના મહેલના દ્વાર પર આવ્યા. ત્યાં તો બારણા વચ્ચોવચ બે પગ લાંબા કરીને સુતેલા બ્રાહ્મણને જોયો. અન્નથી પેટ ભરીને ચારે બાજુથી માર્ગ રોકીને સુતેલા બ્રાહ્મણને જોઇને કોપાયમાન થયેલા બલભદ્રે બ્રાહ્મણને કહ્યું : 'અરે બ્રાહ્મણ, મારે ઘરમાં જવાની ઉતાવળ છે, માટે માર્ગમાંથી હટી જા. સજ્જન પુરુષો કોઇને ઓળંગીને જતા નથી, માટે જલ્દી હટ.'

ત્યારે બ્રાહ્મણે કહ્યું : 'હે યાદવોત્તમ, સત્યભામાના ઘેર પેટપૂર્ણ જમીને હું હમણાં જ આવ્યો છું. અહીંથી એક પગલું પણ ચાલી શકું તેમ નથી. શરત કરીને આકંઠ જમ્યો છું, માટે આપ કૃપા કરીને આ બાજુથી સરકીને જાવ. મને ઉઠાડવાનો પ્રયત્ન ના કરો.' બલભદ્ર બોલ્યા : 'અરે ઉદરભરી બ્રાહ્મણ, પેટ ભરવા માટે જ જન્મ્યો લાગે છે. આ રીતે પેટ ભરીને નવરો થઈને સુતો છે. મારે ઘણું કામ છે, વિલંબ શા માટે કરે છે? મારી સામે આમ ચપચપ બોલતાં તને શરમ નથી આવતી? ધાન્ય પારકું હતું, પણ પેટ તો પારકું ન હતું ને? પેટ તો તારૂં હતું. આમ આકંઠ પેટ ભરીને બારણા વચ્ચોવચ અજગરની માફક પડ્યો છે. ધાન્યથી તો પાત્ર ભરાય, કંઈ પેટ ભરાય નહીં. તમે લોકો બ્રાહ્મણો ખાવાના એટલા બધા લોલુપી છો, એવા અધમ છો કે પોતાના પેટનું પણ ભાન રહેતું નથી.' આ સાંભળીને બ્રાહ્મણે કહ્યું : 'તમે અધમ ક્ષત્રિય છો. બ્રાહ્મણોનું સ્વરૂપ જાણતા નથી, તેથી જ જેમતેમ બોલો છો.' ત્યારે ક્રોધિત બનેલા બલભદ્રે કહ્યું : 'હું તને સત્ય કહું છું. તું કદાગ્રહ ના કર. હવે એક વખત કહું છું કે તું અહીંથી ઊભો થા. આટલું કહેવા છતાં નથી ઉઠતો તો હવે તારા કદાગ્રહનું ફળ ચખાડું.' એમ કહીને બલભદ્ર તેના બે પગ પકડીને ઢસડવા જાય છે, ત્યાં તો બલભદ્ર પોતે જ પાછળ પટકાઈ ગયા, અને તેમનું શરીર ઘસડાવા લાગ્યું. આ પણ વિદ્યાનો પ્રયોગ જાણીને બલભદ્રએ રુકિમણીને કહ્યું : 'મારી સાથે પણ તું વિદ્યાની ચેષ્ટા કરે છે? નક્કી, તું કોઇ સામાન્ય સ્ત્રી નથી, પરંતુ કોઈ શાકિની લાગે છે. મને પણ તેં બાકી રાખ્યો નહીં. બસ, હવે તો તારે આ ઘર છોડવું જ પડશે. એક તો સ્ત્રીજાત, એમાં વળી ધણીની માનીતી અને વિદ્યાવાળી! એટલે

બાકી શું રહે ? અભિમાનથી બીજાને તુચ્છ જ માને એમાં શું નવાઇ છે ? પરંતુ તું જાણી લે, વિદ્યાના બળથી મને તું જેવી રીતે પીડા આપી રહી છે, તેના કરતાં દશ ગુણી વિડંબના તારે ભોગવવી પડશે.' આ પ્રમાણે ક્રોધથી ઉંચે સ્વરે બોલતા દરવાજા પાસે આવ્યા. ક્રોધથી ભયંકર આકૃતિને ધારણ કરતા બલભદ્રને જોઇને પ્રદ્યુમ્ને માતાને પૂછ્યું : 'આ કોણ વીર પુરુષ છે ?'

માતાએ કહ્યું : 'વત્સ, આ તારા કાકા અને મારા જેઠ સસરા છે. તારા પિતાના મોટા ભાઇ છે. યાદવોના સંગ્રામ આદિ સમસ્ત કાર્યના કર્તા છે. તારા પિતાને તે પ્રાણથી પણ અધિક પ્રિય છે, બળવાન અને પરાક્રમી યાદવો પણ તેમની એક પણ આજ્ઞા ઉત્થાપતા નથી. તેમના એકેક વચનને યાદવો દેવ આજ્ઞા તુલ્ય માને છે. બળ, બુદ્ધિ, કળા અને શીલ આદિ સદ્ગુણો વડે તેમના જેવો કોઈ પુરુષ જગતમાં શોધ્યો ના મળે. માટે હે વત્સ, તું જઇને તેમના ચરણમાં પ્રણામ કર. નહીંતર તારૂં જીવિત નથી, એમ માનજે. માટે જા જલ્દી અને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કર.' રુકિમણીની વાત સાંભળીને હસીને પ્રદ્યુમ્ને કહ્યું : 'માતા, એક વખત તેમની સાથે સંગ્રામ કરીને મારૂં પરાક્રમ બતાવું, પછી તું જેમ કહીશ તેમ હું કરીશ. તે પહેલાં એક કુતૂહલ કરૂં.' માતાએ કહ્યું : 'ના બેટા, હવે આપણે કંઇ કરવું નથી. લાંબા સમયે તું મળ્યો અને એમાં જો તારો ઘાત થાય તો મારે તો વગર મોતે મરવું પડે. મારી શું દશા થાય ? તેનો તું વિચાર કર. જગતમાં એમના જેવો કોઇ યુદ્ધવીર બળવાન પુરુષ નથી કે જે એમને જીતી શકે. માટે જ તને કહું છું : તું જા અને નમસ્કાર કર.' પ્રદ્યુમ્ને કહ્યું : 'માતા, એક ક્ષણમાત્ર તું નિઃશંક બની જા. મારૂં કૌતુક તો જો.'

આ પ્રમાણે માતાને આશ્વસ્ત કરીને દરવાજામાં રહેલા બ્રાહ્મણના રૂપનું સંહરણ કરીને તેના સ્થાને ભયંકર કેશરી સિંહ વિકુર્વ્યો. મોટી મોટી કેશરાઓ, સુંદર દાઢા અને ઉંચું કરેલું પૂંછડું. સિંહનાદ કરતો ઘરમાંથી પોતાની સામે એકાએક આવતા એવા કેશરી સિંહને જોઇને બલભદ્ર એક ક્ષણ ક્ષોભ પામી ગયા. 'અરે, જુનાપુરાણા માણસોએ પણ રાજાના મહેલમાં કયારે પણ સિંહને જોયો નથી અને સાંભળ્યો પણ નથી. ત્યારે આ તો જાણે ગુફામાંથી ક્રીડા કરતો નીકળતો હોય તેમ લીલાપૂર્વક ઘરના મધ્યભાગમાંથી આવી રહ્યો છે. નક્કી આ રુકિમણીનું જ ચેષ્ટિત છે. આવી કામણટુમણથી ભરેલી, મંત્ર-તંત્રવાળી સ્ત્રી મારા ભાઈ માટે બિલ્કુલ યોગ્ય નથી.' આ પ્રમાણે વિચાર કરતા બલભદ્રે ડાબા હાથે પોતાના ઉત્તરીય વસ્ત્રને પાશરૂપ બનાવી રોષથી સિંહને પડકાર કર્યો. સિંહ પણ બલભદ્રને બે હાથ અને પગ વડે મારવા લાગ્યો. પરંતુ રામ (બલભદ્ર) બલદેવ હોવાથી નિરૂપક્રમી આયુષ્યવાળા હોઇ તેના ઘાતથી તેમનું મરણ થયું નહીં. સ્વસ્થ થઇને ફરીથી બલભદ્રે તેના ઉપર પત્થર ફેંકયો. સિંહે પણ બલભદ્ર ઉપર જોરદાર હુમલો કર્યો. આ પ્રમાણે બલભદ્ર અને સિંહના પરસ્પરના યુદ્ધમાં બેમાંથી કોઇનો પણ જય-પરાજય થયો નહીં. સિંહરૂપ પ્રદ્યુમ્ને આગળ બલભદ્ર અને પાછળ પોતે (સિંહ રૂપે) ચપેટા મારતા મારતા છેક વિષ્ણુની રાજસભા સુધી બલભદ્રને પહોંચાડી દીધા. હાંફતા હાંફતા બલભદ્ર પણ હતાશ થઈને વિચારમગ્ન બની ગયા.

**पुरतः सान्वतस्यापि, संप्राप्य जयमद्भुतं । स्वरूपं प्रकटीकृत्य, मातरं प्रणनाम सः ।२२।**

**विद्यापराक्रमौ सूनो-रवलोक्य प्रहृष्टया । पुष्टं तया त्वया वत्स, क्व मुक्तो नारदो मुनिः ।२३।**

**उपकारी विना हेतुं, बंधुः संबंधमंतरा । अनाहूतः सहायः स, भक्तः संपूर्णवत्सलः ।२४।**

पूर्वं शुद्धिः कृता येन, येन त्वं मेलितो मम । येन मे नाशितं कष्टं, स कुत्र वर्तते मुनिः ।२५।
तनयोऽभ्यदधन्मात--र्यो वैताढ्यशिलोच्चयात् । मया समं समायात--स्तमेव त्वं प्रजल्पसि ।२६।
इत्थमेवेति सा प्राह, तदावादीदसौ मुदा । द्वारिकाया बहिर्व्योम विमानस्थः स तिष्ठति ।२७।
साऽऽचख्यौ स कथं तत्र, तिष्ठत्यत्र समेति न । पुत्रो जगाद ते बध्वा, रक्षार्थं मुमुचे मया ।२८।
हसित्वा मुदिता सोचे, त्वं मयापि समं हसेः । अपाणिगृहीतस्यापि, क्व ते कांता स्नुषा च मे ।।
प्राज्यां जनयितु प्रीतिं, मातरं प्रजजल्प सः । अविनीतं विजानासि, किं मां यदिति भाषसे ।३०।
हास्यं यदि करिष्यामि, संति स्थानानि भूरिशः । त्वया सह कथं तर्हि, मया तत्प्रविधीयते ।३१।
दुर्योधनेन या कन्या, भानवे प्रेषिताऽभवत् । सा मयापहृता भिल्ल--वेषं विधाय वर्त्मनि ।३२।
पुरापि स्वीकृतं ह्येत--द्युवाभ्यामभवद् ध्रुवं । आद्य उद्वहते पुत्रः, कन्यां दुर्योधनार्पितां ।३३।

आद्योऽहं मयि सत्येतां, भानुरुद्वहते कथं ?। विचार्येति मया हृत्वा, सोढा रक्षति तां मुनिः ।३४।
मयैव सकलं सत्य--भामया रक्षितं वनं । विनाशितं सरोवापी--कूपादयोऽपि शोषिताः ।३५।
व्यत्ययः सर्ववस्तूनां, वसुदेवपराभवः । जनितं सत्यभामाया, विडंबनं मयैव च ।।३६।।
पित्रोरनुद्यमेनैव, पाणिग्रहणनिर्मितेः । वैरिणां च पराभूति--कृतेः --संतोषमाप सा ।।३७।।
आबाल्यादपि भूयिष्टं--भाग्यं च शक्तिमद्भुतां । ज्ञात्वा हर्षोल्लासच्चित्ता, माता सा तमभाषत
येन त्वमुद्यमं कृत्वा. मेलितो मम बंधुना । अथ तं तां स्नुषां द्रष्टु--काममुत्सहते मनः ।।३९।।
परोपकारिणं तं च, त्वं मेलयाविलंबतः । इत्युक्ते तनयोऽवोच--त्कथं तं मेलयाम्यहं ।४०।
स्वस्मिन् यदि कुटुंबेऽहं, प्रथमं मिलितोऽभवं । तर्हि मे मेलयाम्येतौ, सोचे प्राग्जनकं मिल ।४१।
तेजस्विराजिभिः प्राज्यै--र्यादवौघैर्निषेवितं । प्रणामकरणेन त्वं, स्वतातमपि तोषय ।।४२।।
स प्राहाऽज्ञातवंशो यः, सुतो विद्याबलान्वितः । विद्याबले दर्शयित्वा, पश्चात्स्वयं प्रकाशयेत् ।
ततोऽहमेकशः पूर्वं, पित्रा च बांधवैः सह । युद्धं करोमि पश्चान्मां, ज्ञास्यंति तेऽखिला अपि ।
गत्वा गृहे रंक इव, स्वाख्यां किं कथयाम्यहं । त्वदीयस्य तनूजस्य, युक्तमेवं न भाषणं ।।४५।।
तदा माता जगौ वत्स, मावादीस्त्वमिति ध्रुवं । गुरून् प्रणमतां नृणां, भवेत्प्रत्युत गौरवं ।४६।
जनकश्च पितृव्यस्ते, बलिनो यादवा अपि । शक्यंते न त्वया जेतुं, समुदायो हि दुर्जयः ।४७।
एतेषां पुरतः पुत्र, हारिते नमनं हि यत् । तद्भविष्यति निंदायै, नम प्रथममेव तत् ।।४८।।
स्वविद्याशक्तिविश्वासं, जानन्नाह स मातरं । माभैषीस्त्वं मनाक्किंतु, ममैकं वचनं कुरु ।४९।
सा प्रोचे वचनं तर्हि, किं मम त्वं प्रजल्पसि । सोऽवोचद्यत्र वर्त्तते, नारदर्षिश्च ते वधूः ।।५०।।
प्रसादं प्रविधाय त्वं, समेत्य च मया समं । तत्र तिष्ठ तयोः पार्श्वे, भयेन परिवर्जिता ।।५१।।
मच्चिन्ता न त्वया कार्या, मुक्त्वैकं नेमिनं जिनं । इतरेभ्यो न मे भीतिः, कृपालुस्तीर्थकृत्स तु ।
पौत्रं वचः समाकर्ण्य, विद्यापराक्रमोत्कटं । जननी चिंतयामास, प्रकरोम्यथ किं विधे ! ।

**यद्यस्य वचनं कुर्वे, नाहं तर्हि पतिव्रता । अन्यथा रोषयोगेन, वैताढयेऽयं प्रयास्यति ।।५४।।**
**कल्पनामिति कुर्वत्या—स्तस्याः प्रादुरभून्मतिः । पुत्रस्यैव वचः कुर्वे, स प्रिय उभयोरपि ।५५।**
**कृत्वा विचारणामेवं, पुत्रेण सह धीमता । प्रयाणमुररीचक्रे, स्नेहलालसया तया ।।५६।।**

બલભદ્રની આગળ પણ અદ્‌ભુત પ્રકારનો વિજય પ્રાપ્ત કરીને પોતાના મૂળ સ્વરૂપે આવીને પ્રદ્યુમ્ને માતાના ચરણમાં નમસ્કાર કર્યા. વિદ્યાવાન્ અને પરાક્રમી પુત્રને જોઈને હર્ષિત થયેલી માતાએ પૂછયું : 'વત્સ, નિષ્કારણ ઉપકારી, અબંધુઓના બંધુ સમાન, ભક્તવત્સલ એવા નારદ ઋષિને તેં કયાં રાખ્યા છે ? જે ઋષિએ તારી શોધ કરી આપી, તને મેળવી આપ્યો અને મારા સઘળા દુઃખોનો નાશ કર્યો, એવા પિતૃતુલ્ય નારદજીના દર્શન કરવાની મને તીવ્ર ઉત્કંઠા છે.' પ્રદ્યુમ્ને કહ્યું : 'માતા, મેં તને નહોતું કહ્યું કે વૈતાઢ્ય પર્વતથી તે મારી સાથે આવેલા છે અને હાલ તો દ્વારિકાની બહાર આકાશી વિમાનમાં બેઠેલા છે.' રુકિમણીએ કહ્યું : 'પુત્ર, તેમને દ્વારિકાની બહાર આકાશમાં કેમ બેસાડી રાખ્યા છે ?' પ્રદ્યુમ્ને કહ્યું : 'તારી પુત્રવધૂનું રક્ષણ કરવા માટે રાખ્યા છે.' ખુશ થયેલી રુકિમણીએ હસીને કહ્યું : 'શું તું મારી સાથે પણ હાંસી કરે છે ? પરણ્યા વિના કયાંથી તારી વહુ અને મારી પુત્રવહુ આવી ?' માતાને વિશેષ પ્રકારે ખુશ કરવા માટે પ્રદ્યુમ્ને કહ્યું : 'માતા, શું તું મને અવિનીત માને છે ? મારે હાંસી કરવાના ઘણા સ્થાનો છે. કંઇ તારી સાથે આ રીતે હાંસી કરતો હોઈશ ? દુર્યોધને જે કન્યા ભાનુકુમાર માટે મોકલી હતી, તેનું રસ્તામાં મેં ભિલ્લ રૂપે અપહરણ કરીને નારદજીને સોંપી છે. તમારા બંનેની શરત મુજબ જે પહેલો પુત્ર હોય તે દુર્યોધનની કન્યાને પરણે. તેથી પ્રથમ પુત્ર હું છું. તો મારા હોવા છતાં 'ભાનુકુમાર કઇ રીતે પરણી શકે ?' એમ વિચારીને મેં અપહરણ કરીને નારદજી પાસે રાખી છે. માતા, સત્યભામાના બધા વન-ઉદ્યાન મેં ઉજ્જડ કરી નાખ્યા, વાવ-કુવા-તળાવ-સરોવરોનાં પાણી શોષી લીધાં, તેના મંગલકલશોના ભૂક્કા બોલાવી દીધા, ભાનુકુમારનો પરાભવ કર્યો, વસુદેવ પિતામહ (દાદા) નો પણ પરાભવ કર્યો, તેમજ છેલ્લે સત્યભામાની જે વિડંબના કરાઈ તે તું સાંભળતાં સાંભળતાં હસીને બેવડ વળી જાય ! તેમજ સર્વ વસ્તુઓનો ફેરફાર કરી નાખ્યો.' તે વિગેરે બધી વાત રુકિમણીને કહી, ત્યારે રુકિમણીના આનંદનો કોઇ પાર રહ્યો નહીં. માતા-પિતાને મહેનત કરાવ્યા વિના પાણિગ્રહણ કર્યું અને પોતાના પ્રત્યે સતત માત્સર્ય રાખતી સત્યભામાનો પરાભવ થયેલો જાણીને સંતોષ પામી, છતાં રુકિમણી બોલી :

બાળપણથી જ તું પૂર્ણ ભાગ્યશાળી અને શક્તિશાળી છે, તો જેણે મહેનત કરીને તને મેળવી આપ્યો, એવા મારા નિષ્કારણ બંધુ નારદજી તેમજ મારી પુત્રવધૂનું મુખ જોવા મારૂં મન તલસી રહ્યું છે. તો વિના વિલંબે મને તેમની સાથે મેળાપ કરાવી આપ.' પ્રદ્યુમ્ને કહ્યું : 'હા, ચોક્કસ, આપણા કુટુંબમાં હું પહેલાં તમને જ મળ્યો છું. તો તમારી સાથે એ બંનેનો મેળાપ કરાવી આપું.' રુકિમણીએ કહ્યું : 'પહેલાં તારા પિતાને મળ, કે જે તેજસ્વી, પરાક્રમી અને બળવાન એવા કરોડો યાદવોને પૂજ્ય છે, સેવ્ય છે, એવા તારા મહાપ્રતાપી પિતાને નમસ્કાર કરીને તેમના દિલને ખુશ કર. તેમને સંતોષ આપ.' ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું : 'માતા, શું હું જઇને એમ કહું કે પિતાજી, હું તમારો પુત્ર છું. ના, ના, એમ ના બની શકે. જેનો વંશ અજ્ઞાત છે એવો વિદ્યાવાન પરાક્રમી પુત્ર, પોતાનું વિદ્યાબળ અને પરાક્રમ બતાવીને પછી જ પિતા પાસે પ્રગટ થાય. તેથી હું પહેલાં પિતા અને બંધુઓ સાથે યુદ્ધ કરીશ, પછી આપોઆપ એ બધા

મને જાણશે, પરંતુ સામે ચાલીને રંકની જેમ કહેવું કે 'હું તમારો પુત્ર છું.' એ તારા પુત્રને માટે બિલ્કુલ યોગ્ય નથી.' ત્યારે માતાએ કહ્યું : 'પુત્ર, તું એવું ના બોલ. ગુરુજનોને નમસ્કાર કરવાથી ઊલટું આપણું ગૌરવ વધે છે. પિતા, કાકા તેમજ બળવાન યાદવોને તું યુદ્ધમાં જીતી નહીં શકે. એ લોકો મહાબળવાન્ અને દુર્જય છે. તો એમની આગળ હાર્યા પછી નમવું એ નિંદાને પાત્ર બને છે. એના કરતાં પહેલાં જ તું જઈને નમસ્કાર કર!' પોતાની વિદ્યાશક્તિ પર સંપૂર્ણ વિશ્વાસ રાખતાં પ્રદ્યુમ્ને કહ્યું : 'માતા, તું જરા પણ ડરીશ નહીં. પરંતુ મારૂં એક વચન માન.' રુક્મિણીએ કહ્યું : 'બેટા, તારૂં કહ્યું બધું માનવા તૈયાર છું. કહે શું કરૂં?' તેણે કહ્યું : 'તું મારી સાથે ચાલ, જ્યાં નારદજી અને તારી પુત્રવધૂ છે, ત્યાં તને મૂકી આવું. તું નિર્ભયપણે નારદજી પાસે રહેજે. મારી કોઈ ચિંતા કરીશ નહીં. મને ફક્ત ભગવાન નેમિનાથ સિવાય બીજા કોઈનો ભય નથી. જ્યારે ભગવાન તીર્થંકર તો મહાન કરૂણાના સાગર છે, તેથી મને કોઈ ચિંતા નથી.' વિદ્યા અને પરાક્રમથી ઉત્કટ એવા પુત્રનાં વચન સાંભળીને માતા વિચારવા લાગી :

'અરે વિધિ, હું શું કરૂં? જો હું પુત્રનું વચન માનું છું તો પતિનો દ્રોહ કરનારી બનું છું. પતિવ્રતા તરીકે રહું નહીં. જો તેનું કહ્યું નથી માનતી તો રીસાઈને પાછો વૈતાઢ્ય પર્વત ચાલ્યો જશે. તો હાથમાં આવેલી બાજી હારી જાઉં છું. શું કરૂં?' એમ કલ્પના કરતાં કરતાં મનમાં એક વિચાર સ્ફુર્યો : 'હમણાં તો પુત્રનું કહ્યું માનું, કે જે બંને માટે હિતકારી થશે.' એમ વિચારી પુત્રની સાથે જવા માટે સ્નેહાળ એવી માતા રુક્મિણી તૈયાર થઈ.

**तदा स्वविद्यया तेन, मातरं करसंपुटे । गृहीत्वोत्पतितं व्योम्नि, भारंडपक्षिणेव च ॥५७॥**
**गत्वा तत्र क्षणं स्थित्वा, जनार्दनसभोपरि । लीलया संस्थितान् सभ्यान्, विनोदाय जगाद सः ।**
**अहो वीरा रणे धीराः, किं यूयं शर्मणा स्थिताः । युस्माकं स्वामिनी विष्णु–कामिनी मयका हृता ।**
**अहो यादवसंदोहाः, पांडवाः रणतांडवाः । अन्येऽपि वासुदेवस्य, सुभटा ये मदोत्कटाः ।**
**समस्ता अपि ते राज-लोकाः श्लोकाभिलाषिणः । यूयं भवत युद्धाय, सज्जा लज्जास्ति वो यदि**
**तनया भीष्मभूपस्य रूपस्य मंदिरं वरा । प्राणप्रिया मुकुंदस्य, नाम्ना ख्यातास्ति रुक्मिणी ।६२।**
**वराकं दमघोषस्य, तनयं नयवर्जितं । हत्वा सान्वतविष्णुभ्यां, याऽनिता तां हराम्यहं ॥६३॥**
**भवंतो बहव संति, संग्रामग्रामकारिणः । ह्रीयते तेषु युष्मासु, सत्सु सैकाकिना मया ॥६४॥**
**युष्माकं जीवितव्येन, तर्हि किं लोकनिंदिना । एकाकिनोऽपि मे पार्श्वा-द्यद चेयं न मोच्यते ।**
**भवतां चेच्च शक्तिः स्या–न्निजाभिमानरक्षणे । कृत्वा संग्राममुद्दामं, मोचयध्वममूं तदा ॥६६॥**
**विना युद्धविधानेन, नैनां मोक्षाम्यहं क्षणं । मत्तो न चिंतनीया भी–र्वर्त्तेऽहमपि मानवः ॥६७॥**
**युष्माकं युद्धकर्तृणां, पराक्रमपरीक्षणे । अतीवमहती वांच्छा, प्रवर्त्तते ममैकशः ॥६८॥**
**ततः सर्वेऽपि संभूय, दर्शयिष्यंति चेद् बलं । तर्ह्यहं रुक्मिणीमेनां, मोक्ष्यामि नान्यथा पुनः ।६९।**
**न देवो व्यंतरो नाह–मसुरो न नटो विटः । मया मनुष्यमात्रेण, हृतास्त्येषा स्वशक्तितः ।७०।**
**धीरा ये सुभटाः खेटा, भवेयुर्वीरमानिनः । ते सर्वेऽपि ममाभ्यर्णा–न्मानाय मोचयंत्वमूं ।७१।**

પ્રદ્યુમ્ન, પોતાની વિદ્યાશક્તિથી માતાને કરસંપુટમાં (હથેલીમાં) ગ્રહણ કરીને ભારંડ પક્ષીની જેમ આકાશમાં ઉડ્યો. ત્યાં વિષ્ણુની રાજસભા ઉપર ક્ષણમાત્ર સ્થિર રહીને સભ્યોને જણાવવા માટે પડકાર ફેંકયો. (અર્થાત્ બોલ્યો) : 'હે વીરો, રણમાં ધીર, સુખપૂર્વક રહેલા એવા હે સભાસદો, તમારા સ્વામી કૃષ્ણ મહારાજની પ્રાણપ્રિયા રુકિમણીનું હું અપહરણ કરી જાઉં છું. કરોડો યાદવો, રણશૂરા પાંડવો, તેમજ બીજા પણ કૃષ્ણ-વાસુદેવના પરાક્રમી સુભટો અને યશકીર્તિના અભિલાષી બીજા પણ રાજાઓ, જો તમને શરમ આવતી હોય તો મારી સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થાઓ. હું એક છું, તમે અનેક છો. ભીષ્મ રાજાની રૂપરૂપના અંબાર સમી પુત્રી રુકિમણી કે જેને દમઘોષ રાજાના પુત્ર શિશુપાલને હરાવીને લાવ્યા છે એવા કૃષ્ણ અને બલભદ્ર, એકાકી એવો હું તમારી એ રુકિમણીને લઇ જાઉં છું. તો સેંકડો યુદ્ધોને ખેલનારા એવા તમે મારી પાસેથી મુક્ત કરાવો. ક્રોડોની સંખ્યામાં બેઠેલા વીરપુરુષોની હાજરીમાં એકાકી એવો હું અપહરણ કરી જાઉં છું, તેની લજ્જા હોય તો મારી પાસેથી તેને છોડાવો. અને જો નહીં છોડાવી શકયા તો લોકમાં તમારી નિંદા થશે. એવા નિંદનીય જીવિત વડે શું ? માટે પોતાનું સ્વમાન જાળવવું હોય તો મારી સાથે યુદ્ધ કરીને રુકિમણીને મુક્ત કરાવો. બાકી, યુદ્ધ સિવાય એને મારા હાથમાંથી મૂકીશ નહીં. હું કોઈ ડરપોક નથી કે લુંટારો નથી. મારે તો યુદ્ધવીર એવા તમારા પરાક્રમની પરીક્ષા કરવી છે. માટે એક વખત તમારું બધળું સૈન્ય લઈને આવો અને તમારું પરાક્રમ બતાવી રુકિમણીને મુક્ત કરાવો. હું કોઈ દેવ નથી, વ્યંતર નથી, અસુર નથી, નટ કે વિટ નથી, હું એક મનુષ્ય માત્ર છું. મારી પોતાની શક્તિથી એનું અપહરણ કર્યું છે. જો તમારે યુદ્ધ કરવાની ઇચ્છા ના હોય તો ધીર, વીર, પરાક્રમી એવા બધા સુભટો અને રામ-કૃષ્ણ મારી પાસે રુકિમણીની ભીખ માગે (યાચના કરે) તો હું એને મુક્ત કરૂં.'

तस्याभिमानिकं वाक्य-माकर्ण्येत्यच्युताग्रजः । वातक्षोभितपाथोधि-रिव प्रचलतां दधौ ।७२।
तया मूर्छाजलेनालं, दृढचित्तोऽपि सान्वतः । मग्नस्तदा च सभ्यानां, स्फुटितो धैर्यपोतकः ।।
अतिधीरैस्तदा प्रोक्तं, स्वस्थीकृत्योपचारकैः समस्तानां त्वमाधारो, धरसि क्षोभतां कथं ।।
नाथ वर्त्तामहे ताव-कीना अनुचरा वयं । एनं विद्वेषिणं दुष्टं, हनिष्यामः क्षणादपि ।।७५।।
तेषां वाक्येन चैषोऽपि, धैर्यालंबनमादधौ । धीरो हि धीरसान्निध्या-द्धीरतां दधतेऽधिकां ।।
यथा कृशानुनाध्मातं, रुप्यं रक्तं प्रजायते । सान्वतो गौरवर्णोऽपि, रक्तः कोपादजायत ।।७७।।
कृत्वा ललाटपट्टे स, भ्रुवौ चक्रत्वसंयुते । बभूव भीषणः कोपा-द्विरुपो हि भवेन्नरः ।।७८।।
यावत्पांडुमहीशस्य, भीमादयश्च सूनवः । संग्रामायोत्थिताः सौवा, ऽऽसनेभ्यो भूरिकोपतः ।७९।
तावता धर्मपुत्रेण, बोधिताः संज्ञयैव ते । ज्ञायते शकुनाभावे, युष्माकं स्थिरता रणे ।।८०।।
प्रकुप्यते भवद्भिः किं, मुधा निजाभिमानतः । ज्ञास्यते शत्रुसंयोगे, स्थिरत्वं धरताधुना ।८१।
केचिच्छल्यमिवारार्तिं, जानंते निजचेतसि । कर्षंत इव तद्बाह्यो, जगदुर्दुष्टया गिरा ।।८२।।
वराकोऽयं दुराचारः, कियन्मात्रोऽस्ति नः पुरः । प्रजल्पंत इति क्रोधात्, कर्तयामासुरोष्टकान् ।
भूपालतनया अन्ये, तारुण्यबलगर्विताः । कातरान् कंपमानांगान्, जरतो जहसुर्भृशं ।।८४।।
केचित्क्रुधा निरुद्धाक्षा, युद्धे धृतमनोरथाः। मिथ आस्फालयामासु-रंधा इव दिनेऽपि च ।।८५।।

केचिद्दध्रुः शिलाः प्रौढाः, हस्ते खेटकसन्निभाः । केचिद्दृषन्मयान् स्तंभान्, महतो मुद्गरानिव।
ऊल्लांलयंति कुंतालि केचिदौत्कटयभाजिनः। खड्गानाकृष्य कोशेभ्यो, भ्रामयंति च चक्रवत् ।
तान् केचन समालोक्य, भीता जीवितनाशनात् । केचिदूचुस्तदा नायं, जेयो वैरी भवादृशैः ।।
संग्रामसूचिकां भेरीं, दापयंतु ततो द्रुतं । सुभटास्तेन नादेन, मिलिष्यंत्युत्कटा हठात ।।८९।।
तानादाय समं युद्धं, क्रियते वैरिणा यदि । दुःसाध्यो विजयोऽस्माकं, तर्ह्येव भविता भुवि ।।
इति श्रुते तु रामेण, रणभेरी प्रवादिता । तेऽपि तस्या निनादेन, गेहाद्योध्धुं समाययुः ।।९१।।
कस्यचित्कामिनी हस्तं, कस्यचिच्चरणांबुजं । कस्यचिद्वसनप्रांतं, भयेन व्यलगत्तदा ।।९२।।
बिभ्यतीस्ताः समाश्वास्य, युद्धोद्यता विनिर्गताः ।। शूरतादर्शनार्थं ते, वर्माण्यंगे न पर्यधुः ।९३।
संग्रामायोल्लसच्चित्ताः, केचित्संवर्मिता अपि । तथा प्रफुल्लिता देहे, यथा वर्माणि तुत्रुटुः ।९४।
हयद्विपरथारूढाः कोदंडाखंडहेतयः । निःस्वानरणतूर्याणां, नादैरपूरयद् दिशः ।।९५।।
वादयंतः प्रभूतानि, वादित्राणि नृपांगणे । संस्थिताः परितो व्याप्य, सर्वेऽपि मिलिता भटाः ।।
प्रलंबस्थूलदशना–श्चलंतः पर्वता इव । वर्षणैर्मदवारीणां, कर्दमीकृतभूमयः ।।९७।।
प्रेरिता इव कल्पांत–समीरेण समागताः । धाराधरा इव श्यामाः, रामाननविराजिताः ।९८।
कुद्दालैरिव भूभाग–खननेन खुरोत्करैः । भानुमुच्छलिता धूलि–राच्छादयत्समंततः ।।९९।।
तथा विधीयते हेषा, तुरगैर्हृदयंगमैः । स्यादकारणमन्येषां, वाजिनां वेगराजिनां ।।११००।।
शस्त्रतूणीरसन्नाह–संपूर्णाया रथावलेः । निर्गच्छंतश्च चीत्कारा सीत्कारा इव वैरिणां ।।१।।
वातेन कंपितेनेवा–कारयंतो भयद्रुतान् । ध्वजेन सहिताः सर्वे, स्यंदनाश्चेलुरद्भुताः ।२।
कृपाणबाणतूणीर–कुंतोग्रखेटपाणयः । उच्छलंतः समायाता, बलीयांसः पदातिकाः ।।३।।
शात्रवाजयकारीणि, निमित्तान्यखिलान्यपि । समालोक्यापि ते वीराः, समराय प्रतस्थिरे ।४।
यादवाः पांडवाः पेतु–रकुर्वंतो विचारणां । पतंगा इव संग्राम–प्रदीपेषु मुमूर्षवः ।।५।।
प्रभूतं कटकं वीक्ष्य, प्रद्युम्नोऽपि स्वमातरं । अकुर्वन् क्षोभनां चित्ते, मुमोच नारदांतिके ।६।
सापि नारदपादांते, संस्थिता विनयान्विता । सवधूं रुक्मिणीं तत्र, मुक्त्वा सोऽप्यगमद् भुवं ।७।

પ્રદ્યુમ્નના આવા અભિમાની વચન સાંભળીને વાવાઝોડાથી સમુદ્ર ખળભળી ઉઠે તેમ કૃષ્ણ મહારાજનું હૃદય હચમચી ગયું. મૂર્ચ્છિત બનેલા કૃષ્ણને જોઈને મજબૂત એવા બલભદ્રની તેમજ સભાજનોની ધીરજ તૂટી પડી. શીતલ ઉપચારોથી સ્વસ્થ કરીને ધીરપુરુષોએ કૃષ્ણને કહ્યું : 'નાથ, તમે તો બધાના આધાર છો. આપ શા માટે વ્યાકુળ થાઓ છો ? અમે આપના સેવકો છીએ, એક ક્ષણમાત્રમાં શત્રુને હણી નાંખીશું, આપ ચિંતા ન કરો.' તેઓના વચનથી કૃષ્ણ મહારાજ કંઈક સ્વસ્થ થયા. ધીર બની ગયા. ખરેખર, ધીર પુરુષોને પણ, ધીર પુરુષોના સાન્નિધ્યથી ધીરતાની અધિક વૃદ્ધિ થાય છે. અગ્નિના સંયોગથી જેમ રૂપુ (ચાંદી) શ્વેત હોવા છતાં રક્ત (લાલ) થઈ જાય છે, તેમ બલભદ્ર ગૌર વર્ણવાળા હોવા છતાં ક્રોધરૂપી અગ્નિથી લાલઘૂમ બની ગયા. કપાળમાં ભયંકર ભૃકુટીને ચઢાવી રૌદ્રસ્વરૂપ ધારણ કરીને રહ્યા. પાંડુ રાજાના ભીમ આદિ

પુત્રો સંગ્રામ માટે ક્રોધથી ધમધમતા આસન ઉપરથી ઊભા થઇ ગયા. ત્યારે યુધિષ્ઠિરે તેઓને ઇશારાથી સમજાવ્યું કે શકુનના અભાવે હમણાં સ્થિર રહો. અભિમાનમાં આવીને તમારે ફોગટ શા માટે ક્રોધ કરવો જોઇએ ? પહેલાં શત્રુને જાણવો જોઇએ. ત્યાં સુધી સ્થિર રહેવામાં ડહાપણ છે.' કોઇક શત્રુને પોતાના મનમાં શલ્યની જેમ જાણે છે. તેને બહાર ખેંચી કાઢવા માટે દુષ્ટ વાણીનો પ્રયોગ કરે છે : 'આ દુરાચારી આપણી આગળ શું માત્ર છે ?' આ પ્રમાણે ક્રોધથી બોલતા હોઠ કરડવા લાગ્યા. યુવાનીના મદમાં મસ્ત બનેલા કેટલાક રાજકુમારો ભયથી ધ્રુજતા કાયર પુરુષોને જોઇને હસવા લાગ્યા. કેટલાક યુદ્ધરસિકો ક્રોધથી ધુંઆપુંઆ થતા અંધ માણસની જેમ દિવસે પણ પરસ્પર અથડાવા લાગ્યા. કેટલાક સૈનિકોએ ગદાની જેમ મોટી શિલાને હાથમાં ઉપાડી તો કેટલાએ મુદ્દગરની જેમ પત્થરના થાંભલાઓને પકડ્યા. કેટલાક રણશૂરા સૈનિકો ભાલાઓને નચાવતા તો કેટલાક મ્યાનમાંથી તલવારો ખેંચીને ચક્રની જેમ ભમાવવા લાગ્યા. આ પ્રમાણે સુભટોના રૂદ્ર સ્વરૂપ જોઇને જીવનની ઇચ્છાવાળા કાયર પુરૂષો ભયભીત થઇને બોલવા લાગ્યા : 'તમારા એકલાથી કંઈ આ શત્રુ જીતી શકાય તેમ નથી. એના કરતાં સંગ્રામસૂચક રણભેરી વગડાવો. બધા સાથે મળીને જાવ તો કદાચ આપણો વિજય થઇ શકે. બાકી, શત્રુ કોઇ દુર્જય લાગે છે.' બલભદ્રે તરત જ રણભેરી વગડાવી. તેના અવાજથી સૈનિકો યુદ્ધ કરવા માટે પોતપોતાના ઘેરથી નીકળી પડચા. ભયભીત બનેલી કેટલીક સ્ત્રીઓ યુદ્ધ કરવા જતા પોતાના પતિના હાથ તો કેટલીક પગ અને કેટલીક સ્ત્રીઓ વસ્ત્રનો છેડો પકડીને ઊભી રહી. ભયગ્રસ્ત બનેલી પોતાની પત્નીઓને આશ્વાસન આપીને પોતાની શૂરતાનું પ્રદર્શન કરવા માટે શરીરે બખ્તર પહેર્યા વિના જ સૈન્યમાં આવી પહોંચ્યા. કેટલાક સૈનિકો બખ્તર ધારણ કરીને આવ્યા છતાં યુદ્ધ માટે એટલા ઉલ્લસિત બનેલા કે તેઓના બખ્તરો આપોઆપ તુટી પડચાં.

ધનુષ્ય-બાણ, તલવારો, મુદ્દગરો અને ભાલા આદિ વિવિધ પ્રકારના શસ્ત્રોથી સજ્જ સુભટો હાથી, ઘોડા અને રથ ઉપર આરૂઢ થઇને રણભેરી આદિ રણવાજિંત્રોથી ગગનમંડળને ગજાવતા રાજમહેલના પ્રાંગણમાં આવીને ઊભા રહ્યા. જંગમ (ચાલતા) પર્વત સમાન લાંબા અને સ્થૂલ દંતશૂલવાળા હાથીઓના મદજલની વર્ષાથી ભૂમિ કાદવરૂપ બની ગઇ. તે જાણે કલ્પાંત કાળના પવનથી પ્રેરાઇને ચારે દિશાથી આવેલી માટી મેઘની ધારાથી શ્યામ બની ગઇ હોય, તેમ શોભતી હતી. કોદાળાથી ભૂમિને જેમ ખોદે તેમ પોતાની તીક્ષ્ણ ખુરીઓ વડે ઉછળી રહેલી પૃથ્વીની રજકણોથી સૂર્યમંડળને આચ્છાદિત કરી નાખ્યું છે તેવા, મનોહર અશ્વો હેષારવ કરવા લાગ્યા, તે જાણે બીજા પોતાના જાતભાઇઓ (અશ્વો) ને બોલાવવા માટે ના હોય ! શસ્ત્ર-સરંજામથી સંપૂર્ણ રથોના ચાલવાનો ચીત્કાર જાણે શત્રુઓનો સીત્કાર ના હોય ! કાયર પુરુષોને બોલાવતી ના હોય તેમ, વાયુથી ફરફર થતી ધ્વજાવાળા ચાલતા અદ્દભુત રથો તો જાણે સુવર્ણગિરિના નાના-નાના શિખરોની જેમ શોભતા હતા. કૃપાણ, ધનુષ્ય-બાણ, ભાથા, ભાલા, તલવાર, મુદ્દગરો, ઢાલો આદિ શસ્ત્રોને હાથમાં ઉછાળતા પાયદળ સૈનિકો જંગમ કલ્પવૃક્ષની જેમ શોભતા હતા. શત્રુથી પરાજિત થવાના અનેક નિમિત્તો જોવા છતાં ઉત્સાહથી વીર પુરુષો સંગ્રામ માટે પ્રયાણ કરી રહ્યા હતા. પાંડવો અને યાદવો વિચારણા કર્યા વિના જ પતંગિયાની જેમ સંગ્રામરૂપ દીપકમાં મરવાની ઇચ્છાથી જાણે પડચા ના હોય ! વિશાળ સૈન્યને જોઇને માતાને ક્ષોભ ના થાય તે માટે પ્રદ્યુમ્ને માતાને નારદજી પાસે મૂકી. રુકિમણી પણ સ્વસ્થ થઇને પુત્રવધૂ સાથે નારદ ઋષિ પાસે રહી. પ્રદ્યુમ્ન માતા અને મુનિને વિનયપૂર્વક પ્રણામ કરીને વિમાનમાંથી નીચે ભૂમિ ઉપર આવ્યો.

विपुलां विपुलां प्राप्य, विचक्रे तेन विद्यया । विविधा महती सेना, हस्त्यश्वरथपत्तिभृत् ।।८।।
माधवप्रमुखास्तत्र, यावंत कटके नराः । तावंत एव ते स्वस्यां, सेनायां तेन निर्मिताः ।।९।।
समस्तान्यपि चिह्नानि, तान्येव जनितानि च । त एव तूर्यनिर्घोषा, बंदीनां जल्पनं तथा ।१०।
हयेभस्यंदनानां चा–कारास्तथैव निर्मिताः । जनितान्यभिधानानि, तथैव सकले बले ।।११।।
सैन्ययुग्मं समालोक्य, तुल्यमेवोत्कटत्वभृत् । जगुः पुरनरनार्यो, मंदिरोपरि संस्थिताः ।।१२।।
काचित्प्रोचे प्रवर्तेत, नारायणः कदाग्रही । एतावत्करणं न्याय्यमस्याऽभवन्न योषिते ।।१३।।
एतेषु विद्यमानेषु, येनेदृशं कृतं बलं । विज्ञायते विपक्षोऽपि, दुर्जयोऽयं यथा तथा ।।१४।।
उभयोर्मिलने विष्णो–रेतस्य पुरतो जय । दुःसाध्यो ज्ञायते चिन्हैः स चेत् स्याद्भाग्यमद्भुतं ।
काचिज्जगाद मद्भर्त्ता, हारितो नास्ति कुत्रचित् । परं युद्धेऽत्र संदेहो, वर्त्तते मम मानसे ।।
जानाम्यहं तदा श्रेष्ठं, यदेतयोरनीकयोः । न जायते मिथो युद्धं, शांतिरेव च सत्वरं ।।१७।।
काचिज्जगौ सखीं प्राण–नाथो मे सर्वज्ञो बली । आतपत्रं ततस्तेन, धारितं मस्तकोपरि ।१८।
काचिज्जजल्प मे भर्त्तु–र्वर्त्तते शौर्यमीदृशं । अहमुद्धरिता दाने, संग्रामे खड्ग एव च ।।१९।।
काचिदूचे सखी सैन्ये, यश्चामरेण वीज्यते । स एव मम विज्ञेयो, भर्त्ता हर्त्ताऽखिलापदां ।।
इत्यादीनि वशावक्त्र–संभूतानि वचांसि च । शृण्वाना नगरद्वारं, संग्रामायागता भटाः ।२१।
केचिद्विचारणां कर्त्तुं, प्रतोल्यामेव संस्थिताः । शत्रुमक्षममाणाश्च, सैन्येऽधावंत केचन ।।२२।।
धावंतः सुभटाः शौर्यात्, केचिद्रणसमुत्सुकाः । अवेष्टयन् रिपोः सैन्यं, जयश्रीवांछयाऽभित ।२३।
आसाद्य वसुधानाथं, प्रतीहारादयो भटाः । रणान्निवारयामासु–र्भूयो बलयुता अपि ।।२४।।
उभयोः सैन्ययोर्हस्ति–रणघंटा समुत्थिताः । ध्वनयः कोलाहलोत्थाश्च, व्याकुलत्वं प्रचक्रिरे ।।
भेरीभंभादिवादित्र–पावत्रनिनदा भृशं । रोदसीव्यापयंतस्ते बाधिर्यं कर्णयोर्दधुः ।।२६।।
गच्छत्सैन्यपदोद्भूते, रेणौ विस्तरतां गते । चंडांशोरपि चंडानि, तेजांस्यापुर्न दीप्तितं ।।२७।।
मन्येऽहमथवा रेणु–र्वारणायैव यात्यसौ । वैरी नायं सुतः किंतु, कः कोपोऽयं निरर्थकः ।।
प्रौढोन्मत्तकरेणूनां, मदः कपोलतोर्गलन् । व्रजंतं वीरयामास, तं रेणुं स्वकवर्षणैः ।।२९।।
अहो रेणो कथं गच्छत्, कटकं त्वं निवारयेः । अत्र प्राणविधो नास्ति, विनोद एव वर्तते ।।३०।।
केशवस्य च कामस्य, स्थिते इति बले उभे । समीपवर्त्तिभिर्वीरै–रक्षोभ्ये कलयात्मनां ।।३१।।
देवा दैत्याः समायाताः, कौतुकाय नभस्तले । स्वरूपमुभयोश्चम्वो–र्निरीक्ष्य जगदुर्मिथः ।३२।
जयः पराजयः कस्य, न जानीमो भविष्यति । इति कौतुकयोगेन, तस्थुर्गगनमंडले ।।३३।।
दत्वा भूमिबलिष्टवक्षसि पदं, येन स्वमातृद्विष–

स्तस्या एव वनादिकं च सकलं शोभाविहीनं कृतं
प्रद्युम्नोऽजनयत्स्वकीयजननीकार्यं समस्तं क्षणात्, संजातं सुकृतेन पूर्वजनुषा निष्पादिते नैव तत्

धर्मतो जनकमातृमोदनं, धर्मतः स्वजनबंधुसंगतिः ।
धर्मतो विजयलब्धिरद्भुता, धर्म एव विबुधैर्विधीयतां ॥३५॥
इति पंडितचक्रचक्रवर्त्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीशांबप्रद्युम्नचरित्रे श्रीप्रद्युम्नमातृमिलनसैन्यारोपणवर्णनो नामदशम् सर्गः समाप्तः ॥

પોતાની વિદ્યાશક્તિથી પ્રદ્યુમ્ને હાથી, ઘોડા, રથ, પાયદળ આદિ ચતુરંગી વિશાળ સેના તૈયાર કરી. કૃષ્ણની સેનામાં જેમ વાસુદેવ-બળદેવ આદિ સુભટો હતા, તેમ પોતાની સેનામાં પણ તેવા જ સુભટો બનાવ્યા. એ સેનામાં જેવા હાથી, ઘોડા, રથ વિગેરે હતા તેવા જ નામવાળા અને તેવા જ ચિહ્નોવાળા પોતાની સેનામાં બનાવ્યા. ત્યાં જેમ રણવાજિંત્રો વાગી રહ્યાં હતાં અને બંદીજનો બિરૂદાવલી પોકારી રહ્યા હતા તેમ પોતાની સેનામાં પણ રણવાજિંત્રો અને બંદીજનોની બિરૂદાવલિનો ધ્વનિ પ્રસાર્યો. પોતાના મહેલની અગાસીઓ ઉપર રહેલા નગરવાસી નર-નારીઓ બંનેનું એક સરખું મહાન્ ઉત્કટ સૈન્ય જોઇને બોલવા લાગ્યા : કોઇ કહે : 'નારાયણ (કૃષ્ણ) કદાગ્રહી છે. એક સ્ત્રીને માટે આવું ખૂનખાર યુદ્ધ કરવું વ્યાજબી નથી. કૃષ્ણના સૈન્યમાં જેવું બળ-પરાક્રમ, ઉત્સાહ દેખાય છે તેવા જ શત્રુના સૈન્યમાં પણ જણાય છે. શત્રુ પણ દુર્જય લાગે છે. પરસ્પર બંને સૈન્યો મળે તેમાં શત્રુની આગળ વિષ્ણુનો વિજય દુઃસાધ્ય લાગે છે. કદાચ ભાગ્ય હોય ને વિજય મળી જાય એ જુદી વાત છે.' કોઈ સ્ત્રી કહે : 'મારો વીર પતિ ક્યારે પણ યુદ્ધમાં પરાજિત થયો નથી, પરંતુ આ યુદ્ધમાં મને શંકા લાગે છે. હું તો પરમાત્મા પાસે પ્રાર્થના કરૂં છું કે આ બંનેનું યુદ્ધ ના થાય તો સારૂં. શાંતિથી સમાધાન થઇ જાવ.' કોઇ કામિની કહે છે : 'સખી, મારો પ્રાણનાથ સર્વ કરતાં બળવાન છે, તેથી જ તેના મસ્તક પર છત્ર ધારણ કર્યું છે.' કોઇ કહે કે : 'મારા ભર્તારનું એટલું બધું શૌર્ય છે કે દાનમાં અમારો ઉદ્ધાર કર્યો અને યુદ્ધમાં ખડ્ગનો ઉદ્ધાર કરનાર છે.' કોઇ સ્ત્રી પોતાના પતિની ઓળખાણ કરાવતી કહે છે : 'સખી, જેની બે બાજુ ચામર વીંઝાય છે તે મારો પતિ સઘળી આપત્તિઓનો નાશ કરનાર છે.'

આ પ્રમાણે સ્ત્રીઓના મુખે બોલાતાં વચનોને સાંભળતા સાંભળતા સુભટો સંગ્રામ માટે નગરના દરવાજા આગળ આવ્યા. કેટલાક જાણે વિચાર કરવા માટે દરવાજામાં રહ્યા ના હોય ! અથવા શત્રુના તેજને સહન નહીં થવાથી ધીમે ધીમે નીકળતા હોય....આ પ્રમાણે રણઘેલા સુભટો ક્રમસર નગરના દરવાજાથી બહાર દોડીને શત્રુના સૈન્યને ચારે બાજુથી વીંટળાઇને રહ્યા. પ્રતિહારી, અંગરક્ષક આદિ સ્વામીભક્ત સુભટો મહારાજાને યુદ્ધમાં નહીં ઉતરવા માટે મનાઇ કરતા હતા. બંને સૈન્યના હાથીઓની રણઘંટાના અવાજ, સૈનિકોનો કોલાહલ અને ભેરીભંભા આદિ રણવાજિંત્રોના અવાજથી આકાશ-પૃથ્વી વ્યાપ્ત બની ગઇ અને લોકોના કાન બહેરા થઇ ગયા. ગંગા-સિંધુના ધસમસતા જલપ્રવાહની જેમ ચાલી રહેલી ચતુરંગી સેનાથી ઉછળતી રજ વડે પ્રચંડ સૂર્યના પ્રખર કિરણો પણ ઝાંખાં થઇ ગયાં. અહીં કવિ કલ્પના કરે છે : 'હું માનું છું કે એ ઉછળતી રજ-'આ તમારો શત્રુ નથી, પરંતુ પુત્ર છે...તો આવો ગુસ્સો કરવો તે તમારે માટે નિરર્થક છે.' આ પ્રમાણે યુદ્ધના નિવારણ માટે પ્રસરી રહી ન હોય ? ત્યારે મદોન્મત્ત હાથીઓના ગંડસ્થલમાંથી નીકળતો મદ, પોતાના વરસવાથી રજને દબાવી રહ્યો (અર્થાત્ રજને

નિવારી રહ્યો). શા માટે ? તે જાણે આ પ્રમાણે કહેવા માટે ના હોય કે 'અરે રજ, તું આગળ વધતા સૈન્યને કેમ રોકી રહી છે ? આ યુદ્ધમાં પ્રાણહાનિ નથી, પરંતુ વિનોદ માત્ર છે.' કૃષ્ણ અને પ્રદ્યુમ્ન બંનેનું સૈન્ય સમીપમાં રહેલા વીરપુરુષો માટે અક્ષોભ્ય છે, એમ માનીને કૌતુકથી યુદ્ધ જોવા માટે આવેલા દેવ-દાનવો આકાશમાં રહી બંનેના સૈન્યનો પરામર્શ કરવા લાગ્યા :

'ભાઈ, આ બંનેમાં કોનો જય અને કોનો પરાજય થશે ? એમાં આપણે શું કહી શકીએ ? આપણે તો ગગનમંડળમાં રહીને આ કૌતુક જોવાનો આનંદ માણીએ.' પોતાની માતા પ્રત્યે માત્સર્યભાવ રાખનારી સત્યભામાના વન, ઉદ્યાન, વાપી આદિને ક્ષણમાત્રમાં શોભાવિહીન બનાવી દીધા અને બળવાન એવા ભાનુકુમારને વક્ષસ્થલ (છાતી) ઉપર પગ મૂકીને પરાજિત કર્યો તેમજ પોતાની માતાની સઘળી ઇચ્છાઓને ક્ષણમાત્રમાં પૂર્ણ કરી, તે બધું પ્રદ્યુમ્નનાં પૂર્વજન્મમાં કરેલા સુકૃત્યનું ફળ છે.

— ધર્મથી માતા-પિતાની પ્રસન્નતા,

— ધર્મથી સ્વજન અને બંધુવર્ગનો મેળાપ,

— તેમજ ધર્મથી વિજય અને અદ્ભુત લબ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

તે માટે પંડિત પુરુષોએ જીવનમાં ધર્મને મુખ્ય સ્થાન આપવું જોઈએ.

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તીસમા શ્રી રાજસાગરગણિના વિદ્વાન શિષ્ય શ્રી રવિસાગરગણિએ રચેલા **'શ્રી શાંબ-પ્રદ્યુમ્ન ચરિત્ર'**માં પ્રદ્યુમ્નનું માતા સાથેનું મિલન, તેમજ સૈન્ય રચના આદિનું વર્ણન કરતો **૧૧૩૫** શ્લોક પ્રમાણ દશમો સર્ગ સમાપ્ત થયો.

## ॥ अथ एकादश सर्गः ॥

अथ केशवकामोद्य—त्कटके मिलिते सति । स्वरूपं यन्मिथो जातं, सांप्रतं तन्निरूप्यते ।।१।।
निर्गताः सैन्ययोर्मध्या—त्कल्पांतांभोधितुल्ययोः । तरंगा इव योद्धार-श्चक्रुरास्फालनं मिथः ।२।
दुर्दिनैरिव खड्गानां, कृते तमसि धामभिः । गर्जंतः सुभटा मेघा, इवावर्षन् शरोदकं ।।३।।
महामात्रैर्महामात्राः, सादिभिः सादिनः समं । रथिकैः रथिकास्तत्र, पदातिकैः पदातिकाः ।४।
मातंगः सह मातंगा—स्तुरंगमैस्तुरंगमाः । रथै रथा अयुद्धयत, याष्टिकैर्याष्टिकाः पुनः ।।५।।
सग्रामासक्तयोरेव—मुभयोरपि सैन्ययोः । रीतिभंगो यथा नाभू—त्तथा युद्धमजायत ।।६।।
अहो संसारवासस्य, वैपरीत्यं प्रवर्त्तसे । यत्तातसुतयोर्हेतुं, विनापि जायते रणः ।।७।।
क्षुरप्राभिधशस्त्रेण, केचिन्मुंडितमस्तकाः । बभूवुः केचिदुच्छिन्न—श्रवणद्वितया रयात् ।।८।।
केचिच्चक्षुर्विहीनाश्च, केचिन्नासां विना कृताः । केचिद्रसनया हीनाः, केचिदुच्छिन्नमौलयः ।९।
कबंधाश्चाप्ययुद्धयंत, व्याप्ता जीवप्रदेशकैः । श्वसंतः पतिताः केचित्, केचिन्मोनावलंबिनः ।।
अर्धच्छिन्नपदाः केचित्, केचित्तथैव पाणयः । केचित्तथा दधुर्ग्रीवां, केचित्तथा करांगुलीः ।११।
हस्तिनो हस्तिभिर्भिन्ना, तुरगास्तुरगैस्तथा । पत्तयः पत्तिभिर्वीरैः, पतिताः समरावनौ ।१२।

केशेषु व्यलगन् कांश्चित्कांश्चिच्च बाहुकोटरे। कांश्चित्कर्णयुगे कांश्चि–त्पादयोस्तद्रणांगणे ।१३।
चाक्रिकैश्चक्रहस्ताश्च, खड्गिकैः खड्गपाणयः। कौंतिकैः कुंतहस्ताश्च, क्रोधाद्ययुधिरे भटाः ।१४।
केचित्खड्गक्षये खड्गान्, मार्गणान्मार्गणक्षये। ददुर्भल्लक्षये भल्लान्, मुद्गरान्मुद्गरक्षये ।१५।
लक्ष्मीलुब्धा यशोबद्धाः, स्वस्वामिकार्यकारकाः। येऽभवंस्तैः पुनर्नैव, स्वप्राणा अपि चिंतिताः ।।
हतेभाश्वमनुष्याणां, शरीरैः पर्वतायितं। रुधिरैर्निर्गतैस्तेभ्यो, भुवि च निम्नगायितं ।।१७।।
जायमाने रणेऽन्योऽन्यं, सर्वस्यापि भयंकरे। कौतुकेन स्थिता व्योम्नि, चुक्षुभिरे सुरा अपि ।१८।
प्रद्युम्नस्य बलं ध्वस्तं, यादवीयैस्तदैकशः। हारयत्येकशो वप्तु–रग्रे प्रायो हि नंदनः ।।१९।।
सज्जीभूय भटैस्तस्य युद्धयमानैर्विशेषतः। नाशितं वैष्णवं सैन्यं, प्रभूतमपि रंकवत् ।।२०।।
दृष्ट्वा पलायमानं त–द्बलं बलविवर्जितं। पांडवान् बलदेवं च, विससर्ज नरायणः ।।२१।।
तैस्तूर्णं मान्मथं सैन्यं, प्रणाशितं समंततः। कस्यापि स्याज्जयो युद्धे, कस्यापि च पराजयः ।।२२।।
प्रणश्यदात्मनः सर्वं, सैन्यमालोक्य मन्मथः। शीघ्रं प्रेषितवान् वीरां–स्तद्दशान् रणकारिणः ।।
महतोऽपि मुकुंदस्य, कटकं तैर्दिशोदिशं। प्रापितं कामसैन्यस्य, पुरः कः स्थातुमर्हति ।।२४।।
तथा युयुधिरे वीर–रसेन पांडवादयः। न शुद्धिर्महीपाताल–व्योम्नामपि यथाभवत् ।।२५।।
अर्धचंद्राभिधा बाणा, यदा मुक्ताः परस्परं। छत्राणि लूनदंडानि, पेतुस्तदा क्षमातले ।।२६।।
किमुत्तीर्णा नभोमध्या–च्चंद्रा युद्धादिदृक्षया। पतितानि क्षितौ तानि, वीक्ष्य लोकाः सशंकिरे ।२७।
रणोत्सुकास्तदा वीरा, आहूय नामपूर्वकं। मिथो युयुधिरे रोमो–ल्लसध्धूतांगकं कटाः ।।२८।।
कश्चिदूचे प्रतीक्षस्व, कोलाहलं करोषि किं। संयम्य शिरसः केशां–स्त्वया युद्धं करोम्यहं ।२९।
कश्चिच्चाकथयद्वीर! जायसे किं समुत्सुकः। पृथिव्यां पतितं शस्त्रं, गृहीत्वा युद्धयते मया ।३०।
अन्योऽवादीदरे मूर्ख! रणे किं म्रियसे मुधा। रणो हि कथितो वीरै-र्देहसंदेहसंयुतः ।।३१।।
तव चंद्रमुखी भार्या, संस्थितास्ति निकेतने। दुखं त्वद्विप्रयोगार्त्ता, प्राप्नुवंती भविष्यति ।।३२।।
संग्रामे साधनीयौ न, स्वर्गमोक्षौ मनागपि। कथं त्वं मंदबुद्धित्वात्, समरं विदधासि भोः ।३३।
इत्यन्योऽन्यं प्रजल्पंतो, हसंतो मान्मथा भटाः। नृत्यंतः समरं चक्रु–र्घोरं कृष्णभटैः सह ।३४।
मायामयेषु कुर्वत्सु, युद्धं प्रद्युम्नसेविषु। निहता वासुदेवस्य, भटकोटिहयद्विपाः ।।३६।।
उभयोरपि संग्राम–स्तथा समभवत्तमां। फेत्कारादिकजीवानां, पूर्णो मांसरसो यथा ।।३७।।
संग्राम इति संजाते, मुरारिसेनया सह। पांडवान् बलभद्रं च, कामो जघान मायया ।।३८।।
पराभूतान्निजान् वीरान्, समालोक्य नरायणः। भयकोपेन संयुक्तो, गजं त्यक्त्वाश्रयद्रथं ।३९।
आरुह्य स्यंदने विष्णु–र्युद्धोन्मुखोऽभवत्स्वयं। कांताबंधूपराभूतौ, प्राणान् को गणयेत्पुमान् ।।

**પ્રદ્યુમ્ન અને કૃષ્ણના યુદ્ધનું વર્ણન :**

હવે કૃષ્ણ અને પ્રદ્યુમ્ન બંનેનાં સૈન્ય મળવાથી પરસ્પર કેવા પ્રકારનું યુદ્ધ થયું તેનું વર્ણન કરવામાં આવે છે :

કલ્પાંતકાળના સમુદ્ર સમાન બંનેના સૈન્યમાંથી નીકળતા યોદ્ધાઓ તરંગોની જેમ પરસ્પર અથડાવા લાગ્યા. પરસ્પર ખડ્ગોના ઝાટકાથી દુર્દિન (વાદળાંઓથી ઘેરાયેલું આકાશ) માં જેમ વીજળીના ચમકારા થાય તેમ લાગતા હતા. ગર્જના કરતા મેઘોની જેમ સુભટો બાણોરૂપી પાણી વરસાવતા હતા. મહાવતો મહાવતોની સાથે, ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સાથે, રથિકો રથિકોની સાથે, પાયદળો પાયદળોની સાથે, હાથીઓ હાથીઓની સાથે, અશ્વો અશ્વોની સાથે, રથો રથોની સાથે અને દાંડિકો દાંડિકોની સાથે યુદ્ધ કરવામાં તલ્લીન બનેલા હતા. બંને સૈન્ય યુદ્ધની મર્યાદાનું ઉલ્લંઘન કરતાં ન હતાં.

'અહો, સંસારનું સ્વરૂપ કેવું વિપરીત છે કે વિના કારણે પિતા–પુત્ર લડી રહ્યા છે.' તેમાં ક્ષુરપ્ર (અસ્રા જેવા) નામના શસ્ત્રથી કેટલાય સૈનિકોનાં માથાં મુંડાઇ ગયાં. કોઇકના કાન તો કોઈના આંખ–નાક–જીભ અને મસ્તકો છેદાઈ ગયાં. તેમાં માથા વિનાના ધડો પણ જીવપ્રદેશોથી વ્યાપ્ત હોવાથી યુદ્ધ કરતાં હતાં. કોઈ માત્ર શ્વાસોશ્વાસ લેતા હતા. કોઈ મૌન થઇને પડેલા હતા. કેટલાકના પગ કપાયેલા હતા, તો કેટલાકના હાથ, કેટલાકની ડોક, કેટલાકની હાથની આંગળીઓ છેદાઇ ગયેલી હતી. હાથીઓથી હાથીઓ, અશ્વોથી અશ્વો અને પાયદળો (સૈનિકો) થી પાયદળો છેદાઈ-ભેદાઈને રણભૂમિમાં અથડાવા લાગ્યા. કોઇ એક–બીજાના વાળ પકડીને લડે છે તો કોઇ બગલમાં બીજાને દબાવીને લડે છે. કોઈ કાન અને કોઈ પગ ખેંચીને અરસપરસ લડે છે. ચક્રને ધારણ કરનાર ચક્રથી, તલવારવાળા તલવારોથી, ભાલાવાળા ભાલાઓથી લડે છે. પોતાની તલવાર તૂટી જવાથી બીજા પાસેથી તલવાર લઇને, બાણો ખૂટી પડવાથી બીજાનાં બાણો લઇને, ભાલા ભાંગી જવાથી બીજા ભાલાવાળા પાસેથી ભાલા લઇને અને મુદ્ગરના નાશથી બીજાનાં મુદ્ગરો લઇને યશકીર્તિની ઇચ્છાવાળા પોતપોતાના રાજાનાં કાર્ય કરવામાં આસક્ત સુભટો, પોતાના પ્રાણોની પરવા કર્યા વિના રણોત્સાહથી લડે છે. સમરાંગણમાં મરાયેલા હાથી, ઘોડા અને મનુષ્યોના મડદાઓના પર્વત જેવા ઢગલા થઈ ગયા. શરીરમાંથી નીકળતા રૂધિરની નદીઓ વહેવા લાગી.

આ પ્રમાણે બંને સૈન્યનું ભયંકર યુદ્ધ જોઇને આકાશમાં રહેલા દેવો પણ ક્ષોભ પામ્યા. પ્રદ્યુમ્નનું સૈન્ય એકવાર યાદવો વડે પરાજિત થયું. (કારણ કે પિતાની આગળ પુત્રે એક વાર હાર કબૂલ કરવી જોઇએ.) તે પછી પ્રદ્યુમ્ને પોતાના સૈન્યનો જોરદાર હુમલો કર્યો જેથી કૃષ્ણનું સૈન્ય ઘણું હોવા છતાં રંકની જેમ પીછેહઠ કરી ગયું. પલાયન થતા પોતાના સૈન્યને જોઇને નારાયણે પાંડવો અને બલભદ્રને યુદ્ધમાં ઉતાર્યા. તેઓએ એવો જોરદાર હુમલો કર્યો કે જેથી પ્રદ્યુમ્નનું સૈન્ય ચારે બાજુ ભાગવા લાગ્યું. ત્યારે કૌતુકથી જોવા આવેલા દેવોના મનમાં પણ શંકા થઈ કે 'આમાં કોનો જય અને કોનો પરાજય થશે ?' નાસભાગ કરતા પોતાના સૈન્યને જોઇને પ્રદ્યુમ્ને મોટા પહાડ જેવા ભયંકર સુભટોને વિકુર્વ્યા. તેનાથી મુકુંદ (કૃષ્ણ)નું સૈન્ય એક ક્ષણ પણ ટકી શક્યું નહીં. અને ચારે દિશામાં ભાગવા માંડ્યું. પ્રદ્યુમ્નના સુભટો સાથે પાંડવો વીરરસથી યુદ્ધ કરતા ત્યારે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ—એમ ત્રણે લોક જાણે એકમાં જ સમાઈ ગયા ના હોય ! પરસ્પર 'અર્ધચન્દ્ર' નામના બાણો મૂકતા ત્યારે છત્રો, દંડો વિગેરે છેદાઈ છેદાઇને ભૂમિ ઉપર પડતાં. લોકો કલ્પના કરતા કે યુદ્ધ જોવા માટે શું આકાશમંડળમાંથી સાક્ષાત્ ચન્દ્રો આવ્યા છે ? યુદ્ધમાં ઉત્સુક બનેલા વીરો એક–બીજાના નામ બોલી બોલીને જાણે રમત રમતા ના હોય તેમ ઉછળી ઉછળીને લડતા હતા. કોઇ સુભટ કહેતો હતો : 'અરે, આટલો બધો કોલાહલ શું કરે છે ? પહેલાં તારા માથાના વાળ બાંધ, પછી મારી સાથે યુદ્ધ કર.' કોઇ બીજો સુભટ કહેતો હતો :

'અરે વીર, નિરુત્સાહી કેમ દેખાય છે? ચાલ, જમીન પર પડેલું શસ્ત્ર હાથમાં લઈને મારી સામે આવી જા.' કોઇ સુભટ બોલે છે : 'અરે મૂર્ખ, યુદ્ધમાં ફોગટ શા માટે મરે છે? સંગ્રામ તો વીરપુરુષો માટે છે, તેમને જયલક્ષ્મી વરે છે. તારે તો તારી ચન્દ્રમુખી ભાર્યા ઘેર બેઠી છે! જા, તારા વિયોગમાં તે બિચારી દુઃખી થતી હશે. સંગ્રામમાં કંઈ સ્વર્ગ-મોક્ષ મળવાનાં નથી. તો હે મંદબુદ્ધિ, શા માટે લડવા આવ્યો છે? જા, ઘર ભેગો થઇ જા. તારી માને દૂધ ચઢ્યું હશે.'

આ પ્રમાણે એક-બીજાને બોલતા, હાંસી કરતા સુભટો શસ્ત્રો લઈને રણાંગણમાં જાણે નાચતા ના હોય, તેવા લાગતા હતા. પિતા-પુત્રના સૈન્યનું ભયંકર યુદ્ધ થઇ રહ્યું હતું, જેમાં પ્રદ્યુમ્નનું સૈન્ય તો માયારૂપ હતું, જ્યારે કૃષ્ણ વાસુદેવના કરોડો હાથી, ઘોડા અને સુભટો હણાયા. આ યુદ્ધભૂમિ ઉપર માંસલોલુપી પક્ષીઓનો માંસરસ સંપૂર્ણપણે પોષાયો. ત્યાર બાદ સંગ્રામમાં પ્રદ્યુમ્ને માયા વડે પાંડવોને અને બલભદ્રને હણ્યા! આ રીતે પોતાના સૈન્યનો પરાભવ અને બલભદ્ર, પાંડવ આદિ વીરસુભટોને મૃતપ્રાયઃ જોઈને, ભય અને ક્રોધથી કૃષ્ણ હસ્તિરત્નનો ત્યાગ કરી, રથમાં બેસીને શત્રુની સામે આવ્યા. ખરેખર, પોતાની પત્ની અને બંધુવર્ગનો પરાભવ જોઈને કોણ પુરુષ પોતાના પ્રાણોની પરવા કરે?

कुर्वंतं मंडपं बाण-र्भीषणं रक्तलोचनं । प्रद्युम्नः पितरं दृष्ट्वाऽ-नयद्रथं शनैः शनैः ।।४१।।
केशवस्य क्षणात्ताव-द्दक्षिणं चक्षुरस्फुरत् । तदेव बभूवाभिष्ट-पुत्रसंगमसूचकं ।।४२।।
तदा मुरारिणाऽभाणि, सारथे! किं निबंधनं । दक्षिणं स्पंदते चक्षु-र्लाभः को मे भविष्यति ।।
देवी मम हृतानेन, सहोदरोऽपि घातितः । इति कष्टे कुतः सौख्यं, दुरापं भविता मम ।।४४।।
सांप्रतं सर्वथा क्षीणा, दशा मम प्रवर्त्तते । विजृंभते विपक्षश्च, पर्युल्लसत्पराक्रमः ।।४५।।
वार्त्तामिवं प्रकुर्वंतौ, विषादं दधतौ हृदि । मुरारिसारथी प्राप्तौ, शत्रुस्यंदनसंनिधिं ।।४६।।
उत्कटं तं समालोक्य, निजगाद जनार्दनः । कांताहरणतो बंधु-मारणात्परमो रिपुः ।।४७।।
तथापि दर्शनात्ताव-कीनाद्वैरप्रवर्धकात् । जायते स्नेहिलं चित्तं, न विजानामि कारणं ।।४८।।
मदीयां मानिनीं मुक्त्वा, जीवन याहि ममाग्रतः । कथं निरर्थकं प्राणान्, रणेन त्यजसि स्वकान् ।।
इति प्रोक्ते हसित्वोचे, प्रद्युम्नः सपराक्रमः । वीरमानिन्! रणे स्नेहः, केनापि क्रियते न हि ।।
हर्त्ताहं तव भार्याया, बंधूनां घातकोऽप्यहं । यत्कर्त्तव्यं त्वया देव, मयि तत्कुरु शक्तितः ।।५१।।
संग्रामे स्नेहिलैर्वाक्यै-र्न कस्यापि रसो भवेत् । संतोषो भुजवीर्यस्य, प्रदर्शनेन वैरिणः ।।५२।।
दर्शयित्वा ततो बाहु-वीर्यं शौर्यसमन्वितं । गृहाण त्वं निजां भार्यां, सामर्थ्यं यदि विद्यते ।५३।
सामर्थ्यं यदि संग्राम-करणे तव नो भवेत् । तर्हि त्वमंगनाभिक्षां, दीनवाक्येन मार्गय ।।५४।।
वर्तेऽहमपि कारुण्य-संयुतः कठिनोऽस्मि न । त्वयका प्रार्थितां तां च, भिक्षां दास्यामि भावतः ।।
उत्कटं वैरिणो वाक्यं, निशम्य पुरुषोत्तमः । सज्जीकृत्य शरवृंदं, प्रययौ सन्मुखं रिपोः ।।५६।।
मेघाऽभ्रैरिव बाणौघैर्विष्वक् व्यानशिरे दिशः । भूमौ निपतितं किंचिन्नदृश्यते विलोचनैः ।।
समाच्छादयतो विष्णो, रोदसीं मार्गणव्रजः । अच्छेत्सीदर्धचंद्रेण, प्रद्युम्नस्तस्य कार्मुकं ।।५८।।
अयं हि दृश्यते कश्चि-द्विद्यासिद्धः कलायुतः । युद्धे यथा तथानेन, विजयो न भविष्यति ।५९।

इति व्याकुलचित्तोऽसौ, बलिष्टोऽपि वृषाकपिः । सद्यः प्राणापहं शत्रो–रपरं धनुराददे ।।६०।।
येनैकशो जयः प्राप्तः, स एवास्तु जयी सदा । इति द्वितीयमप्येत–च्छत्वावादीद्वितर्कतः ।६१।
ज्ञातं ज्ञातं तव स्थाम, धनुर्विद्यासमुत्थितं । विच्छेदितं मया धन्वन्-मार्गणं संधिते सति ।६२।
समरे वीरमर्त्यांना–मुपहासकरीदृशी । कुतोऽसौ शिक्षिता विद्या, मानभ्रंशविधायिनी ।।६३।।
पांडवा बलभद्राद्या–स्त्वत्तोऽभूवन् भटोत्तमाः । यैर्युध्ध्वापि महत्त्वं स्वं, रक्षितं च भुजार्जितं ।।
तेषां त्वं नायको लोकै–र्निगद्यसे विशेषतः । शुद्धिस्तव न कोदंड–धरणेऽपि प्रवर्त्तते ।।६५।।
यस्य स्याच्छस्त्रशिक्षायां कौशलं प्रबलं करे । स एव विजयं युद्धे, लभते नापरो नरः ।।६६।।
कलां विना कथं युद्धं, करोषि त्वं मया समं । किं स्त्रियो बंधुवर्गस्य, मोचनेन प्रयोजनं ।।६७।।
युद्धकर्म न यावत्त्वं, शिक्षसे गुरुसन्निधौ । गत्वा मत्पुरतस्तावद्, भुक्ष्व सौख्यानि मंदिरे ।।६८।।
इत्योपहासवाक्येन, हसितः पुरुषोत्तमः । वह्निरिवेंधनैः कोपा–त्तृतीयमग्रहीद्धनुः ।।६९।।
तेन मुक्तैः शरव्रातै–र्भंजितं मान्मथं बलं । नाशितास्तुरगा ध्वस्ताः, स्यदनच्छत्रकेतवः ।७०।
स्वकीयं नाशितं सैन्यं, समालोक्य मनोभवः । विद्यया स्यंदनं चान्यत्, प्रविधायोद्यतोऽभवत् ।
कृष्णोऽपि रथमारुह्य, वाह्यवाजिसमन्वितं । विद्यामाहूय युद्धाय, व्यमुंचद्वह्निमार्गणं ।।७२।।
विनिर्मितः क्वचित्तेन, झात्कारो विद्युदाकृतिः । स्फुल्लिंगवर्षणं भूयः, क्वचिद्दाहश्च दुस्सहः ।
आगच्छंतं स्वसैन्यस्यां–तिके वह्निमयं शरं । प्रज्वलंतं समालोक्य, सोऽमुंचन्मेघमार्गणं ।।७४।।
यथा यथा हरेर्बाणः, स्फुलिंगानि ववर्ष च । तथा तथा पयोराशिं, मुमोच मान्मथः शरः ।७५।
तेन कृष्णस्य बाणस्य, पराकृते पराक्रमे । शस्त्रं मुमोच वायव्यं, रणे विक्षोभकारकं ।।७६।।
उड्डायिताः क्षणात्तेन, मत्तंगजतुरंगमाः । पत्रव्रजा इव च्छत्र–शस्त्रस्यंदनपूरुषाः ।।७७।।
प्रद्युम्नोऽपि ततोऽमुंच–च्छस्त्रं तामससंज्ञकं । तस्यांधकारतो जाता, अंधा इव हरेर्भटाः ।।७८।।
एवं विविधजातीयै–रायुधैर्बहुधैरितैः । संग्रामस्तातपुत्राभ्यां, व्यधीयत परस्परं ।।७९।।
प्रद्युम्ने कोपतः कृष्णो–ऽक्षिपन्मार्गणधोरणीः । तथापि तस्य भाग्येन, नासंस्ताः परिभाविकाः ।
अमोघान्यपि शस्त्राणि, यान्यभूवन् वृषाकपेः । मुक्तानि तानि निःशेषा–ण्यप्यासन् विफलानि च ।
आयुधानाममोघाना–मपि नैष्फल्यदर्शनात् । ईक्षणाच्च स्वसैन्यस्य, क्षयस्याचिंतयद्धरिः ।८२।
पापोऽयं बलसंयुक्तो, मल्लसंग्राममंतरा । मया न शक्ष्यते जेतुं, तस्मात्तं विदधाम्यहं ।।८३।।
विमृश्येति रथाद्विष्णु–रुत्तीर्य वीर्यसंयुतः । चक्रे चरणयोर्घातं, कातरं स्वांतघातकं ।।८४।।
मन्ये कातरमर्त्यानां, प्रवेशयावनीतले । विवराणि प्रभूतानि, तदा तेनाभवत् भृशं ।।८५।।
रथादुत्तीर्णमालोक्य, जनकं कोपभीषणं । प्रद्युम्नोऽपि रथाद्वेगा–दुत्तीर्णो योध्धुमुद्यतः ।।८६।।
मल्लयुद्धविधानाय, यावतौ मिलितावुभौ । बद्धकच्छौ यशोवांछौ, मल्लावभिनवाविव ।।८७।।

ક્રોધથી લાલઘૂમ આંખોવાળા કૃષ્ણને રથમાંથી ભયંકર બાણોની વર્ષા વરસાવતા જોઈને પ્રદ્યુમ્ન પણ ધીમે ધીમે પોતાનો રથ પિતાની સામે લાવ્યો. ત્યારે ઇષ્ટ વસ્તુના અથવા પુત્રમિલનના

સૂચકરૂપ કૃષ્ણની જમણી આંખ સ્ફુરાયમાન થઈ...ત્યારે કૃષ્ણે સારથિને કહ્યું : 'અરે, સારથિ ! મારૂં જમણું નેત્ર કેમ ફરકે છે ? શું મને લાભ થવાનો હશે ? અત્યારે તો મહા આપત્તિમાં છું. દેવીનું અપહરણ થયું, બંધુવર્ગ અને સહોદર (ભાઇ) નો ઘાત થયો, પરાભવ થયો. હાલ તો મારી બધી દશાઓ બેસી ગઈ છે, તેમાં વળી સુખ ક્યાંથી મળવાનું ? આ શત્રુ પણ મહાભયંકર છે. મારી આબરૂ પણ હવે રહે તેમ લાગતી નથી.' આ રીતે વિષાદપૂર્વક કૃષ્ણ સારથિની સાથે વાત કરી રહ્યા હતા, ત્યાં પ્રદ્યુમ્નનો રથ કૃષ્ણના રથની સામે આવીને ઊભો રહ્યો. પોતાની પ્રાણ-પ્રિયાનું અપહરણ કરનાર અને બંધુનો ઘાત કરનાર એવા ઉત્કટ શત્રુને જોઇને કૃષ્ણે કહ્યું : 'તું મારો મહાકટ્ટર દુશ્મન છે, છતાં કોણ જાણે તને જોઇને મારા હૃદયમાં વિના કારણે સ્નેહ કેમ ઉત્પન્ન થાય છે ? માટે તને કહું છું કે મારી પત્નીને મૂકીને મારી આગળથી તું જીવતો જા. નિરર્થક પ્રાણોને શા માટે ગુમાવે છે ?' ત્યારે હસીને પ્રદ્યુમ્ને કહ્યું : 'હે વીર પુરુષ, રણભૂમિ ઉપર સ્નેહ કેવો ? હું તો તમારી ભાર્યાનું હરણ કરનાર અને તમારા બંધુનો ઘાતક છું. તો હે દેવ, તમારૂં કર્તવ્ય બજાવી શકો છો. સંગ્રામમાં સ્નેહાળ વચનોની કોઈ કિંમત નથી. રણમાં તો વીરપુરુષોએ વીરરસપૂર્વક પોતાનું ભુજાબળ બતાવવું જોઇએ. તો તમારામાં સામર્થ્ય હોય તો તમારૂં બાહુબળ બતાવીને તમારી ભાર્યાને ગ્રહણ કરો. અને જો તમારામાં તાકાત ના હોય તો મારી પાસે દીનવચનથી ભાર્યાની ભીક્ષા માગો. હું દયાળુ છું. કઠોર નથી. જો તમે યાચના કરશો તો ભાવપૂર્વક તમારી પત્ની તમને પાછી આપીશ.' શત્રુ (પ્રદ્યુમ્ન)નાં આવાં ઉત્કટ વચન સાંભળી, અતિ ગુસ્સે થયેલા પુરૂષોત્તમે (કૃષ્ણે) શત્રુની સામે સજ્જ થઇને બાણોનો સમૂહ છોડ્યો. બાણોની વર્ષાથી ચારે દિશા ઘનઘોર વાદળોની જેમ વ્યાપ્ત બની ગઇ. અર્થાત્ એવો અંધકાર થઇ ગયો કે જમીન પર પડેલી વસ્તુ જોઈ શકાય નહીં. આ પ્રમાણે વિષ્ણુના બાણોથી આકાશ-પૃથ્વી આચ્છાદિત થયેલી જોઇને પ્રદ્યુમ્ને અર્ધચન્દ્ર બાણ વડે તેમનાં બાણોને છેદી નાખ્યાં. ત્યારે કૃષ્ણે વિચાર્યું : 'આ કોઈ વિદ્યાસિદ્ધ કલાવાન દેખાય છે. યુદ્ધમાં જેવી તેવી રીતે તેના ઉપર વિજય થશે નહીં.' એમ માનીને બળવાન એવા કૃષ્ણે પણ વ્યાકુળ ચિત્તવાળા થઇને શત્રુના પ્રાણોને તત્કાળ હરનાર ભયંકર ધનુષ્ય ગ્રહણ કર્યું.

'જેનો એક વાર જય થયો, તે બીજી વાર પણ વિજયી બને છે.'—એ પ્રમાણે બીજી વાર પણ પ્રદ્યુમ્ને તેમના ધનુષ્યને છેદી નાંખ્યું અને બોલ્યો : 'પુરુષોત્તમ, જાણ્યું જાણ્યું તમારૂં ધનુર્વિદ્યાનું પરાક્રમ....બરાબર જાણ્યું....કે જેને તમે શર સાથે સાંધો તે પહેલાં જ મેં છેદી નાંખ્યું. વારૂ, સંગ્રામભૂમિ ઉપર વીરપુરુષોને હાંસીપાત્ર એવી આ ધનુર્વિદ્યા તમે ક્યાંથી શીખી લાવ્યા ? કે જે તમારા ગૌરવને ખંડિત કરનારી છે. તમારા પાંડવો અને બલભદ્ર આદિ સુભટોએ યુદ્ધમાં તમારાથી વિશેષ પરાક્રમ બતાવ્યું હતું. જ્યારે તમે તો તે બધાના નાયક છો. તમારામાં તો વિશેષ સામર્થ્ય હોય, એના બદલે ધનુષ્ય ચઢાવવા જેટલું પણ બાહુબળ દેખાયું નહીં ! જેનું શસ્ત્રશિક્ષામાં કૌશલ્ય હોય તે જ યુદ્ધમાં વિજયી બને છે, બીજો નહીં. શસ્ત્રકલા વિના મારી સાથે યુદ્ધ કેવી રીતે કરી શકશો ? પછી ભાર્યા અને બંધુને કેવી રીતે મુક્ત કરશો ? જો તમને યુદ્ધ-કલા ના આવડતી હોય તો ગુરુ પાસે જઇને શીખો. અથવા ઘેર જઈને સુખ ભોગવો.'

પ્રદ્યુમ્નના આવા ઉપહાસગર્ભિત વચન સાંભળીને અગ્નિમાં ઘી હોમાય તેમ કૃષ્ણનો ક્રોધ વધુ પ્રજ્વલિત થયો. તેમણે ત્રીજું ધનુષ્ય લઇને બાણોની જોરદાર વર્ષા કરી દીધી. જેથી પ્રદ્યુમ્નના રથના ઘોડા, રથની ધ્વજા તેમજ સૈન્ય પલાયન થઈ ગયું ! પોતાના પલાયન થતા સૈન્યને જોઇ. પ્રદ્યુમ્ન વિદ્યાશક્તિથી બીજો રથ બનાવીને લડવા માટે ઉદ્યત થયો. કૃષ્ણે પણ વાયુવેગી અશ્વોવાળા રથ ઉપર આરૂઢ થઈને વિદ્યાથી મંત્રિત 'વહ્નિય' નામના બાણને છોડયું. તેથી તરત જ ચારે દિશામાં ઝગારા મારતી વિદ્યુત્ જેવા દુઃસહ તણખાઓની વર્ષા થઈ. તે જોઇને પ્રદ્યુમ્ને પ્રતિપક્ષી 'મેઘ' નામનું બાણ છોડયું. તેનાથી (મેઘથી) અગ્નિના તણખા શાંત થઈ ગયા. જેમ જેમ કૃષ્ણના બાણમાંથી તણખા ઉઠે છે તેમ તેમ પ્રદ્યુમ્નના મેઘાસ્ત્ર બાણમાંથી પાણી વરસે છે ને અગ્નિ શાંત થઇ જાય છે. ત્યાર પછી કૃષ્ણે ક્ષોભકારી એવું 'વાયવ્ય' નામનું શસ્ત્ર છોડયું. તેનાથી ક્ષણમાત્રમાં મદોન્મત્ત હાથીઓ, અશ્વો, રથો અને સુભટો પાંદડાની જેમ ઉડવા લાગ્યા. ત્યારે તરત જ પ્રદ્યુમ્ને 'તામસ' નામનું શસ્ત્ર મૂકયું. જેથી ચારે દિશામાં અંધકાર છવાઈ ગયો અને કૃષ્ણના સુભટો અંધ જેવા બની ગયા. આ પ્રમાણે વિવિધ જાતના આયુધોથી પિતા–પુત્રનો પ્રબળ સંગ્રામ ચાલતો રહ્યો. કોઇનો પણ જય કે પરાજય થતો નથી. હવે ક્રોધથી વ્યાકુળ બની ગયેલા કૃષ્ણે પ્રદ્યુમ્ન ઉપર બાણોની શ્રેણી છોડી તો પણ પ્રદ્યુમ્નના પુણ્યથી તેનો પરાભવ થયો નહીં. આ પ્રમાણે કૃષ્ણનાં જેટલાં અમોઘ શસ્ત્રો હતાં તે બધાં એના ઉપર છોડયાં, પરંતુ તે બધાં જ નિષ્ફળ ગયાં ! શસ્ત્રોની નિષ્ફળતાથી અને પોતાના સૈન્યના ક્ષયથી હરિ (કૃષ્ણ) વિચારમાં પડી ગયા : 'આ બળવાન પાપી શત્રુ શસ્ત્રોથી તો જીતી શકાય તેમ નથી. હવે તો તેની સાથે મલ્લ-યુદ્ધ કરૂં તો જ જીતાય.' આ પ્રમાણે વિચારીને બળવાન કૃષ્ણે રથમાંથી નીચે ઉતરી કાયરોના કાળજાને કંપાવી મૂકે તેવો જમીન ઉપર પાદપ્રહાર કર્યો. (અહીંયાં કવિ કલ્પના કરે છે : 'આ ધરતીમાં ઘણી ગુફાઓ (છિદ્રો) છે. તે કૃષ્ણના પાદપ્રહારને સહી નહીં શકવાથી કાયર પુરુષોને ધરતીમાં સમાવવા માટે જ જાણે ના હોય !) ક્રોધથી રૌદ્ર સ્વરૂપવાળા પિતાને રથમાંથી નીચે ઉતરેલા જોઈને, પ્રદ્યુમ્ન પણ મલ્લયુદ્ધ માટે તરત જ રથમાંથી નીચે ઉતર્યો. યશની ઇચ્છાવાળા બંને જણ નવા મલ્લની જેમ કાછોટા બાંધીને મલ્લયુદ્ધ કરવા તત્પર બન્યાં.

तावन्मातृवधूभ्यां तौ, विलोक्य युद्धकारकौ । विषादः प्रबलः प्राप्तो, मनश्चापल्यकारणं ।८८।
एतौ प्रकुरुतो युद्धं, गणयंतौ न जीवितं । स्वभुजोर्जितशौर्यान्न, मानयंतौ किमप्यलं ।।८९।।
द्वयोरेकतरस्यापि, क्षयो यदि भविष्यति । अस्माकमेव भूयिष्ट–दुःखिता भविता तदा ।९०।
वैसंस्थौल्यमिति स्वांते, दधाते जननीस्त्रियौ । विचिंत्येत्यूचतुस्ते च, नारदं पार्श्ववर्तिनं ।९१।
विद्यमाने त्वयि स्वामिन्, संग्रामः पितृपुत्रयोः । भवेच्चेन्न तदा भव्यं, तवावयोरपि ध्रुवं ।९२।
तयोरिति वचः श्रुत्वोप–कारकृतितत्परः । उत्थाय नारदस्तत्रा–गच्छत्स्वच्छमना रणे ।९३।
तारुण्यात्तरुणो वृद्ध–वाक्यं प्रायो न मन्यते । विदन्निति मुनिर्विष्णु–समीपं प्रथमं ययौ ।९४।
गत्वाऽभाषीष्ट भो शिष्ट ! सर्वापकृष्टकष्टभित् । विष्णो केन समं युद्धं, करोषि त्वमिहाकुलः ।
वैताढ्याख्यगिरौ विद्या–भृत्कालसंवरेशितुः । कुले वृद्धिमवाप्यासा–वागतोऽस्ति सुतस्तव ।९६।
लाभैः षोडशभिर्युक्त–स्तातं त्वां मिलितुं ह्ययं । स्वविद्यादर्शनार्थं चा–गतोऽस्ति भूरिभक्तिभाक् ।
तेन सार्धं त्वया देव, संग्रामो यद्विधीयते । पुण्योत्तममनुष्याणां, युक्तं शोभाकरं न तत् ।।९८।।

कथयित्वेति गोविंदं, मुनिः प्रद्युम्नसन्निधौ । गत्वा प्राह किमारब्धं, त्वया शैशवबुद्धिना ।।
कुलीनो विनयी पुत्रो, यः स्याद्विवेकसंयुतः । भक्तिमेव स्वतातस्य, करोति न तु विग्रहं ।।
तस्मात्त्वमपि निःशेषां, विद्याचेष्टां विमुच्य च । तातस्याभिमुखं गत्वा, नत्वा पादौ भजस्व तं ।
इति स्नेहविधातॄणि, श्रुत्वा वाक्यानि केशवः । नारदतः सुतप्रेम्णा, समेतोऽभिमुखं शनैः ।।
आगत्य प्राह भो वत्सा-गच्छस्वच्छतराकृते । आलिंगितुं प्रयच्छस्व, बाहुः स्नेहादयं मम ।।
इति तातवचः श्रुत्वा, तत्त्वार्थमोहसूचकं । प्रद्युम्नोऽपि समायातो, विनयात्सन्मुखं हरेः ।।२।।
मुक्त्वा विमान एव स्व-जननीं वर्णिनीं पुनः । ननाम चरणौ चारु-भक्त्या तातस्य मन्मथः ।
जनकेनापि पाणिभ्यां, गृहीत्वा सुतमस्तकं । गाढं चालिंगनं दत्वा, चुचुंबे वक्त्रवारिजं ।४।
तदा देहस्थिता रोम-राजयोऽध्युष्टकोटयः । पृथिव्य इव वर्षाया-मासन् प्रोल्लासधारिकाः ।

મલ્લયુદ્ધ માટે તૈયાર થયેલા પિતા પુત્રને જોઈને વહુ સહિત રૂકિમણીના મનમાં ક્ષોભ થયો. ચિત્ત એકદમ ચંચળ બની ગયું. 'પોતાના બાહુબલ ઉપર ગર્વ લેનારા આ બંને મલ્લયુદ્ધ કરતા કરતા પોતાના પ્રાણોની પણ પરવા નહીં કરે. અને જો આ બેમાંથી એકનો પણ નાશ થશે તો અમારા બંનેની જીંદગી દુઃખી દુ:ખી થઇ જશે. અમારૂં જીવન ધૂળ બની જશે.' આ પ્રમાણે હૃદયમાં ક્ષોભ કરતી માતા અને વહુ સંકલ્પ વિકલ્પ કરવા લાગી. રૂકિમણીએ પાસે બેઠેલા નારદજીને કહ્યું: 'સ્વામિન્, હવે તો આ લોકોને કંઇ સમજાવો. પિતાપુત્ર મલ્લયુદ્ધ કરે છે તે તમારા માટે અને અમારા માટે સારૂં નથી.' રૂકિમણીના વચન સાંભળીને પરોપકારી એવા નારદજી ત્યાંથી ઉઠીને તરત જ રણભૂમિ પર આવ્યા. 'યુવાન માણસ યુવાનીના જોશમાં વૃદ્ધનું વચન પ્રાયઃ માને નહી.' એમ સમજીને નારદ પહેલા વિષ્ણુ પાસે આવ્યા. આવીને કૃષ્ણને કહ્યું:- 'સર્વ દુઃખોને દૂર કરનાર એવા હે શિષ્ટ પુરૂષ, તમે કેમ વ્યાકુળ છો? આ કોની સાથે યુદ્ધ કરી રહ્યા છો? વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધર રાજા કાલસંવરને ત્યાં વૃદ્ધિ પામેલો આ તમારો પુત્ર આવ્યો છે! સોળ લાભ સહિત તમને મળવા માટે અને પોતાની વિદ્યાશક્તિ બતાવવા માટે આવેલો છે! તો હે દેવ, તેની સાથે સંગ્રામ કરવો તે તમારા જેવા પુરૂષોત્તમ માટે શોભાસ્પદ નથી.' આ પ્રમાણે કૃષ્ણને કહીને નારદમુનિ પ્રદ્યુમ્ન પાસે ગયા. જઈને કહ્યું:-'અરે, આ તેં શું કરવા માંડયું છે? કેટલી બાળક બુદ્ધિ કરી રહ્યો છે? કુલીન અને વિવેકી પુત્રે તો ભક્તિપૂર્વક પિતાને નમસ્કાર કરવા જોઈએ. તેના બદલે તો તું લડાઈ કરી રહ્યો છે? હવે ઘણું થયું. જા વત્સ, પિતા સન્મુખ જઇને તેમના ચરણમાં નમસ્કાર કરી, પિતાને સંતોષ આપીને તારી બધી માયાને સંહરી લે.' નારદજી પાસેથી સ્નેહ ઉત્પન્ન કરનાર વચન સાંભળી કેશવ પુત્રપ્રેમથી પ્રેરાઈને ધીમે ધીમે પુત્રના સામે જઇ ગદ્‌ગદ્ સ્વરે બોલ્યા:-'હે વત્સ, તું મારી પાસે આવ, મને આલિંગન આપ, મારા બાહુમાં સમાઇ જા.' આ પ્રમાણે પિતાના સ્નેહાળ વચન સાંભળીને પ્રદ્યુમ્ન દોડતો આવીને પિતાના પગમાં પડયો. પિતાએ પણ તેને બે હાથે ઉચકી ગાઢ આલિંગન આપીને તેના મુખ પર વારંવાર ચૂંબન કર્યું. ત્યારે જેમ મેઘધારાથી પૃથ્વી વિકસ્વર બની જાય તેમ પુત્રના આલિંગનથી કૃષ્ણની સાડા ત્રણ ક્રોડ રોમરાજી વિકસ્વર થઇ ગઇ. પિતા પુત્રના

મિલનના આનંદને કહેવા માટે કે બોલવા માટે કોઇ શબ્દ નથી. અર્થાત્ બંનેને અવર્ણનીય આનંદ થયો.

चिरं तनयमालिंग्य, स्थितो यावज्जनार्दनः । नारदर्षिर्जगौ ताव–द्भूयः श्रेयोऽभिलाषुकः ।६।
यथा भोः क्रियते दुष्टं, काननं स्थितिनिर्मितेः । कथं न नगरीमध्ये, गम्यते सांप्रतं द्रुतं ।७।
युष्मदागमनं पौर–लोकोऽपि भृशमीहते । नगर्यां गमनेनैव, युवयोर्वर्त्तते शुभं ।।८।।
कृष्णो विमुच्य निःश्वासान्, जगौ गद्गदवाचया । विना बांधवसैन्याभ्यां, प्रवेशः क्रियते कथं ।
प्रथमं मम पुत्रस्य, दुःखं शल्यमिवाभवत् । मिलितोऽसौ स भाग्येन, तदाभूत्तर्हि भूरिशः ।१०।
बंधुं विना दिशः शून्या, अहं स्वसैन्यमंतरा । पत्नीविना गृहं शून्यं, कथं प्रविश्यते पुरे ।११।
द्वावप्येकाकिनावावां, कः स्वामी कश्च सेवकः । को मस्तकोपरिच्छत्र–धर्ता चामरवीजकः ।
वदंतं दीनतायुक्तां, वाचमिति नरायणं । प्रमोदान्नारदोऽवादीत् खेदं त्वं मा कृथा हरे ।१३।
जीवन्नस्ति तव भ्राता, समस्तमपि ते बलं । कांतापि सुखसंयुक्ता, भव्यो भाग्योदयोऽपि च ।
यस्य प्रद्युम्नसंकाश–स्तनयो विद्यते बली । न कापि न्यूनता तस्य, लोकनिंदाविधायिनी ।१५।
न हतोऽत्र विपक्षोऽपि, येन द्रोहविधायकः । स कथं निजतातस्य, बंधुसैन्यविघातकः ।१६।
तव विद्याचमत्कारः पुत्रेणायं प्रदर्शितः । न कोऽपि मारितो हस्ती, हयः पत्तिश्च विद्यते ।१७।
संतोष्य वाग्विलासेन, गोविंदमिति नारदः । प्रद्युम्नमवदद्वत्सा–द्यापि क्रीडां करोषि किं ।१८।
महतोऽत्र मनुष्यस्य, चिरं हास्यं न युज्यते । विशेषाज्जगतां पूज्ये, ताते घातेन वर्जिते ।१९।
संहृत्येमां ततश्चेष्टां, विश्वां विद्यासमुत्थितां । पृथिव्यां पतितानेता–नुत्थापयाखिलानपि ।
उत्थाप्य सकलान् वीरान्, मूर्च्छितांस्त्वं च विद्यया । संतोषय स्वतातस्य, हृदयं दुःखपूरितं ।
इति नारदवाक्येनो–त्थापितास्तेऽखिला अपि । कुलीनः कृपया युक्तो, मुनिवाक्यं करोति हि ।
येन ध्यानेन शय्येत, निद्रालुभिः शरीरिभिः । उच्चरंतस्तदेवास्या–दुत्तिष्ठंति सविभ्रमाः ।
शत्रु गृह्णंतु गृह्णंतु, द्रुतमेवेति चाननात् । उच्चरंतो रणध्याना–दुत्थिताः सान्वतादयः ।२४।
आत्मनोऽपि स्वपुत्रस्य, जानन विद्याबलं बहु । माधवः प्राह तान् भो भो, यूयं तिष्ठत तिष्ठत ।
युष्माकं बलमन्यूनं, ज्ञातं मया बलीयसां । ममैकापि च पुत्रेण, यूयं सर्वेऽपि निर्जिताः ।।२६।।
सर्वविद्यानिधानेना–नेन युष्मान् विजित्य च । प्रदर्शिता कलाक्रीडा, व्रीडाकर्त्र्यभवत्खलु ।२७।
मिलनार्थं समेतोऽस्ति, वैताढ्यपर्वतादयं । विद्यां दर्शयितुं सर्व–मेतदेतेन निर्मितं ।।२८।।
इति कृष्णोक्तमाकर्ण्य, लज्जिताः पांडवादयः । गजाश्वरथमारूढा, बभूवुः पार्श्ववर्त्तिनः ।
प्रद्युम्नमच्युतोपांते, वीक्ष्य विद्याविभूषितं । गजाश्वरथमारुह्य, नेमुस्ते कृष्णमन्मथौ ।।३०।।
प्रद्युम्नोऽपि कुलीनत्वात्, सर्वान् प्रति ननाम तान् । ऐश्वर्येऽपि कुलीनो हि, विनयं न विमुंचति ।
समुद्रविजयाधीशा, बलदेवेन संगताः । मिलिताः प्रेमयोगेन, प्रदायालिंगनं भृशं ।।३२।।

**वर्त्तामहे वयं धन्या, यद्विभोरीदृशः सुतः । तुष्यंत एवमन्येऽपि, प्रणता वसुधाधवाः ।।३३।।**
**प्रद्युम्नरूपमालोक्य, सर्वेऽतुष्यंश्च पार्थिवाः । प्रमोदते न को मर्त्यः, कामरूपविलोकनात् ।३४।**
**प्रभूतमर्त्यसंघाता—दितो निःसृत्य भानुकः । अगच्छत्सत्यभामाया, अविलंबं निकेतनं ।३५।**
**व्रजित्वा तत्र वेगेन, यावन्मातुः स भाषते । प्रद्युम्नागमनं चित्त—शल्यवद् दुःखदायकं ।३६।**
**तावता वाटिकावापी—वनानां स्यंदनस्य च । कन्याहरणपुष्पाणा—मपराधाः समागताः ।३७।**
**तान् श्रुत्वा सत्यभामाया, यादृशी दुःखवेदना । शक्यते गदितुं नैव, ज्ञानिनाऽपि च तादृशी ।३८।**

લાંબા સમય સુધી પુત્રને આલિંગન આપી રહેલા શ્રીકૃષ્ણને હિતસ્વી એવા નારદજી, પ્રથમ પ્રદ્યુમ્નને ઉદ્દેશીને બોલ્યા :– 'વત્સ, પ્રથમ તેં જેમ વન ઉદ્યાન ઉજ્જડ કર્યા હતાં તેમ નગરીની પણ હાલ તેવી સ્થિતિ થઈ છે. તો હવે જલ્દીથી નગરીમાં જવું જોઈએ. તમારૂં આગમન નગરવાસીઓ ઇચ્છી રહ્યા છે. માટે તમારે બંનેને હાલ દ્વારિકામાં જવું જરૂરી છે.' ત્યારે કૃષ્ણ નિસાસા મૂકીને ગદ્ગદ્ સ્વરે બોલ્યા :–'સ્વામિ, બાંધવ અને સૈન્ય વિના નગરીમાં પ્રવેશ કેવી રીતે થઈ શકે ? પહેલાં મને પુત્ર વિયોગનું દુઃખ શલ્યની જેમ ખૂંચતું હતું, હવે મારા સદ્ભાગ્યે પુત્રનું મિલન થયું પરંતુ મારા માટે બંધુ વિના દિશાઓ શૂન્ય, સૈન્ય વિનાનો હું શૂન્ય અને પત્ની વિનાનું ઘર શૂન્ય છે. તો નગરમાં પ્રવેશ કેવી રીતે કરી શકાય ? ફક્ત અમે બંને રહ્યા છીએ. એમાં કોણ સ્વામી અને કોણ સેવક ? કોણ છત્ર ધારક અને કોણ ચામર વિંઝનાર થશે ?' નારાયણની દીનવાણી સાંભળીને પ્રમોદથી નારદજીએ કહ્યું :– 'હરિ, તું ખેદ ના કર. તમારો બંધુ જીવંત છે, સમસ્ત સૈન્ય પણ કુશલ છે. તેમજ ભાર્યા પણ સુખમાં છે. તમારો ભાગ્યોદય મહાન્ છે. જેનો પ્રદ્યુમ્ન જેવો બલવાન પુત્ર છે, તેને લોકનિંદાકારી કોઇ ન્યૂનતા નથી. જેણે પોતાનો દ્રોહ કરનાર એવા શત્રુને પણ હણ્યો નથી, તે ગુણનિધાન શું પોતાના બંધુ અને સૈન્યનો વિઘાતક બને ? તારા પુત્રે આ બધી વિદ્યાનો ચમત્કાર બતાવ્યો છે ! નથી કોઈ હાથી ને અશ્વને કે સૈનિકને માર્યો ! એક રૂધિરનું બિંદુ પણ તેણે પાડયું નથી. બધુ સલામત છે. માટે ગોવિંદ, જરાયે ચિંતા કરશો નહી.' આ પ્રમાણે નારદે મધુરવાણીથી કૃષ્ણને સંતોષીને પ્રદ્યુમ્નને કહ્યું :– 'વત્સ, હજુ પણ ક્રીડા કરે છે. ? મોટા પુરૂષની લાંબા સમય સુધી હાંસી કરવી તે સારૂં નહી. તેમાં પણ જગતમાં પૂજ્ય એવા પિતાની તો હાંસી ન જ કરવી જોઇએ. વિદ્યાથી ઉત્પન્ન કરેલી આ સમસ્ત માયાને સંહરીને જમીન પર પડેલા સઘળાયે સુભટોને ઉઠાડ. વિદ્યાવડે મૂર્છિત કરેલા સઘળાંયે વીરપુરૂષોને ઉઠાડીને દુઃખી થયેલા તારા પિતાના હૃદયને સંતોષથી ભરી દે.'

'કરૂણાવંત કુલીન પુત્ર મુનિના વચનને અવશ્ય માન આપે છે.' નારદના વચનથી પ્રદ્યુમ્ને માયાને સંહરી મૂર્છામાંથી બધાને મુક્ત કર્યા, જે ધ્યાનથી મનુષ્યો નિદ્રિત થાય છે, તે જ ધ્યાન જાગતાની સાથે આવે છે. તેમ ઉંઘમાંથી (મૂર્છામાંથી) ઉઠતાની સાથે જ સંભ્રમથી બલભદ્ર આદિ સુભટો બોલવા લાગ્યા :– ' પકડો, પકડો, શત્રુને પકડો.' સંગ્રામના ધ્યાનથી આ પ્રમાણે બોલતા બલભદ્ર આદિને પોતાના પુત્રની વિદ્યાશક્તિને જાણતા માધવ બોલ્યો :– ભો, ભો, તમે ઉભા રહો ! ઉભા રહો ! તમારૂં અને મારૂં અતુલ બળ મેં બરાબર જાણી લીધું છે ! મારા એક જ પુત્રે તમને બધાને હરાવ્યા. સર્વવિદ્યાવિશારદ આ પુત્રે તમારા બધાનો પરાજય કરીને એક રમત બતાવી છે ! ખરેખર, આપણા બધા માટે લજ્જાકારી છે. વૈતાઢયપર્વતથી પ્રદ્યુમ્ન આપણને

મળવા માટે આવ્યો છે. એણે પોતાની વિદ્યા બતાવવા માટે જ આ બધુ કર્યું છે.' કૃષ્ણની હર્ષસૂચક વાણી સાંભળીને હસ્તિ, અશ્વ અને રથ ઉપર આરૂઢ થયેલા પાંડવ આદિ વીરપુરૂષો કૃષ્ણની પાસે વિદ્યાથી વિભૂષિત પ્રદ્યુમ્નને જોઈને તે બધાએ નીચે ઉતરીને કૃષ્ણ અને પ્રદ્યુમ્નને નમસ્કાર કર્યા, પ્રદ્યુમ્ને પણ બધા વડિલોને નમસ્કાર કર્યા. ખરેખર ઐશ્વર્યવાન હોવા છતા કુલીન પુરૂષ વિનયને મૂકતો નથી. બલભદ્રની સાથે સમુદ્રવિજય આદિ રાજાઓ આવ્યા અને પ્રેમપૂર્વક પ્રદ્યુમ્નને આલિંગન આપ્યું. 'સ્વામિન્, અમે ધન્ય છીએ કે અમારા સ્વામીનો આવો વિદ્યાવાન અને પરાક્રમી પુત્ર છે.' એમ સંતુષ્ટ થયેલા બીજા રાજાઓએ પણ આવીને નમસ્કાર કર્યા. પ્રદ્યુમ્નનું અલૌકિક રૂપ જોઈને રાજાઓ અને સઘળાયે સુભટો ખૂબ આનંદ પામ્યા, કામદેવના રૂપ દર્શનથી કયા મનુષ્યને આનંદ ના થાય? ઘણા માણસોના સમુદાયમાથી નીકળીને ભાનુકુમાર દોડતો પોતાની માતા સત્યભામા પાસે ગયો. જઈને માથાના દુખાવા જેવું દુખદાયી પ્રદ્યુમ્નનું આગમન કહ્યું. ત્યારે વન, ઉદ્યાન, વાડી, વાવ, રથ, કન્યાનું અપહરણ અને પુષ્પોનું નિર્માલ્ય આદિ બધા અપરાધો સત્યભામાના ચિત્તમાં ઉભરાવવા લાગ્યા. અને ભાનુકુમારના મુખે પ્રદ્યુમ્નની વિદ્યાના ચમત્કારો વિગેરે સાંભળીને સત્યભામાને એવા પ્રકારની દુઃખવેદના થઇ કે જે જ્ઞાની-પુરૂષો પણ શબ્દમાં વર્ણવી ના શકે.

अथ कृष्णः सुतं प्राह, वत्साऽऽनय स्वमातरं । इत्युक्तेऽपि स नोऽजल्पत्, प्रत्युताधोमुखोऽभवत् ।
तदा जगाद हास्येन, नारदर्षिविशारदः । संसारे सर्वमर्त्यानां, वल्लभा कामिनी निजा ।४०।
कृष्णोऽवदत् कथं साधो ! त्वयेदं विनिवेदितं । सोऽजल्पज्जल्पने देव, स्खलितस्त्वं ततोऽहसं ।
स्वमातरं वधूटीं चा-नयेत्युक्तं कथं न हि । विष्णुरूचे न जानामि, प्राप्तानेन कुतो वधूः ।४२।
नारदर्षिर्जगौ जिष्णो, दुर्योधनेन या कनी । प्रेषिता समभुद्भानु-विवाहकृतये मुदा ।।४३।।
आयांती वर्त्मनि सैन्य-युतानेन सुतेन ते । गृहीता युद्धपुर्वं सा, परिणीता सुखेन च ।।४४।।
कृत्वा रूपं किरातस्य विद्यया अपहृत्य च । एतेन परिणीता सा कुतूहलविधायिना ।।४५।।
निशम्य नारदप्रोक्तं, वचनं पुरुषोत्तमः । प्रभूतं प्रमदं प्राप, ध्यायन् पुत्रपराक्रमं ।।४६।।
मुरारिणा ततः प्रोचे, तनय ! त्वं स्नुषायुतां । जननीमानय क्षिप्रं, सन्निधौ मम शर्मणे ।४७।
तातस्य स्नेहिलं वाक्यं, समाकर्ण्य मनोभवः । वधूयुक्तां विमानस्थां, रुक्मिणीमानयद् द्रुतं ।
विमानं वीक्ष्य सर्वेऽपि, बभूवुर्विस्मयाकुलाः । अद्भुतस्य विलोकेन, भवेत्कस्य न विस्मयः ।
साप्यागत्य स्वकीयस्य, भर्त्तुर्विनयमाचरत् । तदा निगदितं भर्त्रा- मात्यैः सह पुरे व्रज ।५०।
तत्र गत्वा तनूजस्य, प्रवेशोत्सवमाचर । महःकरणमेतस्य, संप्रत्येव प्रवर्त्तते ।।५१।।
पतिव्रतांगना या स्या-ल्लुंपेत्पत्युर्वचो न सा । प्रमाणविषयीकृत्य, तद्वाचं सागमत्पुरं ।।५२।।
प्रमोदतस्तया गत्वा, प्रेषयित्वा च सेवकान् । पुरी श्रृंगारिता चित्र-कर्मभिस्तोरणध्वजैः ।
भर्त्तुर्योगे कृतश्रीका, सुवासिनीव शोभना । मनुष्यैस्तरुणैर्दृश्या, रेजे श्रृंगारिता पुरी ।।५४।।

કૃષ્ણે પુત્રને કહ્યું :- 'બેટા, તારી માતાને લઈ આવ.' આટલુ કહેવા છતાં પ્રદ્યુમ્ન કંઈ બોલ્યો નહી અને નીચુ મુખ કરીને બેસી રહ્યો. ત્યારે નારદજીએ હસીને કહ્યું :- 'સંસારમાં દરેક

મનુષ્યોને પોતાની પત્ની વધારે વ્હાલી હોય છે.' કૃષ્ણે કહ્યું:- 'સાધુ, તમે કેમ આમ બોલ્યા?' નારદે કહ્યું:- 'દેવ તમે બોલતા ચૂકી ગયા તેથી હું હસ્યો. તમે એમ કેમ ના કીધું કે 'તારી માતા અને તારી વહુને લઈ આવ.' વિષ્ણુ કહે: 'મને શું ખબર કે તે વહુને લઈ આવ્યો છે. કયાંથી લાવ્યો છે?' નારદજીએ કહ્યું:- 'વિષ્ણુ, ભાનુકુમારના વિવાહ માટે દુર્યોધને જે કન્યા મોકલી હતી તે કન્યાનું, રસ્તામાં અમે આવતાં હતાં ત્યારે તમારા દીકરાએ ભિલ્લનું રૂપ કરી કૌરવોને ભગાડીને અપહરણ કર્યું હતું. તેને મારી પાસે લાવ્યો હતો. કન્યા પણ તેના વિદ્યા, રૂપ અને સૌંદર્ય જોઈને તેને મનથી વરી ચૂકી છે. નારદના મુખે પુત્રના પરાક્રમની વાત સાંભળી અત્યંત ખૂશ થયેલા મુરારિએ (કૃષ્ણે) કહ્યું:- 'બેટા, પુત્રવધૂ સાથે તારી માતાને મારા સુખને માટે જલ્દીથી લઈ આવ.' પિતાની સ્નેહાળ વાણી સાંભળીન તરત જ પ્રદ્યુમ્ન માતા અને વહુ સહિત વિમાન પિતાની પાસે લાવ્યો. અદ્ભુત વિમાનને જોઈ સમુદ્રવિજય આદિ રાજાઓ, સુભટો વિગેરે આશ્ચર્યચકિત થઈ ગયા. રૂકિમણી અને રાજકન્યાએ આવીને પતિ આદિ વડીલજનોને નમસ્કાર કર્યા અને વિનયપૂર્વક ઉભા રહ્યા. કૃષ્ણે રૂકિમણીને કહ્યું:- 'દેવી, પ્રધાનોની સાથે તમે નગરમાં જાવ. જઈને નગરને શણગારી પુત્રનો પ્રવેશ મહોત્સવ કરાવો.' પતિવ્રતા સ્ત્રી પતિનું વચન ઉલ્લંઘન કરતી નથી. તે રીતે રૂકિમણીએ પતિના વચનને પ્રમાણ કરી, નગરમાં જઈ સેવકોને મોકલીને, ધ્વજા પતાકા આદિ વિવિધ ચિત્રો વડે દ્વારિકાનગરીને એવી શણગારી કે જાણે નવોઢા (નવીપરણેતર) સ્ત્રી સોળે શણગારથી સજ્જ થઈને આવી ના હોય! તેવી દેખાવા લાગી.

**बर्याणामेव तूर्याणा—मारवैः पूरितांबरे । पुत्रसैन्ययुतो हर्षा—द्विवेश केशवः पुरीं ।।५५।।**
**नृत्यत्सु पात्रवृंदेषु, गायत्सु गायनेषु च । वाद्यमानेषु वाद्येषु, लसत्सु बिरुदेषु च ।।५६।।**
**द्वेधापि रूपनामाभ्यां, प्रद्युम्नेन समं तदा । पुर्यां विशति गोविंदे, उत्सवो योऽभवन्महान् ।५७।**
**तेनैव केनचिद्बद्धं, निदानमग्रजन्मनि । ईदृशानुत्सवान् लप्स्ये, भव्यं भाग्यं च तर्हि मे ।।५८।।**

શ્રેષ્ઠ વાજિંત્રોના અવાજથી ગગનમંડળ વ્યાપ્ત બની ગયું. વિદૂષકો નૃત્ય કરવા લાગ્યા. ગાયકો ગીત ગાવા લાગ્યા. વિવિધ વાજિંત્રો વાગવા લાગ્યાં અને બંદીજનો બિરૂદાવલિ બોલવા લાગ્યા. મહામહોત્સવપૂર્વક કૃષ્ણે સૈન્ય સહિત હર્ષપૂર્વક પ્રદ્યુમ્નનો નગર પ્રવેશ કરાવ્યો. રૂપ અને નામ વડે પ્રદ્યુમ્નની સાથે ગોવિંદ (કૃષ્ણ) નો નગર પ્રવેશ થતાં મહાન્ મહોત્સવ બની ગયો. તેણે કોઈ આગળ જન્મમાં નિયાણું કર્યું હશે કે આવા પ્રકારના ઉત્સવનું ભાગ્ય મને પ્રાપ્ત થયું.

**प्रद्युम्नदर्शनाद् हृष्यात्, केनचिन्मंदबुद्धिना । केनचित्तस्य विद्याया—श्चमत्कारश्च तेः पुनः ।५९।**
**रूपं मान्मथमालोक्य, कयाचिद्विस्मयाढचया । विफलं स्वपतित्वस्य, वांछया विहितं मनः ।**
**अपरा लकुटप्रायः, प्राप्तः पतिर्यदि स्त्रिया । तदा नार्यवतारस्य, किं साफल्यं भवेदिह ।।६१।।**
**उवाच काचिदेतस्य, धन्या माता च रुक्मिणी । नवमासान् यया धृत्वो—दरे प्रसुषुवे सुतः ।।६२।।**
**काचिदूचे हरिर्धन्यो, यत्कुलेंगज ईदृशः । विद्याकन्यासमन्वीत, एवागात्सकटादपि ।।६३।।**
**प्राहापत्योज्झिता काचिद्धन्या कनकमालिका । लालयित्वा ययोत्संग, आबाल्यादपि वर्धितः ।**
**काचिज्जजल्प हृद्यो भो, विद्याभृत्कालसंवरः । शिलोपरि स्थितो येना—ददे रत्नमिवाद्भुतः ।**

काचिज्जागाद धन्योऽयं, यस्य कष्टेऽपि संपदः । बभूवुः सकलाभीष्टा–श्चमत्कारविधायिकाः ।
काचिद् बभाण भो भद्रे, किं जल्पसि पुनः पुनः । पुंसां पुण्यवतां किं किं, न स्यात्पुण्यप्रभावतः ।
एतेन भगवत्पूजा कृतामुत्र भविष्यति । दत्तं दानं सुपात्रेषु, चारित्रं पालितं शुभं ।।६८।।
शीलमाचरितं नूनं, तपस्तप्तं च दुस्सहं । षण्णां जीवनिकायानां, रक्षा कृता भविष्यति ।६९।
समृद्धिरीदृशी तेन, संप्राप्ता तेन धीमता । कुरुष्व त्वं तदा पुण्यं, यदि वांच्छा सुखे भवेत् ।।७०।।
स्वयशोवादसंभूतां, नानोक्तिमिति नागरीं । श्रृण्वानश्चामरैर्वीज्य–मानश्छत्रस्फुरच्छिराः ।७१।
मिथो वादं प्रकुर्वद्भि–रिव वादित्रनिःस्वनैः । सहेंद्रेणेव कृष्णेन, जयंत इव सोऽस्फुरत् ।।७२।।
शोभायै स्वजनानां च, श्रृंगारितस्य सद्मनः। स्वः स्पर्धयेव तुल्यत्वं, द्रष्टुं तत्र समागतः ।।७३।।
तयापि भूरिनारीभिः, सुवासिनीभिरादरात् । निष्पादितैर्गीतगानै–र्नार्याचारो विनिर्मितः ।
तनूजमिलनेनैव, रुक्मिण्युदयसंभवे । सत्यभामां विना भानुं, सर्वेऽपि तुतुषुर्जनाः ।।७५।।
बलभद्रो मुकुंदश्चापरे सर्वेऽपि पार्थिवाः । हर्षेण भोजनं चक्रुः, रुक्मिण्या विनिमंत्रिताः ।।७६।।
तस्थिवांसो महीपाला–स्तत्रैव कियतो दिनान् । अन्यदा सचिवाः प्रोचु– र्विष्णुं मुदा समन्वितं।

કોઈ મંદબુદ્ધિવાળાને પ્રદ્યુમ્નનું દર્શન કરવા જેવું લાગે છે, તો કોઈકને તેની વિદ્યાના ચમત્કાર સાંભળવા ગમે છે. કોઈક સ્ત્રી મન્મથ (પ્રદ્યુમ્ન)ના રૂપને જોઈને 'મારા પતિમાં આમાંનું કંઇ પણ નથી.' આ પ્રમાણે વિચારી પોતાના પતિની નિષ્ફલતાનો વિચાર કરે છે. કોઈક સ્ત્રી વિચારે છે:– 'પતિ જો લકુટા જેવો હોય તો એ સ્ત્રીનો અવતાર ખરેખર નિરર્થક છે. પતિ તો પ્રદ્યુમ્ન જેવો જ જોઈએ,' આ રીતે અનેક પ્રકારના સંકલ્પ અને વિકલ્પ કરતી સ્ત્રીઓ અનિમેષ નયને પ્રદ્યુમ્નને જોઈ રહી હતી. કોઇ પ્રૌઢ સ્ત્રી બોલી કે 'એની માતા રૂકિમણીને ધન્ય છે કે જેણે પોતાની કુક્ષીમાં આ પુત્રને નવમાસ ધારણ કર્યો અને એને જન્મ આપ્યો.' કોઇ કહે છે:– 'કૃષ્ણને ધન્ય છે, જેને આવો વિદ્યાસંપન્ન કુલવાન પુત્ર છે. ગમે તેવા સંકટમાંથી પસાર થઇને પણ પિતાને આવી મળ્યો.' કોઇ કહે છે :– 'એ વિદ્યાધરી કનકમાલાને ધન્ય છે, જેણે પોતાના ઉત્સંગમાં (ખોળામાં) રમાડી તેનું લાલનપાલન કરી મોટો કર્યો.' કોઈ કહે છે:– 'ધન્ય છે કાલસંવર વિદ્યાધરને, કે જેણે શિલા ઉપરથી રત્નની જેમ ગ્રહણ કરી પુત્રવત્ વૃદ્ધિ પમાડયો.' ત્યારે કોઈક સ્ત્રી કહે છે: 'ધન્ય છે પ્રદ્યુમ્નને કે જેણે કષ્ટમાં પણ ચમત્કાર કરનારી ઇષ્ટ સંપત્તિઓને પ્રાપ્ત કરી.' કોઇ વૃદ્ધા સ્ત્રી કહે છે:– 'ભદ્રે, એમાં શું બોલવા જેવું છે? આ બધુ પુણ્યના પ્રભાવથી જ મળે છે. પુણ્યશાળી પુરૂષોને પગલે પગલે નિધાન હોય છે, અને પૂર્વભવમાં ભગવંતની પુજા–ભક્તિ કરી હશે, સુપાત્રમાં દાન દીધાં હશે, શુદ્ધ ચારિત્રનું આરાધન કર્યું હશે, સદ્‌ગુરૂના વચનથી નિર્મલ બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યું હશે, દુષ્કર તપશ્ચર્યા કરી હશે, છ જીવનિકાયની રક્ષા કરી હશે, તો જ આવા પ્રકારની સમૃદ્ધિ પ્રાપ્ત થઇ છે. માટે તમારે પણ જો સુખની ઇચ્છા હોય તો પુણ્ય કાર્ય કરો.' આ પ્રકારે નગરવાસી સ્ત્રીપુરૂષોના મુખથી યશોવાદને સાંભળતા, ચામરોથી વિંઝાતા, જેમના મસ્તક પર છત્ર રહેલું છે, વિવિધ પ્રકારના વાજિંત્રોના અવાજથી ઉલ્લસિત બનેલા વાતાવરણમાં ઇન્દ્રની સાથે તેનો પુત્ર જયંત શોભે તેમ કૃષ્ણ પાસે પ્રદ્યુમ્ન શોભી રહ્યો છે. દ્વારિકાવાસી નગરજનોએ પોતાના ઘરના આંગણે નવનવી પ્રકારની સ્વસ્તિક–રચનાઓ કરી.

પોત પોતાની સામગ્રીથી રસ્તાઓને શણગારી દ્વારિકાને સ્વર્ગપુરી જેવી બનાવી નાખી. સ્વજનો અને નગરવાસી સુહાગણ સ્ત્રીઓ મંગલગીત ગાતી હતી. પ્રદ્યુમ્નના લુંછણા લેતી હતી. રૂકિમણી સાથે શોભાયાત્રામાં સામેલ થઇ. આ પ્રમાણે ઘણા ઠાઠમાઠપૂર્વક ઉત્સાહથી પ્રદ્યુમ્નનો નગરપ્રવેશ કરાવ્યો. પુત્રના મિલનથી રૂકિમણીના આનંદની કોઇ પરિસીમા ન હોતી. સાથે સાથે નગરવાસીઓ પણ રૂકિમણીના પુણ્યનો ઉદય જોઈ ને સંતોષ પામ્યા. સત્યભામા અને તેના પુત્ર ભાનુકુમાર સિવાય સમસ્ત રાજલોકમાં આનંદ આનંદ છવાઈ ગયો. પુત્ર મિલનના ઉપલક્ષમાં રૂકિમણીએ સમુદ્રવિજય, બલભદ્ર, પાંડવો અને કૃષ્ણ વગેરે રાજાઓને પોતાના રાજમહેલમાં આમંત્રી હર્ષપૂર્વક ભોજન કરાવ્યું અને કેટલાયે દિવસો સુધી પોતાના ત્યાં રાખ્યા.

अथैतस्य विवाहस्य, प्रकुरुध्वं महोत्सवं । कामस्तदावदन्नाहं, करिष्ये करपीडनं ।।७८।।
तत्तदैव करिष्यामि, यदा कनकमालिकां । समादाय समं काल–संवरेशः समेष्यति ।।७९।।
कामस्येति गिरं श्रुत्वा, गोविंदः संमदान्वितः । तत्र प्रेषितवान् दूतं, सुताकूतं प्रजल्पितुं ।८०।
तेन तत्र द्रुतं, गत्वा, तत्स्वरुपमभाष्यंत । तन्निशम्याभवत्सोऽपि, तत्रागमनवांछकः ।।८१।।
विलंबं लज्जया कुर्वन्, यावत्ततः स नाचलत् । तावद्दूतोऽवदत्स्वामिन्, विलंबं कुरु मा मुधा ।।
त्वयि तत्र समायात, एव पाणिग्रहोत्सवः । अन्यथा किल तत्रापि, भविष्यति विलंबता ।८३।
दूतोक्त्या प्रेरितः सोऽपि, मेलयित्वा महद्बलं । लात्वा कन्या वहूः सार्थे, रतिपुत्रीरिवाचलत् ।८४।
सामग्रीमतुलां कृत्वा–गच्छंतं कालसंवरं । श्रुत्वा कामो ययौ पत्तीभाश्वैः पित्रा च संमुखं ।
आत्मनो यो भवेदिष्ट–स्तस्यापीष्टश्च यो भवेत् । उत्तमः कुरुते तेन, साकं प्रीतिं गरीयसीं ।८६।
कालसंवरभूपेन, कृत्वा प्रीतिं ततो हरिः । प्रवेशं कारयामास, महोत्सवैर्मनोहरैः ।।८७।।
रुक्मिण्यपि सुतप्रेम्णा,–व्रजित्वाभिमुखं द्रुतां । मिमेल कनकमालां, वृक्षैर्विराजिकानने ।८८।
क्वचित्करेणवो मत्ताः, क्वचिद्वेगधरा हयाः । क्वचित्पदातिकाः शूराः, स्यंदनाश्चित्रिता क्वचित्
क्वचिन्मुक्ताफलव्राताः, क्वचिद्द्वारा मनोहराः । क्वचिच्च सुमनःपुंजाः, स्त्रीणां गीतानि कुत्रचित्
तदा द्वारवतीशोभा, बभूव भूयसी शुभा । यथा शिरसि सौभाग्य–वत्या मुकुटसंस्थितिः ।।९१।।
समृद्धि मानसाभीष्टां, संप्राप्य च मनोभवः । प्रपूजनं जिनेंद्राणां, विधाय विधिपूर्वकं ।।९२।।
आगत्य रुक्मिणीपार्श्वे, नत्वोवाच कृतांजलिः । मातरद्यापि तां सत्य–भामां विगोपयाम्यहं ।
रुक्मिणी वचनं तस्य, निशम्य व्याकुलाभवत् । समागतं सुतं प्राह, मावादीरिति नंदन ! ।९४।
पतितस्य पदाभ्यां न, कुट्टनं युज्यते सतां विगोपनं विगुप्तस्य. तथा समुचितं न हि ।।९५।।
विगोपिता त्वयैवेयं, पुरास्ति सपरिच्छदा । विगोपनमथैतस्या, नोचितं महतस्तव ।।९६।।
मातुर्वचनयोगेन, कामो मुक्त्वाथ तां कथां । विवाहाय हयं चारु–मारुरोह विभूषितः ।।९७।।

હવે વિષ્ણુએ પ્રધાનપુરૂષોને કહ્યું :– 'પ્રદ્યુમ્નના પાણિગ્રહણ મહોત્સવની તૈયારી કરો.' ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું :– 'પિતાજી, હું લગ્ન નહી કરૂં. હું ત્યારે કરીશ કે જ્યારે કાલસંવર રાજા કનકમાલાને લઈને અહીંયા આવશે ત્યારે જ લગ્ન કરીશ.' પ્રદ્યુમ્નની વાત સાંભળીને હર્ષિત થયેલા

કૃષ્ણે પુત્રના અભિપ્રાયને કહેવા માટે એક હોંશીયાર દૂતને વૈતાઢ્યપર્વત ઉપર કાલસંવર વિદ્યાધરને ત્યાં મોકલ્યો. ઉગ્રપ્રયાણ કરીને દૂત કાલસંવરરાજાને ત્યાં ગયો. જઇને બધી વાત કરી. કૃષ્ણ અને પ્રદ્યુમ્નનો સંદેશો આપ્યો. રાજા–રાણી ઘણા પ્રસન્ન થયાં પરંતુ લજ્જાથી ત્યાં આવવા માટે થોડી આનાકાની કરી. ત્યારે દૂતે કહ્યું:– 'સ્વામિન્, આપને પધારવું જ પડશે. આપ નહીં પધારો તો પ્રદ્યુમ્ન વિવાહ નહી કરે. તો આપ વિલંબ કર્યા વિના જલ્દીથી પધારો.' દૂતના આગ્રહથી પ્રેરાઇને કાલસંવરરાજાએ કનકમાલા, પ્રદ્યુમ્નની પત્ની રતિકુમારી તેમજ બીજી રાજકન્યાઓ સાથે તેમજ ઘણું સૈન્ય અને સામગ્રી લઈને દ્વારિકા નગરી આવવા માટે પ્રયાણ કર્યું. દૂતે આગળ જઈને કૃષ્ણને સમાચાર આપ્યા. કૃષ્ણ અને પ્રદ્યુમ્ન પણ બલભદ્ર આદિ રાજાઓ, રૂકિમણી આદિ રાણીઓ તેમજ હાથી, ઘોડા, રથ આદિ ચતુરંગી સેના સાથે કાલસંવરરાજાને સામે લેવા માટે ગયા. 'પોતાને જે વ્યક્તિ પ્રિય હોય તે વ્યક્તિને જે અભીષ્ટ હોય તેની સાથે ઉત્તમ પુરુષો ગાઢ પ્રીતિ રાખે છે.' તે પ્રમાણે કૃષ્ણે કાલસંવરની સાથે પ્રીતિ કરીને, સુંદર મહોત્સવપૂર્વક તેમના નગર પ્રવેશની તૈયારી કરી. રૂકિમણી પણ પુત્રપ્રેમથી સામે જઇને વૃક્ષોથી સુશોભિત ઉદ્યાનમાં કનકમાલાને મળી. ગજારૂઢ, અશ્વારૂઢ, રથારૂઢ અને પાયદળ આ રીતે ચતુરંગી સેના સાથે અને નગરવાસી નરનારીઓ સાથે વિવિધ પ્રકારના વાજિંત્રોના નાદપૂર્વક શણગારેલી દ્વારિકા નગરીમાં કાલસંવરરાજા અને કનકમાલાનો નગર પ્રવેશ કરાવ્યો. ત્યારે સાચા મોતીથી, પુષ્પોથી અને અક્ષતોથી સ્ત્રીઓએ મંગલગાનપૂર્વક રાજા રાણીના વધામણા કર્યાં. જેમ સૌભાગ્યવંતી સ્ત્રીના મસ્તક પર તિલક શોભે તેવી રીતે તે વખતની દ્વારિકા શોભતી હતી. ત્યાર પછી રૂકિમણીએ મનોવાંછિત સંપત્તિ અને પુત્રને પામીને, વિધિપૂર્વક જિનેન્દ્ર ભગવંતનું પૂજન કરાવ્યું. પ્રદ્યુમ્ને રૂકિમણી પાસે આવી નમસ્કાર કરીને કહ્યું:– 'માતા, હવે પણ સત્યભામાની વિડંબના કરૂં ?' સાંભળીને વ્યાકુળ થયેલી રૂકિમણીએ કહ્યું:– 'નહીં બેટા, પડયા ઉપર પાટું મારવું તે સજ્જન પુરૂષોને યોગ્ય નથી. પોતે સ્વયં વગોવાઈ ગઈ છે, હવે એને શી વગોવવી ? પહેલાં તેં એના પરીવારનું પણ વગોવણું કર્યું હતું. હવે આપણે કંઇપણ કરવું તે યોગ્ય નથી. એના કર્મ એને વગોવશે.' આ પ્રમાણે માતાના વચનથી એ વાત પડતી મૂકીને પ્રદ્યુમ્ન વિવાહ માટેની તૈયારી કરવા લાગ્યો.

**कालसंवरविद्याभृ–न्माधवाभ्यां सहोत्सवैः । ददानोऽर्थिजने दान–मगमद्विपिनं महत् ।९८।**
**कामरत्योरभूत् पाणि–ग्रहणं तत्र कानने । स्वजनानां प्रमोदश्च, संजातो वचनातिगः ।९९।**
**खेचरीर्भूचरीः कन्याः, कालसंवरकेशवौ । उदबाहयतां तस्य, प्राज्या उदधिसंयुताः ।२००।**
**हृद्यैर्विद्याधरैः क्ष्मापैः, कृतवैवाहिकोत्सवः । परिणीय कनीः कांता, नगरीं प्रविवेश सः ।१।**
**विधायाप्युत्सवैस्तस्य, पाणिग्रहणमद्भुतं । तस्थिवांसः कियत्कालं, स्वजनास्तत्र तोषिताः ।२।**
**गेहे चलितुकामोऽव–क्केशवं कालसंवरः । आकारितस्त्वयायातः, समग्रपरिवारयुक् ।३।**
**चेत्तवाथ भवेदाज्ञा, स्वं पुरं तर्हि याम्यहं । प्रस्तावे पुनरप्यत्रा–यास्यामि मिलनाय ते ।४।**
**आबाल्यादपि यद्येष, पालयित्वा प्रवर्धितः । अथ चास्य मया दृष्टा, समृद्धिरीदृशी शुभा ।५।**
**विष्णुस्तस्य वचः श्रुत्वा, जजल्प पुत्रपालनात् । प्राप्तैश्वर्यः सुतोऽयं मे, यथा तथा तवाप्ययं ।**
**यथा विद्याधरेशस्य, केशवेन निवेदितं । रुक्मण्यापि तथा प्रीत्या, बभाषे कनकस्रजः ।।७।।**

मुरारिरुक्मिणीभ्यां च, स्नेहेनालाप्य तोषितौ । जातौ चलितुकामौ तौ, दंपती स्वपुरंप्रति ।८।
गोविंदेन तदा दत्त्वा, वाजिवारांगनागजान् । भृशं संतोषितः काल-संवरो वसुधाधवः ।।९।।
वस्त्राभरणदानेन, रुक्मिण्यापि च संमदात् । कृतः कनकमालायाः, प्रमोदो हृदयंगमः ।।१०।।
आगताः स्वजना विद्या-धरा नरा वनीपकाः । दत्त्वा दानं यथायोगं, सर्वेऽपि ते विसर्जिताः ।।
ततः प्रचलिते काल-संवरे जगतीपतौ । पुरुषोत्तमरुक्मिण्यौ, प्रमोदादनुजग्मतुः ।।१२।।
तौ गत्वा कियतीं भूमि-मपावृत्यागतौ गृहं । प्रद्युम्नस्तु गतो दूरं, स्नेहं सूचयितुं निजं ।।१३।।
कालसंवरभूपेन राज्ञ्या कनकमालया । अत्यर्थमाग्रहं कृत्वा, मन्मथः प्रतिवालितः ।।१४।।
प्रभूतपरिवारेण, प्रस्थाप्य कालसंवरं । स्मरंस्तस्य गुणग्राम-मविशद् द्वारिकां पुरीं ।।१५।।
द्युम्नप्रद्युम्नसंभूतां, भाग्यसौभाग्यसंपदं । समीक्ष्य संमदं कस्य, न जायते शरीरिणः ।।१६।।
इति प्रद्युम्नसंपत्तिं, वीक्ष्य सर्वेऽपि नागराः । बभूवुरुल्लसच्चित्ता, चित्तान्विता अपीश्वराः ।।
नारदर्षिः समालोक्य, रुक्मिण्याः प्रबलोदयं । दुःखं च सत्यभामायाः कृतार्थो मुमुदे हृदि ।।
यया हि यादृशं कर्म, कृतं तयापि तादृशं । फलं प्राप्तमिति तुष्टः, स्वस्थानं प्रययौ मुनिः ।१९।

કાલસંવર વિદ્યાધરે અને કૃષ્ણે નગરીની બહારના ઉદ્યાનમાં પ્રદ્યુમ્નનો વિવાહ મહોત્સવ કરાવ્યો. યાચકોને દાન આપતા તેઓ નગરની બહાર ઉદ્યાનમાં આવ્યા. પગથી મસ્તક સુધીના આભૂષણોથી સુશોભિત પ્રદ્યુમ્ન સુંદર અશ્વ ઉપર આરૂઢ થઈને ઉદ્યાનમાં આવ્યો. ત્યાં પ્રથમ કાલસંવરરાજાએ રતિકુમારી સાથે પ્રદ્યુમ્નનું પાણિગ્રહણ કરાવ્યું. ત્યારબાદ ઉદધિકુમારી સાથે, બીજી રાજકન્યાઓ અને વિદ્યાધર રાજાઓની રાજકન્યાઓ સાથે કાલસંવરે અને કૃષ્ણે પાણિગ્રહણ કરાવ્યું. આ પ્રમાણે વિદ્યાધર રાજાઓ અને ભૂચર રાજાઓએ ઘણા આનંદપૂર્વક વિવાહમહોત્સવ કરાવી કન્યાઓની સાથે પ્રદ્યુમ્નનો નગર પ્રવેશ કરાવ્યો.

અદ્ભુત વિવાહ મહોત્સવ કરીને કેટલોક સમય સ્વજનોને રાખી અને સંતોષીને વિદાય આપી. કાલસંવર રાજાએ પણ પોતાની રાજધાની તરફ જવા માટે કૃષ્ણને વિજ્ઞપ્તિ કરી :- 'મહારાજા, આપે બોલાવ્યા પ્રમાણે હું સપરિવાર આવ્યો. હવે જો આપ આજ્ઞા આપો તો મારી નગરીમાં જાઉં. અવસરે ફરીથી આપને મળવા માટે જરૂર આવીશ. બાલપણથી જેને મેં લાલન-પાલન કરીને મોટો કર્યો, તે પ્રદ્યુમ્નની સમૃદ્ધિ અને જાહોજલાલી જોઈને મને ઘણો આનંદ થયો છે.' તેના વચન સાંભળીને વિષ્ણુએ કહ્યું :- 'રાજેશ્વર, પુત્રનું પાલન અને આટલી સમૃદ્ધિ અને ઐશ્વર્યની પ્રાપ્તિ, એ બધો પ્રતાપ આપનો જ છે. પ્રદ્યુમ્ન જેમ મારો પુત્ર છે, તેમ આપનો પણ પુત્ર છે.' જેવી રીતે કૃષ્ણે કાલસંવર રાજાને કહ્યું તેવી રીતે રૂકિમણીએ પણ પ્રેમ-પૂર્વક કનકમાલાને કહ્યું. કૃષ્ણ અને રૂકિમણીના સ્નેહપૂર્વકના વર્તનથી બંનેને ઘણો સંતોષ થયો. સંતુષ્ટ થયેલા દંપતી પોતાના નગર તરફ જવા માટે ઉત્સુક થયા, ત્યારે ગોવિંદે (કૃષ્ણે) હસ્તિ, અશ્વ, વારાંગનાઓ આદિ આપીને કાલસંવર રાજાને સંતુષ્ટ કર્યા, રૂકિમણીએ વસ્ત્ર-આભૂષણો

વિગેરે આપીને કનકમાલાને ખૂશ કરી. તેમજ તેમની સાથે આવેલા સ્વજનો, વિદ્યાધરો અને સેવક વર્ગ, એ બધાને પણ યથાયોગ્ય ભેટ આપીને સંતુષ્ટ કર્યા. ત્યારબાદ પરિવાર સહિત કાલસંવર રાજાએ પ્રયાણ કર્યું. તેની પાછળ વિદાય આપવા માટે કૃષ્ણ અને રૂકિમણી વિગેરે ચાલ્યા. તે બંને કેટલી ભૂમિ સુધી વળાવીને ઘેર પાછા ફર્યા. પરંતુ પ્રદ્યુમ્ન તો દૂર સુધી મૂકવા ગયો. કાલસંવર રાજા અને કનકમાલાએ અતિ આગ્રહ કરીને પ્રદ્યુમ્નને પાછો મોકલ્યો. મહામહેનતે પાછો ફરેલો પ્રદ્યુમ્ન, બંને પાલક માતાપિતાના ગુણોને યાદ કરતો દ્વારિકામાં આવ્યો. પ્રદ્યુમ્નની સંપત્તિ જોઈને સર્વે નગરવાસીઓ ખૂશ ખૂશ થયા. પ્રબળ પુણ્યશાળી પ્રદ્યુમ્નના ભાગ્ય-સૌભાગ્યની સંપત્તિ જાઇને કોને આનંદ ના થાય?

નારદ ઋષિ, રૂકિમણીનો પ્રબળ પુણ્યોદય જોઈને અને સત્યભામાનું દુઃખ જોઇને, પોતાની જાતને કૃતાર્થ માનતા ખુબ જ પ્રસન્ન થયા. (નારદ પોતાના મનમાં વિચારે છે કે હાશ, હવે સત્યભામાને મારા અપમાનનો બદલો બરાબરનો મળી ગયો!) 'જેણે જેવું કર્યું હોય તેને તેવા પ્રકારનું ફળ મળે છે.' આ પ્રમાણે મનમાં સંતોષ પામીને નારદજી સ્વસ્થાને ગયા.

**विषण्णा सत्यभामापि, कामपाणिग्रहोत्सवं । दृष्टाव निजतनूजार्थ–मन्यां कन्यामयाचत ।२०।**
**मार्गयित्वा परां कन्यां, विवाहस्य महोत्सवः । विशेषेण तयाकारि, स्वसुतस्यापि भूतये ।२१।**
**परिणीय कनीं प्राज्या–मभुंक्त भानुरप्यलं । विराजत्परमं सौख्यं, नाकिनामपि दुर्लभं ।।२२।।**
**प्रद्युम्नौदार्यसौभाग्य–मयी कीर्तिर्मनोहरा । देशे देशे पुरे ग्रामे, प्रससारार्कभा इव ।।२३।।**
**संगमः पितृसुखावहो भवेत्, संकटादपि च यस्य देहिनः । प्राग्जनुर्जनितधर्मजं फलं, ज्ञेयमाप्तपुरुषेण तस्य तत् ।।**
**विद्यालब्धिरनेकधा सुखकरी धर्माद्यशो निर्मलं, धर्मेण स्वजनप्रसंगभवनं धर्मेण संपत्तयः । संग्रामे विजयो भयोज्झितमतिर्विद्याधराः किंकराः, सहाय्यं सुकृतस्य सर्वमपि तत्संस्तूयमानोदयं**

**इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीशांब-प्रद्युम्नचरित्रे प्रद्युम्नस्य युद्धस्वजनसंगविवाहोत्सववर्णनो नामैकादशः सर्गः समाप्तः ।श्रीरस्तु।**

પ્રદ્યુમ્નનો પાણિગ્રહણ મહોત્સવ જોઇને ખેદ પામેલી સત્યભામાએ પોતાના પુત્ર ભાનુકુમાર માટે બીજા રાજા પાસેથી રાજકન્યાની માગણી કરી. પુત્રનો પાણિગ્રહણ મહોત્સવ પુત્રની આબાદી માટે બહુ સારી રીતે કર્યો. ભાનુકુમાર પણ રાજકન્યાને પરણીને માતાના પ્રતાપે દેવોને દુર્લભ એવા પ્રકારનું પરમ સુખ ભોગવવા લાગ્યો.

હવે પ્રદ્યુમ્નના ધૈર્ય, ઔદાર્ય અને સૌભાગ્ય આદિ ગુણોની સુવાસ દેશોદેશ, ગામેગામ, અને નગરોમાં સૂર્યના કિરણોની જેમ પ્રસરી રહી. સંકટમાં પણ પ્રદ્યુમ્નને માતાપિતાનું સુખાકારી મિલન થયું, તેમાં તેના પૂર્વજન્મમાં કરેલા સુકૃતનું ફળ સમજવું. અનેક પ્રકારની વિદ્યા, લબ્ધિ, નિર્મલયશ, સ્વજનમિલન, અને સંપત્તિ–એ બધું ધર્મથી જ પ્રાપ્ત થાય છે. તેમજ યુદ્ધમાં વિજય, નિર્ભયપણું અને વિદ્યાધરો પણસેવકરૂપે બન્યા, તે સર્વે પ્રદ્યુમ્નના પુણ્યનું ફળ સમજવું.

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તીસમા શ્રી રાજસાગરગણીના વિદ્વાન શિષ્ય રવિસાગરગણીએ રચેલા શ્રી શાબપ્રદ્યુમ્નચરિત્રમાં–પ્રદ્યુમ્નનું યુદ્ધ, સ્વજનમેલાપ અને વિવાહ મહોત્સવ આદિનું વર્ણન કરતો, ૨૨૫ શ્લોક પ્રમાણ અગીયારમો સર્ગ સમાપ્ત થયો.

## ॥ अथ द्वादशः सर्गः ॥

अथ वृंदारकस्येव, भुंजानस्य महासुखं । प्रद्युम्नस्योदयं दृष्टवा, दूना भामा बभूव सा ।।१।।
एकदा जर्जरे मंचे, प्रसुप्ता दुःखपूरिता । तदा हरिर्गतस्तत्र, तथादृष्टेति तां जगौ ।।२।।
प्रियेऽपमानिता केना–प्यथवाज्ञा विखंडिता । निःश्वस्य न्यगदत्सापि, द्वयोः किंचिदपीश न ।।
जीवितव्यं तदा मेऽस्ति, चेत्प्रद्युम्नोपमः सुतः । अन्यथा मरणं ज्ञेयं, त्वयि सत्यपि भर्त्तरि ।४।
प्रद्युम्नस्य समानस्य, नंदनस्य समीहया । तां मुमूर्षुं हरिर्ज्ञात्वा–राधयन्नैगमेषिणं ।।५।।
अष्टमेन प्रसन्नः सो–ऽभवत्सामर्थ्यसंयुतः । विष्णोः पौषधशालायां, स्थितस्य ध्यानयोगतः ।।
प्रसन्नीभूय स प्राह, त्वया कथमहं स्मृतः । कृष्णोऽवक् देहि भामायै, प्रद्युम्नोपममंगजं ।।७।।
इत्युक्ते तेन देवेन, तस्मै हारो ददे मुदा । ऊक्तं च भुज्यते यावत्, कंठे स्थाप्यस्त्वया निशि ।।
तिरोदधे स तं हारं, समर्प्य नरकद्विषः । तेनापि सत्यभामायै, संतोषाय सर्मापतः ।।९।।

દેવકુમારની જેમ પરમસુખને ભોગવતા પ્રદ્યુમ્નના ઉદયને જોઈને સત્યભામા અત્યંત દુઃખી થઈ. એક દિવસે જીર્ણશીર્ણ માચા (પલંગ) ઉપર દુઃખપૂર્ણ સૂતેલી સત્યભામાને જોઈને હરિ (કૃષ્ણે) એ પૂછયું :–'પ્રિયે, શું કોઈએ તારૂં અપમાન કર્યું છે? અથવા કોઈએ તારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે? કહે શું થયું છે તને?' ત્યારે નિસાસો નાખીને સત્યભામાએ કહ્યું : 'સ્વામિન્, એમાંથી એક પણ કારણ નથી. મારે તો પ્રદ્યુમ્ન જેવો પુત્ર જોઈએ છે. પ્રદ્યુમ્ન જેવો પુત્ર થશે તો જ મારૂં જીવિત છે, નહીતર તમારા જેવા પતિ છતાં મારૂં મરણ નિશ્ચિત જાણવું.' પ્રદ્યુમ્ન જેવા પુત્રની ઈચ્છાથી મરવાની ઈચ્છાવાળી સત્યભામાને જાણીને હારએ હરિણૈગમેષીદેવનું આરાધન કરવાનું વિચાર્યું. એક પવિત્ર દિવસે અઠ્ઠમનો તપ કરી, પૌષધશાળામાં જઈને સામર્થ્યશાળી વિષ્ણુ હરિણૈગમેષીદેવના ધ્યાનમાં સ્થિર રહ્યા. ત્રીજા દિવસની મધ્યરાત્રિએ પ્રસન્ન થઈને દેવે કહ્યું:–'વિષ્ણુ, મને કેમ યાદ કર્યો?' કૃષ્ણે કહ્યું:–'સત્યભામાને પ્રદ્યુમ્ન જેવો પુત્ર આપો.' દેવે પ્રેમપૂર્વક હાર આપીને કૃષ્ણને કહ્યું:–'રાત્રિમાં તેણીના કંઠમાં આ હાર પહેરાવીને પછી તેણીની સાથે સંભોગ કરવો.' એમ કહીને કૃષ્ણને હાર આપીને દેવ અંતર્ધ્યાન થઈ ગયા. પ્રભાતે અઠ્ઠમનું પારણું કરી સત્યભામાના સંતોષને માટે હાર તેને સમર્પિત કર્યો.

शुभाशुभोपदेशायाः, प्रज्ञप्तेः कथनेन सः । अज्ञासीत्सत्यभामाया, हारदानस्वरूपकं ।।१०।।
तद्विदित्वा स्वजननीं, सोऽजल्पदंब चेत्तव । मत्समानसुताकांक्षा, स्यात्तं ते दापयामि तत् ।।
रुक्मिण्यभ्यदधद्वत्स, त्वयैवाहं कृतार्थिनी । उदरे भारभूतैः कि–मपरैः शूकरोपमैः ।।१२।।
पुनः पुत्रोऽब्रवीन्मात–र्यदि कांक्षा तवास्ति न । तर्हि कस्या अपि प्रीति–स्त्वया तस्या हि दापय ।

सा जगौ त्वद्वियोगेन, दुःखमासीन्महन्मम । तदा जांबवती जाता, मद्दुःखेनैव दुःखिनो ।१४।
मद्दुःखेन विषादं सा, कर्त्री हर्षेण संमदं । वर्त्तते जांबवत्येका, मामकोनस्य शासने ।।१५।।
यदि दापयितुं हारं, शक्तिस्तव प्रवर्त्तते । तस्या एव त्वया दाप्य, उपायेन यथातथा ।।१६।।
किंतु तस्या विरोधोऽस्ति, समं नरकवैरिणा । कष्टेन दापनीयः स, भविष्यति त्वयांगज ।१७।
अस्य हारस्य माहात्म्या-द्यदि तस्याः सुतो भवेत् । जातरूपस्य सौरभ्य-मेवान्यत्किमतः शुभं ।।
मातुरेवं वचः श्रुत्वा, गत्वा जांबवतीगृहं । नत्वा तच्चरणौ प्राह, प्रद्युम्नः कौतुकांकितः ।१९।
तव चेन्मत्स्वरूपस्य, तनयस्य स्पृहा भवेत् । तदा ददामि मन्मातु-रिष्टायास्ते सुतं किल ।।
सा प्राह तनयो वत्स, यादृशस्तादृशोऽपि च । दुर्लभो वर्त्तते स्त्रीणां, किं पुनस्त्वादृशः सुतः ।।
पुनरप्याह सा सूनुः कथं त्वमर्पयिष्यसि । जनकेन त्वदीयेन, वैरुद्धयमस्ति सांप्रतं ।।२२।।
श्रुत्वेत्यूचेऽथ प्रद्युम्न-स्तां प्रति प्रीतिसूचकं । वचनं समये मातः, सर्वं भावि शुभास्पदं ।।
स तस्याः कथयित्वेति, समेतश्च स्वमालयं । प्रपश्यन् समयं तस्थौ, सामग्रीमिलनोचितं ।।

શુભ-અશુભ સમાચારને આપનારી 'પ્રજ્ઞપ્તિવિદ્યા'ના કહેવાથી સત્યભામાને પુત્ર માટે દેવે હાર આપ્યો. તે વિગેરે સમાચાર પ્રદ્યુમ્ને જાણી લીધા. જાણીને પોતાની માતા રૂકિમણીને કહ્યું:- 'માતા, તારે જો મારા જેવા બીજા પુત્રની ઇચ્છા હોય તો તને અપાવું.' રૂકિમણીએ કહ્યુંઃ- 'વત્સ, હું તારાથી કૃતાર્થ છું. તો શૂકરની જેમ ઉદરને ભારભૂત બીજા પુત્રોથી સર્યું.' ફરીથી પ્રદ્યુમ્ને કહ્યુ-'માતા, તારી જો ઇચ્છા ના હોય તો તારા પ્રત્યે પ્રેમ રાખનારી, તારી સાથે સખીભાવે રહેનારી બીજી કોઈ કૃષ્ણની પટ્ટરાણી હોય તેને અપાવું.' ત્યારે રૂકિમણીએ કહ્યું:- 'તારા વિયોગે જ્યારે હું દુઃખી હતી ત્યારે મારા દુઃખે દુઃખી થતી જાંબુવતીએ મને ઘણું આશ્વાસન આપ્યું છે. એટલું જ નહી, મારૂં દુઃખ દૂર કરવા એણે ઘણો પ્રયત્ન કર્યો છે. હાલ મારૂં સુખ જોઈને તે રાજી રાજી થઈ ગઈ છે. એ જાંબુવતી દાસીની જેમ મારી આજ્ઞામાં છે. જો તારી શક્તિ હોય તો ગમે તે ઉપાયે જાંબવતીને અપાવ. પરંતુ એમ કરવા જતા કૃષ્ણની સાથે તારો વિરોધ થશે તો મોટી મુશ્કેલી ઊભી થશે. માટે સાવધાનીથી કામ લેજે. હારના પ્રભાવે જાંબવતીને તારા જેવો પુત્ર થશે તો આપણને સોનામાં સુગંધ ભળ્યા જેવું થશે. એનાથી વધીને બીજું શું સારૂં કહેવાય?' માતાના વચન સાંભળીને કૌતુકી એવો પ્રદ્યુમ્ન જાંબવતીના ઘેર ગયો. જાંબવતીના ચરણોમાં નમસ્કાર કરીને કહ્યુંઃ-'માતા, તારે મારા જેવા પુત્રની ઇચ્છા હોય તો મારી માતાને તું અધિક પ્રિય હોવાથી તને અપાવું.' ત્યારે જાંબવતીએ કહ્યું: 'બેટા, જેવો તેવો પુત્ર હોય, તોયે હું મારૂં સદ્ભાગ્ય માનું. બાકી તારા જેવો પુત્ર તો મારા નસીબમાં ક્યાંથી હોય? વળી તું કેવી રીતે અપાવીશ? એમ કરવા જતાં તારા પિતાની સાથે તારો વિરોધ નહી થાય?' સાંભળીને પ્રદ્યુમ્ને કહ્યુંઃ-'મા, તારે કંઇ ચિંતા કરવાની જરૂર નથી. વિદ્યાના પ્રભાવે સૌ સારૂં થશે. સમય આવશે ત્યારે હું તને જણાવીશ.' એ પ્રમાણે જાંબવતીને સંતોષીને સમયની રાહ જોતો પ્રદ્યુમ્ન પોતાના સ્થાને ગયો.

अन्यदा शाखिनां सार-पत्रपुष्पफलप्रदः । संतस्य समायातः समयः संमदप्रदः ।।२५।।

अहो सामर्थ्यमेतस्यै–केंद्रियाणामपि स्फुटं । वृक्षाणां ददतश्चारु–संपदं दृष्टिमोहिनी ।।२६।।
येषां संपत्तिमालोक्य, पंचेंद्रिया अपि क्षितौ । संप्राप्नुवंति संमोहं, तिर्यंचः पुरुषाः स्त्रियः ।२७।
यस्मिन्मधुव्रता भूरि–झंकारैर्गानमादधुः । कंपमानाः समीरेण, नृत्यंति तरवोऽपि च ।।२८।।
पल्लवोद्भूतरक्तत्व–दर्शनात्पादपैरपि । रागित्वं दर्श्यते यत्र, लोकानां केलिकारिणां ।२९।
वीक्ष्यांगेष्वपि रागित्वं, हारं लात्वाच्युतोऽप्यगात् । निवेद्य भामायै चैत्र–वलक्षदशमीदिने ।।
रैवतकाचलाभ्यर्णे, कारयित्वा सुमालयं । तस्थौ रंतुं हरिस्तत्र, पुत्राकांक्षी दिनत्रयं ।।३१।।
श्रृंगारमद्भुतं कर्त्तुं, सत्यभामा स्थिता गृहे । गंतुकामा मुकुंदस्य, समीपे प्रमदान्विता ।।३२।।
इतः समयमालोक्य, प्रद्युम्नः शुद्धबुद्धिभाक् । जांबवत्या गृहे गत्वा, दत्तवान् निजमुद्रिकां ।।
तां दत्वा भाषितं तेन, दिव्यानुभावयानया । साक्षात्त्वं सत्यभामाया, रूपधर्त्री भविष्यसि ।।
सिद्धे कार्ये समादाय, रूपं स्वाभाविकं त्वया । देया मन्मुद्रिकेत्युक्तवा, सत्या रूपेण सा कृता ।।
कृत्वा तां तादृशीं विष्णु–समीपे प्रेषिता निशि । कंठे प्रक्षिप्य तं हारं, तेनापि बुभजेऽथ सा ।।
संभोगांते महाशुक्रा–च्च्युत्वा कैटभजीवकः । पुण्याज्जांबवतीकुक्षौ, पुत्रत्वेन त्ववातरत् ।।
उदारपुत्रबीजं च, हारं धृत्वा गले निजे । उत्तार्य मुद्रिकां दध्रे, रूपं स्वाभाविकं तया ।।३८।।
तां समालोक्य गोविंदो, बभूवाश्चर्यधारकः । केयं किमु तया जात–मेतत्कर्माविचारितं ।।३९।।
पुनरप्यच्युतश्चारु, स्वचेतसि व्यचिंतयत् । विधिर्यत्र बली तत्र, पुंसां स्याद्विफला क्रिया ।।४०।।
विचार्येति जगौ तां स, त्वं जाता कथमीदृशी । प्रद्युम्नो मिलितः किं ते, विद्यया पररूपकृत् ।।
साचख्यौ चरणांभोजं, प्रणम्य नरकद्विषः । स्वामिन् पुरातनं कोपं, मुक्त्वा कुरु कृपां मयि ।।
एवमाकर्णिते कृष्णे, जगाद तां प्रियेऽथ न । चिंतनीयस्त्वया कोपः, सर्वथा भेदकारकः ।४३।
अतः परं ममासि त्वं, प्राणेभ्योऽप्यतिवल्लभा । प्रिये प्रद्युम्नसंकाशः, सुतस्तव भविष्यति ।४४।
इति जांबवती प्रीति–कारकैर्वाग्विलासकैः । संतोष्य प्रेषिता गेहे, सत्यभामाभिशंकया ।४५।
सापि गोविंदवाक्येन, संतुष्टा मंदिरे ययौ । पुत्रप्राप्त्या हि कस्या न, पतिस्नेहगिरा च मुत् ।।

પત્ર, પુષ્પ અને ફલ આપીને વૃક્ષોને નવપલ્લવિત કરનારી વસંતઋતુ આવી. વસંતઋતુનું એટલું સામર્થ્ય હોય છે કે એકેન્દ્રિય એવા વૃક્ષોને પણ જગતને મોહ પમાડે તેવી રૂપસંપત્તિ આપે છે. તે વૃક્ષોની સંપત્તિ જોઈને જગતમાં રહેલા પંચેન્દ્રિય તિર્યંચ પશુઓ તેમજ સ્ત્રી પુરૂષો પણ મોહિત થઈ જાય છે. વસંતમાં નવપલ્લવિત વનમાં ભ્રમરો ગુંજારવ શબ્દો વડે ગીત ગાન કરે છે. પવન વડે કંપતા વૃક્ષો જાણે નૃત્ય કરતા હોય તેમ લાગે છે. અને પલ્લવો (પાંદડા) માં ઉત્પન્ન થયેલી રક્તતાથી ક્રીડા કરવા આવેલાં નર નારીઓને વૃક્ષોમાં રાગીપણું દેખાય છે. વૃક્ષોના રાગથી તરૂણ સ્ત્રી પુરૂષોમાં પણ રાગનો ઉદ્ભવ થાય છે. આવી વસંતઋતુ આવેલી જોઇને અચ્યુત (કૃષ્ણ) વસંતક્રીડા કરવા માટે રૈવતાચલ પર્વતની સમીપે 'સુમનસ' નામનાં ઉદ્યાનમાં સુંદર મંડપની રચના કરાવીને ત્રણ દિવસ માટે, સત્યભામાને પુત્ર આપવાની ઇચ્છાથી હાર

લઈને ગયા. અને ચૈત્ર સુદ દશમીના દિવસે સત્યભામાને સુમનસ ઉદ્યાનમાં આવવાનું કહ્યું. કૃષ્ણની પાસે જવાની ઇચ્છાથી હર્ષિત બનેલી સત્યભામા પણ અદ્દભુત શણગાર સજવાની તૈયારી કરવા લાગી.

આ બાજુ સમયની રાહ જોઇ રહેલા વિદ્યાવાન પ્રદ્યુમ્ને જાંબવતીના ઘેર જઇને પોતાની મુદ્રિકા આપીને કહ્યુંઃ 'માતા, આ મુદ્રિકાના દિવ્ય પ્રભાવથી તું સાક્ષાત્ સત્યભામાના રૂપને ધારણ કરનારી બની જઈશ. જ્યારે કાર્ય પુરૂ થઈ જાય ત્યારે તારે મુદ્રિકાને કાઢી નાંખીને મને આપવી.' આ પ્રમાણે કહીને જાંબવતીને મુદ્રિકા પહેરાવી કે તરત જ તે સાક્ષાત્ સત્યભામારૂપે બની ગઇ. સમય પ્રમાણે જાંબવતીને વિષ્ણુની સમીપે મોકલી. કૃષ્ણે પણ સત્યભામા માનીને તેના કંઠમાં હાર પહેરાવી તેની સાથે રતિક્રિડા કરી. સંભોગના અંતે સાતમા 'મહાશુક્ર' નામના દેવલોકમાંથી ચ્યવીને કૈટભનો જીવ જાંબવતીની કુક્ષીમાં પુત્રપણે અવતર્યો. ઉદાર એવા પુત્રનું બીજ અને ગળામાં હાર ધારણ કરીને, જાંબવતીએ હાથમાંથી મુદ્રિકા ઉતારી કે તરત જ તે પોતાના મૂલ સ્વરૂપે જાંબવતીરૂપે પ્રગટ થઇ. જાંબવતીને જોઈને કૃષ્ણ આશ્ચર્યમુગ્ધ બની ગયા :- 'અરે, આ શું ? તું કયાંથી ? અચાનક આમ કેમ થયું ? ખરેખર, જ્યાં વિધિ જ બલવાન હોય છે ત્યાં પુરૂષનો પ્રયત્ન નિષ્ફલ છે.' આ પ્રમાણે વિચારીને ભયથી ધ્રુજતી જાંબવતીને કહ્યુંઃ 'તું સત્યભામારૂપે કેવી રીતે બની ગઇ ? તને પ્રદ્યુમ્ન મલ્યો હતો ? પરરૂપકારિણી વિદ્યાથી પ્રદ્યુમ્ને જ આ પ્રમાણે કર્યું હોવું જોઈએ.' જાંબવતીએ કૃષ્ણના ચરણમાં નમસ્કાર કરીને કહ્યુંઃ 'સ્વામિન્ હવે પહેલાની રીસ મૂકીને મારા ઉપર કૃપા કરો.' તેણીના સરલ અને નિખાલસ વચન સાંભળીને કૃષ્ણે કહ્યુંઃ 'પ્રિયે, હવે તારે પહેલાના ક્રોધની વાત યાદ કરવી નહી. આજથી તું મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. જા, તને પ્રદ્યુમ્ન જેવો પુત્ર થશે.' આ પ્રમાણે પ્રીતિકારક મધુર વચનોથી જાંબવતીને સંતુષ્ટ કરીને સત્યભામાના આવવાનો સમય થઈ જવાથી જલ્દીથી વિદાય આપી. જાંબવતી પણ આનંદ પામતી ત્યાંથી વિદાય થઈ. ખરેખર પુત્રની પ્રાપ્તિ અને પતિની સ્નેહ-પૂર્ણ વાણીથી કઇ સ્રીને આનંદ ના થાય ?'

भूषयित्वाथ भूषाभि–र्निजांगानि प्रमोदतः । नानं प्रदधती भामा, चचालाच्युतसन्निधौ ।।
जांबवतीं पथि प्रीता–मागच्छतीं विलोक्य च । जगौ परिजनं भामा, केयमायाति मत्पुरः ।।
परिच्छदस्तदावादी–त्समेति जांबवत्यसौ । साब्रवीन्नासिकाहीना, कथमेषागताऽभवत् ।।४९।।
स्यंदने मिलितेऽन्योऽन्यं, सामर्षा निजगाद सा । पापे त्वं दुरतो याहि, संमुखं मिलिता कथं ? ।।
ततो जांबवती प्राह, मदांधे शृणु मद्वचः । यत्फलार्थं प्रयासि त्वं, तत्फलं तु मयार्जितं ।५१।
परस्परविवादेन, ज्ञात्वा कालविलंबनं । मुक्त्वा तत्रैव तां सत्य–भामा कृष्णांतिकं ययौ ।५२।
तस्या आगमनं सोऽपि, वीक्ष्यमाणो मुहुर्मुहुः तस्मिन्नवसरे सापि, प्रयाता संमताभवत् ।।५३।।
तयापि सह भोगायो–द्यतो हरिरजायत । कामिनां हि वशायोगे, कामव्याप्तिर्भवेद्बहुः ।५४।
कटाक्षविभ्रमैः स्वैरं–भणितैर्हसितैरपि । रेमे तेन समं सापि, तनूजाविर्भवाशया ।।५५।।
ततस्तस्या महाभाग्या–च्च्युत्वा कोऽपि सुरो दिवः । कुक्षाववातरद्धार–प्रभावेण महोदयः ।
तेन हि सुरतेनापि, सापि संतोषिता भृशं । गेहं गता च गोविंदो–ऽप्युत्सवैर्नगरीमगात् ।५७।

સોળ શણગાર સજીને હર્ષ પામતી સત્યભામા માનપૂર્વક કૃષ્ણની પાસે આવવા માટે નીકળી. રસ્તામાં પ્રસન્ન મુખવાળી જાંબવતીને આવતી જોઈને સત્યભામાએ પોતાના સેવકજનને પૂછયું : 'આ કોણ મારી સામે આવી રહી છે?' સેવકે કહ્યું : 'સ્વામિની, રાણી જાંબવતી આવી રહી છે.' સત્યભામા બોલી: 'આ નાકકટ્ટી કયાંથી મારી સામે આવી?' બંનેના રથ સામસામે આવ્યા ત્યારે સત્યભામા રોષપૂર્વક બોલી: 'અરે પાપિણી, અહીંથી તું દૂર જા. મારી સામે અપશુકન કરવા કેમ આવી છે?' જાંબવતીએ કહ્યું: 'અભિમાનમાં અંધ બનેલી તું મારી વાત સાંભળ. જે ફૂલ લેવા તું જાય છે એ ફૂલ તો મેં લઈ લીધું. હવે નાકકટ્ટી કોણ? તું કે હું?' 'પરસ્પર વિવાદ કરવાથી કૃષ્ણ પાસે જવાનો વિલંબ થશે,' એમ માની સત્યભામા જાંબવતીના સામુ જોયા વિના ત્યાંથી તરત જ રવાના થઇ ગઇ. સત્યભામાના આવવાની વારંવાર રાહ જોઈ રહેલા શ્રીકૃષ્ણ પાસે હર્ષપૂર્વક પહોંચી ગઇ. પુત્ર મેળવવાની પ્રબળ ઇચ્છાથી હાવભાવ કરતી અને કટાક્ષ ફેંકતી સત્યભામાની સાથે વિષ્ણુએ રતિક્રીડા કરી. ખરેખર સ્રી પુરૂષને એકાંત મલવાથી કામાસક્તિ વધુ પ્રદીપ્ત થાય છે. સંભોગના અંતે કોઈ પુણ્યશાળી દેવ સ્વર્ગમાંથી ચ્યવીને સત્યભામાની કુક્ષીમાં પુત્ર પણે અવતર્યો. સુરતક્રીડાથી સંતોષાયેલી સત્યભામા, પોતાના સ્થાને ગઇ અને કૃષ્ણ પણ ઉત્સાહપૂર્વક નગરીમાં આવ્યા.

सिंहस्वप्नेन भूयिष्ट—मोहृदैरेव दोहृदैः । सुतेन भाविना सांब—जीवेनांबा प्रमोदिता ।।५८।।
गर्भोऽपि सत्यभामाया, वर्धमानो दिने दिने । जननीं तोषयामास, शुभस्वप्नोपसूचितः ।।५९।।
प्रद्युम्नो विद्यया सांब—भानुमात्रोस्तनूजयोः । दोहृदानि प्रजातानि, पूरयामास सर्वदा ।।६०।।
सत्यभामोदरगर्भा—ज्जांबवत्याश्च सुंदरः । वा[illegible]मिति पुरीमध्या—दशृणोत्सत्यभामिका ।६१।
तां श्रुत्वा प्राह सा लोका, मूर्खाः संति विदंति न । प्रद्युम्नसदृशः पुत्रो, भविता मेऽपरेण किं ।।
चिंतयंतीति गर्वेण, सत्यभामा गृहे स्थिता । प्रथमं जांबवत्यैव सुतोऽसूत दिने शुभे ।।६३।।
यस्य तेजो भवेत्प्राज्यं, स बाल्यादपि दर्शयेत् । इतीव तेन बाल्येऽपि, तेजः प्रदर्शितं तनौ ।६४।
भानूनां मिलितं तेजो, द्वादशानामपीह किं । शैशवादपि यं वीक्ष्य, लोका इति शशंकिरे ।६५।
लक्षणैर्व्यंजनैश्चारु—शरीरस्थितिधारकः । आकारेणावलोकेन, सर्वचित्तापहारकः ।।६६।।
तस्मिन्नेव दिनेऽथाभू—न्नारायणनरेशितुः । सारथेः पद्मनाभेश्च, मंदारकाभिधः सुतः ।।६७।।
तस्यैव वर्त्तते मंत्री, वीराख्योऽतीवसौख्यभाक् । बुद्धिसेनस्तदा तस्य तनयः समजायत ।।६८।।
विख्यातगरुडकेतोः, कृष्णस्यैवांध्रिसेविनः । जयसेनाभिधः पुत्रो—ऽभवत्पवित्रकांतिमान् ।६९।
एकस्मिन् दिवसे जातै—स्त्रिभिरेव स्तनंधयैः । जांबवत्याः सुतः, शर्मधर्मकर्मभिरैधत ।।७०।।
तस्मिन् विवर्धमाने च, पित्रोः प्रीतिरवर्धत । अन्येषां प्रीतिवृद्ध्यर्थं, कृत कारविमोचनं ।।
कृष्णेनाप्यथ दीनानां, प्राज्यं दानं समर्पितं । महोत्सवैः कुटुंबेन, सांब इत्याभिधा कृता ।।
जांबवत्या प्रसूतस्य, तनयस्योत्सवान्नवान् । श्रुत्वा त्रयाणां चान्येषां, भामा बभूव दुःखिनी ।।
अहो मया प्रसूतश्चे—त्सुतस्तस्योत्सवानहं । अकरिष्यमिति ध्याना—त्साप्यसूत सुतं वरं ।७४।

प्रविधायोत्सवांस्तस्या–प्यनल्पान् सत्यभामया । सुभानुक इति प्रीति–कारकं नाम निर्मितं ।।

સિંહસ્વપ્નથી સૂચિત સુંદર દોહદોવડે જાંબવતીના ગર્ભમાં રહેલા શાંબના જીવે માતાને ઘણો આનંદ આપ્યો. શુભ સ્વપ્નથી સૂચિત સત્યભામાનો ગર્ભ પણ દિનપ્રતિદિન વૃદ્ધિ પામ્યો. પ્રદ્યુમ્ન પોતાની વિદ્યાશક્તિથી જાંબવતીના શુભ દોહદો (મનોરથો) ને પૂર્ણ કરે છે. અને ભાનુકુમાર સત્યભામાના દોહદોને પૂર્ણ કરે છે. 'સત્યભામાના ગર્ભ કરતા જાંબવતીનો ગર્ભ શ્રેષ્ઠ છે.' આવા પ્રકારની લોકોના મુખે થતી વાતને સાંભળીને સત્યભામા કહે કે 'લોકો તો મૂર્ખ છે. એ લોકોને શું ખબર કે પ્રદ્યુમ્ન જેવો પુત્ર તો મારે થવાનો છે. જાંબવતીને તો જ્યાં પુત્રીના પણ સાંસા છે, તો વળી પુત્રની વાત શું કરવી ?' આ પ્રમાણે અભિમાનથી બોલતી, વિચારતી સત્યભામા નિઃશંકપણે ગર્ભનું પાલન કરે છે. ત્યાં તો થોડા જ સમયમાં શુભ દિવસે જાંબવતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. એનું તેજ એટલ હતુ કે જાણે વિધાતાએ બારસૂર્યનું તેજ ભેગું કરીને આ બાલકને ઘડયો ના હોય ! તેવા પ્રકારના તેજસ્વી અને શુભ લક્ષણોવાળા શરીરવાળો જાંબવતીનો પુત્ર દેખતાંની સાથે જ લોકોના દિલને હરનારો થયો. તે જ દિવસે કૃષ્ણના સારથિ પદ્મનાભને ત્યાં મંદારક નામનો પુત્ર થયો. વીર નામના મંત્રીને બુદ્ધિસેન નામનો અને કૃષ્ણના અંગરક્ષક ગરૂડકેતુને જયસેન નામનો સુંદર પુત્ર થયો. તે એક જ દિવસે જન્મેલા ત્રણે બાળકોની સાથે જાંબવતીનો પુત્ર ધર્મ–કર્મ કરતો સુખપૂર્વક વૃદ્ધિ પામ્યો. આગળ વધતાં પુત્રની પ્રીતિને માટે પિતાએ બંદીજનોને કારાવાસમાંથી મુક્ત કરાવ્યા. અને દીન–અનાથોને દાન આપી સંતુષ્ઠ કર્યા. સ્વજન કુટુંબને પોતાને ત્યાં આમંત્રીને કૃષ્ણ મહારાજાએ મહોત્સવપૂર્વક પુત્રનું નામ 'શાંબ' રાખ્યું. જાંબવતીના પુત્રજન્મનો મહોત્સવ તેમજ ત્રણે શ્રેષ્ઠીપુત્રોના જન્મ સાંભળીને સત્યભામા દુઃખી થઈ. 'અહો, હું સહુથી પ્રથમ ગર્ભવતી બની છતાં હજી મને પ્રસુતિ થઈ નહીં, જો મને પ્રસવ થઈ જાય તો હું પણ પુત્ર-જન્મનો મહોત્સવ કરૂં. રાતને દિવસ આજ ચિંતામાં એક રાત્રિએ સત્યભામાએ પુત્રને જન્મ આપ્યો. એણે પણ પોતાના પુત્રનો જન્મમહોત્સવ કરીને પુત્રનું નામ 'સુભાનુ' રાખ્યું.

क्षीरपानं तयोः काचि–त्तथा काचित मज्जनं । उत्संगारोपणं काचित्, काचिच्छोभनमंडनं ।।
क्रीडामकारयत्काचि–त्तयो. क्रीडनकैः परैः । स्वर्णरत्नसमुद्भूतैः–र्विविधैर्घोटकादिभिः ।७७।
सर्वेषामपि लोकाना–मभीष्टौ प्रियदर्शनौ । वर्णनीयलसद्रुप––संपदौ विगतापदौ ।।७८।।
पाणेः पाणौ गृह्यमाणौ, दर्शनीयौ मणीव तौ । स्थापयित्वा निजोत्संगे, गीयमानौ बधूजनैः ।।
वपुपरिहितादभ्रा––भरणानां महारवैः । किंकिणीनां निर्घोषै, संपूरितालयांगणौ ।।८०।।
देहस्थानां च वस्त्राणां, भूषणानां विभूषया। चित्ते जनयतो नृणां, चमत्कारमतीव तौ ।।८१।।
प्रद्युम्नभानुकौ प्रीत्या––दत्तभूषणवाससौ । तौ सदा परिधानेन, देवाविव विरेजतुः ।८२।
वयःपरिणीतं ज्ञात्वा, सांबं जाबवतीसुतं । प्रद्युम्नः पाठयामासो––पाध्यायसविधे कलां ।८३।
सुभानुमपि तं भानु––र्गूढजानुं शुभानुगं । अध्यापयदुपाध्याय––पार्श्वे विद्यामनेकधा ।८४।
कलाभिः कुशलौ जाता, वयस्यवृंदसंश्रितौ । कुमारविव देवस्य, चीक्रीडतुर्यदृच्छया ।।८५।।

શાંબ અને સુભાનુને પાંચ ધાવમાતાઓ રમાડતી હતી. કોઇ સ્તનપાન કરાવતી હતી તો કોઇ સ્નાન કરાવતી હતી. કોઇ વિલેપન કરતી હતી. ખોળામાં સુવડાવતી હતી. કોઇ સ્ત્રી શરીરને શણગારતી હતી. કોઇ સ્ત્રી સોના અને રત્નોનાં રમકડાંઓથી રમાડતી હતી. કોઈ ગેડીદડાથી રમાડતી હતી. આ પ્રમાણે રૂપગુણથી સંપન્ન બંને બાળકોનાં રૂપ જોતાંની સાથે લોકોને પ્રિય લાગતાં હતાં. તેથી રત્નની જેમ એક હાથમાંથી બીજા હાથમાં, એક ખોળામાંથી બીજા ખોળામાં જતાં દેવકુમારની જેમ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતા હતા. શાંબ અને સુભાનુકુમારને ધાવમાતાઓ વસ્ત્રોનું પરિધાન તેમજ અલંકારોથી એટલા સુંદર શણગારતી હતી કે તેઓને જોવા માટે લોકોનાં નેત્રો ધરાતાં નહીં. તેઓને જોઇને શંકા થતી કે શું સાક્ષાત અશ્વિનીપુત્રો જ સ્વર્ગમાંથી ઉતરી આવ્યા છે કે? પ્રદ્યુમ્ન શાંબકુમારને અને ભાનુકુમાર સુભાનુને રાતદિવસ પ્રેમપૂર્વક રમાડતા હતા. નવા નવા વસ્ત્રો અને આભૂષણો વડે શણગારતા હતા. વયની પરિણતી જાણીને જાંબવતીના પુત્ર શાંબકુમારને પ્રદ્યુમ્ને ઉપાધ્યાય (પંડિત) ની પાસે શસ્ત્ર–શાસ્ત્ર આદિ કલાઓ શીખવા માટે મૂકયો, ભાનુકુમારે પણ પોતાના ભાઇ સુભાનુને અનેક પ્રકારની કલાઓ શીખવા માટે પંડિત પાસે મૂકયો. જન્માંતરના સુસંસ્કારોથી બંને થોડા જ સમયમાં સર્વ કલામાં વિશારદ બની ગયા, અને પોત પોતાના મિત્રોની સાથે દેવકુમારોની જેમ અનેક પ્રકારની ક્રીડા કરવા લાગ્યા.

अन्यदा रममाणौ तौ, द्वेधापि सुमनोव्रजैः । देवनाथसभातुल्यां, विष्णुसंसदमाश्रितौ ।८६।
पांडवैर्यादवैर्देवै— र्बलदेवेन सेवितः । सभामध्यस्थितः कृष्ण—स्ताभ्यामिंद्र इवैक्ष्यत ।८७।
उत्तमा बाल्यतोऽपि स्यु—र्विनीता एवमादितः । नत्वा नारायणं ताभ्या—मुचितस्थानके स्थितं ।
सांबः प्रद्युम्नपार्श्वेऽस्था—द्भानूपांते सुभानुकः । तौ द्वावपि स्थितौ याव—त्पर्षदानंददायिनौ ।
पांडवैर्बलदेवेन, सत्रा तावद् दुरोदरं । प्रवर्त्तते सदोमध्ये, सर्वलोके प्रपश्यति ।।९०।।
तौ सद्वेषधरौ बालौ, दृष्ट्वा बलेन पांडवैः । निवेदितं युवाभ्यां च, द्यूतक्रीडा विधीयतां ।९१।
कामभान्वोर्मुखं वीक्ष्य, तावूचतुर्मनीषया । यत्र वृद्धा रमंतेऽत्र, बालानां न प्रयोजनं ।९२।
पांडवाद्याग्रहादेव प्रद्युम्नभानुवाचया । तौ प्राहतुर्यदा कश्चि—त्पणः स्यात्तर्हि रम्यते ।९३।
सर्वैरपि तदा प्रोक्तं, भव्यं भव्यमुदीरितं । कथयित्वेति पार्षद्यैः, स्वर्णकोट्याः पणः कृतः ।९४।
तं विधाय ततो द्यूत—केलिं सांबसुभानुकौ । चक्रतुः साक्षिणः कृत्वा, मुकुंदादिकयादवान् ।९५।
सांबः सुभानुना साकं, रममाणो निजेच्छया । प्रत्यक्षमपि सर्वेषां, स्वर्णकोटिं जिगाय च ।९६।
ततः सांबकुमारोऽवक्, तदैव रम्यते मया । स्वर्णकोटिर्यदा पूर्वं, समानीता भविष्यति ।९७।
इत्युक्ते सत्यभामायाः, पार्श्वादानीय भानुना । हेमकोटिर्ददे सोऽपि याचकानां समार्पयत् ।।
भामया प्रेषितः पश्चात्, कश्चित्कुर्कुट उत्कटः । एनं विजयते यः स, लभेत कोटियामलं ।९९।
एवं पणे कृतेऽन्योन्यं, सांबेन बुद्धिधारिणा । प्रद्युम्ननिर्मितेनाशु, कुर्कुटेन स निर्जितः ।।१००।
जित्वा तमपि सांबेन, कोटिद्वयमुपाददे । तदर्थ्यर्थिमनुष्याणां, प्रदानाय समर्पितं ।।१।।

सत्यभामा ततोऽमर्षा—त्प्रेषयामास सत्फलं । विजयेद्यः स एतच्च, लाति कोटिचतुष्टयं ।२।
पणं कृत्वेति यावत्तौ, क्रीडयामासतुर्मुदा । तावत्तदपि सांबेन, जित्वा कोटीश्च दत्तवान् ।३।
ततो वस्त्रयुगं सत्य—भामया प्रेषितं निजं । एतज्जयति यस्तस्य, कोटचष्टकं ददाम्यहं ।४।
ऊरीकृत्येति सांबेन, प्रद्युम्नमुखमीक्षितं । तेन तद्युगलं दत्तं, तेनापि तत्पराजितं ।।५।।
पणे वह्निमये कुंडे, प्रक्षाल्य स्वर्णतंतुभाक् । कृत्वा समर्पितं तच्चा—ददे कोटचष्टकं क्षणात् ।
विलक्षया तयाऽ प्रैषि, हारः षोडशकोटियुक् । मन्मथार्पितहारेण, सोऽपि वेगाज्जिगाय तं ।
द्वात्रिंशत्कोटिमूल्याढये, कुंडले प्रेषिते तया । जिते प्रद्युम्नसाहाय्या—च्छांबेन ते अपि द्रुतं ।८।
तया कौस्तुभमाणिक्यं, प्रेषितं कृष्णपर्षदि । बिजेतुश्च चतुःषष्टि—कोटीः समर्पयाम्यहं ।।९।।
वरं वरमिति चोक्त्वा, विधिनाक्रीडतां च तौ । जिग्ये तत्रापि सांबेन, प्रद्युम्नस्य प्रभावतः ।
पणे तद्द्विगुणं द्रव्यं, विधाय सत्यभामया । उच्चैःश्रवा इव कश्चि—त्संप्रेषितस्तुरंगमः ।११।
कामप्रकटिताश्वेन, सांबेन स पराजितः । पणे प्रजल्पितं द्रव्यं, गृहीतं कल्यात्मनः ।।१२।।
तद्शेषमपि द्रव्यं, दत्वा याचकसंचये । सर्वस्यापि प्रियः सांबो, दाता हि कस्य न प्रियः ।१३।
प्रयासा विहिता ये ये, सांबस्य विजिगीषया । सुभानुभानुभामाभिः, सर्वेऽपि ते मुधाऽभवन् ।
श्राद्धीव दिग्पटोयस्य, मोक्षे विफलितक्रिया । विलक्षवदना सत्य—भामा सांबजयेऽभवत् ।१५।
ततः प्रैष्य चिरं सत्या, प्रद्युम्नं पर्षदि स्थितं । ज्ञात्वा प्रैषीन्महत्सैन्यं, ज्ञातुं मायाविजृंभितं ।।
द्यूतकारिषु सांबोऽय—मस्ति जेता महान् यदि । तदेतज्जयतात्सोऽथा—न्यथा कामबलाज्जयी ।
सत्यभामोदितां वाणीं, सांबः श्रुत्वेति कर्णयोः । अभून्म्लानमुखो हृद्यां, विद्यां कामस्तदा ददौ ।
बलं दर्शयितुं सौवं, सांबोऽप्यादाय तां शुभां । निर्गत्य च पुराबाह्ये, बिकुर्व्य कटकं महत् ।१९।
व्यानशे कटकेनैव, तदा सर्वमिलातलं । सैन्यं विना किमप्यन्य—न्न दृश्यतेऽध्वगैर्जनैः ।।२०।।
सुभानुसांबयोः सैन्ये, मिलिते समजायत । दंडादंडि महायुद्धं, कुंताकुंति गजागजि ।।२१।।
उभयोः संगमे युद्धं, जायमाने परस्परं । जिग्ये भाग्येन सांबेन, सुभानुकटकं समं ।।२२।।
सैन्ये पराजिते तस्य, शांवेन प्रकटीकृतः । यशोवादोऽखिले लोके, लोको ह्युदयिपूजकः ।।
पणे द्विगुणमादत्तं, वित्तं दत्त्वा च याचकान् । बभूव प्रथितः सांबो, महादानीति भूतले ।२४।
चित्ते प्रद्युम्नमाहात्म्यं, ध्यायन् सांबोऽवदद्वचः । सत्यभामे किमप्यद्या—प्यस्ति ते भवने धनं ।।
सामर्षेण प्रयुक्तापि, श्रितमौनेव नावदत् । पुनः सांबस्तदापृच्छत्, कथं देवि ! ब्रवीषि न ।२६।
निःस्वस्य सावदद्वत्स, सांप्रतं किं वदाम्यहं । जयाजयौ प्रवर्त्तेते, पुण्यपापप्रभावतः ।।२७।।

દેવોથી શોભતી સુધર્માસભાના જેવી વિષ્ણુની રાજસભામાં ક્રીડા કરતા શાંબ અને સુભાનુકુમાર આવી ચઢયા. દેવોથી પરિવરેલા ઇન્દ્રની જેમ બલદેવ, પાંડવો અને યાદવોથી પરિવરેલા કૃષ્ણે તે બંનેને જોયા. ‘ઉત્તમ પુરૂષો બાલ્યાવસ્થાથી જ વિનીત હોય છે.’ તે બંને બાલકુમારોએ

આવીને સર્વ પ્રથમ કૃષ્ણને નમસ્કાર કર્યા અને પછી ઉચિત સ્થાને બેઠા. શાંબ, પ્રદ્યુમ્નની પાસે અને સુભાનુ ભાનુકુમાર પાસે બેઠો. બંનેને જોઇને સભાસદો ખૂબ આનંદ પામ્યા. ત્યારે રાજ-સભામાં બલભદ્રની સાથે પાંડવો જુગાર રમી રહ્યા હતા. તેજસ્વી બંને બાળકોને જોઇને, પાંડવો અને બલભદ્રે જુગાર રમવા તેઓને બોલાવ્યા. ત્યારે શાંબે પ્રદ્યુમ્નની સામે જોઇને પોતાની બુદ્ધિથી કહ્યું:-'જ્યાં વૃદ્ધ પુરૂષો રમતા હોય ત્યાં બાળકોથી ના રમી શકાય.' તેમ છતાં પાંડવોએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે પ્રદ્યુમ્ન અને ભાનુકુમારે કહ્યું:- 'કોઇ શરત મૂકાય તો જ આ બંનેને રમાડી શકાય.' ત્યારે સભાજનોએ કહ્યું:-'બહુ સારૂં. એ વાત બરાબર છે. કોઇને કોઇ શરત મૂકવી જોઈએ.' સભાજનોએ વિચારીને એક કરોડ સોનૈયાની શરત કરી. (જે હારે તે વિજયીને કરોડ સોનામહોર આપે) સાક્ષીરૂપે કૃષ્ણ વગેરે યાદવોને રાખ્યા.

સુભાનુની સાથે સ્વેચ્છાપૂર્વક રમતા સર્વ લોકોના જોતાં, ક્ષણમાત્રમાં શાંબકુમાર જીતી ગયો. ત્યારે શાંબે કહ્યું:-'પહેલાં મને મારી જીતેલી કરોડ સોનામહોરો લાવી આપો, પછી બીજીવાર રમીશ.' ત્યારે ભાનુકુમારે સત્યભામા પાસેથી કરોડ સોનૈયા લાવીને શાંબને આપ્યા. તરત જ શાંબકુમારે તે કરોડ સોનૈયા યાચકોને દાનમાં આપી દીધા. ત્યાર પછી સત્યભામાએ એક બલ-વાન કુકડો મોકલ્યો, અને કહેવડાવ્યું કે 'આ કુકડાને શાંબકુમારનો કુકડો જીતી લે તો બે કરોડ સોનૈયા આપું.' ત્યારે પ્રદ્યુમ્ને વિદ્યાશક્તિથી બનાવેલો કુકડો શાંબને આપ્યો. બુદ્ધિશાળી શાંબે સુભાનુના કુકડાને ક્ષણવારમાં હરાવી દીધો. બે કરોડ સોનામહોરો જીતીને મેળવી. શાંબે તે બે કરોડ સોનામહોરો પણ યાચકોને દાનમાં આપી દીધી. ત્યાર પછી સત્યભામાએ ઇર્ષ્યાથી એક સુંદર ફલ મોકલ્યું અને કહ્યું:- 'આ ફલથી બીજું ચઢીયાતું સુંદર ફલ શાંબ લાવી આપે તો તેને ચાર કરોડ સોનૈયા આપું.' પ્રદ્યુમ્નની વિદ્યાશક્તિથી શાંબે સુભાનુના ફલને જીતી લઈ ચાર કરોડ સોનૈયા મેળવ્યા. એ પણ યાચકોને દાનમાં આપી દીધા. ત્યાર પછી ચડસાઇથી સત્યભા-માએ સુંદર બે વસ્ત્ર મોકલીને કહેવડાવ્યું : 'આ બે વસ્ત્રને જીતે તો આઠ કરોડ સોનૈયા આપું.' પ્રદ્યુમ્નના કહેવાથી શાંબે વસ્ત્રયુગલને અગ્નિના કુંડમાં નાખી, તેને સુવર્ણના તંતુરૂપે બનાવી, તેને પાછું આપી ક્ષણમાત્રમાં આઠ કરોડ સોનૈયા મેળવી લીધા. વિલખી થઇ ગયેલી સત્યભામાએ એક હાર મોકલીને સોળ કરોડ સોનૈયાની શરત મૂકી. ત્યારે પ્રદ્યુમ્ને આપેલા હારથી શાંબે સત્યભામાના હારને જીતી લઈ, સોળ કરોડ સોનૈયા પ્રાપ્ત કર્યા. ત્યાર પછી બે કુંડલો મોકલીને બત્રીશ કરોડ સોનૈયાની શરત કરી. પ્રદ્યુમ્નની સહાયથી શાંબે એ પણ જીતીને બત્રીશ કરોડ સોનૈયા પ્રાપ્ત કર્યા. ત્યાર પછી સત્યભામાએ કૃષ્ણની રાજસભામાં 'કૌસ્તુભમણી' મૂકીને ચોસઠ કરોડ સોનૈયાની શરત મૂકી. શાંબે કહ્યું :-'સારૂં સારૂં, તારે જે શરતો મૂકવી હોય તે મૂકી શકે છે.' એમ કહીને પ્રદ્યુમ્નના પ્રભાવથી ૬૪ કરોડ સોનૈયા જીતી લીધા. તેનાથી બમણા સોનૈયાની શરત કરીને સત્યભામાએ એક સુંદર અશ્વ મોકલ્યો. પ્રદ્યુમ્નની વિદ્યાથી વિકુર્વેલા અશ્વથી શાંબે એના અશ્વને જીતી લઈ બમણું દ્રવ્ય પ્રાપ્ત કર્યું ! અને તે બધું દ્રવ્ય શાંબકુમારે યાચકોને દાનમાં આપી દીધું. યાચકો શાંબકુમારનો જયજયકાર કરવા લાગ્યા. 'ખરેખર, દાતાર કોને પ્રિય ના લાગે ?' શાંબકુમારને જીતવા માટે ભાનુ, સુભાનુ અને સત્યભામાએ જે જે પ્રયાસો કર્યા તે તે બધા જ નિષ્ફલ ગયા. મોક્ષ માટે દિગમ્બર સ્ત્રીઓના પ્રયાસ જેમ નિષ્ફળ જાય તેમ શાંબ માટે સત્યભામાનો પ્રયાસ ફોગટ જવાથી સત્યભામા ખૂબ જ વિષાદ પામી. એક દિવસે પ્રદ્યુમ્નને રાજસભામાં બેઠેલો જાણીને; સત્યભામાએ શાંબકુમારને જીતવા માટે મોટું સૈન્ય મોકલીને કહેવ-

ડાવ્યું કે 'તું ધૂતક્રીડામાં વિજયી બન્યો તે સાચું ત્યારે કહેવાય કે જ્યારે આ સૈન્યને તું જીતી શકે. નહીતર મારે માનવું જ રહ્યું કે જે જે રમતમાં તું જીત્યો છે તે પ્રદ્યુમ્નની મદદથી જ જીત્યો છે, તારી શક્તિથી નહી.' સત્યભામાની વાત સાંભળીને શાંબ મ્લાન મુખવાળો બની ગયો. રાજસભામાં રહેલા પ્રદ્યુમ્ને પ્રજ્ઞપ્તિ વિદ્યાથી હકીકત જાણીને તરત જ પોતાની વિદ્યા શાંબને આપી. વિદ્યાને ગ્રહણ કરીને શાંબ પોતાનું પરાક્રમ દેખાડવા માટે મહાન સૈન્ય વિકુર્વીને નગરની બહાર આવ્યો. બધી પૃથ્વી જાણે સૈન્યથી છવાઇ ગઈ. રસ્તે જનારા માણસોને સૈન્ય સિવાય બીજું કંઇ જ દેખાતુ નહીં. સુભાનુ અને શાંબકુમાર બંનેનું સૈન્ય પરસ્પર દંડધારી દંડધારીઓની સાથે, ભાલાવાલા ભાલાવાલાઓની સાથે, અને હાથીઓ હાથીઓની સાથે પ્રચંડ યુદ્ધ કરવા લાગ્યા. વિદ્યાના પ્રભાવથી શાંબકુમારના સૈન્યે ક્ષણમાત્રમાં સુભાનુના સૈન્યને પરાજિત કર્યું, અને શરત મુજબ સુભાનુના સૈન્યમાં રહેલા હાથી, ઘોડા, રથો અને પાયદળ વિગેરે શાંબકુમારે યાચકોને દાનમા આપી દીધું. તેથી સારાયે નગરમાં દાનેશ્વરી તરીકે શાંબકુમારનો યશોવાદ થયો. પોતે પોતાના મનમાં 'આ બધો પ્રદ્યુમ્નનો પ્રભાવ છે.' એમ જાણતો. એક દિવસે સત્યભામાને કહ્યું:-'કેમ દેવી, હજુ પણ તારી પાસે ઘણું ધન હશે? કેમ બોલતી નથી? હવે મૌન લઈને કેમ બેસી ગઈ?' ત્યારે સમજપૂર્વક નિસાસા નાંખીને સત્યભામાએ કહ્યું:-'હું શું બોલું? જય પરાજય તો પૂર્વકૃત પૂણ્ય-પાપના ફલરૂપે છે. એમાં આટલું બધું અભિમાન શાને કરે છે?' સત્યભામાના આવા વચન સાંભળીને શાંબ ચૂપ થઇ ગયો. તે સ્વસ્થાને ચાલ્યો ગયો.

मिलित्वा बलदेवेन, पांडवैरखिलैरपि । विज्ञप्तं वासुदेवस्य, सर्वकार्यविधायिनः ।।२८।।
अस्माकमनुजे नाथ !, सांबे प्रदर्शितौजसि । आधिक्यं कुरु त्वं किंचि-द्यथार्थं ज्ञायते जने ।
तेषां वचनमाकर्ण्य, चिन्तयामास केशवः । सर्वकार्यसमर्थस्यै-तस्यं किं क्रियते मया ।३०।
विचारं कुर्वतस्तस्य, प्रादुर्भूतेति सन्मतिः । मया साम्राज्यमेतस्य, मासमेकं प्रदीयते ।३१।
विचार्येति मुकुंदेन, तस्य राज्यं समर्पितं । मासस्यावधिमाधाय, सर्वलोकसमक्षकं ।।३२।।
उत्सवैरभिषिक्तोऽसौ, द्वितीये वासरे स्थितः । नारायणासने रम्ये, राजराजिविराजितः ।।
बलेन पांडवैरन्यै-रपि क्षमाधिनायकैः । मस्तकैः प्रणतः सांबो, नम्यः कस्य हि न प्रभुः ।।
वयसा सहशर्मिमत्रै-रभुंक्त राज्यमद्भुतं । दुर्लभं सर्वथान्येषां, जनार्दनसमर्पितं ।।३५।।
राज्यग्रहणं तारुण्ये, रक्षितुमुत्तमं विना । समर्थो नेतरः कश्चित्, सर्वथैव प्रजायते ।।३६।।
इति सांबस्य राज्याप्ति-र्वयोऽपि खलु यौवनं । मिलने चैतयोर्योगे, विकारोऽभूदनंगजः ।।
रूपवत्यस्ततो या या, भवेयुर्योषितः पुरि । ताः समानीय भुज्यंते, सांबेन सेवकैः सह ।।३८।।
यस्य पुंसो रसः स्त्रीणा-मसौ तासां वशीभवेत् । इति याति त्रियामायां, स तासां वसतिष्वपि
भवेयुः प्रायशो लोके, कामिन्यः कामविह्वलाः । प्रत्युत प्रेरिता राज्ञा, प्रजायंते विशेषतः ।।
गृहेषु च स्वनाथेष्व-कुर्वाणा अरतिं ततः । ताः सांबैकहृदी जाताः, स्त्रीणां हि कामदः प्रियः
सांबेन कुलकांतानां, विधाय शीलखंडनं । पीडिता नागरा लोकाः, सशोका अभवंस्तदा ।।

सर्वे जना मिलित्वातो, गत्वा गोविंदसन्निधौ । प्रणम्य कथयामासुः, स्थानमस्माकमर्पय ।४३।
तदावादि मुकुंदेन, युष्माकं दुःखमस्ति किं । ते प्राहुर्दत्तराज्येन, सांबेन पीडिता वयं ।४४।
गृहेऽस्माकं वधूः पुत्री, स्वसा रुपवती पुनः । शीलस्य खंडनं तासा–मेतेन कार्यते बलात् ।४५।
अश्राव्यं वचनं श्रुत्वा, हाहाकारवचो वदन् । तान्प्रजजल्प गोविंदः, स्वस्थीभवत सांप्रतं ।४६।
मासमेकं वचो मेऽस्ति, तदतः प्रचलेन्न हि । पश्चादस्य महाशिक्षा, भवतां सुखकारिणी ।४७।
स्वस्थीकृता मुकुंदेन, गताः स्वमंदिरे नराः । मास एकश्च संपूर्णः, संजातः क्षणवत्ततः ।।

પાંડવો, યાદવો અને બલદેવ વિગેરે બધાયે મળીને કૃષ્ણ વાસુદેવને વિજ્ઞપ્તિ કરીઃ– 'સ્વામિન્, અમારા નાનકડા શાંબકુમારે પોતાની વય પ્રમાણે ઘણું પરાક્રમ બતાવ્યું છે, તો એને કંઈક અધિક માન આપો, જેથી લોકો તેના ઓજસને જાણી શકે.' તેઓની વાણી સાંભળીને કેશવે વિચાર્યું:– 'સર્વ કાર્યમાં સમર્થ એવા શાંબને હું શું આપી શકું? હા, મારૂં સામ્રાજ્ય એક માસ માટે આપું, જેથી તેની પ્રતિષ્ઠા વધે!' આ પ્રમાણે વિચારીને માધવે સર્વલોક સમક્ષ મહોત્સવપૂર્વક શુભ દિવસે તેનો રાજસિંહાસન ઉપર રાજ્યાભિષેક કર્યો. ત્યારે બલભદ્ર, પાંડવો, યાદવો તેમજ બીજા રાજાઓએ પણ શાંબકુમારના ચરણમાં મસ્તક નમાવ્યાં. રાજા કોને નમવા યોગ્ય ના હોય? સરખે સરખા મિત્રોની સાથે બીજાઓને દુર્લભ એવું કૃષ્ણે આપેલું અદ્ભુત રાજ્ય શાંબ ભોગવે છે. તરૂણ અવસ્થામાં ગ્રહણ કરેલું રાજ્ય ઉત્તમતા વિના રક્ષી શકાતું નથી. અને તેની આગળ બીજો કોઈ ટકી શકતો નથી. પોતે પોતાની જાતને જ સર્વસ્વ માને છે. તેથી યુવાવસ્થામાં શાંબકુમારને રાજ્યની પ્રાપ્તિ થવાથી કામજન્ય વિકાર ઉત્પન્ન થયો. નગરીમાં જે જે રૂપવંતી સ્ત્રીઓ હતી તે બધીને પોતાના સેવકો મારફત બોલાવીને તે સ્ત્રીઓને શીલભ્રષ્ટ કરવા લાગ્યો. એટલું જ નહી, પરંતુ કામાસક્ત થયેલો શાંબ પોતે રાત્રિમાં સ્ત્રીઓની વસતિમાં જઇને તેઓને પ્રલોભન આપી પોતાને વશ કરવા લાગ્યો. પ્રાયઃ કરીને સ્ત્રીઓમાં કામાસક્તિ વધુ હોય છે. તેથી રાજાથી પ્રેરાયેલી સ્ત્રીઓ ધન આદિની લાલસાથી સ્વયં આવીને શાંબને મલતી અને પોતાના પતિઓ પ્રત્યે ઉપેક્ષાભાવ રાખતી થઇ ગઈ. સ્ત્રીઓને પ્રાયઃ ઇચ્છિત આપનાર પુરૂષ જ વધારે પ્રિય હોય છે. આ પ્રમાણે શાંબે કુલીન ઘરોની સ્ત્રીઓનાં શીલખંડન કરીને, નગરવાસી લોકોના દિલને દુઃખી કરી દીધાં. નગરના શ્રેષ્ઠ મહાજનો ભેગા મળીને કૃષ્ણ પાસે ગયા. નમસ્કાર કરીને કહ્યું:– 'સ્વામિન્, અમને અમારૂં સ્થાન આપો. અમારાથી આ નગરમાં નહી રહી શકાય.' કૃષ્ણે કહ્યું:– 'તમને એવું શું દુઃખ આવી પડ્યું, જેથી નગર છોડી જવા માગો છો?' તેઓએ કહ્યું:– 'સ્વામિન્, આપે શાંબને રાજ્ય આપી અમને દુઃખી કરી નાખ્યા. અમારા ઘરની રૂપવતી પુત્રી, વહુ કે બહેન, કોઈ ને બાકી રાખી નથી. શાંબે બલાત્કારે સહુના શીલનું ખંડન કર્યું છે.' મહાજનનું આવું અશ્રાવ્ય વચન સાંભળીને હાહાકાર કરતા ગોવિંદે કહ્યું:– 'તમે હમણાં સ્વસ્થ થાઓ. એક મહિનાનું મેં વચન આપ્યું છે, તેથી હમણાં મારૂં કંઈ ચાલે નહી, છતાં હું સ્ત્રીઓની રક્ષા માટેનો પ્રબંધ કરૂં છું. મહિનો પૂરો થયા પછી તે દુષ્ટને હું તેના બદલામાં મોટી શિક્ષા કરીશ.' આ પ્રમાણે નગરવાસીઓને સંતુષ્ટ કરી વિદાય કર્યા.

अथ तातप्रणामार्थं, सांबः समागतस्तदा । वासुदेवोऽब्रवीद् द्वेषात्, स्थेयं राज्ये न मे त्वया ।

रे पापिष्ट त्वया तत्र, गंतव्यं मत्पुराद्बहिः । नामापि श्रूयते नैव, मयका यत्र तावकं ।।५०।।
कथयित्वेति कृष्णेन, पत्रत्रयस्य बोटकं । समर्प्य कर्षितः सांब–स्तेनापि तदुपाददे ।।५१।।
प्रद्युम्नोऽवक्तदा कृष्णं, कदायमागमिष्यति । कृष्णोऽवदद्यदा भानु–जनन्याकारयेदमुं ।।५२।।
सन्मुखं गजमारुह्य, गत्वा प्रौढोत्सवेन सा । यदा समानयेदेनं, तदायातु ममांतिके ।।५३।।
जनकस्य जनन्याश्च, नमस्कृत्य पदद्वयं । प्रद्युम्नादेशतः सत्य–भामायाः काननं ययौ ।।५४।।
कन्याया अतिमान्याया, रूपं कृत्वा मनोरमं । फलानि फलदानां स, भुंजानस्तत्र तस्थिवान् ।

શાંબના રાજ્યનો એક મહિનો તો જોતજોતામાં પૂર્ણ થઇ ગયો. જ્યારે બીજે દિવસે પિતાને પ્રણામ કરવા માટે આવ્યો ત્યારે વાસુદેવે તિરસ્કારપૂર્વક શાંબને કહ્યું:– ‘ રે પાપિષ્ઠ, તારે મારા રાજ્યમાં રહેવું નહીં'. મારા નગરને છોડી તારૂં કાળું મોંઢું લઇને ગમે ત્યાં ચાલ્યો જા. તારૂં નામ પણ મારા સાંભળવામાં ના આવવું જોઇએ.' આ પ્રમાણે કૃષ્ણે રોષપૂર્વક કહીને ત્રણ પત્રનું બીડું આપીને શાંબને રાજસભાની બહાર કાઢી મૂકયો. પ્રદ્યુમ્ને કૃષ્ણને પૂછ્યું:– ‘ પિતાજી, શાંબ કયારે આવી શકશે ? ' કૃષ્ણે કહ્યું:– ‘ જયારે સુભાનુની માતા સત્યભામા તેની સામે જઈને મહોત્સવપૂર્વક હાથી ઉપર બેસાડીને ગામમાં લાવે, તોજ તે અહીં આવી શકશે.' ત્યાર પછી શાંબ માતા પિતાને નમસ્કાર કરીને પ્રદ્યુમ્નના આદેશથી ‘ અતિમાન્ય ' એવું સુંદર રાજકન્યાનું રૂપ ધરીને સત્યભામાના વનમાં રહેવા માટે ગયો. ત્યાં ફ્લાહાર કરતો કન્યારૂપે રહેલો શાંબ મજા કરવા લાગ્યો.

अथान्यदागता तत्र, सत्यभामा रिरंसया । तावद् दृष्टा मनोऽभीष्टा, कन्या रूपवती तया ।।
तामालोक्य हृदि प्राप, विस्मयं स्मयसंकुला । अस्मिन्नहो वने कन्ये–दृशी कुतः समागता ।।
किं विद्याधरपुत्रीयं, किंवा सुरवधूरियं । पातालसुंदरीयं किं, राज्ञो वा कस्यचित्सुता ।५८।
चिंतयंतीति साऽप्राक्षी–त्तां विस्मेरांबुजांबकां । विजनेऽत्र वने पुत्रि ! समेतैका[illegible]नो कुतः ।।
सा प्राह शृणु मातस्त्वं, तनयाहं नरेशितुः । आबाल्यान्मां समादाय, मातुलो जग्मिवान् पुरं ।
तत्र कियंति वर्षाणि, तिष्ठंती वृद्धिमादधत् । तदा पिता विवाहार्थं, मामादातुं समागत ।।
तेनापि सह तातेन, सामग्र्या प्रेषिताप्यहं । पित्राप्यरोपिता चारु–शिबिकायां सुखाय मे ।।
बभूवुर्वासरा द्वित्रा, यावत्सार्थस्य गच्छतः । तावद्वनेऽत्र संध्यागाद्वासावस्थितिसूचिका ।।६३।।
प्रजातायां त्रियामायां, सकला अपि सार्थगाः । श्रांता निद्रालवः सुप्ता, भूयोऽपि चलनेच्छया ।
स्थितायां शिबिकायां मे, मातुलः स्मृतिमागतः । अजायत तदा तंद्रा–भंगो रंगोपघातकः ।।
तेनाहं रुदितुं लग्ना, भृशं शोकेन दुःखिता । आश्वासितापि तातेन, नामुंचं रुदनं क्षणं ।।
तेनातिविह्वलीभूत–स्तात एकाकिनीमपि । मामिहैव विमुच्यागा–त्तेनाहमत्र संस्थिता ।६७।
सत्यभामाभणद्भद्रे, खेदं मा कुरु मानसे । विवाहं ते करिष्ये मे, सूनुना सह भानुना ।।६८।।
चेत्पाणिग्रहणं तेन, साकं त्वं प्रकरिष्यसि । तदा हि रूपलावण्ये, सफले ते भविष्यतः ।।६९।।

मयापि परिचर्या त्वां, नीत्वा गेहे करिष्यसि । अपरा अपि किंकर्यः, सेविष्यंते पदौ तव ।७०।
श्रुत्वेति सत्यभामाया, वचनं सा कुमारिका । दर्शयंती जगादाथ, कृत्रिमं प्रेम तां प्रति ।।७१।।
मुरारिः पृथिवीनाथः, श्वशुरो यदि मे भवेत् । श्वश्रूस्त्वं पट्टराज्यस्य, भूरि भाग्यं तदा मम ।
इति तस्या वचः श्रुत्वा, सार्धमादाय तां तदा । प्रापयद्भुवनं भामा, कस्य स्वार्थो हि न प्रियः ।
निकेतने समानीय, सत्या तां च कुमारिकां । ददौ भूषणवस्त्राणि, तस्यै संमदसंयुता ।।७४।।
तत्रेति तिष्ठति कामं, कन्यारूपेण सांबकः । तावद्वने समायातो, वसंतः सकलप्रियः ।।७५।।
वृक्षाणामपि भृंगाणां, कामिनीनां च कामिनां । छायापरागकामानां, दायकोऽयं प्रियोऽभवत् ।
द्वेधापि शाखिनां छायां, पौरलोका विलोकितुं । गता भूपतिभिः साकं, कांता आदाय केलये ।
तत्र काश्चन गायंति, नार्यो नृत्यंति काश्चन । निशम्य मधुरं गीतं, सुभानुर्विह्वलोऽभवत् ।७८।
कामप्रचंडबाणेन, मार्यमाणः सुभानुकः । स्खलद्गतिस्ततो मूर्छा–मूर्छितः पतितः क्षितौ ।७९।
सुसीमैः कदलीपत्र–वातैः कृत्वा सचेतनं । गेहं तमानयन् यत्नात्, परं स प्राप नो सुखं ।।८०।।
पंचबाणस्य बाणन, पीडितं तं निजांगजं । दृष्ट्वा व्यचिंतयद् भामा, विवाहायोचितो ह्ययं ।।
ततो मंत्रिण आहूय, सत्या तेषां पुरो जगौ । भवंतो मायया गत्वा, कन्यां पश्यंतु सत्वरं ।८२।
आगच्छत तथा यूयं, यथा वेत्ति न कश्चन । लोकेऽपि किंवदंती स्या–त्रात्र विवाहमेलिका ।८३।
तेऽपि स्वस्वामिनीवाक्य–मंगीकृत्य ततोऽचलन् । तयापि प्रेषिता कन्या, रहोवृत्त्या घने वने ।
समेताः सचिवा याव–त्तावल्लोकैरबुध्यत । सुभानुककुमारस्य, विवाहो मिलितोऽधुना ।८५।
सत्यभामापि मत्तेभमारुह्य कामभीतितः । समानेतुं कनी सर्व–समक्षं सन्मुखं गता ।।८६।।
स्थापयित्वा निजोत्संगे, महोत्सवैश्चतुःपथे । मिलित्वा समुदायेन, सानीता निजमंदिरे ।८७।
प्रतोल्यां तां समानीय, स्थापितान्यनिकेतने । जातायां लग्नवेलायां, वरस्तोरणमागतः ।८८।
तस्य सुवासिनीस्त्रीभिः, कृतो मांगलिको विधिः । करग्रहणकाले च, साऽभवद् वृद्धरूपभाक् ।
चपेटैराहतस्तेन, रूपेण भयकारिणा । पपात पृथिवीपीठे, सुभानुर्भानुसोदरः ।।९०।।
भामाया येऽभवन् भृत्याः, पातयित्वा च तानपि । हसन् समागतः सांबः पुरुषोत्तमपर्षदि ।९१।

એક વખત સત્યભામા ફરવા માટે વનમાં ગઈ. ત્યાં અતિ રૂપવંતી એક સુંદર કન્યાને જોઇ. જોઈ ને આશ્ચર્ય પામેલી સત્યભામા વિચારે છેઃ– 'અહો ! આ વનમાં આવી સુંદર કન્યા ક્યાંથી આવી હશે ? કોઇ વિદ્યાધરપુત્રી કે કોઈ દેવાંગના અથવા પાતાલ સુંદરી કે કોઇ રાજકન્યા હશે ?' આ પ્રમાણે વિચારતી સત્યભામાએ વિકસ્વર નયનવાળી કન્યાને પૂછ્યુંઃ 'પુત્રી, આ વનના એકાંત સ્થળમાં તું એકાકી ક્યાંથી આવી છે ?' કન્યાએ કહ્યું:– 'માતા, હું રાજાની પુત્રી છું. બાલપણથી જ મારા મામાએ મને પોતાને ત્યાં રાખી. મામાને ત્યાં વર્ષો સુધી રહી. યૌવન-વયમાં આવવાથી વિવાહ માટે મારા પિતા મને લેવા માટે આવ્યા. મામાએ પણ ઘણી સામગ્રી સહિત પિતા સાથે મને મોકલી. પિતાની સાથે સુંદર એવી શિબિકા ( પાલખી )માં બેસીને

આવતી હતી, રસ્તામાં બે ત્રણ દિવસ થઇ ગયા. અમે સંધ્યા સમયે આ વનમાં આવ્યાં. રાત્રિમાં વિશ્રામ માટે છાવણી નાખીને અમે રહ્યાં. રાત્રિમાં સાથે રહેલા બધા માણસો થાકયા પાકયા ઊંઘી ગયા. ત્યારે હું રાત્રિમાં એકાએક જાગી ગઈ. મામાની યાદ આવતાં હું ખૂબ જોર જોરથી રડવા લાગી. મામાના વિયોગથી હું ખુબ દુઃખી થઈ ને રડતી રહી. મારા પિતાએ ઘણું આશ્વાસન આપ્યું, છતાં કેમે કરીને મારૂ રૂદન શાંત થયું નહી. તેથી મારા પિતા કંટાળીને મને એકલી મૂકીને રાત્રિના છેલ્લે પ્રહરે અહીંથી ચાલ્યા ગયા. હવે હું શું કરૂં ? હે માતા, હું કયાં જાઉં ?' કન્યાના વિષાદપૂર્ણ વચન સાંભળીને સત્યભામાએ કહ્યુઃ–'ભદ્રે, તું મનમાં જરાયે ખેદ કરીશ નહી. તારો વિવાહ મારા પુત્ર સુભાનુ સાથે કરાવીશ. જો તું મારી વાત માનીને મારા પુત્રની સાથે પાણિગ્રહણ કરીશ, તો તારા રૂપ–લાવણ્ય સફલ થશે. તને ઘેર લઈ જઈને હું પણ તારી બધી કાળજી કરીશ. સિવાય આપણાં બીજાં દાસદાસીઓ પણ તારી સેવા કરશે.' સત્યભામાના વચન સાંભળીને કૃત્રિમ પ્રેમ બતાવતી શાંબ કન્યા બોલીઃ–'મુરારિ (કૃષ્ણ) જેવા રાજા મારા સસરા હોય, અને પટ્ટરાણી એવા તમારા જેવી મારે સાસુ હોય, તો મારા ઘણાં ધન્યભાગ્ય કહેવાય.'

કન્યાના પ્રેમપૂર્ણ વચન સાંભળીને તેને સાથે લઈને છાની રીતે પોતાના રાજમહેલમાં આવી. કુમારીકાને સુંદર વસ્ત્રો અને આભૂષણો આપ્યાં. કન્યારૂપે શાંબ સત્યભામાના ત્યાં આનંદથી રહ્યો. તેવામાં વસંતઋતુ આવી. જે વસંતઋતુ વૃક્ષોને નવપલ્લવિત કરનાર હોય છે. ભ્રમરો, કામી સ્રી પુરૂષો અને પથિકોને વૃક્ષો છાયા આપતા હોવાથી દરેકને પ્રિય લાગે છે. એવી વસંતઋતુમાં બંને પ્રકારના તાપને શમાવવા માટે નગરવાસી સ્ત્રી પુરૂષો તેમજ રાજાઓ પોતાની રાણીઓ સાથે વનમાં ક્રીડા કરવા માટે આવ્યા. તેમાં કોઈક સ્રીઓ નૃત્ય કરીને, તો કોઈ સ્રીઓ મધુર સ્વરે ગીત ગાન કરી પોતાના પતિઓના મનને પ્રસન્ન કરી રહી હતી. સુભાનુકુમાર પણ પોતાના મિત્રોની સાથે વસંતક્રીડા કરવા માટે વનમાં આવ્યો. ત્યાં સ્રીઓના મધુર ગીતગાન નૃત્યનાં ઝંકાર વિગેરે સાંભળીને કામ—વિહ્વલ બની ગયો. કામદેવના પ્રચંડ બાણોથી હણાયેલો સુભાનુકુમાર મૂર્છિત થઈને ભૂમિ પર પડી ગયો. મિત્રો શીતલ પાણી અને પવન વડે તેને સચેતન કરી ઘેર લાવ્યા. છતાં તેને કયાંય ચેન પડતુ નહી. સત્યભામાએ પોતાના પુત્રને કામાતુર જાણીને 'હવે આ વિવાહ માટે યોગ્ય છે.' એમ વિચારી પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું– 'જાવ, કોઇ સુંદર કન્યા મલે તો શોધી લાવો. તમે કન્યા જોવા માટે જાવ છો, તેવી કોઇ ને પણ જાણ થવી ના જોઈએ. જાવ આપણા વનમાં જ તપાસ કરો.' મંત્રીઓને એ પ્રમાણે કહીને સત્યભામાએ વનમાથી લાવેલી પેલી કન્યાને (શાંબકુમારીને) છૂપી રીતે વનમાં મોકલી દીધી. પોતાની સ્વામિનીના આદેશથી મંત્રીઓ કન્યાની શોધ માટે ગયા, ત્યાં શોધતાં વનમાં રહેલી સુંદર કન્યાને જોઇને, પોતાની સ્વામિની સત્યભામાને નિવેદન કર્યુંઃ–'સ્વામિની, આપણા જ વનમાં કોઇ સુંદર રાજકન્યા આવેલી છે. તે સુભાનુકુમાર માટે યોગ્ય છે.' સાંભળીને તરત જ સત્યભામા વાજતે ગાજતે કન્યાને લેવા માટે વનમાં ગઇ અને પ્રદ્યુમ્નના ભયથી સર્વલોક સમક્ષ કન્યાને પોતાના ખોળામાં બેસાડી, હાથીની અંબાડીમાં સ્થાપના કરી. મહોત્સવ પૂર્વક પોતાના રાજમહેલમાં લાવી, પોંખણા કરી કન્યાને વધાવી. લગ્નમંડપમાં વર તોરણે આવ્યો. સૌભાગ્યવંતીઓએ માંગલિક વિધિ કરી વરને વધાવ્યો. ચોરીમાં સુભાનુકુમાર અને શાંબકુમારીના હસ્તમેળાપ સમયે, કન્યા ભયંકર વ્યાઘ્રરૂપે બની ગઇ અને ચપેટાથી સુભાનુકુમારને મારીને જમીન ઉપર પછાડયો. તેમજ ભાનુકુમાર, સત્યભામા અને તેના પરિવારને ચપેટા મારતો પોતાનું મૂલસ્વરૂપ ધારણ કરીને હસતો હસતો શાંબ વિષ્ણુની રાજસભામાં જઇ પિતાને નમસ્કાર કરીને બેઠો.

अन्यदा प्रेषितो दूतो, रुक्मिण्या बांधवांतिके । याचिता तत्पुत्री च, प्रद्युम्नस्य कृते तया ।९२।
गत्वा तत्र नमस्कृत्य, रुक्मिणं धरणीधवं । रुक्मिण्या कथितस्तेन, समाचारो निरूपितः ।९३।
स तं श्रुत्वा प्रकोपेन, प्रजजल्पाविचारितं । यत्पुरा समभूतकृत्यं, मम संजातमेव तत् ।।९४।।
अथ चांडालपुत्राय, मया पुत्री प्रदीयते । न पुनः पापचित्तस्य, नारायणस्य सूनवे ।।९५।।
वैदर्भीप्रार्थनां कृत्वा, गत्वा भोजकटे नरः । रुक्मिणीं कथयामासो—दन्तं रुक्मिनिवेदितं ।९६।
रुक्मिण्यापि च वृत्तांतः, कथितोऽयं हि दुःखतः । प्रद्युम्नस्याग्रतो दूत—प्रोक्तो रुक्मिनिवेदितः ।।
बांधवस्यापमानेन सा विलक्षाननाऽभवत् प्रद्युम्नो वीक्ष्य तां प्राह, मातर्दुःखं तवाऽस्ति किम् ।।
तयाऽपि भ्रातृवृत्तान्तः, प्रोक्तः सर्वोऽपि तत्पुरः, तमाकर्ण्याऽवदत्सोऽपि चिन्तां जननि ! मा कृथाः
मारणायोचितो नासौ, मामुलत्वेन सर्वथा । अस्यौचित्यं विधायैव, करिष्ये करपीडनं ।२००।
उक्त्वेति सोऽथ सांबेन, साकं भोजकटं ययौ । तत्र ताभ्यां कृतं रूपं, चांडालयोः सुगायिनोः ।।
तयोर्गानकलोद्भूता, वार्त्ता भूपेन संश्रुता । तावप्याकार्य तद्गानं, श्रुतं कर्णप्रमोदकं ।।२।।
तौ प्रपच्छ महीपालो, दापयित्वा घनं धनं । कुतो युवां समायाता—वीदृक्कलाविलासिनौ ।।
तावुचतुर्महीभर्त—रावां द्वारवतीपुरि । समेतौ स्वर्गलोकाच्च, कुतूहलानि वीक्षितुं ।।४।।
मुकुंदस्य निवासाय, वासिता धनदेन सा । करोति तत्र साम्राज्यं, नारायणो नरेश्वरः ।५।
तातोत्संगस्थिता कन्या, तदा वैदर्भ्यभाषत । प्रद्युम्नं नंदनं विष्णो—र्विजानीथो युवां नरौ ।।
विकस्वरेण वक्त्रेण, तदा सांबोऽब्रवीत्तमां । औदार्यवर्यचातुर्यं, प्रद्युम्नं न हि वेत्ति कः ।।७।।
समाकर्ण्य वचस्तस्य, वैदर्भी रागविह्वला । बभूव तस्य भर्तृत्व—करणैकमनोरथा ।।८।।
जगदुः सेवकास्ताव—न्नाथ हस्ती मदोत्कटः । बहिस्तात्स्तंभमुन्मूल्य, विनिर्गतोंकुशोऽवशः ।।
निशम्यैतद्वचो भूपः, पटहं पर्यघोषयत् । स्वायत्तं यः करोत्येनं, ददामि तस्य वांछितं ।।१०।।
समाकर्ण्येत्यधावंत, प्रचुरा नागरा नराः । न केनापि वशीकर्तुं, समर्थः सोऽभवद्गजः ।११।
ततश्चांडालवेषाभ्यां, ताभ्यामेत्य तदंतिके । गीतगानं समारेभे, वशीबभूव तेन सः ।।१२।।
सर्वत्र नगरे ख्याति—स्तदा तयोरजायत । प्रजजल्प महीशोऽप्य—भीष्टं मार्गयथो युवां ।।१३।।
तौ प्राहतुर्न कोऽप्यस्ति, वांछितार्थप्रदायकः । भूपतिः प्राह दास्येऽहं, मावादिष्टामिदं युवा ।।
हास्येन प्राहतुस्तौ त्वं, यदि दास्यति कामितं । तदावयोर्न काप्यस्ति, रंधनप्रविधायिनी ।१५।
पुत्रीं तदर्थमात्मीयां, प्रसादेन समर्पय । विज्ञास्यते तदावाभ्यां, दाता त्वत्तः परोऽस्ति न ।।१६।।
श्रुत्वैतच्च क्रुधा रुक्मी, तौ निर्वासितवान् पुरः । प्रद्युम्नेन तदा प्रोचे, सांबस्य सोदरस्य तु ।।
आवाभ्यां यदि संग्रामः, क्रियतेऽनेन सांप्रतं । जननी रुक्मिणी गेहे, संस्थिता दुःखमाप्स्यति ।।
ततो यथा तथा तस्य, सुतायाः पाणिपीडनं । स्ववाचः पालनार्थं च, कृत्वा मया तु गम्यते ।।

परस्परमिति भ्रात्रो–र्विचारप्रविधायिनोः । विमला रजनी जाता, जैवातृकोपशोभिता ।२०।
प्रद्युम्नो विद्यया ताव–द्गत्वा रुक्मिसुतालये । सुप्तां जागरयामास, प्रीत्या तामनुरागिणीं ।।
आकर्ण्य सहसा वाक्य–मुत्थिता सा चमत्कृता । सोचे कोऽसि तदा लेखं, रुक्मिण्याः स च दत्तवान्
तस्यां च वाचयत्यां तं, प्रद्युम्नस्याभिधागता । यस्यात्र लिखितं नाम, स एवाहं शुभानने ! ।।
साऽवक् वदामि किं चाहं, सोऽवक्द्राक्परिणीयतां । इत्युक्ते साक्षिणि सानौ, द्रागुररीचकार तं ।।
रंत्वा ततस्तया साकं, निशाशेषे जगाद सः । यामि सांबसमीपेऽहं, माभैषीस्त्वं कुतश्चन ।२५।
मया कृतास्ति ते देहे, रक्षा रक्षःसहस्रजित् । मावादीस्त्वं पितृभ्यां च, पृच्छ्यमानापि सर्वथा ।।
इत्युक्त्वा स ततः स्थाना–द्गतः स्वीकृत्य सापि तत् । श्रांता भोगेन सुष्वाप, प्रातरप्युत्थिता न च
तावत्तत्र समायाता, धात्री तत्परिचारिका । कंकणाद्यैर्विवाहस्य, चिह्नानि वीक्ष्य विस्मिता ।।
जल्पितापि न साऽजल्प–त्ततो गता भयद्रुता । सा रुक्मिराजमातृभ्यां, तया लक्षणमब्रवीत् ।।
श्रुत्वेति पितरौ तत्र, समागतौ विलोक्य च । अपृच्छतां च तौ प्रीत्या, न तु सोत्तरमार्पयत् ।।
रुक्मी च चिन्तयामासाऽ–हो मत्कुलकलंकिनी । एषा मया न दत्तापि, रेमे केनापि पापिनी ।।
ममैव मूढता जाता, पूर्वं चांडालपुत्रयोः । यदेषा न मया दत्ता, रक्षिता दुःखहेतवे ।।३२।।
अद्यापि न गतं किंचि–द्यावद्वार्त्ता न केनचित् । ज्ञातास्त तावदेताभ्यां, चांडालाभ्यां ददामि तां
इति चिंतयता तेन, तौ समाहूय वेत्रिणा । ददाम्येनां स्ववाचाद्यै, प्रदत्तोक्त्वेति सा तयोः ।३४।
तां दत्वा प्राह तौ रुक्मि–भूपालप्रौढकोपतः । लात्वैतां तत्र गंतव्यं, यत्र पश्यामि नो युवां ।।
प्रमाणमिति चोक्त्वा तौ, निर्गतौ नगराद्बहिः । वैदर्भी तावथाख्यातां, राजानं भज कंचन ।।
चांडालस्य कुले प्राय–श्चर्मरज्ज्वादिविक्रयः । तत्कुले राजकन्यायाः, न ते रतिर्भविष्यति ।।
सा प्राह कर्मणा योऽभूत्, स एवास्तु पतिर्मम । भवंतावपि जानीतो, दुर्लंध्या कर्मपद्धतिः ।।
वदंत्या इति चित्तस्य–दार्ढ्यं तस्या विलोक्य तौ । प्रासादरचनां कृत्वा, भूपालाविव तस्थतुः ।।
समादायाथ वैदर्भीं ततस्तयोः प्रयातयोः । पश्चात्तापं चकाराशु, दृढचित्तोऽपि रुक्मिराट् ।।
पापिष्टेन मया हाहा, कृतं कर्माविचारितं । सा दातव्योचितस्थाने, हीनकुले समर्पिता ।४१।
रुक्मिण्या प्रार्थ्यमानापि, तत्तनूजाय नार्पिता । मनाक्कालविलंबोऽपि, मयाऽधमेन नो कृतः ।।
अथवा दूषणं मे ना–नुतापप्रविधायिनः । चांडालादपि चांडालः, कोपस्तस्यैव दूषणं ।।४३।।
अथाहं कुत्र गच्छामि, लप्स्ये ख्यातिं जने कथं ? । विलपन्निति शुश्राव, रुक्मी वादित्रनिःस्वनं ।।
तं श्रुत्वा मंत्रिणः प्रोचे, कुतोऽयमागतो ध्वनिः । चरैर्ज्ञातसमाचारा–स्ते प्राहुर्मुदिता इति ।।
चांडालाविति कृत्वेश, त्वया समर्पिता ययोः । अभूतां सांबप्रद्युम्नौ, तौ नारायणनंदनौ ।।४६।।
तदा व्यचिंतयद्रुक्मी, पुत्र्या भाग्यमहो महत् । विरुद्धेऽपि शुभं जातं, यस्याः सौभाग्यभावतः ।।
एकं तु तनयो जाम्या, जामातान्यच्च कीर्तिमान् । तुष्यन्निति गतस्तत्र, दिव्यं नृत्यमिवेक्षितुं ।।

**आनीय निजगेहे ता–वानर्च महतोऽधिकं । प्रद्युम्नोऽपि तमापृच्छ्या–ययौ द्वारवतीं पुरीं ।।**
**नामयित्वा स्नुषां मातृ–पादयोर्गेहसंस्थितः । भोगांस्तया सहाभुंक्त, रूपनिर्जितरंभया ।।५०।।**

હવે એક વખતે રૂકિમણીએ, પ્રદ્યુમ્નના માટે પોતાના ભાઈ રૂકિમકુમારની પુત્રીની યાચના કરવા માટે કુંડિનપુર પોતાના એક દૂતને મોકલ્યો. દૂતે જઈને રૂકિમકુમારને રૂકિમણીનો સંદેશ આપ્યો. સાંભળીને ક્રોધાતુર બનેલા રૂકિમકુમાર રાજાએ કહ્યું:– 'અરે દૂત, તું શું બોલી રહ્યો છે? રૂકિમણીએ શું વિચારીને મારી પુત્રીની યાચના કરી? એને શરમ ના આવી? શું હું એ પાપી ચંડાલપુત્રને મારી પુત્રી આપું? દૂત, રૂકિમણીને જઈને કહી દેજે : 'તેં તો એક વખત વિચારી કામ કર્યું, પરંતુ તારી જેમ હું અવિચારી પગલુ ભરૂં તેમ નથી.' રૂકિમકુમારથી અપ-અમાનિત થયેલા દૂતના મુખે રૂકિમકુમારની વાત સાંભળીને રૂકિમણી ખૂબ દુઃખી થઈ. બંધુએ કરેલા અપમાનથી ઉદાસીન બનેલી રૂકિમણીને જોઈને પ્રદ્યુમ્ને પૂછયું:– 'માતા, તું ઉદાસ કેમ છે? તને શું દુઃખ છે?' રૂકિમણીએ પોતાના ભાઈના તિરસ્કારભર્યાં વચનો પ્રદ્યુમ્નને કહ્યાં. સાંભળીને પ્રદ્યુમ્ને કહ્યુઃ– 'માતા, તું ચિંતા ના કર. તારા ભાઈ અને મારા મામા હોવાથી તેમને મારવા તે યોગ્ય નથી, પરંતુ એણે મેને 'ચંડાલપુત્ર' કહ્યો છે, તો હવે ચાંડાલ બનીને જ તેની પુત્રીને પરણીશ.' માતાને સ્વસ્થ કરી શાંબકુમારની સાથે પ્રદ્યુમ્ન કુંડિનપુર નગરમાં ગયો. ત્યાં બંનેએ મધુર અવાજે ગીત ગાતા ચંડાલનું રૂપ ધારણ કર્યું. કર્ણને આનંદ પમાડે તેવા મધુર સ્વરે ગીત ગાન કરતા બંને ચંડાલોએ આખી નગરીને મુગ્ધ બનાવી દીધી. રાજાએ પણ તેમનું સંગીત સાંભળવા માટે રાજસભામાં આમંત્રણ આપ્યું. તેમની મધુર સુરાવલિ સાંભળીને ખુશ થયેલા રૂકિમકુમાર રાજાએ ઘણું ધન આપીને પૂછયું:– 'આટલી સુંદર સંગીતકલામાં પારંગત એવા તમે કયાંથી આવો છો?' તેઓએ કહ્યું : 'રાજન્, સ્વર્ગલોકમાંથી કુતૂહલો જોવા માટે પૃથ્વી પર આવી ના હોય, એવી સ્વર્ગપુરી સમાન દ્વારિકા નગરીથી અમે આવીએ છીએ. જે દ્વારિકાને સ્વયં કુબેરભંડારીએ નારાયણને રહેવા માટે વસાવી છે. એમાં શ્રીકૃષ્ણ રાજ્ય કરે છે. પિતાના ખોળામાં બેઠેલી રાજકન્યા વૈદર્ભીએ કહ્યુંઃ 'તમે વિષ્ણુના પુત્ર પ્રદ્યુમ્નને જાણો છો?' ત્યારે વિકસ્વર નેત્રે શાંબે કહ્યું:– 'ઔદાર્ય અને ચાતુર્યના ભંડાર સમા પ્રદ્યુમ્નને કોણ ના જાણે? આ જગતમાં પ્રદ્યુમ્ન સમાન રૂપવાન, ગુણવાન, વિદ્યાવાન અને પરાક્રમી કોઈ પુરૂષ નથી કે જે પ્રદ્યુમ્નની તુલનામાં આવી શકે.' પ્રદ્યુમ્નની પ્રશંસા સાંભળીને રાગવિહ્વળ બનેલી વૈદર્ભીએ મનમાં નિશ્ચય કર્યો : 'આ જીવનમાં પ્રદ્યુમ્ન જ મારો ભર્તાર થાઓ.' આ પ્રમાણે રાજકન્યા પ્રદ્યુમ્નને મનથી વરી ચૂકી. એટલામાં રાજસભામાં આવીને સેવકોએ સમાચાર આપ્યા: 'સ્વામિન્, આપનો પટ્ટહસ્તિ આલાનસ્તંભ ઉખેડીને નિરંકુશપણે તોફાન કરતો નગરમાં ઘૂમી રહ્યો છે.' સાંભળીને રાજાએ નગરમાં ઘોષણા કરાવીઃ– 'જે કોઈ પટ્ટહસ્તિને વશમાં લાવશે તેને ઇચ્છિત વસ્તુ આપીશ.' પટહઘોષણા સાંભળીને નગરવાસીઓ હાથીને વશ કરવા માટે દોડયા, પરંતુ કોઈ હાથીને વશ કરવા માટે સમર્થ થઈ શકયો નહી. ત્યાર પછી ચાંડાળવેષધારી શાંબ-પ્રદ્યુમ્ને હાથી પાસે આવીને ગીતગાન કરી ક્ષણમાત્રમાં હાથીને વશ કર્યો. તેથી આખા કુંડિનપુર નગરમાં બંને ચંડાળોની બોલબાલા થઈ. રાજાએ કહ્યુ:– 'તમને ઇષ્ટ હોય તે માંગો.' ચંડાલોએ કહ્યું:– 'મહારાજા, આ જગતમાં કોઈ ઇષ્ટ આપનારો છે જ નહીં.' રાજાએ કહ્યું:– 'એવું ના બોલો. 'બહુરત્ના વસુંધરા' છે. તમને જે ઇષ્ટ હોય તે માગી લ્યો. હું આપવા તૈયાર

છું.' ત્યારે તે બંનેએ કહ્યું: 'આપ જો આપતા જ હોવ તો અમારે બીજી કંઈ વસ્તુની જરૂર નથી, આપની કૃપાથી અમારી પાસે બધું જ છે. પરંતુ એક માત્ર રાંધનારી નથી. તો કૃપા કરીને રાંધવા માટે આપની પુત્રી આપો. અમે તો ગામે ગામ અને દેશો દેશ ફરનારા છીએ. તો તમારી કીર્તિને જગતમાં ફેલાવીશું કે રૂક્મિકુમાર રાજા જેવો દાતા પુરૂષ જગતમાં દુર્લભ છે.'

ચંડાલોની વાણી સાંભળીને ક્રોધથી લાલપીળા થઈ ગયેલા રૂક્મિકુમારે તે બંનેને નગરમાંથી બહાર કઢાવી મૂક્યા. નગરની બહાર રહેલા પ્રદ્યુમ્ને શાંબને કહ્યું :– 'હવે આપણે શું કરશું ? કંઈક તો પ્રયત્ન કરવો જ પડશે. જો મામાની સાથે સંગ્રામ કરીએ તો ઘેર બેઠેલી માતા રૂક્મિણી દુઃખી થાય. અને જો યુદ્ધ નથી કરતા તો કન્યા મળે નહી. છતાં ગમે તેમ કરીને પણ માતાની પાસે બોલેલુ વચન મારે પાળવું જ પડશે. કોઇ પણ પ્રયત્ન કરીને તેની પુત્રી સાથે પાણિ ગ્રહણ કરીશ જ.' આ પ્રમાણે બંને ભાઈઓ પરસ્પર વિચાર કરતા રહ્યા અને ચાંદનીથી સુશોભિત રાત્રિ પડી ગઈ. અંતે વિચારીને પ્રદ્યુમ્ન વિદ્યાપ્રયોગથી રાત્રિમાં રૂક્મિકુમારની પુત્રી વૈદર્ભીના મહેલમાં ગયો. સુખનિદ્રા કરતી પોતાના પ્રત્યે અનુરાગિણી એવી રાજકન્યાને તેને જગાડી. એકદમ ઉઠીને પ્રદ્યુમ્નને જોતાં જ આશ્ચર્ય પામી અને બોલી:–'તમે કોણ છો ?' ત્યારે પ્રદ્યુમ્ને તેને રૂક્મિણીએ આપેલો પત્ર આપ્યો. પત્ર વાંચીને પ્રદ્યુમ્ન સામુ જોઈ રહી. પ્રદ્યુમ્ને કહ્યું:–'હે સુંદર મુખવાળી ! આ પત્રમાં જે નામ લખ્યું છે તે જ પ્રદ્યુમ્ન હું છું.' તેણીએ કહ્યું :– 'હું શું કરૂં ?' પ્રદ્યુમ્ન કહે:– 'જો તારી ઇચ્છા હોય તો હમણાં જ અગ્નિદેવની સાક્ષીએ આપણે ગાંધર્વ વિવાહ કરીએ.' રાજકન્યાએ હર્ષપૂર્વક અનુમતિ આપી. ત્યાં રાત્રિમાં જ બંનેએ ગાંધર્વ વિવાહ કરી પ્રેમપૂર્વક રતિક્રીડા કરી. શેષ રાત્રિ બાકી રહી ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું:–'હમણાં હું શાંબ પાસે જાઉં છું. તું જરાયે ડરીશ નહી. મેં તારા શરીર ઉપર 'રક્ષસહસ્ત્રજિત' નામની વિદ્યા મૂકી છે. એટલે તારા શરીરની કોઈ ચિંતા કરીશ નહી. તને કોઇ કંઈ પણ કરી શકશે નહી. તારા માતા પિતા પૂછે તો તું કોઈ જવાબ આપીશ નહી. મૌન ધરીને રહેજે.' આ પ્રમાણે વૈદર્ભીને સૂચના આપીને પ્રદ્યુમ્ન ત્યાંથી આકાશમાર્ગે શાંબકુમાર પાસે આવી ગયો. રાજકુમારી પણ પ્રદ્યુમ્નના આદેશને સ્વીકારી, સુખપૂર્વક નિદ્રાધીન બની ગઇ. આખી રાત્રિના ઉજાગરાથી સવાર પડવા છતાં ઉઠી નહીં. ત્યારે તેની પરિચારિકા તેને જગાડવા આવી. હાથમાં કંકણ, મીંઢળ આદિ શરીર પર વિવાહનાં ચિહ્નો જોઇને પરિચારિકા આશ્ચર્યમાં પડી ગઈ. રાજકન્યાને ઉઠાડવા માટે પ્રયત્ન કર્યો છતાં ઉઠી નહીં, ત્યારે પરિચારિકાએ તેના માતાપિતા પાસે જઈને બધી વાત કરી. સાંભળીને તરત જ માતાપિતા ત્યાં આવ્યા. વિવાહિત થયેલી પોતાની કન્યાને જોઈને પૂછ્યું. વારંવાર આગ્રહ પૂર્વક પૂછ્યું. છતાં રાજ કન્યાએ કંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહી. ત્યારે રૂક્મિકુમાર વિચારે છે કે 'અરે, આ છોકરી મારા કૂલને કલંકિત કરનારી નીકળી. મેં પરણાવી નહી, એટલે પાપિણીએ રાત્રિમાં કોઇની સાથે આવું અકાર્ય કર્યું. અરેરે, મારી પણ કેટલી મૂઢતા ? પેલા ચંડાલપુત્રોએ માગણી કરી છતાં મેં ના આપી. ત્યારે આપી હોત તો મારૂં વચન પણ રહેત, અને લોકોમાં મારો યશ ફેલાત. પરંતુ મેં મૂર્ખાએ એને દુઃખ ના થાય, એના સુખને માટે ના આપી. ખેર, હજુ કંઇ બગડી ગયું નથી....જ્યાં સુધી લોકો આ વાત જાણે નહી તે પહેલા ચંડાલોને બોલાવીને તેમને આપી દઉં' આ પ્રમાણે વિચારીને રાજાએ મંત્રીને બોલાવીને કહ્યુ: 'પેલા ચંડાલોને બોલાવી લાવો.' મંત્રી નગરની બહાર રહેલા ચંડાલોને બોલાવી લાવ્યો. રાજાએ કહ્યું:– 'લો, મારા વચન-

પાલન માટે મારી પુત્રી વૈદર્ભીને હું તમને આપુ છું. તમે તમારી સાથે એને લઈ જાવ. ફરીથી આ નગરમાં આવશો નહી.' આ પ્રમાણે ચંડાલને પોતાની રાજકન્યા આપીને, તેમને વિદાય કર્યા. પ્રદ્યુમ્ને તેના પ્રેમની પરીક્ષા કરવા માટે વૈદર્ભીને કહ્યું:-'ભદ્રે, તુ કોઈ રાજકુમાર સાથે વિવાહ કર. અમારા ચંડાલકૂલમાં તો ચામડાનો ધંધો કરવાનો હોય. ત્યાં તારા જેવી રાજકન્યાને જરાયે સુખ મળે નહી. માટે મારી રજા છે, તું ગમે ત્યાં જઈ શકે છે. અને ગમે તે રાજકુમારને પરણી શકે છે.' રાજકન્યાએ કહ્યું:-'મારા કર્મને અનુસાર મને જે પતિ મળ્યો છે, તે મારા માટે પરમેશ્વર સમાન છે. આપ પણ જાણો છો કે કર્મરેખા દુર્લંઘ્ય હોય છે.' આ પ્રમાણે દ્રઢતા પૂર્વકના રાજકન્યાના વચન સાંભળીને, પ્રદ્યુમ્ને વિદ્યાશક્તિથી સુંદર મહેલની રચના કરીને રાજ-કન્યા સાથે રાજાની જેમ રહ્યો. વૈદર્ભીને લઇને ચંડાલપુત્રોના ગયા પછી મજબુત મનવાળો પણ રૂકિમકુમાર પશ્ચાતાપ કરવા લાગ્યો:-'હા, હા, પાપિષ્ઠ એવા મેં કેવું અવિચારી કામ કરી નાખ્યું ! રાજકન્યાને સારા ઉચિત સ્થાને આપવાને બદલે મેં એને હીનકૂલમાં આપી દીધી. રૂકિમ-ણીએ પોતાના પુત્ર માટે એની માગણી કરવા છતાં મેં તેને ના આપી. અરેરે, અધમ એવા મેં થોડો કાળ વિલંબ પણ ના કર્યો. અથવા પશ્ચાત્તાપ કરનાર એમાં મારો શો દોષ? દોષ તો ચંડાલથી પણ અધિક ચંડાલ એવા ક્રોધનો છે, અરેરે, હું કયાં જાઉં? મારી ખ્યાતિની કેવી રીતે રક્ષા કરીશ ? એ બિચારી રાજકન્યાનું શું થશે ? ધિક્કાર થાઓ મને અને મારા ક્રોધને.' આ પ્રમાણે વિલાપ કરતા રૂકિમકુમારે વાજિંત્રોનો અવાજ સાંભળ્યો. મંત્રીને પૂછ્યું:-'વાજિં-ત્રનો આવો મધુર અવાજ કયાંથી આવે છે?' ચરપુરૂષોએ તપાસ કરી. ખૂશ થયેલા ચરપુરૂષોએ આવીને રાજાને કહ્યુ:-'મહારાજા, આપે પેલા ચંડાલોને રાજકન્યા આપી હતી તે હકીકતમાં ચંડાલ નથી, પરંતુ નારાયણ (કૃષ્ણ) ના પુત્રો શાંબ-પ્રદ્યુમ્ન છે!' સાંભળીને આનંદિત બનેલા રૂકિમકુમાર બોલ્યા:-'અહો! પુત્રીનું કેવું અદ્ભુત ભાગ્ય છે? વિરૂદ્ધ કરવા છતાં તેણીના ભાગ્ય-સૌભાગ્યથી બધું સારૂં થયું. એક તો મારી બેનનો પુત્ર અને આવો વિદ્યાવાન, કીર્તિ-માન મને જમાઇ મલ્યો.' આ પ્રમાણે સંતુષ્ઠ થયેલા રૂકિમકુમાર દિવ્ય નૃત્ય જોવા માટે ઉદ્યાનમાં પ્રદ્યુમ્નના મહેલમાં ગયા. ત્યાં જઈને ત્યાંનું દૃશ્ય જોઇને પ્રસન્ન થયેલા રૂકિમકુમારે, પોતાના રાજમહેલમાં શાંબ-પ્રદ્યુમ્ન અને વૈદર્ભીને લાવીને ધામધૂમપૂર્વક પ્રદ્યુમ્ન સાથે વૈદર્ભીના લગ્ન કર્યાં. પ્રદ્યુમ્ન પણ થોડા દિવસ ત્યાં રોકાઇને, રાજાને પૂછી કન્યાની સાથે દ્વારિકામાં આવ્યો. માતા રૂકિમણીના ચરણમાં નમસ્કાર કરીને પુત્રવધૂ માતાને સોંપી.

हैमांगदमहीशस्य सुतया सुहिरण्यया । शांबोऽप्यरमताऽनल्पसौख्यैर्वश्याप्रजातया ।।५१।।
क्रीडां कुर्वन्मिथः सांबो, निजघान सुभानुकं । सत्यभामासमीपेऽगात्, स रुदन गद्गदस्वरं ।।
पूरिता पुत्रदुःखेन, सापि गत्वाच्युतांतिके । उपालंभान् ददौ प्राज्यान्, जांबवत्यंगजन्मनः ।५३।
कृष्णो जांबवतीं प्रोचे, क्लेशकारी सुतस्तव । तं निवारय देवि ! त्व-मन्यथा नास्य मंगलं ।।
सा जगादेदृशः सांबो, विदितोऽस्ति न दुर्नयी । जिष्णुर्जजल्प सिंही स्वं, पुत्रं सौम्यं विचारयेत् ।।
किंतु जानंति मातंगा, एव तस्य बलाबलं । तथा त्वमपि पुत्रस्य, स्वरूपं वेत्सि नो मनाक् ।।
प्रतीतिर्मम वाक्यस्य, न भवेद्यदि ते हृदि । प्रत्यक्षेण प्रमाणेन, स्वरूपं दर्शयामि तत् ।।५७।।
कथयित्वेति कृष्णेना-भीररुपं विनिर्मितं ! आभीरी जनिता जांब-वती रतिविधायिनी ।५८।

कृतेन तेन रूपेण, विक्रीणानावुभौ दधि । विशंतो द्वारवत्यां तौ, सांबेन प्रविलोकितौ ।५९।
अग्रतो यावदाभीरी, दधि विक्रेतुमागता । तावत्सांबोऽवदद्देहि, ममाप्यभीरि ! गोरसं ।६०।
मम दास्यसि यहि त्वं, तत्सर्वमपि गोरसं । ग्रहीष्यामि तव द्रव्यं, दत्वा प्रचुरमंजसा ।।६१।।
कथयित्वेति सार्थे स, तामादाय ततोऽचलत् । गच्छन् देवकुलं दृष्ट्वा, प्रविष्टोऽर्चकमर्त्यवत् ।।
प्रविश्याभीरिकां तत्रा-हूतवान् स रिरंसया । सा प्राह देहि मन्मूल्यं, न प्रवेक्ष्यामि सर्वथा ।।
तयेत्युक्ते स्वहस्तेन, धृत्वा तामाचकर्ष सः । तावत्तत्र समायात, आभीरः पृष्ठतो द्रुतं ।।६४।।
रे पातकिन् ! दुराचार ! परस्त्रीलंपटः शठः । किमाकर्षसि मत्पत्नी-मित्याक्रोशेन ताडितः ।।
ताडयित्वा निजं रुप-मुभाभ्यं प्रकटीकृतं । पितरं मातरं दृष्ट्वा, मुखमाच्छाद्य नष्टवान् ।६६।
दर्शयित्वेति सौम्यत्वं, जांबवत्याः सुतस्य च । तया सहागमद्गेहं, गोविंदो गुप्ततान्वितः ।६७।

પ્રદ્યુમ્ન દોગુંદકદેવની જેમ વૈદભી આદિ રાજકન્યાઓ સાથે સુખ ભોગવી રહ્યો છે. શાંબ પણ હેમાંગદરાજાની પુત્રી સુહિરણ્ય સાથે અનલ્પ સુખ ભોગવી રહ્યો છે. એક દિવસે પરસ્પર ક્રીડા કરતા શાંબકુમારે સુભાનુકુમારને ખૂબ માર માર્યો. તેથી ગદ્ગદ્ સ્વરે રૂદન કરતા સુભાનુકુમારે પોતાની માતા સત્યભામા પાસે જઇને શાંબ સાથે થયેલા ઝઘડાની વાત કરી. પુત્રના દુઃખે દુઃખી થયેલી સત્યભામાએ કૃષ્ણ પાસે જઇને શાંબ વિરૂદ્ધ ફરિયાદ કરી :- 'જાંબવતીનો પુત્ર શાંબ એટલો ઉદ્દંડ થઇ ગયો છે કે વારંવાર મારા સુભાનુને હેરાન કરે છે. એટલું જ નહી, તેને મન ફાવે તેવી રીતે માર મારે છે. તો આપ શાંબને ઠપકો આપીને ઠેકાણે લાવો.' કૃષ્ણે સત્યભામાને સંતોષ આપીને વિદાય કરી અને જાંબવતીને બોલાવીને કહ્યું:- "તારો પુત્ર ઝઘડાખોર છે, તો દેવિ, તેને તું રોક, નહીતર તેનું પરીણામ સારૂં નહી આવે.' ત્યારે જાંબવતીએ કહ્યું:- 'સ્વામિન્, આપ કહો છો તે પ્રમાણે મારો પુત્ર ઉદ્દંડ નથી.' વિષ્ણુએ કહ્યું: 'સિંહણ પોતાના પુત્રને તો સૌમ્ય તરીકે જ માને, પરંતુ તેનું બલાબલ તો હાથીઓ જ જાણે કે સિંહ કેટલો ક્રુર છે. તે પ્રમાણે તું પણ તારા પુત્રનું સ્વરૂપ જાણતી નથી. તેમ છતાં તને મારા વચન ઉપર વિશ્વાસ ના હોય તો તને હું પ્રત્યક્ષ બતાવું કે તારા પુત્રના કેવા અપલક્ષણો છે.' એમ કહીને કૃષ્ણોં પોતે ભરવાડનું રૂપ ધારણ કર્યું અને જાંબવતીને યૌવનવંતી અને રૂપવંતી સુંદર ભરવાડણ બનાવી. બંને નગરીની બહાર જઈને, માથે દહી દૂધના મટકા લઇને, વેચવા માટે નગરીમ આવ્યાં. દૂરથી આવતી સુંદર ભરવાડણને જોઈને શાંબે કહ્યું :- 'હે ભરવાડણ, અહીં આવ. મને ગોરસ આપ, મને જો આ બધું ગોરસ આપીશ તો તને ઘણુ દ્રવ્ય આપીશ.' એમ કહીને ભરવાડણને સાથે લઈને ચાલ્યો. આગળ જતા શૂન્ય દેવકુલિકા જોઈને, શાંબ પૂજારીની જેમ દેવમંદિરમાં પેઠો. ભરવાડણને પણ દેવમંદિરમાં બોલાવી. બહાર ઊભી ઊભી ભરવાડણે કહ્યું :- 'તમારે ગોરસ જોઇતુ હોય તો બહારથી જ લઈ લ્યો, અને મારૂ મૂલ્ય ચૂકવી દ્યો. હું અંદર નહીં આવું.' ભરવાડણે દેવકુલમાં જવાની ના પાડવા છતાં શાંબ તેનો હાથ પકડીને અંદર ખેંચી ગયો કે તરત જ તેની પાછળ ભરવાડ આવ્યો. અને શાંબની તર્જના કરતો બોલ્યોઃ- 'રે પાપી, દુરાચારી, પરસ્રીલંપટ, શઠ, મારી પત્નીને તેં હાથ કેમ લગાડયો ? છોડ પાપી, મારી પત્નીનો હાથ છોડ.' આ પ્રમાણે બોલતા ભરવાડે આક્રોશપૂર્વક શાંબને ખૂબ માર્યો. ત્યારબાદ

તે બંનેએ પોતાનું મૂળ રૂપ પ્રકટ કર્યું. પોતાના જ માતાપિતાને જોઇને સ્તબ્ધ બની ગયેલો શાંબ મોઢું ઢાંકીને ત્યાંથી ભાગી ગયો. કૃષ્ણે જાંબવતીને કહ્યુ :- 'જોયુંને તારા પુત્રનું સૌમ્યપણું ? કેવો નાલાયક છે ? એને તું વશમાં રાખ.' આ પ્રમાણે કહીને સાગરસમા ગંભીર શ્રી કૃષ્ણ પોતાના સ્થાને ગયા.

**सभास्थितस्य तातस्य, प्रणामार्थं त्रपावशात् । द्वितीये दिवसे नागा-द्विष्णुराकारयत्तदा ।६८।**
**अनागच्छन्नपि ह्रीणा-ऽऽनीतः सचिवैर्बलात् । आगात्कृपाणिकापाणि-र्घटयन् कीलिकां तदा ।।**
**नारायणेन दृष्ट्वोक्तं, करोषि किमु कीलिकां ? । वाचालचपलत्वाभ्यां, तातस्यापि जगाद सः ।**
**ह्यस्तनस्य दिनस्याथ, वार्त्तां यः संस्मरिष्यति । प्रक्षेपार्थं मुखे तस्य, कीलिका घटयते मया ।।**
**इत्युक्ते कुपितो विष्णु-र्जगाद तं प्रयाहि रे । वदनं दर्शनीयं मे, त्वया नाऽन्यायकारिणा ।।**
**पित्रापमानितः सोऽपि, तत एव विनिर्गतः । उत्तमा मानमीहंते, तेषां मानं हि सद्धनं ।।७३।।**

બીજે દિવસે કૃષ્ણે શાંબને રાજસભામાં બોલાવ્યો છતાં લજ્જાથી પિતાને પ્રણામ કરવા માટે પણ ના ગયો. કૃષ્ણે મંત્રીઓને કહ્યું:-'જાવ, શાંબને પકડીને લઈ આવો.' રાજાના આદેશથી મંત્રીઓ તેને પરાણે લાવ્યા. હાથમાં કૃપાણિકા (એક જાતનું શસ્ત્ર) લઇને, તેમાં ખીલી ઠોકતો ઠોકતો શાંબ રાજસભામાં આવ્યો. કૃષ્ણે જોઈ ને પૂછ્યું:-'અરે, આ શું કરી રહ્યો છે ?' ત્યારે વાચાલ અને ચપલ હોવાથી શાંબે પિતાને પણ સંભળાવી દીધું:-'ગઈ કાલની વાત જે કોઈ કરશે તેના મોઢામાં આ ખીલી જડી દઈશ.' તેના શબ્દોથી ગુસ્સે થયેલા વિષ્ણુએ કહ્યું: 'જા નાલાયક, અહીંથી ચાલ્યો જા. તારૂં મોંઢું મને દેખાડીશ નહીં.' આ પ્રમાણે પિતાથી અપમાનિત થયેલો શાંબ ત્યાંથી નીકળી ગયો. ઉત્તમ પુરૂષો ખરેખર માનને ઇચ્છતા હોય છે. તેઓનું સ્વમાન એ જ મૂલ્યવાન ધન કહેવાય છે.

**अथ प्रज्ञप्तिविद्यावान्, प्रद्युम्नोऽपि सुभानुकं । प्रोच्चैरपीडयत्सोऽपि, भामायै तदभाषत ।७४।**
**सा जजल्प प्रकोपेन, पापिस्त्वमपि सांबवत् । न गच्छसि कथं पुर्याः, सुभानुकं निपीड्यन् ।।**
**स प्रोचे कुत्र गच्छामि, साख्यत्कोपात् श्मशानके । श्रुत्वेति स पुनः प्राह, समागम्यं मया कदा ।।**
**आनयामि यदा सांबं, गृहीत्वा करसंपुटे । तदा तया समेतव्यमन्यथा न कदाचन ।।७७।।**
**मातुर्वाक्यं प्रमाण स्यादिति कृत्वा स निर्ययौ । गतः श्मशानमेदिन्यां, तत्र सांबोऽप्युपागतः ।।**
**श्मशानपालकौ भूत्वा, तत्र स्थितवुभावपि । दाहशुल्कमगृह्णीतां, मृतकानां पुरीभुवां ।।**

હવે પ્રજ્ઞપ્તિ વિદ્યાવાળો પ્રદ્યુમ્ન સુભાનુકુમારને ઘણુ હેરાન કરવા લાગ્યો. ત્યારે ગુસ્સે થયેલી સત્યભામાએ કહ્યું:-'અરે પાપી, તું પણ શાંબની જેમ નગરની બહાર કેમ ના ગયો ? અહીં રહીને મારા પુત્રને હેરાન-પરેશાન કરી રહ્યો છે ? જા, અહીંથી ચાલ્યો જા.' ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું :- 'માતા, ક્યાં જાઉં ?' સત્યભામાએ કહ્યું:-'શ્મશાનમાં જા.' પ્રદ્યુમ્ને કહ્યું :- 'તો પાછો ક્યારે

આવું ?' ત્યારે સત્યભામાએ કહ્યુઃ- 'હું જ્યારે શાંબને હાથ પકડીને નગરીમાં લાવું ત્યારે તારે આવવાનું, અન્યથા નહીં.' સત્યભામાનું વચન પ્રમાણ કરીને પ્રદ્યુમ્ન શ્મશાન ભૂમિમાં ગયો. ત્યાં શાંબની સાથે રહ્યો. બંને ભાઈઓ શ્મશાન-પાલક બનીને નગરીના મૃતકોના અગ્નિ-સંસ્કાર માટેનો કર લે છે અને પ્રસન્નતા પૂર્વક રહે છે.

इतः सुभानवे कन्या-शतमेकोनमग्रहीत् । भामाथाऽत्रैककन्यार्थं, प्रेषयामास सेवकं ॥८०॥
प्रज्ञप्तिविद्यया वार्त्ता, तां ज्ञात्वा मन्मथः सुधीः । विकुर्व्य विपुलं सैन्यं, जितशत्रुनृपोऽभवत् ॥
चारुरूपधरां कन्यां, सांबं पुनश्चकार सः । सखीभिः कुर्वतीं क्रोडां, वीक्षिता सा सुभानुना ॥
तेनोक्तं सत्यभामाया-स्तयापि प्रेषितो नरः । गत्वा तेन नृपस्योक्तं, कन्या देया सुभानवे ॥
नृपेण कथितं यहि, सत्यभामा कनीं मम । गृहीत्वा पंचशाखेन, प्रविशेद् द्वारिकां पुरीं ॥
कालेऽन्यच्च विवाहस्य, सुभानुककरोपरि । कारयेत्करमेतस्यास्तर्ह्येतां प्रददाम्यहम् ॥८५॥
जितशत्रुमहीशेन, समाचारो निवेदितः । आगत्य सत्यभामायै, दूतेन तेन भाषितः ॥८६॥
तदंगीकृतमर्थिन्या, तयाप्युत्सुकचेतसा । नार्थी हि जनयन् कृत्यं, शुभाशुभं विचारयेत् ॥
प्रज्ञप्तिमुक्तवान् सांबो-ऽहं रूपद्वयधारकः । करणीयस्त्वयावश्यं, तस्या वाक्यविमित्तये ॥
सत्या तत्परिवारश्च, कुमारीं मां प्रपश्यतु । लोकश्च द्वारिकावासी, सांबरुपतयैव च ॥८९॥
प्रज्ञप्तिविद्यया सांब-वचने विहिते सति । पंचशाखे गृहीत्वा तां, भामा पुर्यां समाययौ ॥
दक्षिणेन करेणमूं गृहीत्वा केवलं कनीं । आगच्छंती विजानाति भ्रमाभ्रमसमन्विता ।९१।
सांबमेव प्रपश्यंतो, हसंतो नागरा जगुः । अहो सुभानुविवाहे, सांबोऽनया हि नीयते ।९२।
सांबो वामेन हस्तेन, सुभानोर्दक्षिणं करं । अधः कृत्वा ययौ सत्य-भामाभुवनमंजसा ।९३।
कन्यानां शतमेकोनं शांबोऽपसव्यपाणिना । गृहीत्वा युगपद्वैवा-नरस्यादात्प्रदक्षिणां ।९४।
शांबरुपं प्रपश्यंत्यः कन्या प्राहुरहो महत् । भाग्यं यद्विधिना भर्त्ता मेलितोऽयं स्वभावतः ॥
एकोनस्य शतस्याऽसौ, कन्यानां करपोडनं । विधाय गतवान् वाससद्म ताभिः समं मुदा ॥
सुभानुरपि तत्राथा-गतो यावद्विभूषितः । शांबेन ताडितस्ता-ज्जनीपार्श्वमाययौ ॥९७॥
मातर्वासगृहे शांबः, समागतोऽस्ति पातकी । स वेगादभ्यधाद्भामां, भीरोर्हि जननीबलं ।९८।
तदश्रद्दधती सापि, तत्र तं वीक्ष्य दुःखदं । क्रुद्धा जगाद रे केन, समानीतोऽसि दुष्टधीः ।९९।
सत्यभामे त्वयैवाह-मानीतोऽस्मीति सोऽवदत् । प्रत्यक्षं सर्वलोकानां, पुर्यामत्र निवासिनां ।
महोत्सवेन विवाह-स्त्वयैव कारितो ममः । मद्वाक्ये प्रत्ययश्चेन्न, पृष्टव्या नागरास्तदा ।१।
नारायणसमक्षं सा, पप्रच्छाकार्य नागरान् । प्रावेशितो मया सांब, उद्वाहितश्च किं ननु ? ।२।
जगुः पौरास्तदास्मासु, पश्यत्स्वादाय हस्तयोः । समानीतस्त्वयैवाय-मुद्वाहितश्च कन्यका ॥
नागरैः कथितं श्रुत्वा, समस्तजनसाक्षिकं । शांबाय प्रददौ विष्णु-रप्येकोनकनीशतं ॥४॥

**कपटी कपटेनाशु, कपटिन्याश्च नंदनः । कन्या उदवहद्धन्या, भामा जगाद गद्गदं ॥५॥**
**संपूर्णीभवनत्वेन, प्रतिज्ञाया मनोभवः । स्वगेहं प्राप्तवांश्चाभू—त्सांबस्य करपीडनम् ॥६॥**
**रुक्मिणीजांबवत्योश्च, बभूव प्रमदो महान् । मानसे सत्यभामायाः, प्राज्यं दुःखमजायत ॥७॥**

સુભાનુકુમારના લગ્ન માટે સત્યભામાએ નવ્વાણું કન્યાઓ એકઠી કરી. સોમી કન્યાની શોધ માટે અનુચરોને મોકલ્યા. આ વાત પ્રજ્ઞપ્તિવિદ્યા પાસેથી પ્રદ્યુમ્નકુમારે જાણી. તેણે એક મોટું સૈન્ય વિકુર્વ્યું એને પોતે જિતશત્રુરાજા બનીને રહ્યો. શાંબને સુંદર રૂપવતી કન્યા બનાવી. સત્યભામાના ઉદ્યાનમાં વિપુલ સૈન્ય સાથે જિતશત્રુ રાજા છાવણી નાખીને રહ્યો. શાંબકુમારી સખીઓની સાથે ઉદ્યાનમાં ક્રીડા કરી રહી હતી. ત્યાં સુભાનુકુમાર ઉદ્યાનમાં ફરવા માટે આવ્યો. સખીઓ સાથે ક્રીડા કરી રહેલી શાંબકુમારીને જોઈને તેના રૂપમાં મુગ્ધ બની ગયો. ઘેર આવીને પોતાની માતા સત્યભામાને વાત કરી. સત્યભામાએ મંત્રીને મોકલી ઉદ્યાનમાં રહેલા જિતશત્રુ રાજા પાસે સુભાનુ માટે કન્યાની માગણી કરી. જિતશત્રુરાજાએ શરત મૂકીઃ- મારી કન્યાનો હાથ ઝાલીને સર્વલોક સમક્ષ સત્યભામા દ્વારિકા નગરીમાં પ્રવેશ કરાવે, અને પાણિગ્રહણ સમયે સુભાનુકુમારના હાથ ઉપર મારી કન્યાનો હાથ રાખે, તો જ મારી કન્યા સત્યભામાના પુત્ર સુભાનુંકુમારને આપું.' મંત્રીઓએ જઈને સત્યભામાને જિતશત્રુ રાજાની શરતો કહી. ગરજવાળી સત્યભામાએ કોઈ જાતનો વિચાર કર્યા વિના ઉત્સુકતાથી તેની શરતો સ્વીકારી લીધી. ખરેખર અતિસ્વાર્થી માણસો શુભાશુભ કાર્યને વિચારી શકતા નથી. હવે પ્રજ્ઞપ્તિવિદ્યાને શાંબકુમારે કહ્યુંઃ-'મારાં બે રૂપ બનાવવાં છે. સત્યભામા અને સત્યભામાનો બધો જ પરિવાર મને કુમારિકા રૂપે દેખે, અને નગરવાસીઓ તેમજ બધા યાદવો મને શાંબ તરીકે દેખે. આ રીતે નગરપ્રવેશ સમયે અને વિવાહ સમયે તારે મારા બે રૂપ અવશ્ય બનાવવાનાં.' લગ્નના દિવસે વાજતે ગાજતે સત્યભામાએ ઉદ્યાનમાં જઈને કુમારિકાનો હાથ ઝાલીને ધામધૂમપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો, ત્યારે નગરવાસીઓએ સત્યભામાને શાંબકુમારનો હાથ ઝાલીને આવતી જોઈ, અને શાંબકુમારને હસતો જોઈને બોલવા લાગ્યા :- 'અહો, જુવો તો ખરા, સત્યભામા કેવી વિવેકી છે ! રીસાઈને ગયેલા શાંબકુમારને મનાવીને પોતાના પુત્ર સુભાનુના વિવાહ પ્રસંગે હાથ ઝાલીને લાવી રહી છે.' ત્યારબાદ શાંબકુમાર પોતાના ડાબા હાથની નીચે સુભાનુકુમારનો જમણો હાથ રાખીને સત્યભામાના મહેલમાં આવ્યો. પાણિગ્રહણ સમયે સુભાનુનો હાથ નીચે રાખી તેના હાથ ઉપર શાંબનો હાથ રાખી અને પોતાના ડાબા હાથમાં નવ્વાણું કન્યાઓનો હાથ રાખી અગ્નિદેવની સાક્ષીએ ફેરા ફર્યો. નવ્વાણું કન્યાઓ શાંબના રૂપને જોઈને વિચારવા લાગીઃ- 'અહો, અમારું કેટલુ મહાન ભાગ્ય છે કે વિધાતાએ અમને આવો તેજસ્વી અને પ્રતાપી પતિ મેળવી આપ્યો !' આ પ્રમાણે ખૂશ થતી નવ્વાણું કન્યાઓ સાથે પાણિગ્રહણ કરી શાંબકુમાર, રાત્રિના સમયે કન્યાઓની સાથે (શય્યાગૃહ) ગૃહમાં આવ્યો. શયનખંડમાં નવાણું કન્યાઓ સાથે હાસ્ય વિનોદ કરી રહ્યો હતો. ત્યાં વસ્ત્રાભૂષણોથી અલંકૃત થયેલો સુભાનુકુમાર આવ્યો. ત્યારે શાંબકુમારે તેનો તિરસ્કાર કરીને બહાર કાઢી મૂકયો. ગદ્ગદ્સ્વરે રડતા સુભાનુકુમારે માતા પાસે આવીને કહ્યુંઃ-'મા, મા, શયનખંડમાં તો કન્યાઓની સાથે દુષ્ટ પાપી શાંબ આવીને બેઠો છે. હું ગયો તો મને મારીને કાઢી મૂકયો.' સુભાનુ ઉપર વિશ્વાસ નહી આવવાથી સત્યભામા

સ્વયં પોતે દોડતી વાસગૃહમાં આવી. દુઃખદાયી એવા શાંબને જોઈને સત્યભામા સ્તબ્ધ બની ગઈ. ક્રોધથી બોલી:– 'હે દુષ્ટ, પાપી તું અહીં કેમ આવ્યો છે? તને કોણે બોલાવ્યો છે? પારકી સ્ત્રીઓની સાથે બેસતાં તને શરમ નથી આવતી?' ત્યારે શાંબે કહ્યું:– 'માતા, તને નમસ્કાર થાઓ. તે પોતે જ મને બોલાવ્યો અને મારો હાથ ઝાલીને તો તું મને નગરીમાં લાવી છે. મારા વચન ઉપર વિશ્વાસ ના આવતો હોય તો પૂછી જો બધા નગરવાસીઓને. અને અને તેં જ સર્વલોક સમક્ષ આ કન્યાઓની સાથે મારો વિવાહ કરાવ્યો છે, અને હવે ફરી જાય છે? વાહ ધન્ય છે તારી ચતુરાઈને.' વ્યાકુળ બનેલી સત્યભામાએ કૃષ્ણ સમક્ષ બલભદ્ર આદિ યાદવ રાજાઓ તેમજ નગરવાસીઓને ભેગા કરીને પૂછયું:-'ઓ નગરજનો, તમે જે હોય તે સાચેસાચુ કહેજો:–'શાંબને શું મેં નગરપ્રવેશ કરાવ્યો હતો? આ બધી કન્યાઓ સાથે શું મેં એનો વિવાહ કરાવ્યો હતો?' ત્યારે નગરજનોએ કહ્યું:– 'હા, અમારા બધાના દેખતા જ સત્યભામાએ શાંબકુમારનો હાથ ઝાલીને નગરપ્રવેશ કરાવ્યો હતો, અને આ કન્યાઓ સાથે શાંબકુમારનો વિવાહ પણ સત્યભામાએ જ કરાવ્યો છે.' નગરવાસીઓનું આ પ્રમાણેનું નિવેદન સાંભળીને સર્વલોક સમક્ષ વિષ્ણુએ નવ્વાણું કન્યાઓ શાંબને આપી. 'કપટી, કપટથી મારી બધી કન્યાઓને પરણી ગયો.' આ પ્રમાણે જોર જોરથી ગદ્ગદ્સ્વરે બોલતી સત્યભામા દુઃખી દુઃખી થઈ ગઈ. પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી પ્રદ્યુમ્ને પણ નગરીમાં આવી શાંબકુમારનો ધામધૂમપૂર્વક વિવાહમહોત્સવ કરાવ્યો. ત્યારે રૂકિમણી અને જાંબવતીને જેટલો આનંદ થયો તેના કરતા કંઈ ગણું વધારે દુઃખ સત્યભામાના દિલમાં થયું.

पाणिग्रहणहर्षेण, वसुदेवं पितामहं । नमस्कर्तुं गतः सांबो, ह्युत्तमो विनयी भवेत् ॥८॥
नत्वा पितामहं प्रोचे, दुष्माभिर्गुणशालिभिः । चक्रे देशांतरे भ्रामं, भ्रामं कांताविवाहनं ॥
मया त्वत्र स्थितेनैव, ता एकोनशतं द्रुतं । उद्वाहिता इति श्रुत्वा, सोऽवग्मा दर्शयाननं ।१०।
पित्रा निर्वासितः कोपा–दनाहूतोऽपि कैतवात् । प्रविश्य द्वारिकामध्ये, कन्यास्त्वयोपयेमिरे ॥
कूपदर्दुरतुल्यस्त्वं, वर्त्तसेऽद्यापि बालकः । पुर्यामितस्ततो भ्रांत्वा, पश्य मातृमुखं पुनः ॥१२॥
अहं देशांतरे गत्वा, निजभाग्यं परीक्ष्य च । संग्राममुत्कटं कृत्वा, प्राज्याः पर्यणयं कनीः ।१३।
भ्रात्रापमानितः किंचि–न्निःसृत्य रहसि स्वयं । वांछितः स्वजनैरागां,–कांतासमृद्धिपूरितः ॥
न पुनस्त्वमिवव्याजात्, प्रविष्टश्चौरवत्पुरि । तिरस्कारिवचः श्रुत्वा, जगौ सांबः कृतांजलिः ॥
अज्ञानवशतः प्रोक्तं, यन्मया बाल्यतोऽपि च । पितामहैः समस्तं त—त्क्षंतव्यं वत्सवत्सलैः ॥

પાણિગ્રહણના હર્ષમાં શાંબકુમાર પિતામહ વસુદેવને નમસ્કાર કરવા માટે ગયો. 'ઉત્તમ પુરૂષોમાં વિનય ગુણ સહજ હોય છે.' દાદાને નમસ્કાર કરીને પોતાની બહાદુરી બતાવતા કહ્યું: 'આપ તો મહા ગુણવાન છો. છતાં દેશ–દેશાંતરોમાં ભમી ભમીને આ સ્ત્રીઓને પરણ્યા, જ્યારે હું તો અહીંયા રહીને જ એકી સાથે નવ્વાણું કન્યાઓ પરણ્યો.' ત્યારે વસુદેવ ખીજાઈને બોલ્યા:– 'જા જા, તારૂં મોઢું બતાવીશ નહી. શાની તું બહાદુરી મારે છે? તારા પિતાએ તો તને દેશનિકાલ કર્યો હતો. બોલાવ્યા વિના જ કપટથી દ્વારિકામાં પ્રવેશી ગયો, અને એજ કપટ-

કલાથી બીજા માટેની કન્યાઓ પરણી ગયો.. એમાં તો જાણે પોતાનું પરાક્રમ બતાવવા નીકળી પડયો છે! કુવાના દેડકાની જેમ તેં તો ફરી ફરીને આ નગરી અને તારી માનું મોઢુ જ જોયું છે. બાકી તેં જોયુ છે શું? હજી તું બાલક છે. જ્યારે મેં તો દેશદેશાંતર ફરી, ભાગ્ય અજમાવી અનેક સંગ્રામો કરીને, આ બધી કન્યાઓ ભેગી કરી છે. મોટા ભાઈથી અપમાનિત થયેલો હું સ્વયં પોતે જ નગરમાંથી નીકળીને જતો રહ્યો હતો. અને ઋદ્ધિ, સિદ્ધિ, સંપત્તિ અને સ્ત્રીઓથી પરિવરેલો માનપૂર્વક નગરમાં આવ્યો હતો. જ્યારે તું તો ચોરની જેમ કપટ કરીને નગરીમાં પ્રવેશી ગયો. એમાં શું તેં મોટું પરાક્રમ કર્યું છે કે તે મને કહેવા નીકળી પડયો છે?'

આ પ્રમાણે પિતામહ (વસુદેવ)ના તિરસ્કૃત વચન સાંભળીને શાંબ હાથ જોડીને વિનયપૂર્વક બોલ્યો :–' દાદાજી, મને ક્ષમા કરજો. અજ્ઞાનતા અને બાલચેષ્ટાથી મેં જે આપની અવજ્ઞા કરી, તે મારા અપરાધોની આપ વાત્સલ્યનિધિ, જરૂર ક્ષમા આપશોજી.' આ પ્રમાણે દાદાજીના મનને શાંત કરીને પોતે સ્વસ્થાને આવ્યો.

प्रद्युम्नस्य महाभोगान्, भुंजानस्याथ शर्मणा । रत्या साकं स्मरस्येवा—ऽनिरुद्धोऽजनि नंदनः ।।
सांबस्य शतशः पुत्राः, पवित्राशयधारकाः । बभूवू रूपसंपत्त्यौ–दार्यशौर्यगुणान्विताः ।।१८।।
निजपुत्रेण सांबस्य, पुत्रैः सांबेन संयुतः । वनवापीतडागेषु, प्रद्युम्नः केलिमाचरत् ।।१९।।
गृहे तिष्टन्नपि स्वर्गि–तुल्यान् भोगान् भुनक्ति सः । वसंतग्रीष्मवर्षादि–षडतुर्भिः समुद्भवान् ।।
अखर्ववीर्यवर्या ये, ये च विद्याविशारदाः । ते सर्वे तं च सेवंते, तद् ज्ञेयं पुण्यजं फलं ।।२१।।
पित्रोः प्राज्यतमं सौख्यं, येन पुत्रेण जायते । पुत्रः स एव मातुश्चो–दरे भारकरोऽपरः ।।२२।।
चिंतितानां पदार्थानां, संप्राप्तिर्जायते जवात् । यतः पुत्रः स पुण्यात्मो–दरे भारकरः परः ।।
पितृभ्यां भ्रातृभिः पुत्रैः, स्त्रीभिर्मित्रैः समृद्धिभिः । स्वजनैः सेवकाद्यैश्च, प्रद्युम्नः सुखमाप्तवान् ।।
देवादप्यधिकं तेन, यदाप्तं सुखमद्भुतं । तत्सर्वमपि विज्ञेयं, फलं पुण्यप्रभावजं ।।२५।।
पुण्यान्निरंतरायं, सौख्यं सर्वं विजयसंप्राप्ति । ज्ञात्वेति धर्मकर्म–प्रह्वा सन्त्वत्र भव्यजनाः ।२६।

इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीसांबप्रद्युम्नचरित्रे श्रीप्रद्युम्नसांबजन्मविवाहपुण्यफलवर्णनो नाम द्वादशः सर्गः समाप्तः ।। श्रीरस्तु ।।

રતિકુમારી સાથે સાંસારિક સુખો ભોગવતાં પ્રદ્યુમ્નને કામદેવ સમાન રૂપવાળો 'અનિરૂદ્ધ' નામનો પુત્ર થયો. અને શાંબકુમારને પણ સેંકડો સ્ત્રીઓની સાથે સુખ ભોગવતા પવિત્ર આશયવાળા રૂપવાન સેંકડો પરાક્રમી પુત્રો થયા. રાજમહેલમાં રહેલા શાંબ અને પ્રદ્યુમ્ન પોતાના પુત્રોની સાથે વન–ઉદ્યાન–વાવ, સરોવર વગેરેમાં વિવિધ પ્રકારની ક્રીડા કરતા, રાજહેલમાં સ્વર્ગીય સુખ અને આનંદ માણી રહ્યા. વસંત, ગ્રીષ્મ, વર્ષા વગેરે છએ ઋતુને અનુસાર સુખનો અનુભવ કરી રહ્યા. અખૂટ વીર્યવાન, પરાક્રમી અને વિદ્યા વિશારદો પણ પ્રદ્યુમ્નનાં સેવકો થઈને રહ્યા. તે

ખરેખર, તેના પૂર્વકૃત પુણ્યનું ફલ જાણવું. જે પુત્ર માતા પિતાને સુખ આપે છે, તે જ ખરેખર પુત્ર કહેવાય. બાકીના બીજા માતાના ઉદરમાં ભારરૂપ છે. અને જે પુણ્યશાળી પુત્ર માતાપિતાની-ઈચ્છાને પૂર્ણ કરે છે, તેને જ પુત્ર કહેવાય છે. બાકીના માતાના ઉદરના ભારરૂપ છે. માતાપિતા, ભાઈઓ, પુત્રો, મિત્રો, સ્વજનો, સેવકો અને સમૃદ્ધિથી પ્રદ્યુમ્ન, દેવ કરતાં પણ અધિક સુખનો અનુભવ કરી રહ્યો છે. તે તેના પુર્વકૃત પુણ્યનો પ્રભાવ જાણવો. પુણ્યથી જીવોને નિરંતરાય એવું સુખ તેમજ વિજયની પ્રાપ્તિ થાય છે. માટે ભવ્યજીવોએ ધર્મકાર્યમાં ઉદ્યમશીલ બનવું.

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવતી સમા શ્રી રાજસાગરગણીના વિદ્વાન શિષ્ય પંડિત શ્રી રવિસાગરગણીએ રચેલા શ્રી શાંબ પ્રદ્યુમ્ન ચરિત્રમાં શ્રી શાંબ જન્મ, પ્રદ્યુમ્ન શાંબનો વિવાહ તેમજ પુણ્યના ફલનું વર્ણન કરતો ૩૨૯ શ્લોક પ્રમાણ બારમો સર્ગ સમાપ્ત થયો.

## ॥ अथ त्रयोदशः सर्गः प्रारभ्यते ॥

यवनद्वीपतोऽन्येद्यु–स्तत्राययुर्जलाध्वना । आदाय भूरिभांडानि, नरा व्यापारकारिणः ॥१॥
वस्तून्यन्यानि विक्रीय, लाभस्तैः समुपार्जितः । नोच्चैर्लभिच्छया तत्र, विक्रीता रत्नकंबलाः ॥
प्रसिद्धे मगधे देशे, वरे राजगृहे पुरे । जरासंधो नृपस्तत्र, त्रिखंडाधिपतिर्जयी ॥३॥
तज्जीर्णं नगरं चास्ति, राजधान्यपि भूयसी । तत्र मूल्याधिकप्राप्त्या, विक्रेया रत्नकंबलाः ॥
विचार्येति ततश्चेलु–र्वणिजस्ते समुत्सुकाः । तत्रागत्य गता भूप–पुत्रीजीवयशागृहे ॥५॥
इंगितान्मार्गतो म्लान–कांतीन् समवलोक्य तान् । अयाचिष्टार्धमूल्येन, तदा जीवयशाऽपि तान्
हाहाकारं तदा कृत्वा, ते सर्वेऽपि समुत्थिताः । अन्योऽन्यं जगुरस्माक–मभाग्यमस्ति सांप्रतं ॥
पुरीं द्वारवतीं मुक्त्वा, प्रभूतलाभलिप्सया । अत्रागता न सोऽत्रापि, संजातः स्वसमीहितः ॥
चित्तोद्वेगकरं वाक्यं, श्रुत्वा जीवयशाऽब्रवीत् । पुरी द्वारवती क्वास्ति, कस्तत्रास्ति महीपतिः ॥
ते प्रोचुस्त्वं न जानासि, संस्थितात्रातिसौख्यभाक् । भ्रमंति परदेशे ये, तत्स्वरूपं विदंति ते ॥
दत्तं जलधिना स्थानं, श्रीदेन सा निवासिता । सुवर्णशालसद्रत्न–कपिशीर्षविराजिता ।११।
सुराष्ट्राभिधदेशेऽस्ति, विख्याता द्वारिका पुरी । तत्रास्ति वासुदेवाख्यो, देवक्यास्तनयो नृपः ॥
तत्रा कृष्णेतिनाम्ना यो, प्रसिद्धो महीमंडले । रामप्रद्युम्नसांबाद्यैः, पाति तां यादवैर्वृतः ।१३।
तेषां वदनतः श्रुत्वा, कृष्णादियादवाभिधं । अहृदंयच्चटत्कार, उत्थितस्तच्छिरस्थलं ॥१४॥
मद्भर्तृमारकौ गोपौ, वैधव्यप्रविधायिनौ । जीवतोऽद्याप्यहो राम–केशवौ यादवाधिपौ ।१५।
अथाहं तर्हि जीवामि, यद्येतौ निजपाणिना । निःशेषयदुभिः सार्धं, प्रक्षेपामि हुताशने ॥१६॥
रुदंतीति प्रतिज्ञाय, विकीर्णमौलिकुंतला । पुरतो जनकस्यासौ, वणिग्भिर्गदितं जगौ ॥१७॥

**अद्यापि जीवतस्तात, पतिघातकरावुभौ। तौ च गोपांगजन्मानौ, द्वारवत्याः पुरो नृपौ ।१८।**
**निशम्येति सुतावाक्यं, जरासंधः क्रुधारुणः। तामाश्वास्य जगादोच्चै-र्मारोदीः पुत्रि ! सर्वथा ।।**
**तव भर्त्तुः प्रवर्त्तंते, बहवोऽद्यापि पुण्यतः । प्रकृष्टतरगुणाकृष्टाः, स्मारका रोदकाः पुनः ।।**
**अनयोर्यादवानां च ममापराधकारिणां । वंशवार्त्तापि नो तिष्ठेत्, स्मारके रौदकैर्विता ।।**
**तथा यदि प्रकुर्वेऽह-मविलंबेन पुत्रिके ! ।सत्यसंधो जरासंध-स्तदा ज्ञेयोऽन्यथा न तु ।।२२।।**
**उदित्वेति प्रयाणस्य, सोऽपि भेरीमवादयत् । सर्वतस्तन्निनादेन, मिमेल प्रबलं बलं ।। ।।२३।।**

કોઈ એક વખત યવનદ્વીપથી વ્યાપારી લોકો ઘણા વહાણો ભરીને વ્યાપાર કરવા માટે સમુદ્રમાર્ગે મગધદેશમાં આવ્યા. અનેક પ્રકારની વસ્તુઓ વેચીને ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. વિશેષ લાભની ઈચ્છાથી રત્નકંબલના વેપારીઓ મગધ દેશની રાજધાની રાજગૃહી નગરીમાં આવ્યા. ત્યાં ત્રણખંડનો અધિપતિ 'જરાસંધ' નામનો રાજા રાજ્ય કરતો હતો. 'આ જુનું પુરાણું રાજગૃહ નગર હોવા છતાં રાજધાની હોવાથી આપણને અધિક મૂલ્યની પ્રાપ્તિ થશે.' એમ વિચારીને રત્નકંબલો વેચવા માટે વ્યાપારી લોકો ઉત્સાહથી રાજમહેલમાં જરાસંધ રાજાની પુત્રી જીવયશાના મહેલમાં ગયા. જીવયશાએ લાખ સોનૈયાની કિંમતની રત્નકંબલને અડધા મૂલ્યમાં ખરીદવાની ઈચ્છા પ્રદર્શિત કરી. ત્યારે મ્લાન મુખવાળા થઈ ગયેલા વ્યાપારીઓના ઇંગિત આકારને જોઈને જીવયશા વિચારમાં પડી ગઈ. અડધા મૂલ્યની વાત સાંભળીને હાહાકાર કરતા વ્યાપારીઓ ઉભા થઈ ગયા અને અરસપરસ એક બીજાને કહેવા લાગ્યા:-'ખરે, આપણું દુર્ભાગ્ય કે દ્વારિકા જેવી નગરીને છોડી વધારે લાભની ઈચ્છાથી અહીં આવ્યા. રત્નકંબલનું એક લાખ સોનામહોરોનું મૂલ્ય ચૂકવનાર તો દ્વારિકામાં ઘણા પડયા છે. દ્વારિકામાં એકેક રત્નકંબલના લાખ રૂપિયા તો મળત. ખેર જેવા ભાવિભાવ !'

આ પ્રમાણે વેપારીઓની ચિત્તને ઉદ્વેગ કરનારી વાત સાંભળીને, જીવયશાએ કહ્યું:-'એ દ્વારિકા નગરી કયાં છે? અને ત્યાંનો રાજા કોણ છે?' ત્યારે વેપારીઓએ કહ્યું:-'અરે, અહીં અતિ સુખમાં રહેલાં તમે દ્વારિકાને નથી જાણતા? ખેર, જે લોકો દેશ-પરદેશમાં ફરે છે તે જ તેના સ્વરૂપને જાણે છે. સાંભળો, સૌરાષ્ટ્ર દેશમાં પશ્ચિમસમુદ્રના કિનારે સમુદ્રદેવે આપેલી જગ્યા ઉપર ઇન્દ્રના આદેશથી સ્વયં કુબેરભંડારીએ સુવર્ણનો કિલ્લો બનાવ્યો. એના ઉપર રત્નના કાંગરા રચ્યા; અને સાક્ષાત્ સ્વર્ગપુરી સમાન સુશોભિત નગરી વસાવી. વસુદેવ અને દેવકીના પુત્ર શ્રી કૃષ્ણ વાસુદેવને વસવા માટે અર્પણ કરી. હાલ દ્વારિકા નગરીમાં કરોડો યાદવોથી પરિવરેલા, બલરામ, શાંબ, પ્રદ્યુમ્ન આદિ રાજાઓ તથા રાજકુમારોથી સેવાતા કૃષ્ણ રાજ્ય કરી રહ્યા છે.' વેપારીઓનાં મુખથી કૃષ્ણ આદિ યાદવોનું નામ સાંભળતા જ સર્પદંશથી જેમ મસ્તકમાં ઝાટકો લાગે તેમ જીવયશાના માથામાં શલ્ય ઉત્પન્ન થયું. 'અરે, મારા પતિનો ઘાત કરનારા, મને વૈધવ્યનું દુઃખ આપનારા એ બે ગોવાળીયાઓ શું હજુ સુધી જીવે છે? અને તે કૃષ્ણ યાદવોના રાજા બન્યા છે? બસ, હવે હું ત્યારે જ જીવી શકીશ કે મારા હાથે સમસ્ત યાદવો સહિત એ ગોવાળીયાઓને અગ્નિમાં ભસ્મીભૂત થતા જોઇશ.' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી માથાના વાળ છૂટા મૂકીને રૂદન કરતી કરતી પોતાના પિતા જરાસંધ રાજા પાસે ગઈ, અને વેપારીઓએ કહેલી વાત કરી:-'હે પિતા, મારા પતિનો ઘાત કરનારા પેલા બે ગોવાળીયાઓ હજી

જીવે છે. અને તે દ્વારિકામાં સુખપૂર્વક રાજ્ય ભોગવી રહ્યા છે.' આ પ્રમાણે કહીને પોતાની પ્રતિજ્ઞા જરાસંધને કહી. પોતાની પુત્રીની દુઃખપૂર્ણ વાત સાંભળીને ક્રોધાતુર બનેલો જરાસંધ, પુત્રીને આશ્વાસન આપીને બોલ્યોઃ-'પુત્રી, તું રૂદન કરીશ નહી. તારા પતિનું તો હજુ ઘણું પુણ્ય છે કે તેના ગુણોથી આકર્ષાયેલા, તેને યાદ કરનારા અને તેના માટે દુઃખથી રૂદન કરનારા ઘણા છે જ્યારે મારા અપરાધી એ બે ગોવાળીયા અને યાદવોનો એવો નાશ કરી નાંખીશ કે તેના વંશનું નામ-નિશાન નહી રહે. એટલું જ નહિ, તેમને યાદ કરનારા કે તેના માટે બે આંસુ પાડનાર કોઇ નહી મળે. માટે બેટી, તું જરા પણ ચિંતા ના કરીશ. તારૂં દુઃખ દૂર કરવા માટે હું હમણાં જ રણભેરી વગાડું છું. મારા પર વિશ્વાસ રાખ. સત્યપ્રતિજ્ઞાવાળો જરાસંધ ત્યારે જ તારે જાણવો કે જ્યારે એ બધાની રાખનો ઢગલો તારી પાસે કરીશ.' આ પ્રમાણે પુત્રી જીવયશાને આશ્વાસન આપીને તેણે જોરથી રણભેરી વગડાવી.

पेलयित्वा चमूं सर्वां स प्राह युद्धकारणं ! बाह्योत्साहोऽ भवत् सो तच्छ्रुत्वा हि क्षीणधीः क्षये ।
वीरा अपि महाशौर्याः, सहदेवादयोंगजाः । षण्मासायुर्धरा देवा, इव चुक्षुभिरे हृदि ।।२५।।
चेदिराजः शिशुपालो, योद्धा हिरण्यनामकः । दुर्योधनोऽपरेऽपोशाः, सर्वे मूका इवाभवन् ।२६।
इत्याद्ये मिमिते सैन्ये, वार्यमाणोऽपि मंत्रिभिः । युयुत्सुः स्वयमेवाशु, जरासंधोऽभवद्यदा ।।
मौलेस्तदापतन्मौलि-र्हारश्च कंठपीठतः । कुंडले पतिते तूर्णं, स्खलितास्यगतिस्तथा ।।२८।।
क्षुतमग्रेऽभवत्तस्य, विण्मूत्रमकरोत्करिः । पवनः प्रतिकूलोऽभूत्, पस्पंदे वामलोचनं ।।२९।।
अभ्रमन् गगने गृद्धा, मांसभक्षणलोलुपाः । इत्यादयोऽपशकुना, बभूवुस्तत्प्रयाणके ।।३०।।
तथापि न जरासंधो, युद्धकृत्याान्न्यवर्तत । पूरणार्थं प्रतिज्ञायाः, सुनिबद्धैकमानसः ।।३१।।
मिलित्वा कटकेऽशेषे, चलिते पुरतः पथि । तुमुलस्तादृशो जातो, येन न श्रूयते श्रुतौ ।।३२।।
कंपयन् वसुधापीठ-मारुह्य गंधहस्तिनं । चचाल पश्चिमामाशां, जरासंधः क्रुधारुणः ।।३३।।

જરાસંધની રણભેરીના અવાજથી ચારેબાજુથી સૈન્ય ભેગું થયું. સૈનિકોએ યુદ્ધનું કારણ પૂછયું ત્યારે જરાસંધે કહ્યુંઃ-'યાદવોનો સંહાર કરવા માટેનું આ યુદ્ધ છે.' સાંભળીને મહાપરાક્રમી એવા જરાસંધના સહદેવ આદિ પુત્રો, પોતાનું છ માસનું આયુષ્ય બાકી જાણીને જેમ દેવો હતોત્સાહ બની જાય તેમ હતોત્સાહ બની ગયા. તેમજ ચેદીરાજ શિશુપાલ, હિરણ્ય નામનો પરાક્રમી સેનાપતિ તેમજ દુર્યોધન આદિ બીજા રાજાઓ પણ મનમાં ક્ષોભ પામીને મૌન બની ગયા. મંત્રીઓએ ના પાડવા છતાં જરાસંધ પોતે જ યુદ્ધ કરવા માટે તત્પર બન્યો. પ્રયાણની તૈયારી કરતા જરાસંધના મસ્તક ઉપરથી મુગટ નીચે પડી ગયો. ગળામાંથી હાર તૂટી પડયો, કાનમાંથી કુંડલો પડી ગયાં, તેમજ જેવો પગ ઉપાડે છે ત્યાં ઠોકર ખાધી. તેની આગળ છીંક થઇ. પટ્ટહસ્તિએ વિષ્ટા-મુત્ર કર્યાં. પવન પ્રતિકૂલ થયો, તેનું ડાબું નેત્ર સ્ફુરાયમાન થયું. તેમજ આકાશમાં માંસભક્ષી પક્ષીઓ ભમવા લાગ્યાં. આ રીતે જરાસંધના યુદ્ધ પ્રયાણ સમયે અનેક અપશુકનો થવા છતાં પોતાની પ્રતિજ્ઞામાં દ્રઢચિત્તવાળો જરાસંધ પાછો વળ્યો નહીં. **ખરેખર વિનાશકાલે વિપરીત બુદ્ધિ થાય છે.** રસ્તામાં ચાલતા સમસ્ત સૈન્યનો એટલો બધો કોલા-

હલ થતો કે કાનથી સાંભળી શકાય નહીં. આ પ્રમાણે કરોડોની ચતુરંગી સેના સાથે પૃથ્વીતલને કંપાવતો ગંધહસ્તિ ઉપર આરૂઢ થઈ ને ક્રોધાતુર બનેલો જરાસંધ, પશ્ચિમ દિશા તરફ ચાલ્યો.

नारदश्चालतं ज्ञात्वा, तं प्रतिवासुदेवकं । चरैर्निरूपयामास, वासुदेवाय धीमते ।।३४।।
मार्तंडेनेव कृष्णेन, तदाखंडप्रतापिना । तेनापि ताडिता भंभा, रणारंभविधायिनी ।।३५।।
मिमिलुस्तन्निनादेन, यादवोऽन्येऽपि पार्थिवाः । उदये हि वचो लोप्यं, न भवेत्कठिनैरपि ।३६।
समुद्रविजयो राजा, वृद्धोऽपि च पराक्रमो । अमीभिस्तनयैः साकं, तत्रादितः समागतः ।।३७।।
ज्येष्टपुत्रो महानेमिः, सत्यनेमिर्द्वितीयकः । तृतीयो रथनेमिश्चा–रिष्टनेमिर्जिनाधिपः ।३८।
जयसेनो महासेन–स्तेजःसेनो जयः पुनः । चित्रको गौतमो मेघ–स्तथा च शिवनंदकः ।।३९।।
विष्वक्सेनो महावीर्य, इत्याद्या वरसूनवः । समुद्रविजयेशस्या–ययुः शौर्यसमन्विताः ।।४०।।
अक्षोभ्योऽप्यनुजस्तस्या–ययौ युद्धचिकीर्षया । वर्त्तंते तनयास्तस्येते, मेऽष्टौ स्पष्टपराक्रमाः ।।
अंभोधिरुदधिरेव–मंभोनिधिर्महोदधिः । जलनिधिर्वामदेवो, दृढवातो दृढव्रतः ।।४२।।
हिमवानागतस्तत्र, तस्य पुत्रा अमी त्रयः । विद्युत्प्रभो विद्युत्प्रभो, माल्यवान् गंधमादनः ।।
ऊर्मिमद्वसुमद्वीर–पातालपवनैः सुतैः । तत्पुत्रैरपि शौर्याढ्यैः समेतः स्तिमिताभिधः ।।४४।।
सागरः खेटकाख्याको निष्कंपोऽकंपनाभिधः । इत्यादिसूनुभिः साकं, समागात्समरेच्छया ।।
अचलस्तत्सुता एते, मनोज्ञमलयाभिधौ । सह्यो गिरिश्च शैलाख्यो, नगो बलो बलान्वितः ।।
धरणः पंचभिः पुत्रै–रागात्कर्कोटकः सुतः । धनंजयो विश्वरूपो, विश्वाधारश्च कार्मुकी ।।
पूरणेन चतुर्भिः स्वां–गजन्मभिः समागतं । दुःपूरो दुर्मुखाख्याको, दर्दुरदुर्दशाविति ।।४८।।
अभिचंद्रः सुतैः षड्भि–रागाच्चंद्रशशांककौ । चंद्राभशशिनौ सोमा–मृतप्रभामृतप्रभौ ।४९।
आययौ वसुदेवोऽपि, बहवस्तत्सुता अपि । उच्यंते नामधेयेन, मया ते बलगर्विताः ।।५०।।
विजयसेनया जातोऽ, क्रूरोऽक्रूरोऽपरोऽपि च । ज्वलनाख्यो महाशौर्यः, श्यामस्तनंधयावुभौ ।।
गंधर्वसेनया पत्न्या, प्रसूतास्तनयास्त्विमे । वेगाख्यश्च महावेगो, महेंद्रोऽमितशक्तिकः ।।५२।।
सुनीलयशसा सूतौ, सुतौ द्वौ च समागतो । नामतो नारदश्चैको–ऽपरोऽपि मरुदेवकः ।।५३।।
मित्रश्रियाः सुमित्रश्च, कांपिलः कपिलः पुनः । पयोवत्यास्तनूजौ द्वौ, पयश्च कुमुदाह्वयः ।।
अश्वसेनोऽश्वसेनोत्थः, पुंड्रांगजश्च पुंड्रकः । रत्नगर्भो ज्वलद्बाहू, रत्नवत्याश्च बाहुभृत् ।।
सोमश्रियः सुतौ चंद्र–कांतशशिप्रभावुभौ । वेगवत्या इमौ पुत्रौ, वेगवान् वायुवेगकः ।५६।
सुता मदनवेगाया, अनाधृष्णिमुखास्त्रयः । दृढमुष्टिर्दृढमुष्टि–र्हिममुष्टिररिष्टभित् ।।५७।।
बंधुमत्याः सुतौ बंधु–क्षेपाख्यसिंहसेनकौ । अनंतसुंदरीसूतः, शिलायुधाभिधः सुधीः ।।५८।।
प्रभावत्याः सुतावेतौ, गांधारपिंगलाह्वयौ । जरादेव्याश्च बाह्लीको–जराकुमारनंदनः ।५९।
सुमुखः सुमुखो विद्यु–द्देव्याश्च दुर्मुखाभिधः । रोहिण्या रौहिणेयाख्यो, रामो विघ्नरथः पुनः ।।

**बालचंद्रासुतौ वज्र–दंष्ट्रामितप्रभौ शुभो । रामस्य वहवः पुत्राः, कथ्यंते तेषु मुख्यकाः ।६१।**
**उल्काकांतो महाकांतः, श्रीमद्दशरथाह्वयः । देवानंदश्च नंदाख्य–स्तथा मदनपीठकौ ।।६२।।**
**श्रीध्वजनंदनौ ख्यातौ, विप्रथः शांतनुस्तथा । पृथुः शतधनुः ख्यातो, नरदेवो महाधनः ।६३।**
**कृष्णस्यापि सुताः सर्वे, तत्रागता जयार्थिनः । तेषु मुख्या इमे ज्ञेया, नामतो भविकर्जनैः ।६४।**
**भानुः सुभानुकश्चापि, महाभानुस्तथा खलु । बृहध्ध्वजोऽग्निशिखाख्यो, धृष्णुश्च संजयो जयी ।।**
**अकंपनाभिधो धीरो, महासेनो गभीरकः । उदधिर्गौतमश्चापि, वसुवर्मा प्रसेनजित् ।।६६।।**
**सूर्याख्यश्चांद्रवर्माख्य–स्तथैव देवदत्तकः । देवसुंदरदत्ताख्यौ, भरतः शंखसंज्ञकः ।।६७।।**
**प्रद्यम्नसांबमुख्याश्चा–परेऽपि प्रोढविक्रमाः । विष्णोः सहस्रशः पुत्राः, समेतास्तत्र संगरे ।।**
**उग्रसेननृपस्तस्य, पुत्रा गणधरा धरः । शाक्तिको दुर्धराख्याक, आगतश्चंद्रसागरः ।।६९।।**
**समुद्रविजयाधीश–पितृव्यस्य तथांगजाः । विष्णुमित्रो महासेनः, सुमित्रो दानमित्रकः ।।७०।।**
**महसेननृपस्यापि, सुषेणस्तनयस्था । हृदिको विप्रमित्रश्च, सिनिः प्रथितसत्यकः ।।७१।।**
**कृतवर्मदृढवर्म–सुवर्मनंदना इमे । सत्यकेतुः सुनंदोऽश्व–ग्रंधस्तत्तनयोऽपि च ।।७२।।**
**दशानां च दशार्हाणां, रामगोविंदयोस्तथा । मातृष्वसृपितृष्वस्रोः–पुत्रा आगुरनेकशः ।।७३।।**
**दिने क्रोष्टूकिना प्रोक्ते, दारुसारथिनेरितः । तार्क्ष्यचिह्नं रथं स्फार–मारुह्य यादवैर्युतः ।।**

યુદ્ધ માટે દ્વારિકા જઈ રહેલા પ્રતિવાસુદેવ જરાસંધને જાણીને, નારદે તેમજ ચરપુરૂષોએ કૃષ્ણ–વાસુદેવને નિવેદન કર્યું. સૂર્યની જેમ અખંડ પ્રતાપી કૃષ્ણે પણ રણભંભા વગડાવી. તેનો અવાજ સાંભળીને બધા યાદવો તેમજ રાજાઓ શસ્ત્રોથી સજ્જ થઈ ને ભેગા થઈ ગયા. **જેનો પુણ્યોદય હોય તેનું વચન દુર્જનો પણ લોપી શકતા નથી.** દશ દશાર્હમાં સહુથી મોટા મહાપરાક્રમી **સમુદ્રવિજય** પોતાના ૧૬ પુત્રોની સાથે સહુથી પહેલા આવ્યા. (મહાનેમિ, સત્યનેમિ, રથનેમિ, અરિષ્ઠનેમિ, જયસેન, મહાસેન, તેજઃસેન, જય, ચિત્રક, ગૌતમ, મેઘ, શિવનંદક, વિષ્વક્સેન અને મહાવીર્ય આદિ મહાપરાક્રમી સોળ પુત્રો હતા.) બીજા દશાર્હ **અક્ષોભ્ય** (સમુદ્રવિજયના નાના ભાઈ) અંભોધિ, ઉદધિ, અંભોનિધિ, મહોદધિ, જલનિધિ, વામદેવ, દ્રઢવાલ અને દ્રઢવ્રત નામના આઠ પરાક્રમી પુત્રો સાથે આવી ગયા. ત્રીજા દશાર્હ હિમવાન પણ વિદ્યુત્પ્રભ, માલ્યવાન અને ગંધમાદન નામના પોતાના ત્રણ પુત્રો સાથે આવી ગયા. ચોથા દશાર્હ સ્તિમિત–ઉર્મિમંત, વસુમત, વીર, પાતાલ અને પવન નામના પાંચ પરાક્રમી પુત્રો સાથે આવ્યા. પાંચમા દશાર્હ સાગર–ખેટક, નિષ્કંપ અને અકંપન નામના ત્રણ પરાક્રમી પુત્રો સાથે યુદ્ધ કરવા માટે આવી ગયા. છઠ્ઠા દશાર્હ અચલ–મનોજ્ઞ, મલય, સહ્ય, ગિરિ, શૈલ, નગ અને બલ નામના સાત પુત્રો સાથે આવ્યા. સાતમા દશાર્હ ધરણ–કર્કોટક, ધનંજય, વિશ્વરૂપ, વિશ્વાધાર અને કાર્મુકી નામના પાંચ પરાક્રમી પુત્રો સાથે આવી ગયા. આઠમા દશાર્હ પુરણ–દુષ્પુર, દુર્મુખ, દર્દુર અને દુર્દશ નામના ચાર પુત્રો સાથે આવી ગયા. નવમા દશાર્હ અભિચંદ્ર–ચન્દ્ર, શશાંક, ચન્દ્રાભ, શશિન, સોમામૃત અને પ્રભામૃત નામના છ પુત્રો સાથે તૈયાર થઈને આવ્યા. અને દશમા દશાર્હ વસુદેવ પોતાના સવા કરોડ બળવાન પુત્રોની સાથે યુદ્ધ કરવા માટે આવી ગયા.

(વસુદેવના થોડા પુત્રોના નામ બતાવવામાં આવ્યાં છે, તે આ પ્રમાણે :– વસુદેવની પત્ની વિજયસેનાના છ પુત્રો ક્રૂર, અક્રૂર, જ્વલન, મહાશૌર્ય, શ્યામ અને સ્તનંધય હતા. ગંધર્વસેનાના ચાર પુત્રો– વેગ, મહાવેગ, મહેન્દ્ર અને અમિતશક્તિ હતા. સુનીલયશાના–નારદ અને મરૂદેવક નામના બે પુત્રો હતા. મિત્રશ્રીના સુમિત્ર, કાંપિલ અને કપિલ એમ ત્રણ પુત્રો હતા. પદ્મવતીના પદ્મ અને કુમુદ નામના બે પુત્રો હતા. અશ્વસેનાના–અશ્વસેન, પુંડ્રાંગજ અને પુંડ્રક નામના ત્રણ પુત્રો હતા. રત્નવતીના રત્નગર્ભ, જવલદ્બાહુ અને બાહુભૂત નામના ત્રણ પુત્રો હતા. સોમશ્રીના ચન્દ્રકાંત અને શશિપ્રભ નામના બે પુત્રો હતા. વેગવતીના વેગવાન અને વાયુવેગ નામના બે પુત્રો હતા. મદનવેગાના અનાધૃષ્ણિ, દ્રઢમુષ્ટિ અને હિમમુષ્ટિ નામના ત્રણ પુત્રો હતા. બંધુમતીના બંધુક્ષેપ અને સિંહસેન નામના બે પુત્રો હતા. અનંતસુંદરીનો શિલાયુધ નામનો એક પુત્ર હતો. પ્રભાવતીના ગાંધાર અને પિંગલ નામના બે પુત્રો હતા. જરાદેવીના બાહ્લીક અને જરાકુમાર એમ બે પુત્રો હતા. વિદ્યુતદેવીના સુમુખ અને દુર્મુખ નામના બે પુત્રો હતા. રોહિણીના રામ અને વિઘ્નરથ નામના બે પુત્ર હતા. બાલચંદ્રાના વજ્રદ્રંષ્ટ્ર અને અમિતપ્રભ એમ બે પુત્રો હતા. આ પ્રમાણે વસુદેવની ૭૨ હજાર રાણીઓના સવા કરોડ પુત્રો હતા.) બલભદ્રના પણ ઘણા પુત્રો આવી ગયા. (તેમાં મુખ્ય હતા તેમનાં નામ આપ્યા છે. ઉલ્કાકાંત, મહાકાંત, દશરથ, દેવાનંદ, નંદ, મદન, પીઠક, શ્રીધ્વજ, નંદન, વિદ્રથ, શાંતનુ, પૃથુ, શતધનુ, નરદેવ અને મહાધન) કૃષ્ણના પણ હજારો પુત્રો યુદ્ધ કરવા માટે ઉત્સાહિત થયેલા આવી ગયા. (તેમાં જે મુખ્ય હતા તેના નામો:– ભાનુ, સુભાનુ, મહાભાનુ, બૃહદ્ધ્વજ, અગ્નિશિખા, ધૃષ્ણુ, સંજય, જયી, અકંપન, ધીર, મહાસેન, ગભીરક, ઉદધિ, ગૌતમ, વસુવર્મા, પ્રસેનજિત, સૂર્યવર્મા, ચન્દ્રવર્મા, દેવદત્તક, દેવસુંદર, દત્ત, ભરત, શંખ, શાંબ, પ્રદ્યુમ્ન આદિ) ઉગ્રસેન રાજા પણ પોતાના ગણધર, ધર, શાક્તિક, દુર્ધર અને ચંદ્રસાગર આદિ પુત્રોને લઈને આવ્યા. સમુદ્રવિજયના કાકા વિષ્ણુમિત્ર મહાસેન, સુમિત્ર અને દાનમિત્રક નામના પોતાના પુત્રોને લઈને આવ્યા. મહાસેન રાજા પણ સુષેણ, હૃદિક વિપ્રમિત્ર, સિનિ, પ્રથિતસત્યક, કૃતવર્મા, દ્રઢવર્મ, સુવર્મ, સત્યકેતુ, સુનંદ અને અશ્વગંધ આદિ પુત્રોની સાથે આવ્યા. આ પ્રમાણે દશે દશાર્હ ભાઈઓના, રામ અને કૃષ્ણ પોતાના તેમજ માસીયાઇ ભાઈઓ અને ફોઇના પુત્રો— બધા મળીને કરોડોની સંખ્યામાં હાજર થયા.

निमित्तैः शकुनैर्भव्यै–रागच्छज्जयमंगलैः । आशां पूर्वोत्तरां कृष्ण–श्चचाल विजिगीषया ।।
योजनैः पंचचत्वारिं–शताच्च नगरान्निजात् । अतिक्रम्य भुवं सीम–पल्लीग्रामेऽच्युतः स्थितः ।।
जरासंधबलादर्वाक्, चतुर्भिर्योजनैर्हरिः । तस्थिवान् स्थापयित्वा च, निःशेषामपि वाहिनीं ।।
तदा तत्र समायाता, विद्याधरा महौजसः । समुद्रविजयं क्षोणि–नाथं नत्वा बभाषिरे ।७८।
महीपाल तव भ्रातु–र्वसुदेवस्य सश्रियः । गुणाकृष्टाः समायाता, वयमत्र दिदृक्षया ।।७९।।
नेमिनाथः कुले यस्यानाथनाथाः समर्थतां । दधानो जगतां रक्षा–विधौ त्वं च पितास्य तु ।।
वर्तेते रामगोविंदौ, क्रमाक्रांतभुवस्तलौ । तव सैन्ये महायोधौ, लीलया कोटियोधिनौ ।।८१।।
न तत्र क्षोभना चिंत्या, जरासंधेशितुर्बलात् । सिंहपुत्रैः करेणूनां, मत्तानां संगमादिव ।।८२।।

तथापि सन्निधाने ते. प्रसंगतः समागतान् । अस्मान् स्वकीयसामंत—स्थानके त्वं विचिंतय ।।
समुद्रविजयेशेन, भूयादित्थमितोरितं । तदा विद्याधराः प्रोचु—र्जाताः स्मः सेवकास्तव ।८४।
तेषां मुख्यो जगादाथ, समुद्रविजयं प्रति । अस्माकं स्वामिनः संति, भूरिविद्याधरा नगे ।८५।
जरासंधो जरत्सधि—रिवोच्छेद्योऽस्ति शार्ङ्गिणः । वैताढ्यपर्वतात्तर्ह्यप्याकार्याः खेचरोत्तमाः ।।
तत्र संति जरासंधपुत्रकाः सुखवासिनः । यावदायारितास्तेन तावदाकारयाशु तान् ।८७।
श्रुत्वा तदुक्तमाहेशः, कस्तत्र प्रेषयिष्यते । ते प्राहुर्वर्त्ततेऽस्मासु, सेनानीर्वसुदेवकः ।।८८।।
प्रद्युम्नसांबसंयुक्ता, एते केनापि नो जिताः । प्रेषणे योग्यता तस्मा—देतेषामेव वर्त्तते ।।८९।।
समुद्रविजयो लात्वा—ज्ञां विष्णुवसुदेवयोः । प्रद्युम्नं च तदा प्रैषीत्, ससांबं खेचरैः सह ।।
तदास्त्रवारिणी दत्तौ—षधी सुधीरताकरी । देवैर्बद्धा जनुर्मात्रे, नेमिनानकदुंदुभेः ।।९१।।

ક્રૌષ્ટુકિ જ્યોતિષીએ આપેલા શુભમુહુર્તે દારૂ નામના સારથિથી પ્રેરાયેલા તાર્ક્ષ્યધ્વજ (ગરૂડના ચિન્હવાળા) રથ ઉપર આરૂઢ થઈને કરોડો યાદવોથી પરિવરેલા કૃષ્ણે એ શુભ શુકનો પૂર્વક જયમંગલ કરતા પૂર્વ ઉત્તરની વિદિશા ઈશાન ખૂણા તરફ વિજય પ્રયાણ કર્યું. પોતાની દ્વારિકા નગરીથી પીસ્તાલીશ યોજન દૂર આવેલા સીમપલ્લીગ્રામ (હાલનું સમી, અથવા ખારાઘોડાની હદ) ની બહાર કૃષ્ણે સૈન્યનો પડાવ નાખ્યો. જરાસંધના સૈન્યથી ચાર યોજન દૂર પોતાની સમસ્ત સેનાને રાખી, ત્યાં મહાપરાક્રમી વિદ્યાધર રાજાઓએ આવીને સમુદ્રવિજયને નમસ્કાર કરીને કહ્યુંઃ– 'રાજન્, આપના લઘુબંધુ વસુદેવના ગુણોથી આકર્ષાઈને યુદ્ધ જોવા માટે અમે આવ્યા છીએ. જેમના કુલમાં ત્રણે જગતની રક્ષા કરનારા એવા ત્રણે લોકના નાથ ભગવાન નેમિનાથ છે. આપના જેવા પ્રતાપી પુરૂષ તેઓના પિતા છે, વળી સૈન્યમાં કરોડો યોદ્ધાઓને લીલામાત્રમાં જીતી લે અને ધરતીને ધ્રુજાવી દે તેવા રામ–કૃષ્ણ, શાંબ–પ્રદ્યુમ્ન જેવા મહાયોદ્ધાઓ છે. તો જરાસંધના સૈન્યથી આપને કોઈ ભય નથી. શું સિંહબાળને હાથીઓના ટોળાથી ભય હોઇ શકે ખરો? તો પણ અવસરે આવેલા અમને આપના સાન્નિધ્યમાં રહેવાની મંજુરી આપો. અને અમને આપ પોતાના સામંત તરીકે સ્વીકારો. સમુદ્રવિજયે કહ્યુંઃ–'ભલે, આપ રહી જાવ.' ત્યારે વિદ્યાધરોએ કહ્યું: 'આજથી અમે આપના સેવકો છીએ. તે વિદ્યાધરોમાં જે મુખ્ય હતા, તેમણે સમુદ્રવિજયને કહ્યુંઃ– 'અમારા સ્વામી વિદ્યાધર રાજાઓ વૈતાઢ્ય પર્વત ઉપર છે. તેઓ જરાસંધના વશવર્તી છે. માટે ગમે તેમ કરીને એ વિદ્યાધર રાજાઓને આપ બોલાવી લ્યો. કારણ કે જરાસંધથી બધા ત્રાસી ગયા છે. કૃષ્ણ વાસુદેવથી તેનો ઉચ્છેદ થવો જ જોઈએ. માટે જ્યાં સુધી જરાસંધ વિદ્યાધર રાજાઓને પોતાના પક્ષમાં બોલાવી ના લે, તે પહેલાં જ આપણે આપણા પક્ષમાં તેઓને આમંત્રણ આપીએ. અમારા સેનાપતિ તો વસુદેવ બનશે.' વિદ્યાધરોની મહત્ત્વની વાત સાંભળીને સમુદ્રવિજયે કહ્યું : 'તેઓને બોલાવવા માટે કોને મોકલીશું?' વિદ્યાધરોએ કહ્યુંઃ– 'તે માટે તો શાંબ અને પ્રદ્યુમ્ન યોગ્ય છે. તેઓ કોઇનાથી પણ પરાજિત થઈ શકે તેમ નથી.' ત્યાર પછી સમુદ્રવિજયે કૃષ્ણ અને વસુદેવની આજ્ઞા લઈને, વિદ્યાધરોની સાથે શાંબ અને પ્રદ્યુમ્નને વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધર રાજાઓને બોલાવવા માટે મોકલ્યા. ત્યારે દેવોએ તેમના ઢીંચણ ઉપર, રથના ચક્ર ઉપર અને રણભેરી ઉપર અસ્ત્રનિવારિણી નામની ઔષધી બાંધી.

इतो भूपं जरासंधं, धीसखैरपरैः सह । मंत्री विज्ञपयामास, हंसकः परिपक्वधीः ॥९२॥
कंसेन जनितं कार्य—मविचार्य प्रभो यदि । द्रुतमेव फलं तर्हि, प्रातं जीवितनाशनात् ॥९३॥
ततस्त्वमप्यनालोच्य, माकार्षीः कृत्यमंजसा । माज्ञासीश्च चमूत्कर्षा—त्सामान्यममुमच्युतं ॥
सामान्यमपि दक्षेण, ज्ञात्वा शत्रुं बलाधिकं । संग्रामः क्रियते यर्हि, तर्ह्येव व्रियते जयः ।९५।
एतौ तु देवकीसूनु—रामौ प्रादुर्भवच्छुभौ । स्तः समस्तप्रकारेण, मुकुंतादधुनाधिकौ ॥९६॥
सामर्थ्यं वसुदेवस्य, रोहिण्याश्च स्वयंवरे । त्वयका ददृशे नाथा—न्यराजम्लानिताप्रदं ॥९७॥
वर्त्तते तत्सुतावेतौ, पुरुषोत्तमसान्वतौ । दत्ता द्वारवती वस्तुं, ययोर्वैश्रमणेन च ॥९८॥
तस्य कृष्णस्य पुत्रौ द्वौ, प्रद्युम्नशांबकाभिधौ । विद्यापराक्रमैःस्तोतुं, मुकुंदादधिकाविव ।९९।
योद्धारः पांडवाः पंच, गणयंति न कोटिशः । बलिनोऽपि महाशत्रून्, युद्धे पंचानना इव ॥
एकोऽप्यनेकतां बिभ्र—न्नेमिनाथोऽस्ति तत्र यः । एकच्छत्रां महीं कर्त्तुं, स समर्थः स्वलीलया ॥
तव सन्ये धुरीणौ यौ, शिशुपालाख्यरुक्मिणौ । रुक्मिण्या अपहारे त—द्बलं ज्ञातं समैरपि ॥२॥
कुरुदेशसमुद्भूतो, दुर्योधनो महीपतिः । गांधारः शकुनिक्ष्मापो, गण्येते न भटेषु तौ ॥३॥
अंगदेशाधिपः कर्णः, प्राज्ये तस्य बले स तु । घरट्टस्येव गोधूम—धोरणीव भविष्यति ॥४॥
तत्रास्ति नेमिनाथो यः, स त्वजेयः सुरैरपि । कृष्णोऽपि बलभद्रोऽपि, वर्तेते दुर्धराविमौ ॥५॥
अत्र संस्तूयते नाथ, तवैव केवलं बलं । अपरेषां न विश्वास—स्त्वया ज्ञेयो महत्तमः ॥६॥
चतुःषष्टिसुपर्वेंद्रा, नमंति यत्क्रमांबुजं । नेमिनाथः स केनापि, जेयो न जायते मनाक् ॥७॥
दैवं पराङ्मुखं ताव—कीनमस्ति विभोऽधुना । नो चेत्तदा कथं कालो, देव्यापि निहतश्छलात् ॥
त्वां प्रमाणमकुर्वाणा, बलिष्टा अपि यादवाः । मथुरायाः प्रणश्यागु—र्द्वारिकायां समेऽपि ते ॥
यस्माद्बिभ्यंति सर्वेऽपि घातितो येन सोऽप्यहिः । तवाभिमुखमायातः, स एव केशवो बली ॥
जातेष्वेतेषु चिन्हेषु, रणारंभो न युज्यते । व्यावृत्ते त्वयि तत्कृत्यात्, स्वयं सोऽपि गमिष्यति ॥
इति श्रुत्वा वचस्तस्य, धीसखस्य भयंकरं । भृकुटीभैरवो भूत्वा, जरासंधो जगाद तं ॥१२॥
रे दष्टाऽस्ति त्वया जग्धा, लंचा चापल्यताकरी । तत एव त्वमस्माकं, भेदखेदकरोऽऽभवः ॥
वराका हरिणाः प्राज्या, मिलंतु पुरतो हरेः । तेषां स्यात्समुदायेन, तेजः क्षणिकमेव च ॥
पश्यतस्तव गोपाना—मेतेषां सकलं बलं । भस्मसाद्यदि कुर्वेऽहं, तर्ह्येव मे पराक्रमः ॥१५॥
तदा तं कुलमंत्र्यूचे, डिंभको डिंभकोपमः । स्वामिन्नत्र समागत्य, त्यज्यतेऽथ रणः कथं ? ।१६।
जये श्रीश्च मृतौ स्वर्गो, द्वेधापि रणकर्मणि । वीराणां शुभमेव स्या—त्तत्र भीश्चित्यते कथं ? ॥
घनोदधिमिवाभेद्यं, चक्रव्यूहं विधाय च । जेष्यामः सकलं सैन्यं, गोपालपक्षकारीणां ॥१८॥
डिंभस्य वचनं श्रुत्वा, जरासंधस्तुतोष च । प्रायसो हि जराजीर्णो, डिंभवाक्येन तुष्यति ॥

આ બાજુ મહાબુદ્ધિશાળી હંસક નામના મહામંત્રીએ બીજા મંત્રીઓને સાથે લઈ ને જરાસંધને વિજ્ઞપ્તિ કરી : 'મહારાજા, કંસે અવિચારી કાર્ય કર્યું, તેનું ફળ તેને જીવિતના નાશથી તત્કાળ મલી ગયું. તો આપ પણ વિચાર કર્યા વિના યુદ્ધ કાર્ય કરશો નહીં. આપ જાણો છો કે સમુદ્રસમાન ખળભળતી જેની પાસે સેના છે, એવો કૃષ્ણ કોઈ સામાન્ય રાજા નથી. સામાન્ય રાજા પણ સૈન્યબલથી અધિક એવા શત્રુને જાણવા છતાં જે યુદ્ધ કરે છે, તેનો પરાજય નિશ્ચિત હોય છે. વળી, આ દેવકીના પુત્ર રામકૃષ્ણનું પુણ્યબળ, સમસ્ત પ્રકારે દિન પ્રતિદિન વધતું જાય છે. તેમજ હે નાથ, રોહિણીના સ્વયંવરમાં વસુદેવનું સામર્થ્ય તો આપે નજરોનજર જોયું છે. તેના જ પુત્રો કૃષ્ણબલભદ્રને રહેવા માટે કુબેરભંડારીએ દ્વારિકા વસાવી પણ આપી છે. એવા પુણ્યશાળી કૃષ્ણના–પુત્રો શાંબ–પ્રદ્યુમ્ન વિદ્યા અને પરાક્રમમાં તો ખૂદ કૃષ્ણને પણ હંફાવી દે તેવા છે. તેમાં સિંહસમાન પાંચ પાંડવો તો કરોડો યોદ્ધાઓને ગણત્રીમાં લેતા નથી. તે બધામાં સહુથી અગ્રેસર એકલા નેમિકુમાર, એક પણ અનેકતાને ધારણ કરનારા સમસ્ત પૃથ્વીને લીલા માત્રમાં એકછત્રી કરવાનું સામર્થ્ય ધરાવે છે. જ્યારે આપણા સૈન્યમાં અગ્રેસર શિશુપાલ અને રૂકિમકુમાર છે. તેમનું પરાક્રમ તો રૂકિમણીના અપહરણ વખતે આપ સહુએ જાણ્યું છે. કુરૂદેશીય દુર્યોધન રાજા, ગાંધાર અને શકુનિરાજા તો શિશુપાલ અને રૂકિમકુમારને યોદ્ધા તરીકે ગણતા જ નથી. હા, આપણામાં એક મહાધનુર્ધારી અંગદેશનો અધિપતિ કર્ણ છે. પરંતુ તેનાં સૈન્યની પણ ઘંટીમાં રહેલા ઘઉં જેવી દશા થશે. જ્યારે સામાપક્ષમાં ભગવાન નેમિકુમાર છે, તે દેવ–દેવેંદ્રોથી પણ જીતી શકાય તેમ નથી. કૃષ્ણ અને બલભદ્ર પણ દુર્ધર છે. આપણામાં તો નાથ એક આપ જ મહાબલવાન છો. બાકી બીજા કોઈ ઉપર વિશ્વાસ રાખવા જેવો નથી. સામા પક્ષમાં જ્યાં સુધી ચોસઠ ઈન્દ્રોથી સેવાયેલા ભગવાન નેમિનાથ છે, ત્યાં સુધી નિશ્ચય વિજય તેઓનો જ છે. હે પ્રભુ, હમણાં આપનું ભાગ્ય વિપરીત છે, નહીંતર દેવીના છલથી 'કાલ' જેવા આપના પરાક્રમી પુત્રનું અકાળે અવસાન કેમ થાય ? આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને બલવાન્ યાદવો મથુરાથી નાસીને દ્વારિકામાં સ્થિર થયા. તે યાદવો કેટલા માથાભારે છે ? જેનાથી મથુરાવાસી અથવા તેની આસપાસના ગામવાળા લોકો ડરતા હતા. તે ભયંકર કાલીનાગને જેણે ક્ષણ માત્રમાં લીલાપૂર્વક હણી નાખ્યો, તે આ બલવાન કૃષ્ણ આપની સામે આવ્યો છે. તો હે પ્રભુ, આપ કંઈક વિચારો. પ્રયાણ સમયે ભવિષ્યની આગાહી રૂપ જે અપશુકનો થયા તે પણ એક વિચાર માગે છે. અમારા સૌના મંતવ્ય પ્રમાણે આપ યુદ્ધ કાર્યથી પાછા ફરો, એ જ શ્રેષ્ઠ છે. તેમાં જ આપનું ગૌરવ છે. આપ યુદ્ધથી નિવૃત્ત થશો તો કૃષ્ણ પણ આપોઆપ અહીંથી ચાલ્યો જશે.'

હંસકમંત્રીના ભયંકર વચન સાંભળીને અત્યંત રોષથી રૌદ્રસ્વરૂપ બનેલા જરાસંધે કહ્યું:– 'રે દુષ્ટ, તેં એ કૃષ્ણની પાસેથી લાંચ ખાધી લાગે છે. તેથી જ તું અમારામાં આ પ્રમાણે ભેદ અને ખેદ ઉપજાવનારાં વચનો બોલી રહ્યો છે. તે બિચારા રાંકડા હરણીયાનું કેશરી સિંહ આગળ શું ગજુ ? ભલેને તે ગમે તેટલા ભેગા થઇને આવ્યા હોય, એ બધાનું તેજ ક્ષણિક છે. તું પણ જોઇ લેજે. તારા જેતા જ એ ગોવાળીયાઓને ક્ષણમાત્રમાં ભસ્મીભૂત કરી નાખીશ. ત્યારે તને પણ ખબર પડશે કે એ લોકોનું કેટલું બળ છે, ને મારૂં કેટલું પરાક્રમ છે.'

ત્યારે અવસર પામીને હંસક મંત્રીના પ્રતિસ્પર્ધી ડિંભક મંત્રીએ જરાસંધને કહ્યું:– 'સ્વામિન્, હંસકમંત્રીએ આપને સલાહ આપી તે ખરેખર આપના ગૌરવ અને આપના પરાક્રમને

કલંકિત કરનારી છે. આપના જેવા ત્રણખંડના અધિપતિ મહાપરાક્રમી મહારાજાને યુદ્ધમાંથી પાછું ફરવું, તે કોઇ રીતે યોગ્ય નથી. યુદ્ધમાં વીરપુરૂષોને જીવતા જયલક્ષ્મી મળે અને મરતાં સ્વર્ગલક્ષ્મી મલે છે. તો શૂરવીર યોદ્ધાઓ માટે યુદ્ધ એ તો મહોત્સવરૂપ છે. તેમાં ભયનું કોઈ સ્થાન જ નથી. ઘનોદધિની જેમ અભેદ્ય ચક્રવ્યૂહની રચના કરીને, ગોવાળીયાના સકલ સૈન્યને આપણે વિના વિલંબે જીતી લઈશું. આપ જરાપણ ચિંતા કરશો નહીં.'

આ પ્રમાણે ઉત્સાહપ્રેરક ડિંભકમંત્રીના વચન સાંભળીને જરાસંધ ખુશ થયો. પ્રાયઃ **જરાએ જર્જરિત વૃદ્ધ માણસોને ડિંભ એટલે કે બાળકોની વાત વધુ પસંદ પડે છે.**

**आदिदेश तदा राजा, तत्र सैन्याधिनायकान् । चक्रव्यूहविधानाय, समाधानाय चेतसः ।२०।**
**मंत्रिणौ हंसकाख्याक–डिंभकौ च बलाधिपाः । चक्रव्यूहं प्रचक्रुस्ते–ऽर्धचक्रिवाक्ययोगतः ।।**
**चक्रव्यूहे सहस्रारे, तत्रैकैको नृपः स्थितः । प्रत्येकभूभृतां तेषां–मेकं शतं सुहस्तिनां ।।२२।।**
**द्वे सहस्रे रथानां च, वाजिपंचसहस्रकं । पत्तीनां प्राज्यशक्तीनां, सहस्राणि च षोडश ।।२३।।**
**परिधौ च प्रतिराज्ञां, षट् सहस्री सपादिका । साग्रा पंचसहस्री चः ऽस्थात्तन्मध्येऽर्धचक्रिराट् ।।**
**गांधारसैंधवानीकं, जरासंधस्य पृष्टतः । धृतराष्ट्रतनूजानां, शतं तद्दक्षिणेऽभवत् ।।२५।।**
**मध्ये क्ष्मापास्तथा वामे, पुरश्च गणनायकाः । शकटाश्वाः पंचपंचाश–त्संधौ संधौ नृपांतिके ।।**
**अंतरे चांतरे गुल्माऽगुल्मानामंतरे गणाः । तस्थुर्व्यूहाद् बहिर्भूपा, विविधव्यूहसंश्रिताः ।।२७।।**
**अथो मगधदेशेशः–सत्यप्रतिज्ञयान्वितं । भूयः संग्रामकौशल्यं, दधतं कोशलाधिपं ।।२८।।**
**हिरण्यनाभभूपं च, चक्रव्यूहेऽत्र दुर्जये । अस्थापयच्च सेनानी–तया चास्तमितो रविः ।।२९।।**

પોતાના મનનું સમાધાન કરીને જરાસંધ રાજાએ સેનાપતિઓને ચક્રવ્યૂહની રચના કરવા માટે આદેશ આપ્યો. રાજાની આજ્ઞાથી હંસક અને ડિંભકમંત્રી તેમજ સેનાપતિઓએ ચક્રવ્યુહની આ પ્રમાણે રચના કરીઃ–ચક્રવ્યુહની રચનામાં બે હજાર રાજાઓને આગળ નિયુક્ત કરવામાં આવે. તેમાં એકેક (પ્રત્યેક) રાજા પાસે સો હાથીઓ, બે હજાર રથો, પાંચ હજાર અશ્વો અને સોળ હજારનું પાયદળ સૈન્ય હોય છે. દરેક રાજાઓની બંને પડખે છ છ હજાર પાયદળ સૈન્ય અને આગળ પાંચ હજાર સૈનિકો રહે છે. તે બધાની વચમાં અર્ધચક્રવર્તી–પ્રતિવાસુદેવ જરાસંધ રાજા રહે. જરાસંધ રાજાની પડખે ગાંધાર અને સૈંધવ રાજા પોતાના સૈન્ય સાથે રહે. જમણી બાજુ ધૃતરાષ્ટ્રના સો પુત્રો સૈન્ય સહિત ઊભા રહે, તેની પાછળ શકટવ્યુહની રચના કરી. જેમાં વચમાં રાજાઓ, ડાબી બાજુ અને આગળ સેના નાયકો અને દરેક રાજાઓની વચમાં પચાસ પચાસ ગણનાયકો ગોઠવ્યા. આ પ્રમાણે વિવિધ પ્રકારના વ્યુહોની રચના કરી. વ્યુહોની બહાર આંતરે આંતરે, એક બીજાની મધ્યમાં ગુચ્છાકારે સૈનિકોને ગોઠવ્યા. દરેક સૈનિકોના ગુચ્છમાં એકેક રાજાઓને રાખ્યા, જરાસંધ રાજાએ સમસ્ત સૈન્યનું સંચાલન કરવા માટે સત્યપ્રતિજ્ઞાવાળા અને જેમણે અનેક સંગ્રામોમાં કૌશલ્યપણું દાખવેલું છે, એવા કોશલદેશના અધિપતિ 'હિરણ્યનાભ' રાજાની મુખ્ય સેનાપતિ તરીકેની નિમણુંક કરી. આ પ્રમાણે ચક્રવ્યુહની રચના કરીઃ ત્યાં સૂર્ય પણ અસ્તાચલે ચાલ્યો ગયો, અર્થાત્ રાત્રિ થઈ.

चक्रव्यूहरिपूभूतं, रजन्यां यादवा अपि । चक्रिरे गरुडव्यूहं, दुर्जेयमरिपार्थिवै ॥३०॥
तस्य व्यूहस्य वक्त्रेऽस्थुः, कुमारा अर्धकोटयः । तन्मस्तके च गोविंद—बलदेवौ सविक्रमौ ॥
अक्रूरः सारणः पद्मः, कुमुदः कुमुदाननः । जयोजरत्कुमारोऽपि, समुखो दृढमुष्टिकः ॥३२॥
विघ्नरथस्त्वनाधृष्णि—र्वसुदेवसुता इति । रथैकलक्षसंयुक्ता, गोविंदपृष्टरक्षकाः ॥३३॥
उग्रसेननृपस्तेषां, पृष्टे कोटिरथोऽभवत् । तस्यापि पृष्टरक्षायै, स्थितं पुत्रचतुष्टयं ।३४।
भोजे स्वांगजसंयुक्ते, पृष्टस्थे रक्षिता नृपः । रणः सारणश्चंद्रो, दुर्धरः सत्यकाभिधः ॥३५॥
समुद्रविजयो राजा, पार्श्वमाश्रित्य दक्षिणं । बांधवैस्तत्सुतैः सार्धं, तस्थौ स्वस्थतयान्वितः ॥
महानेम्यभिधः सत्य—नेमिसुदृढनेमिनौ । सुनेमिर्नेमिनाथोऽर्हन् मेघो महीजयो जयः ॥३७॥
जयसेनस्तथा तेजः—सेनो जयपराक्रमी । कुमारा अभवन्नेते, समुद्रविजयांतिके ॥३८॥
पंचविंशतिलक्षैश्च, रथैरन्येऽपि पार्थिवाः । समुद्रविजयस्यासन्, भृत्यवत्पार्श्वरक्षकाः ॥३९॥
वामपार्श्वं समाश्रित्य, बलभद्रस्य नंदनाः । युधिष्टिरादयः सर्वे, पांडवा अपि चोत्कटाः ॥
निषधोल्मुकशमनु—दमनाः सत्यकिः पुनः । प्रकृतिद्युतिश्रीध्वजो, देवानंदश्च शांतनुः ॥४१॥
आनंदः शतधन्वा च, दशरथस्तु विप्रथः । विश्वपृथुर्महाधनु—र्दृढधन्वातिवीर्यकौ ॥४२॥
देवानंदननामा च, देवानंदविधायकः । लक्षैश्च पंचविंशत्या, स्यंदनैः संयुता अमी ॥४३॥
पृष्टस्थाः पांडवानां च, जाता रक्षाविधायकाः । तेषामपि तथा जाता, यते चंद्रयशाः पुनः ॥
सिंहलबब्बराख्याकौ, कांबोजः केरलाह्वयः । द्रविडो भूपतिर्वैरिविद्रावको दरिद्रभित ॥४५॥
स्यंदनानां सहस्रैश्च, षष्ट्या तेषामपि स्फुटं । पृष्टस्य रक्षको जातो, महसेनपिताभितः ।४६।
पक्षरक्षाकृते दक्षा, भानुः, सुभानुभास्करौ । संजयोऽमितभानुश्च, कंपितौ विष्णुगौतमौ ॥४७॥
शत्रुंजयः शत्रुंजयो, महसेनो गभीरकः । बृहध्ध्वजो वसुधर्मा—दयश्च कृतवर्मकः ॥४८॥
प्रसेनजिद् दृढधर्मो, विक्रांतश्चित्रवर्त्मकः । एते स्युर्गरुडव्यूहे, गरुडध्वजविग्रहे ॥४९॥
यद्यप्यस्ति विरागो हि, नेमिनाथो जिनेश्वरः । तथापि दुस्त्यजस्तस्य, दृष्टिरागो महात्मनः ॥
तेन रागेण युद्धाय, ज्ञात्वेंद्रो नेमिमागतं । रथं मातलिनाऽ प्रैषी—दजेयं शस्त्रसंयुतं ।५१।
माभूद्घातोंजसामीषां, भीतिर्व्यूहविनिर्मितेः । प्राप्यातीवास्तमादित्यः, प्राप्तवानुदयं पुनः ॥
मम यानात्पुरो भानु—र्माकार्षीदगमनं द्रुतं । । इति मातलिना पूर्व—मादाय रथमागतं ॥
प्राभृतीकृतमारुह्य, रथं सुरसमर्पितं । नेमीनाथोऽप्यभूद्युद्ध—विधानाय समुद्यतः ॥५४॥
बंधुं नारायणाज्ज्येष्ट—मनाधृष्णिं महाबलं । समुद्रविजयाधीशः, प्रचकार चमूपतिं ॥५५॥

શત્રુપક્ષમાં ‘ ચક્રવ્યુહ ’ ની રચના જાણીને, યાદવોએ રાત્રિમાં જ શત્રુરાજાઓ માટે દુર્જય એવા ‘ ગરૂડવ્યુહ ’ ની રચના કરી. જે ગરૂડવ્યુહના મુખ આગળ પચાસ લાખ યાદવકુમારોને રાખ્યા. ગરૂડના મસ્તકભાગમાં કૃષ્ણ અને બલભદ્ર રહ્યા. તેમની પાછળ તેમના રક્ષકરૂપે અક્રૂર, સારણ, પદ્મ, કુમુદ, કુમુદાનન, જય, જરાકુમાર, સંમુખ, દ્રઢમુષ્ટિક, વિઘ્નરથ અને અનાધૃષ્ણિ–

એ અગીયાર વસુદેવપુત્રો એક લાખ રથોની સાથે રહ્યા. તેઓની પાછળ ઉગ્રસેનરાજા એક કરોડ રથની સાથે રહ્યા. તેમની પાછળ તેમના ચાર પુત્રો સૈન્ય સાથે રહ્યા. ગરૂડની પૂંઠે ભુજાના સ્થાને રણુ, સારણુ, ચંદ્ર, દુર્ધર અને સત્યક નામના રાજાઓ પોતાના પુત્રો સહિત રહ્યા. દક્ષિણ બાજુ સમુદ્રવિજય પોતાના બંધુઓ તેમજ પુત્રો સાથે રહ્યા. મહાનેમિ, સત્યનેમિ, દ્રઢનેમિ, સુનેમિ, રથનેમિ, અરિષ્ટનેમિ, મેઘ, મહીજય, જય, જયસેન, તેજસેન અને વજ્રસેન આદિ સમુદ્રવિજયના પુત્રો, સમુદ્રવિજયની નજીકમાં રહ્યા. તેમજ સમુદ્રવિજયની બે બાજુ પચીસ લાખ રથોની સાથે બીજા રાજાઓ પણ સેવકોની જેમ ઊભા રહ્યા. ગરૂડની ડાબી પાંખમાં બલભદ્રના પુત્રો, યુધિષ્ઠિર આદિ પાંડવો, તેમજ બલદેવના પુત્રો નિષધ, ઉલ્મુક, શમનુ, દમન, સત્યકિ, પ્રકૃતિ, શ્રીધ્વજ, દેવાનંદ, શાંતનુ, આનંદ, શત્તધનુ, દશરથ, વિપથ, વિશ્વપૃથુ, મહાધનુ, દ્રઢધનુ, અતિવીર્યક અને દેવોનો આનંદદાયક દેવાનંદ આદિ પચ્ચીસ લાખ રથોની સાથે રહ્યા. પાંડવોની રક્ષા માટે પાછળ ચંદ્રયશા, સિંહલ, બબ્બર, કાંબોજ, કેરલ, શત્રુઓનો વિદારણ કરનાર દ્રવિડરાજા, અને દરિદ્રભિત આદિ રાજાઓ સાઇઠ હજાર રથોની સાથે રહ્યા. તેની પડખે મહસેનપિત નામના રાજા રહ્યા. તેના પક્ષની રક્ષા માટે ભાનુ, સુભાનુ, ભામર, સંજય, અમિતભાનુ, કંપિલ, વિષ્ણુ, ગૌતમ, શત્રુંજય, મહસેન, ગભીરક, બૃહદ્ધ્વજ, વસુધર્મ, ઉદય, કૃતવર્મક, પ્રસેનજિત, દ્રઢધર્મ, વિક્રાંત, અને ચિત્રવર્મક આ પ્રમાણે ગરૂડના ચિન્હવાલી ધ્વજાથી યુક્ત સૈનિકોના ગરૂડવ્યુહની રચના કરી. મહાપુરૂષોને પણ દૃષ્ટિરાગ દુષ્ત્યજય (અર્થાત્ દાક્ષિણ્યતાનો ત્યાગ કરતા નથી.) હોય છે. તેમ ભગવાન શ્રી નેમિનાથ પોતે વિરાગી હોવા છતાં, વિષ્ણુની દાક્ષિણ્યતાથી યુદ્ધ કરવા માટે રણસંગ્રામમાં આવ્યા. આ જાણીને ઇન્દ્રે ભગવાનને માટે 'માતલિ' નામના સારથિની સાથે અજેય એવા શસ્ત્રોથી પરિપૂર્ણ રથ મોકલ્યો. આવા પ્રકારની અદ્ભૂત ગરૂડવ્યુહની રચનાથી 'જીવોનો ઘાત ના થાઓ.' એમ માનીને જીવહિંસાના ભયથી જ જાણે સૂર્ય અસ્તાચલ પ્રત્યે ગયો ના હોય! 'મારા રથની પહેલા સૂર્યનું આગમન ના થવું જોઈએ.' એમ માનીને જાણે માતલિસારથિએ સૂર્યોદય પહેલાં જ રથને લઈને ભગવાન નેમિનાથની આગળ આવી નમસ્કાર કરી રથનું ભેટણું કર્યું. ઇન્દ્રે મોકલેલા રથ ઉપર આરૂઢ થઈને નેમિનાથ પણ યુદ્ધ કરવા માટે તૈયાર થયા. સમુદ્રવિજયે કૃષ્ણના મોટાભાઈ મહાપરાક્રમી એવા અનાધૃષ્ણિની સેનાપતિ તરીકે નિમણુંક કરી.

समस्तेऽपि हरेः सैन्ये, बभूवाथ जयारवः । कटके मगधेशस्य, बभूव क्षोभना घना ॥५६॥
व्यूहयोरुभयोरग्र—सुभटाश्चक्रिरे रणं । कुर्वंतस्तांडवं नृत्य—कारका इव रंगतः ॥५७॥
पेतुर्विविधशस्त्राणि, समादाय द्वयोरपि । सुभटा वर्षयामासुः, कल्पांतजलदा इव ॥५८॥
उभयोरपि वाहिन्यो—र्व्यूहौ द्वावपि भेदतां । न चापतुर्मदौत्कटयं, दधानौ तार्किकाविव ॥
जरासंधस्य सैन्याधि—पतिहक्कारिता भटाः । अग्रगान् भंजयामासु—र्मुकुंदसैन्यसंस्थितान् ॥
सुभटान् गरुडव्यूह—संस्थितान् गरुडध्वजः । पताकोच्छालनाच्चक्रे, सर्वान् धैर्यसमन्वितान् ॥
तदा शौर्यान्महानेमि—पार्थौ पक्षस्थितावपि । मध्यस्थितोऽप्यनाधृष्णि-र्योध्धुं त्रयोऽपि निर्गताः ।
शंखोऽधमत् महानेमिः सिंहनादं महद्भूतं । अर्जुनदेवदत्ताख्यमनाधृष्णिर्बलाहकं ॥६३॥

तूर्याणां महतां कोटीर्यादवा अप्यवादयन् । बाणैर्बाणा इव ध्वानैस्तन्नादाः संधिता द्रुतं ।।
त्रयाणामपि शंखानां, वादित्राणां च निःस्वनैः । अजायत जरासंध–सेनायां क्षोभता भृशं ।।
महानेमिरनाधृष्णि–र्धनंजयश्च दुर्जयः । त्रयोऽपि ववृषुर्बाणान्, हुताशना इवोल्मुकान् ।।
महानेमेरतो व्यूह–संधिस्थिता महीभृतः । प्रक्षोभिता जरासंध–भूपसैन्याधिनायकैः ।।६७।।
तदा नामांकित चिह्न–मिव कर्तुं त्रयोऽपि ते । विभेदं चक्रिरे चक्र–व्यूहस्य स्थानकत्रये ।।
तत्र मार्गे कृते तेऽपि, चक्रव्यूहेऽविशन् जवात् । विषमे स्थानके मार्गे, संजाते प्रविशेन्न कः ।।
दुर्योधननृपो रुक्मो, रोधिरोश इति त्रयः । स्वसैन्यान् स्थापयंतस्ते, संग्रामाय समुत्थिताः ।।
दुर्योधनोऽथ मात्सर्या–न्निरुरोध धनंजयं । रोधिरोशस्त्वनाधृष्णिं, महानेमिं च रुक्मिराट् ।।
तेषां षण्णामपि द्वंद्व–युद्धं बभूव भैरवं । रथिकानां परेषां च, भटानामाभिमानिनां ।।७२।।
बिभ्राणमपि वीरेषु, मानित्वं रुक्मिणं हठात् । वियुक्तं स्यंदनास्त्राभ्यां, महानेमिरचीकरत् ।।
वध्यस्थानं समेतस्य, रक्षामाश्रित्य रुक्मिणः । शत्रुतपनाद्याः सप्त, राजानो योध्धुमुत्थिताः ।।
तैः सर्वैर्युगपन्मुक्ता, या या मार्गणधोरणी । उच्चिच्छेद महानेमि–स्तां तां कोदंडसंयुतां ।।
क्रियमाणे चिरं युद्धे, न वैरी क्षयमाप्तवान् । तावता मुमुचे शक्ति–र्नृपेण व्यक्तशक्तिभाक् ।।
आगच्छंतीं ज्वलज्ज्वालां, शक्तिमालोक्य यादवाः । चित्ते चुक्षुभिरे वज्रा–गमेन क्षोभते न कः ।।
तस्याश्च किंकरीभूताः, शक्तिबाणाः सहस्रशः । सहसा युगपत्पेतु–र्हुताशनकणा इव ।।७८।।
व्यचष्टाथारिष्टनेमिं, मातलिर्युद्धकोविदः । देहि प्रभो महानेमे—र्वज्रं वैरिपराजयि ।७९।
शक्तेः शक्तिर्विभेद्यास्ति, वज्रेणैव महीयसा । न किमप्येतया साकं–मन्यच्छस्त्रं जयप्रदं ।।
तदा नेमिर्जगौ बाणे, संक्रामय त्वमेव तत् । तेनापि नेमिनिर्देशा–द्वज्रं संक्रामितं क्षणात् ।।
शक्तिं तेनैव बाणेन, पातयित्वा महीतले । सकेतुं रथमच्छैत्सो–च्छत्राणि च नृपस्य सः ।८२।
षण्णामवनिपालाना–मन्येषां सार्थवर्तिनां । अखंडानपि कोदंडा–नसौ चिच्छेद लीलया ।।
आरोप्य भ्रकुटिं भाले, तदा धन्वनि शिंजिनीं । संग्रामायागतो रुक्मी, समारुह्य रथांतरं ।।
शत्रुजयादयोऽन्येऽपि, भूपा अष्टौ समागताः । रुक्मिणा तैश्च संग्रामो, द्वेधापि नवतां ययौ ।।
जग्राह कार्मुकं यद्य–द्रुक्मिराट् प्रत्ययावहं । समुद्रविजयक्ष्माप–तनयस्तत्तदच्छिदत् ।।८६।।
चिछदतस्तस्य संजाता, छेदपंक्तौ च धन्वाना । संख्यया विंशती रुक्मी, जातः क्षीणपराक्रमः ।।
कौबेरीनामधेयं च, शस्त्रं मुमोच रुक्मिराट् । आग्नेयेन शरेणान्य–श्चकार भस्मसाद् बली ।।
वर्षंतं बाणलक्षाणि, रुक्मि वैरोचनाभिधं । बाणं मुमोच शैवेय–प्रजिघांसाकृते द्रुतं ।८९।।
महेंद्राख्येण बाणेन, महानेमिर्बलाधिकः । आनल्पामति तच्छक्तिं, क्षिप्त्वा जघान रुक्मिणं ।।
निपीडितं प्रहारेण, क्वणंतं पतितं भुवि । रुक्मिभूपं समादाय, वेणुदार्यास्पदं गतः ।।९१।।
महानेमेर्महीपालाः, क्षोभनां प्रापुरुच्चकैः । विजयेऽपि महासैन्या–च्छंकां चित्ते हि जायते ।।९२।।

કૃષ્ણના સમસ્ત સૈન્યમાં જયજયારવનો પ્રચંડ ઘોષ સાંભળીને જરાસંધના સૈન્યમાં એકદમ ક્ષોભ વ્યાપી ગયો. જરાસંધના ચક્રવ્યુહ અને કૃષ્ણના ગરૂડવ્યુહ-એ બંને વ્યુહની આગળ રહેલા સુભટો રણતાંડવને ખેલતા જાણે આનંદથી નૃત્ય કરતા ના હોય તેમ લાગતા હતા. બંને પક્ષના સુભટો અનેક પ્રકારના શસ્ત્રો લઈને કલ્પાંતકાળના મેઘની જેમ શસ્ત્રોની વર્ષા કરવા લાગ્યા. છતાં બંનેમાંથી એક પણ વ્યુહને જરાપણ ભેદી શકતા નથી. જેમ મહાન તાર્કિકો (નૈયાયિકો) એક બીજાની યુક્તિ-પ્રયુક્તિને ભેદી શકે નહી. તેમ એક પણ વ્યુહ ભેદી શકાતો ન હતો. ત્યારે જરાસંધના મુખ્ય સેનાપતિ હિરણ્યપ્રભરાજાએ, હક્કારો કરીને કૃષ્ણના સૈન્યની મોખરે રહેલા સુભટોને હાંકી મૂકયા. ગરૂડવ્યુહની આગળ રહેલા પરાક્રમી અને ધૈર્યવાન એવા સર્વ સુભટો અને ગરૂડધ્વજની પતાકાને ઉછળતી જોઈને પડખે રહેલા મહાનેમિ અને પાર્થ, તેમજ મધ્યમાં રહેલા અનાધૃષ્ણિ તરત જ સામે આવીને ઉભા રહ્યા. મહાનેમિએ અદ્ભૂત શંખ ફૂંકીને સિંહનાદ કર્યો. અનાધૃષ્ણિએ અર્જુન અને દેવદત્ત નામનો શંખ ફૂંકયો. તેમજ બીજા કરોડો યાદવોએ પણ જોરથી રણવાજિંત્રો વગાડયાં. વાજિંત્રોના અને ત્રણે શંખના ભયંકર અવાજથી જરાસંધની સેનામાં એકદમ ક્ષોભ વ્યાપી ગયો. મહાનેમિ, અનાધૃષ્ણિ અને ધનંજય-એ ત્રણે દુર્જય યોદ્ધાઓએ કલ્પાંતકાલના અગ્નિના ગોળાની જેમ બાણોની વર્ષા વરસાવી. અને ત્રણેના નામથી અંકિત ના હોય તેમ ચક્રવ્યુહના ત્રણ સ્થાનને ભેદી, વચમાં માર્ગ કરી, ત્રણે સુભટોએ ચક્રવ્યુહમાં પ્રવેશ કર્યો. તરત જ જરાસંધના સૈન્યમાં રહેલા દુર્યોધન, રૂકિમકુમાર અને રૂધિરરાજા, પોત પોતાના સૈન્ય સહિત યુદ્ધ માટે સામે આવીને ઉભા રહ્યા. માત્સર્યભાવથી દુર્યોધને ધનંજયને, રૂધિરરાજાએ અનાધૃષ્ણિને અને રૂકિમકુમારે મહાનેમિને રોકી રાખ્યા. એ છએ રાજાઓનું યુદ્ધ અને બીજા પણ અભિમાની સુભટોનું રથો સાથેનું ભયંકર રથ-યુદ્ધ જામ્યું. મહાનેમિએ પોતાની જાતને વીરમાની માનતા રૂકિમરાજાને રથ અને શસ્ત્રો વિનાનો કરી નાખ્યો. વધસ્થાને રહેલા શસ્ત્ર-અસ્ત્ર વિનાના રૂકિમરાજાની રક્ષા કરવા માટે તરત જ શત્રુતપન આદિ સાત રાજાઓ યુદ્ધ કરવા માટે આવ્યા. તે સર્વેએ એકીસાથે બાણોનો વરસાદ વર્ષાવ્યો, પરંતુ મહાનેમિએ તેમના ધનુષ્ય બાણોને ક્ષણમાત્રમાં છેદી નાખ્યાં. આ પ્રમાણે લાંબુ યુદ્ધ ચાલવા છતાં, મહાનેમિનો ક્ષય નહીં થવાથી શત્રુતપન રાજાએ પ્રગટપ્રભાવી શક્તિ નામનું ભયંકર શસ્ત્ર છોડયું. ચારે બાજુ અગ્નિની જ્વાલાઓ છોડતી શક્તિને આવતી જોઈને યાદવોની સેનામાં ક્ષોભ વ્યાપી ગયો. હાહાકાર કરતા યાદવોએ શક્તિને તોડવા માટે ચારે તરફથી હજારો બાણોની વર્ષા વરસાવી. પરંતુ શક્તિ શસ્ત્રની આગળ તે બધા બાણો આગના તણખાની જેમ ઉડી ગયા. ત્યારે યુદ્ધવિશારદ માતલિ સારથીએ ભગવાન નેમિનાથને કહ્યું:- 'પ્રભો, આ શક્તિ મહાનેમિના પ્રાણ લઈ લેશે, તો એના બચાવને માટે વજ્ર સિવાય બીજું કોઈ શસ્ત્ર કામમાં નહીં આવે. આપ કૃપા કરીને શક્તિને તોડવા બાણમાં વજ્રને સંક્રમાવો.' ભગવાન નેમિનાથે કહ્યું:- 'તું જ વજ્રનું સંક્રમણ કરીને બાણ મૂક.' ભગવાનના આદેશથી માતલિ-સારથિએ તરત જ બાણમાં વજ્રને મૂકયું, વજ્રે શક્તિને તોડીને જમીનમાં ઘૂસાડી દીધી. રાજાના ધ્વજા સહિત રથને અને તેના છત્રને છેદી નાંખ્યું. તેમજ તેની સાથે રહેલા છએ રાજાના બાણોને ક્ષણવારમાં છેદી નાખ્યાં. ત્યારે ભ્રકૃટિ ચઢાવીને ક્રોધે ભરાયેલો રૂકિમરાજા બીજા રથ ઉપર આરૂઢ થઈ, શત્રુંજય આદિ આઠ રાજાઓની સાથે મહાનેમિની સાથે યુદ્ધ કરવા તત્પર થયો. રૂકિમરાજા આદિ આઠે રાજાઓ જે જે ધનુષ્યબાણ ચઢાવે છે, તે તે બાણોને સમુદ્રવિજયનો પરાક્રમી પુત્ર મહાનેમિ ક્ષણમાત્રમાં છેદી નાખે

છે. આ રીતે એકી સાથે રૂકિમરાજાના વીશ બાણોને છેદી નાખ્યાં. તેથી પરાક્રમરહિત થયેલા રૂકિમરાજાએ 'કૌબરી' નામનું શસ્ત્ર મૂક્યું. તેને મહાનેમિએ 'આગ્નેય' નામના શસ્ત્રથી ભસ્મીભૂત કરી નાખ્યું. ત્યાર પછી રૂકિમએ લાખો બાણોને વરસાવતું 'વૈરોચન' નામનું બાણ મૂક્યું. તેને મહાનેમિએ 'શૈવેય' નામના બાણથી છેદી નાખ્યું. છેલ્લે મહાનેમિના નાશ માટે રૂકિમએ મહેંદ્ર નામનું બાણ મૂક્યું, ત્યારે પરાક્રમી એવા મહાનેમિએ 'આનલ્પ' નામની શક્તિથી રૂકિમરાજા ઉપર પ્રહાર કર્યો. શક્તિના પ્રહારથી ઘાયલ થયેલા ભૂમિ પર પડીને કણસતા રૂકિમરાજાને બાંધીને મહાનેમિ કૃષ્ણની શિબિરમાં લઈ ગયો. આ પ્રમાણે મહાનેમિથી આઠે રાજાઓ ક્ષોભ પામી ગયા. જરાસંધનું મોટું સૈન્ય હોવા છતાં રાજાઓના મનમાં વિજય માટે શંકા ઉત્પન્ન થઈ.

समुद्रविजयस्वामी, वैरिसेनार्पति क्षणात् । भद्रकं स्तिमितश्चापि, मालवेशं भयावहं ।९३।
वसुसेनं च वसुसेन–मक्षोभ्योऽक्षोभ्यधैर्यभाक् । पुरीमित्रेश्वरं मित्रे–श्वरं च सागराभिधः ।९४।
धृष्टं प्रतिज्ञया धृष्टं, लक्ष्मीवान् लक्ष्मिलक्षितः । अर्थिनां द्युम्नदातारं, द्युम्नाख्य हिमवान् पुनः ।।
धरणेंद्र इवोजस्वी, धरणश्चांबराष्टकं । अजैषीच्छतधन्वान–मभिचंद्रो महेंद्रवत् ।।९६।।
कल्याणापूरणो लोकै, पूरणो द्रौपदं नृपं । सत्यनेमिर्महापद्मं, सुनेमिः कुंभिभोजकं ।।९७।।
श्रीदेवं दृढनेमिश्च, विभिन्ना यादवैरिति । नृपा हि रणतोऽन्येऽपि, भग्नाः शरणमाश्रिताः ।९८।
इतो भीमो रणे भीमो–ऽर्जुनोऽर्जुनोपमप्रभः । रामो रामसुताः श्वेत–वदना रदनांशुभिः ।।९९।।
धृतराष्ट्रसुतानां ते, सैन्यं व्यद्रावयन् द्रुतं । विद्रुतास्तेऽपि संजाता, वातकंपितपत्रवत् ।।२००।।
बाणैः खगैरिवाकाश–माच्छादितं समंततः । बभूव दुर्दिनं मेघ-बिंदूनां पतनैरिव ।।१।।
पार्थ आकृष्य गांडीवं, यदा मुंचति मार्गणान् । करस्थाने करोऽन्येषां, धनुःस्थाने धनुस्तदा ।।
अथ दुर्योधनो योधः, कृत्वा हुंकारमुत्थितः । जितकासिनमात्मानं, जानन् स्वीयबलोद्धतः ।।
युद्धे रिपुकबंधौघे–र्भृतगर्त्तस्त्रिगर्त्तकः । चित्रसेनश्चित्रसेनो, रामराजो जयद्रथः ।।४।।
सौवीरनृपतिः शूर–सेनेशो जयसेनकः । सोमकः सोमवक्त्रश्च, भूपाला मिलिता इति ।।५।।
संभूय तेऽप्ययुद्ध्यंत, पार्थेन शरवर्षिणा । शकुनिः सहदेवेन, भीमे दुःशासनोऽपि च ।।६।।
नकुलेन सहोलूको, युधिष्ठिरेण शल्यकः । द्रुपदेशेन सत्यांको, राहुलो भौपलेन च ।।७।।
भूपाला अपरे शेषा, विद्वेषान्वितचेतसः । चक्रिरे समरं घोरं, संकर्षणसुतैः समं ।।८।।
दुर्योधननृपादीनां, वर्षतां बाणधोरणीः । द्रुतं संधितबाणैस्ता, उच्चिच्छेद धनंजयः ।।९।।
अहन् दुर्योधनेशस्य, सारथिं रथिकानपि । पार्थोऽभांक्षीद्रथान् बाणैः सन्नाहमप्यपातयत् ।।
तदा क्रोधोद्धताः सर्वे, भूपालाः पूर्ववर्णिताः । युगपत्समापतन् पार्थे, वर्षंति बाणधोरणीं ।।
दशानामपि शत्रूणां, भूपानां शरवर्षणैः । धनंजय इवाकार्षी—दुपद्रवं धनंजयः ।।१२।।
युधिष्ठिरमहेशस्य, स्यंदने संस्थितं ध्वजं । शल्यः शल्यमिवादूरं, पातयामास मार्गणैः ।।१३।।

तदौषधविधानाय युधिष्ठिरोऽपि भूपतिः । शल्यस्यापि चकर्त्ताशु, कोदंडकलितान् शरान् ।।
अपरं कार्मुकं क्रोधा-दादाय शल्यपार्थिवः । वेगादाच्छादयामास, धर्मपुत्रं शिलीमुखैः ।।१५।।
विद्युज्झात्कारसंकाश-मितः पार्थः शिलीमुखं । शल्यं प्रति मुमोचाशु, तेन सोऽपि गतो मृतिं ।।
जीवरक्षाकृतेऽनश्यन्, भूपालाः पार्श्ववर्तिनः । सेव्यसेवकता ताव-द्यावज्जीवस्य रक्षणं ।१७।
आरोपितगदः स्कंधे, भीमो दुर्योधनेशितुः । बंधु दुरोदरव्याज-जयं संस्मारयन्नहन् ।।१८।।
मायायुद्धविधानेन, गांधारेण नियोधितः । मुमोच सहदेवाख्यो, मार्गणं जीवनाशनं ।।१९।।
प्राप्तमेव शरं पृष्टात्, स्यंदने शकुनेरपि । दुर्योधनऽच्छेत्सी-च्छलेन तीक्ष्णपत्रिणा ।।२०।।
माद्रीसुतस्तदाचख्यौ रे दुर्योधनपापधीः । संग्रामेऽपि तवाऽप्येनं एव प्रवर्त्तते बलं ।।२१।।
भव्यं जातं युवां प्राप्तौ भूयः कपटकंटकौ । युगपद् घातयिष्यामि वियोगं कर्तुमक्षमः ।।२२।।
उक्त्वेति सहदेवेन, देवेनेव बलीयसा । बाणा मुमुचिरे तैस्तु, दुर्योधनस्तिरोदधे ।।२३।।
तेनापि तीक्ष्णबाणानां, प्रक्षेपेण धनुश्छिदा । विद्राविलोऽपि माद्रेयो, न मनागप्युपद्रुतः ।।२४।।
पुनः सोऽप्यमुचद् बाणं, मंत्रमंत्रितमर्चितं । प्राणिनां प्राणनाशाय, धर्मराजशरोपमं ।।२५।।
अंतरालादपि छित्वा, तीक्ष्णेन गरुडेषुणा । दूरीचक्रे तन्माहात्म्यं, धनंजयेन धन्विना ।।३१।।
दुर्योधनमहीशस्य, पक्षपातविधित्सया । शकुनिर्धनुरारोप्य, ववर्ष शरमंडलीः ।।३२।।
शकुनेरपि च छित्वा, मार्गणान्सहदेवकः । सूतं शकुनिवद्रथ्या-नुड्डाप्य तच्छिरोऽच्छिदत् ।।
दिवाकरकरैस्तीक्ष्णै-रिवातिनिशितायुधैः । निशाबल उलूकोऽपि, नकुलेनोपदुद्रुवे ।।३४।।
उलूकोऽपि दिवा पश्यन्, नष्ट्वा दुर्मर्षणेशितुः । स्यंदने गतवांश्चित्रं, विद्रुता अपरेऽपि षट् ।।
नंष्ट्वा दुर्योधनं भूपं, तं ते षडपि शिश्रियुः । मिलित्वा तैर्महीशैश्च, पार्थेन सोऽप्ययुद्धचत ।।
बलदेवसूतैः प्राच्यैर्युक्तश्चक्रीव फाल्गुनः । वाहिनीं भंजयामास, कुरुदेशेशितुः शरैः ।।३७।।
दुर्योधनावनीभर्तु-र्गजानंधान् प्रकुर्वता । धनंजयेन बाणेन, व्यापादितो जयद्रथः ।।३८।।
बलादाकर्णमाकृष्ट-कोदंडः कर्णराट् तदा । दधावे वेगतः पार्थ-जिघांसया दयोज्झितः ।।
शरीरकंदकेनोच्चै-र्विशालखड्गयष्टिना । रममाणावपश्यंस्तौ, कर्णपार्थौ सुरा अपि ।।४०।।
भंक्त्वानेकरथान् वीरान्, शस्त्रमात्रसमन्वितः । कर्णो विलोडयामास, यादवानां च वाहिनीं ।।
सिंहनादेन भीमश्च, शंखनादेन फाल्गुनः । चक्रतुः शत्रुसेनायां, क्षोभनां महतीं तदा ।।४२।।
दुर्योधननृपोऽधाव-दादाय हस्तिनां घटां । वधाय भीमसेनस्य, समुद्यतः क्रुधाकुलः ।।४३।।
रथ्यान् रथ्यैर्हयैरश्वान्, मतंगजैर्मतंगजान् । भीमो दुर्योधनं सैन्य-मिति सर्वमयोधयत् ।।४४।।
युद्धयमानोऽपि तैः सार्ध-मेव भीमः पराक्रमात् । न संग्रामरसं पूर्णी-चकार द्यूतकेलिवत् ।।
तदा दुर्योधनो मानी, स्वयमाश्वास्य सैनिकान् । चचाल गंधहस्तीव, भेत्तुं भीमबलद्विपान् ।।
तौ पारावारकल्लोला-विव ह्यास्फालनं मिथः । जनयंतौ जयं भीम-स्तं निहत्योपलब्धवान् ।।

**हते दुर्योधने तस्य, सैनिकाः स्वामिवर्जिताः । भेजुर्हिरण्यनाभाख्यं, सेनानीत्वेन विश्रुतं ।४८।**

સમુદ્રવિજયે શત્રુના સેનાપતિ હિરણ્યનાભને, સ્તિમિતે માલવનરેશ ભદ્રકને, અક્ષોભ્યધૈર્યવાન અક્ષોભ્યે વસુસેનને, સાગરે મિત્રપુર નરેશ મિત્રેશ્વરને, લક્ષ્મીવાને ધૃષ્ટને, હિમવાને અર્થીઓના દાતા દ્યુમ્નને, ધરણેન્દ્ર જેવા તેજસ્વી ધરણે અંબરાષ્ટકને, ઇન્દ્રસમાન અભિચન્દ્રે શતધન્વાને, લોકનાં કલ્યાણકારક પૂરણે દ્રૌપદ રાજાને, સત્યનેમિએ મહાપદ્મને. સુનેમિએ કુંભિભોજકને, દ્રઢનેમિએ શ્રીદેવને ક્ષણમાત્રમાં નિઃશસ્ત્ર કરી દીધા. અને તેમને શરણે લાવ્યા, તેમજ બીજા પણ પરાક્રમી યાદવોએ શત્રુ સેનાના અન્ય સુભટોને ઘાયલ કરી બંદીવાન બનાવ્યા. ચાલી રહેલા ભયંકર સંગ્રામમાં ભીમ, સુવર્ણની કાંતિસમાન અર્જુન, શ્વેત દાંતોની પંક્તિથી શોભતા રામ (બલભદ્ર) નો 'શ્વેતવદન' નામનો પુત્ર અને બલભદ્ર....આ બધા ધૃતરાષ્ટ્રના પુત્રોના સૈન્યનું વિદારણ કરતા હતા ત્યારે તે ધૃતરાષ્ટ્રના પુત્રો વાયુથી કંપાયમાન થયેલાં પાંદડાઓની જેમ ધ્રૂજતા હતા. પક્ષીઓની જેમ ચારે બાજુથી બાણોની વર્ષાથી આકાશ આચ્છાદિત થઈ ગયું. તે જાણે વાદળોથી ઘેરાયેલા દુર્દિનમાં જેમ મેઘના બિંદુઓ પડતા હોય તેમ ધડાધડ પડતા બાણોની વર્ષા લાગતી હતી. જ્યારે અર્જુને પોતાનું ગાંડીવ ધનુષ્યને ખેંચીને બાણો છોડયા ત્યારે શત્રુઓના હાથના સ્થાને હાથ અને ધનુષ્યના સ્થાને ધનુષ્યો સ્તંભી જતાં હતાં. પોતાના બળથી ઉદ્ધત થયેલો પોતાની જાતને વિજેતા માનતો દુર્યોધન, અભિમાનથી હુંકારો કરીને યુદ્ધ કરવા માટે તત્પર થયો. યુદ્ધમાં શત્રુઓના માથાં, માથા વિનાના ધડ, છૂટા પડેલા હાથ પગના સમુહથી ત્રણ પ્રકારના જાણે ખાડા ના હોય, તેમ માથા, ધડ અને હાથપગના ઢગલા થયા. ચિત્રસેન, રામરાજ, જયદ્રથ, સૌવીરરાજા, સૂરસેન, જયસેન અને સોમક આદિ રાજાઓ સાથે મળીને બાણાવળી અર્જુનની સાથે યુદ્ધ કરવા લાગ્યા. શકુનિ સહદેવની સાથે, દુઃશાસન ભીમની સાથે, ઉલુક નકુલની સાથે, શલ્યક યુધિષ્ઠિરની સાથે, સત્યાંક દ્રુપદની સાથે, રાહુલ ભૌપલની સાથે તેમજ શત્રુભાવને ધારણ કરનારા બીજા રાજાઓ કૃષ્ણના પુત્રોની સાથે ભયંકર યુદ્ધ ખેલી રહ્યા હતા. અર્જુને દુર્યોધન આદિ રાજાઓના બાણોની પંક્તિને પોતાના બાણોથી છેદી નાખી, તેમજ દુર્યોધનના સારથિ અને રથને પણ ક્ષણમાત્રમાં ભાંગી નાખ્યાં. ત્યારે ક્રોધાયમાન થયેલા બધા રાજાઓએ એકીસાથે અર્જુન ઉપર બાણોનો વરસાદ વરસાવ્યો. તે દશે શત્રુરાજાઓના બાણોને અગ્નિની જેમ અર્જુને ભસ્મીભૂત કરી નાખ્યા. શલ્યરાજાએ યુધિષ્ઠિરરાજાના રથ ઉપર રહેલી ધ્વજાને બાણોથી ઉડાડી મૂકી. ત્યારે યુધિષ્ઠિરરાજાએ પણ જાણે શલ્યની ચિકિત્સા કરતા ના હોય તેમ, શલ્યરાજાના ધનુષ્યબાણોને છેદી નાખ્યાં. ત્યારે ક્રોધાયમાન થયેલા શલ્યરાજાએ બીજા ધનુષ્યબાણ લઈ ને વેગપૂર્વક બાણોની વર્ષાથી યુધિષ્ઠિરને ઢાંકી દીધા. તે જોઈને અર્જુને વિજળીના ઝબકારાની જેમ શલ્ય ઉપર 'શક્તિ' નામના શસ્ત્રને મૂકયું. તેથી ત્યાંને ત્યાં જ શલ્ય મરણને શરણ થયો. ત્યારે શલ્યરાજાની રક્ષા માટે પડખે રહેલા બીજા રાજાઓ પોતાના જીવનની રક્ષા માટે ત્યાંથી નાશી છૂટયા. **ખરેખર સેવ્ય-સેવકભાવ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી જીવિત હોય છે.** દુર્યોધનનો બંધુ દુઃશાસન કે જે વારંવાર જુગારમાં હારી ગયેલા પાંડવોને યાદ કરાવી કરાવીને ચીડવતો હતો, તે દુઃશાસનને ભીમે ગદાનો પ્રહાર કરીને માર્યો. કપટયુદ્ધ કરવામાં કુશલ એવા (શકુનિ) ગાંધાર ઉપર સહદેવે જીવિતને નાશ કરનારૂં બાણ મૂકયું. શકુનિના રથમાં પાછળથી આવતા તે બાણને દુર્યોધને તીક્ષ્ણ છરીથી છેદી નાખ્યું. ત્યારે

માદ્રીપુત્ર સહદેવે કહ્યું:-'હે પાપબુદ્ધિ દુર્યોધન, સંગ્રામમાં પણ તારૂં અને શકુનિનું કપટ ચાલે છે? બહુ સારૂં થયું કે તમે બંને કપટકંટકો સાથે મળીને આવ્યા છો. એટલે તમારે એક બીજાનો વિયોગ સહન નહીં કરવો પડે. હું તમારા બંનેનો એકીસાથે જ ઘાત કરીશ.' એમ કહીને દેવસમાન બલવાન સહદેવે બાણોની વર્ષાથી દુર્યોધનને ઢાંકી દીધો. દુર્યોધને પણ તીક્ષ્ણ બાણોથી સહદેવના ધનુષ્યને છેદી નાખ્યું. છતાં સહદેવ જરા પણ વિચલિત થયો નહીં. ફરીથી દુર્યોધને મંત્રથી અભિમંત્રિત યમરાજના બાણ સમાન જીવિતને નાશ કરનારૂં ભયંકર બાણ સહદેવ ઉપર મૂક્યું. પરંતુ તેને અર્જુને 'ગરૂડ' નામના તીક્ષ્ણ બાણથી વચમાં જ છેદી નાખ્યું. દુર્યોધનના પક્ષપાતને કરનારા શકુનિએ ધનુષ્ય ચઢાવીને બાણોની વર્ષા કરી. સહદેવે શકુનિના બાણોને છેદી તેના રથને પક્ષીની જેમ ઉડાડીને શકુનિનો શિરચ્છેદ કરી નાખ્યો. રાત્રિ એ જ બલ છે જેનું, એવો ઘુવડ જેમ સૂર્યના તીક્ષ્ણ કિરણોને સહી શકતો નથી, તેમ ઉલુકરાજા નકુલના તીક્ષ્ણ બાણોને નહીં સહી શકવાથી, દિવસે જોતો છતાં ત્યાંથી નાશીને દુર્મર્ષણરાજાના રથમાં ગયો. ત્યાં પણ નકુલે બીજા છ રાજાઓને ત્રાસ પોકરાવી દીધો. તે છએ રાજાઓ ભાગીને દુર્યોધનના શરણે ગયા. હવે તે છએ રાજાઓને સાથે લઈને દુર્યોધન, અર્જુનની સાથે યુદ્ધ કરવા માટે આવ્યો. પરાક્રમી બલદેવના પુત્રોની સાથે ચક્રવર્તી સમાન અર્જુને બાણોની વર્ષાથી દુર્યોધન રાજાની સેનાને છિન્નભિન્ન કરી નાખી. આ પ્રમાણે દુર્યોધન રાજાના હાથીઓને અંધ કરતા અર્જુને બાણોથી જયદ્રથને મારી નાખ્યો. ત્યારે ધનુષ્યને કાન સુધી ખેંચીને નિર્દય કર્ણરાજા વેગથી અર્જુનને મારવાની ઈચ્છાથી દોડયો. શરીરને દડાની જેમ ઉછાળતા, વિશાલ ખડ્ગ (તલવાર) અને બાણો વડે યુદ્ધ કરતા, કર્ણ અને અર્જુનને જોઈને દેવો પણ વિસ્મિત બની ગયા. શસ્ત્ર સરંજામથી સહિત એવા યાદવોના અનેક રથોને ભાંગીને કર્ણે યાદવોની સેનામાં હાહાકાર વર્તાવી દીધો. ત્યારે ભીમે સિંહનાદથી અને અર્જુને શંખનાદથી શત્રુની સેનાને ક્ષોભ પમાડી દીધો. દુર્યોધન હસ્તિસેના લઈને ભીમસેનને મારવા માટે આવ્યો. ત્યારે રથો રથોની સાથે, હાથીઓ હાથીઓની સાથે અને અશ્વો અશ્વોની સાથે આથડી પડયા. દુર્યોધન અને ભીમસેનનું ભયંકર યુદ્ધ થયું. દુર્યોધનની સાથે યુદ્ધ કરતા ભીમે પરાક્રમથી દુર્યોધનના સૈનિકોનો દ્યુતક્રીડાની જેમ સંગ્રામરસ પૂરો કર્યો નહી. અર્થાત્ દુર્યોધનનું સૈન્ય છિન્ન ભિન્ન કરી નાખ્યું. ત્યારે અભિમાની દુર્યોધને પોતાના સૈનિકોને આશ્વાસન આપ્યું અને તે ભીમસેનના હાથીઓને ભેદવા માટે ગંધહસ્તિની જેમ સામો આવ્યો. દુર્યોધન અને ભીમસેન બંને સમુદ્રના મોટા મોટા તરંગોની જેમ પરસ્પર એકબીજા સાથે અથડાયા. ભીમે દુર્યોધનને ઘાયલ કરી દીધો. ત્યારે ભીમસેનનો જયજયકાર થયો. પોતાના સ્વામિ દુર્યોધનના વધથી સ્વામિ વિનાના બનેલા તેના સૈનિકો હિરણ્યનાભ નામના સેનાપતિના શરણે આવ્યા.

**वामदक्षिणपक्षस्थाः, पांडवा यादवा अपि । सेनानीशमनाधृष्णिं, शिश्रियुः सेवका इव ।४९।**

**राजा हिरण्यनाभोऽथ, डुढौके प्रेरितो रुषा । सेनानीस्वामितामानं, दधानो भापयन् यदून् ॥**

**अभ्यधादभिचंद्रस्तं, तदा रे मूढ दुर्मते । यदून् भापयसि त्वं किं, स्वबाहुबलगर्वितः ॥५१॥**

**इत्युक्ते सह तेनैव, लग्नः समरकर्मणे । हिरण्यनाभभूपालो, व्यकिरच्छरसंहतीः ॥५२॥**

**विचालादपि चिच्छेद, तां फाल्गुनः शरैर्निजैः । पुंसां ह्यपदशायोगे, क्षीयते सकलं बलं ।५३।**

**पार्थस्यापि विघाताय, स मुमोच शिलीमुखान् । भीमस्तु गदया शीघ्रं, चूर्णयामास तानपि ॥**

अत्यद्भुतबलोऽप्युच्चै–र्हिरण्यनाभभूपतिः । बाणानुग्रान् प्रचिक्षेप, भीमस्यापि शिरच्छिदे ॥
तैर्नातिष्ठन् रथी सादो, निषादी वाजिपत्तयः । महत्यामपि सेनायां, यदूनां बलगर्विणां ॥
द्रुधावी जयसेनाख्यो, हिरण्यग्रहणेच्छया । दधावे धनुराकृष्य तदर्थं को न धावति ॥५७॥
किं बालमिव मे वक्त्रं, निरीक्ष्यसे ब्रुवन्निति । सारथिं जयसेनस्य, हिरण्यनाभकोऽवधीत् ॥
जयसेनाभिधानोऽपि, हिरण्यनाभभूभुजः । कोदंडं च रथं चैव, सारथिमप्यघातयत् ॥५९॥
हिरण्यनाभको मुक्त्वा, दारुणान् दश मार्गणान् । मस्तकं जयसेनस्य, चिच्छेद खेदखेदितः ॥
महीजयस्तदा क्रुद्ध, सहोदरविघातनात् । पाणौ कृपाणमुद्यम्या–धावतारिवधाय च ॥६१॥
तस्यैव धावतो वक्षः–स्थले क्षिप्त्वा शिलीमुखं । चकर्ष भूपतिर्वैरि–जीवं शल्यमिवात्मनः ॥
मारणाद् द्वयपुत्रस्या–नाधृष्णिः प्रतिघारुणः । हिरण्यनाभपाताया–धावत्खड्गादिपूरितः ॥
जरासंधमहीशस्या–न्येऽपि भूपाः पृथक्पृथक् । पार्थादिपांडवैश्चापि, यदुभिर्युद्धमाचरन् ॥६४॥
कामरूपाभिधे देशे, नायकत्वेन विश्रुतं । भगदत्तं गजारूढं, महानेमिरधावत ॥६५॥
तदोचे स व भ्रातु–र्नाहं श्यालोऽस्मि रुक्मिराट् । किंतु नारकवत्तेऽहं खंडखंडंकरोऽस्म्यहं ॥
उक्त्वेति प्रेरयंस्तस्य, सन्मुखं हस्तिनं निजं । मंडलेन महानेमि–स्ततस्तं भ्रामयद्रथं ॥६७॥
द्विपः पादतले बाणै–र्निहतो न्यपतत्तदा । तेनाथ भगदत्तोऽपि, पपात पृथिवीतले ॥६८॥
रुक्मी नासीति तं स्मित्वा, कोट्या च धनुषः स्पृशन् । महानेमिर्व्यमुंचत्तं, नोत्तमोऽभिभवाप्तिकृत्
भूरिश्रवःसत्यकिभ्यां, कुर्वद्भ्यां दारुणं रणं । तत्र सत्यकिना भूरि–श्रवा अबद्धयत द्रुतं ॥
दृढमप्यानयेद्बन्ध–कर्णांतं सबलो यथा । पृष्टे कंठं समानीय, सत्यकिर्निजघान तं ॥७१॥
इतो हिरण्यनाभस्य, जीवमादातुमुत्सुकः । अनाधृष्णिः स्वबाणेना–दितस्तद्धनुरच्छिदत् ॥७२॥
क्रुद्धेन मुमुचे तेन, शरो घातविधायकः । अंतरा छेदितः सोऽपि, तेन वैर्यभिभूतिना ॥७३॥
विकरालां ततो ज्वालां, विनिर्गतां समंततः । सतीक्ष्य तामनाधृष्णिः, पादाभ्यामेव धावितः ॥
विचाले केशवज्येष्ठ–सहोदरोऽपि भूरिशः । दर्शनार्थं स्वकीयस्य, बलस्य तमखेदयत् ॥
अनाधृष्णिरपि ज्ञात्वा, सभयं शत्रुघातनं । तदा हिरण्यनाभस्य, चक्रेंगं जीववर्जितं ॥
हते हिरण्यनाभेशे, तत्सैन्यवर्त्तिनो नृपाः । जरासंधस्य शरण—मुररीचक्रिरेतरां ॥७७॥
जाने तेनैव दुःखेन मार्तंडोऽप्यस्तमाप्य च । मृतस्नानमिवाधातुं, ममज्ज पश्चिमांबुधौ ॥७८॥
लब्ध्वा जयमनाधृष्णिः, पांडवैः पूजितक्रमः । जगाम केशवोपांते, तेनापि स प्रपूजितः ॥७९॥

ગરૂડવ્યૂહની ડાબી અને જમણી પાંખમાં રહેલા પાંડવો અને યાદવો સેવકોની જેમ સેના-પતિ અનાધૃષ્ણિને આશ્રયીને રહ્યા. જરાસંધનો સેનાપતિ હિરણ્યનાભ રાજા, પોતાના સેનાધિ-પતિ તરીકેના અભિમાનથી યાદવોને જાણે ડરાવતો ના હોય તે રીતે રોષથી આગળ આવ્યો, ત્યારે અભિચન્દ્રે કહ્યુ:- 'રે મૂઢ, દુર્મતિ, તું તારા મનમાં શું સમજે છે? શું તારાથી યાદવો

ગભરાઈ જવાના છે? તારા બાહુબલથી ગર્વિત થયેલો તું, આવી જા મારી સામે, જોઉં તારૂં બળ કેટલું છે?' એમ કહીને અભિચન્દ્ર હિરણ્યનાભની સાથે યુદ્ધમાં ઉતર્યો. હિરણ્યનાભે બાણોના વરસાદથી અભિચન્દ્રને આચ્છાદિત કરી નાખ્યા. પરંતુ અર્જુને પોતાના બાણોથી વચમાં જ તેના બાણોને છેદી નાખ્યાં. (ખરેખર, માણસોની અવદશા હોય ત્યારે તેનું સઘળુ બળ પણ ક્ષય પામે છે.) ત્યારે હિરણ્યનાભે અર્જુનનો વધ કરવા માટે તેના તરફ તીક્ષ્ણ બાણો છોડયાં. તેને વચમાંથી ભીમે ગદાથી ચૂર્ણ કરી નાખ્યા. બલવાન એવો હિરણ્યનાભ સેનાપતિ ભીમને મારવા માટે જે જે બાણો ફેંકતો હતો. તે બધાને ભીમ ગદાથી ચૂર્ણ કરી નાખતો હતો. બલગર્વિત યાદવોની મોટી સેના હોવા છતાં, હિરણ્યનાભની બાણવર્ષા આગળ રથિકો, ઘોડેસ્વારો, મહાવતો કે કોઈ સૈનિકો ટકી શકયા નહી. ત્યારે જયસેન હિરણ્યને પકડવાની ઇચ્છાથી ધનુષ્ય ખેંચીને તેની સામે આવ્યો. 'બાલકની જેમ શું મારૂં મોઢુ જોઈ રહ્યો છે?' એમ બોલતા હિરણ્યનાભે જયસેનના સારથિને મારી નાખ્યો. જયસેને પણ હિરણ્યનાભરાજાના ધનુષ્યને, રથને અને સારથીને હણી નાખ્યાં. ત્યારે રોષે ભરાયેલા હિરણ્યનાભે એકીસાથે ભયંકર દશ બાણોને મૂકીને જયસેનનું મસ્તક છેદી નાખ્યું. ત્યારે પોતાના ભાઇના વધથી ક્રોધે ભરાયેલો મહીજય હાથમાં કૃપાણ (તલવાર) ઉગામીને હિરણ્યનાભને મારવા માટે દોડયો. પરંતુ હિરણ્યનાભે દોડતા મહીજયની છાતીમાં તીક્ષ્ણ બાણ માર્યું અને ત્વરાથી મહીજયના પ્રાણની સાથે છાતીમાંથી બાણને ખેંચી કાઢ્યું. બંને ભાઈઓના મરણથી ક્રોધાતુર બનેલો અનાધૃષ્ણિ, હિરણ્યનાભને મારવા માટે તલવાર આદિ શસ્ત્રો લઇને દોડયો. જરાસંધના બીજા રાજાઓએ પણ અર્જુન આદિ પાંડવો સાથે અને યાદવોની સાથે ભયંકર યુદ્ધ આરંભ્યું. કામરૂપ દેશનો અધિપતિ ભગદત્ત હાથી ઉપર આરૂઢ થઇને મહાનેમિ સાથે યુદ્ધ કરવા માટે આવ્યો અને બોલ્યોઃ-'અરે, હું તારા ભાઈનો સાળો રૂકિમરાજ નથી. તેથી નારકની જેમ તારા શરીરના ટુકડે ટુકડા કરી નાખીશ.' આ પ્રમાણે બોલીને પોતાના હાથીને મહાનેમિની સન્મુખ લાવ્યો. ત્યારે મહાનેમિએ પોતાના રથને હાથીની આસપાસ ભમાવીને બાણોથી હાથીના પગ છેદી નાખ્યા. ભગદત્ત જમીન પર પટકાયો. 'તું રૂકિમ નથી.' એમ હસી તેના ધનુષ્યબાણને છેદી નિઃશસ્ત્ર કરીને છોડી મૂકયો. 'ખેર, ઉત્તમપુરૂષો નીતિને અનુસરનાર હોય છે' ભુરિશ્રવા અને સત્યકિનું ભયંકર યુદ્ધ થયું, તેમાં સત્યકિએ ભુરિશ્રવાને બંદીવાન બનાવ્યો. ધનુષ્યની પણછ ખેંચી. તેની ડોક મરડીને ભુરિશ્રવાનો વધ કર્યો. આ બાજુ બંધુઓના વધથી હિરણ્યનાભનો જીવ લેવા માટે ઉત્સુક થયેલા અનાધૃષ્ણિએ, પોતાના બાણોથી હિરણ્યનાભના ધનુષ્યને છેદી નાખ્યું. પરાક્રમી એવા હિરણ્યનાભે પણ અનાધૃષ્ણિના બાણોને વચમાંથી જ છેદી નાખ્યાં. ચારેબાજુ ભયંકર જ્વાલાઓને વર્ષાવતા હિરણ્યનાભને જોઇને અનાધૃષ્ણિ પગે ચાલીને તેની સામે દોડયા. પોતાનું પરાક્રમ દેખાડવા માટે દોડતા આવતા અનાધૃષ્ણિને જોઇને હિરણ્યનાભ ભયથી ધ્રૂજી ઉઠયો. એ તકનો લાભ લઇ અનાધૃષ્ણિએ તલવારથી હિરણ્યનાભના અંગને નિર્જીવ બનાવી દીધું. અર્થાત્ તેનો શિરચ્છેદ કર્યો. હિરણ્યનાભ સેનાપતિ હણાવવાથી તેના સૈન્યમાં રહેલા રાજાઓએ જરાસંધનું શરણ સ્વીકાર્યું. હિરણ્યનાભ રાજાના મૃત્યુથી જાણે દુઃખી થયો હોય તેમ સુર્ય પણ અસ્ત પામી ગયો. મૃતસ્નાન કરવા માટે જાણે પશ્ચિમસમુદ્રમાં ગયો ના હોય!

વિજય પ્રાપ્ત કરીને આવેલા અનાધૃષ્ણિને પાંડવોએ સત્કાર્યા. તેમજ વિષ્ણુ પાસે લઈ ગયા. ત્યાં કૃષ્ણ આદિ યાદવ રાજાઓએ પણ અનાધૃષ્ણિને ખૂબ શાબાશી આપી.

सर्वेऽपि मानिता अन्ये, प्रौढप्रोल्लाससंयुताः । बलं निजं निजं जग्मु—र्नारायणनिदेशतः ॥८०॥
जरासंधमहीशोऽथ, महतामपि भूभुजां । क्षयं ज्ञात्वा शिशुपालं, सेनापतिं या व्यधात् ॥
जरासंधो जगद्भर्ता, कृत्वाग्रे शिशुपालकं । यदूनाकारयज्जीर्ण—पंचास्य इव कुंजरान् ॥
वृद्धत्वात्तं बलक्षीणं, ज्ञात्वा तेऽप्यागमन् द्रुतं । जरासंधस्तदाप्राक्षी—द्धंसकं वृद्धधीसखं ।८३।
मंत्रिन्नत्र प्रवर्त्तेते कौ बलदेवकेशवौ । तेन तौ दर्शितौ तस्या—प्रेरयत्सन्मुखं रथं ॥८४॥
तमागच्छंतमालोक्य, दशापि सान्वतांगजाः । द्रुतं च द्वादशांभोदा, इवावर्षन् सरोदकं ।८५।
शिशुपालोऽथ कृष्णस्या—भिमुखं स्यंदनं स्वकं । नीत्वा मुमोच कोपेन, शिलीमुखाननेकशः ॥
कृष्णेन शिशुपालस्य, बाणोऽमुच्यत लीलया । छिन्नास्तेनैव कोदंड—रथसारथिमौलयः ।८७।
जरासंधसुता अष्टा—विंशतिर्बलदुस्सहाः । रामेण सह युद्धायो—द्यताः समभवन् द्रुतं ।८८।
युद्ध्यमानेन तेनापि, मार्गणैरतिदारुणैः । निहत्य प्राषिता धर्म—राजमंदिरमीक्षितुं ।८९।
स्कंधोध्धुरान्मृतान् पुत्रान् समीक्ष्य मगधाधिपः । पुत्रान् संकर्षणस्यापि, प्रभूतान्निजधान च ॥
मस्तके बलदेवस्य, गदाप्रहारमुत्कटं । स मुमोच पुनस्तेन, सोऽपि मूर्छामवाप्तवान् ॥९१॥
रामजिघांसुना राज्ञा, जरासंधेन विग्रहं । कपिध्वजोंतराकर्षी—त्सुभटः कटके हरेः ॥९२॥
पतंतं मूर्छया ज्येष्टं, भ्रातरं वीक्ष्य केशवः । निजघान जरासंघ—पुत्रानेकोनसप्ततिं ।९३।
सुतान् सप्ततिमेकोनां, मृतान्निपतितान् भुवि । दृष्ट्वा प्रद्योतनोद्योतः, खद्योत इव भूतवान् ॥
निदेशं स्वामिनोः प्राप्य, स्वस्थानं सैनिका अपि । प्रयाता विरता युद्धा—द्रात्रो स्यात्समरो न हि ।

યુદ્ધમાં જે જે સુભટોએ પોતાની શૂરવીરતા બતાવેલી તે બધાના નારાયણની આજ્ઞાથી સત્કાર અને સન્માન કરવામાં આવ્યાં. જગતના સ્વામિ જરાસંધે પોતાના પક્ષના મોટા રાજાઓનો ક્ષય જાણીને શિશુપાલની મુખ્ય સેનાપતિ તરીકે નિમણુંક કરી. વૃદ્ધ થઇ ગયેલા સિંહની જેમ હુંકારો કરીને, યાદવોરૂપી કુંજરોને યુદ્ધમાં આહ્વાન આપ્યું. વૃદ્ધ હોવાથી ક્ષીણ પરાક્રમી જરાસંધને જાણીને, યાદવો પણ યુદ્ધ કરવા માટે તત્પર થયા. ત્યારે જરાસંધે વૃદ્ધ મંત્રી હંસકને પૂછયું:–'મંત્રી, એ બલદેવ અને કૃષ્ણ કોણ છે?' મંત્રીએ ઇશારાથી બતાવ્યા. તરત જ જરાસંધે રામકૃષ્ણ સામે પોતાના રથને દોડાવ્યો, જરાસંધનો રથ આવતો જોઇને બલભદ્રના દશ પુત્રોએ બારે મેઘ તૂટી પડે તેમ ધડાધડ બાણોની વર્ષા કરી. શિશુપાલે કૃષ્ણની સન્મુખ પોતાના રથને લઇ જઇને ક્રોધથી કૃષ્ણ ઉપર અનેક બાણો છોડયાં. કૃષ્ણે શિશુપાલ ઉપર એક બાણ એવું છોડયું કે શિશુપાલના રથ, ધનુષ્ય અને સારથિનું મસ્તક છેદાઇ ગયું. જરાસંધના અઠ્ઠાવીશ બલવાન પુત્રો બલભદ્રની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. બલભદ્રે અતિ ભયંકર બાણોથી હણીને એ અઠ્ઠાવીશ પુત્રોને યમસદનમાં પહોંચાડી દીધા. સ્કંધની ધુરાને વહન કરનારા અઠ્ઠાવીસ પુત્રોને મરાયા જોઈને રોષાતુર બનેલા જરાસંધે બલભદ્રના ઘણા પુત્રોને મારી નાખ્યા. અને બલભદ્રના મસ્તક ઉપર ગદાનો ઉત્કટ પ્રહાર કર્યો. જેથી બલભદ્ર મૂર્છિત થઇ ગયા. મૂર્છિત થયેલા બલભદ્રનો વધ કરવા માટે તૈયાર થયેલા જરાસંધને જોઇને કપિધ્વજ નામનો સુભટ બલભદ્રના શરીરને તરત જ કૃષ્ણની શિબિરમાં (છાવણીમાં) ઉઠાવી લાવ્યો. મૂર્છિત થયેલા મોટાભાઈને

જોઈને રોષાતુર બનેલા કૃષ્ણે, જરાસંધના ૬૯ પુત્રોને મારી નાખ્યા. હણાઈને જમીન ઉપર પડેલા પોતાના ૬૯ પુત્રોના શબોને સૂર્યના પ્રકાશમાં જેમ ખજુઓ લાગે તેમ જરાસંધનું તેજ ઝાંખુ થઇ ગયું.

પોતાના રાજાઓની આજ્ઞાથી સૈનિકો યુદ્ધથી વિરામ પામી, પોત પોતાની છાવણીમાં ગયા. કેમ કે નીતિશાસ્ત્ર પ્રમાણે રાત્રિમાં યુદ્ધ થાય નહી.

अजेयानायुधैः शत्रून्, विज्ञाय मगधेश्वरः । दुःकर्मारिजये रात्रौ, दध्यौ निद्रोज्झितर्षिवत् ।।
उत्पन्नो ध्यायतस्तस्यो–पायो मुंचाम्यहं जरां । बलस्य सकलस्यापि काष्ठस्येव विधायिनीं ।।
रजन्यां चिन्तयित्वेति, मगधस्वामिना पुरा । आराधिता जरादेवो, मुक्ता सैन्ये वृषाकपेः ।९८।
श्रीमन्नेमिजिनं मुक्त्वा, बलभद्रं च माधवं । सान्येषामपि सर्वेषां, देहे शल्यमिवाविशत् ।९९।
जरां विनापि वृद्धत्वं, मूर्छां विनापि वा मृतिः । रागं विनापि रोगित्वं, तेषामंगेऽभवत्तया ।।
वस्त्रै रहिताः केचित् , स्रस्तरे बालका इव । धूल्याच्छादितदेहाश्च, केचिद् भिक्षाचरा इव ।।
वमंति रुधिरं केचि–ल्लालां केचित्कफं पुनः । पृथिव्यां पतिता एव, मूत्रयंति च केचन ।२।
प्रातर्निरीक्ष्य सैन्यानां, स्वरूपं च विरूपकं । कृष्णो ग्लानमुखः प्राह, नेमिनं जगदीश्वरं ।३।
भ्रातरत्र बलेऽभूवन् , ये सहस्रनियोधिनः । लक्षनियोधिनो ये च, तेषामपीदृशी गतिः ।।४।।
पीडया विधुरो रामो–ऽपरेषां सैन्यवर्त्तिनां । उज्ज्वले नयने श्वासो, मनाक् चेष्टेति जीविते ।।
वर्त्तते प्रतिपक्षोऽपि, दुःसाध्योऽस्माभिरंजसा । ज्ञात्वेत्यनंतशक्तिस्त्वं, रक्ष सैन्यं निजं रिपोः ।
एकाक्यपि यथा युद्धं, विधाय वैरिणा समं । वृणोमि विजयं शीघ्रं, यदेष दंभभाक् रिपुः ।।
नारायणवचः श्रुत्वा–वधिज्ञानानुभावतः । विचेष्टितं जरादेव्या, विज्ञायाऽवादि नेमिना ।८।
जरासंधेन मुक्तास्ति, तावके कटके जरा । तयेदं सकलं सैन्यं, विधुरं जातमस्ति हि ।।९।।
जयामि शत्रुमित्युक्तं, यत्त्वया तत्तु सूनृतं । जीवंतोऽपि मरिष्यंति, परमेते जरावशात् ।।
ततः प्रथममेतेषां, परिचर्यां द्रुतं कुरु । जगाद माधवो बंधो !, सा कथं प्रबोधियते ? ।११।
नेमिः प्रोवाच पाताले, धरणेंद्रजिनालये । आस्ते भविष्यतः पार्श्व–नाथस्य प्रतिमा शुभा ।।
उपवासैस्त्रिभिः कृत्वा, तमाराध्य त्रिभिर्दिनैः । तां मूर्त्तिं महिमान्वीतां, याचस्व सुखहेतवे ।।
तां ते दास्यति नागेंद्रः सम्यगाराधितस्त्वया । देवा आराधिता एव, भवंतीह सुखावहाः ।।
तस्याः स्नपननीरेण, कासश्वासजरादयः । नेत्रोदरांघ्रिरोगाश्च, प्रयांति क्षणमात्रतः ।।१५।।
तेनामीषामपि क्षिप्रं, दूरे जरा प्रयास्यति । सुष्टंश्च भविष्यति, सर्वेऽपि तव सैनिकाः ।१६।
तदा जनार्दनोऽजल्पत् त्रीन् वासरान सहोदर ! । रक्षिष्यति चमूमेनां, को जरापरिपीडितां ।।

जिनः प्रोधाच यावत्ते, ध्यानं पूर्णं भविष्यति । तावत्संरक्षयिष्यामि, तावकीं वाहिनीमिमां ।।
इति प्रोक्ते जिनेशेन, कृष्णः संतुष्टमानसः । पवित्रे स्थानकै ध्वान—चिकीर्षयैव संस्थितः ।।
जरासंध इतो ज्ञात्वा, जराग्रस्तं हरेर्बलं । चतुरंगबलान्वीत, आगाद्युद्धविधित्सया ।।२०।।
तस्मिन् वर्षति बाणौघा—ऽनवच्छिन्नप्रधारया । अंगारान् वर्षति चाभ्रं, किमित्याशंकितं नरैः ।।
अथ नेम्याज्ञाया दिव्यं, रथं संन्यस्य सर्वतः । मातलिर्भ्रामयामास, जलावर्त्तमिवानिलः ।२२।
त्रिजगद्व्यापिना शंख—शब्देनाखिलवैरिणां । त्रासं विधाय शक्रस्या—स्फालयद्भगवान् धनुः ।।
टणत्कारः कृतस्तस्य, यदा श्रीनेमिनार्हता । तदादधत बाधिर्यं,, जरासंधस्य सैनिकाः ।।२४।।
प्रक्षिप्ता धनुषा तेन, यदा जिनेन मार्गणाः । अशृण्वानास्तदा तेऽस्थु—र्बधिरा इव दूरतः ।२५।
बिभ्यंस्ते जरासंध—सैनिका मार्गणौघतः । दूरमेव स्थिताः सर्वे, प्राणरक्षाविधित्सया ।।२६।।
ततस्तेषां जिनेंद्रोऽपि, प्रभूतकरुणावशात् । चिच्छेद वर्मकोदंड—बाणान् पुनर्न जीवितं ।।२७।।

પોતાના પુત્રોની તેમજ સૈન્યની ખુવારીથી રાત્રિમાં નિદ્રા નહીં આવવાથી જરાસંધ વિચારે છે કે 'શત્રુઓ શસ્ત્રોથી કોઈ રીતે જીતી શકાય તેમ નથી. એના માટે બીજો કોઈ ઉપાય વિચારવો પડશે.' આમ વિચારતા યાદ આવી ગયુ કે 'શત્રુના સમસ્ત સૈન્ય ઉપર કાષ્ઠની જેમ મૃતઃપ્રાયઃ કરી નાખે એવી જરાવિદ્યાને મુકું. જેથી શસ્ત્ર વિના જ શત્રુસૈન્ય મરણને શરણ થઈ જશે.' આ પ્રમાણે રાત્રિમાં વિચારીને મગધપતિ જરાસંધે જરાદેવીની આરાધના કરી. પ્રસન્ન થયેલી જરાદેવીએ કૃષ્ણના ચતુરંગી સૈન્ય ઉપર જરાવિદ્યા મૂકી. ભગવાન નેમિનાથ, કૃષ્ણ અને બલભદ્ર આ ત્રણ સિવાય કરોડો સૈનિકોના શરીરમાં શલ્યની જેમ જરાનો પ્રવેશ થયો. જરાવિદ્યાના પ્રભાવથી જરા વિનાનું વૃદ્ધપણું, મરણ વિનાનું મરણ અને રોગ વિનાનું રોગીપણું, યાદવોના શરીરમાં અનુભવાવા લાગ્યું. કેટલાક બાલકની જેમ નિર્વસ્ત્ર બનીને, જમીન ઉપર આળોટવા લાગ્યા, કેટલાક ધૂળમાં જેમ તેમ પડી રહ્યા. કેટલાકના મુખમાંથી રૂધિરનું વમન થયું. કેટલાકના મુખમાંથી લાળ ટપકવા લાગી. કેટલાકને કફની પીડા થઇ તો કેટલાક સૈનિકોને ઝાડા-પેશાબ થવા લાગ્યા. પ્રભાતમાં શૂન્યશૂન્યાકાર એવી સૈન્યની કોઈ હિલચાલ નહી જોવાથી ગભરાયેલા કૃષ્ણ છાવણીમાંથી બહાર આવીને સૈન્યનું એકાએક આવું વિપરીત સ્વરૂપ જોઈને, મ્લાનમુખવાળા થઈ ગયા. ભગવાન નેમિનાથને કૃષ્ણે કહ્યું:- 'ભાઇ, આપણા સૈન્યમાં લક્ષયોધિ અને સહસ્રયોધિ યોદ્ધાઓ છે. તેઓની પણ કેમ આવી પરીસ્થિતિ થઇ? બલભદ્ર પણ પીડાઈ રહ્યા છે. બાકી સૈન્યમાં રહેલા તમામ સુભટોની આંખ ઉપરથી અને કંઇક ધીરા શ્વાસોશ્વાસ ચાલતા હોવાથી લાગે છે કે આ લોકો જીવિત છે, બાકી આપણા મહાયોદ્ધાઓમાં એક માખી ઉડાડવાની પણ શક્તિ લાગતી નથી. હવે મારાથી તો આ શત્રુ દુઃસાધ્ય લાગે છે. આપ અનંતશક્તિના ધારક છો, તો આપ શત્રુથી આપણા સૈન્યનું રક્ષણ કરો. શત્રુ દંભી લાગે છે. છતાં હું એકલો પણ શત્રુની સાથે યુદ્ધ કરીને, વિજયશ્રીને વરીશ. પરંતુ આપણુ આ સૈન્ય સારૂ કેવી રીતે થશે?' નારાયણના દીન વચન સાંભળીને નેમિકુમારે અવધિજ્ઞાનના પ્રભાવથી 'આ જરાવિદ્યાનું કામ છે.' એમ જાણીને કૃષ્ણને કહ્યું:- 'વિષ્ણુ, તમારા સૈન્ય ઉપર જરાસંધે જરાવિદ્યા મૂકી છે. તેથી સઘળું સૈન્ય વિધુર બની ગયુ છે. તમે કહ્યું કે 'હું એકલો શત્રુને જીતીશ.' એ

વાત સાચી છે, પરંતુ આ કરોડો જીવોના પ્રાણ હાલ મૂઠીમાં છે. જરાવિદ્યાથી સઘળું સૈન્ય જીવતુ હોવા છતાં મરણ પામશે જો ત્રણ દિવસમાં એની પરિચર્યા કરવામાં નહીં આવે તો. માટે બંધુ, સૌ પહેલા સૈન્યને બચાવવાનો પ્રયત્ન કરો.' કૃષ્ણે કહ્યુ :-'બંધુ, એની પરિચર્યા કેવી રીતે કરવી ?' નેમિકુમારે કહ્યું:- 'પાતાળલોકમાં ધરણેન્દ્રના જિનાલયમાં ભગવાન પાર્શ્વનાથની સુંદર પ્રતિમા છે. ત્રણ ઉપવાસ (અઠ્ઠમ) કરી, ત્રણ દિવસ ધરણેન્દ્રની આરાધના કરી, સુખશાંતિ માટે તેની પાસેથી મહિમાશાળી એવી મૂર્તિની માગણી કરો. સમ્યક્પ્રકારની આરાધનાથી પ્રસન્ન થયેલો નાગેન્દ્ર તમને તે મૂર્તિ આપશે. (કેમ કે દેવો સાધના કરવાથી પ્રસન્ન થાય છે.) તે પ્રતિમાનો એવો પ્રભાવ છે કે તેના સ્નાનજલથી ખાંસી, શ્વાસ, જરા, નેત્રરોગ, ઉદરરોગ કે હાથપગના રોગો, આ બધા ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે. તેથી પ્રતિમાના સ્નાનજલના પ્રભાવે જરાવિદ્યાનો નાશ થશે અને તારા બધા સૈનિકો સારા શરીરવાળા સ્વસ્થ બની જશે.' કૃષ્ણે કહ્યું:- 'બંધુ, ત્રણ દિવસ સુધી જરાથી જર્જરિત એવી આ સેનાનું રક્ષણ કોણ કરશે ?' નેમિકુમારે કહ્યુ:- 'જ્યાં સુધી તમારૂં ધ્યાન પૂર્ણ ના થાય ત્યાં સુધી સેનાનું હું રક્ષણ કરીશ. માટે ચિંતા કર્યા વિના તમે ધ્યાનમાં મગ્ન બની જાઓ.' ભગવાન નેમિનાથના વચનથી સંતુષ્ટ થયેલા કૃષ્ણ, પવિત્ર સ્થાનમાં નાગેન્દ્રની આરાધના માટે ધ્યાનમાં લીન બની ગયા. આ બાજુ જરાસંધ કૃષ્ણના સૈન્યને જરાગ્રસ્ત જાણીને હર્ષિત થયો. તે ચતુરંગી સેના સાથે યુદ્ધભૂમિમાં આવ્યો. અને ચારે તરફ સતત અંગારા સમાન બાણોની એકધારી વર્ષા ચાલુ કરી. ત્યારે ભગવાન નેમિકુમારની આજ્ઞાથી માતલિ સારથીએ પોતાનો દિવ્યરથ જલના આવર્તની જેમ ચારેબાજુ ઘૂમાવ્યો. નેમિકુમારે ત્રિભુવનમાં વ્યાપ્ત થનારો શંખનાદ કર્યો. તેમજ ઈન્દ્રધનુષ્યને ધરતી સાથે એવું પછાડયું કે તેના અવાજથી જરાસંધના સૈનિકો બહેરા બની ગયા, અને ઈન્દ્રધનુષ્યમાંથી બાણોનો વરસાદ વર્ષાવ્યો. ત્યારે બધિર બનેલા જરાસંધના સૈનિકો પોતાના પ્રાણોની રક્ષા માટે દૂર દૂર જઈને ઊભા રહ્યા. ત્યાર પછી કરૂણાના સાગર ભગવાન નેમિનાથે તે બાણોથી સૈનિકોના બખ્તરો, ધનુષ્યો તેમજ બાણોને છેદી નાખ્યાં. પરંતુ કોઈના ય પ્રાણ લીધા નહીં.

इतो रात्रौ तृतीयस्यां, ध्यानलीनस्य शार्ङ्गिणः । प्रत्यक्षमागता पद्मा-वती द्युतिमती द्रुतं ।।
पुरः स्थितां विभान्वीतां, तां निरीक्ष्य नरायणः । नत्वा च भक्तिसंयुक्तो, जगादेति प्रियं वचः ।।
धन्योऽहं सर्वमान्योऽहं, सुपुण्योऽहमथोऽभवं । जाता मे फलिताः कामा, वीक्षिता त्वं मयाद्य यत् ।।
अचिंत्यं तव महात्म्यं, देवि ! वर्णयितुं क्षमा । न देवा अपि जायंते, प्रभूतबलसंयुता ।।३१।।
तस्येति योग्यया स्तुत्या, संप्रीता देव्याभाषत । किमर्थं त्वयका ध्यान—योगेन संस्मृतास्म्यहं ।।
सोऽवोचद्यदि तुष्टासि, परमेश्वरि ! शक्तिभाक् । तर्हि श्रीपार्श्वनाथस्य, प्रतिमां मे समर्पय ।।
तस्याः स्नात्रस्य पानीयैः, सिक्त्वा सैन्यं जरार्दितं । सज्जीकरोमि शत्रुं च, जित्वा तां पूजयामि च
प्राज्यपद्मावती पद्मा—वती प्रीतिमती जगौ । सा मूर्तिः स्फूर्तिसंयुक्ता, नात्रागच्छेदतुच्छधीः ।।
तां मूर्तिमंतरेणैव, सज्जीकरोम्यहं यदि । समस्तमपि सैन्यं ते, चिंता का तर्हि केशव ! ।।३६।।
दुर्जेयमपि ते शत्रुं, जरासंधं निहन्म्यहं । अथवा नागपाशेन बध्ध्वानयामि ते पुरः ।।३७।।

यत्तुभ्यं रोचतेऽहं त—द्विदधामि क्षणादपि । तत्त्वं वद यथाभीष्टं, मूर्तिमाश्रित्य मा वद ।।
गोविंदोऽप्यवदद्देवि !, तत्सत्यं यत्त्वयोदितं । परमेवं कृतेऽस्माकं, माहात्म्यं न प्रवर्त्तते ।।
रिपोरपि चमत्कारो, न भीतिश्च प्रजायते । तामेव त्वं ततो देहि, देहि सौख्यविधायिनीं ।।४०।।
यथा तस्याः क्रमांभोज—क्षालनोदकसेचनैः । अहमेव समुत्थाप्य, सैन्यं करोमि विग्रहं ।।४१।।
तव देवि प्रसादेन, सकलैः सैनिकैः सह । घोरं विधाय संग्रामं, जयामि दुर्जयं रिपुं ।।४२।।
विष्णोरित्याग्रहेणैव, पद्मावत्यपि हृष्टहृत् । मूर्तिमानीय तामेव, शक्त्या दत्वा तिरोदधे ।४३।
कृष्णोऽपि पूजयित्वा तां, तस्याश्च चरणोदकैः । सिक्त्वौदस्थापयत्सैन्यं, निद्रोत्थितमनुष्यवत् ।।
तेनैव सेचनेनाशु, समुत्थितेऽखिले बले । कृष्णः प्रामुमुदत्तस्मा—त्पांचजन्यमवादयत् ।।४५।।

હવે ત્રીજા દિવસની રાત્રિમાં ધ્યાનમાં લીન બનેલા વિષ્ણુની આગળ કાન્તિમયી પદ્માવતી-દેવી પ્રત્યક્ષ થયાં. પ્રકાશમયી દેવીને જોઈને નારાયણે ભક્તિપૂર્વક નમસ્કાર કરીને પ્રિય શબ્દોથી સ્તુતિ કરી:–'હે દેવિ, આપના દર્શનથી આજે હું ધન્ય બન્યો છું. હું મહાપુન્યવંત બન્યો છું, હું સર્વમાન્ય બન્યો છું. આજે મારી બધી કામના સફલ થઈ. હે દેવિ, આપના અચિંત્ય પ્રભાવનું વર્ણન કરવા માટે ઘણા સમૃદ્ધિશાળી દેવો પણ સમર્થ નથી. તો મારા જેવો રંક માનવી આપની સ્તુતિ શું કરે?' નારાયણની આવી યોગ્ય સ્તુતિથી પ્રસન્ન થયેલી પદ્માવતી-દેવીએ કહ્યુ:–'માધવ, તેં મારૂં ધ્યાન શા માટે કર્યું? શા માટે મને યાદ કરી?' કૃષ્ણે કહ્યું:–'હે પરમેશ્વરિ, જો આપ મારા પર પ્રસન્ન થયા હોય તો ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા મને આપો. તે પ્રભાવશાળી મૂર્તિના સ્નાનજલને જરાથી પીડાયેલા મારા સૈન્ય ઉપર છાંટીને, સૈન્યને સજ્જ કરી શત્રુને જીતીને, હંમેશ પ્રતિમાનું પૂજન કરીશ.'

ત્યારે શ્રેષ્ઠ પદ્મ સમાન કોમલ પદ્માવતી દેવીએ પ્રીતિપૂર્વક કહ્યું:–'હરિ, પ્રભાવશાલિની એ મૂર્તિ તો અહીંયા ના આવી શકે. કેમ કે પ્રતિમા તો મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. તું કહે તો મૂર્તિ વિના જ તારા સમસ્ત સૈન્યને હું સજ્જ કરૂં. પછી તારે શું ચિંતા છે? અથવા તો તારા દુર્જય શત્રુ જરાસંધનો વધ કરૂં. અથવા તેને નાગપાશથી બાંધીને તારી આગળ લાવું. આ બધામાં તને જે યોગ્ય લાગે તે ક્ષણમાત્રમાં કરી આપું. તને જે ઇષ્ટ હોય તે કહે. બાકી મૂર્તિને આશ્રયીને કંઇ બોલીશ નહી.' ત્યારે ગોવિંદે કહ્યું:–'દેવિ, આપે જે કહ્યું તે સત્ય છે, પરંતુ એમ કરવાથી અમારૂં શું માહાત્મ્ય? શત્રુ ચમત્કારથી વશ થતો નથી. એને તો પોતાના પરાક્રમથી જ વશ કરવો જોઇએ. તેથી હે માતા, સુખને કરનારી એવી મૂર્તિ મને આપો. મારે બીજું કંઈ ના જોઇએ. અચિંત્ય પ્રભાવશાલિની એ પ્રતિમાના પ્રક્ષાલજલનું સિંચન કરીને મારા સૈન્યને ઉઠાડીશ, અને આપની કૃપાથી સકલ સૈન્યની સાથે ઘોર સંગ્રામ કરીને દુર્જય શત્રુનો નાશ કરીશ.' વિષ્ણુના અતિ આગ્રહને વશ થઈ હર્ષિત થયેલી પદ્માવતી દેવીએ પોતાની શક્તિથી ક્ષણમાત્રમાં મૂર્તિને લાવીને, કૃષ્ણને અર્પણ કરી અને તે અંતર્ધ્યાન થઈ ગયાં. હર્ષ પામેલા કૃષ્ણે મૂર્તિની ભાવભક્તિપૂર્વક પૂજા કરીને મૂર્તિના પ્રક્ષાલજલને સમસ્ત સૈન્ય ઉપર છાંટયું. છાંટતાની સાથે જ ઊંઘમાંથી ઉઠે તેમ સઘળું સૈન્ય બેઠું થઇ ગયું. સ્વસ્થ થઇ ગયેલા સૈન્યથી હર્ષાવેશમાં આવી કૃષ્ણે પાંચજન્ય શંખ વગાડયો. ત્યારે યાદવોના સૈન્યમાં જય-જયાકાર થઈ ગયો.

गोविंदाखिलसैन्यस्य, सज्जीभवनवार्त्तया । पांचजन्यस्य शब्देन, चुकोप मगधाधिपः ॥४६॥
प्रतिविष्णुर्भवेद्वध्यो, विष्णुनैवेति नेमिना । जरासंधं नृपं मुक्त्वा, जिग्ये लक्षं महीभृतां ।४७।
संग्रामकृतये सज्जी–भूते सैन्येऽखिलेऽपि च । श्रीनेमिर्व्यरमद्युद्धकृत्यात्करुणया यदा ॥४८॥
तदा क्षिप्त्वा जरासंध–प्रहारोद्‌भूतवेदनां । मुशली मुशलेनैवा–चूर्णयद्बहुशो बलं ॥४९॥
अथ राजा जरासंधः, क्रोधांधो माधवं प्रति । अचालयद्रथं कुर्वन्, दिवापि रजनीं शरैः ।५०।
कृष्णोऽप्यकृष्णया कीर्त्या, जनयन्नुज्ज्वलां महीं । जरासंधोपरि बाण–वर्षणं कृतवान् भृशं ॥
उभयो रथचक्राभ्यां, स्पृष्टा भूः पिष्टसन्निभा । बभूव भुवनक्षोभो, लोभोऽन्येषां जयश्रियः ॥
अस्त्रैर्लोहमयैर्लोह–मयानि निशितान्यपि । दिव्यैर्दिव्यानि तौ वीरौ, चिच्छेदतुः परस्परं ॥
दुर्दशायाः प्रसंगेन, क्षीणास्त्रो मगधाधिपः । स्मृतिं चकार चक्रस्या––गतं तदपि तत्करे ॥
जरासंधस्तदावादी–दरे गोपालबालक ! । अद्यापि मम मन्यस्व, निदेशं कुशलागमं ।।५५॥
स्वकीयायुष्यपूर्णेऽपि, कथं च म्रियसे मुधा । चेज्जीविष्यसि तद्राज्यं, गोपालत्वं च लप्स्यसे ॥
हितबुद्ध्या मयोक्तेऽपि, यद्याज्ञां न करिष्यसि । वर्षद्वह्निकणानेत–च्चक्रं त्वां ज्वालयिष्यति ॥
अभिमानेन संयुक्तं, वचनं मगधेशितुः । निशम्य माधवोऽवोच––न्माकार्षीर्मूढ ! रे स्मयं ॥
दुष्टं व्याघ्रमहं हत्वा, गवां च प्रविनाशकं । सुखेन पालयिष्यामि, समस्तामपि गामहं ।।५९॥
यथा तव शरीरस्य, सुकृतस्य बलस्य च । सांप्रतं क्षीणता जाता, चक्रस्यापि तथैव सा ।६०।
एवं न चेत्तदा चक्र–मोचने किं विचारणां । करोषि त्वं च मुंचाशु, रणे हि वार्त्तया सृतं ॥
अष्टापद इवोत्कर्षा–त्कृष्णवाक्याब्दगर्जनं । मुमोचासहमानोऽपि, चक्रं मगधभूधवः ॥६२॥
दशायां कमनीयायां, विषमप्यमृतं भवेत् । शत्रवोऽपि परां मैत्रीं, भजंते शुभकर्मणा ॥६३॥
ततस्तस्यापि तच्चक्रं, ततो गगनमंडले । भ्रांत्वा प्रदक्षिणावर्त्तं, समागतं करे हरेः ॥६४॥
सोऽपि प्रादुर्भवत्पुण्यो, जानन् स्वमर्धचक्रिणं । तदेव भ्रामयित्वा च, मुमोच मगधेश्वरे ॥६५॥
पुंसामपदशायोगे, विश्वस्तमपि यद्‌भवेत् । पराभवेत्तदप्युच्चै–र्लालितात्मीयदेहवत् ॥६६॥
इति तेनैव तस्यापि, छिन्नमस्तकमस्तकं । स मृत्वा च महापापै–श्चतुर्थं नरकं ययौ ॥६७॥
नवमो वासुदेवोऽसौ, बिभ्रदभ्रगुणो हरिः । ब्रुवाणा इति गीर्वाणाः, पुष्पवृष्टिं प्रचक्रिरे ।६८।
यो मृतोऽथ स एवात्र, मृतः स्वकीयकर्मणा । म्रियंते न समं तेन, पुत्रमित्रसहोदराः ॥६९॥
जरासंधनृपस्येति, सहदेवादयः सुताः । समेत्य स्वार्थवांछायै, प्रणेमुः पुरुषोत्तमं ॥७०॥
मुकुंदोऽपि पितुः शोक–दुःखविस्मृतिहेतवे । सन्मान्य प्रददौ तेषां, राज्यं राजगृहस्य च ।७१।
वासुदेवोऽथ वामेय–जिनस्य मूर्तिमद्‌भुतां । प्रणम्य यदुभिः सर्वै–स्ततंवास्थापयन्मुदा ।७२।
सेवायै तत्पुरो मूर्तिं, स्थापयित्वा निजां हरिः । तत्र तन्नामतश्चक्रे, पुरं शंखेश्वराभिधं ।७३।
श्रीशंखेश्वरपार्श्वस्या–र्चित्वा तां प्रतिमां शुभां । स्मरंतस्तद्‌गुणांश्चित्ते, सर्वेऽपि यादवोऽस्तुवन्।

वीक्षितौजश्चमत्कार, जिनेशमपि नेमिनं । कुसुमैः पूजयामासु–र्यादवाह्लादमेदुराः ।।७५।।
लब्ध्वा भगवदाज्ञां च, नत्वा मातलिरप्यगात् । इंद्रं तत्र गतः सोऽप्य–तोषयन्नेमिकीर्त्तनैः ।।
पांडवानां ददाविंद्र–प्रस्थं च कौशलां पुरीं । रुक्मनाभेश्च गोविंदो, महानेमेश्च शौर्यकं ।७७।
अन्येभ्योऽपि महीशेभ्यो, विभज्य च यथोचितं । देशपत्तनपूर्ग्रामान्, समार्पयज्जनार्दनः ।७८।

પાંચજન્ય શંખના અવાજથી કૃષ્ણનું સમસ્ત સૈન્ય સજ્જ થયેલું જાણીને જરાસંધરાજા ક્રોધાયમાન થયો. ભગવાન નેમિકુમારે કહ્યું:–'વાસુદેવથી પ્રતિવાસુદેવનો વધ નિશ્ચિત છે. તેથી જરાસંધને મૂકીને બીજા રાજાઓ અને લાખો સૈનિકોને હું વિજય મેળવી આપીશ.' આ પ્રમાણે કહીને નેમિકુમાર યુદ્ધથી વિરામ પામ્યા. સંગ્રામ માટે સઘળું યદુસૈન્ય તૈયાર થઈ ગયું. જરાસંધના પ્રહારથી થયેલી વેદનાને ગૌણ કરીને બલભદ્રે મુશલવડે જરાસંધના ઘણા સૈન્યને ચૂર્ણ કરી નાખ્યું. હવે ક્રોધાંધ બનેલો જરાસંધ દિવસે રાત્રિની ભ્રમણા પેદા કરતા બાણોની વર્ષા કરતો પોતાનો રથ કૃષ્ણ સામે લાવ્યો. ઉજ્વળ કીર્તિથી પૃથ્વીને ઉજ્વલ કરતા કૃષ્ણે પણ જરાસંધ ઉપર અત્યંત બાણોની વર્ષા કરી. બંનેના રથોના ચક્રોથી સરલ પૃથ્વી લોટ જેવી ચૂર્ણ બની ગઈ. ખરેખર એકબીજાની જયલક્ષ્મીનો લોભ જગતને ક્ષોભ કરનારો હોય છે. લોહમય દિવ્ય અસ્ત્રોથી લોહમય તીક્ષ્ણ બાણોને વર્ષાવતા બંને યુદ્ધવીરો એકબીજાના બાણોને છેદી નાખે છે. જરાસંધની દુર્દશા પ્રગટ થઈ હોવાથી, તેના બધા અસ્ત્ર–શસ્ત્રો ખૂટી પડયાં. ત્યારે છેલ્લામાં છેલ્લું અમોઘ શસ્ત્ર 'ચક્રરત્ન' તેને યાદ આવ્યું. સ્મૃતિમાં આવતાની સાથે જ 'ચક્રરત્ન' જરાસંધના જમણા હાથમાં આવી ગયું. ચક્રરત્ન ઉપરના અતિ વિશ્વાસથી મદાંધ બનેલા જરાસંધે કૃષ્ણને કહ્યું:–'રે ગોવાળિયાના છોકરા, હજુ પણ મારૂં કહ્યું માન. હું તારૂં કુશળ ઈચ્છું છું. નાહક આયુષ્ય પૂર્ણ નહીં થવા છતા શા માટે મરવા તૈયાર થયો છે? હું તને હિતબુદ્ધિથી કહુ છું કે જીવતા હોઇશ તો તારૂં રાજ્ય કરીશ અને ગાયોને ચરાવવાનું ગોવાળીયાપણું પણ કરી શકીશ. તેમ છતાં મારૂં કહ્યું ના માનવું હોય તો 'ચક્રરત્ન' કોઇની શરમ નહી રાખે. આગના ગોળા વર્ષાવતું ચક્ર તને બાળીને ભસ્મીભૂત કરી નાખશે. માટે હજુ કહું છું કે જા, જીવતો રહીશ તો તારી ભરવાડણોનું પણ પાલન કરીશ.' આ પ્રમાણે મગધનરેશ જરાસંધના અભિમાની વચનો સાંભળીને માધવે કહ્યું –'રે મૂઢ, આટલો બધો ગર્વ શા માટે કરે છે? ગાયો (પૃથ્વી) નો નાશ કરનારા તારા જેવા દુષ્ટ વાઘને હણીને હું સુખપૂર્વક રાજ્ય કરીશ. એટલું જ નહી પણ સમસ્ત ત્રણ ખંડ પૃથ્વી (ગાયો)નું હું પાલન કરીશ. જેમ તારૂં શરીર, પુણ્ય અને બલ ક્ષીણ થયાં છે, તેમ તારૂં 'ચક્રરત્ન' પણ ક્ષીણ થઇ જશે. નહીંતર દુશ્મન ઉપર ચક્રરત્ન મૂકવામાં વિલંબ શા માટે કરે? રણસંગ્રામમાં વાતો કરવાની હોતી નથી. મૂક, મૂક, તારૂં ચક્ર જલ્દી મૂક.' અષ્ટાપદ સમાન કૃષ્ણના ઉત્કટ ગર્જના કરતા શબ્દ સાંભળીને અત્યંત રોષે ભરાયેલા જરાસંધે ચક્રને આકાશમાં ત્રણ વખત ઘૂમાવીને કૃષ્ણ ઉપર મૂકયું. કહેવામાં આવ્યું છે કે **માનવીની શુભદશા હોય ત્યારે વિષ પણ અમૃત થઇ જાય છે. શત્રુઓ પણ મિત્ર બની જાય છે. પરંતુ જ્યારે પુણ્યદશા પરવારે છે ત્યારે તેનું બધું વિપરીત બની જાય છે.** તેમ જરાસંધનું પુણ્યબલ ક્ષીણ થવાથી ચક્રરત્ન આકાશમંડળમાં ફરીને કૃષ્ણને ત્રણ પ્રદક્ષિણા દઈને, કૃષ્ણના હાથમાં આવીને સ્થિર થઈ ગયું. પોતાનું વાસુદેવપણાનું પુણ્યબલ પ્રગટ થયેલું જાણીને, કૃષ્ણે ચક્રરત્નને ત્રણ વખત ઘૂમાવીને મગધેશ્વર

જરાસંધ ઉપર મૂક્યું. પુણ્યદશા પરવારી જવાથી સુંદર અને સારી વસ્તુ પોતાની હોવા છતાં પરાયી બની જાય છે. તે જ ચક્રરત્નથી મુગટકુંડલ સહિત જરાસંધનું મસ્તક કપાઈને નીચે પડી ગયું. ભયંકર રૌદ્રધ્યાન પૂર્વક મરીને જરાસંધનો જીવ ચોથી નરકમાં ચાલ્યો ગયો. ત્યારે આકાશમાં રહેલા દેવોએ **'અવસર્પિણીકાળના આ નવમા વાસુદેવ તરીકે કૃષ્ણને જાણવા.'** આ પ્રમાણે આકાશવાણી કરી, કૃષ્ણ ઉપર પુષ્પવૃષ્ટિ કરી. સંસારનો સનાતન રીવાજ છે કે જે મર્યો તે પોતાના કર્મથી મરી ગયો, તેની સાથે પુત્ર, મિત્ર, સહોદર કે સ્વજનો મરતા નથી. એ પ્રમાણે જરાસંધના સહદેવ આદિ પુત્રો પોતાના સ્વાર્થ માટે આવીને પુરૂષોત્તમને પ્રણામ કરીને ઊભા રહ્યા. કૃષ્ણે પણ તે પુત્રોનું પિતામહના મૃત્યુનું દુઃખ અને શોકના વિસ્મરણ માટે તેઓનું સન્માન કરીને તેઓને રાજગૃહનગરીનું રાજ્ય પાછું આપ્યું. કૃષ્ણવાસુદેવે ભગવાન પાર્શ્વનાથની અદ્ભુત મૂર્તિનું નમસ્કાર કરી પૂજન કર્યું. યાદવો સહિત થોડો સમય ત્યાં જ રહ્યા. કૃષ્ણે ત્યાં અદ્ભૂત જિનમંદિરનું નિર્માણ કરી પાર્શ્વનાથ ભગવાનની સ્થાપના કરી. પ્રભુની સેવા માટે ત્યાં શંખેશ્વર નામનું નગર વસાવ્યું. મૂર્તિનું **'શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ' નામકરણ કરી પ્રભુના અચિંત્ય** પ્રભાવ અને ગુણોનું સ્મરણ કરતા યાદવો, પ્રભુભક્તિમાં લીન બની ગયા. ઓજસ્વી અને અચિંત્ય ચમત્કારી એવા શ્રી નેમિનાથ ભગવાનની પણ યાદવોએ પુષ્પોથી પૂજા કરી. ભગવંતની આજ્ઞા મેળવી, પ્રભુને પ્રણામ કરી, માતલિસારથી રથ લઈને સ્વર્ગલોકમાં ઈન્દ્ર પાસે ગયો, ત્યાં ભગવાન શ્રી નેમિકુમારના પરાક્રમ આદિ ગુણોની ખૂબ પ્રશંસા કરી. કૃષ્ણે પાંડવોને ઈન્દ્રપ્રસ્થનગરનું, રૂકિમકુમારને કૌશલાપુરીનું અને મહાનેમિને શૌરીપુરનું રાજ્ય આપ્યું. બીજા રાજાઓને પણ સૌ સૌની યોગ્યતા મુજબ કૃષ્ણે દેશ, નગર અને ગામો વિગેરેનાં રાજ્ય આપ્યાં.

**अथो साधयितुं चक्रा–नुगोऽर्धभरतं हरिः । मार्गे मिलन्महाभूपै–श्चचाल यदुभिर्वृतः ॥७९॥**
**कोटिशिलां वृतां देवै–र्भरतार्धनिवासिभिः । चतुरंगुलमूर्वीत, उद्धाराच्युतो द्रुतं ॥८०॥**
**षण्मास्या साधयित्वा स, वसुधां षोडशांकितैः । सहस्रैर्भूभुजां युक्तः, प्रापोत्सवैर्निजां पुरीं ॥**
**सुरैर्विद्याधरैर्भूपैः, सेवितांघ्रिसरोरुहः । राज्यमेकातपत्रं चा–पालयन्नवमो हरिः ॥८२॥**

કૃષ્ણે અર્ધભરત પૃથ્વી જીતવા માટે ચક્રરત્નને આગળ કરી, માર્ગમાં મળતા રાજાઓ અને યાદવોની સાથે યુદ્ધ પ્રયાણ કર્યું. અર્ધભરતના નિવાસી દેવોથી અધિષ્ઠિત કોટિશિલા (એક કરોડ મણ વજનની) ને કૃષ્ણે પૃથ્વીથી ચાર આંગળ અદ્ધર ઉંચકી. આ પ્રમાણે ભરતની ત્રણ ખંડ (અર્ધભરત) પૃથ્વી પર છ મહિનામાં વિજય મેળવીને આજ્ઞાંકિત સોલ હજાર રાજાઓની સાથે, શ્રીકૃષ્ણે મહોત્સવપૂર્વક દ્વારિકામાં પ્રવેશ કર્યો. દેવો, રાજાઓ અને વિદ્યાધરો વડે સેવાતા નવમા વાસુદેવ શ્રીકૃષ્ણ ત્રણ ખંડ પૃથ્વીનું પાલન કરવા લાગ્યા.

**अथान्यदा प्रपूर्णायां, समुद्रविजयादिभिः । सभायां संस्थिते विष्णौ, नेमिनाथः समागतः ॥**
**वयस्यैर्विविधैर्भृत्यैः, कृत्यैकप्रविधायिभिः । युक्तं तमागतं वीक्ष्यो–त्थिताः सर्वेऽपि पार्थिवाः ॥**
**समीपे वासुदेवस्य, सिंहासने समर्पिते । सर्वैः सन्मानितो नेमि–रुपविष्टः प्रकृष्टधीः ॥८५॥**

सभायां तत्र भूपेषु, निविष्टेषु यथोचितं । वीराणां निर्गता वार्त्ता, बलाबलविचारिणी ॥८६॥
जगदुर्वासुदेवस्य, शक्ति केचिद्‌गरीयसीं । पांडवानां पुनः केचि—त्केचिन्मुशलिनो बलं ।८७।
केचनाऽवर्णयन्नुच्चैः, प्रद्युम्नस्य पराक्रमं । केचिच्छांबस्य भानोश्च, सामर्थ्यं केचनाऽब्रुवन् ॥
तत्रैव केचिदाचख्यु—र्बलिष्टः पुरुषोत्तमः । प्रभूताक्षौहिणीजेता, नेतार्धभरतस्य च ॥८९॥
सहैतेन द्वितीयोऽपि, तुल्यो नास्ति महीतले । योऽभूद्यस्याशयैः शूरः, स एव तेन भाषितः ॥
बलभद्र इति श्रुत्वा, जगाद धूनयन् शिरः । नेमिनाथेऽपरेषां किं, प्रशंसा क्रियते मुधा ।९१।
कृष्णो वा बलदेवो वा, परे वीराः सहस्रशः । भवंतु नेमिनाथस्य, पुरः कस्यापि नो बलं ।९२।
इत्युक्ते बलदेवेन, नेमिनाथेन लज्जया । अधस्ताज्जनितं वक्त्र—मुत्तमा हि स्युरीदृशाः ।९३।
तदा जनार्दनोऽवादी—द्‌बलिनं नेमिनं जिनं । आवाभ्यां सांप्रतं मल्ल—युद्धमत्र विधीयते ।९४।
कथयित्वेति कृष्णोऽपि, सज्जीभूय समुत्थितः । तावन्नेमिजिनोऽजल्प—न्नैतद्योग्यं महात्मनां ॥
पादपीठास्पदं यहि, त्वं मे चालयितुं क्षमः । बलिष्टस्तर्हि सर्वेषु, यदहं विजितो हरे ! ॥
इति श्रीनेमिना प्रोक्ते, वीरंमन्यो नारायणः । अलगच्चरणे मेरु—मिव नो तमचालयत् ।९७।
प्रत्युत श्वासभूयिष्टा—त्स्वेदबिंदुसमाकुलः । अनल्पश्रमसंयुक्त—शरीरः समजायतः ॥९८॥
पुनर्नेमिस्तदा प्रोचे, बालय त्वं करं मम । तेन प्रसारितः पाणिः, कथयित्वेति सत्वरं ।९९।
कृष्णोऽपि निजवीर्यस्य, गर्वं टिट्टिभवद्दधत् । विलग्नः पुनरप्यासी—द्दोलाखेलकमर्त्यवत् ।४००।
तदा वितर्कतः प्रोचे, पार्षद्यान् पुरुषोत्तमः । वचोऽतिगं मम भ्रातु—र्यूयं पश्यत विक्रमं ॥१॥
उक्त्वेति मायया स्मित्वा, जनार्दनोऽगमद् गृहं । स्वस्थानं जिननाथोऽपि, स्वजनैः सह जग्मिवान्

એક દિવસે સમુદ્રવિજય આદિ રાજાઓથી પરિપૂર્ણ રાજસભામાં કૃષ્ણવાસુદેવ સિંહાસન ઉપર બિરાજ્યા હતા. ત્યાં સરખે સરખા મિત્રો અને સેવકોની સાથે નેમિકુમારને આવતા જોઈને સર્વે રાજાઓ ઊભા થઈ ગયા. સર્વમાન્ય એવા નેમિકુમાર, વાસુદેવની સમીપમાં કૃષ્ણે અર્પણ કરેલા સિંહાસન ઉપર બેઠા. પોત પોતાને યોગ્ય આસન ઉપર બેઠેલા રાજાઓની સમક્ષ રાજ-સભામાં વીરપુરૂષોના પરાક્રમોની વિચારણા ચાલી. તેમાં કોઈ વાસુદેવની બલવાન શક્તિની પ્રશંસા કરવા લાગ્યા, તો કોઈ પાંડવોની, કોઈ બલભદ્રની, તો વળી કોઈ શાંબ—પ્રદ્યુમ્નની, તો કોઈ ભાનુકુમારના બળની પ્રશંસા કરવા લાગ્યા. તેમાં એકે કહ્યું:- 'સહુથી વધારે બલવાન તો પુરૂષોત્તમ કૃષ્ણ જ કહેવાય. કે જેઓ ઘણી અક્ષોહિણી સેનાના વિજેતા અને અર્ધભરતના નેતા છે. તેમના જેવો આ જગતમાં બીજો કોઈ બળવાન શૂરવીર પુરૂષ નથી. ખરેખરા શૂરવીર તો કૃષ્ણ જ છે.' આ પ્રમાણે સાંભળીને બલભદ્ર માથુ ધૂણાવીને બોલ્યા:- 'ખોટી વાત છે. નેમિકુમારને છોડીને બીજાની પ્રશંસા કરવી ફોગટ છે.' બલભદ્રના કથનથી નેમિકુમાર લજ્જાથી નીચું જોઈ ગયા. (ઉત્તમ પુરૂષો સ્વપ્રશંસાને માનતા નથી.) ત્યારે કૃષ્ણે નેમિકુમારને કહ્યું:- 'ચાલો આપણે મલ્લયુદ્ધ કરીએ. તેથી દરેકના મનનું સમાધાન થશે કે અધિક બલવાન કોણ

છે.' એમ કહીને કૃષ્ણ મલ્લયુદ્ધ કરવા તૈયાર થયા. ત્યારે નેમિકુમારે કહ્યું:-'મહાપુરૂષોને અખાડામાં આથડવાવાળું મલ્લયુદ્ધ કરવું ઉચિત નથી. એના કરતા હે કૃષ્ણ, આપણે એમ કરીએ કે તું તારા સિંહાસન ઉપર રહીને મારો હાથ ખેંચીને મને ચલાવે તો માનવું કે સર્વેમાં તું બલવાન અને વિજેતા છે.' નેમિકુમારના કહેવાથી પોતાની જાતને વીરમાની માનતા કૃષ્ણ, પ્રભુનો પગ ખેંચવા લાગ્યા પરંતુ મેરૂની જેમ નિશ્ચલ એવા પ્રભુચરણને એક ઈંચ માત્ર પણ ચલાવી શકયા નહી. ઉલ્ટાનું કૃષ્ણનું મુખ શ્વાસોશ્વાસથી ભરાઇ ગયું. શરીર પરસેવાથી રેબઝેબ થઇ ગયું. શરીરને અત્યંત પરીશ્રમ લાગ્યો. ફરીથી નેમિકુમારે કૃષ્ણને કહ્યું:-'તું મારા હાથને વાળ.' એમ કહીને પોતાનો હાથ લાંબો કર્યો. ત્યારે પોતાના બળથી ગર્વિષ્ઠ બનેલા હરિએ હાથ વાળવા માટે ઘણી કોશિશ કરી, પરંતુ હિંચકા (ઝોલા) ઉપર રહેલા માનવની જેમ હાથને વળગી રહ્યા! પરંતુ એક તસુમાત્ર પણ હાથને વાળી શકયા નહી. ત્યારે અનેક કલ્પનાઓ કરતા પુરૂષોત્તમે રાજસભામાં કહ્યું:-'જુઓ, મારા પ્રિયભ્રાતાનું વચનાતીત બળ તો જુઓ! કેટલું પરાક્રમ છે? પોતે ધારે તો એક હાથે આખા ભારતવર્ષને જીતી શકે.' આ પ્રમાણે કહી, માયાથી હસીને કૃષ્ણ સ્વગૃહે ગયા. નેમિકુમાર પણ સ્વજનો સાથે પોતાના સ્થાને ગયા.

**निरीक्ष्य नेमिनाथस्या–तीवबिक्रममुत्कटं । सान्वतेनसमं बिभ्य–न्नचिंतयन्नरायणः ॥३॥**
**सर्वेभ्योऽपि बलाधिक्यं, ध्रियतेऽनेन नेमिना । ततो मे माग्रहोदेव, साम्राज्यं भुवनेप्सितं ॥**
**इति व्याकुलचित्तोऽसौ, कंचिन्नैमित्तिकं हरिः । पप्रच्छ नेमिवृत्तांतं, निःशेषमपि चादितः ॥**
**निजगाद स मा भैषीः सर्वथैव त्वमच्युत ! । नैष राज्यं गृहीता ते, वैरागिकोऽस्त्यसौ पुनः ॥**
**विविधानां मृगादीनां, पशूनां वीक्ष्य बंधनं । न करिष्यति विवाह–मपि कारुण्ययोगतः ॥**
**स्वयमेव समादाय, दीक्षां रैवतकाचले । सकलान्यपि कर्माणि, क्षिप्त्वा मोक्षं गमिष्यति ॥**
**इति श्रुत्वा वचस्तस्य, नैमित्तिकस्य सुंदरं । मुकुंदोऽपालयद्राज्यं, भयेन परिवर्जितः ॥९॥**

નેમિકુમારનું અતિ ઉત્કટ બળ જોઈને વ્યાકુલ અને ભયભીત બનેલા કૃષ્ણ બભલદ્રની સાથે વિચારણા કરવા લાગ્યા:-'આ નેમિકુમાર સર્વે કરતાં અધિક બલવાન છે, એ ધારે તો આપણું રાજ્ય એક પળમાં છીનવી લે એટલી એની તાકાત છે. તો હવે આપણે શું કરવું? કોઈ નિમિત્તિયાને નેમિકુમારનું પહેલેથી છેલ્લે સુધીનું ભવિષ્ય પૂછીએ?' આ પ્રમાણે વ્યાકુળ ચિત્ત બનેલા બંને ભાઈઓએ ક્રૌષ્ટુકિ નિમિતજ્ઞને બોલાવીને નેમિકુમારનું ભવિષ્ય પૂછ્યું. નૈમિત્તિકે કહ્યું:-'અરે કૃષ્ણ! તમે શાને ચિંતા કરો છો? એ તમારૂં રાજ્ય લેનારા નથી. એ પોતે તો જન્મથી જ વૈરાગી છે. હરણીયા આદિ પશુઓના બંધન જોઈને કરૂણાના સાગર ભગવાન નેમિનાથ વિવાહ પણ કરશે નહી. સ્વયં રૈવતાચલ પર્વત પર જઇને દીક્ષા ગ્રહણ કરી, સકલ કર્મોનો ક્ષય કરી મોક્ષમાં જશે.' આ પ્રમાણે નૈમિત્તિકના સુંદર વચન સાંભળીને કૃષ્ણ નિર્ભયપણે રાજ્યનું પાલન કરવા લાગ્યા.

**अन्यदा समभूत्ताव–द्वसंतसमयोदयः । कामिनां कामिनीनां च क्रीडाविनोदकारकः ॥१०॥**

प्रवालसुमनःपत्र—फलैः क्रीडितुमुत्सुकैः । पादपा अपि मन्येऽहं, जाताः पल्लविता भृशं ।११।
तत्र रंतुमना विष्णु—रपि काननवर्त्मनि । निर्जगाम तदानेका—नेकपार्श्ववशावृतः ।।१२।।
विवाहो मानयितव्यो, युष्माभिर्नेमिनः प्रभोः । सत्यभामादिकांतानां, शिक्षां दत्त्वेति सोऽगमत् ।
एकस्तु मर्कटः सोऽपि, संदष्टो वृश्चिकेन च । चेष्टितं तस्य किं ब्रूमो जनानां हास्यकारकं ।।
तथैका तु वशान्यच्च, धवेनाज्ञा समर्प्पिता । देवरस्य कथं न्यूना, भवेद्विनोदनिर्मितौ ।। १५ ।।
इति ताभिः प्रभूताभिः, संभूय नेमिनोंतिके । गत्वा हास्यविनोदानां, वचनान्यूचिरेतरां ।। १६।।
हे देवर त्वमुत्तिष्ठो—त्तिष्ठ क्रीडा विधीयते । वसंते सा कृता नो चे—दन्यत्र करणेन किं ।।
पूर्वमेव तव भ्राता, प्रयातोऽस्ति रिरंसया । कामिनीभिरदंभाभि—र्वेष्टितोऽभीष्टपार्थिवैः ।।
इति प्रोक्तेऽब्रवीन्नेमि—र्मम तत्र न योग्यता । बलेनोत्पाटच ताभिः स, आनीतः कानने तदा ।।
तत्रानीय समं तेन क्रीडास्ताभिरनेकधा । चक्रिरे कुंकुमैः पुष्पै— र्घृष्टोद्यच्चंदनोदकैः ।। २० ।।
अपरा अपि कामिन्यः, क्रीडां कृत्वा मुरारिणा । समीपे नेमिनाथस्य, समेताः केलिकाम्यया ।।
क्रीडारसोन्मुखीर्दृष्ट्वा, स्वकीया हरिणीदृशः । शिक्षां दत्त्वा मुकुंदोऽपि, प्रययौ काननांतरे ।।
कुसुमादानदंभेन, पादपेभ्योऽपि योषितः । कुचाभ्यां मर्दयामासु—र्नीरागमपि नेमिनं ।। २३ ।।
किं ह्रिया रहितैर्हास्यै—र्हास्यो भवसि देवर । इति ताभिः स्मितैर्हाव—भावाद्यैर्हसितो जिनः ।।
जलार्द्रवसनं ताव—न्मुक्त्वा जांबवतीपुरः । निर्गत्य दीर्घिकानीरा—ज्जगाद जिननायकः ।।
ममेदमंशुकं देवि ! पानीयपरिवर्जितं । कुरुष्व त्वं गदित्वेति, नेमिना तत्समर्पितं ।। २६ ।।
भाले भृकुटिमारोप्य, जगौ जांबवती तदा । अरे मूढेदृशं वस्त्रं कथं त्वं प्रददासि मे ।।२७।।
ईदृशांशुकदानेच्छा, यदि स्यात्तव चेतसि । कस्याश्चिद्योषितस्तर्हि, त्वं पाणिग्रहणं कुरु ।।२८।।
मिलंती न भवेद्यर्हि, यदा त्वेकाकिनस्तव । तर्हि याचस्व मे भर्तुः, समीपे तां मनोरमां ।।२९।।
अन्येषामपि निर्वाहं, करोति यदि बांधवः । तदा तव विशेषेण, निर्वाहं स करिष्यति ।।३०।।
मम यो वर्त्तते नाथ—स्त्रैलोक्योद्धरणक्षमः । प्रौढं सुदर्शनं चक्रं, तर्जन्या भ्रामयत्यलं ।।३१।।
मृणालमिव शार्ङ्गाख्यं, धनुर्वालयति क्षणात् । शय्यामारुह्य नागस्य, पांचजन्यं प्रपूरयेत् ।३२।
स ममापीदृशं कृत्यं, कदापि न समर्पयेत् । तस्या वचनतोऽमर्षो, नेमिनः समजायत ।।३३।।
तदा रुक्मिरवोचत्तां, मावादीरीदृशं वचः । नेमेर्बलस्वरूपं त्वं, न विजानासि मूढधीः ।।३३।।
इत्युदित्वा तया तस्या, वसनं तत्समर्पितं । तयापि तत्प्रदानेना—दायांबुर्वजितं कृतं ।।३४।।
अनया गर्वतो वाक्यं, मदीयं नोररीकृतं । दर्शयामि बलं तर्हि, क्षोभनाजनकं भुवि ।।३५।।
बलं दर्शयितुं कृष्णा—युधशालां गतो जिनः । प्रविष्टो द्वारमेवाथा—ददे चक्रं च कार्मुकं ।।३६।।
आदाय नागशय्यायां, सुष्वाप वालयन् धनुः । भ्रामयन् मर्दयश्चक्रं, पांचजन्यमपूरयत् ।।३७।।
नेमिना पूर्यमाणे हि, शंखे नेशुस्तुरंगमाः । त्रेसुर्गजाः समस्तं च, बभूव बधिरं जगत् ।।३८।।
तच्छब्दक्षुभितो विष्णु—रप्यागत्य चमत्कृतः । जगौ नेमिमहो बंधो, क्षोभनं किं करोष्यदः ।।

उत्तिष्ठोत्तिष्ठ हे भ्रातः, कोपं विमुंच दुस्सहं । आवाभ्यां निलये गत्वा, भोजनं क्रियते वरं ।।
इति संतोष्य कृष्णेन, सुधासोदरया गिरा । समुत्थाप्य ततः स्थानान्निलये नेमिजिनो गृहं ।।
सादरं भोजयित्वा तं, कृत्वा व्याकुलतोज्झितं । शिवादेवीगृहे गत्वा, नत्वा स प्रजजल्प तां ।।
हे मातर्नेमिनाथस्य, संजातं यौवनं स्फुटं । अद्याप्यस्य न विवाहं, कुर्यास्तत् किं निबंधनं ।।
साजल्पदन्वयेऽस्माकं, वृद्धस्त्वमेव वर्त्तसे । ततः किं पृच्छसि त्वं मां, त्वमेव तत्कुरुष्व भोः ।।
इति श्रुत्वा वचस्तस्या, आलोच्य हलिना समं । कृष्णो गत्वोग्रसेनाग्रे, राजीमतीमयाचत ।४५।
तेन तस्यां याचितायां—मित्थमेवास्त्ववल्पिता । नारायणस्तदात्मीय—माचयौ मंदिरं मुदा ।।
विधाय तत्र विवाह—संकेतं पुरुषोत्तमः । समेत्य स्वगृहे नेमे—र्विवाहोत्सवमाचरत् ।।४७।।
आहूताः स्वजनाः सर्वे, यादवा अपरेऽपि च । पुत्रपुत्रीकलत्राद्या—स्तथैव तेऽप्युरागताः ।४८।
पात्राणि ननृतुः प्रीत्या, चतुःपथे च चत्वरे । वादित्राणां विचित्राणां, वादनं समजायत ।४९।
पताकारोपणं हट्टे, गृहे वंदनमालिका । द्वारं त्यातमभूत्स्थानं, तत्र यत्रोत्सवो न च ।।५०।।
सहस्रलक्षपाकेन, तैलेन मर्दनं भृशं । कारयित्वा स्नपितोऽर्हन्, गायंतीषु वधूष्वपि ।।५१।।
विविधैर्भूषणैर्वस्त्रै—र्भूरिभूषा ततः कृता । विभूषितो विशेषेण, दधौ शोभां जिनेश्वरः ।।५२।।

કામી સ્ત્રી-પુરૂષોનાં ચિત્તને આનંદદાયી એવી વસંતઋતુ આવી. ત્યારે પત્ર, પુષ્પ અને ફલો વડે વૃક્ષો પણ નવપલ્લવિત થઈ ગયાં. અહીં કવિ ઉત્પ્રેક્ષા કરે છેઃ— 'જાણે વૃક્ષો પણ વસંત-માસમાં હાસ્ય-વિનોદ અને ક્રીડા કરવા માટે ઉત્સુક થયા ના હોય ! તેથી જ નવપલ્લવિત થયા હશે.'

આવા વસંતમાસમાં કૃષ્ણને નવપલ્લવિત ઉદ્યાનમાં અનેક સ્ત્રીઓની સાથે ક્રીડા કરવા માટે જવાની ઇચ્છા થઈ, ત્યારે સત્યભામા આદિ પટ્ટરાણીઓને કહ્યુંઃ- કે 'તમારે ગમે તેમ કરીને નેમિકુમારને વિવાહ માટે તૈયાર કરવાના છે.' આ પ્રમાણે કહીને પોતે ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે ગયા. એક તો માંકડો હોય અને વીંછી ડંખ્યો હોય, ત્યારે તેની દશા કેવી થાય ? લોકો-માં હાસ્યાસ્પદ બની જાય. તે રીતે એક તો સ્ત્રીઓનું ચપલપણું, અને તેમાં પતિની આજ્ઞા મળે એટલે દેવરની હાસ્યવિનોદ કરવાની ચેષ્ટામાં કંઈ બાકી રાખે ખરી ?

બધી સ્ત્રીઓ ભેગી થઈને નેમિકુમાર પાસે જઈને હાસ્યવિનોદ આદિ ચેષ્ટા કરવા લાગીઃ— 'હે દેવર, ઉઠો, ઉઠો, કેમ બેસી રહ્યા છો ? વસંતઋતુમાં ક્રીડા નહી કરો તો કયારે કરશો ? તમારા ભાઈ તો રાજાઓ અને સ્ત્રીઓની સાથે કયારનાયે ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે ગયા છે.' ત્યારે નેમિકુમારે કહ્યુંઃ 'મારી એ યોગ્યતા નથી કે ત્યાં જઈને ક્રીડા કરૂં.' ત્યારે બધી સ્ત્રીઓ ભેગી થઈને નેમિકુમારને ઉંચકીને ઉદ્યાનમાં લાવી, અને તેમની સાથે અનેક પ્રકારની ક્રીડા કરવા લાગી કુંકુમ, પુષ્પ અને ચંદનના સાથે ઘસેલા જલ વડે નેમિકુમાર ઉપર પીચકારીઓ મારવા લાગી કૃષ્ણની ક્રીડા કરીને બીજી પણ સ્ત્રીઓ નેમિનાથની સમીપે આવી. ક્રીડારસમાં નિમગ્ન બનેલી પોતાની રાણીઓને જોઇને અને તેમને શિખામણ આપીને કૃષ્ણ બીજા ઉદ્યાનમાં ગયા. વૃક્ષો ઉપરથી પુષ્પો લાવી આપવાના બ્હાને સ્ત્રીઓ વિરાગી એવા નેમિકુમારને પોતાના

સ્તનોનું મર્દન કરાવતી અને બોલતી:– 'હે દેવર, તમને લજ્જા નથી આવતી? અમારી સાથે આવી હાંસી કરો છો?' આ પ્રમાણે હસતી હસતી ગોપીઓ નેમિકુમારની આગળ હાવભાવ અને કટાક્ષ કરવા લાગી. આ બધું મોહનું નાટક જાણીને નેમિકુમારને કંઈક હસવુ આવ્યું. હસતા હસતા નેમિકુમાર વાવડીમાં સ્નાન કરવા માટે ગયા. સ્નાન કરીને વાવડીમાંથી નીકળીને જાંબવતીને કહ્યું:– 'આ મારૂં વસ્ત્ર પાણીથી ભીંજાઇ ગયું છે, તો એને સાફ કરીને સૂકવી દે.' ત્યારે કપાળમાં ભ્રકૃતિ ચઢાવીને જાંબવતીએ કહ્યું:– 'અરે મૂઢ, આવું કામ કરવાનું મને કહો છો? તમારા કપડા ધોવડાવવાની ઇચ્છા હોય તો કોઇ સ્ત્રીને શોધી લાવો. તેની સાથે પાણિ-ગ્રહણ કરીને પોતાની પત્ની પાસે વસ્ત્ર ધોવડાવો. જો એકાકી એવા તમને કોઇ કન્યા ના મળતી હોય તો જાવ મારા પતિની પાસે અને કન્યાની માગણી કરો. તમારા ભાઈ તો બીજાનો નિર્વાહ કરે છે. તમારો તો વિશેષ પ્રકારે નિર્વાહ કરશે. મારા નાથ તો ત્રણે લોકનો ઉદ્ધાર કરવામાં સમર્થ છે. અતિભારે એવા સુદર્શનચક્રને તર્જની આંગળીથી સ્હેજે ભમાવી શકે છે. શાંર્ગ જેવા ભારે ધનુષ્યને મૃણાલ (કમલની નાલ) ની જેમ વાળી શકવાની તાકાત ધરાવે છે. અને નાગ-શય્યામાં આરૂઢ થઇને પંચજન્ય શંખ પૂરે છે. આટલા બલવાન તમારા ભાઈએ મને ક્યારે પણ આવું કામ કરવા માટે આપ્યું નથી. તેમ છતાં કપડા ધોવાનું કામ તો પોતાની પત્ની જ કરે! માટે કોઈ કન્યાની સાથે પાણિગ્રહણ કરો.'

જાંબવતીના આવા તમતમતા વચન સાંભળીને નેમિકુમારને ગુસ્સો આવ્યો. તેમના મુખ પરના ભાવોનું પરિવર્તન જોઈને રૂક્મિણીએ જાંબવતીને ઠપકો આપતા કહ્યું:–'અરે મૂઢ બુદ્ધિ-વાળી, મૂર્ખી, તું શું બોલી રહી છે? તું કોને નિર્બળ કહે છે? શું તું નેમિકુમારના બળને જાણતી નથી?' આ પ્રમાણે જાંબવતીને ધમકાવીને રૂક્મિણીએ મીઠા શબ્દોથી નેમિકુમારને કહ્યું: 'દેવરજી, લાવો. આપનું વસ્ત્ર હું ધોઈ આપું. અભિમાની એવી જાંબવતીના બોલને મનમાં લાવશો નહીં.' એમ નેમિકુમારને શાંત કરીને રૂક્મિણીએ તેઓના વસ્ત્રને સાફ કરી આપ્યું, પરંતુ નેમિકુમારને મનમાં વિષાદ રહ્યો:–'અભિમાનથી આ સ્ત્રીએ મારૂં વચન માન્યુ નહીં, તો હવે એને મારૂં બળ બતાવું.' આ પ્રમાણે વિચારી નેમિકુમાર કૃષ્ણની આયુધશાલામાં ગયા. આયુધશાળામાં પ્રવેશીને સુદર્શનચક્ર અને ધનુષ્યને હાથમાં લઈને, નાગશય્યામાં સૂઇને, ધનુ-ષ્યનો ટંકારવ કર્યો. ચક્રને ભમાડયું અને જોરથી પંચજન્ય શંખ ફૂંકયો. નેમિકુમારે શંખને પૂરવાથી અશ્વશાલામાંથી ઘોડાઓ નાશભાગ કરવા લાગ્યા. હસ્તિશાલામાંથી હાથીઓ આલાન-સ્તંભને ઉખેડીને ભાગવા લાગ્યા અને આખું જગત બધિર (બ્હેરૂ) બની ગયું. શંખના અવા-જથી વ્યાકુળ બનેલા કૃષ્ણ દોડતા આયુધશાળામાં આવ્યા. ત્યાં નેમિકુમારને જોઇને વિસ્મિત બની ગયા! નેમિકુમારનો વિષાદપૂર્ણ ચહેરો જોઈને કૃષ્ણ બધી વાત સમજી ગયા. નેમિકુમારને શાંત કરવા માટે મધુર સ્વરે કૃષ્ણે કહ્યું:– 'અરે બંધુ, ક્ષોભ કેમ કરો છો? ભાઇ ઉઠો ઉઠો. કોપને મૂકી મારી સાથે ચાલો. આપણે ઘેર જઇને સાથે ભોજન કરીએ.' આ પ્રમાણે અમૃતસમાન મધુર વાણીથી નેમિકુમારને સંતોષીને ત્યાંથી ઉઠાડી પોતાની સાથે ઘેર લઇ ગયા. બહુ આદર અને પ્રેમપૂર્વક ભોજન કરાવીને વિષાદ–મુક્ત કર્યા. ત્યાર પછી શિવાદેવીના ઘેર જઇ પ્રણામ કરીને કૃષ્ણે કહ્યું:–'માતાજી, નેમિકુમાર યુવાવસ્થામાં આવ્યા છતાં હજી સુધી આપે વિવાહ કરવાનું કેમ વિચાર્યું નથી?' શિવાદેવીએ કહ્યું:– 'વત્સ, આપણા કૂળમાં તું મોટો છે. તો મને શું પૂછે છે? એ બધુ તો તારે જ કરવાનું હોય ને!' શિવાદેવીના વચનથી બલભદ્રની સાથે વિચારણા

કરી કૃષ્ણે ઉગ્રસેનરાજાને ત્યાં જઇને તેમની ‘ રાજીમતી ’ નામની કન્યાની નેમિકુમાર માટે માગણી કરી. ઉગ્રસેન રાજાએ સ્વીકૃતિ આપી. બંનેએ મળીને વિવાહનું નક્કી કર્યું. નારાયણે ઘેર આવીને નેમિકુમારના વિવાહ મહોત્સવની તૈયારી કરી. સર્વે સ્વજનો, જ્ઞાતિજનો, યાદવો, તેમજ પુત્ર-પૌત્ર, પુત્રીઓ આદિને વિવાહ માટે આમંત્રણ પાઠવ્યાં. ચોરેને ચૌટે નાટકીયાઓ નાચ કરવા લાગ્યા. વિવિધ પ્રકારના વાજિંત્રોના અવાજથી દ્વારિકાનગરી ઉત્સાહિત બની ગઇ. દુકાને દુકાને ધજા-પતાકાઓ શણગારવામાં આવી. ઘેર ઘેર રંગોળીઓ પૂરવામાં આવી. આ પ્રમાણે દ્વારિકામાં કયારે પણ નહીં થયેલો તેવો અભૂતપૂર્વ વિવાહ મહોત્સવ કરાવ્યો. મંગલગીતો ગાતી સ્ત્રીઓએ નેમિકુમારને સહસ્ત્રપાક અને લક્ષપાક તેલથી મર્દન કર્યું અને સુગંધી જલથી સ્નાન કરાવ્યું. વિવિધ પ્રકારના વસ્ત્રો અને આભૂષણોથી નેમિકુમારને શણગારવામાં આવ્યા.

**उग्रसेननृपेणापि, विवाहस्योत्सवो गृहे । प्रारब्धःस्वजनान् सर्वा-नाकार्य च समंततः ।।५३।।**
**वरो नेमिजिनो यत्र, यत्र राजोमती कनी । तयोर्विवाहसामग्र्या-मुत्सवानां कथास्ति का ।।**
**उग्रसेनमहीशेन, स्वकीयाः सेवकाः शुभाः । प्रेषिता वरमानेतुं, भूषणैरपदूषणैः ।।५५।।**
**समुद्रविजयेशस्य, तेऽपि गेहं गता मुदा । तत्रापि मानितास्ते तु, यादवैरपरैरपि ।।५६।।**
**पक्वान्नैर्विविधैः शुद्धै-र्भोजितास्ते प्रमोदिताः । गमनावसरे तेषां, यानानि यादवा ददुः ।।५७**
**शिवादेवी देवकी च, सत्यभामा च रुक्मिणी । रोहिणीप्रमुखा देव्य- श्चकुर्विवाहमंगलं ।५८।**
**मांगल्यकृतिकाले त-ज्जनन्यामस्तकांशुके । लगित्वा दीपशिखया, मंगलं चाप्यसूत्र्यत् ।।५९।।**
**रथारोहणकाले च, बिडालया वर्त्म खंडितं । तथाप्यर्हस्तमारुह्य, प्रचचालाविलंबितः ।।६०।।**
**अवार्यतूर्यनिःस्वान-बंदीनां जयघोषणैः । सुवासिन्यंगनागानैः, श्रूयतेऽन्यन्न कर्णयोः ।।६१।।**
**समुद्रविजयक्षोणी- नाथ आनकदुंदुभिः । बलदेवो वासुदेवः, प्रद्युम्नसांबभानवः ।।६२।।**
**गजारूढा रथारूढा, हयारूढाश्च केचन । प्रचेलुर्नेमिना सार्ध-मपरेऽपि महीभुजः ।।६३।।**
**जिनोऽप्यध्वनी दानानि, प्रददानोर्थिनां नृणां । न्यस्तच्छत्रः शिरस्यपि, शृंगारितं सुतोरण ।।**
**भर्त्तुर्विलोकनाकांक्षा, प्रायशो हरिणीदृशः । प्रथमं महती स्यात्तं, पश्यत्येव यथा तथा ।।६५।।**
**राजीमती गवाक्षस्था, सखीपरिवृता ततः । नेत्राभ्यामनिमेषाभ्या-मपश्यन्नेमिनं वरं ।।६६।।**
**प्रक्षिप्ता वा टकेऽभूवन्, जीवाश्छागमृगादयः । तेषां भयभृतां नेमिः, शुश्राव करुणस्वरं ।६७।**
**उग्रसेननृपागारे, सुवासिन्यो मृगीदृशः । मांगल्यान् कलशान् लात्वा, तावद्गायंत्य आगताः ।।**
**इतो मृगशशादीनां, वामदक्षिणवर्त्तिनां । पशूनां दीनवाक्यानि, श्रुत्वार्हन् दययावदत् ।।६९।।**
**भोः सारथे कुतो दीनः, खलु शब्दोऽयमागतः । स प्राह त्वद्विवाहार्थ-मानीतपशुवागियं ।७०।**
**त्वत्पाणिग्रहणे जात !, एतेषां प्राणिनां हतेः । भोजने स्वजनानां हि, गौरवं प्रकरिष्यते ।।**
**निशम्य वचनं तस्य, कृपाकंपितमानसः । व्यचिंतयज्जिनः पाणि-पीडनं पापकारणं ।।७२।।**
**अहो लोका दुराचाराः, पापेभ्यो यन्न बिभ्यती । स्वकीयसुखसिद्धयर्थं, घ्नंति जीवाननेकशः ।।**

अज्ञानान्न विजानंति, सुकृतं करुणामयं । न च जीवविनाशेन, नारकवेदनामपि ।।७४।।
पुनर्नेत्यपि जानंति, वराकाः पशवस्त्वमी । तृणाशनपयःपान-तुष्टा जीवंति कानने ।।७५।।
मारणं कथमेतेषा-मस्माभिः क्रियते रसात् । जीविताशात्मनो यादृग्, परस्यापि च तादृशी ।।
कंटकेऽपि पदे भग्ने, कष्टायतेऽखिलं वपुः । शस्त्रेण मार्यमाणानां, कीदृग्दुःखं प्रजायते ।।७७।।
पशूनां देहघातेन, चेत्क्रियेतापमंगलं । तदात्मनः कथं हा हा, भविता मंगलं तहत् ।।७८।।
एतेषां घातनं यर्हि, ज्ञानयोगेन वा मया । निवारयिष्यते नैवा-हमप्येतादृशस्तदा ।।७९।।
चिन्तयित्वेति सूतस्य, कथयित्वा रथं पुनः । वालयित्वा जिनो नेमिः, सर्वान् जीवानमोचयत् ।।
जिनेन मोचयित्वा तान्, सर्वान् वाटकसंस्थितान् । तोरणाच्चालिते तूर्णं, रथेऽभूत्तुमुलस्तदा ।।
पादयोर्नम्यमानेऽपि, वार्यमाणेऽपि यादवैः । स्त्रीभिराक्रंद्यमानेऽपि, प्रोच्चै रोदननिर्मितेः ।।
संसारसौख्यानित्यत्वं, भावयन् भगवान् भृशं । धरंश्च चरणं चित्ते, प्राप्तवान् स्वं निकेतनं ।।
अपि लोकांतिकैर्देवै-श्चारित्रकालबोधकैः । समयो ज्ञापितो नेमेः, प्रस्तावज्ञा हि देवताः ।८४।
नेमिं दीक्षोन्मुखं ज्ञात्वा, निजगाद जनार्दनः । सहोदरैकशः पाणि-ग्रहणं त्वं कुरु प्रभो ! ।।
यथा तव वधूवक्त्रं, दृष्ट्वा भवामि हर्षवान् । मम मूर्ध्नि कलंकोऽपि, न समायति जातुचित् ।।
वसुदेवोऽखिलज्येष्टः, समुद्रविजयः प्रभुः । नृपा विज्ञपयामासु-रन्येऽपि स्नेहलालसाः ।।८७।।
पितामहस्य तातस्य, कृष्णस्य चाग्रहादपि । प्रदातुं दानमावर्षं, गृहवासे स्थितो विभुः ।।८८।।
दीननां याचकानां च, दत्त्वा दानं यथेप्सितं । प्रक्षिप्य च दरिद्रत्वं, योऽभवत्संयमोद्यतः ।।८९।।

ઉગ્રસેન રાજાએ પણ પોતાના ઘેર વિવાહમહોત્સવમાં પોતાના સ્વજનોને આમંત્ર્યા. નેમિકુમાર અને રાજીમતીના વિવાહમહોત્સવમાં શું કમી હોય? ઉગ્રસેન રાજાએ વરને આપવા માટેનાં સુંદર આભૂષણો લઈને મંત્રીઓ મોકલ્યા. મંત્રીઓએ સમુદ્રવિજયના ઘેર જઈને હર્ષથી આભૂષણો આપ્યાં. ત્યારે સમુદ્રવિજય તેમજ બીજા યાદવોએ તેઓને વિવિધ પકવાનનાં ભોજન કરાવીને ખૂશ કર્યા. પાછા જવાના સમયે મંત્રીઓને યાદવોએ વાહનો આપ્યાં. શિવાદેવી, દેવકી સત્યભામા, રૂકિમણી અને રોહિણી આદિ મુખ્ય મુખ્ય સ્ત્રીઓએ વિવાહ મંગલ કર્યું. માંગલિક કાર્ય કરવાના સમયે માતાના મસ્તક ઉપર મોઢીયો બાંધી, દીપશિખા (રામણદીવો) લગાવીને મંગાલક કર્યું. પરંતુ જ્યારે નેમિકુમાર રથ ઉપર આરૂઢ થવા માટે નીકળ્યા ત્યારે બિલાડી આડી ઉતરી! છતાં નેમિકુમાર રથ ઉપર આરૂઢ થયા. ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્રોના અવાજથી વાતાવરણ ઉલ્લસિત બની ગયું બંદીજનો જયઘોષણા કરવા લાગ્યા. અને સૌભાગ્યવંતી સ્ત્રીઓ માંગલિક લગ્નગીત ગાવા લાગી. નેમિકુમારના રથની સાથે સમુદ્રવિજય, બલદેવ, વાસુદેવ, પ્રદ્યુમ્ન, શાંબ અને ભાનુકુમાર આદિ ચાલ્યા. કોઈ હાથી ઉપર, કોઈ અશ્વ ઉપર તો કોઈ રથ ઉપર, એમ અનેક રાજાઓ અને યાદવો નેમિકુમારની જાનમાં સાથે ચાલ્યા. તોરણોથી શણગારેલા રથમાં છત્ર ધારણ કરી રહેલા નેમિકુમાર પણ રસ્તામાં યાચકોને દાન દેતા આગળ ચાલી રહ્યા હતા. કુમારિકાને પ્રાયઃ પતિને જોવાની ઉત્કંઠા વિશેષ હોય છે. ગમે તેમ કરીને પણ ભાવિ પતિનું મુખ જુએ ત્યારે જ તેને સંતોષ થાય છે. તેમ સખીઓ-

થી પરિવરેલા રાજુમતી પણ ગવાક્ષમાંથી જાન લઈ ને આવતા નેમિકુમારને અનિમેષ નયને જોઇ જોઈને આનંદ માણી રહી છે. ત્યાં જાનૈયાઓના ભોજન માટે હરણીયાં, બકરા આદિ પશુ-પક્ષીને વાડામાં રાખેલા, તે ભયભીત થયેલા જીવોનો કરૂણ સ્વર — આર્તનાદ નેમિકુમારે સાંભળ્યો. તેટલામાં ઉગ્રસેન રાજાના મહેલમાંથી સુહાગણ સ્ત્રીઓ મંગલ કલશો લઈને ગાતી ગાતી આવી. જમણી અને ડાબી બાજુ રહેલાં મૃગલાં અને સસલા આદિ પશુઓનો આર્તનાદ સાંભળીને કરૂણાના ભંડાર નેમિકુમારે સારથીને પૂછયું :- 'સારથિ, આ કરૂણ સ્વર કયાંથી આવે છે?' સારથિએ કહ્યું :- 'તમારા વિવાહ માટે લાવેલા પશુઓનો આ આર્તનાદ છે. આપના પાણિ-ગ્રહણ પછી આ પશુઓનો વધ કરી સ્વજનોને તેનું ભોજન કરાવવામાં આવશે.' સારથીનું વચન સાંભળીને કરૂણાર્દ્ર હૃદયવાળા નેમિકુમાર વિચારવા લાગ્યા :- 'પ્રાણીઓને પીડા કરવી એ પાપનું કારણ છે. અહો, દુરાચારી લોકો પાપથી જરાયે ડરતા નથી. પોતાના સુખને માટે અનેક જીવોની હત્યા કરે છે. અજ્ઞાની લોકો અજ્ઞાનવશ દયામય ધર્મને સમજતા નથી. એમ પણ નથી જાણતા કે આ જીવિતના નાશ પછી નરકની કેવી ભયંકર વેદના ભોગવવી પડશે. એ તો ઠીક, પણ એટલો તો વિચાર કરવો જોઇએ કે આ બિચારા પશુઓ તૃણ અને ઘાસ ખાનારા, ઝરણાના પાણી પીનારા, અને જંગલમાં રહેનારા, તેમને એક માત્ર રસના સ્વાદ ખાતર શા માટે મારવા જોઇએ? જેવું આપણું જીવિત આપણને વ્હાલું છે, તેવું પશુઓને પણ પોતાનું જીવિત વ્હાલું હોય છે. એક કાંટો આપણા પગમાં લાગવાથી શરીરમાં કેવી પીડા થાય છે? તો આ બિચારા પશુઓને શસ્ત્રના ઘાતથી કેવી પીડા થતી હશે? કેવું દુઃખ થતું હશે? અરે, એક બાજુ મંગલ-કાર્ય કરે છે, જ્યારે બીજી બાજુ પશુઓના ઘાતથી અપમંગલ કરે છે, તો એ પોતાનું મહાન મંગલ કયાં રહ્યું? જો હું મારા જ્ઞાનથી આ જીવોની હિંસાનું નિવારણ ના કરૂં તો અજ્ઞાની પાપી જીવોમાં અને મારામાં ફરક શું?' આ પ્રમાણે વિચારીને નેમિકુમારે સારથીને કહ્યું :- 'રથ પશુઓના વાડા પાસે લઇ જા.' પ્રભુની આજ્ઞાથી સારથી રથને વાડા પાસે લાવ્યો. રથ-માંથી ઉતરીને કરૂણાવંત ભગવંતે વાડામાં રહેલા સર્વે જીવોને મુક્ત કર્યા. તોરણથી (લગ્નમંડ-પથી) રથને પાછો વાળી પશુઓના વાડા તરફ લઈ જવામાં આવ્યો ત્યારે કોલાહલ થઇ ગયો. કૃષ્ણ આદિ યાદવોએ પગ પકડીને નમસ્કાર કરવા છતાં, ઘણું ઘણું સમજાવવા છતાં અને સ્ત્રી-ઓએ કરૂણ રૂદન કરવા છતાં, સાંસારિક સુખની અનિત્યતાને ભાવતા અને મનમાં ચારિત્રગ્રહણ-નો સંકલ્પ દ્રઢ કરીને, ભગવાન નેમિકુમારે દ્વારકા નગરી તરફ પ્રયાણ કર્યું. અને પોતાના આવાસમાં આવ્યા. ત્યારે ચારિત્રકાળને જણાવનારા લોકાંતિકદેવોએ અવસર પામીને નેમિકુમારને ચારિત્રગ્રહણ માટે વિજ્ઞપ્તિ કરી. પ્રભુને ચારિત્રગ્રહણની ઇચ્છાવાળા જાણીને કૃષ્ણે કહ્યું :- 'હે ભ્રાતા, મારી એક વિનંતિ સ્વીકારો. આપ એક વખત પાણિગ્રહણ કરી વધૂનું સુખ મને અને માતા શિવાદેવીને બતાવો. જેથી અમને ઘણી શાંતિ અને સંતોષ થશે. અને મારા માથે કલંક ના આવે.' એ પ્રમાણે સમુદ્રવિજયથી માંડીને વસુદેવ સુધીના દશે દશાર્હોએ, બીજા રાજાઓએ, યાદવોએ અને કૃષ્ણના પિતા, પિતામહે પણ ઘણો ઘણો આગ્રહ કર્યો, છતાં નેમિકુમાર કોઈ રીતે લગ્ન કરવા માટે સંમત થયા નહી. પરંતુ બધાના આગ્રહથી એક વર્ષ ઘરવાસમાં રહી યાચકોને ઇપ્સિત ધન આપી લોકોની દરિદ્રતા દૂર કરી.

तिर्यग्लोकाद्दशायुक्ता, नरेंद्राश्च नरा अपि । तदाजग्मुश्चतुःषष्टि–सुरेंद्रा भूरिभक्तयः ।।९०।।

मनुष्यजनितैर्देव–जनितैश्च महोत्सवैः । पुर्यभूद्यादृगानंद–स्तादृग्वक्तुं न पार्यते ।।९२।।
दीक्षादानदिने नेमिं, स्थापयित्वा शुभासने । मर्दितः शोभनैस्तैलैः, स्नपितश्च वरोदकैः ।९३।
लिप्तः सुगंधिभिर्द्रव्यैः, सहस्रैः परिधापितः । मंदारपारिजाताब्ज–पुष्पैः स्मेरैः प्रपूजितः ।९४।
मस्तकक्रमणो याव–दलंकारैर्विभासुरैः । अलंकृतस्तथा रेजे, प्राप्यद्यथा श्रियं घनां ।।९५।।
उभयोः पार्श्वयोर्मुक्ता–रत्नेर्जनितदंडकैः । सौधर्मेशाननाथाभ्यां, वीज्यमानोऽग्रचामरैः ।९६।
आदातुमिव कैवल्य—तरुचारुफलानीव । आरूढः शिबिकां नेमि–नाथो दीक्षाजिघृक्षया ।।
अर्हन्नुत्पद्यते यत्र, तस्यैव पूज्यता भवेत् । उत्पन्नत्वान्मनुष्येषु, मनुष्यस्यैव मान्यता ।।९८।।
उन्पाटितेति सा पूर्वं मनुष्यैरेव हर्षतः । पश्चात्सर्वसुराधीश–ज्योतिष्कासुरनायकैः ।।९९।।
देवदुंदुभिनिर्घोषै–र्मनुष्यवाद्यवादनैः । सुरासुरमनुष्योद्य– त्कांतानां गायनैर्घनैः ।।५००।।
असंख्यैरसुरामर्त्य–मर्त्ययोषित्समन्वितैः । जयजयेत्युच्यमानैः, प्रचचाल जगत्प्रभुः ।।१।।
मार्गेऽर्थिनां ददद्दानं, भूरि दक्षिणपाणिना । जिनो वरोज्जयंताद्रि –सहस्राम्रवनं ययौ ।।२।।
शतानि त्रीणि वर्षाण्य–तिक्रम्य गृहवासके । पूर्वाह्ने द्वारिकामध्या–च्चित्रायां शशिनि स्थिते ।।
कृत्वा षष्टतपस्तत्र, सहस्रपार्थिवैर्जिनः । उत्तार्य भूषणान् केशान्, लुलोच पंचमुष्टिभिः ।।४।।

આ પ્રમાણે નેમિકુમાર, એક વર્ષ સુધી અખંડ દાનધારા વરસાવીને સંયમ લેવા તૈયાર થયા. ત્યારે દેશોદેશથી રાજાઓ, સ્ત્રી-પુરૂષો, તેમજ ભક્તિભાવપૂર્વક ચોસઠ ઇન્દ્રો આવ્યા. માનવો અને દેવોએ ચારિત્રમહોત્સવનું આયોજન કર્યું. તે ખરેખર એટલું આનંદદાયક હતુ કે તે આનંદને વ્યક્ત કરવા માટે કોઈ શબ્દો નથી. હવે દીક્ષાના દિવસે પ્રભુને સુવર્ણના શુભ આસન ઉપર બેસાડીને સુગંધી તેલો વડે મર્દન કર્યું. શીતલ અને સુગંધી જલ વડે સ્નાન કરાવી સુંદર વસ્ત્રોનું પરિધાન કરાવ્યું. પગથી માંડીને મસ્તક સુધી આભૂષણોથી શણગારવામાં આવ્યા, ત્યારે જાણે સાક્ષાત્ લક્ષ્મી જ ના હોય, તેવા પ્રકારની શોભા લાગતી હતી.

સંયમ ગ્રહણ કરવા માટે પ્રયાણ કરતા ભગવાન ઈન્દ્ર નિર્મિત સુંદર શિબિકામાં આરૂઢ થયા. તેમની બંને બાજુ સૌધર્મેન્દ્ર અને ઇશાનેન્દ્ર, રત્નના દંડવાળા બે ચામરો વીંજવા લાગ્યા, તે જાણે ભગવાન કૈવલ્યરૂપી વૃક્ષના સુંદર ફળોને ગ્રહણ કરવા જતા ના હોય, તેવું દૃશ્ય લાગતુ હતું. અરિહંત પરમાત્મા જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં તેમની પૂજ્યતા થવી જોઈએ. મનુષ્યલોકમાં ઉત્પન્ન થવાથી પહેલો અવસર મનુષ્યોને મલવો જોઈએ, એમ માનીને જાણે શિબિકા પ્રથમ મનુષ્યોએ ઉપાડી ! ત્યાર પછી વારાફરતી સૌધર્મેન્દ્ર, ઇશાનેન્દ્ર, ભવનપતિના ઇન્દ્ર, વ્યંતરેન્દ્ર, જ્યોતિષેન્દ્રે તેમજ બીજા પણ સામાનિક દેવોએ ભાવભક્તિપૂર્વક ઉપાડી. દેવદુંદુભિનો મધુર અવાજ, માનવીય વાજિંત્રોના મીઠો મધુરો અવાજ અને દેવ–મનુષ્યની સ્ત્રીઓથી ગવાતા મંગલ-ગીતોના ગુંજનથી આકાશ–પૃથ્વી શબ્દમય બની ગઈ. આ પ્રમાણે સ્થાને સ્થાને જયજયકાર કરાતા પ્રભુ જમણા હાથે યાચકવર્ગને દાન આપતા, ઉજ્જયંત (ગિરનાર) પર્વતના સહસ્ત્રાગ્ર-વનમાં પધાર્યા. ત્રણસો વર્ષ ગૃહવાસમાં રહી, ચિત્રા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થતાં, નેમિ-કુમારે પહેલાં પ્રહરમાં દ્વારિકાની મધ્યમાંથી નીકળી, છઠ્ઠ (બે ઉપવાસ)નો તપ કરી, આભૂષણો

ઉતારી, કેશનો પંચમુષ્ટિ લોચ કરી, એક હજાર રાજાઓની સાથે અસંખ્ય દેવ મનુષ્ય સ્ત્રી-પુરૂષોની સમક્ષ ચારિત્ર ગ્રહણ કર્યું.

इंद्रोऽथापि जिनेशस्य, कचान् क्षीरपयोनिधौ । क्षिप्त्वा पुनः समागत्य, स्कंधे दुष्यं मुमोच च ।
ततो गृहीतचारित्रः, सिद्धेभ्यः प्राणमद्विभुः । सिद्धनत्येव तस्यासी-च्चतुर्थं ज्ञानमंजसा ॥६॥
कल्याणकं तृतीयं तु, कृत्वा संक्रंदनाह्वयः । देवा जग्मुर्निजं स्थानं, लोका अपि विषादिनः ।
स तृतीयदिने गोष्टे, वरदत्तद्विजालये । गतस्तत्राभवत्तस्य, परमान्नेन पारणं ॥८॥
अहो दानमहो दानं, कृतेत्युद्घोषणा सुरैः । वादितानि विचित्राणि, वादित्राणि नभोंगणे ॥
जिनानां निष्फलं दानं, न जायते कदाचन । इति तस्य गृहे देवा-श्चक्रुर्वृष्टीरनेकधा ॥१०॥
पत्राणां च प्रसूनानां फलानां वाससां पुनः । सार्धद्वादशकोटीनां, स्वर्णानां वर्षणं दधुः ॥११॥
वरीतुमिव निर्वाण-हरिणीदृशमक्षयां । पारगोऽपि ततोऽन्यत्र, विजहार शुभाशयः ॥१२॥

ઈન્દ્રે પ્રભુજીના કેશને ક્ષીરસમુદ્રમાં પધરાવીને ખભા ઉપર દેવદુષ્ય મૂકયું. ત્યાર પછી ભગવંતે 'નમઃ સિદ્ધેભ્યઃ' કહીને સિદ્ધ પરમાત્માને નમસ્કાર કર્યો. તે વખતે પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ભગવાન નેમિનાથનાં ત્રીજા દીક્ષા કલ્યાણકની ઉજવણી કરીને ઈન્દ્ર આદિ દેવો સ્વસ્થાને ગયા. કૃષ્ણ વગેરે યાદવો પણ વિષાદને ધરતા પોતાના સ્થાને ગયા.

ત્રીજા દિવસે વરદત્ત નામના બ્રાહ્મણના ગોષ્ઠમાં ભગવાનનું પરમાન્નથી પારણું થયું. ત્યાં દેવોએ 'અહોદાનમ્, અહોદાનમ્' ની ઉદ્‌ઘોષણા કરી. ગગનમંડલમાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડયા. 'પ્રભુને આપેલું દાન નિષ્ફલ ના જાય.' એમ માનીને દેવોએ આકાશમાંથી પત્ર, પુષ્પો, ફલો, વસ્ત્રો અને સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી. ત્યાર પછી નેમિનાથ શિવરૂપીવધૂની સાથે પાણિગ્રહણ કરવા માટે જતા ના હોય તેમ ત્યાંથી બીજા સ્થળે વિહાર કર્યો.

इतश्च नेमिनाथस्या-नुजेन रथनेमिना । कामबाणानुविद्धेन, राजीमत्यभिलाषिणा ॥१३॥
संप्रेषितान्यपूर्वाणि, वस्त्राणि भूषणानि च । रम्याणि नागवल्लीनां, दलानि कोमलानि च ।१४।
ऋजुस्वभावतस्तस्या, भावानभिज्ञचित्तया । तयापि तानि वस्तूनि, सर्वाणि रक्षितानि च ॥
रथनेमिस्तदाज्ञासीद्, धृतो रागोऽनया मयि । अन्यथा प्रेषितं सर्वं, वस्तु रक्षेदसौ कथं ॥१६॥
मनोभववशस्तुच्छ-मती राजीमतीगृहं । स गत्वा भ्रातृजायात्वा-त्तस्या हास्यादिकं व्यधात् ।
रहःस्थितां बभाषे ता-मन्यदा स त्रपोज्झितः । दुःप्रापं यौवनं मुग्धे, कथं करोषि निष्फलं ।१८।
तव भोगानभिज्ञेन, मुक्ता त्वं नेमिना तदा । निःस्नेहेन गृहीता च, तेन दीक्षा महोत्सवैः ।१९।
त्वयका प्रार्थ्यमानोऽपि, परित्यज्यैव सोऽगमत् । यावज्जीवं न मोक्ष्यामि, त्वां मयेति प्रतिश्रुतं ।
राजीमति तदावादी-दरे मूर्खशिरोमणे ।! अविमृश्य कथं निंदां, करोषि त्वं महात्मनः ।२१।

सोऽपि संसारभोगेभ्यो, विरक्तोऽस्ति जगत्प्रभुः । भवपंके निमग्नस्त्वं, भोगान् वांछसि मानुषान्
बांधवाय प्रदत्तां मां, प्रतिज्ञातपतिव्रतां । भोगाय याचमानस्त्वं, निर्बुद्धे ! किं न लज्जसे ? ।२३।
अन्यकांताभिलाषेण, लोकलज्जा गता तव । महानरकदुःखानां, प्राप्तेरपि बिभेषि न ।।२४।।
वचनैरिति निर्भर्त्स्य, कठिनैः कोमलैरपि । बोधितो रथनेमिस्तु, राजीमत्या विदग्धया ।२५।।
तथापि विषयध्याना–न्न तस्य व्यरमन्मतिः ।उपदेशो हि सत्या न, रागग्रस्तं नरं लगेत् ।२६।
श्री नेमिनाथमेवोच्चै–र्ध्यायंती केवलं हृदि । दुःखतो गृहवासेऽपि, तस्थौ राजोमती सती ।२७।
दुग्धमन्येद्युराकंठ–मुष्णं राजीमती पपौ । तत्र कामाभिलाषेण, रथनेमिः समागतः ।।२८।।
तदा विषयवांछात–स्तं कर्त्तुं विपराङ्मुखं । जघ्रौ स मदनफलं, निपीतदुग्धवांतये ।।२९।।
रथनेमिस्तया प्रोचे, स्वर्णस्थालं समानय । तत्तेनापि समानीतं, तत्र सापि पयोऽवमत् ।३०।
वांत्वा सोवाच रे मूढ, वद वातमिदं पयः । निःस्वस्य क्षुधितस्यापि, पानाय किं प्रजायते ।३१।
तथाहमपि संसार–भोगाभिलाषवर्जिता । वांता श्रीनेमिनाथेन, भोगाय स्यां कथं तव ।३२।
सोऽपि प्रवर्त्तते ताव–कीनो भ्राताग्रजो जिनः । तस्य पत्नीं कथं त्वं मां, समीहसेऽधमाधमः ।।
नातःपरं त्वया कामिन्, कथनीयमिदं वचः । यदि वक्षस्यहं तत्त्वां, करिष्ये मानवर्जितं ।३४।
इति निर्भर्त्सितो राजी-मत्या मत्या विशालया । सोऽपि श्याममुखो भूत्वा, विकल्पानकरोदिमान्
हा हा मम वहुद्रव्य–हानिः पुरा बभूव च । अनयापि वचः पश्चात्, स्वीकृतं मे न सर्वथा ।।
ततो द्वावपि मे हस्तौ, पतितौ पृथिवीतले । विलक्षश्चिंतयन्नेवं, सोऽगमद्मंदिरं निजं ।।३७।।

રાજિમતીની અભિલાષાથી, કામબાણથી વીંધાયેલા નેમિનાથ ભગવાનના નાના ભાઇ રથનેમિ, રાજિમતીને અપૂર્વ વસ્ત્રો, આભૂષણો અને નાગરવેલના પાન આદિ મોકલવા લાગ્યા. રથનેમિના આશયને નહી જાણનારી સરલ હૃદય રાજિમતી દેવર તરફથી આવેલી ભેટો સહર્ષપૂર્વક સ્વીકાર કરતી. ત્યારે રથનેમિએ જાણ્યું કે મારા પ્રત્યે રાજિમતી અનુરાગિણી થઇ લાગે છે. તો જ મારી મોકલેલી વસ્તુ રાખે છે, નહીંતર પાછી મોકલી ના દે? કામદેવને વશ થયેલા તુચ્છમતીવાળા રથનેમિ વખતોવખત રાજિમતીના ઘેર જઈને ભાભી હોવાથી હાસ્યવિનોદ આદિ કરે છે. તેમાં એક વખત એકાંત પામીને રથનેમિએ નિર્લજ્જપણે રાજિમતીને કહ્યું :– 'હે મુગ્ધે, દુષ્પ્રાપ્ય એવું યૌવન શા માટે નિષ્ફળ બનાવે છે? ભોગસુખને નહીં જાણતા નિઃસ્નેહી એવા નેમિકુમારે તને તરછોડીને મહોત્સવપૂર્વક દીક્ષા અંગીકાર કરી. તેં ઘણી ઘણી પ્રાર્થના કરી છતાં તેણે નિર્દયતાથી તને ત્યજી દીધી. જો તું મારૂં કહ્યું માને તો જીવનપર્યંત તને હું નિભાવીશ. એક ક્ષણમાત્ર પણ તને વિયોગ નહીં થવા દઉં.' રથનેમિના અસભ્ય વચન સાંભળીને આક્રોશપૂર્વક રાજિમતીએ કહ્યું :–'અરે મૂર્ખ શિરોમણી, તું વગર વિચારે કોની નિંદા કરી રહ્યો છે? આવા ત્રણ જગતના નાથ, મહાપુરૂષની નિંદા કરતાં તારી જીભ કેમ ઉપડે છે? તે ત્રણજગતના નાથ તો સંસાર સુખોથી વિરક્ત થયા છે, તે આ ભોગસુખરૂપી કાદવમાં કેમ ડુબે? જ્યારે તું એ માનવીય વિષયોરૂપી કાદવમાં ડુબવા તૈયાર થયો છે?' 'હે નિર્બુદ્ધિ, તારા બંધુને મનથી વરી ચૂકેલી વાગ્દત્તા–પતિવ્રતા એવી મારી પાસે ભોગને માટે યાચના કરતાં તને શરમ નથી આવતી?

પરસ્ત્રીની અભિલાષા કરતાં તને લોકલજ્જા નથી નડતી ? અને તેના ફલસ્વરૂપ નરકની મહા-યાતનાઓનો પણ તને ડર નથી લાગતો ? આ પ્રમાણે વિદુષી રાજિમતીના કોમલ અને કઠોર વચનોથી રથનેમિ ઝંખવાણો પડી ગયો. તો પણ વિષય વાસનાથી તેની બુદ્ધિ વિરામ પામી નહીં. **ખરેખર મહાસતીનો ઉપદેશ રાગાંધ માણસોને અસર કરતો નથી.** ભગ-વાન નેમિનાથનું હૃદયમાં નીરંતર ધ્યાન કરતી રાજીમતી ગૃહસ્થવાસમાં ઉદાસીન ભાવે રહેતી હતી. ત્યાં કામાંધ એવા રથનેમિ રાજિમતી પાસે આવીને ફરીથી ભોગની પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે રાજિમતીએ રથનેમિને વિષયોથી પરાઙ્-મુખ કરવા માટે ગરમાગરમ દૂધનું આકંઠ પાન કર્યું અને તેના ઉપર એક મદનફલ (મીંઢળ) ખાઈ ગઈ, અને રથનેમિ પાસે સુવર્ણનો થાલ મંગાવ્યો, તેમાં રાજિમતીએ દૂધને વમી નાંખ્યું. ઉલ્ટી કરીને રથનેમિને કહ્યું :- 'રે મૂઢ, આ વમન કરેલું દૂધ કોઇ પી શકે ખરૂં ? ભૂખ્યો એવો પણ દરિદ્ર માણસ વમેલા દૂધનું પાન કરવા માટે તૈયાર થાય નહી, તો સાંસારિક સુખની અભિલાષાથી વિરક્ત બનેલી એવી મને, ભગવાન નેમિનાથે વમી નાખી છે. તે વમન કરેલી એવી મારી તું ભોગ માટે અભિલાષા કરે છે, તે શું યોગ્ય છે ? તારા વડિલબંધુ ભગવાન નેમિનાથની પત્ની એવી મારી તું સ્પૃહા કરે છે, તે તારી કેટલી અધમાધમતા ? હે કામાંધ, આજથી માંડીને તારે આવું કંઈ પણ અઘટિત વચન બોલવું નહીં અને જો અહીં આવીને આવું કંઈ અયોગ્ય વચન બોલીશ તો તને માનભંગ કરીને કાઢી મૂકીશ.' વિશાલબુદ્ધિવાળી રાજિમતીથી તિરસ્કૃત થયેલો રથનેમિ, શ્યામ મુખવાળો થઈને આ પ્રમાણે વિચારવા લાગ્યો :- 'અરેરે, મેં આ સ્ત્રી માટે ઘણુ દ્રવ્ય ખર્ચ્યું, કેટકેટલી મૂલ્યવાન વસ્તુઓ એને આપી, છતાં એ કેટલી કપટી છે કે મારી મોકલેલી બધી વસ્તુઓ લઇને પછી મારો તિસ્કાર કર્યો. ખરેખર, મારા બે હાથ ધરતી ઉપર હેઠા પડયા.' આ પ્રમાણે વિચાર કરતો રથનેમિ નિરાશ થઇને પોતાના આવાસમાં ગયો.

त्यक्तापि नेमिना राजी—मती वैराग्ययोगतः । तस्मिन्नेवानुरक्ताभू—दहो कांतापि निश्चला ।।
चारित्राच्चतुःपंचाश—द्दिनान् बिहृत्य भूतले । उज्जयंतसहस्राम्र—वनेऽथ नेमिरागमत् ।।३९।।
तत्र वेतसवृक्षस्य, तले ध्यानविधायिनः । नेमेरष्टमतो घाति—कर्माणि तुत्रुटुस्तमां ।।४०।।
तदाश्विनामावास्यायां, चित्रायां संस्थिते विधौ । श्रीनेमिः केवलज्ञान—मज्ञानध्वंसमाप्तवान् ।
समेत्य तत्र देवेंद्रै—स्तत्कालं चलितासनैः । जनिता समवसृति—र्दीप्रवप्रत्रयान्विता ।।४२।।
विंशतिधन्वशतोच्चं—चैत्यद्रुमं समंततः । पूर्वद्वारा प्रविश्यार्हन्, ददौ प्रदक्षिणात्रयीं ।।४३।।
तीर्थाय प्रणतिं कृत्वा, द्वाविंशतितमो जिनः । सिंहासने स्थितः पूर्व— सन्मुखं जगतां गुरुः ।।
तिसृष्वप्यर्हतो दिक्षु, प्रातबिम्बानि चक्रिरे । व्यंतरैरमरै रत्न—सिंहासनस्थितानि च ।।४५।।
उपविष्टा यथायोग्य—स्थाने देवास्तदंगनाः । चतुर्विधनिकायानां, भेदेन नेमिदर्शने ।।४६।।
नेमिं समवसरणे, स्थितं देवैर्निषेवितं । अवलोक्य मुकुंदाय, जजल्पुः शैलपालकाः ।।४७।।
प्रदत्तास्तस्य रूप्याणां, सार्धद्वादशकोटयः । कृष्णेन सोऽपि मत्तेभ— मारुह्य वंदितुं ययौ ।४८।
सार्धं दश दशार्हैश्च, बांधवैः स्वजनैः समैः । कुमारैः कोटिसंख्याकैः, सर्वैरंतः पुरैः पुनः ।४९।

षोडशभिः सहस्त्रैश्च, राज्ञां मुकुटधारिणां । समृद्धयादभ्रया विष्णुः, प्राप रैवतकाचलं ।५०।
यावत्समवसरण–समीपं समुपागतः । हस्तितस्तावदुत्तीर्य राजचिह्नानि सोऽमुचत् ।।५१।।
प्रविश्य समवसृत्या, उत्तरद्वारि केशवः । नेमिं प्रदक्षिणीकृत्य, ववंदे भूरिभक्तितः ।।५२।।
अनुशक्रं स्थितो विष्णु–र्यथोचितं परेऽपि च । पुनर्नत्वेंद्रगोविंदौ, नेमिस्तुतिं प्रचक्रतुः ।५३।
नमो देवाधिदेवाय, नमो दुःखविनाशिने । नमो दारिद्रयघाताय, नमस्तथास्तकर्मणे ।।५४।।
योग्यं तवैव वैराग्यं, ज्ञानं ध्यानं जपस्तपः । येनाबाल्यादपि स्वामि–स्त्वया ब्रह्मव्रतं वृतं ।।
दर्शनात्तव पापानि, दर्शनात्ते विपत्तयः । भव्यानां विलयं यांति, फलंति च मनोरथाः ।५६।
ध्यानं विधीयते येन, तावकीनं जिनेश्वर । स घोराघविघातापि, भवेत्कर्मविनाकृतः ।।५७।।
यत्र तत्र स्थितेनापि, यत्तत्कृत्यं प्रकुर्वता । नरेण ध्यायसे चेत्त्वं, तर्ह्येष न पराभवेत् ।।५८।।
इति स्तुत्वा यथास्थानं, यावदिंद्राच्युतौ स्थितौ । तावद्भगवतारेभे, देशना क्लेशनाशिनी ।।

ભગવાન નેમિનાથે ત્યાગ કરેલી હોવા છતાં રાજિમતી વૈરાગ્યથી નેમિનાથ પ્રત્યે દ્રઢ અનુરાગને ધારણ કરતી રહી. ચારિત્રગ્રહણ કર્યા બાદ નેમિનાથ ભગવાન ચોપન દિવસ સુધી ભૂમંડલ પર વિચરીને ગિરનાર પર્વતના સહસ્રામ્રવનમાં પધાર્યા. ત્યાં 'વેતસ' નામના વૃક્ષ નીચે અઠ્ઠમનો તપ કરી શુક્લ ધ્યાનને ધ્યાવતા ભગવાન નેમિનાથે ઘાતિકર્મનો ક્ષય કર્યો. આસો વદ અમાવસ્યાના દિવસે ચિત્રા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં ભગવંતને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થઇ. પોતાનું સિંહાસન ચલાયમાન થવાથી, અવધિજ્ઞાનથી ભગવંતને કૈવલ્યજ્ઞાન થયેલું જાણીને, દેવેન્દ્રોએ તરત જ સહસ્ત્રામ્રવનમાં આવીને ત્રણ ગઢવાળા સમવસરણની રચના કરી. તેના ઉપર ૧૨૦ ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષનું નિર્માણ કર્યું. પૂર્વદ્વારથી પ્રવેશ કરીને સમવસરણને ત્રણ પ્રદક્ષિણા દઈ '**નમો તિત્થસ્સ**' આ પ્રમાણે તીર્થને નમસ્કાર કરી, બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથ પૂર્વાભિમુખે સિંહાસન ઉપર બિરાજમાન થયા. ત્રણ દિશામાં રત્નનાં સિંહાસનો ઉપર વ્યંતરદેવોએ ભગવંતનાં ત્રણ પ્રતિબિંબો મૂકયાં. ચારે નિકાયના દેવદેવીઓ પોતપોતાને યોગ્ય સ્થાને બેઠા. સમવસરણમાં દેવદેવીઓથી સેવાતા ભગવાન નેમિનાથને જોઈને શૈલપાલકોએ કૃષ્ણને વધામણી આપી. ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયાના સમાચાર સાંભળીને આનંદવિભોર બની બેઠેલા કૃષ્ણે વધામણી આપનાર શૈલપાલકોને સાડા બાર કરોડ રૂપિયાનું દાન આપ્યું અને દ્વારિકા નગરીમાં પડહ વગડાવી ઘોષણા કરાવી. સોલ હજાર મુગટબંધી રાજાઓ, દશે દશાહ બંધુઓ, સ્વજનો, બાંધવો, કરોડોની સંખ્યામાં રાજકુમારો તેમજ બત્રીશ હજાર અંતઃપુરની રાણીઓ સહિત ગંધહસ્તિ ઉપર આરૂઢ થઈને સમૃદ્ધિશાળી વિષ્ણુ, નેમિનાથ ભગવંતને વંદન કરવા માટે રૈવતાચલ પર્વત ઉપર આવ્યા. સમવસરણની નજીકમાં આવ્યા ત્યારે પોતે હાથી ઉપરથી ઉતરીને રાજચિન્હો (મુગટ, રાજદંડ–પાદુકા આદિ)ને બહાર મૂકી, ઉત્તર દરવાજેથી સમવસરણમાં પ્રવેશ કરી, કૃષ્ણે નેમિનાથ ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપીને ભાવ-ભક્તિપૂર્વક વંદન કર્યું અને ઈન્દ્રની પાછળ રહેલા બીજા રાજાઓ પોતાને યોગ્ય સ્થાને બેઠા. ત્યારબાદ કૃષ્ણે ફરીથી નમસ્કાર કરી ભગવંતની સ્તુતિ કરીઃ– 'હે દેવાધિદેવ, આપને નમસ્કાર થાઓ. આપ દુઃખ અને દારિદ્રયનો નાશ કરનારા છો. આપ કર્મોથી મુક્ત બન્યા છો. આપના

જ્ઞાન, ધ્યાન, તપ. જપ, અને વૈરાગ્ય ખરેખર પ્રશંસનીય છે. આપ બાલ્યાવસ્થાથી અખંડ બ્રહ્મચારી છો. આપના દર્શનથી પાપો અને વિપત્તિઓ નાશ પામે છે અને ભવ્યજીવોના મનોરથો પૂર્ણ થાય છે.' હે જિનેશ્વર, જે કોઈ આપનું હ્રદયમાં ધ્યાન કરે છે, તેના ઘોરાતિઘોર કર્મોનો ક્ષય થાય છે. ગમે તે સ્થાને રહેલા જીવો આપનું મન-વચન-કાયાથી ધ્યાન કરે છે. તેનો કદીયે પરાભવ થતો નથી. એવા અનંતશક્તિના ધારક પરમાત્મા, આપને મારા કોટિ કોટિ વંદન હો.'

આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરીને ઈન્દ્ર અને કૃષ્ણ યોગ્ય સ્થાને બેઠા. ત્યારે ભગવાને ક્લેશનાશિની ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

क्षणिका एव संपत्ति—प्राप्तयः कथिता नृणां । संध्यारागसमं ज्ञेयं, यौवनं चापि पावनं ।।६०।।
पारावारैककल्लोल—लोलं जीवितमंगिनां । मृगतृष्णासमा तृष्णा, भोगा रोगातिहेतवः ।६१।
संयोगाः स्वप्नसंकाशा, वियोगा दुःखदायकाः । योगाभ्यासाः सुखाय स्यु-राभोगा व्यग्रताकृतः ।
आर्यदेशे कुले कांते, समुत्पत्तिर्नृजन्मनि । पंचेंद्रियपटुत्वं च, दुर्लभं कामकुंभवत् ।।६३।।
श्रुतिस्तत्रापि धर्मस्य, दुःप्रापा वासना पुनः । विशुद्धे संयमे वीर्यं, प्रविधानं च दुःकरं ।।६४।।
सामग्रयामिति जाताया—मतिज्ञानवतार्हता । धर्मो वाचंयमश्राद्ध—भेदेन गदितो द्विधा ।६५।
महाव्रतानि पंचापि, यतिधर्मे बभाषिरे । व्रतानि द्वादश श्राद्ध—धर्मे प्रोक्तानि मुक्तये ।।६६।।
दुःकरो मुक्तिदः शीघ्रं, साधुधर्मोऽस्तिर्धर्मिणां । तत्समाराधने यः स्या—दशक्तः स गृहिव्रतः ।
शुद्धे देवेगुरौ धर्मे, विधाय दृढतां बहु । प्रथमं तत्र सम्यक्त्व— माराधनीयमुत्तमैः ।।६८।।
पंचसम्यक्त्वमूलान्य—णुव्रतानि गुणत्रयं । शिक्षाव्रतानि चत्वारि, गृहमध्ये ऽपि पालयेत् ।६९।
द्वाविंशति त्वभक्ष्याणि, यत्नतः परिवर्जयेत् । द्वात्रिंशदनंतकाया—नपि चावद्यवर्द्धकान् ।७०।
मधु मद्यं नवनीतं, मांसं पंचाप्युदुंबरान् । रजनीभोजनं श्राद्ध—धर्मस्थितो विवर्जयेत् ।।७१।।
लोकशास्त्रेऽपि सप्तानां, ग्रामाणां ज्वालनोत्थितं ।पातकं प्राप्यते पुंसां, तेन दुर्गतिकारणं ।७३।
सुरापानविधानेन, दक्षोऽपि विकलो भवेत् । जानाति जननीं योषां, योषां च जननीं निजां ।।
जीवतोऽपि सुरापाना—न्मृतकस्येव देहिनः । मूत्रयंत्याननं श्वानो, मक्षिकाशब्दसंकुले ।।७५।।
नवनीताशने दोषा—ननल्पान् ज्ञानिनोऽवदन् । जीवाः पंचेंद्रिया यत्र, संमूर्छंति यतोऽतुलाः ।।
मांसाशनविलुब्धानां, न भवेत्प्राणिनां दया । क्रूरताध्यवसायश्च, प्रयाति न कदाचन ।।७७।।
तेनैवाध्यवसायेन, मृत्वा ते मांसलोलुपाः । पतंति नरके घोरे, परमाधार्मिकार्दने, ।।७८।।
उदुंबरवटप्लक्ष—काकोदुंबरभूरुहां । पिप्पलीनां फलान्युच्चै— र्ये भुंजंत्यविवेकतः ।।७९।।
तेषामज्ञानिनां नृणां, त्रसजीवैकभक्षणात् । जायते पापसंपर्को, नरकायुर्विधायकः ।।८०।।
बादरस्यापि जीवस्य, संघातस्य कलेवरं । रात्रौ निरीक्ष्यते नैव, प्रदीपेषु बहुष्वपि ।।८१।।

**येषां प्रदीपसामग्री, नास्ति दारिद्रयतौ हहा। किं विपाककरं तेषां भविष्यति निशाशनं ।८२।**
**इति श्रीनेमिना प्रोक्तां, निशम्य धर्मदेशनां । वरदत्तनृपः पापा द्बिभ्यन्नभ्यदधद्विभुं ।।८३।।**
**तव वाक्यश्रुतेः स्वामिन्, भीतोऽस्मि भवभीतितः। रक्ष रक्ष क्षमायुक्त, स्वांघ्रौ दीक्षाप्रदानतः।**

'હે ભવ્ય જીવો, મનુષ્યોની સંપત્તિ ક્ષણિક છે. યૌવન સંધ્યાના રંગો જેવું ક્ષણ વિનાશી છે. મનુષ્યોનું જીવન સમુદ્રના તરંગો જેવું ચંચળ છે. તૃષ્ણા, મૃગતૃષ્ણા સમાન નિરર્થક છે. ભોગસુખો રોગના કારણરૂપ છે. સંયોગો સ્વપ્નસમાન ક્ષણિક અને અંતે વિયોગ કરાવનાર દુઃખદાયી છે. ભોગો વ્યગ્રતા કરાવનારા છે. યોગાભ્યાસ જ સાચું સુખ આપનાર છે. મનુષ્યજન્મ, આર્યદેશ, આર્યકુલ, પાંચે ઇન્દ્રિયની પટુતા, તે બધુ મલવું કામકુંભ જેવું દુર્લભ છે. આટલું બધું મલવા છતાં તેમાં ધર્મની પ્રાપ્તિ થવી ઘણી દુર્લભ છે. ધર્મની પ્રાપ્તિ થવા છતાં વિશુદ્ધ સંયમનું પાલન કરવું ઘણું દુષ્કર છે. તીર્થંકરોએ સાધુ ધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારનો ધર્મ કહેલો છે. સાધુધર્મમાં ચાર મહાવ્રતોનું પાલન કરવાનું હોય છે. આવો મહાન સાધુધર્મ શીઘ્રતાથી મુક્તિસુખ આપનારો હોય છે. દુષ્કર સાધુધર્મ પાળવાને અશક્ત એવા જીવો માટે ગૃહસ્થધર્મ છે. જેમાં શુદ્ધ દેવ–ગુરૂ અને ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા રાખવી તેને સમ્યક્ત્વ કહેવાય છે. એ સમ્યક્ત્વમૂલ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત–એમ બાર વ્રતમય ગૃહસ્થ ધર્મ કહ્યો છે. એની સમ્યક્પ્રકારે આરાધના કરવાથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થ ધર્મમાં બાવીશ અભક્ષ્ય અને બત્રીસ અનંતકાયનું ભક્ષણ વર્જ્ય હોય છે. તેમજ માંસ, મદિરા, મધ અને માખણ– એ ચાર મહા વિગઇઓ, પાંચ ઉંબર (વનસ્પતિ) તેમજ રાત્રિભોજનનો પણ ગૃહસ્થોએ ત્યાગ કરવો જોઇએ. લૌકિકશાસ્ત્રોમાં પણ કહ્યું છે કે સાત ગામને બાળવાથી જે પાપ લાગે તેવું પાપ રાત્રિભોજન કરવાથી લાગે છે. માટે દુર્ગતિના કારણરૂપ રાત્રિભોજનનો સદંતર ત્યાગ કરવો જોઈએ. મદિરાપાનથી ડાહ્યો માણસ પણ વિકલ બની જાય છે. મદીરાપાનમાં ચકચૂર થયેલો માણસ, માતાને પત્ની, અને પત્નીને માતા રૂપે માને છે. મદિરાપાનથી જીવતા પણ મૃતકની જેમ માણસના મુખમાં શ્વાન મૂતરે છે અને તેના મોંઢા ઉપર માંખીઓ બણબણાટ કરે છે. માખણના ભક્ષણમાં પણ જ્ઞાનીઓએ ઘણા દોષ બતાવ્યા છે. માંખણમાં સમયે સમયે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. માંસાહારી જીવોમાં દયાનો અંશ પણ હોતો નથી. હંમેશાં તેના ક્રૂર અધ્યવસાયો ચાલ્યા કરે છે. અને ક્રૂર અધ્યવસાયોથી તે માંસ લોલુપ્ત જીવો મરીને ઘોર નરકમાં ઉપન્ન થાય છે. ત્યાં ક્ષેત્રકૃત અને પરમાધામીઓની ઘોર યાતનાઓ ભોગવવી પડે છે. ઉદ, ઉંબર, વડ, પીંપળી અને કાક– આ પાંચ વૃક્ષોની પીંપળો તેમજ ટેટાઓ અજ્ઞાની જીવો ખાય છે, તો તેમાં રહેલા ત્રસકાય જીવોની હિંસા થવાથી ભયંકર પાપ બાંધીને તે જીવો નરકના અતિથિ બને છે. રાત્રિભોજનમાં રાત્રિના અંધકારમાં ઘણા સૂક્ષ્મ જીવોનો સમુદાય ફરતો હોય છે. ભલે, ઘણા દીપકોનો પ્રકાશ હોય, છતાં એ સૂક્ષ્મ જીવો એટલા સૂક્ષ્મ હોય છે કે દેખાતા નથી, અને દરિદ્ર મનુષ્યોના ઘરમાં તો દીપક પણ નહીં હોવાથી, તેઓને રાત્રિભોજન દુઃખદાયી અને જીવિતનો નાશ કરનાર બને છે....'

આ પ્રમાણે ભગવાન નેમિનાથની ધર્મદેશના સાંભળીને પાપથી ધ્રૂજી ઉઠેલા વરદત્તરાજાએ ભગવંતને વિજ્ઞપ્તિ કરી :– 'સ્વામિન્, આપની ધર્મદેશનાથી હું આ સંસારથી ભયભીત બન્યો છું. તો મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો. આપના ચરણનું મને શરણ આપો. આપ કૃપા કરીને મને પ્રવ્રજ્યા પ્રદાન કરો.'

अत्रांतरेऽच्युतोऽप्राक्षी–न्नाथ त्वदनुरागिणः । समस्ता अपि वर्त्तंते, लोका भक्तिसमन्विताः ॥
राजीमती विशेषेण, कथं त्वय्यनुरागिणी । वर्त्तते सर्वनारीभ्यो, विमुक्तापि त्वया विभो ।८६।
तदा धनधनवती—भवादारभ्य नेमिना । जगदेऽष्टभवस्नेहः, स्पष्टं पर्षच्चमत्कृतिः ॥८७॥
विष्णोः प्रत्युत्तरं दत्वा, वरदत्तं महीभुजं । विरक्तं भवभोगेभ्यो, ज्ञात्वा दीक्षितवान् जिनः ॥
स्वरूपं पृथिवीभर्तु—र्दृष्ट्वा वैराग्यवर्त्तिनां । क्षत्राणां द्विसहस्राणि, पश्चात्प्रव्रजितानि च ॥
अनुजौ धनदेवाख्य–धनपालौ धनोद्भवौ । मंत्री विमलबोधाख्यो— ऽपराजितभवेऽनुजः ॥
भोजने शयने शैले, वने केलौ गृहाश्रमे । भवेऽत्रापि जिनेंद्रस्या—भवंस्ते सहचारिणः ॥९१॥
त्रयोऽप्युपागतास्तत्र, श्रुत्वा राजीमतीभवान् । ते जातजातिस्मृतयो, वैराग्यात्प्राव्रजंस्तदा ॥
तेषां दीक्षां प्रदायेत्यु–त्पादध्रौव्यव्ययात्मिकां । त्रिपदीं दत्वार्हन्नष्टा–दशाकार्षीद् गणेश्वरान् ।
यक्षिणी नामतो राज–पुत्री बुद्धिपवित्रिता । प्रभूतराजकन्याभिः, प्राव्राजीन्नेमिनोंतिके ।९४।
तत्रादिमं गणधरं, वरदत्तमचीकरत । भगवान्नेमिनाथोऽपि, यक्षिणीं च प्रवर्तिनीं ॥९५॥
नंदप्रभृतयश्चोग्र–सेननारायणादयः । कुमाराः प्रद्युम्नमुख्याः, श्राद्धधर्ममशिश्रयन् ॥९६॥
श्रीमहासुव्रताद्याश्च, देवकीरोहिणीशिवाः । इत्याद्याः श्राविका जाताः, श्राद्धधर्मोररीकृतेः ॥
तस्मिन् समवसरणे, संघमेवं चतुर्विधं । श्रीनेमिः स्थापयामास, धर्मसाधनहेतवे ॥९८॥
एवं प्रथमपौरुष्यां, देशनां भगवानदात् । द्वितीयस्यां च पौरुष्यां, वरदत्तो गणाग्रणीः ॥९९॥
ततो नेमिजिनं नत्वा, देवाः संक्रंदनादयः । वासुदेवादयो भूपाः, स्वस्थानमपरेऽप्यगुः ।६००।
जिनेंद्रोऽपि व्यवस्थाप्य, चतुर्धा संघमद्भुतं । विजिहीर्षुः क्षमापीठे–ऽगच्छद्रैवतकाचलात ।१।
नीलोत्पलदलश्याम—मपि श्रीनेमिनो वपुः । चित्रमेतत्समस्तानां , जायते प्रीतये भृशं ॥२॥
मंदारोदारमालातो, जिनदेहे सुगंधिनि । दृशो भृंगायमाणाश्च, पतंति देवयोषितां ॥३॥

શ્રીકૃષ્ણે નેમિનાથ ભગવંતને પૂછ્યું:- 'ભગવન્, સહુ લોકો આપના પ્રત્યે ભક્તિભાવવાળા છે, પરંતુ તે બધામાં વિશેષરૂપે આપે તરછોડી હોવા છતાં, રાજિમતીને આપના પ્રત્યે વિશેષ અનુરાગ છે. તેનું શું કારણ?' ત્યારે નેમિનાથે લોકોના આશ્ચર્ય સાથે કહ્યું:- 'ધનશેઠ અને ધનવતી શેઠાણીથી આરંભીને મારો અને રાજિમતીનો આઠ ભવનો સ્નેહ સંબંધ છે.' એમ કહીને ભગવાને વિસ્તારથી આઠભવનું સ્વરૂપ બતાવ્યું. આ પ્રમાણે કૃષ્ણને પ્રત્યુત્તર આપીને, સંસારથી વિરક્ત બનેલા વરદત્તરાજાને ભગવાને દીક્ષા આપી. વરદત્તરાજાની દીક્ષા જોઈ ને વૈરાગી બનેલા બે હજાર ક્ષત્રિયકુમારોએ દીક્ષા અંગીકાર કરી, ત્યાર પછી ભગવાન નેમિનાથની સાથે ગૃહસ્થવાસમાં ભોજન, શયન અને પર્વતોમાં, વનમાં– ઉદ્યાનોમાં સાથે ભ્રમણ કરતા એવા ત્રણ મિત્રો (ધનશેઠના ભવના ધનદેવ અને ધનપાલ બે પુત્રો તેમજ અપરાજિત રાજાના ભવમાં લઘુબંધુ અને હાલ વિમલબોધમંત્રી એમ ત્રણે મિત્રો) રાજિમતીના ભવો સાંભળીને જાતિસ્મરણજ્ઞાન પામ્યા પૂર્વના ભવોને જોઈ ને વૈરાગી બનેલા એ ત્રણે મિત્રોએ દીક્ષા અંગીકાર કરી. તેઓને

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રૂપ ત્રિપદી આપીને, નેમિનાથ ભગવાને અઢાર ગણધરોની સ્થાપના કરી. બુદ્ધિશાલિની 'યક્ષિણી' નામની રાજકન્યાએ ઘણી રાજકન્યાઓની સાથે નેમિનાથ ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી. તેમાં વરદત્તરાજાને પ્રથમ ગણધર અને યક્ષિણી રાજકુમારીને પ્રથમ સાધ્વી ( પ્રવર્તિની રૂપે) સ્થાપન કરી. નંદ, ઉગ્રસેન, નારાયણ આદિ રાજાઓ તેમજ પ્રદ્યુમ્ન આદિ રાજકુમારોએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. શ્રી મહાસુવ્રતા, દેવકી, રોહિણી અને શિવાદેવી આદિ શ્રાવિકા બની. આ પ્રમાણે પ્રથમ સમવસરણમાં ભગવાન નેમિનાથે ચતુર્વિધ-સંઘની સ્થાપના કરી. પ્રથમ પ્રહરમાં ભગવાને દેશના આપી. બીજા પ્રહરમાં વરદત્ત ગણધરે દેશના આપી. ત્યાર પછી નેમિનાથ ભગવંતને નમસ્કાર કરીને ઈન્દ્ર આદિ દેવો અને કૃષ્ણ વાસુદેવ આદિ રાજાઓ પોત પોતાના સ્થાને ગયા. ભગવંત પણ ચતુર્વિધસંઘની સ્થાપના કરીને સંઘસહિત રૈવતાચલ પર્વત ઉપરથી પૃથ્વીતલ ઉપર વિહાર કરી ગયા. નેમિનાથ ભગવાનનું નીલકમલ સમાન શ્યામ શરીર હોવા છતાં, સમસ્ત જીવરાશિને આનંદદાયક હતું. કલ્પવૃક્ષની સુગંધી માળા કરતાં અધિક સુગંધીદાર ભગવંતના શરીર ઉપર દેવાંગનાના નેત્રો ભ્રમરરૂપે પડતાં હતાં. અર્થાત્ અનિમેષ નયને દેવાંગનાઓ ભગવંતના દર્શનરૂપી સુધાપાન કરતી હતી.

आजन्मतः सुधास्वाद–करणेनैव विग्रहः । प्रजायतेऽर्हतः स्वेदमलाभ्यां परिवर्जितः ॥४॥
पयोजकर्णिकागंधो, मुखश्वासो जगत्पतेः । अविस्रं चारुगोक्षीर–धाराभं रुधिरामिषं ॥५॥
विभोराहारनीहार–विधानं चर्मचक्षुषां । न गोचरे समायाति, वायुरूपमिवानिशं ॥६॥
आबाल्यादप्यमी जाता–श्चत्वारोऽपि सहोत्थिताः । जिनस्यातिशयाः पूर्व-जन्मपुण्यानुभावतः ।
क्षेत्रे योजनमात्रेऽपि धर्मोपदेशके सुराः । तिर्यङ्नराश्च संमांति, कोटिशः सपरिच्छदाः ।८।
तेषामपि समस्तानां, स्वस्वभाषातिभाषकं । वाक्यमेकमपीशस्य, भवेद्योजनगामि च ॥९॥
द्वादशानां गभस्तीनां, तेजोभ्योऽप्यधिकं महः । बिभ्रद्भामंडलं मौलि—पृष्टे विराजते विभोः ।
यत्र यत्र जिनाधीशो, विचरेत्तत्र तत्र तु । न स्युः साग्रेऽपि गव्यूति–शतद्वये गदापदः ॥१२॥
ईतयो मूषकादीनां, निजान्यचक्रभीतयः । दुर्भिक्षं मारिवैराण्य–तिवृष्टयस्त्ववृष्टयः ॥१३॥
भवेयुः कर्मघातेनै–कादशातिशया इमे । सुसेवक इव व्योम्नि, धर्मचक्रं पुरो व्रजेत् ।१४।
पादपीठयुते सिंहासने स्थितो जिनोऽमरैः । वीजितश्चामरैः श्वेतै–श्चंद्राच्छकिरणोज्ज्वलैः ॥
सहस्रयोजनं वज्रिध्वजं जिनपदे पदे । स्थापयंति सुराः स्वर्ण–नवपंकेरुहाणि च ॥१६॥
ज्ञानदर्शनचारित्र–रक्षार्थमिव विस्तृतं । सालत्रयं सुराः कुर्यु—रूप्यस्वर्णमणीमयं ॥१७॥
स्थिततिर्यग्नृदेवानां, चतसृष्वपि दिक्षु च । वक्तुं धर्मं चतुर्धार्हन्, कामं भाति चतुर्मुखैः ।१८।
चैत्यवृक्षमधोवक्रान्, विधाय कंटकान् सुराः । दुंदुभिं वादयंतश्च, नामयंति महीरुहान् ।१९।
शंभोर्वायुरदृश्योऽप्य—नुकूल इव जायते । प्रदक्षिणां स्वभावेन, ददते विहगा अपि ॥२०॥
गंधोदकं लसत्पंच–वर्णानि कुसुमानि च । देवा वर्षंति नैधंते, शिरःश्मश्रुकचा नखाः ॥२१॥
जघन्यात्कोटिसंख्याका, निषेवंते जिनं सुराः । ऋतूनामपि षण्णां च, भवेद्भोगानुकूलता ।२२।

एतैरेकोनविंशत्या–तिशयैर्नाकिनिर्मितैः । युक्तोऽर्हन् राजते पंच—त्रिंशद्वाणीगुणान्वितः ।२३।
संस्कृतशब्दधारित्व–मुदात्तं चोपचारकृत् । मेघवच्छब्दनिम्नत्वं, गभीरत्वं समंततः ।।२४।।
रम्योपनीतरागत्वं, दक्षिणत्वं महार्थता । शिष्टत्वमव्याहतत्वं, स्वभावात्संशयक्षयः ।।२५।।
परिध्वस्तान्योत्तरत्वं—मनोगमनता पुनः । समयौचित्यं तत्त्वैक–निष्ठासाकांक्षता मिथः ।।
अस्वश्लाघान्यनिंदित्वं–मप्रकीर्णप्रसारितं । आभिजात्यं समाधुर्यं, प्रशस्यतासमन्वितं ।।२७।।
मर्मभाषितया हीनं, धर्मार्थकामभाषि च । कारकादिकयुक्तं च, विभ्रमादिकशून्यकं ।।२८।।
अद्‍भुतत्वं चित्रकृत्व–मविलंबित्वमुच्चकैः । अनेकजातिवैदग्ध्यं, धृतचारुत्वमथाभितः ।।२९।।
वर्णवाक्यपदवैविक्त्यं सत्त्वप्रकृष्टता कथा । अखेदितं समस्ताना–मव्युच्छित्तिः कथांतरे ।।३०।।
दानभोगोपभोगाति–लाभवीर्यांतरायकाः । जुगुप्सा साध्वसं हास्यं, शोको रत्यरती पुनः ।३१।
अज्ञानाविरती कामो, निद्रा मिथ्यात्वसेवनं । रागद्वेषावमी दोषा, नाष्टादश स्युरर्हतः ।।३२।।
चतुस्त्रिंशदतिशयैः, पंचत्रिंशद्वचोगुणैः ! इति युक्तो वृषेणष्टा–दशदोषैश्च वर्जितः ।।३३।।
विहरन् बहुदेशेषु, भव्यजीवांश्च बोधयन् । श्रीमन्नेमिजिनः प्राप, पुरं च भद्दिलाभिधं ।।३४।।

## તીર્થંકર ભગવંતોને નીચે પ્રમાણે ૩૪ અતિશયો હોય છે—

### તીર્થંકરોનાં જન્મથી ચાર મૂળ અતિશયો :

૧. જન્મથી અમૃતપાન [ અંગુઠામાં અમૃત હોય ] કરનારા તીર્થંકરોનું શરીર પરસેવા-રહિત હોય.
૨. તેમનો મુખનો શ્વાસોચ્છ્વાસ કમળની સુવાસ જેવો સુગંધી હોય.
૩. તેમના શરીરમાં લોહી અને માંસ, ગાયના દૂધ જેવાં શ્વેત અને સુંદર હોય.
૪. તેમના આહાર-નિહાર ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી. વાયુની જેમ અદૃશ્ય હોય.

### કર્મક્ષયથી ઉત્પન્ન થતા ૧૧ અતિશયો :

૧. એક યોજન પ્રમાણ સમવસરણ ભૂમિમાં કરોડો તિર્યંચ–મનુષ્ય અને દેવો સમાઇ જાય છે.
૨. તીર્થંકરની વાણીને દેવો–મનુષ્યો અને તિર્યંચો પોત-પોતાની ભાષામાં સમજે છે.
૩. બાર સૂર્યના તેજથી પણ અધિક તેજસ્વી ભામંડલ, તીર્થંકરના મસ્તક પાછળ શોભે છે.
૪. તીર્થંકરો જ્યાં વિચરે ત્યાં ૨૫ યોજનના વિસ્તારમાં રોગ ઉત્પન્ન થતા નથી, જે હોય તે શાંત થાય છે.
૫. થી ૧૧. તીર્થંકર વિચરતા હોય ત્યાં ૧. અતિવૃષ્ટિ. ૨. અનાવૃષ્ટિ. ૩. સ્વરાષ્ટ્રભય. ૪. પરરાષ્ટ્રભય. ૫. દુકાળ. ૬. મારી–મરકીનો ઉપદ્રવ અને ૭. પરસ્પર વૈરભાવ થતા નથી.

### દેવકૃત ૧૯ અતિશયો :

૧. તીર્થંકરની આગળ આકાશમાં ‘ ધર્મચક્ર ’ ચાલે છે.

૨. પાદપીઠયુક્ત ઉજ્જવલ સિંહાસન ઉપર બેઠેલા તીર્થંકરની ચારેબાજુ ચંદ્ર જેવા ઉજ્જવલ ચામરો વીંજાય છે.

૩. પાદપીઠયુક્ત ઉજ્જવલ સ્ફટિક રત્નના સિંહાસન પર તીર્થંકર બેસે છે.

૪. એક હજાર યોજન ઊંચાઇવાળી ઈન્દ્રધજા તીર્થંકરની આગળ ચાલે છે.

૫. દેવો સુવર્ણનાં નવ કમલ સ્થાપિત કરે છે, તીર્થંકર તેના પર પગલાં મૂકીને ચાલે છે.

૬. દેવો રૂપા-સોના અને રત્નના ત્રણ ગઢ બનાવે છે.

૭. વ્યંતર દેવો તીર્થંકરની ત્રણ દિશાઓમાં તીર્થંકરનાં પ્રતિબિંબ મૂકે છે. તીર્થંકર પૂર્વ દિશામાં બેસે છે.

૮. તીર્થંકરના શરીર કરતાં બાર ગણું ઊંચું અશોકવૃક્ષ હોય છે.

૯. તીર્થંકર વિચરતા હોય ત્યાં કાંટાઓ અધોમુખવાળા થઇ જાય છે.

૧૦. તીર્થંકરની આગળ આકાશમાં દેવદુંદુભી વાગે છે.

૧૧. ભગવંતને વૃક્ષો પણ ઝુકીને પ્રણામ કરે છે.

૧૨. ભગવંત વિચરતા હોય ત્યાં યોજન પ્રમાણ ભૂમિમાં પવન પણ અનુકૂળ વહે છે.

૧૩. સહજ રીતે પક્ષીઓ પણ ભગવંતને પ્રદક્ષિણા આપે છે.

૧૪. સુગંધી જલની વૃષ્ટિ થાય છે.

૧૫. દેવો પાંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ કરે છે, છતાં પુષ્પોને પીડા થતી નથી.

૧૬. દીક્ષા લીધા પછી ભગવંતના દાઢી, મૂછ, કેશ અને નખ વધતા નથી.

૧૭. ઓછામાં ઓછા એક કરોડ દેવો ભગવંતની સેવામાં નિરંતર રહે છે.

૧૮. છએ ઋતુઓ અનુકૂળ વર્તે છે.

૧૯. ત્રણે જગતનું અધિપતિપણું બતાવતા ના હોય તેમ ભગવંતના મસ્તક ઉપર ત્રણ છત્રો શોભે છે.

કુલ ૩૪ અતિશયોનો સમાવેશ મુખ્ય ચાર અતિશયોમાં થાય છે. ૧. જ્ઞાનાતિશય, ૨. વચનાતિશય, ૩. પૂજાતિશય અને ૪. અપાયાપગમઅતિશય.

## તીર્થંકરની વાણીના ૩૫ ગુણો :–

૧. સૌ કોઈ પોતપોતાની ભાષામાં સમજી શકે, ૨. એક યોજન સુધી સાંભળી શકાય, ૩. પ્રૌઢ, મેઘની સમાન ગંભીર સ્વરવાળી, ૪. સ્પષ્ટ શબ્દોવાળી, ૫. સંતોષકારક, ૬. પ્રત્યેક જીવો પોતાને અનુરૂપ લઇ શકે તેવી, ૭. ગુઢ આશયવાળી, ૮. પૂર્વાપર વિરોધથી રહિત, ૯. મહાપુરૂષોને યોગ્ય, ૧૦. સંદેહરહિત, ૧૧. દૂષણ રહિત, ૧૨. કિલષ્ટ (કઠીન) વિષયને સરલતાથી સમજાવી શકે તેવી, ૧૩. અવસરોચિત, ૧૪. મહાન અર્થવાળી, ૧૫. યુક્તિયુક્ત, ૧૬. પદ રચના સહિત, ૧૭. છ દ્રવ્ય અને નવતત્ત્વોને પુષ્ટ કરનારી, ૧૮. મધુર, ૧૯. કોઇનું રહસ્ય કહેતા બીજા ના સમજી શકે તેવી ચતુર, ૨૦. ધર્મ અર્થથી પ્રતિબદ્ધ, ૨૧. દીપક સમાન અર્થના પ્રકાશને કરનારી, ૨૨. પરનિંદા અને સ્વ પ્રશંસાથી રહિત, ૨૩. કર્તા–કર્મ–ક્રિયા–કાલ

અને વિભક્તિથી સહિત, ૨૪. આશ્ચર્યકારી, ૨૫. સર્વગુણ સંપન્ન, ૨૬. ધૈર્યવાળી, ૨૭. વિલંબ-રહિત, ૨૮. ભ્રાંતિરહિત, ૨૯. અનેક ભાષાઓથી સંમિશ્ર, ૩૦. શિષ્ટબુદ્ધિને ઉત્પન્ન કરનારી, ૩૧. વર્ણ-વાકય-પદથી સુસંગત, ૩૨. સાહસપૂર્ણ, ૩૩. પુનરૂક્તિદોષથી રહિત. ૩૪. કોઈને પણ દુઃખ ના થાય તેવી, અને ૩૫. દરેક જીવોનાં સંશયોને છેદનારી.

**તીર્થંકર ૧૮ દોષોથી રહિત હોય :**

૧. દાનાંતરાય, ૨. ભોગાંતરાય, ૩. ઉપભોગાંતરાય, ૪. લાભાંતરાય, ૫. વીર્યાંતરાય, ૬. હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ, ૯. ભય, ૧૦. શોક, ૧૧. જુગુપ્સા, ૧૨. અજ્ઞાન, ૧૩. અવિરતિ, ૧૪. કામ, ૧૫. મિથ્યાત્વ, ૧૬. નિદ્રા, ૧૭. રાગ અને ૧૮. દ્વેષ. આ અઢાર દોષોથી રહિત તીર્થંકરો હોય છે. પૂર્વોક્ત ચોત્રીસ અતિશયોવાળા, વાણીના પાંત્રીસગુણોથી યુક્ત તેમજ અઢાર દોષોથી રહિત ભગવાન શ્રી નેમિનાથ ઘણા દેશોમાં ભવ્યજીવોને પ્રતિબોધ કરતા કરતા ભદ્દિલ-પુર નગરમાં પધાર્યા.

**देवकीजठरोद्भूताः, सुलसानागनंदनाः । ये नैगमेषिणा दत्ता—स्ते षट् तत्र पुरेऽभवन् ।।३५।।**
**पितृभ्यां यौवने तेषां, कन्या द्वात्रिंशदद्भुताः । द्राग् परिणायितास्ताभि-स्तेऽपि भुंजंति निर्वृतिं ।**
**तावत्तत्र समायातं, नेमिनं जगतां पतिं । आगच्छन् वंदितुं पौरा—स्तथा षडपि बांधवाः ।३७।**
**प्रदक्षिणात्रयेणैव, नत्वा च जिनदेशनां । निशम्य प्राप्य वैराग्यं, षडप्याददिरे व्रतं ।।३८।।**
**दीक्षामादाय तत्रैव, भवे मोक्षाभिलाषिणः । द्वादशांगधरा उग्र—तपस्तेऽप्यतपंस्तमां ।।३९।।**
**तैः षड्भिरपि नेमीश—सेवा तथा विनिर्मिता । तस्मिन्नेव भवे मोक्ष—सौख्यं तेऽसाधयन् यथा ।**
**विवाहो भवतीतराश्रवकारो यो दुर्गतिप्राप्तये, वैराग्याय बभूव सोऽपि शिवकृद्यस्यार्हतो नेमिनः**
**तस्येदं चरितं निशम्य हृदये तुष्यंति ये मानवा—स्तेषां सद्मनि मंगलानि विपुलान्याविर्भवंत्युच्चकैः**

**इति पंडितचक्रचक्रवर्त्तिपंडीतश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीसांबप्रद्युम्नचरित्रे श्रीनेमिनाथविवाहवैराग्यदीक्षाज्ञानसमवसरणदेशनाविहारादिवर्णनो नाम त्रयोदशः सर्गः समाप्तः ।। श्रीरस्तु ।।**

દેવકીના ગર્ભથી ઉત્પન્ન થયેલા છ પુત્રોને હરિણગમેષીદેવે ભદ્દિલપુરવાસી નાગશ્રેષ્ઠીની સુલસા શ્રાવિકાને આપ્યા હતા, તે છએ પુત્રો અનુક્રમે યુવાવસ્થામાં આવ્યા ત્યારે માતાપિતાએ તે દરેકને સુંદર બત્રીશ-બત્રીશ કન્યાઓ સાથે પરણાવ્યા. તે છએ દોગુંદકદેવની જેમ સાંસારિક સુખનો અનુભવ કરવા લાગ્યા. ભગવાન નેમિનાથ વિચરતા વિચરતા ભદ્દિલપુર નગરમાં પધાર્યા. રાજા-પ્રજા આદિ નગરવાસી લોકો, તેમજ એ છએ બંધુઓ ભગવંતને વંદન કરવા માટે આવ્યા. ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઈ, નમસ્કાર કરીને ધર્મદેશના સાંભળવા માટે બેઠા. ભગ-વંતની વૈરાગ્યપૂર્ણ મધુર ધર્મવાણી સાંભળીને વૈરાગ્ય પામી એ છએ બંધુએ ભગવંત પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. તે જ ભવમાં મોક્ષે જનારા છએ બંધુઓ ચારિત્ર લઈ દ્વાદશાંગીનું અધ્યયન કરી, ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા. જ્ઞાન, ધ્યાન, વિનય, વૈયાવચ્ચ, તપ, જપ આદિ કરવા લાગ્યા. ભગવાન નેમિનાથની સેવામાં તલ્લીન બની મોક્ષસુખની સાધના કરવા લાગ્યા. જે વિવાહ

સામાન્ય માનવોને દુર્ગતિની પ્રાપ્તિ કરાવનારો આશ્ચર્યકારી છે, તે જ વિવાહ પ્રસંગ ભગવાન નેમિનાથને વૈરાગ્યની પુષ્ટિ કરાવનાર અને મોક્ષના કારણરૂપ બન્યો. જે લોકો ભગવાન નેમિનાથનું આ અદ્‌ભુત ચરિત્ર સાંભળીને હૃદયમાં સંતોષ અનુભવે છે, તેઓના ઘેર વિપુલ માંગલિકની માલા સર્જાય છે.

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી સમા શ્રી રાજસાગરગણીના વિદ્વાન શિષ્ય શ્રી રવિસાગરગણીએ રચેલા શ્રી શાંબ પ્રદ્યુમ્નચરિત્રમાં શ્રી નેમિનાથ વિવાહ, વૈરાગ્ય, દીક્ષા, સમવસરણ, ધર્મદેશના અને વિહાર આદિનું વર્ણન કરતો ૬૪૧ શ્લોક પ્રમાણ તેરમો સર્ગ સમાપ્ત થયો.

## ॥ अथ चतुर्दशः सर्गः प्रारभ्यते ॥

इतश्च विचरन्नेमि–स्वामी द्वारवतीमगात् । कानने समवासार्षीत्, सहस्राम्रवनांतिके ।।१।।
अभीष्टागमनं तस्य, श्रुत्वा निनंसया नराः । तथैव वंदितुं जग्मु–र्न कस्य मुज्जिनागमे ? ।२।
देवकीसूनवः षट् ते, षष्ठस्य पारणेच्छया । संघाटकत्रयं कृत्वा, गोचर्यै द्वारिकां ययुः ।।३।।
तेष्वेकत्रानीकयशो–ऽनंतसेनौ बभूवतुः । विहरंतौ गतावेतौ, देवकीमातृमंदिरं ।।४।।
वीक्ष्य तावायातौ, कृष्णाभाविव देवकी । वंदित्वा मोदकैः सिंह–केसरैः प्रत्यलाभयत् ।।
तौ प्रतिलाभितौ याव–द्गतौ तावत् परौ मुनी । आगतावजितसेन–जितारिनामकौ द्रुतं ।।
यावत्तया महाभक्त्या, तावपि प्रतिलाभितौ । तावद्देवयशः शत्रु—सेनाख्यौ समुपेयतुः ।।७।।
तावपि प्रतिलाभ्योच्चै–स्तैरेव मोदकैः शुभैः । देवकी समभूच्चित्ते, चमत्कारसमन्विता ।।८।।
अन्यत्रालब्धभिक्षाकौ, तावेव मुनिपुंगवौ । वारंवारं समायातौ, भिक्षार्थं मम मंदिरे ।।९।।
रूपेण भाषणेनापि, भेदं संघाटकत्रये । अजानंती जगौ साधू, देवकी रचितांजलिः ।।१०।।
किं दिग्मूढतया यूयं, भो मुनींद्राः पुनः पुनः । अत्रागच्छथ वा माम–कीना दृग्भ्रांतिरस्ति किम्? ।
युवां पृथक्पृथक् किं वा, समेतौ विजिहीर्षया । अहं तावेव जानामि, विलोचनमतिभ्रमात् ।।
अथवा धनधान्येभ्यः, पूर्णायां ताविषश्रियि । अस्यां पुर्यां महर्षीणा-माहाराप्तिर्भवेन्न किं ? ।।
तौ प्रोचतुरहो भद्रे–ऽस्माकं दिग्मूढतास्ति न । तावकस्यापि चित्तस्य, न भ्रांतिरपि वर्त्तते ।।
द्वारिकानगरीमध्ये, भिक्षाप्तिर्नास्ति दुर्लभा । यल्लोकास्तत्पराः संति, धर्मार्थकामसाधने ।।
वयं सहोदराः षट् स्मो, भद्दिलपुरवासिनः । सुलसानागयोः पुत्राः, पवित्राशयधारिणः ।१६।
देशनां नेमिनाथस्य, निशम्य नरकच्छिदां । समं संयममादाय, शिष्यास्तस्य बभूविम ।१७।
ते वयं त्रीणि युग्मानि, कृत्वा विहरणाय च । पर्यटंतोऽत्र गोचर्यां, संप्राप्ता भुवनं तव ।१८।
तयोरिति वचः श्रुत्वा, देवकी हृद्यचिंतयत् । केऽमी षडपि वर्त्तंते, कृष्णवन्मोहकारिणः ।१९।
ततः समवसरणे, श्रीनेमिजगदीशितुः । गत्वा वृत्तांतमेतेषां, पृच्छामि सर्वमादितः ।।२०।।

अथवा मम जीवंतो–ऽतिमुक्तकमहर्षिणा । अष्टोक्ताः प्राक्सुताः संत्य–मीत्येष्वेव प्रवर्तिनः ।।
विमृश्येति द्वितीयस्मिन्, दिवसे तत्र सा गता । षण्णामपि मुमुक्षूणां, पप्रच्छ च स्वरूपकं ।।
श्रीनेमिरब्रवीद्देवि ! सुलसायाः सुरेण ये । पालनार्थं सुता दत्ताः, षट् तेऽमी कुक्षिजास्तव ।।
इति श्रीनेमिनो वाक्यं, श्रुत्वात्मानं शुशोच सा । अहो भाग्यविहीनाहं, वर्त्ते स्त्रीष्वखिलास्वपि ।
उदरे नवमासांश्च, मया गर्भा धृता इमे । एतेषां सकलं कष्टं, मयैव क्षांतमुच्चकैः ।।२५।।
एकोऽपि लालितो नैव, पालितश्च सुतो मया । धन्या सा सुलसान्यस्या अप्येते लालिता यया ।।
मत्तोऽन्या महिला धन्या, सिंही मृग्यपि शुन्यपि ।

या बाल्यादपि बालान् स्वान्, लालयेत्पालयेत्पुनः ।।२७।।

दुःखतो देवकी या–दात्मानमिति शोचति । समेताः साधवस्तत्र, तावत् षडपि सन्निभाः ।
तांश्च वाचंयमान् वीक्ष्य, प्रणम्य देवकी जगौ । पुत्रा मे कुक्षिजाना वो, राज्यं वा चरणं वरं ।
देवकीं विह्वलां मोहाद्, दृष्ट्वा नेमिजिनोऽवदत् ।

खेदं देवकि ? माकार्षी–र्विद्धि प्राग्जन्मनः फलं ।।३०।।

जीवेन क्रियते यादृ–ग्प्राग्जन्मनि शुभाशुभं । प्राप्यते सहजेनैव, तादृक्षमत्र जन्मनि ।।३१।।
पुरा जन्मन्यहार्षीस्त्वं, सपत्न्या रत्नसप्तकं । रुदत्या रत्नमेकं तु, तस्यास्त्वया समर्पितं ।।३२।।
पुत्रास्त्वया न संप्राप्ताः, कर्मणा तेन तेऽपि षट् । यद्दत्तं रत्नमेकं त–त्पुत्रमेकमवापि च ।३३।
नेमिनोक्तं समाकर्ण्य, शोचंती निजकर्म सा । विमना निलयं गत्वा, स्थिता सुताभिलाषिणी ।
कृष्णस्तां तादृशीं वीक्ष्य, जगाद जननीदृशी । कथं त्वं वर्त्तसे पुत्रे, मयि सत्यपि दुःखिनी ।।
सोचे सूनो ममाभाग्य-वार्त्तां कां वच्मि ते पुरः । प्रसूतास्तनयाः सप्तै–कोऽपि नो खेलितो मया ।
त्वं तु नंदयशोदाभ्यां, पालयित्वा प्रवर्धितः । षडन्येऽपि च नागेन, वर्धिता मम नंदनाः ।३७।
यस्माद्विभ्यति सर्वेऽपि, तेनैव ते प्रपालिताः । नागात्ततोऽप्यपुण्याहं, यदेकोऽपि न लालितः ।
इति पुत्राभिलाषेण, वचनं दुःखगर्भितं । स्वजनन्याः समाकर्ण्य, प्रजजल्प जनार्दनः ।।३९।।
मातस्त्वं दुःखिनी माभूः, सर्वथा पुत्रकाम्यया । त्वदीयामविलंबेन, पूरयिष्यामि तामहं ।४०।
इत्युक्त्वा देवकीं देवीं, गत्वा च मंदिरे हरिः । स्थितः पौषधशालायां, ध्यानं कर्त्तुमहर्निशं ।।
कृत्वाष्टमं तपो देवो, विधिनाराधितो भृशं । शक्रसेनापती रात्रौ, प्रासीदन्नैगमेष्यपि ।।४२।।
प्रसन्नीभूय सोऽप्यूचे, कथमाराधितस्त्वया । जिष्णुर्जगौ जनन्या मे, देवक्या देहि नंदनं ।४३।
देवोऽवादीदहं सूनुं, दास्यामि किंतु यौवने । स समादास्यते दीक्षां, भवभोगपराङ्मुखः ।४४।

ભગવાન નેમિનાથ પૃથ્વીતલ પર વિહાર કરતા કરતા અનુક્રમે સહસ્રામ્રવનની પાસે દ્વારિકા નગરીના ઉદ્યાનમાં સમવસર્યા. ભગવંતનું આગમન સાંભળીને ખૂશ થયેલા દ્વારિકાવાસી નર-નારીઓ પ્રભુને વંદન કરવા માટે ગયા. ભગવંતના આગમનથી કોને હર્ષ ના થાય? દેવકીના તે છ પુત્ર-મુનિઓ છટ્ઠના પારણે છટ્ઠની તપશ્ચર્યા કરતા પારણા કરવાની ઇચ્છાથી ત્રણ સંઘાટક કરીને

ગૌચરી માટે દ્વારિકા નગરીમાં ગયા. એક સંઘાટક અનીકયશ મુનિ અને અનંતસેન મુનિનો હતો. તે મુનિવરો ફરતા ફરતા દેવકીમાતાના આવાસમાં ગયા. કૃષ્ણ સમાન આકૃતિવાળા બે મુનિવરોને જોઈને ખૂશ થયેલી દેવકીએ સિંહકેશરીયા મોદક બંને મુનીવરોને વ્હોરાવ્યા. તે બે મુનિવરો ગોચરી લઈને ગયા બાદ અજિતસેનમુનિ અને જિતારીમુનિ નામના બે મુનિવર બંધુઓ ભિક્ષા માટે દેવકીના ઘેર પધાર્યા. ત્યારે ભક્તિભાવપૂર્વક દેવકીએ તે બંને મુનિવરોને પણ સિંહકેશરીયા લાડુ વ્હોરાવ્યા. તે બંને મુનીવરો ગયા પછી, તરત જ દેવયશમુનિ અને શત્રુસેનમુનિ દેવકીના આવાસમાં પધાર્યા. તેમને પણ દેવકીએ શુભભાવપૂર્વક મોદક વ્હોરાવ્યા. પરંતુ દેવકીના મનમાં એક આશ્ચર્ય થયું કે : ' શું આ બે મુનિવરોને બીજે કયાંય ગોચરી નહી મળતી હોય ? ફરી ફરીને આ બે મુનિવરો મારા ઘરે કેમ પધાર્યા હશે ? રૂપ અને ભાષાથી એક સરખા હોવાથી બબ્બેની જોડીમાં ત્રણ સંઘાટકના ભેદને નહી જાણતી દેવકીએ હાથ જોડીને તે બે મુનિવરોને પૂછયું :– ' હે મુનિવરો, તમે શું દિશા ભૂલી જવાથી ત્રીજી વખત મારા ત્યાં પધાર્યા કે મારી જોવામાં કોઈ ભ્રાંતિ થઇ છે ? તમે બે શું અલગ અલગ વિહાર કરો છો, કે મારી મતિમૂઢતાથી તમે મને એક સરખા દેખાઓ છો ? અથવા ધનધાન્યથી પરિપૂર્ણ સ્વર્ગ-લક્ષ્મી સમાન દ્વારિકાપુરીમાં મુનિવરોને શું ભિક્ષા આપનાર કોઈ નથી ?' મુનિવરોએ કહ્યું : ' ભદ્રે, અમારી કોઇ દિગ્મૂઢતા નથી થઈ, તેમજ તમારા ચિત્તની કોઇ ભ્રાંતિ પણ નથી. દ્વારિકા નગરીમાં લોકો ધર્મ–અર્થ અને કામ પુરૂષાર્થની સાધનામાં તત્પર છે. તેથી ભિક્ષા પ્રાપ્તિ કંઇ દુર્લભ નથી. પરંતુ ભદ્દિલપુરવાસી નાગ અને સુલસાના પવિત્ર આશયવાળા અમે છ સહોદર-બંધુઓ છીએ. ભગવાન નેમિનાથની દુર્ગતિને છેદનારી ધર્મદેશના સાંભળી, સંસારસુખથી વિરક્ત બની, છએ ભાઇઓએ સાથે ચારિત્રગ્રહણ કરી, ભગવાન નેમિનાથના અમે શિષ્યો બન્યા છીએ. અમે છ ભાઇઓ બબ્બેની ટુકડીમાં દ્વારિકામાં ગોચરી માટે ફરતા, વારાફરતી છ ભાઇઓ તમારે ત્યાં આવ્યા.' તે બે મુનિવરોની વાણી સાંભળીને દેવકી મનમાં વિચારવા લાગી :– ' આ છએ મુનિવરોને જોઇને, તેમના પર મને કૃષ્ણ જેટલો પ્રેમ આવે છે. તેથી સમવસરણમાં જઈને ભગવાન નેમિનાથને આ છએનું વૃત્તાંત પૂછું. અથવા અતિમુક્ત મુનિએ મને કહેલું કે ' દેવકી, તને આઠ પુત્રો થશે.' તો શું આ છ મારા પુત્રો હશે ? ખેર, હું શા માટે સંકલ્પ વિકલ્પ કરૂં ? ભગવંતને પૂછીને સમાધાન મેળવી લઈશ.' આ પ્રમાણે વિચારીને દેવકી બીજા દિવસે નેમિનાથ ભગવાનના સમવસરણમાં ગઇ. ભગવાનને વંદના કરી, ધર્મદેશના સાંભળીને એ છએ મુમુક્ષુ મુનિવરોનું સ્વરૂપ પૂછયું. ભગવાન નેમિનાથે કહ્યું :– ' દેવકી, હરિણગમેષીદેવે પાલન કરવા માટે સુલસાને જે છ પુત્રો આપેલા, તે આ છએ સાધુ તારી કુક્ષીમાંથી ઉત્પન્ન થયેલા તારા જ પુત્રો છે.' ભગવંતની વાણી સાંભળીને દેવકી મનમાં શોક કરવા લાગી :– 'અહો, સઘળી સ્ત્રીઓમાં હું કેવી ભાગ્યહીન છું કે જેને મેં નવ નવ મહિના સુધી પેટમાં ગર્ભરૂપે ધારણ કર્યા. મહાકષ્ટે છએ ને જન્મ આપ્યો, પરંતુ એમાંના એક પણ પુત્રનું લાલન પાલન કરી શકી નહીં. એક પણ પુત્રને ધવરાવ્યો નહીં અને રમાડયો પણ નહી. ધન્ય છે સુલસાને કે જેણે આ દેવ જેવા પુત્રોનું લાલન–પાલન કર્યું. ધન્ય છે બીજી સ્ત્રીઓને કે જે સ્ત્રીઓ પોતાનાં પુત્રોનું બાલ્યાવસ્થામાં લાલન પાલન કરે છે. અરે, પેલી મૃગલી, સિંહણ કે કુતરી આદિ પશુ સ્ત્રીઓ પણ મારાથી અધિક ભાગ્યવંતી છે, કે જે પોતાના પુત્રોનું લાલન પાલન કરે છે.' આ પ્રમાણે દેવકી દુઃખથી મનમાં શોક કરી રહી છે, ત્યાં એકસરખા સુંદર આકૃતિવાળા છ એ સાધુઓ આવ્યા. છએ મુનિવરોને જોઇને, તેમને પ્રણામ કરીને દેવકી બોલી : ' મારી કુક્ષીથી

ઉત્પન્ન થયેલા હે મારા પુત્રો, તમારા ભાગ્યમાં તો રાજ્ય હોય, ત્યારે તમે તો ચારિત્ર ગ્રહણ કરી લીધું.' આ પ્રમાણે મોહથી વિહ્વલ થઈને બોલતી દેવકીને ભગવાને કહ્યું :– 'દેવકી, તું ખેદ કરીશ નહી. આ બધુ પૂર્વજન્મનું ફળ છે. જીવ પૂર્વજન્મમાં જેવું શુભ કાર્ય કરે છે, તેવું જ આ જન્મમાં તેને ફળ મળે છે. તે જન્માંતરમાં તારી શોકયના સાત રત્નો લઇ લીધાં હતાં, તે તારી શોકય કલ્પાંત કરવા લાગી હતી. તારા પતિએ તને સમજાવી ત્યારે તેં તેને ફક્ત એક રત્ન પાછુ આપ્યું હતું. બાકીનાં છ રત્નો તેને આપ્યાં નહોતાં. તારી પાસે રાખ્યાં હતાં. તે કર્મને અનુસારે તારા છ પુત્રો હરાઈ ગયા અને એક પુત્ર (કૃષ્ણ) તારી પાસે રહ્યો.' આ પ્રમાણે ભગવાન નેમિનાથની વાણી સાંભળીને પોતાના કર્મને દોષ દેતી ઉદાસ બની ગયેલી દેવકી, પોતાના આવાસમાં આવી, અને પુત્રની ઈચ્છા કરતી રહી. તેટલામાં શ્રીકૃષ્ણ માતા દેવકીને પ્રણામ કરવા માટે આવ્યા. માતાનો ચહેરો ઉતરી ગયેલો જોઈને કૃષ્ણે પૂછયું :– 'માતા, મારા જેવો તને પુત્ર છે, છતાં તું દુઃખી કેમ લાગે છે?' ત્યારે દેવકીએ કહ્યું :- 'બેટા, મારા દુર્ભાગ્યની વાત કોની આગળ કરૂં? સાત સાત પુત્રોને જન્મ આપ્યા છતાં, એક પણ પુત્રને ખોળામાં ખેલાવ્યો નહી, રમાડયો નહી, એને ધવડાવ્યો નહી. તારૂં પણ નંદ યશોદાને ત્યાં રાખીને પાલન કરાવ્યું. ત્યાં જ તને મોટો કર્યો. બાકી તારી પહેલાનાં છ પુત્રોનો જન્મ થતાંની સાથે જ હરિણગમેષીદેવે હરીને નાગસુલસાને ત્યાં મૂકયા, અરે ત્યાં જ મોટા થયા. કંસના ભયથી એક પણ પુત્રને હું રમાડી શકી નહી. તો મારાથી વધારે નિષ્પુણ્યા બીજી કઇ સ્ત્રી હોય?' પુત્રની અભિલાષિણી એવી માતાના દુઃખગર્ભિત વચન સાંભળીને કૃષ્ણે કહ્યું : 'માતા, તું દુઃખી ના થા. તારી પુત્રકામના હું અલ્પસમયમાં પૂર્ણ કરીશ.' આ પ્રમાણે માતા દેવકીને સંતોષ આપીને કૃષ્ણ પૌષધશાલામાં ગયા. ત્યાં અઠ્ઠમનો તપ કરી ઇન્દ્રના સેનાપતિ હરિણગમેષીદેવની વિધિપૂર્વક આરાધના કરતા ધ્યાનમાં સ્થિર રહ્યા. ત્રીજા દિવસની મધ્ય રાત્રિએ પ્રસન્ન થયેલા હરિણગમેષીદેવે કૃષ્ણને કહ્યું :– 'હે મહાનુભાવ, કયા કારણે મારી આરાધના કરી?' વિષ્ણુએ કહ્યું:– 'મારી માતા દેવકીને એક પુત્ર આપો.' ત્યારે દેવે કહ્યું :– 'પુત્ર તો આપીશ પરંતુ એ પુત્ર ભોગથી વિરકત થઈને, યૌવનવયમાં જ ચારિત્ર ગ્રહણ કરશે.' કૃષ્ણે કહ્યું:– 'ભલે, મારી માતાને તો બાલપુત્રને રમાડવાની ઇચ્છા છે.' 'તથાસ્તુ' કહીને દેવ અદૃશ્ય થઇ ગયો. પ્રભાતે કૃષ્ણે માતા પાસે જઇ પ્રણામ કરી, શુભ સમાચાર આપીને, અઠ્ઠમનું પારણુ કર્યું.

त्रिदशः कथयित्वेति, जगाम निजमास्पदं । स्वर्गाच्च्युत्वा ततो देवो, देवकीकुक्षिमाश्रयत् ।।
प्रासूत समये सापि, तं गजस्वप्नसूचितं । नाम्ना गजसुकुमालो, देवक्याकारि तेन सः ।।४६।।
क्षणं पाणौ क्षणं क्रोडे, क्षणं गीतैश्च चूंबनैः । देवकी लालयंती तं, कृतार्थं स्वममन्यत ।।
दुर्लभो वल्लभो मातु–र्भ्रातुः कल्पतरूपमः । आबाल्यादपि पुण्येना–भवत्सोऽप्याप यौवनं ।४८।
तदा प्रभावती कन्या, स्वर्द्रुमस्य द्रुमेशितुः । पितृभ्यामुत्सवैस्तस्य, भ्रात्रापि च विवाहिता ।।
सोमशर्मद्विजन्मस्त्री–क्षत्रियाकुक्षिसंभवां । पुनः सोमाभिधां कन्या–मुपयेमे स आग्रहात् ।५०।
इतस्तत्र जिनो नेमि—स्तदैव समवासरत् । नंतुं गजसकुमालो, गतः पत्नीसमन्वितः ।।५१।।
नत्वा यथोचितं स्थित्वा, शुश्राव धर्मदेशनां । तां श्रुत्वा भूरिवैराग्यं, संप्राप्तो यौवनेऽपि च ।
तत्प्राप्य गृहमागत्य, चरणग्रहणोत्सुकः । दीक्षामाश्रित्य सोऽप्राक्षीत्, पितरौ स्नेहधारिणौ ।।

तत् श्रुत्वा देवकी मूर्छा—मवाप्य न्यपतत्क्षितौ । गतमूर्छोपचारैः सा, रुदंतीति जगाद तं ।।
अहो पुत्र ! गृहाण त्वं, राज्यं त्वद्बांधवार्पितं । अथवा कुरु विवाहं, रूपिण्या अन्ययोषिता ।।
सूनो ! सप्तसु पुत्रेषु, त्वमेव लालितोऽष्टमः । सोऽपि त्वं संयमं यहि, लास्यसि का गतिर्मम ? ।
तव दीक्षाजिघृक्षा चे-द्भवेच्चेतसि भूयसी । तर्ह्यवश्यं त्वया ग्राह्या, भोगान् भुंक्त्वा च वार्धके ।
पुत्रोऽवक् वृद्धतामेवं, मातर्जानाम्यहं न हि । सद्यः प्रसद्य तद्देहि, दीक्षाशिक्षां ममोत्सवात् ।।
तारुण्य एव वैराग्या-द्दीक्षामेष गृहीष्यतो । प्रोक्तमस्ति सुरेणापि, पुरैव मम साग्रहं ।।५९।।
ध्यायंतीति वचस्तस्य, दुःखयुक्तापि देवकी । बहुशः कथनेनाप्य—भवन्मौनावलंबिनी ।६०।
ततस्तस्योत्सवं कृत्वा, दीक्षा कृष्णेन दापिता । रुदंतो मोहतो गेहं, जग्मुः कृष्णादियादवाः ।।
द्वाभ्यां स्त्रीभ्यां युतो दीक्षा—मादाय स विनेयतां । बिभ्रत्तस्यैव घस्रस्य, सायं नेमिं व्यजिज्ञपत् ।
भगवन् यदि युष्माक- माज्ञा भवति तर्ह्यहं । अद्यैव निशि तिष्ठामि, श्मशाने प्रतिमाधरः ।।
तथैव नेमिनाथेन, मुक्तिं तस्य विचिंत्य च । यथासुखं प्रवर्तस्वे-त्युक्त्वादेशो निवेदितः ।।६४।।
शिरस्यादेशमारोप्य, नत्वा च नेमिनं जिनं । गत्वा श्मशानमेदिन्यां, तस्थौ प्रतिमया मुनिः ।।
बहिर्गतेन विप्रेणा—भिधया सोमशर्मणा । संस्थितः स प्रतिमया, दृष्टो निर्ग्रंथवेषभाक् ।।६६।।
स चुकोप तमालोक्य, चेत्पाखंडकृतौ मतिः । अस्याऽभवत्कथं तर्हि, मम पुत्री विडंबिता ।६७।
इति ज्वलच्चितांगारै-र्घटीकंठो भृतो रुषा । मूर्ध्नि संस्थापितः साधो—रनेन घातकबुद्धिना ।।
ध्यानलीनस्तदुद्भूतां, वेदनामसहन्मुनिः । ज्वालयन् कर्मसमिधः, प्राप्तज्ञानो गतः शिवं ।६९।

ત્યાર પછી કોઇ દેવ સ્વર્ગમાંથી આવીને દેવકીની કુક્ષીમાં અવતર્યો. અનુક્રમે શુભ દિવસે દેવકીએ પુત્રરત્નને જન્મ આપ્યો. ગજસ્વપ્નથી સૂચિત પુત્રનું નામ દેવકીએ **'ગજસુકુમાલ'** રાખ્યું. દેવકી પુત્રને જોઈને આનંદવિભોર બની જતી. ક્ષણવાર ખોળામાં તો ક્ષણવાર હાથમાં! ક્ષણવાર હાલરડા ગાય તો ક્ષણવાર ચૂંબનો કરી સ્નેહથી નવરાવી દે! આ પ્રમાણે ગજસુકુમાલનું લાલન-પાલન કરતી દેવકી પોતાના જીવનને કૃતાર્થ માનવા લાગી. જન્મથી જ માતા-પિતા -બંધુઓને અતિ વલ્લભ તેમજ કરોડો ભાઇઓ અને ભત્રીજાઓના લાડીલા કાકા ગજસુકુમાલ યુવાવસ્થામાં આવ્યા, ત્યારે માતાપિતા અને બંધુએ સ્વદ્રુમ રાજાની પુત્રી પ્રભાવતી સાથે મહોત્સવપૂર્વક પાણિગ્રહણ કરાવ્યું. તેમજ સોમશર્મા બ્રાહ્મણની ક્ષત્રિય પત્નીથી ઉત્પન્ન થયેલી સોમા નામની કન્યા સાથે પણ પાણિગ્રહણ કરાવ્યું. થોડા સમય બાદ ભગવાન નેમિનાથ દ્વારિકા નગરીમાં સમવસર્યા. કૃષ્ણ આદિ રાજાઓ, પ્રજાજનો તેમજ ગજસુકુમાલ પણ બે પત્નીઓ સાથે ભગવંતને નમસ્કાર કરવા માટે ગયા. નમસ્કાર કરી, યથાયોગ્ય સ્થાને ભગવંતના શ્રીમુખે ધર્મદેશના સાંભળી. ધર્મદેશના સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. યૌવનકાળમાં ચારિત્રગ્રહણની ઇચ્છાવાળા ગજસુકુમાલે ઘેર આવીને, માતાપિતાની પાસે દીક્ષા ગ્રહણ કરવા માટે અનુમતિ માગી. દીક્ષાનું નામ સાંભળતાં જ દેવકી મૂર્છા ખાઇને જમીન ઉપર પડી ગઈ. શીતલોપચાર વડે મૂર્છામાંથી સ્વસ્થ થયા બાદ દેવકી અત્યંત રૂદન કરવા લાગી :-'હે પુત્ર, તારા ભાઈએ આપેલા રાજ્યને તું ગ્રહણ કર. અથવા બીજી સ્વરૂપવંતી કન્યાઓની સાથે વિવાહ કર. હે પુત્ર, મારા

સાત સાત પુત્રો થયા પરંતુ મેં અભાગિણીએ એક પણ પુત્રને રમાડયો નહી. તું આઠમો પુત્ર દેવે દીધેલો છે તેનું પાલન કર્યું. હવે તું જો સંયમ ગ્રહણ કરીશ તો મારી શું ગતિ થશે ? તારી જો દીક્ષા લેવાની પ્રબળ ઇચ્છા હોય તો ભોગસુખોને ભોગવીને વૃદ્ધાવસ્થામાં જરૂર લે જે.' કુમારે કહ્યું :- 'માતા, વૃદ્ધાવસ્થા આવશે, એ હું જાણતો નથી. માટે મને હમણાં જ કૃપા કરીને દીક્ષાની અનુમતિ આપો.' 'યુવાવસ્થામાં જ આ પુત્ર દીક્ષા ગ્રહણ કરશે.' એવું દેવોએ મને પહેલેથી જ કહ્યું હતુ. આ પ્રમાણે વિચારતી દેવકીએ દુઃખી થવા છતાં પણ એને એક શબ્દ પણ કહ્યો નહી. મૌન ધારીને બેસી ગઈ. **'મૌનમેવ અનુમતમ્'** એ ન્યાયે ગજસુકુમાલે માતાની અનુમતિ મેળવી, પિતા વસુદેવ તેમજ કૃષ્ણમહારાજાની પણ રજા મેળવી. તેની દીક્ષાનો ચોકકસ નિર્ણય જાણીને કૃષ્ણે મહોત્સવપૂર્વક તેને ભગવાન નેમનાથ પાસે દીક્ષા અપાવી. મોહથી રૂદન કરતા કૃષ્ણ આદિ યાદવો ઘેર આવ્યા. બંને પત્નીઓ સાથે દીક્ષા ગ્રહણ કરીને આખો દિવસ શુભધ્યાનમાં પસાર કરી, સાંજે ગજસુકુમાળે ભગવાન નેમિનાથને વિજ્ઞપ્તિ કરી : 'ભગવન્ જો આપની આજ્ઞા હોય તો આજે જ રાત્રિના સમયે સ્મશાન ભૂમિમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહું.' ત્યારે નેમિનાથે તેની મુક્તિ નિશ્ચિત જાણીને 'જહાસુખમ્'-' જેમ તને સુખ પડે તેમ કર.' એ પ્રમાણે કહીને અનુમતિ આપી. ભગવંતનો આદેશ શિરોધાર્ય કરી; ભગવંતને નમસ્કાર કરીને શ્મશાનભૂમિમાં જઇને ગજસુકુમાલ મુનિ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. ગજસુકુમાલે જ્યારે દીક્ષા લીધી ત્યારે તેનો સસરો સોમશર્મા બ્રાહ્મણ, કાર્યપ્રસંગે બહારગામ ગયેલો. બહારગામથી આવતાં તેણે રાત્રિના સમયે ગજસુકુમાલને સાધુના વેષમાં કાઉસ્સગ્ગધ્યાને ઊભા રહેલા જોયા. જોઈને ક્રોધાતુર બનેલા સોમશર્મા બ્રાહ્મણે વિચાર્યું કે : 'જો આને આવો પાખંડ કરવો હતો તો મારી પુત્રીને કેમ પરણ્યો ? મુંડીયો બનીને એણે મારી દીકરીને દુઃખી કરી દીધી.' આ પ્રમાણે ક્રોધથી વિચારતો સાધુની હત્યા કરવા માટે ભીની માટી લાવીને કાઉસ્સગ્ગધ્યાનમાં રહેલા ગજસુકુમાલ મુનિના માથા ઉપર સગડી બનાવી, અને તેમાં બળતા મૃતકના સળગતા અંગારા લાવીને ભર્યા. તેનાથી ઉત્પન્ન થયેલી વેદનાને સમભાવે સહન કરતા ધ્યાનસ્થ મહામુનિ મસ્તકની સાથે શુકલ ધ્યાનથી કર્મરૂપી કાષ્ઠને બાળતા ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી અંતર્મુહુર્તમાં જ અંતકૃત કેવલિ થઇને મોક્ષમાં ગયા.

**अथ प्रातर्मुकुंदोऽपि, परिवारेण पूरितः । चचाल नेमिनं नंतुं, गजं द्रष्टुं समुत्सुकः ॥७०॥**

**द्वारवत्या बहिर्याव—न्निर्गतः पुरुषोत्तमः । ब्राह्मणं तावदैक्षिष्ट, मूर्ध्ना वहंतमिष्टिकां ॥७१॥**

**तं वीक्ष्याचिंतयत्कृष्ण, एकामेकामपोष्टिकां । वहन् वृद्धो द्विजन्मायं, कदा नेष्यति पूर्णतां ॥**

**तस्य वृद्धस्य विप्रस्य, विष्णुनेत्यनुकंपया । लात्वेष्टिका करेणैका, मुक्ता देवनिकेतने ॥७३॥**

**ततो द्विजन्मनस्तस्य, सर्वा अपोष्टिका जनैः । आदाय निजपाणिभ्यां, तत्रामुच्यंत तत्क्षणात् ॥**

**ब्राह्मणं तं सुखीकृत्य, नेमिपार्श्वे गतो हरिः । नत्वा स्थितो गजं द्रष्टुं,न तमैक्षत कुत्रचित् ।७५।**

**अहो वाचंयमेष्वेपु, न दृश्यते गज क्वचित् । नेमिं पृच्छाम्यहं तर्ह्य—पृच्छद्ध्यात्वेति तं हरिः ।**

**स्वामिन्नमी विनेयास्ते, दृश्यंते शोभनाननाः । एकस्तु नूतनः शिष्यो, नेक्ष्यते कुत्रचिन्मया ।७७।**

**युष्माभिः प्रेषितः क्वाऽपि,ध्यानलीनोऽस्ति वा क्वचित् ।**

**पठत्यन्यत्र साधूना-माचारं च स्थितःक्वचित् ॥७८॥**

इति श्रुत्वा हरेर्वाक्य–मब्रवीन्नेमिबोधिदः । सोमद्विजस्य साहाय्या–त्तेनाऽसाधि शिवास्पदं ।।
इति श्रीनेमितः श्रुत्वा, दुःखान्मूर्छां धरन् हरिः । पपात पृथिवीपीठे–ऽरुदन् सर्वेऽपि यादवाः ।।
उपचारविधानेन, विमूर्छो माधवोऽवदत् । मद्भातृघातको नाथ, विज्ञायते कथं मया ।।८२।।
इति द्वेषजुषं वाचं. निशम्य नरकद्विषः । श्रीनेमिर्न्यगदद्विष्णो, तस्मिंस्त्वं मा कुरु क्रुधं ।।८३।।
यथा द्विजस्य वृद्धस्ये-ष्टिकाप्रापणतस्त्वया । उपकारः कृतस्तस्य, तथा तेन द्विजन्मना ।।८४।।
उपकारः कृतो यद्यं–भविष्यत्तस्य तेन न । तूर्णमेवाभविष्यत्त–न्मुक्तिस्तस्य मुनेः कथं ? ।।
विशंतं पुरि दृष्ट्वा त्वां, भिन्नमौलिर्म्रियेत यः । जानिहि सोमशर्माणं, तं त्वद्बांधवघातकं ।।
इति श्रीनेमिनाथेन, प्रोक्तमाकर्ण्य माधवः । दुःखं धरन् रुदंस्तस्य, देहसंस्कारमाचरत् ।८७।
तं विधाय महादुःखा–द्विशता द्वारिकां पुरः । यथोक्तो नेमिना विप्रो, दृष्टस्तथैव विष्णुना ।।
तं दृष्ट्वा बंधयित्वाऽङ्घ्रयोर्भ्रामयित्वा नरैः पुरीं । गृध्रादिपक्षिणां मन्ये, बलयेऽक्षेपयद्बहिः ।

## ગજસુકુમાલનો પૂર્વભવ :

[कर्मणां गतिः विचित्राः જન્મ-જન્માંતરોમાં કર્મને અનુસારે ચોરાશીલાખ જીવાયોનિમાં ભટકતા જીવો જે કર્મ જેવા સ્વરૂપે અને જેવા ભાવે બાંધે છે, તે કર્મ તેવા જ સ્વરૂપે તેનું ફળ આપે છે. ગજસુકુમાલના પુર્વભવમાં આ જ વાત જોવા મળે છે. એક ગામમાં એક શેઠ હતા. તેને બે પત્નીઓ હતી તેમાં જુની પત્નીને પુત્ર નહોતો અને નવી પત્નીને પુત્ર થયો. પરંતુ સપત્ની–શોકય હોવાના કારણે નવી પત્નીના પુત્ર ઉપર જુની પત્નીને દ્વેષ થયો. તે વિચારવા લાગી કે : 'બસ, હવે તો નવીનાં જ માન થશે. મારૂં તો આ ઘરમાં કોઈ મુલ્ય નહી રહે.' વિગેરે દ્વેષભાવથી વિચારતા તેનો દ્વેષભાવ પરાકાષ્ઠાએ પહોંચ્યો. તેણે મનમાં નકકી કર્યું કે : 'કોઈ પણ ઉપાયે શોકયપુત્રને મારી નાખું.' એના માટે રાત દિવસ છિદ્ર શોધવા લાગી. એક દિવસે બાળકની માતા કાર્યપ્રસંગે બાળકને પોતાની શોકય પાસે મુકીને બહાર ગઈ. ત્યારે જુની પત્ની રસોઈ કરતી હતી. નાનું બાળક પાસે બેઠું હતું. રોટલા ઘડતાં ઘડતાં દુષ્ટભાવે જુની પત્નીએ બાળકના માથા ઉપર ગરમા ગરમ રોટલો મુકી દીધો. ફૂલ જેવું સુકુમાળ બાળકનું માથું ફદફદી ગયું. બીજો રોટલો પણ તે રીતે મુકયો અને બાળકના પ્રાણ પરલોકમાં ચાલ્યા ગયા. સારાંશમાં – શોકયનો જીવ એ ભવમાં લોકોથી તિરસ્કૃત થઈ જેમ તેમ આયુષ્ય પુર્ણ કરી, આર્તધ્યાનથી મરી, અનેક દુર્ગતિઓમાં ભટકી દેવકીના પુત્ર ગજસુકુમાલ રૂપે થયો, અને બાળકનો જીવ સોમશર્મા બ્રાહ્મણ થયો, પૂર્વભવનું બાંધેલું કર્મ ભોગવવાનું બાકી રહેવાથી, ગજસુકુમાલના ભવમાં માથે સળગતા અંગારથી ભરેલી સગડી મુકાઈ.]

પ્રભાતે ગજસુકુમાલને જોવા માટે ઉત્સુક થયેલા કૃષ્ણ પરિવાર સહિત ભગવાન નેમિનાથ પાસે આવવા નીકળ્યા. ત્યાં દ્વારિકા નગરીની બહાર માથે ઈંટો મૂકીને જતા એક વૃદ્ધ બ્રાહ્મણને જોયો. એકેક ઇંટને લઈ જતા ગરીબ બ્રાહ્મણને જોઇને શ્રીકૃષ્ણ દયાભાવથી વિચારવા લાગ્યા : 'અરે, આ વૃદ્ધ બિચારો બ્રાહ્મણ એકેક ઈંટ લઈને જાય છે, તો એનું કામ કયારે પુરૂં થશે ?' આ પ્રમાણે વિચારી અનુકંપાથી સ્વયં કૃષ્ણે પોતાના હાથે એક ઈંટ લઈને દેવમંદિર પાસે મૂકી. તેમની સાથે રહેલા બીજા માણસોએ પણ ઈંટો લઈ જવા માટે મદદ કરી. આ પ્રમાણે બ્રાહ્મણના સુખ માટે મદદ કરીને કૃષ્ણ નેમિનાથ પાસે ગયા. ભગવંતને નમસ્કાર કરીને ગજસુકુમાલ-

ને જોવા માટે ચારેબાજુ નજર ફેરવી. પરંતુ કયાંય ગજસુકુમાલ મુનિને જોયા નહી. 'અહો, આટલા બધા સાધુઓમાં મારો લઘુબંધુ કેમ નથી દેખાતો ? ભગવંતને પૂછી તો જોઉં.' એમ વિચારી ભગવંતને પૂછયું:– 'સ્વામિન્, આપના સંયમશીલ આટલા બધા મહાત્માઓમાં એક આપના નવા શિષ્ય ગજસુકુમાલ કેમ નથી દેખાતા ? શું આપે કયાંય મોકલ્યા છે ? કે ધ્યાનમાં બેઠા છે ? કે અભ્યાસ કરવા બીજા સ્થળે બેઠા છે ? અથવા સાધુઓનો આચાર શીખવા કોઇ મહાત્મા પાસે ગયા છે ?' કૃષ્ણના પ્રશ્નો સાંભળીને ભગવાન નેમિનાથે કહ્યું :– 'વિષ્ણુ, એ તારા લઘુબંધુ સોમશર્મા બ્રાહ્મણની સહાયથી મોક્ષને પામ્યા છે.' ભગવંતનું વચન સાંભળતાની સાથે જ આઘાતથી કૃષ્ણ મૂર્છિત થઈને જમીન ઉપર ઢળી પડયા, અને સર્વે યાદવો કલ્પાંત કરવા લાગ્યા. શીતલ ઉપચારોથી માધવની મૂર્છા દૂર થઈ. દુઃખથી ગદ્ગદ્ સ્વરે કૃષ્ણે કહ્યું :– 'ભગવંત, એ મારા ભાઇના ઘાતક દુષ્ટને મારે કેવી રીતે જાણવો ?' કૃષ્ણના દ્વેષપૂર્ણ વચન સાંભળીને ભગવંતે કહ્યું : 'વિષ્ણુ, તું તેના ઉપર ક્રોધ ના કર. જે વૃદ્ધ બ્રાહ્મણને તે ઈંટો મૂકાવવા માટે મદદ કરી હતી, એ જ સોમશર્મા બ્રાહ્મણે ગજસુકુમાલને જલ્દીથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે મદદ કરી છે, જો એને આ રીતનો મરણાંત ઉપસર્ગ ના કર્યો હોત તો આટલી જલ્દીથી ગજસુકુમાલની મુક્તિ ના થાત ! તેથી ગજસુકુમાલ માટે તો સોમિલ સસરો ઉપકારી બન્યો છે. જે કાળે જે બનવાનું હોય છે તે જ બન્યા કરે છે. માટે તું રોષ અને શોક ના કર. અહીંથી દ્વારિકા-નગરીમાં જતાં તને જોઇને જ ભયભીત થયેલા એ બ્રાહ્મણનું મસ્તક ભેદાઈ જશે. એ જ તારા બંધુનો ઘાતક જાણવો.' આ પ્રમાણે ભગવાન નેમિનાથના વચન સાંભળીને, દુઃખને ધારણ કરતા અને રૂદન કરતા કૃષ્ણ આદિ યાદવોએ ગજસુકુમાલમુનિના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. મહાદુઃખપૂર્વક કૃષ્ણે દ્વારિકામાં પ્રવેશ કર્યો. ત્યાં ભગવાને જે પ્રમાણે કહ્યું હતું તે મુજબ મરેલા બ્રાહ્મણને જોયો. તેને જોતાની સાથે દ્વેષ ઉત્પન્ન થયો. માણસો પાસે કૂતરાના મડદાની જેમ મરેલા બ્રાહ્મણના બે પગ બંધાવીને નગરમાં ભમાવીને નગરીથી બહાર જંગલમાં ફેંકાવી દીધો. જાણે કે ગીધ આદિ હિંસક પક્ષીઓને બલિ આપી દીધો.

तेनैव दुःखगर्भेण, वैराग्येण जिनांतिके । बहवो जगृहुर्दीक्षां, गेहं विमुच्य यादवाः ॥९०॥
दशार्हा अपि योद्धारः, समुद्रविजयादयः । विनैव वसुदेवेना—गृहणन् संयमसंपदं ॥९१॥
शिवादेवी जिनस्यांबा, तथा सप्तापि सोदराः । मुकुंदस्य कुमाराश्चा—परेऽप्यादधिरे व्रतं ।९२।
भूयान्नेमिजिनस्यैव, हस्तो मदीयमस्तके । राजीमत्यपि मत्वेति प्राव्राजीन्नेमिसन्निधौ ।९३।
देवीं च कनकवतीं, देवकीं रोहिणीं विना । प्राव्राजन् वसुदेवस्य, महिलाः प्रवला अपि ।९४।
अन्यदा गृहवासेऽपि, स्थिता कनकवत्यलं । आरूढा क्षपकश्रेणिं, केवलज्ञानमासदत् ॥९५॥
तस्या ज्ञानसमुत्पाद—वृत्तांतं नेमिरब्रवीत् । सभायां नाकिनः श्रुत्वा, तद्धाम्न्येवोत्सवं व्यधु ॥
अहो मे केवलज्ञानं, प्रसिद्धं समजायत । गृहवासोऽथ योग्यो न, ततः सा प्राव्रजत्स्वयं ।९७।
ततो नेमिविभोः पार्श्वे, गत्वा पृष्ट्वा च तं जिनं । चकारानशनं शुभ्रं, दिनानां त्रिंशतो वने ।
तेनानशनयोगेन, शुक्लध्यानवती मृता । समाददे महानंद—पदं कनकवत्यपि ॥९९॥

ગજસુકુમાલમુનિના અવસાનથી દુઃખી થયેલા ઘણા યાદવોએ દુઃખગર્ભિત વૈરાગ્યથી ભગ-

વાનની પાસે જઈને દીક્ષા ગ્રહણ કરી, વસુદેવ વિના સમુદ્રવિજય આદિ દશ દશાર્હો, ભગવંતની માતા શિવાદેવી, તેમજ ભગવાનના સાત ભાઈઓ અને શ્રીકૃષ્ણના ઘણા કુમારોએ પણ સંયમ અંગીકાર કર્યું. 'મારા હાથ ઉપર હાથ ના આવ્યો, પરંતુ મારા મસ્તક ઉપર ભગવાનનો હાથ મૂકાવું.' એમ માનીને રાજિમતીએ પણ ભગવાન નેમિનાથ પાસે દીક્ષા ગ્રહણ કરી. કનકવતી, દેવકી અને રોહિણી સિવાય વસુદેવની ૭૨ હજાર પત્નીઓમાંથી ઘણી સ્ત્રીઓએ પણ ચારિત્રગ્રહણ કર્યું. રાણી કનકવતી ગૃહસ્થવાસમાં રહેલી હતી. છતાં શુભ ભાવના ભાવતાં ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈને કેવલજ્ઞાન પામી, ત્યારે ભગવાન નેમિનાથે સમવસરણમાં કનકવતીને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયાની વાત કરી. તે સાંભળીને દેવોએ ત્યાં જઈને કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો. 'અહો, મારા કેવલજ્ઞાનની પ્રસિદ્ધિ થઈ ગઈ છે, તો હવે ગૃહવાસમાં રહેવું યોગ્ય નથી.' એમ માનીને કનકવતીએ (પૂર્વભવમાં નલરાજાની રાણી દમયંતી હતી, તે આ કનકવતી) પણ સ્વયં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને, ભગવાન નેમિનાથ પાસે જઈને પ્રભુને પૂછીને, ત્રીસ દિવસનું અનશન કર્યું. ત્યાં શુકલધ્યાનમાં લીન બની કનકવતી નિર્વાણ પામી.

अथ नेमिनाथस्य, विधाय विनयं स्वभूः । पप्रच्छ देशनाप्रांते, द्वारिकायाः स्वरूपकं ॥१००॥
उत्पत्तिस्थितिनाशाढ्यं, स्वरुपं वस्तुनस्त्रिधा । ततः कथं द्वारिकाया, यादवानां च मे क्षयः ।
स किं भावी स्वभावेन, परेण जनितोऽथवा । परस्मिन्नपि देवेन, मनुष्येण कृतोऽथवा ॥२॥
तदोवाच जिनौ विष्णुं, द्वारवत्याश्च तापसः । बहिः शौर्यपुराख्यस्या-श्रमे तिष्ठति शर्मणा ॥
स चान्यदा नीचकुलां, कांचिदादाप्य कन्यकां । जगाम यमुनाद्वीपं, बुभुजे तत्र तेन सा ॥४॥
तया सूतः सुतस्तस्य, कृतां द्वैपायनाभिधा । ब्रह्मचारी परं तत्र, स तिष्ठेद्यदुसौहृदात् ॥५॥
सांबाद्यास्ताडयिष्यंति, मद्यपानात्तमेकदा । क्रुद्धः सोऽपि पुरीमेनां, सयदून् ज्वालयिष्यति ॥
जराकुमारतो भ्रातु-र्भविष्यति मृतिस्तव । श्रुतं तन्नेमिना प्रोक्तं, समग्रैरपि यादवैः ॥७॥
अहो यदुकुलांगारो, वर्त्ततेऽयं दुराशयः । अन्योन्यं कथयामासु-रिति व्यग्राशयाः समे ॥८॥
द्वारवत्या मनुष्याणां, वदनान्निर्गतं वचः । निशम्य नेमिनाथेन, भाषितं खेदवानभूत् ॥९॥
वसुदेवसुतो भूत्वा-प्यहं चेद्बंधुघातकः । तर्ह्यत्र किमवस्थितया, वर्त्तते मे प्रयोजनं ॥१०॥
विमृश्यन्निति चित्ते स, नमस्कृत्य जिनाधिपं । निकेतनं निजं गत्वा, तूणीरद्वयमग्रहीत् ।११।
उभयोः पक्षयोरात्म-रक्षायै तूणयुग्ममृत् । हस्ते धनुर्दधत्कृष्ण-रक्षार्थं वनवास्यभूत् ॥१२॥
अदभ्रो द्वारिकालोको द्वैपायनोऽपि तापसः । द्वारिकायदुरक्षार्थं, वनवासमसेवत ॥१३॥
कृष्णोऽप्यनर्थमूलां च, मदिरापाननिर्मितिं । विजानन्नगरीमध्या-त्सर्वत्रापि न्यषेधयत् ॥
कदंबपादपात्पार्श्व-प्रवर्तिनि शिलोच्चये । शिलाकुंडेषु मद्यानि, जीर्णान्यपि जहुर्जनाः ॥१५॥

દેશનાના અંતે ભગવાન નેમિનાથને વંદન કરી કૃષ્ણે વિનયપૂર્વક દ્વારિકાનું સ્વરૂપ પૂછ્યું: 'ભગવંત, જગતના પદાર્થો ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશશીલ હોય છે. તો દ્વારિકાનો, મારો અને યાદવોનો ક્ષય કઈ રીતે થશે? તે ક્ષય સ્વાભાવિકપણે થશે કે કોઈના ઉપદ્રવથી થશે?

તે મનુષ્યથી થશે કે દેવથી થશે?' ભગવંતે કહ્યું :– 'વિષ્ણુ, દ્વારિકાની બહાર શૌર્યપુર નામના આશ્રમમાં એક તાપસ રહેતો હતો. તે એક દિવસે કોઇ નીચકૂલની કન્યાને જોઈ મુગ્ધ બન્યો. કન્યાને લઈને તે યમુના નામના દ્વીપમાં ગયો. ત્યાં કન્યાની સાથે વિષયસુખ ભોગવતાં તેને 'દ્વૈપાયન' નામનો એક પુત્ર થયો. તે આબાલ બ્રહ્મચારી દ્વૈપાયન તાપસ યાદવોનો મિત્ર બનીને રહ્યો છે. પરંતુ એક વખત મદિરાપાનમાં લુબ્ધ બનેલા શાંબ આદિ કુમારો દ્વૈપાયનને ઘણો માર મારશે, તેથી ક્રોધિત થયેલો દ્વૈપાયન યાદવો સહિત દ્વારિકાનગરીને ભસ્મીભૂત કરી નાખશે. એટલે દ્વારિકાનો ક્ષય દ્વૈપાયન તાપસથી થશે. અને તારૂં મરણ અજાણતા તારા ભાઇ જરાકુમારથી થશે.' ભગવાન નેમિનાથના શ્રીમુખે દ્વારિકાનો ક્ષય અને કૃષ્ણનું જરાકુમારના હાથે મરણ સાંભળીને બધા યાદવો ખિન્ન મનવાળા થઈ ગયા. જરાકુમારને જેમ ફાવે તેમ બોલવા લાગ્યા :– 'અહો જુઓ તો ખરા, યાદવોના કૂલમાં કેવો અંગારો પાકયો કે જે પોતાના સગાભાઇ અને તે પણ ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણને મારનારો ઘાતકી બનશે. કેવો પાપાત્મા? એનું મોઢું જોવું પણ પાપ છે.' આ પ્રમાણે વ્યગ્ર બનીને અરસપરસ વાતો કરતા દ્વારિકાના માણસોની વાત સાંભળીને અને ભગવાને કહેલું તે પોતે પણ સાંભળીને, જરાકુમાર ખિન્ન થઇ ગયો. 'અરેરે, હું કેવો પાપી? વસુદેવનો પુત્ર થઇને મારા બંધુનો ઘાતક થઇશ? જો હું અહીં રહું તો ભાઇને મારનારો થાઉં ને? આ રીતે ઘાતકી બનીને મારે અહીં રહેવાનું શું પ્રયોજન?' આ પ્રમાણે મનમાં વિચારી, ભગવંતને નમસ્કાર કરી, પોતાના ઘેર જઈને બાણના બે ભાથા ખભે ભરાવી, ધનુષ્યને ધારણ કરી, કોઈને પણ કહ્યા વિના પોતાના ભાઇ કૃષ્ણની રક્ષા માટે જરાકુમાર દ્વારિકામાંથી નીકળી દૂર દૂર જંગલમાં જઈને વનવાસી બની ગયો. 'આવા સજ્જન દ્વારિકાવાસી યાદવોનો અને સ્વર્ગપુરી સમાન દ્વારિકાનો નાશ મારા હાથે ના થવો જોઈએ,' એમ વિચારી દ્વૈપાયન તાપસ પણ ગીરનારના જંગલમાં વનવાસી બનીને રહ્યો.' સર્વે અનર્થનું મૂળ મદિરાપાન છે.' એમ જાણતા કૃષ્ણે નગરીમાં મદિરાપાનનો નિષેધ કરાવ્યો. 'દ્વારિકા નગરીમાં જે કોઇ મદિરાપાન કરશે તેને મૃત્યુદંડ થશે.' આ પ્રમાણે પડહઘોષણા કરાવી. આખી દ્વારિકામાંથી મદિરાને શોધી શોધીને માણસોએ ગીરનાર પર્વત પર રહેલા કદંબવૃક્ષની પાસે શિલાકુંડમાં ફેંકી દીધી.

**सिद्धार्थसारथिः कृष्ण–ज्येष्टबंधुं व्यजिज्ञपत् । स्वामिन् मे देहि दीक्षाज्ञां, यथा न वीक्ष्यते क्षयः ।**
**द्वारवत्या यदूनां च, प्रलयं बीक्ष्य दुःखिता । भविष्यति मम प्राज्या, तस्माद् गृह्णामि संयमं ।**
**बलभद्रोऽभणद्भद्र, प्रदाय वचनं मम । परिव्रजेर्यदि त्वं त–द्दीक्षादेशं ददाम्यहं ।।१८।।**
**परिव्रज्य तपस्तीव्रं, तप्त्वा च त्रिदशालये । वृंदारको भवेस्त्वं चे-त्ततो मां प्रतिबोधयेः ।१९।**
**अंगीकृत्य वचः सोऽपि, प्राव्रजन्नेमिसन्निधौ । तपो विधाय षण्मासीं, बभूव स्वर्गसौख्यभाक् ।**

કૃષ્ણના વડિલબંધુ બલભદ્રના સિદ્ધાર્થ નામના સારથીએ બલભદ્રને વિજ્ઞપ્તિ કરીઃ– 'સ્વામિન્, મને દીક્ષા લેવાની અનુમતી આપો. મારાથી દ્વારિકાનો નાશ અને યાદવકુલ ક્ષય નહી જોવાય. એ બધો વિનાશ જોઈને દુઃખી થવું, એના કરતા સંયમ ગ્રહણ કરી, ચારિત્રધર્મની આરાધના કરી મારા આત્માને પવિત્ર બનાવું, તેથી આપ મને રજા આપો.' બલભદ્રે કહ્યું :– 'દીક્ષાની અનુમતિ તો આપું, પરંતુ તારે મને એક વચન આપવું પડશે. તું ચારિત્રધર્મની

આરાધના કરી, તપ તપીને દેવલોકમાં જાય તો તારે મને પ્રતિબોધ કરવા આવવું પડશે.' જો તું આટલું વચન આપે તો તને દીક્ષા લેવાની અનુમતિ આપું. સિદ્ધાર્થ સારથીએ બલભદ્રનું વચન માન્ય રાખી, ભગવાન નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી. છ માસ સુધી તીવ્ર તપ કરીને સિદ્ધાર્થ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

इतः क्षिप्तं पुरा मद्यं, शिलाकुंडेषु यज्जनैः । वृक्षाणां पुष्पपातेन, तत्तीव्र प्रत्युताभवत् ।२१।
ग्रीष्मकाले तृषाक्रांतः, सांबस्य कोऽपि पूरुषः । पर्यटन् प्रययौ तत्र, स शिलाकुंडमैक्षत ।।२२।।
यथेष्टं तत्र पीत्वा तां, सुरां स्वादुकरीं मुखे । स प्राप्तभूरिसौहित्य—स्तां लात्वा द्वारिकां ययौ ।
तेन सांबकुमारस्य, तस्या अकारि ढौकनं । तां निपीय कुमारोऽपि, मोदमानोऽवदन्नरं ।२४।
इतं त्वया कुतः प्राप्ता, सुराणामपि दुर्लभा ।सोऽबग्यदि दिदृक्षा ते, दर्शयामि तदा विभो ।२५।
स्थानप्रदर्शिना तेन, कुमारैरुत्कटैः सह । द्वितीयदिवसे सांबः, शिलाकुंडेषु जग्मिवान् ।२६।
निरीक्ष्य चिरकालेन, तेषु तां मदिरां वरां । गृध्नत्वेन पपौ सांबो, भ्रातृ—भ्रातृव्यमित्रकैः ।।
तारुण्येन सुरापान—विधानेन यदृच्छया । सर्वेऽपि ते मदोन्मत्ता, बभूवुर्द्विरदा इव ।।२८।।
गायंतो निपतंतस्ते, ददतो हस्ततालकान् । ध्यानं प्रकुर्वतो द्वैपा—यनस्य पार्श्वमागताः ।२९।
तापसं वीक्ष्य तं जाग्र—त्कोपः शांबोऽब्रवीदिदं । मार्यतां मार्यतामेषो—ऽस्मद्द्वेषोत्पादधारकः ।।
वराको मारितोऽस्माकं, द्वारिकायाः कुलस्य च । ज्वालनेन परिध्वंसं, प्रविधास्यत्ययं कथं ? ।।
मुष्टिभिश्च चपेटाभि—र्लेष्टुभिश्चरणैस्तथा । निहतः पातयित्वोर्व्यां, मुक्तो मृतकवत्कृतः ।३२।
मदाद् द्वैपायनर्षि तं, जानंतो मानसे मृतं । पुरीं द्वारवतीं गत्वा, ते स्वगेहमशिश्रयन् ।।३३।।

ગીરનાર પર્વતના શિલાકુંડમાં નાંખેલી મદિરા નજીકમાં રહેલા વૃક્ષોના પુષ્પોના પડવાથી તીવ્રપણે વધી. આખો શિલાકુંડ મદિરાથી છલોછલ ભરાઇ ગયો. હવે એક વખત ગ્રીષ્મકાલમાં શાંબકુમારનો કોઈ માણસ પર્યટન કરવા માટે ગયેલો. તૃષાતુર થયેલો તે પાણીની શોધમાં ફરતા ફરતા દૈવયોગે શિલાકુંડ પાસે આવ્યો. કુંડમાં મઘમઘાયમાન સુગંધી મદિરા જોઈને ખૂશ થયો. તેણે આકંઠ મદિરાપાન કર્યું. ત્યાં વૃક્ષની છાયામાં થોડો સમય આરામ કરીને, પોતાના સ્વામિ શાંબકુમાર માટે થોડી સ્વાદિષ્ટ મદિરા સાથે લીધી અને દ્વારિકામાં જઈને શાંબકુમારને આપી. કુમારે પણ મદિરાનું પાન કરીને, ખૂશ થઇને પેલા માણસને પૂછયું: ' અરે, આવી દેવોને પણ દુર્લભ એવી સ્વાદિષ્ટ મદિરા કયાંથી લાવ્યો?' તેણે કહ્યું :- 'સ્વામિન્, આપને જોવાની ઇચ્છા હોય તો બતાવું.' બીજે દિવસે ઉચ્છૃંખલ એવા રાજકુમારોને સાથે લઇને શાંબકુમાર પોતાના માણસે બતાવેલા સ્થાને ગયો. ત્યાં શિલાકુંડમાં લાંબા સમયે સુગંધી મદિરા જોઈને શાંબ આદિ રાજકુમારો ખૂશ થઈને નાચવા લાગ્યા. લોલુપતાથી શાંબે, તેના ભાઇઓએ, ભત્રીજાઓએ અને મિત્રોએ આકંઠ મદિરાપાન કર્યું. રૂપ, યૌવન, સત્તા અને તેમાં પાછું મદિરાપાન. એટલે બાકી શું રહે? એ સર્વે કુમારો મદોન્મત્ત બનીને જંગલી હાથીઓની જેમ મસ્તી કરતા, હાથથી જોર જોરથી તાલીઓ પાડતા, ગીતો ગાતા પર્વત પર આમ તેમ ફરવા લાગ્યા. ફરતા ફરતા પર્વતની એક ગુફામાં ગયા. ત્યાં ધ્યાનમાં બેઠેલાં દ્વૈપાયન તાપસને જોયો. દ્વૈપાયનને જોઈને ક્રોધાતુર

બનેલા શાંબે બધા કુમારોને કહ્યુંઃ 'અરે, મારો, મારો આ દુષ્ટ પાપીને ખતમ કરી નાખો. એને મારી નાખ્યા પછી, આ રાંકડો દ્વારિકાનો અને આપણા યાદવકુળનો કેવી રીતે ક્ષય કરવાનો હતો ? માટે એને પૂરો જ કરો.' આ પ્રમાણે શાંબકુમારના આદેશથી કુમારોએ મુક્કા મારીને, ચપેટા મારીને, પત્થરો મારીને, તેમજ પગની લાતો મારી-મારીને દ્વૈપાયનને અધમૂઓ કરી નાખ્યો. બેહોશ થઈને દ્વૈપાયન મૃતકની જેમ જમીન ઉપર ઢળી પડયો. મદાંધ બનેલા શાંબ આદિ કુમારો તેને ત્યાં પડતો મૂકીને, સૌ દ્વારિકામાં આવી પોત પોતાના સ્થાને ગયા.

वृत्तांतं तं चरैर्ज्ञात्वा, व्यषीदन्मधुसूदनः । अथायं कुपितो हा हा, यदुक्षयं करिष्यति ।।३४।।
चिंतयित्वेति गोविंदः, सान्वतेन समं ययौ । उपद्वैपायनं बिभ्यद्, द्वारिकाक्षयहेतुतः ।।३५।।
खंडीकृतं खलमिव, रक्ताक्षं क्रोधदुर्धरं । समीक्ष्य तमुभौ बंधू, मृदुवाक्यैर्जजल्पतुः ।।३६।।
अहो तापसमुख्यत्व–महो क्रियापरायणः । तव क्रोधविधानं न, योग्यतामेति सर्वथा ।।३७।।
क्रोधेन दुर्गतिप्राप्तिः, क्रोधेन वैरवर्धनं । क्रोधेन क्षीणसंसार–वतामपि भवापदः ।।३८।।
मदांधैः पुनरज्ञानै–र्बालकैर्मम यद्यपि । भृशं संतापितो मंतु, क्षमस्व त्वं तथापि तं ।।३९।।
बालकैः कृतमन्यायं, क्षमंते त्रिदशा अपि । तव तापसदीक्षस्य, क्षमैवाक्षीणभूषणं ।।४०।।
वचनैः कोमलैरेवं, प्रशामितोऽपि तापसः । न प्राशाम्यमृतक्षेपै–र्धूमध्वज इवेधितः ।।४१।।
क्रुद्धोऽभ्यधात् त्रिदंडी स, मावादीः कृष्ण भूरिशः । यदहं तावकैः पुत्रै–र्निष्कारुण्यैर्निपीडितः ।।
कृतस्य तपसो मे स्यात्, फलं यदि मनागपि । द्वारिकायाः सलोकाया, भूयासं ज्वालकस्तदा ।।
तदैव मयकाकारि, निदानमिति दुस्सहं । ततस्तव वचो मोघं, भविष्यति पुरो मम ।।४४।।
वारंवारं मुकुंद ! त्वं, विज्ञापयसि मां यदि । युवां द्वौ बांधवौ तर्हि, मोक्ष्यामि द्वारिकापुरि ।।
तदा न्यवारयद्रामो, वासुदेवं सहोदरं । तापसेनामुना नैव, प्रजल्पनमथोचितं ।।४६।।
वामनः कणपः पंगु–र्हीनांगो बधिरस्तथा । प्रशामितोऽपि सद्वाक्यै–रुपशांतिं प्रयांति न ।।४७।।
त्रिदंडिनि वराकेऽस्मिन्, कथनैः किं प्रयोजनं । श्रीनेमिभाषितं सर्वं, कदापि न वृथा भवेत् ।।
ततः शोकेन संयुक्तो, बहुदुःखं धरन् हृदि । द्वारिकानगरीं प्राप्तः, सरामो मधुसूदनः ।।४९।।
निदानं प्रकटीभूतं, कृतं तेन त्रिदंडिना । द्वितीयस्मिन् दिने पुर्यां, मुकुंदोऽप्युदघोषयत् ।।५०।।
द्वारिकानगरीदाह–कृते द्वैपायनर्षिणा । निदानं कृतमस्त्यस्मात्, धर्मे भूयास्त सादराः ।।५१।।

ऊद्घोषणां केशवकारितां ता—मेवं समाकर्ण्य पुरीमनुष्याः ।
विशेषतो धर्मरता बभूवु—र्धर्मेण विघ्ना विलयं प्रयांति ।।५२।।

इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्य पंडितश्रीरविसागरगणिविरचिते
श्रीसांबप्रद्युम्नचरित्रे गजसुकुमालदीक्षाग्रहणमुक्तिगमनकृष्णप्रश्नवर्णनो
नाम चतुर्दशः सर्गः समाप्तः श्रीरस्तु ।।

ચરપુરૂષો દ્વારા આ બધો વૃત્તાંત જાણીને, કૃષ્ણુ બેબાકળા બની ગયા :– 'અરેરે, આ છોકરાઓએ શું કર્યું ? ક્રોધાયમાન થયેલો તાપસ નક્કી યાદવકુલનો અને દ્વારિકાનો ક્ષય કરશે. તે પહેલા તેના મનનું સમાધાન કરી આવું. તેને શાંત પાડુ'.' આ પ્રમાણે વિચારીને કૃષ્ણ બલભદ્રની સાથે મનાવવા દ્વૈપાયન પાસે ગયા. ક્રોધથી દ્રુર્ધર, લાલ આંખોવાળા અને લોહીલુહાણ થયેલા દ્વૈપાયનને જોઈ ને, બંને બંધુઓ કોમલ વચનોથી વિનવવા લાગ્યા :– 'અહો, ચરણક્રિયામાં તત્પર –તાપસોમાં મુખ્ય, એવા આપે ક્રોધ કરવો જરાયે યોગ્ય નથી. ક્રોધથી દુર્ગતિની પ્રાપ્તિ થાય, ક્રોધથી વૈરની પરંપરા વધે અને ક્રોધ ભવોની પરંપરા વધારનાર છે. તો આપના જેવા સુજ્ઞ પુરૂષે શાંત રહેવું જોઈએ. જો કે હું જાણુ છું કે મારા ઉચ્છ્રંખલ અને અજ્ઞાની છોકરાઓએ તમને હેરાન કરવામાં બાકી નથી રાખ્યું, પરંતુ આપ તો ક્ષમાશીલ છો. એમના અપરાધની ક્ષમા આપો. દેવો પણ બાળકોના અપરાધને ગણુતા નથી અને તેને ક્ષમા કરી દે છે. આપ તો તાપસ છો, સાધુ છો, ક્ષમા એ આપનું ભૂષણ છે. તો મારા અજ્ઞાની બાળકો વતી હું આપની વારંવાર ક્ષમા માગું છું. આપ જરૂર બાળકોના અન્યાયની ક્ષમા આપશો જ.' કૃષ્ણ અને બલભદ્રના અમૃત સમાન કોમળ શાંત વચનોથી દ્વૈપાયન શાંત થવાના બદલે જેમ અગ્નિમાં ઘીનું સીંચન કરવાથી અગ્નિ વધે છે, તેમ દ્વૈપાયનનો ક્રોધ વધુ પ્રજ્વલિત બન્યો. ક્રોધાંધ બનેલા તાપસે કહ્યું :– 'કૃષ્ણ, તું શું જોઈને મને વારંવાર શિખામણ આપે છે? તારા નિર્દય પુત્રોએ નિરપરાધી એવા મને કૂટી નાખ્યો છે. તેથી મારા તપનું કંઈ ફળ હોય તો લોક સહિત દ્વારિકાનગરીને બાળનારો હું થાઉં. એ મારો દુઃસહ તપ વેચીને મેં આવું નિયાણુ કર્યું છે તે નિષ્ફલ નહી જાય. તેથી વારંવાર બોલેલું તારૂં વચન ફોગટ જશે. માટે મુકુંદ, મને વારંવાર વિજ્ઞપ્તિ ના કર. હા, તમે બંને ભાઈઓ મારી આગળ ક્ષમા યાચના કરો છો, તો તમને બે ભાઈઓને છોડીને હું દ્વારિકાને ભસ્મીભૂત કરીશ.' ત્યારે બળદેવે વાસુદેવને કહ્યું :– 'બંધુ, હવે આ તાપસને કંઈ પણ કહેવું યોગ્ય નથી. વળી કહ્યું છે કે : 'વામન, કાણો, પંગુ, હીન અંગવાળો, તેમજ બહેરો, આટલા માણુસોને ગમે તેટલા શાંત પાડવા માટે મીઠા મધુર વચનો કહેવામાં આવે, તો પણ તેઓ શાંત થતા નથી.' તો રાંકડા એવા આ તાપસને કહેવાનું કંઈ પ્રયોજન નથી. ભગવાન નેમિનાથનું કથન કયારે પણ મિથ્યા થયું નથી, થવાનું નથી અને થશે પણ નહી.' આ પ્રમાણે કહીને શોકસહિત કૃષ્ણ અને બલભદ્ર મનમાં દુઃખને ધારણ કરતા દ્વારિકાનગરીમાં આવ્યા. બીજે જ દિવસે નગરીમાં તાપસે કરેલા નિયાણાની ઉદ્‌ઘોષણા કરાવી :– 'દ્વારિકાનગરીના દાહ માટે દ્વૈપાયનઋષિએ પ્રતિજ્ઞા કરી છે, તો નગરવાસીઓ, 'પુણ્યથી પાપ ઠેલાય,' એ સિદ્ધાંતથી ધર્મકાર્યમાં વધુને વધુ આદરવાળા બનો.' આ પ્રમાણે કેશવે કરાવેલી નિયાણાની ઉદ્‌ઘોષણા સાંભળીને નગરવાસી મનુષ્યો વિશેષથી ધર્મકાર્યમાં રક્ત બન્યા. વિઘ્નના નાશ માટે આયંબિલ આદિ તપશ્ચર્યા કરવા લાગ્યા.

**આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તીસમા શ્રીરાજસાગરગણીના વિદ્વાન શિષ્ય શ્રી રવિસાગર ગણીએ રચેલા શ્રીશાંબપ્રદ્યુમ્નચરિત્રમાં ગજસુકુમાલની દીક્ષા, મુક્તિ ગમન અને કૃષ્ણુના પ્રશ્નનું વર્ણન કરતો ૧૫૨ શ્લોક પ્રમાણ ચૌદમો સર્ગ સમાપ્ત થયો.**

# ॥ अथ पंचदशः सर्गः प्रारभ्यते ॥

अथ तत्र जिनो नेमि–र्विहृत्य बहु भूतले । भाग्येन समवासार्षी–ल्लोकानां धर्मचेतसां ॥१॥
समागमनमाकर्ण्य, श्रीमतो नेमिनो विभोः । तुतुषुर्द्वारिकालोका, निदानशंकयाकुलाः ॥२॥
केचिज्जानंति चारित्रं, ग्रहीष्यामो जिनांतिके । कैश्चिद्विशेषतो धर्मा–नुष्ठानं च करिष्यते ।३।
इति धर्मरतैर्लोकैः, समन्वितो नरायणः । ययौ नेम्यंतिके नत्वा–श्रौषीद्धर्मोपदेशनां ॥४॥
तां निशम्य महामोह–निद्राविद्रावकारिणीं । केचिदाददिरे दीक्षां, केचिद्वैराग्यमादधुः ॥५॥
कृष्णोऽपि वासुदेवत्वा– द्दीक्षां ग्रहीतुमक्षमः । वैराग्येण युतो गेह–मागत्य बुभुजे सुखं ॥६॥

હવે ભગવાન નેમિનાથ પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા ધાર્મિક લોકોના ભાગ્યથી દ્વારકાપુરીમાં સમવસર્યા. ભગવંતનું આગમન સાંભળીને નિદાનની શંકાથી વ્યાકુળ થયેલા દ્વારિકાવાસી લોકો સંતુષ્ઠ થયા. અને જુદી જુદી વિચારણા કરવા લાગ્યા. કેટલાક લોકો વિચારે છે કે 'ભગવંતની પાસે આપણે ચારિત્ર ગ્રહણ કરીશું.' કેટલાક વિચારે છે કે 'આપણે ગૃહસ્થધર્મની વિશેષ આરાધના કરીશું' ધાર્મિક લોકોની સાથે શ્રીકૃષ્ણ શ્રીનેમિનાથ ભગવાનની પાસે જઈ વંદના કરીને ધર્મદેશના સાંભળવા બેઠા. મોહરૂપી નિદ્રાને દૂર કરનારી ભગવંતની વૈરાગ્યમયી દેશના સાંભળીને, કેટલાક લોકો વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરવા માટે તત્પર બન્યા. શ્રીકૃષ્ણ, પૂર્વજન્મના નિદાનના કારણે વાસુદેવપણું પ્રાપ્ત થવાથી દીક્ષા લેવા માટે અસમર્થ હોવાથી, વૈરાગ્યભાવે સાંસારિક સુખોને ભોગવતા ગૃહસ્થવાસમાં રહ્યા.

बलभद्रेण भूपालै–र्विद्याधरैश्च यादवैः । पूरितायां सभायां च, सिंहासने स्थितो हरिः ॥७॥
बिरुदैर्बहुबंदीनां, स्तूयमानः समंततः । चामरैर्वीज्यमानः स, पर्षदींद्र इवाबभौ ॥८॥
तदा राजांगजैर्युक्त–स्तत्र प्रद्युम्न ईयिवान् । प्रणम्य पितरं प्राप्य, समयं स व्यजिज्ञपत् ॥९॥
संसारानित्यतावक्त्री, निशम्य नेमिदेशनां । संजातं मम वैराग्यं, संयमग्रहणात्मकं ॥१०॥
पितस्तव प्रसादेन, भोगा भुंक्ता मयाखिलाः । तानप्यशाश्वतान् जानन्, जातो वैरंगिकोऽस्म्यहं ।
अतो देहि ममादेश–मुपदेशं यथार्हतः । चारित्ररत्नमादाय, शृणोम्यहं निरंतरं ॥१२॥
इति तद्वचनं श्रुत्वा, कृष्णोऽभूद्भूरिदुःखभाक् । बलदेवादयो भूपा, जाताः सदुःखविस्मयाः ॥
मुकुंदोऽपि ततोऽवादी–दरे पुत्र ! पवित्रधीः । संप्रत्यवसरो दीक्षा–ग्रहणस्य तवास्ति कः ॥
धीरेषु धीरताधारी, वीरेषु वीरतान्वितः । भूरिभोगिषु भोगी त्वं, कांतिमत्सु च कांतिमान् ॥
राज्यभोगविलासानां, दिनानि तव यौवने । वर्त्तंते सांप्रतं पुत्र, न चारित्रोचितानि च ॥१६॥
ततो गृहाण साम्राज्यं, भुंक्ष्व भोगाननेकधा । गृहीतव्यस्त्वया पश्चात्, संयमो वार्धके सुत ! ॥
अपरेऽपि नृपाः प्राहुः, प्रद्युम्नं धैर्यसंयुताः । बिभेषि प्रथमं किं त्व–मेव द्वारवतीक्षयात् ।१८।

न ज्ञायते भवेद् वृष्टि–रथवा नाब्दमुन्नतं । वीक्ष्य प्रस्फोटयेः कुंभं, कथं त्वं जलपूरितं ।।१९।।
एवं पितुः परेषां च, निशम्य स्नेहिलं वचः ।प्रद्युम्नोऽभ्यदधत्स्नेह–र्वाजतः स्फूर्जितद्युतिः ।२०।
त्वयापि ज्ञायते ताता–स्ति राज्यं नरकप्रदं । भोगा रोगविधातारो, विलासाः स्वप्नसन्निभाः ।
कमला चपला विद्यु–त्झात्कार इव वर्त्तते । यौवनं वनवच्छुष्ये–दायुःपानीयमंतरा ।।२२।।
भवंतोऽपि च श्रृण्वंतु, भो भूपा वचनं मम । स्याद्वादोऽपि न युष्माभि–र्विज्ञेयो जिनभाषिते ।।
प्राचीतः पश्चिमायां चे– दुदेति गगनध्वजः । तथापि नो विभोर्नेमेः, कथितं विफलं भवेत् ।।
अस्मादसारतो देहात्, कैवल्यं यदि साध्यते । तदैवास्य प्रमाणं स्या–दन्यथा किं प्रयोजनं ।२५।
शुद्धं प्रद्युम्नवैराग्य–मिति ज्ञात्वा सभासदः । चमत्कृता दधुस्तेषु, केऽपि वैराग्यमुत्कटं ।।२६।।
पुत्रं विज्ञाय बिभ्राणं, भवसौख्यविरक्ततां । पितापि मौनमाधाय, संस्थितो दुःखपूरितः ।२७।

એક વખત બલભદ્ર, વિદ્યાધરો, રાજાઓ અને યાદવોથી પરિપૂર્ણ રાજસભામાં સિંહાસન ઉપર શ્રીકૃષ્ણ બેઠા હતા. બંદીજનો સ્તુતિ કરતા હતા અને સેવકો ચામરો વીંજતા હતા. ઇન્દ્રની જેમ કૃષ્ણ શોભી રહ્યા હતા, ત્યાં રાજકુમારોની સાથે પ્રદ્યુમ્નકુમારે રાજસભામાં આવી પિતાને નમસ્કાર કરીને અવસરને પામી વિજ્ઞપ્તિ કરી :– ‘ પિતાજી, સંસારની અનિત્યતાને સમજાવનારી ભગવાન નેમિનાથની દેશના સાંભળીને મારૂં મન વૈરાગી બન્યું છે. સંયમ ગ્રહણ કરવા માટે ઉત્સુક બન્યું છે. પિતાજી, આપની કૃપાથી મેં બધી જાતના ભોગો ભોગવ્યા, હવે તે ભોગોને નાશવંત જાણી મારૂં મન ભોગોથી ઉભગી ગયું છે આથી આપ મને દીક્ષા ગ્રહણ કરવા માટે આજ્ઞા આપો. જેથી હું ચારિત્ર ગ્રહણ કરીને ભગવંતની દેશના નિરંતર સાંભળું.’ પ્રદ્યુમ્નના વૈરાગ્યપૂર્ણ વચન સાંભળીને શ્રીકૃષ્ણ અત્યંત દુઃખી થયા, બલદેવ આદિ રાજાઓ પણ પ્રદ્યુમ્નને વૈરાગી જાણી દુઃખી થયા, છતાં આશ્ચર્ય પામ્યા. મુકુંદે કહ્યું :– ‘ પવિત્રબુદ્ધિવાળા, હે પુત્ર, હમણાં શું તારે દીક્ષા લેવાનો અવસર છે? ધીરપુરૂષોમાં ધીર, વીરપુરૂષોમાં વીર, ભોગી પુરૂષોમાં ઉદાર ભોગી, અને તેજસ્વીઓમાં તું અત્યંત તેજસ્વી છે. તારા આ યૌવનકાળમાં રાજ્યભોગ અને વિલાસના દિવસો છે, એનો તું ભોગવટો કર. હાલ તારા માટે ચારિત્ર ગ્રહણ કરવું જરા પણ યોગ્ય નથી. તેથી હે પુત્ર, હમણાં તું સામ્રાજ્યને ગ્રહણ કર અને અનેક પ્રકારના ઉદાર ભોગોને ભોગવ, વૃદ્ધાવસ્થામાં સંયમ લેજે. આ પ્રમાણે કૃષ્ણે પ્રદ્યુમ્નને સમજાવ્યા બાદ, એ વાતને જ પુષ્ટ કરતા બીજા રાજાઓએ પણ પ્રદ્યુમ્નને કહ્યું :– ‘ પ્રદ્યુમ્ન, તારા જેવો ધૈર્યવાન અને પરાક્રમી પુત્ર, દ્વારિકાનો ક્ષય થવાનો છે, એ જાણીને પહેલેથી જ ડરી જાય છે? ‘ ગગનમંડલમાં મેઘ ચઢયો છે તેથી વૃષ્ટિ થશે, એવું માનીને જલથી ભરેલા કુંભને શું કોઈ પહેલેથી ફોડી નાખે ખરા?’ તેમ દ્વારિકાનો ક્ષય થવાનો છે એટલે શું પહેલેથી ડરીને ભાગી જવાનું હોય? એ તો જે કાળે જે બનવાનું હશે તે બનશે. માટે પ્રદ્યુમ્ન, હમણાં તું દીક્ષા લેવાની વાત કરીશ નહી.’

આ પ્રમાણે પિતાના અને બીજા રાજાઓનાં સ્નેહપૂર્ણ વચન સાંભળીને વિરાગી બનેલા તેજસ્વી એવા પ્રદ્યુમ્ને કહ્યું :– ‘ પિતાજી, આપ પણ જાણો છો કે રાજ્ય નરકને આપનારૂં છે. ભોગો રોગને કરનારા છે. વિલાસો સ્વપ્ન સમાન છે. લક્ષ્મી વિજળીના ચમકારા સમાન ચંચળ

છે. યૌવન સંધ્યાના રંગ સમાન છે અને આયુષ્યરૂપી જલ નિરંતર સુકાઈ રહ્યું છે. વળી રાજ્ય-સભાના સભાસદો, આપ સૌ પણ મારું વચન સાંભળો. જૈનધર્મમાં સ્યાદ્વાદ સિદ્ધાંત મુખ્ય છે. પરંતુ સૂર્ય પૂર્વમાંથી કદાચ પશ્ચિમમાં ઉગે તો પણ ભગવાન નેમિનાથનું વચન કયારે પણ મિથ્યા થયું નથી, અને થવાનું પણ નથી. તો અસાર એવા આ શરીરથી જો કૈવલ્યની સાધના થઈ શકતી હોય તો તે પહેલા કરી લેવી જોઈએ. તો જ આપણને આ શરીર મલ્યું તે સાર્થક થાય. એ સિવાય આ શરીરનું શું પ્રયોજન છે? પ્રદ્યુમ્નનો શુદ્ધ વૈરાગ્ય જાણીને સભાસદો આશ્ચર્ય પામ્યા અને તેથી કેટલાક બીજા લોકોને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. સંસારસુખથી વિરક્ત બનેલા પુત્રને જાણીને દુઃખી થયેલા પિતા શ્રીકૃષ્ણ મૌન ધારણ કરીને રહ્યા.

दुःखितं जनकं ज्ञात्वा, मुक्त्वा शांबं निजास्पदे । स जगाम गृहं मातु—र्नत्वा तां विनयात् स्थितः
तत्र स्थित्वा क्षणं प्रोचे, प्रद्युम्नो मातरं निजां । वैराग्यं प्रकटीभूत—मस्ति मे नेमिवाक्यतः ।
ततो देहि प्रसद्य त्वमाज्ञां मातर्विचक्षणे । विदधामोऽप्सितं कृत्यं, यथाहमविलंबितं ।।३०।।
इति तस्य वचः श्रुत्वा, रुक्मिणी मूर्छिताभवत् । जगौ सा लब्धचैतन्या, तनय त्वं ब्रवीषि किं ?
तव माता पिता बंधुः, स्नेहिलः स्वजनः पुनः । विद्यारूपं च लावण्यं, यौवनं योषितो धनं ।।
न्यूना न कापि संपत्ति—र्वर्त्तते तव नंदन । ततः कथं परिव्रज्या—वार्तां करोषि सांप्रतं ।।३३।।
स जगाद ब्रवीषि त्वं यत्तज्जननि सुंदरं । कस्य कस्य भवस्यांबा, पिता च संस्मरिष्यते ।३४।
प्रोक्तं समस्तशास्त्रेऽपि, नीरागैरपि पारगैः । यावंति संति तोयानि, नदीषु च पयोधिषु ।३५।
स्तन्यपानानि तेभ्योऽप्य—धिकानि भमता मम । मातुर्जीवेन पीतानि, कानि कानि स्मराम्यहं ।
एकोदरसमुद्भूताः, स्नेहयुक्ताः सहोदराः । स्वार्थसंप्राप्त्यभावेन, तेऽपि विघटयंति च ।३७।
आत्मन्यैश्वर्यसंयुक्ते, मिलंति स्वजना अपि । तदभावे न कोऽपि स्या—द्भुवने स्वजनो निजः ।।
तावदेव स्फुरद्विद्या, तावद्रूपं मनोहरं । तावदेव च लावण्यं, यावत्पुण्यं पुरातनं ।।३९।।
पावनं तावदेवात्र, दृश्यते नयनद्वयैः । यावद्रोगजराग्रस्तं, शरीरं च नृणां भवेत् ।।४०।।
कामिन्यो नीचगामिन्यो, निम्नगावन्निरंतरं । मनोवचोवपुर्भिन्ना, तासु का प्रतिनिर्मितिः ।।
येन प्राज्योद्यमेनापि, द्रविणं समुपार्जितं । स्थिरं चेत्स्यान्न तस्यापि, क्रियते किं धनेन तत् ।।
यत्त्वयोक्तं समस्तापि, संपूर्णा संपदस्ति ते । तत्सत्यं तव महात्म्या—त्तथैव मम वर्त्तते ।।४३।।
किंच त्वदनुभावेन, रसा अष्टौ विलोकिताः । पुरतस्तव तान् वच्मि, त्वमनुक्रमतः शृणु ।।
विमुंचंत्याः कटाक्षेषून्, जयंत्या हरिणीं दृशः । यस्या रूपेण मुह्यंति, योगिनश्च सुरासुराः ।।
वदने च वपुःस्नेहे, पद्मसौरभ्यधारणात् । पद्मिनी यांगना सापि, भुक्ता शृंगारिता मया ।।
लंबोदरं वक्रगीवं, दीर्घहस्तक्रमान्वितं । दंतुरं भग्नकटिकं, भिल्लरूपं मया कृतं ।।४७।।
तेन रूपविधानेन, हास्याय भानुकन्यका । अपहृत्य समानीता, मयका तव सन्निधौ ।।४८।।
ये शेरते प्रसूनानां, शय्यायां भागिनो नराः । कांतालिंगनसंयुक्ता—स्तांबूलभक्षणाननाः ।४९।

रंकाः साधारणास्तेऽपि, पृथिव्यां प्रस्तरे क्वचित । करुणार्हा लभंते न, रात्रौ शयनमप्यहो ॥
प्रत्यक्षं देवलोकेन, समाना या समृद्धिभिः । अप्यस्या द्वारिकायाश्च, यदूनां च कुलक्षयः ॥
भविष्यति तदा कीदृग्, रौद्रं जननि ! दुस्सहं । कोलाहलैर्मनुष्याणां, रक्षरक्षेति जल्पतां ।५२।
सहस्रयोधिनो मर्त्या, भवंति लक्षयोधिन । दधाना हृद्यहंकारं, संग्रामे नाप्यपासरन् ।।५३।।
तदीयमभिमानित्वं, विज्ञेयं सकलं मुधा । दुःकर्मशात्रवा वीर-रसेन विजिता न तैः ।।५४।।
संसारे वसतां पुंसां, देहे रोगजरोत्थितं । धने च पृथ्वीनाथ-तस्कराणां भवेद्भयं ।।५५।।
एतेभ्योऽपि भवेद्रक्षा, कदाचित्पूर्वपुण्यतः । तथापि मृत्युतश्चित्तं, भयानकं प्रजायते ।५६।
परस्त्रीभिः समं लुब्धा, भवेयुर्ये नराधमाः । अतृप्ताः कामभोगेषु, यांति ते नरकं मृताः ।५७।
परमाधार्मिका दारै-र्भीमास्यैर्वह्निविग्नहैः । बीभत्सानि स्वरूपाणि, विधायालिंगयंति तान् ॥
अभव्यैरप्यवाप्यंत, ऐहिकानि सुखानि च । ततश्चित्रं न संसार-सुखभोगे शरीरिणां ।।५९।।
पुरीषमलमूत्राणां, भांडागारमिदं वपुः । अस्माच्चेत्साध्यते मोक्ष-सुखं तद्ध्यद्भुतं महत् ॥
सांसारिकाणि सौख्यान्यु-पायेन येन केनचित् । लभ्यंते मोक्षशर्माणि, न हि शांतरसं विना ॥
ततः स्तुवंतु मां केचि-न्निंदंतु कुट्टयंतु वा । निघ्नंतु लेष्टुभिश्चारु-चंदनेनार्चयंतु च ।।६२।।
तेषु हारेष्वहो पुष्प-शय्यायामुपले पुनः । तृणे स्त्रीणे रिपौ मित्रे, भवतात्समता मम ।६३।
सिद्धसंसिद्धये कायो-त्सर्गमाधाय कानने । स्थितस्य मे कदा वक्त्र-माघ्रास्यंति वने मृगाः ॥
इति शांतरसं मात-र्नवमं त्वत्प्रसादतः । प्रसाधयितुमिच्छामि, त्वमादेशं समर्पय ।।६५।।
इत्थं वैरंगिकं वाक्यं, समाकर्ण्य मनोभुवः । जनन्यप्यवदन्मोह-समन्विता स्वनंदनं ।।६६।।
त्वया तनय संसार-स्वरूपं यादृगीरितं । तादृगेवाहमप्येत-ज्जाने जिनवचःश्रुतेः ।।६७।।
किंतु पुत्रोपरि स्नेहः, कामिनीनां भवेन्महान् । अतो वच्म्यधुना दीक्षां, माग्रहीस्त्वं सयौवनः ॥
सर्वथैव कदाचिच्चे-त्प्रव्रजिष्यसि वल्लभ । तदाहमपि चारित्रं, ग्रहीष्यामि त्वया सह ।।६९।।
तवाधारेण संसारे, तिष्ठंत्यासमहं खलु । त्वमेव प्रव्रजेर्यर्हि, तदाधारो ममात्र कः ।।७०।।

પિતાને દુઃખી થયેલા જાણી પોતાના સ્થાને શાંબને મૂકીને પ્રદ્યુમ્ન માતા પાસે ગયો. માતા રૂકિમણીને વિનયપૂર્વક પ્રણામ કરી થોડી ક્ષણ રહીને, માતાને કહ્યું: 'માતા, ભગવાન નેમિનાથના વચનથી મારૂં મન વૈરાગી બન્યું છે, વિચક્ષણ એવી મારી મા, મને આજ્ઞા આપો, તો મારૂં ઇપ્સિત હું વિના વિલંબે કરૂં', પ્રદ્યુમ્નના ઉપર મુજબનાં શબ્દો સાંભળતાની સાથે જ રૂકિમણી મૂર્છા ખાઇને ભૂમિ પર પડી ગઇ. શીતલોપચારથી સ્વસ્થ થઈને રૂકિમણીએ કહ્યું :- 'બેટા, આ તું શું બોલે છે? સ્નેહાળ માતા, પિતા, બંધુ, સ્વજન, મિત્રો, વિદ્યા, રૂપ, લાવણ્ય, યૌવન, સુંદર સ્ત્રીઓ, ધન, સંપત્તિ આ બધું જ તારી પાસે છે. અને દેવકુમારો જેવા સુંદર તો તારે પુત્રો છે. એ સિવાય આ સંસારમાં તને કઈ વાતની ન્યૂનતા છે, કે જેથી તું દીક્ષા લેવાની વાત કરે છે?' ત્યારે પ્રદ્યુમ્ને માતાને સમજાવતા કહ્યું : 'માતા, તમે

જે જે વાત કહી તે બરાબર છે. પરંતુ હું કયા કયા ભવની માતાઓ અને કયા કયા ભવના પિતાઓને યાદ કરૂં ? તીર્થંકર ભગવંતોએ કહ્યું છે કે આ જગતમાં જેટલી નદીઓનાં પાણી અને જેટલા સમુદ્રના પાણી છે, એના કરતા પણ અધિક સંસારમાં ભ્રમણ કરતા જીવે માતાના સ્તનના દુધનું પાન કર્યું છે. તો મા, તું મને કહે, હું કઈ કઈ માતાને યાદ કરૂં ? એક જ માતાના ઉદરથી ઉત્પન્ન થયેલા સ્નેહયુક્ત સગા ભાઈઓ પણ પોતાના સ્વાર્થની પ્રાપ્તિ નહીં થવાથી ક્ષણમાત્રમાં તે દુશ્મન બની જાય છે. જ્યાં સુધી પોતાની પાસે ઐશ્વર્ય અને સંપત્તિ હોય છે ત્યાં સુધી જ સ્વજનો સ્વ-જનો રહે છે. તેના અભાવમાં બધાયે છોડીને ચાલ્યા જાય છે. વિદ્યા, મનોહર રૂપ, અને લાવણ્ય ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી પૂર્વના પુણ્યનો ઉદય છે, શરીરની સુંદરતા ત્યાં સુધી જ દેખાય છે કે જ્યાં સુધી આ શરીર રોગ અને જરાથી ગ્રસ્ત થયું નથી. કામિનીઓ નદીની જેમ નીચગામિની હોય છે. તેના મન, વચન અને કાયા જુદાજુદા રૂપે હોય છે. એવી સ્ત્રીઓ ઉપર કોણ પ્રીતિ કરે ? વળી ઘણાં પ્રયત્નથી ઉપાર્જન કરેલું ધન જો સ્થિર ના હોય તો એવા ધન અને સંપત્તિનું શું પ્રયોજન ? માતા, તેં જે કહ્યું કે તારી પાસે સંપૂર્ણ સંપત્તિ આદિ છે, તે તારી વાત બરાબર છે, તમારા પ્રભાવથી બધું જ મને મલ્યું છે. અને માતા, તારી કૃપાથી મેં નવે જાતના રસોનો અનુભવ કર્યો છે, તે રસોનું વર્ણન કરૂં તે તું સાંભળ.

**શૃંગાર રસ :**

જેના રૂપમાં યોગીઓ, દેવો અને અસુરો પણ મુગ્ધ બની જાય, એવી હરિણાક્ષી પત્નીઓ કે જેના મુખ અને શરીરમાંથી પદ્મ- સુવાસ નીરંતર મ્હેકી રહી છે. એવી પદ્મિની સ્ત્રીઓની સાથે મેં પાંચે ઇન્દ્રિઓના વિષયસુખોનો આકંઠ અનુભવ કર્યો છે.—આ પ્રમાણે જીવનમાં શૃંગારરસનો સારી રીતે અનુભવ કર્યો છે.

**હાસ્યરસ :**

મોટું લાંબુ પેટ, વાંકી ડોક, ચપટુ નાક, ટૂંકા હાથ-પગ, મોટા દાંત, પીળા કેશ, લાલ આંખો અને કાજળ જેવું શ્યામ શરીર, આવા પ્રકારનું હાસ્યાસ્પદ ભિલ્લરૂપ કરીને, ભાનુકુમારને આપેલી દુર્યોધનની રાજકન્યા— ઉદધિકુમારીનું અપહરણ કરીને તારી પાસે લાવ્યો હતો. આ રીતે હાસ્યરસનો પણ જીવનમાં અનુભવ કરી લીધો.

**કરૂણારસ**

જે ભોગીપુરૂષો તાંબૂલભક્ષણ કરીને કાંતાને આલિંગન આપીને પુષ્પની શય્યામાં સુએ છે, તેવા ભોગીપુરૂષોને પણ જ્યારે પાપદશા આવે છે ત્યારે રાત્રિમાં પણ સુવા માટે જમીનનો એક ટુકડો પણ મળતો નથી. અરે, સાક્ષાત્ સ્વર્ગપુરી સમાન સમૃદ્ધિશાલિની દ્વારિકાનગરી અને દેવકુમાર જેવા યાદવોનો જ્યારે નાશ થશે ત્યારે કેવું કરૂણાર્દ્ર વાતાવરણ સર્જાશે ? માતા, તેની હું કલ્પના કરૂં છું ત્યારે મારૂં હૃદય કરૂણાથી ભીંજાઇ જાય છે. આ પ્રમાણે કરૂણારસનો પણ અનુભવ કરી લીધો.

**રૌદ્રરસ**

માતા, જ્યારે દ્વારિકા સળગી રહી હશે ત્યારે ' બચાવો, બચાવો, બચાવો ' નો પોકાર

કરતા મનુષ્યોનો કોલાહલ કેવો ભયંકર અને દુઃસહ હશે? તેની કલ્પના કરતા હું રૌદ્રરસનો અનુભવ કરૂં છું.

**વીરરસ**

સહસ્ત્રયોધી અને લક્ષયોધી વીર સુભટો રણભૂમિમાં અહંકારથી હુંકારા કરતા વીરરસમાં મસ્ત બની, હજારો અને લાખો શત્રુઓનો પરાભવ કરે છે, પરંતુ જ્યારે તે વીર સુભટોને દુષ્કર્મરૂપી શત્રુ પરાજિત કરે છે ત્યાર તેના અહંકાર અને વીરરસ હવામાં ઉડી જાય છે. માતા, આ પ્રમાણે મેં પણ સંગ્રામમાં ઘણા વીરરસનો અનુભવ કર્યો, પરંતુ હવે દુષ્કર્મરૂપી શત્રુથી પરાજિત થવું નથી.

**ભયાનકરસ**

સંસારમાં વસતા મનુષ્યોના શરીરમાં રોગ અને જરાનો ભય છે, ધનમાં રાજાનો અને ચોર-ડાકૂનો ભય રહેલો છે. આ બધા ભયોનો કદાચ પૂર્વ પૂણ્યના ઉદયથી બચાવ થઈ શકે, પરંતુ મૃત્યુના ભયથી તો કોઈ પણ બચાવી શકે તેમ નથી. અને તે મૃત્યુ કયારે આવે તે કહી શકાય તેમ નથી. મૃત્યુ સામે આવીને ઉભું રહે ત્યારે જીવની કેવી ભયંકર અશરણદશા થાય, તેની કલ્પના કરૂં છું ને મા, મારાથી ધ્રૂજી જવાય છે.

**બિભત્સ રસ**

પરસ્ત્રીમાં લુબ્ધ બનેલા જે નરાધમો કામભોગોથી તૃપ્ત થતા નથી, તે મરીને નરકની ક્ષેત્રકૃત ઘોર યાતનાઓ ભોગવે છે અને પરમાધામીઓ તેઓને ભયંકર મુખવાળી અગ્નિથી તપાવેલી લોઢાની પુતળી સાથે આલિંગન કરાવે છે, ત્યારે તે લોકોના બિભત્સ સ્વરૂપનો વિચાર કરતા કંપારી છૂટે છે. આ પ્રમાણે માતા, હું બીભત્સરસનો કલ્પનાથી અનુભવ કરૂં છું.

**અદ્‌ભુતરસ :**

આ લોક અને પરલોકના ભૌતિક સુખો તો અભવ્ય જીવોને પણ પ્રાપ્ત થાય છે. તેથી સાંસારિક સુખભોગોમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. પરંતુ મલ, મૂત્ર અને વિષ્ટાના ભંડાર સ્વરૂપ આ ઔદારિક શરીરથી મોક્ષસુખ માટેની સાધના કરી લેવાય, તે જ ખરેખર અદ્‌ભુતમાં અદ્‌ભુત આશ્ચર્ય છે!

**શાંતરસ :**

સાંસારિક સુખો તો કોઈને કોઇ ઉપાયે પ્રાપ્ત થાય છે, પરંતુ મોક્ષસુખ તો જીવને શાંત-રસ વિના કયારે પણ પ્રાપ્ત થતું નથી. તે શાંતરસ—'કોઇ મારી સ્તુતિ કરો કે નિંદા કરો. કોઇ મુક્કા મારીને કૂટો કે પત્થરના ટુકડાથી મારો. શરીર ઉપર કોઇ ચંદનનો લેપ કરો કે વિષ્ટા લગાડો. કોઈ પુષ્પોના હાર પહેરાવો કે ખાસડાનો હાર પહેરાવો, પુષ્પોની શય્યામાં સુવાનું મળે કે પત્થરની ધગધગતી શિલા પર શયન કરવાનું મળે, તૃણ હોય કે મણી હોય, સુવર્ણ હોય કે માટીનું ઢેકું હોય, શત્રુ હોય કે મિત્ર હોય, તે બધામાં જીવનો સમભાવ રહે તે જ ખરેખર શાંતરસ છે.

માતા, ઉપર કહેલા આઠે રસોનો તો મેં આપની કૃપાથી અનુભવ કરી લીધો છે, પરંતુ ભગવંતે કહેલા નવમા શાંતરસને તમારા પ્રસાદથી સાધવા માટે મારૂં મન તડપી રહ્યું છે.

મને એવી એવી ભાવનાઓ થાય છે કે મુક્તિની સિદ્ધિ માટે હું જંગલમાં જઈને કાયોત્સર્ગ-ધ્યાને રહું અને પરમાત્મ-ધ્યાનમાં લીન બનેલા મારૂં મુખ મૃગલાઓ સૂંઘે, હિંસક પશુઓ મારા શરીરના હાડમાંસ ખાય, છતાં હું ધ્યાનમાં નિશ્ચલ રહી ક્ષપકશ્રેણી માંડી, ઘાતીકર્મોનો ક્ષય કરી, કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરી, અખંડ અવિચલ શાશ્વત એવા મહાનંદ પદને પ્રાપ્ત કરૂં. આવી મારી ઉચ્ચ ભાવનાને સફલ કરવા માટે મા, મને આદેશ આપો!' પ્રદ્યુમ્નનાં વૈરાગ્યપૂર્ણ વચન સાંભળીને સ્નેહાર્દ્ર બનેલી રૂકમણીએ કહ્યું:–'પુત્ર, તેં જે સંસારનું સ્વરૂપ બતાવ્યું તે હું પણ ભગવંતના વચનથી જાણું છું. પરંતુ સંસારમાં સ્ત્રીઓને પુત્ર ઉપર ઘણો સ્નેહ હોય છે. આથી તને કહું છું કે બેટા, તું આ ઉંમરમાં (યૌવનવયમાં) દીક્ષા ના લે. તેમ છતાં તું બલાત્કારે દીક્ષા લઈશ તો હું પણ તારી સાથે ચારિત્ર ગ્રહણ કરીશ. તારા આધારે તો હું આ સંસારમા બેઠી છું. તું દીક્ષા ગ્રહણ કરે તો મારો આધાર કોણ? માટે હજુ કહું છું કે માની જા! તારો આગ્રહ જતો કર. તારા સિવાય ગૃહવાસમાં હું એક ક્ષણ પણ રહી શકીશ નહી.'

इति श्रुत्वा जनन्युक्तं, प्रद्युम्नो हृष्टमानसः । गत्वांतःपुरमात्मीयं. मृगेक्षणा न्यवीवदत् ।।
भवंतीभिः समं भोगा, मया भुक्तास्त्वनेकधा । अथाहं भवभोगेभ्यः, संजातोऽस्मि पराङ्मुखः ।
स्वर्लोकेऽनेन जीवेन, भोगा हृदयवांछिताः । भुक्ताः सत्रा सुरस्त्रीभि–स्तृप्तस्तथापि नाभवत् ।
मनुष्येष्वपि तिर्यक्षु, नरकेष्वपि दुःखिषु । न भोगा दुर्लभा एते, जीवस्य भववर्तिनः ।।७४।।
चतसृष्वपि गतिषु, जीवस्य भ्रमतः सतः । ऐश्वर्यभोगसामग्री, दुर्लभा न प्रवर्त्तते ।।७५।।
मानुष्ये प्रभुता कांता–योगेऽपि यच्च दुर्लभं । तद्दीक्षारत्नमादातु–मुत्साहो मम वर्त्तते ।।७६।।
युष्माकमाज्ञया पूर्ण, उत्पन्नः स भवेन्मम । ततो यूयं प्रदत्ताज्ञां, पूर्णीकरोमि तं यथा ।।७७।।
पत्युर्वचनमाकर्ण्य, काचिद्वैराग्यसंमदं । काचिच्च दुःखमाधत्तौ–दासीन्यं काचिदप्यलं ।।७८।।
विलपंत्यो विमुंचंत्यो–निःश्वासान् विततान् मुखात् ।
जगुर्गद्गदया वाच्या, ततो रत्नादिकाःस्त्रियः ।।७९।।
प्राणनाथ भवेयुर्या, योषितः सुकुलोद्भवाः । तासां रमण एव स्या–द्दैवतं परमं खलु ।।८०।।
भोक्ष्यसे त्वं महाभोगान्, संसारे संस्थितो यदि । तदा वयमपि स्वामि–न्नेता भोक्ष्यामहे त्वया ।
पतिव्रतप्रयुक्ताना–मस्माकं गुणचेतसां । तव सौख्ये महासौख्यं, दुखे दुखं भवत्वथ ।।८३।।
चेद्ग्रहीष्यसि चारित्रं, तदा वयमपि प्रभो । त्वया सार्धं ग्रहीष्याम–स्तत्कर्मप्रविनाशनं ।८४।

માતાએ પણ સાથે સંયમ ગ્રહણ કરવાની વાત કહેવાથી, હર્ષિત થયેલા પ્રદ્યુમ્નકુમારે પોતાના અંતઃપુરમાં જઈને મૃગનયના પોતાની પત્નીઓને કહ્યું:–'પ્રિયે, મેં તમારા બધાની સાથે અનેક પ્રકારના ભોગસુખ ભોગવ્યાં છે. હવે એ ભોગસુખોથી મારૂં મન પરાઙ્‌-મુખ થઇ ગયું છે. સ્વર્ગલોકમાં પણ આ જીવે દેવાંગનાઓની સાથે અનેક વખત ઇપ્સિત ભોગસુખો ભોગવ્યાં, છતાં તેનાથી તૃપ્તિ થઇ નહી. મનુષ્ય અને તિર્યંચ પશુઓના ભવમાં પણ આ જીવે અસંખ્ય ભોગસુખો ભોગવ્યાં, છતાં જીવ વિષયોનો કીડો બનીને તેમાં મચ્યો રહ્યો. તેવી જ રીતે ભવ-ચક્રમાં ફરતાં નરકની ઘોર યાતનાઓ પણ અસંખ્ય અને અનંત વખત ભોગવી. આ રીતે ચારે

ગતિમાં ભમતા જીવને ઐશ્વર્ય અને ભોગસામગ્રી અનંત–અનંત વખત પ્રાપ્ત થઈ. એવી જ રીતે આ ભવમાં પણ તમારા જેવી રૂપસુંદરીઓ મળી અને ભોગસુખમાં લીન બની ગયો. ચારે ગતિમાં ભોગસુખો દુર્લભ નથી, એ તો સહેલાઈથી મળી જાય છે, પરંતુ દુર્લભમાં દુર્લભ બોધિ-રત્ન છે અને ભગવંતે કહેલો સંયમધર્મ છે. માટે એવા દુર્લભ ચારિત્રરત્નને લેવા માટે મારૂં મન ઉત્સાહિત થયું છે. જો તમારી આજ્ઞા હોય તો મારો મનોરથ પૂર્ણ થાય.તેથી તમે આનંદ-પૂર્વક મને દીક્ષા ગ્રહણ કરવાની આજ્ઞા આપીને, મારૂં ઇચ્છિત સફલ બનાવો.'

પતિનાં વૈરાગ્યપૂર્ણ વચન સાંભળીને રતિકુમારી આદિ કેટલીક સ્ત્રીઓ દુઃખી થઇને મૌન રહી, કેટલીક ઉદાસ બની ગઇ, કેટલીક નિસાસા નાખવા લાગી, અને કેટલીક વિલાપ કરતી ગદ્‌ગદ્ વાણીથી પતિને વિનવવા લાગી. 'પ્રાણનાથ, જે સ્ત્રીઓ કુલવાન છે–સુકુલમાં ઉત્પન્ન થઈ છે, તેના માટે તો પતિ જ પરમેશ્વર છે. માટે સ્વામિન્, હજુ આપણો યૌવનકાળ છે. ભર્યો ભર્યો વૈભવ, સંપત્તિ બધુ જ આપણી પાસે છે, તો આપની ઇચ્છા હોય તો હમણાં નહીં પરંતુ વૃદ્ધાવસ્થામાં આપણે સૌ સાથે સંયમ લઇશું. આપ સંસારમાં રહેશો તો અમે આપની સાથે વિષયસુખ ભોગવીશું તેમ છતાં જો આપનું મન ઉદ્વિગ્ન થતું હોય તો અમારો પતિવ્રતા સ્ત્રીઓનો એક જ ધર્મ છે કે 'આપના સુખમાં અમે સુખી, આપના દુઃખમાં અમે દુઃખી. પ્રભુ, આપ જો ચારિત્રના પંથે જશો તો અમે પણ આપની સાથે કર્મવિનાશક એવા ચારિત્ર-માર્ગે આવીશું.'

**इति स्त्रीणां निशम्योक्ति, प्रद्युम्नो ह्लादमेदुरः । बाल्येऽपि सहचारीणि, सांबमित्राणि चावदत् ।**
**अहो भ्रातर्वयस्या भो, बालत्वकृतकेलयः ।। युष्माभिः सह बाल्वेऽपि,बिनोदा विहिता मया ।।**
**तेष्वपि क्रियमाणेष्व–पराधो यो मया कृतः । क्षंतव्यः स भवद्भिर्मे, चारित्रादानचेतसः ।८७।**
**संसारे भ्रमतोऽभूवन्, जीवस्यास्य सहोदराः । वहवः सुहृदो दारा, मोक्षोऽभून्न कदाचन ।८८।**
**युष्माभिरपि तत्क्षिप्र–मादेशो दीयतां मम । बंधुमित्रेषु युष्मासु, साधयामि यथा शिवं ।।८९।।**
**इत्युक्ते बंधुमित्राणि, प्रजजल्पुः सहोदर । इयंतं समयं यावत्, क्रीडा कृता त्वया समं ।।९०।।**
**अथ किं त्वां विना गेहे, तिष्ठामो निरधीश्वराः । बांधव प्रव्रजिष्याम–स्ततो वयमपि त्वया ।।**

પત્નીઓનું વચન સાંભળીને પ્રદ્યુમ્ન અત્યંત હર્ષિત બન્યો. તેણે શાંબ આદિ બંધુઓ અને બાલમિત્રોની પાસે જઈને કહ્યું :- 'અહો બંધુઓ અને મિત્રો, આપણે બધા સાથે બાલ્ય-કાળથી ઘણી રમતો રમ્યા, અનેક ક્રીડાઓ કરી, અનેક જાતના હાસ્ય–વિનોદ અને કુતૂહલો કર્યાં. એ બધુ કરતાં મારાથી તમારો કોઇનો કંઈ પણ અપરાધ થયો હોય, તે બધાની ક્ષમા માગુ છું. મારૂં મન સંયમ લેવા માટે ઉત્સુક થઇ ગયુ છે. સંસારચક્રમાં ભમતા આ જીવને મિત્રો, બંધુઓ અને સ્ત્રીઓ આદિ બધું મળ્યું, પરંતુ એક મોક્ષ ના મળ્યો, તો તમે બધા મને જલ્દીથી આદેશ આપો, જેથી હું સંયમ ગ્રહણ કરી શિવસુખને સાધું.' પ્રદ્યુમ્નનું કથન સાંભળીને બંધુઓ અને મિત્રોએ કહ્યું :– 'અરે ભ્રાતા, આટલો સમય તમારી સાથે રહીને ક્રીડાઓ કરી, રમ્યા અને હાસ્યવિનોદ કર્યાં. તો તમારા વિના અમે ઘરમાં કેવી રીતે રહી શકીએ ? અમને નિરાધાર મૂકીને તમારાથી ના જવાય. તમે અમને સાથે લઇ જાવ. બંધુ, તમે સંયમ લેશો તો અમે પણ તમારી સાથે જ સંયમ ગ્રહણ કરીશું.'

सहोदरसुहृद्वाक्य–मित्थमाकर्ण्य मन्मथः । तर्जनन्या च कांताभिः, समारुरोह हस्तिन ।९२।
रुक्मिणीमस्तुवन् केचित् केचित्तदा नरायणं । प्रद्युम्नसांबमित्राणि, स्त्रियः केचिच्च नेमिनं ।।
सा धन्या जननी यस्याः, कुक्षिजः सुत ईदृशः । धन्यः स पद्मनाभोऽपि, यस्य वंशः प्रदीपकः ।।
धन्यः सांबकुमारोऽपि, यस्तस्य सहचार्यभूत् । धन्यानि तानि मित्राणि, यैर्मैत्री प्रतिपालिता ।।
एता धन्याः स्त्रियो रूप–लावण्यर्द्धिसमन्विताः । सम्यक् पतिव्रताधर्म–पालका अभवंश्च याः ।
धन्यो नेमिजिनो येन, त्रैलोक्योत्तापकारकः । सुधामधुरया वाण्या, प्रद्युम्नोऽपि प्रबोधितः ।।
अयं धन्यः कुमारोऽपि, विनोदान् परिहृत्य यः । कैवल्यसाधनायाभू–त्तारुण्येऽपि समुद्यतः ।।
द्वारिकानरनारीभिः, स्तुत्येति क्रियमाणया । ददद्दानं महद्धर्षैः, प्रद्युम्नः प्राप नेमिनं ।।९९।।
नत्वा प्रदक्षिणाभिः स, श्रीनेमिनं व्यजिज्ञपत् । भवोद्विग्नस्य मे देहि, चारित्रं निजपाणिना ।
दुःखितानामनाथानां, धर्मिणां पापिनां नृणां । त्वमेव वर्त्तसे नाथ, संसारात्तारणक्षमः ।।१।।
ततः श्रीनेमिनाथेन, तेषां दीक्षा समर्पिता । स्वजन्मन्यमन्यंत, सर्वेऽपि ते कृतार्थतां ।।२।।
रुक्मिण्या जांबवत्या च, गृहितः संयमो यदा । तदोपाददिरे प्राज्या, अपि तद्यादवांगनाः ।।

આ પ્રમાણે માતા, પત્નીઓ, બંધુઓ અને મિત્રોની અનુમતિ મેળવી પ્રદ્યુમ્ને પોતાના પિતા કૃષ્ણ પાસે જઈ નમસ્કાર કરી પોતાની સાથે સંયમ લેવા માટે ઉત્સુક થયેલી માતા, પત્નીઓ, બંધુ અને મિત્રોની વાત કરી. સાંભળીને દુઃખી થયા છતાં જિનેશ્વર ભગવંતનાં વચનોને આત્મસાત્ કરનારા સમયકત્વધારી કૃષ્ણે પ્રદ્યુમ્નકુમાર આદિની દીક્ષાનો મહામહોત્સવ કરાવ્યો, અને દ્વારિકાનગરીમાં ઉદ્ઘોષણા કરાવી કે, 'જે કોઈને પણ નેમિનાથ ભગવંતની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરવી હોય, તેનો દીક્ષા મહોત્સવ રાજ્ય તરફથી થશે અને તેના કુટુંબની આર્થિક જવાબદારી રાજ્ય ઉપાડી લેશે.' આ પ્રમાણે ઉદ્ઘોષણા કરાવી કૃષ્ણે શાંબ–પ્રદ્યુમ્ન આદિ કુમારો, રૂકિમણી, જાંબવતી આદિ પટ્ટરાણીઓ, રતિકુમારી આદિ પ્રદ્યુમ્નની પત્નીઓ તેમજ બીજા પણ નગરવાસી સ્ત્રી–પુરૂષોને મહામહોત્સવપૂર્વક પોતે વિદાય આપી. માતા અને પત્નીઓની સાથે હસ્તિ ઉપર આરૂઢ થયેલા પ્રદ્યુમ્નકુમાર, શાંબ આદિ મિત્રો તેમજ બીજા કરોડો યાદવ સ્ત્રી-પુરૂષો હાથી, ઘોડા, રથ, શિબિકા આદિ જુદા જુદા વાહનોમાં બેસીને વરસીદાન દેતા ચારિત્ર-ગ્રહણ કરવા માટે, દ્વારિકામાંથી નીકળી સહસ્ત્રામ્રવનમાં ભગવાન નેમિનાથ પાસે ગયા, જ્યારે શાંબ–પ્રદ્યુમ્ન આદિનો વરઘોડો દ્વારિકામાંથી પસાર થયો, ત્યારે કેટલાક લોકો રૂકિમણીની, કેટલાક કૃષ્ણની, કેટલાક શાંબ-પ્રદ્યુમ્ન આદિ મિત્રોના તો કેટલાક શાંબ-પ્રદ્યુમ્નની પત્નીઓની પ્રશંસા કરતા હતા. કેટલીક સ્ત્રીઓ ભગવાન નેમિનાથની સ્તુતિ કરતી હતી, કેટલીક સ્ત્રીઓ હર્ષનાં આંસુ સારતી બોલતી હતી: 'ધન્ય છે તે માતાને કે જેની કુક્ષીમાં આવો પુત્રરત્ન ઉત્પન્ન થયો. ધન્ય છે કૃષ્ણને કે જેના વંશમાં આવો કુલદીપક પેદા થયો. ધન્ય છે શાંબકુમારને કે જેને આવો પ્રદ્યુમ્ન જેવો બંધુ સહચારી બન્યો. ધન્ય છે પ્રદ્યુમ્નના મિત્રોને કે જેઓએ મિત્ર ધર્મનું બરાબર પાલન કર્યું. ધન્ય છે રૂપ સૌંદર્યવતી પ્રદ્યુમ્નની પત્નીઓને કે જેઓએ પતિ-

વ્રતા ધર્મનું સાંગોપાંગ પાલન કર્યું. ધન્ય છે ભગવાન નેમિનાથને કે જેઓએ ત્રણે લોકના સંતાપને દૂર કરી, સુધા સમાન મધુરી વાણીથી પ્રદ્યુમ્ન જેવા કુમારોને પ્રતિબોધ કર્યો. તેમાંયે સહુથી ધન્યાતિધન્ય છે પ્રદ્યુમ્નકુમારને, કે જેણે રાજઋદ્ધિ, સંપત્તિ, વૈભવ, ઐશ્વર્ય તેમજ વિનોદ અને કુતૂહલોનો ત્યાગ કરી, યૌવનવયમાં કૈવલ્યની પ્રાપ્તિ માટે ચારિત્ર લેવા ઉત્સુક બન્યો.' આ પ્રમાણે દ્વારિકાવાસી સ્ત્રીપુરૂષોથી સ્તુતિ કરાતા, વરસીદાન દેતા હર્ષપૂર્વક પરિવાર-સહિત પ્રદ્યુમ્નકુમાર ભગવાન નેમિનાથ પાસે આવ્યા. ભગવાનને નમસ્કાર કરી, ત્રણ પ્રદક્ષિણા દઈ, પ્રદ્યુમ્નકુમારે વિજ્ઞપ્તિ કરી :- 'ભગવંત, સંસારથી ઉદ્વિગ્ન બનેલા એવા મને અને આ બધાને આપના સ્વહસ્તે ચારિત્રરત્ન અર્પણ કરો. દુ:ખી, અનાથ અને પાપી આત્માઓને હે નાથ, આપ સંસાર-સમુદ્રમાંથી તારવા માટે સમર્થ છો, તો અમારો બધાનો હાથ પકડી અમને સંસારસમુદ્રથી પાર ઉતારો.' ત્યાર પછી ભગવાન નેમિનાથે પોતાના સ્વહસ્તે તે બધાને વિધિ-પૂર્વક દીક્ષા પ્રદાન કરી. દીક્ષિત થયેલા સહુ પોતાના જન્મને કૃતાર્થ માનવા લાગ્યા. રૂકિમણી અને જાંબવતીની સાથે બીજી પણ કૃષ્ણની રાણીઓએ તેમજ હજારો યાદવસ્ત્રીઓએ સંયમધર્મ અંગીકાર કર્યો.

पप्रच्छ पद्मनाभोऽथ, त्रिकालविज्जिनेश्वरं । कदा द्वारवतीदाहं, द्वैपायनः करिष्यति ।।४।।
बभाण भगवान्नेमि-द्वादशे हायने हरे । द्वारिकां ज्वालयिष्यत्य-सौ प्रकोपप्रपूरितः ।।५।।
प्रभोर्वाक्यं निशम्येति, चिंतयामास केशवः । अधन्योऽहमपुण्योऽहं, गृहवासे स्थितोऽस्मि चेत्।।
धन्याः समुद्रविजया- दिका वृद्धाश्च बांधवाः । सुताः कांता ममान्येऽपि, भूपाला यादवांगनाः ।
दुरात्मा बहुसंसारो, लुब्धो वैषयिके सुखे । वर्तेऽहं येन चारित्र-ग्रहणेऽपि न मे मनः ।।८।।
इति खेदं प्रकुर्वाणं, विज्ञाय मधुसूदनं । प्रजजल्प जिनो नेमि--र्माकार्षीः खेदमच्युतः ।।९।।
भवेयुर्वासुदेवा ये, न तेषां तत्र जन्मनि । दीक्षा भवेद्यतस्ते स्यु--र्निदानेन समन्विताः ।१०।
अवश्यं ते मृता यांति, निदानान्नरकावनौ । तद्वालुकाप्रभां विष्णो, मृत्वा त्वमपि यास्यसि ।।
दधानमपि माधुर्य-माकर्ण्य नेमिभाषितं । प्राज्यं प्रथमतो दुःख--मवाप मधुसूदनः ।।१२।।
तदार्हन् पुनरप्यूचे, मा विषीद जनार्दनः । भविष्यस्यत्र भरते, द्वादशस्त्वं तु तीर्थपः ।।१३।।
ब्रह्मलोके सुरो भावी, बलदेव इतो मृतः । ततश्च्युत्वा पुमानेव, ततोऽपि त्रिदशः पुनः ।१४।
ततोऽपि च मनुष्यत्व--माप्य तीर्थे तवाच्युत । कर्माणि तपसा क्षित्वा, महानंदमवाप्स्यति ।।
उक्त्वेति पद्मनाभस्य, विजह्रेऽन्यत्र पारगः । कृष्णोऽपि तन्नतिं कृत्वा, द्वारवत्यां समाययौ ।

ઉદાસ બનેલા કૃષ્ણે નેમિજીનેશ્વરને પૂછ્યું :-'પ્રભો, દ્વારિકાનો નાશ દ્વૈપાયન ક્યારે કરશે ?' ભગવંતે કહ્યું :- 'કૃષ્ણ, આજથી બારમે વર્ષે ક્રોધાકુલ બનેલો દ્વૈપાયન દ્વારિકાને ભસ્મીભૂત કરશે.' પ્રભુનું વચન સાંભળીને હતાશ બનેલા કૃષ્ણ ચિંતન કરવા લાગ્યા :- 'હું કેવો અધન્ય અને નિષ્પુણ્ય છું કે ઘરવાસમાં બેસી રહ્યો છું. ધન્ય છે સમુદ્રવિજય આદિ વડીલોને, ધન્ય છે બંધુઓને, તેમજ ધન્ય છે રૂકિમણી આદિ મારી કાંતાઓને, અને ધન્ય છે પ્રદ્યુમ્ન આદિ કુમા-રોને, તેમજ રાજાઓ અને યાદવોને કે જેઓ ભોગસુખોને તૃણની જેમ ઠુકરાવી પ્રભુના પંથે

વિચરી રહ્યા છે. હું દુરાત્મા, બહુલસંસારી કે જે વિષયસુખમાં લુબ્ધ બની સંસારમાં ચોંટી રહ્યો છું. મારૂં મન ચારિત્ર લેવા માટે કેમ તૈયાર થતું નથી ?' આ પ્રમાણે ખેદ કરતા કૃષ્ણને જોઈને ભગવાન નેમિનાથે મધુર વચનથી કહ્યું :- 'કૃષ્ણ, તમે ખેદ ના કરો. જે વાસુદેવો હોય છે, તે પૂર્વજન્મમાં નિદાન ( નિયાણું ) કરીને આવ્યા હોય છે. તેથી વાસુદેવના ભવમાં તેઓ સંસાર ત્યાગ કરી શકતા નથી. તેથી તેઓ મરીને અવશ્ય નરકમાં જાય છે. વિષ્ણુ, તમે પણ મરીને 'વાલુકાપ્રભા' નામની ત્રીજી નરકમાં જશો.' ભગવંતનું વચન સાંભળીને કૃષ્ણને અત્યંત દુઃખ થયું. ત્યારે ભગવંતે ફરીથી કહ્યું :- 'કૃષ્ણ, તમે વિષાદ ના કરો. આ ભરત ક્ષેત્રમાં આવતી ચોવીસીમાં તમે **બારમા અમમ નામના તીર્થંકર થશો.'** બલભદ્ર અહીંથી મરીને બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મનુષ્ય થશે. ત્યાંથી મરી દેવલોકમાં દેવરૂપે થશે. અને ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ પામી તમારા જ ( બારમા તીર્થંકરના ) તીર્થમાં તપવડે કર્મનો ક્ષય કરી મોક્ષગતિને પામશે.' આ પ્રમાણે કૃષ્ણને ભવિષ્યવાણી કહીને ભગવાન શ્રીનેમિનાથ પરિવાર સહિત અન્યત્ર વિહાર કરી ગયા, અને કૃષ્ણ પણ નમસ્કાર કરીને ઉદાસીનભાવે દ્વારિકા નગરીમાં આવ્યા.

**जानन्नैश्वयिकीं वार्त्ता—मविषादोऽपि माधवः । द्वारवत्यां पुनर्भूत्यै—रुद्घोषणामकारयत् ।।**
**नैयत्यान्नगरीदाहो, द्वादशाब्दे भविष्यति । अतो धर्मैककर्त्तव्ये, प्रवर्तव्यं सुखार्थिभिः ।।१८।।**
**तदुद्घोषणमाकर्ण्य,लोकाः सुखाभिलाषिणः । आचाम्लादितपोधर्मे प्रावर्तंत भयातुराः ।।**
**ततो द्वैपायनो मृत्वा, बभूवाग्निकुमारकः । विभंगज्ञानतस्तत्र, स्मरन् प्राग्वैरमाययौ ।।२०।।**
**देवपूजातपोदान—व्रतयात्राक्रियादिषु । धर्मकर्मसु तत्रासौ, निरतं जनमैक्षत ।।२१।।**
**धर्मकर्त्तव्यमाहात्म्या—च्छलं विलोकयन्नपि । स दुष्टात्मावकाशं न, कथमप्युपलब्धवान् ।।**
**द्वादशे हायने पूर्णे, जाते तत्र निवासिनः । अजानन् मनुजाः क्वापि, क्षयं गतः स तापसः ।।**
**अथ क्रीडां वयं कुर्मो, यथेच्छमिति नागराः । चिंतयंतोऽभवन्मद्य—पानादिरसिका भृशं ।२४।**
**ततः पातकिना तेना—प्यवाप्यावसरं निजं । उत्पाता विविधा व्यक्तो—श्चक्रिरे तत्र दुस्सहाः ।।**

નિયતિ અને ભગવંતની સત્ય વાણીને જાણતા છતાં કૃષ્ણે દ્વારિકા નગરીમાં ફરીથી ઉદ્ઘોષણા કરાવી :- 'આજથી બારમે વર્ષે દ્વારિકાનો દાહ નિશ્ચિત છે, તેથી સુખાર્થીઓએ ધર્મકાર્યમાં રક્ત બનવું.' આ પ્રમાણેની ઉદ્ઘોષણા સાંભળીને સુખના અભિલાષી અને ભયથી વિહ્વલ બની ગયેલા લોકો આયંબિલ આદિ તપધર્મમાં વિશેષ પ્રવૃત્તિ કરનારા થયા. દ્વૈપાયન નિદાન-પૂર્વક ત્યાંથી મરીને અગ્નિકુમાર નિકાયમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાની સાથે વિભંગ-જ્ઞાનથી પોતાના પૂર્વજન્મનું મરણનું કારણ જાણીને પૂર્વનો વૈરભાવ જાગ્રત થયો. તે દેવ દ્વારિકા નગરીમાં આવ્યો. ત્યાં તપ, જપ, દેવપૂજા, દાન, વ્રત, પચ્ચખ્ખાણ, યાત્રા આદિ ધર્મક્રિયામાં સતત લીન થયેલા દ્વારિકાના લોકોને જોયા. એ છિદ્રને જોતો રહ્યો, પરંતુ ધર્મકાર્યના પ્રભાવથી તે દુષ્ટાત્માને કોઇ અવકાશ મલ્યો નહી. એમ કરતાં અનુક્રમે બાર વર્ષ પૂર્ણ થતાં દ્વારિકાવાસી લોકો અજ્ઞાનતાથી સમજ્યા કે 'હવે એ તાપસ તો કયાંય ગયો હશે! એનો તો નાશ થઈ ગયો. આપણે હવે તપ જપ આદિ ધર્મ કરવાની કંઇ જરૂર નથી. હવે તો ખાવ, પીઓ ને

મોજ મજા કરો. ઉદ્યાન આદિમાં યથેષ્ઠ ક્રીડા કરીએ.' આ પ્રમાણે અજ્ઞાનદશાથી વિચારતા દ્વારિકાવાસીઓ મદિરાપાન આદિ સાતે વ્યસનોમાં લીન બની ગયા. ત્યારે પાપાત્મા દ્વૈપાયનદેવે અવસર પામીને, દ્વારિકામાં પહેલા અનેક પ્રકારના દુઃસ્સહ ઉત્પાતો કર્યા.

उल्कापातस्त्रियामायां, म्लाना नक्षत्रराशयः । विद्युत्पात इवांगार–वृष्टिस्तेभ्योऽप्यजायत ।।
दृग्भ्रांत्यैक्षतं तत्रत्याः, क्षीणंतेजोऽर्कचंडयोः । स्वयमेवापतन् शृंगा–ण्यात्मप्रासादगानि च ।।
भयंकरोट्टहासोऽपि, काष्ठाचतुष्टयोत्थितः । अश्रूयत जनै रात्रौ, निद्राभंगविधायकः ।।२८।।
फेत्कारधूकशब्दानां, श्रवणं पूर्वमश्रुतं । दिग्दाहो भूमिकंपश्च, मानसोद्वेगकारकणंः ।।२९।।
पाषाणोल्लिखितानां च, पुत्रकाणां प्रदर्शनं । वेतालशाकिनीभूता–दिभिर्युक्तोऽसुरोऽभ्रमत् ।।
उत्पेदिरे यथा पुण्या–च्छीरचक्रादिकानि च । रत्नानि हलिनो विष्णो–र्नेशुस्तान्यघतस्तथा ।।
विचकाराथ वातं स, संवर्तः स्पर्शतः खरं । एकत्र सर्वतस्तेन, तृणकाष्टान्यमेलयन् ।।३२।।
पुरोबाह्येऽपि येऽभूवं–स्तृणकाष्टमहीरुहः । तानप्यानीय तत्रैव, प्रचिक्षेपासुरोऽधमः ।३३।
यादवानां ततः षष्टि–कुलकोटीर्बहिः स्थिता । मध्ये द्वासप्तति पिंडी–कृत्य सोऽग्निमदीपयत ।।
यत्र तत्र गतं मर्त्यं, यथा यमो न मुंचति । पावकोऽपि प्रणश्यंत–मपि पौरं तथाग्रहीत् ।३५।
धगधगिति शब्देन, त्रटत्कारेण भीषणः । ज्वालाभिरुद्यतो वह्नि–रिव ज्वालयितुं जगत् ।।
कल्पांतकालसंकाशा, ज्वाला मुंचन् धनंजयः । कोऽपि मा नश्यतादेव, धूमध्वांतमिव व्यधात् ।
देवकीवसुदेवाख्यौ, रोहिण्यपि निजांगजौ । ज्वलज्ज्वलनतापेन, निपीडिता अवीवदन् ।३७।
द्वाभ्यामेव युवाभ्यां चा–क्षौहिण्यो बहवो जिताः । सांप्रतं गोप्यते सौवं, बलं कथं बलाच्युतौ ।।
दुःखमस्माकमैक्षेथां, युवां पूर्वं मनागपि । कथनेन विनै वैत–द्युवाभ्यां तु निराकृतं ।३९।
संप्रत्यसहमानोऽस्मां–स्तापो निपीडयत्ययं । तथापि न युवां सारां, कुरुतः क्व गतो सुतौ ।।
पित्रोरिति वचः श्रुत्वा, दुःश्रव्यं दुःखगर्भितं । समारोपयतां राम–माधवौ तौ निजं रथं ।।
तावद्वाहयतां याव–त्तावत्तस्यैव वाजिनः । यंत्रिता असुरेणाशु, मंत्रेण मनुजा इव ।।४२।।
द्वाभ्यामपि सगर्वाभ्यां, स्वयमुत्पाटितो रथः । तदा तस्य युगं भग्नं, धनुर्भंग इवाहवे ।४३।
पित्रो रक्षार्थमात्मोय–बलेनैवाथ सोद्यमौ । आनयामासतू राम–माधवौ तं प्रतोलिकां ।४४।
हा रक्ष बलदेव त्वं, हा रक्ष त्वं जनार्दन । दहामो वयमित्यासी–द्रुदनं परितो नृणां ।।४५।।
कपाटौ तस्य रामेणा, भंक्त्वा दक्षिणपार्ष्णिना । भुजाभ्यां वेष्टितः पुर्याः, स्यंदनः कर्षितो बहिः ।
तदा साक्षत्प्रकारेण, दुष्टोऽसुरो जजल्प सः । बलकृष्णावयं मोहः, क्रियते किं विडंबकः ।।
पूर्वमेव मया प्रोक्तं, समस्ति युवयोः पुरः । अस्यां पुर्यां विमोक्ष्यामि, युवां विना न कंचन ।।
एतदर्थमेव मया, विक्रीतं सकलं तपः ! निष्फलं तन्निदानं किं, भविष्यति भवद्बलात् ।।
इत्युक्ते तेन पापेन, पितरौ प्रजजल्पतुः । युवाभ्यां तद् भवद्भ्यां तु, जीवंतु यदुवंशजाः ।५०।

**अस्मदर्थं युवाभ्यां तु, प्रयत्नो जनितो महान् । तथापि मुच्यते मास्मान्, दुसाध्या भवितव्यता ।**
**यदि प्रथममस्माभिः, श्रीनेमिक्रमसन्निधौ । नाददे संयमः कर्म—फलं भोक्ष्यामहे तदा ।।५२।।**
**इत्युक्तेऽपि न गच्छेतां, यावत्तौ सोरिशार्ङ्गिणौ । अश्रुपातं प्रकुर्वाणौ, संस्थितौ तत्र मोहतः ।।**
**देवकीरोहिणीतात—वसुदेवैर्महार्हतैः । तावच्चतुर्विधाहार—प्रत्याख्यानं विनिर्ममे ।।५४।।**
**अथ श्रीनेमिनाथस्य, संसारदुःखनाशिनः । अस्माकं शरणं भूया—द्भवेऽत्राऽपि भवांतरे ।५५।**
**शरणं भवतादर्ह—त्सिद्धसाधुवृषस्य नः । स्वयमाराधनां कृत्वा, नमस्कारान् मुखेऽस्मरन् ।५६।**
**विमुक्तजीविताकांक्षा—स्त्रयोऽपि तेऽभवन् यदा । तदा वह्निमयं मेघं, सोऽसुरस्तेष्ववर्षयत् ।।**
**त्रयोऽप्यासन् शुभध्याना—न्मृतास्ते स्वर्गभाजिनः । ततः सान्वतगोविंदौ, जीर्णोद्यानं प्रचेलतुः ।।**

રાત્રિમાં ઉલ્કાપાત થવા લાગ્યા. ચન્દ્ર, નક્ષત્ર, તારા આદિ ઝાંખા પડી ગયા. નક્ષત્ર રાશિમાંથી વિજળીનાં જેવા અંગારાની વૃષ્ટિ થવા લાગી. ત્યાં રહેલા લોકોને દ્રષ્ટિની ભ્રાંતિ થવા લાગી. ચંદ્ર-સૂર્યનું તેજ ક્ષીણ થઇ ગયું. પોતાના પ્રાસાદો ઉપર રહેલા શિખરો આપોઆપ પડવા લાગ્યાં. રાત્રિમાં ચારે દિશામાંથી થતાં ભયંકર અટ્ટહાસ્યના અવાજથી ભયભીત થયેલા લોકોની નિદ્રા ઉડી ગઈ. પૂર્વે કયારે પણ નહીં સાંભળેલા એવા ઘૂવડ આદિના ભયંકર અવાજો આવવા લાગ્યા. દિશાઓમાં અગ્નિ ઉત્પન્ન થતો દેખાવા લાગ્યો. લોકોના મનને ઉદ્વેગકારી એવા ધરતીકંપના અવાજ થવા લાગ્યા. પાષાણમાં કોતરેલી પૂતળીઓ જાણે સાક્ષાત્ હસતી ના હોય તેવું દ્રશ્ય દેખાવા લાગ્યું. અને રાત્રિના સમયે ભૂત-પ્રેત, પિશાચ, વૈતાલ આદિની સાથે દ્વૈપાયન અસુર દ્વારિકામાં ભમવા લાગ્યો. પુણ્યકર્મના ઉદયથી વિષ્ણુને શંખ, ચક્ર આદિ સાત રત્નો, અને બલદેવને ચાર રત્નો ઉત્પન્ન થયેલાં હતાં, તે રત્નો પાપકર્મના ઉદયથી આપોઆપ ચાલ્યા ગયાં. અર્થાત્ નાશ પામ્યાં. ત્યારબાદ અસુરે પ્રચંડ 'સંવર્ત' નામના (વાવાઝોડું) વાયુને વિકુર્વ્યો. તેનાથી નગરીમાં અને નગરીની બહાર રહેલા તૃણ—કાષ્ટ આદિ એક જગ્યાએ (નગરીની મધ્યમાં) ભેગા કર્યાં. અને નગરીની બહાર રહેલા કાષ્ટ, તૃણ અને વૃક્ષોને લાવી લાવીને અધમ એવા અસુરે નગરીની મધ્યમાં એકઠા કર્યાં. યાદવોની સાઇઠ કુલકોટિ જે બહાર રહેલી, તે અને નગરીમાં રહેલી બ્હોંતેર કુલકોટિ યાદવોને ભેગા કરીને, તેઓ ઉપર અગ્નિનો વરસાદ વર્ષાવ્યો. પાતાલમાં જાય કે આકાશમાં જાય, ગુફામાં પેસે, કે ભોંયરામાં પેસે, પરંતુ માનવ જેમ યમરાજાથી મૂકાતો નથી તેમ આ અધમ અસુરે એક પણ માનવ કે પશુ-પક્ષીને છોડયા નહીં. જ્યાં ત્યાંથી લાવી લાવીને અગ્નિમાં ભસ્મીભૂત કરવા લાગ્યો. ધગ્ધગ્ કરતી અગ્નિની ભયંકર જ્વાલાઓ જાણે આખા જગતને બાળી નાંખવા માટે તૈયાર થઇ ના હોય, તે પ્રકારે દ્વારિકા નગરીમાં ચારે બાજુ વિસ્તરી ગઇ. કલ્પાંતકાલની આગ સમાન ભયંકર જ્વાલાઓને વમતા અગ્નિમાંથી કોઇ બહાર જઇ શકે નહી તે માટે ના હોય, તેમ ધૂમાડાના ગોટે ગોટા કરતો અંધકાર વ્યાપી ગયો. અગ્નિની જ્વાલાઓથી પીડાઈ રહેલા વસુદેવ, દેવકી અને રોહિણી પણ પોતાના પુત્રો કૃષ્ણ અને બલભદ્રને પોકારવા લાગ્યાં :– 'હે બલભદ્ર, હે કૃષ્ણ, તમે કેમ આમ ઊભા રહ્યા છો? કયાં ગયું તમારૂં બલ? તમે બે જણે તો મોટી મોટી અક્ષૌહિણી સેનાને જીતી લીધી છે, અમે આટલા દુઃખી થઈ રહ્યા છીએ, ને તમે કંઇ પણ કરતા નથી? હે પુત્રો, અમારાથી આ દુઃખ સહન થતું નથી. તમારા સિવાય અમારૂં દુઃખ કોણ દૂર કરશે? હે પુત્રો, તમે કયાં ગયા? તમે જલ્દી આવો.

અમને આ તાપથી દૂર લઈ જાવ.' માતાપિતાના આવા દુઃશ્રાવ્ય અને દુઃખપૂર્ણ વચન સાંભળીને રામ અને કૃષ્ણે પોતાના રથ ઉપર બંને માતાઓને અને પિતાને બેસાડયા. અને અશ્વોને જોતરીને જેવા ચલાવવા જાય છે, ત્યારે અસુરે આવીને મંત્રિત મનુષ્યની જેમ અશ્વોને થંભાવી દીધા, અને એ અશ્વો ઉપર અગ્નિનો વરસાદ વરસાવ્યો. ક્ષણમાત્રમાં અશ્વોની રાખ થઈ ગઈ. કૃષ્ણ અને બલભદ્રે પોતે ગર્વથી રથ ઉપાડયો કે તુર્ત જ સંગ્રામમાં જેમ ધનુષ્યનો ભંગ થાય તેમ રથનું ધોંસરૂં ભાગી ગયું. તેમ છતાં પણ માતાપિતાની રક્ષા કરવા માટે બંને ભાઈઓ જેમ તેમ કરીને બલપૂર્વક દ્વારિકાના દરવાજા સુધી રથને લાવ્યા. દરવાજા સુધી આવતા રસ્તામાં લોકોનો આર્તનાદ સંભળાતો :– 'હે કૃષ્ણ, હે બલદેવ, અમારી રક્ષા કરો. અમારી રક્ષા કરો. અમો બળી રહ્યા છીએ. એમાંથી અમને બચાવો.' આ પ્રમાણે લોકોનો પોકાર અને રૂદન સાંભળતા કૃષ્ણ અને બલભદ્ર દુઃખી દુઃખી થઈ ગયા. દ્વારિકાનગરીના બંધ કરેલા દરવાજાના કમાડને બલભદ્રે જમણા હાથે તોડીને, બે હાથે રથને જ્યાં બહાર કાઢે છે, ત્યાં દુષ્ટ અસુરે સાક્ષાત્ પ્રત્યક્ષ થઈને કહ્યું :– 'અરે રામ–કૃષ્ણ, આટલો બધો મોહ શા માટે રાખો છો ? શા માટે આટલી વિડંબના કરો છો ? મેં તમને પહેલાં કહેલું છે કે તમને બે ભાઈઓને છોડીને આખી દ્વારિકાને ભસ્મીભૂત કરીશ. એ માટે તો મેં મારા તપને વેચીને નિદાન (નિયાણું) કર્યું છે. તો એ નિયાણું શું તમારા બલથી ફોગટ જશે ? માટે તમે અહીંથી ચાલ્યા જાવ.' આ પ્રમાણે પાપાત્મા અસુરના કથનથી દુઃખી થયેલા માતાપિતાએ કહ્યું :– 'રામ–કૃષ્ણ, તમે બે જાવ. તમો જીવતા હશો, તો આપણો યદુવંશ જીવિત રહેશે. અમારા માટે તો તમે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ કાળ કોઈને છોડતો નથી. ભવિતવ્યતા દુઃસાધ્ય છે. અમે પહેલા ભગવાન નેમિનાથ પાસે સંયમ લીધું નહીં. તો આ કર્મના ફળ ભોગવવાનો સમય આવ્યો. ખેર, હવે અમે પરમાત્માના ધ્યાનમાં લીન બનીએ છીએ. તમે અહીંથી જાવ.' આ પ્રમાણે માતાપિતાએ કહેવા છતાં આંખમાંથી અશ્રુધારા વહાવતા બંને ભાઈઓ મોહથી ત્યાં ઊભા રહ્યા.

વસુદેવ, દેવકી અને રોહિણીએ પ્રથમ ભગવંતની સાક્ષીએ ચારે પ્રકારના આહારના પચ્ચખ્ખાણ કર્યાં. 'સંસારના દુઃખોનો નાશ કરનારા એવા શ્રીભગવાન નેમિનાથ આ ભવ અને ભવાંતરમાં અમારા શરણરૂપ હો ! અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનપ્રણીત ધર્મ એ ચારેનું અમને શરણ હો.' આ પ્રમાણે સ્વયં આરાધના કરીને જીવિતની આશાથી મૂકાયેલા એ ત્રણે આત્માઓ મુખમાં પંચપરમેષ્ઠિ મંત્રનો જાપ કરતા રહ્યા, ત્યારે દુષ્ટાત્મા અસુરે એ ત્રણે ઉપર અગ્નિનો વરસાદ વરસાવ્યો. ત્રણે જીવો શુભ ધ્યાનથી મરીને દેવલોકમાં ઉત્પન્ન થયા. પોતાની નજર સમક્ષ માતાપિતાના દેહને રાખ(ભસ્મ) થતા જોઈને ચોધાર આંસુથી રડતા રામ–કૃષ્ણ નગરીની બહાર જીર્ણ ઉદ્યાનમાં ગયા.

गत्वा तत्र स्थितौ याव–त्तौ दुःखैः स्फुटदुर्बलौ । ज्वालामालाकुलां दह्य–मानां पुरीमपश्यतां ॥
निर्गच्छतो महाज्वाला–हस्तेनैव पराक्रमात् । आकृष्याकृष्य मध्येऽग्नि–रक्षिपन्नागरानिहव ॥
रत्नानां भित्तयस्तत्र, बभूवुश्छगणोपमाः । गोशीर्षचंदनस्तंभाः, शुष्कैंधनानुकारिणः ।६१।
यथा पर्वतशृंगाणि, कल्पांतकालमारुतैः । पतंत्यत्र तथा सद्म–कपिशीर्षाण्यपोपतन् ॥
न तौ शुश्रुवतुर्बंधू, हाहाकाररवं विना । ज्वालाधूमान् विना नान्यत्, समैक्षेतां निजेक्षणैः ॥

दुःखपूर्णस्तदावादी–द्बलदेवं नरायणः । इदं सहोदर श्रोतुं, वर्त्ते वीक्षितुमक्षमः ।।६४।।
यावस्तत इतः क्वापि, नाश्राव्यं श्रूयते यथा । एतदप्रेक्षणीयं न, यत्रावाभ्यां निरीक्ष्यते ।६५।
अभाग्यवशतस्ताव–द्द्वावां च किमास्पदं । गच्छावस्तत्र संपूर्णी–कुर्व आयुर्हि दुर्मरौ ।६६।
इति प्रोक्ते हली प्राह, भ्रातश्चिंतां करोषि किं । त्वदीयभाग्ययोगेन. संति स्थानानि भूरिशः ।।
सांप्रतं पांडुपुत्राणा–मावां यावो निकेतनं । तेऽपि संबंधिनोऽस्माकं, वर्तंते बांधवत्वतः ।६८।
बभाषे बांधवं विष्णु–स्तद्धाम्नि गम्यते कथं । मयैव ते पुरा कोपात्, कर्षिताः संति देशतः ।।
वरं मृत्युर्वरं सिंह–संकुलवनसेवनं । आवयोर्लज्जया तेषां, गेहे न गमनं वरं ।।७०।।
तदा जगाद रामोऽपि, भ्रातरेषा विचारणा । सांप्रतं तव योग्या न, योग्यं च प्राणरक्षणं ।।
तेषां त्वयोपकारास्तु, संति प्राज्याः पुरा कृताः । संति तेऽप्युपकारज्ञाः, करिष्यंत्यर्चनं तव ।।
बहुशः प्रेरितो ज्येष्ट–बांधवेनेति माधवः । पूर्वदक्षिणदिग्भागे, स पांडुमथुरामगात् ।।७३।।

જીર્ણ ઉદ્યાનમાંથી ભડકે બળતી દ્વારિકાને જોઈને રામ-કૃષ્ણ દુઃખથી રડી પડયા. કલ્પાંત કાલની મહાજ્વાલાઓ નગરીના ખૂણે ખાંચરે રહેલા નગરજનોને ખેંચી ખેંચીને જાણે પોતાનું પરાક્રમ બતાવતી ના હોય તેમ અગ્નિમાં ભસ્મીભૂત કરતી હતી. રત્નની ભીંતો બળી ગયેલા છાણાના જેવી થઇ ગઈ. ગોશીર્ષચંદનના સ્તંભો સળગી ગયેલા વૃક્ષોના ઠુંઠા જેવા થઇ ગયા. કલ્પાંતકાલના વાયુથી જેમ પર્વતના શિખરો તૂટી પડે તેમ મહેલો ઉપર રહેલા રત્નોના કાંગરા તૂટી તૂટીને નીચે પડતા હતા. બંને બંધુઓને નગરીમાંથી હાહાકાર સિવાય કોઇ શબ્દ સંભળાતો નહોતો. અગ્નિની જ્વાલાઓ અને ધૂમાડા સિવાય બીજુ કંઈ દેખાતું ન હતું, દુઃખથી ભરેલા હૃદયવાળા કૃષ્ણે આંખમાંથી અશ્રુપાત કરતા બલદેવને કહ્યું :– 'ભાઈ, મારાથી જોવાતું નથી, અને સંભળાતું નથી. ભાઇ, આવું કયાંય પણ સાંભળ્યું નથી અને જોયું પણ નથી. આપણું કેવું દુર્ભાગ્ય પ્રગટ થયુ કે આપણે વસાવેલી દ્વારિકાની આ દુર્દશા નજરોનજર જોવી પડી. આપણા દેખતા જ આપણા યાદવ બંધુઓ બળીને રાખ થઇ ગયા. હવે આપણે કયાં જઈશું ? આપણું શેષ આયુષ્ય કયાં પુરૂ કરીશું ?' આ પ્રમાણે કૃષ્ણના દુઃખગર્ભિત વચન સાંભળીને બલભદ્રે કહ્યું :– 'ભાઇ, તું ચિંતા શા માટે કરે છે ? તારા ભાગ્યયોગે આપણા માટે હજુ પણ ઘણા સ્થાનો છે. હમણાં તો પાંડુરાજાના પુત્રો પાંડવોના ત્યાં જઈએ. એ આપણા સંબંધી અને મિત્ર છે.' ત્યારે કૃષ્ણે કહ્યું :– 'બંધુ, પાંડવોને ત્યાં આપણાથી કેમ જવાય ? પહેલા મેં જ ક્રોધથી તેમને દેશવટો આપ્યો છે. તેથી મરવું સારું, સિંહની બખોલમાં વસવું સારુ, પરંતુ લજ્જાથી તેમના ઘેર જવુ એ આપણા બે માટે યોગ્ય નથી.' ત્યારે રામે કહ્યું :– 'આપણે હમણાં આ વિચાર કરવો યોગ્ય નથી. હમણાં તો ગમે તેમ કરીને પ્રાણરક્ષા કરવી એ જ બરાબર છે. વળી, પૂર્વે તેં તે લોકો ઉપર ઘણાં ઉપકાર કર્યા છે. તેમજ પાંડવો સજ્જન અને કૃતજ્ઞ છે. એ જરૂર તારો આદર સત્કાર કરશે.' આ પ્રમાણે બલભદ્રની ઘણી ઘણી પ્રેરણાથી રામ–કૃષ્ણ બંને ભાઈઓએ પગપાળા પૂર્વદક્ષિણ ભાગમાં (અગ્નિખૂણામાં) રહેલી પાંડુ–મથુરા નગરી તરફ પ્રયાણ કર્યું.

इतश्च नेमिनाथस्य, शिष्यो रामस्य चात्मजः । तापाक्रांतो गृहोपर्या-रूढोऽवक् कुब्जवारकः ।।
अह श्रीनेमिनाथेन, कथितोऽस्मि शिवंगमी । अहमत्रैव भस्म स्यां, तत्सत्यं भविता कथं ।७५।
कदाचिद्यदि तत्सत्यं, भगवद्वचनं भवेत् । मामुत्पाट्य तदा कोऽपि, नेमिपार्श्वे विमुंचतु ।७६।
यथाहमपराधं स्वं, क्षामयित्वा तदंतिके । गृह्णामि भवभेदैक-करणं चरणं वरं ।।७७।।
तेनेत्युक्ते सुरास्तिर्यग्-जृंभगा निजशक्तितः । उत्पाटय भगवत्पादां-तिकेऽमुचन् क्षणादपि ।
पल्लवाख्ये तदा देशे, गतोऽभूद्विहरन् जिनः । स तत्पार्श्वे व्रतं लात्वा, शिवसौख्यमसाधयत् ।।
बलदेवमुकुंदादि-यदूनामथ योषितः । पूर्वं श्रीनेमिनः पार्श्वे, संयमं जगृहुः न याः ।।८०।।
ताः श्रीनेमिजिनेशस्य, ध्यायंत्यो नाम मानसे । चतुःशरणमापन्ना, विपन्नाः स्वर्गमासदत् ।८१।
ज्वलंत्यां पुरि षण्मासीं, यावच्च डकृशानुना । षष्टिर्द्वासप्ततिर्दग्धा, यदूनां कुलकोटयः ।।८२।।
मृतकस्योपरि प्रीत्या, जलं प्रक्षिप्यते जनैः । इतीव द्वारिकाशीति-कर्तुमाप्लाविताब्धिना ।।

આ બાજુ ભગવાન નેમિનાથનો શિષ્ય રામ-બલદેવનો 'કુબ્જવારક' નામનો પુત્ર, અગ્નિના તાપથી અકળાઈ ગયેલો, પોતાના મહેલની અગાસી ઉપર ચઢીને બોલ્યો :- 'અરે કોઇ સાંભળો, ભગવાન નેમિનાથે મને મોક્ષગામી કહેલો છે. હું તો અહીં બળીને મરી જાઉં છું. તો ભગવંતનું વચન સત્ય કેમ થશે ? જો ભગવાનનું વચન સત્ય હોય તો મને કોઇ ઉપાડીને ભગવાન નેમિનાથ પાસે મૂકો. જેથી હું મારા અપરાધોને ભગવાનની પાસે ખમાવીને સંસારનો ઉચ્છેદ કરનારી ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરૂં.' આ પ્રમાણેના કુબ્જવારકના વચનથી તિર્યગ્જૃંભગ' દેવોએ પોતાની શકિતથી તેને ઉપાડીને ક્ષણમાત્રમાં પલ્લવદેશમાં વિચરી રહેલા ભગવાન નેમિનાથ પાસે મૂકયો, તેમની પાસે વ્રતગ્રહણ કરીને તે કુબ્જવારક મુનિ છ મહિનામાં આરાધના કરીને મોક્ષસુખને પામ્યા. કૃષ્ણ અને બલભદ્રની પત્નીઓ તેમજ બીજી યાદવ સ્ત્રીઓ કે જેઓએ ભગવાનની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું ન હતું, તે બધી સ્ત્રીઓ ચાર શરણ સ્વીકારી, ભગવાન નેમિનાથનું ધ્યાન કરતી, આગમાં બળીને મરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ. દ્વારિકા નગરીના બહાર રહેલા છાંસઠ કુલકોટી અને નગરીમાં રહેલા બ્હોંતેર કુલકોટી યાદવો દ્વારિકામાં બળીને ભસ્મીભૂત થઇ ગયા. આ પ્રણાણે દ્વારિકા નગરી પ્રચંડ અગ્નિ વડે છ મહિના સુધી બળતી રહી. જેમ મૃત શરીરની ભસ્મ ઉપર સ્વજનો પાણી છાંટે અર્થાત્ જલાંજલિ આપે છે તેમ બળીને ભસ્મ થઇ ગયેલી દ્વારિકાની રાખ ઉપર સમુદ્રનું પાણી ફરી વળ્યું અર્થાત્ સમુદ્રમાંથી પ્રગટ થયેલી દ્વારિકા સમુદ્રમાં વિલીન થઈ ગઈ.

हस्तकल्पपुरं गच्छ-न्नाथ नारायणोऽध्वनि । बभूव क्षुत्तृषाक्रांत-स्तत्पीडा ह्यतुला पथि ।।
तदा जिष्णुर्जगौ बंधो, बाधेते क्षुत्तृषे मम । निजगाद स तिष्ट त्व-मत्र प्रमादवर्जितः ।८५।
गत्वैतन्नगरं भोज्यं, त्वदर्थमानये यथा । गतस्य मम चेत्पीडा, प्रजायते कदाचन ।।८६।।
सिंहनादं करिष्यामि, तदाहं शत्रुपीडितः । तमाकर्ण्य त्वया तूर्णं, समेतव्यं सहोदर ।।८७।।
उदित्वेति मुकुंदस्य, यावत्तत्र गता हली । तावद्दिव्याकृतिः कोऽयं, तत्रत्यैरिति वीक्षितः ।८८।

द्वैपायनेन कोपेन, ज्वालिता द्वारिका पुरी । ततो निर्गत्य रामोऽयं, समायातोऽस्त्यवस्थया ।।
लोकेनेत्यनुमानेन, किंवदंती मिथः कृता । उट्टंकेनैव लोकः स्यात्, प्रायशो भाषको यतः ।।
जग्राह बलदेवोऽपि, भोज्यं कांदविकापणात् । स्वहस्तमुद्रिकां दत्वा, कटकेन च वारुणीं ।।
भोज्यपाने समादाय, बलभद्रोऽपि गोपुरं । यावत्समागतस्ताव-दारक्षा भूपतिं गताः ।९२।
तत्रास्ति धृतराष्ट्रस्य, सुतोऽचच्छंदनभूविभुः । मुरारिसेवकैः पांडु-पुत्रैर्मुक्तो मृतोपमः ।९३।
तं गत्वा रक्षकाः प्रोचुः, प्रभोऽत्र नगरे तव । पुमान कोऽपि समेतोऽस्ति, तं ब्रुवंति बलं जनाः ।।
तेन तस्करवत्स्वीये, दत्वा कटकमुद्रिके । भोज्यपाने उपादत्ते, स बहिर्याति संप्रति ।९५।
इति श्रुत्वा स्मरन् वैर-मच्छंदनो जगाद तान् । आरक्षका न मोच्योऽयं, रामोऽस्तु तस्करोऽथवा ।
आरुढः कथयन्नेव-मश्वं सैन्येन भूयसा । भूपस्तत्र समायातो, यत्र प्रवर्त्तते हली ।९७।
अच्छंदनं नृपं वीक्ष्या-गच्छंतं हंतुमुद्यतं । प्रतोल्याः प्रददाते द्रा-क्कपाटौ सीरपाणिना ।९८।
यावत्तैः समुदायेनो-द्घाटितौ तौ पराक्रमात् । तावदालानमुन्मूल्या-धावद्धंतुं मुशल्यपि ।।
बांधवज्ञापनार्थं च, क्ष्वेडा तेन विनिर्मिता । तामाकर्ण्य मुकुंदोऽपि, सहसा समुपागतः ।२००।
सोऽपि कपाटशस्त्रेण, भंजयामास तद्बलं । प्राह रे भुंक्ष्व राज्यं त्व-मस्माकमपराध्यपि ।।
गच्छाच्छंदन जीवंस्त्वं, मुक्तः करुणया मया । कृपैव सांप्रतं जाता, त्वदीयप्राणरक्षिका ।२।
इत्युक्त्वा भोज्यपाने ते, विमुक्ते स्थानके पुरा । आदाय ययतुर्बंधू, द्वावपि क्वापि कानने ।।
तत्रोभावपि गत्वा तौ, क्षुत्तृषाभ्यां निपीडितौ । आकंठं बुभुजाते च, दुष्कालप्राप्तधान्यवत् ।।

આ બાજુ કૃષ્ણ અને બલભદ્ર, પાંડુમથુરા જતાં 'હસ્તકલ્પ' નામના નગર સુધી આવતા રસ્તામાં શ્રીકૃષ્ણ ક્ષુધા અને તૃષાની વેદનાથી વ્યાકુલ બની ગયા. કૃષ્ણે બલભદ્રને કહ્યું :- 'ભાઈ, મને ભૂખ અને તરસ બહુ લાગી છે. મારાથી એક ડગલુ પણ આગળ ચાલી શકાશે નહીં.' બલભદ્રે કહ્યું :- 'બંધુ, તું અહીંયા જ વૃક્ષની છાયામાં બેસ. જાગ્રતપણે બેસજે. હું તારા માટે સામે દેખાય તે હસ્તકલ્પ નગરમાં જઈને ભોજ્ય પદાર્થ લઈ આવું. આ નગરમાં શત્રુનું રાજ્ય છે, તો કદાચ શત્રુથી હું ઘેરાઈ જાઉં તો સિંહનાદ કરીશ. મારા સિંહનાદને સાંભળીને તું વિના વિલંબે સત્વર આવજે.' આ પ્રમાણે કૃષ્ણને સાવધાન કરીને બલભદ્ર નગરમાં ગયા. બલભદ્રનું સુંદર રૂપ અને દિવ્ય આકૃતિ જોઈને લોકો વિચારવા લાગ્યા :- 'અરે, આ દિવ્ય આકૃતિવાળો પુરૂષ કોણ હશે ? સાંભળ્યું છે કે દ્વૈપાયનના કોપથી દ્વારિકા નગરી બળીને ભસ્મ થઈ ગઈ. તેથી ત્યાંથી નીકળીને બલરામ અહીં આવ્યા ના હોય ? લાગે છે તો બલભદ્ર જેવા !' આ પ્રમાણે પરસ્પર લોકો વાતો કરી રહ્યા છે. બલભદ્ર પણ પોતાની મુદ્રિકા અને કડુ આપીને કંદોઈની દુકાનેથી મિષ્ટાન્ન અને ઘડામાં મદિરા લઈને નગરના દ્વાર પર આવ્યા. ત્યારે ત્યાંનાં આરક્ષકો (કોટવાળો) જોઈને ઓળખી ગયા. તરત જ તેઓએ રાજા અચ્છંદન (ધૃતરાષ્ટ્રનો પુત્ર અચ્છંદન કે જેને પાંડવોએ રણસંગ્રામમાં જીવતો છોડી દીધો હતો.)

પાસે જઇને કહ્યું :– 'સ્વામિન્, આપણા નગરમાં કોઈ બળવાન પુરૂષ આવ્યો છે. જેને લોકો બલભદ્ર તરીકે કહે છે. તે પોતાની હીરકમુદ્રિકા અને કડુ આપીને કંદોઇની દુકાનેથી ભોજ્યપાન લઇને ચોરની જેમ નગરની બહાર જઈ રહ્યો છે.' સાંભળીને પૂર્વના વૈરને યાદ કરતા અચ્છંદને આરક્ષકોને કહ્યું :– 'જાવ તમે જલ્દી જાવ, એ રામ હોય કે ચોર હોય, ગમે તે હોય, પરંતુ તેને પકડીને રાખો. બહાર જવા દેશો નહીં.' આરક્ષકોને આદેશ આપીને અચ્છંદન રાજા પોતે અશ્વ ઉપર આરૂઢ થઇને, વિપુલ સૈન્યની સાથે બલભદ્રને મારવા માટે આવ્યો. બલભદ્રે પણ પોતાને મારવા માટે આવેલા અચ્છંદનને જોઇને, તરતજ દરવાજાના કમાડ બંધ કરી દીધાં. ત્યારે અચ્છંદનના સૈનિકોએ ભેગા થઈને દરવાજા ખોલી દીધા, ત્યારે બલભદ્ર પણ આલાન-સ્તંભ ઉખેડીને તેને મારવા માટે દોડયા. પોતાના બાંધવ કૃષ્ણને જણાવવા માટે સિંહનાદ કર્યો. સિંહનાદ સાંભળીને કૃષ્ણ પણ દોડતા આવ્યા. પોતાની પાસે કોઇ શસ્ત્ર–અસ્ત્ર નહી હોવાથી ભાઇઓએ દરવાજાના કમાડ ઉઠાવીને તેના સૈન્યને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યું, અને અચ્છંદનને અશ્વ ઉપરથી નીચે જમીન ઉપર પટકયો. તેની છાતી ઉપર પગ મૂકીને કૃષ્ણે કહ્યું :– 'રે દુષ્ટ, દયાભાવથી તને જીવતો છોડુ છું. બાકી તારા અપરાધો ક્ષમા કરવાને લાયક નથી, રે દુર્જન, તારૂં રાજ્ય અમારે જોઈતું નથી. જા, તારૂં રાજ્ય તું ભોગવ. પરંતુ હવેથી કોઈની સાથે અન્યાયથી વર્તીશ નહી.' આ પ્રમાણે કરૂણાભાવથી કૃષ્ણે તેને જીવતો મૂકી દીધો. બંને ભાઇઓ એકાંતમાં મૂકેલા ભોજ્યપાનને લઇને દૂરદૂર જંગલમાં જઈ વડના વૃક્ષની છાયામાં બેઠા. ત્યાં ક્ષુધાતુર તૃષાતુર બનેલા બંને બંધુઓએ આકંઠ ભોજન કરીને તેના ઉપર મદિરાપાન કર્યું.

भुक्त्वा प्रचलितौ राम—गोविंदौ प्रत्यपाग्दिशि । गच्छंतौ पथि कौशांबी—काननं समुपेयतुः ॥

मदिरापानतः क्षार—भोज्यतो ग्रीष्मतस्तथा । पुण्यहानेर्बभूवोच्चैः, कृष्णस्तृष्णासमाकुलः ॥

बभाण बलभद्रं स, लग्ना मे महती तृषा । अहमस्मादथो गंतुं, न पदमात्रमपि क्षमः ॥७॥

सोऽभणद्भ्रातरत्रैवा—प्रमत्तस्तिष्ठ सांप्रतं । अहं सलिलमानेतुं, यामि क्वापि जलाशये ।८।

कथयित्वेति रामोऽपि, यावत्प्रचलितोंभसे । जानूपरि मुकुंदेन, तावत्संस्थापितौ पदौ ॥९॥

आच्छाद्य पीतवस्त्रेण, शरीरं सकलं निजं । सुप्तो निद्रामवापासौ, दीर्घनिद्रोपसूचिनीं ।१०।

अस्माकं पुण्यहीनानां, शुभा दशाधुनास्ति न । ततो निद्रायितं बंधुं, ममैनं कोऽपि मावधीत् ॥

विमृश्येति बलः प्रत्यागत्याशु पुनरप्यवक् । निद्रादिकं प्रमादं मा—कार्षीर्बांधव वल्लभ ।१२।

अस्माकं बहवः संति, शत्रवोऽपदशावतां । त्वया तदप्रमादेन, स्थातव्यमत्र शाखिनो ॥१३॥

निद्राघूर्णितचक्षुः स, उन्मुखीभूय चाभ्यधात् । श्रितस्य शरणं ताव—कीनं मे भोः कुतोऽपि न ॥

व्रज व्रज द्रुतं भ्रातः, शीतं तोयं समानय । तृषा संहरति प्राणां—स्ताल्वोष्टौ मम शुष्यतः ॥

बंधुनेत्युदिते रामो, जलाय जग्मिवान् जवात् । भ्रमन् जराकुमारश्च, तावत्तत्र समागतः ॥

तनौ परिहितव्याघ्र—त्वग्वस्त्रो लंबकूर्चकः । मृगयायां मृगान्निघ्नन्, व्याधवद्धन्वधारकः ॥

स्थितेन दूरतस्तेन, प्रच्छाद्य पीतवाससा । सुप्तं मृगोपमं कृष्णं, समीक्ष्याऽमोचि मार्गणः ॥

मृगमत्या विमुक्तः स, यदा तेनाऽविवेकिना । भवितव्यतया लग्नः, स तदांघ्रितले हरेः ॥१९॥

कृष्णोऽपि तेन बाणेन, सहसोत्थाय दृष्टवान् । पश्यतेतस्ततस्तेन, समीक्षितः स पूरुषः ।।२०।।
दृष्ट्वा तमब्रवीद्विष्णुः, को रे पुरुष वर्तसे । अद्यप्रभृति केनाप्य—ज्ञातनाम्ना हतोऽस्मि न ।।
ततो रे पुरुष ब्रूहि, निजजात्यभिधादिकं । द्रुमांतरस्थितः सोऽपि, प्रोचे किं मर्त्य ! पृच्छसि ।।
हरिवंशमहाकाश—चंडमार्तंडदीधितेः । वसुदेवस्य पुत्रोऽहं, नाम्ना जराकुमारकः ।।२३।।
बांधवौ रामगोविंदौ, प्रवर्त्तेते ममानुजौ । पराक्रमेण संग्रामे, विजेतारौ सहस्रशः ।।२४।।
भविष्यति जरापुत्र—पाणिना मरणं हरेः । इति श्रीनेमिनो वाक्यं, श्रुत्वाहं निर्गतो बहिः ।।
माभून्मदीयहस्तेन, हननं नरकद्विषः । भीत्येति भ्रातृरक्षार्थं, करोमि वनसेवनं ।।२६।।
काननं सेवमानस्य, बंधुस्नेहवतो मम । जातानि द्वादशाब्दानि, दृष्टः कोऽपि नरोऽत्र न ।२७।
ब्रूहि तद्वर्त्तसे कस्त्वं, स प्राह हरिरस्म्यहं । त्वमत्रागच्छ मा भैषी—र्नान्यथा भवितव्यता ।२८।
यद्भयाद्वनवासस्तु, त्वया बंधो विनिर्मितः । देहछायेव संजातः, सोऽग्रतः सहचाति तत् ।।
अहं त्वेतेन घातेन, जीविष्यामि न सर्वथा । तथाप्येहि क्षणं वार्त्तां, प्रकुर्वः सुखदुःखयोः ।।
इत्युक्ते स समागत्यो—पलक्ष्य च नरायणं । पादविद्धं समालोक्य, मूर्च्छां जारेय ईयिवान् ।।
कथमप्याप्तचैतन्यो, विलापान् विविधानसौ । प्रचकार विकारेण, वर्जितोऽर्जितपातकः ।३२।
हा ! हा ! भ्रातः ! क्व यास्यामि, प्रकरिष्यम्यहं च किं ? ।

मदीयमथविश्वासं, जनयिष्यति को जनः ।।३३।।

नीचस्यापि न मर्त्यस्य, मारणं महतां शुभं । किं पुनर्वासुदेवस्य, सहोदरस्य घातनं ।।३४।।
निर्मंतूनां मनुष्याणां, मारकस्य नरस्य तु । कुत्रापि स्थानकं भावि, बंधो न नरके मम ।३५।
भ्रातः ! किं द्वारिका दग्धा, देवकीवसुदेवयोः । अभूत्किं मरणं सर्व—यदूनामपि च क्षयः ।।
तेनात्र त्वं भ्रमन्नागा, दुर्भवितव्यताबलात् । मयि घोरमघं दातुं, त्वज्जीवितव्यनाशकं ।।३७।।
सहचारी तव भ्रात—र्बलदेवः क्व वर्तते । जगाद पद्मनाभोऽपि, गतोऽस्ति पयसे मम ।।३८।।
यदा बाणो मया क्षिप्तो, मूर्खेणाज्ञानयोगतः । न कथं धनुषा साक—मंगुल्यस्त्रुटितास्तदा ।३९।
विलापान् जनयन् बाढ—स्वरेणेति रुरोदसः । यथा काननगान् सर्वान्, श्वापदानप्यरोदयत् ।।
तदोचे विष्णुना भ्रातः, कथं रोदिषि दुःखतः । भाविनी कर्मरेखा न, चलेन्नानाप्रयत्नतः ।।
अथ त्वमपसव्येन, गच्छ दूरं पदेन च । यथा त्वदनुसृत्या त्वां, न हत्यादागतो हली ।।४२।।
अपरे यादवाऽभूवन्, भस्मसाद् द्वारिकापुरि । चेत्तेषामन्वये र्यहि, जीवेत्तदपि सुंदरं ।।४३।।
इदं कौस्तुभमाणिक्यं, गृहीत्वा गच्छ पांडवान् । द्वारिकादिस्वरूपं च, कथनीयं त्वयाखिलं ।।
क्षमणीयोऽपराधोऽपि, मदीयो धर्मवृद्धये । पूर्वं ते क्लेशिताः संति, मया राज्योपभोगिना ।।
प्रोक्ते नारायणेनेति, कृष्ट्वा चरणतः शरं । आदाय कौस्तुभं रत्नं, प्रचचाल जरांगजः ।४६।

ભોજન કરી, થોડો આરામ લઈને રામ અને કૃષ્ણ, પશ્ચિમ દિશા તરફ ચાલ્યા. આગળ

ચાલતા 'કૌશાંબી' નામના જંગલમાં આવ્યા. ક્ષારવાળા ભોજનથી, મદિરાપાનથી, ગ્રીષ્મઋતુ હોવાથી તેમજ પાપકર્મના ઉદયથી કૃષ્ણને જોરદાર તૃષા લાગી. બલભદ્રને કહ્યું :– 'બંધુ, મને ખૂબ જ તરસ લાગી છે, હું અહીંથી એક પગલું પણ ચાલી શકું તેમ નથી, મારો કંઠ શોષાઈ રહ્યો છે. મારૂં તાલવું સૂકાઈ જાય છે. મને ગમે ત્યાંથી થોડું પાણી લાવી આપો.' એમ કહીને કૃષ્ણ એક વૃક્ષ નીચે બેસી ગયા. બલભદ્રે કહ્યું :- 'ભાઈ, તું સાવધાન થઈને બેસજે. હું જાઉં છું. આટલામાં કોઇ જલાશય હોય તો તને પાણી લાવીને આપું છું. પરંતુ તું જાગ્રત-પણે રહેજે.' આ પ્રમાણે કહીને બલભદ્ર પાણી લેવા માટે ગયા. કૃષ્ણ એક પગ લાંબો કરી બીજો પગ ઢીંચણ ઉપર મૂકી પીતાંબર (પીતવસ્ત્ર) ઓઢીને સૂઇ ગયા. શ્રમથી ચિરનિદ્રાનું સૂચન કરતી નિદ્રા આવી ગયી. 'પુણ્યહીન એવા અમારી હાલ માઠી દશા બેઠી છે, તેથી ઊંઘી ગયેલા બંધુનો કોઈ વધ ના કરી જાય,' એમ વિચારી થોડે દૂર ગયેલા બલભદ્ર પાછા આવ્યા. આવીને નિદ્રાથી ઘેરાયેલા બંધુને જોઈને બલભદ્રે કહ્યું :- 'અરે ભ્રાતા, તું પ્રમાદ ના કર. આપણી અવદશામાં ઘણા શત્રુઓ સ્થાને-સ્થાને રહેલા છે, માટે ભાઈ, તારે જાગતા રહેવાનું. તું આ વૃક્ષ નીચે બેસીને જાગતો રહેજે. હું જલ્દી પાણી લઈને આવું છું. નિદ્રાથી ઘેરાયેલી આંખોવાળા કૃષ્ણે કહ્યું :– 'હું તમારો આશ્રિત છું. મને આપનું શરણ છે પછી ભય કયાંથી હોય ? માટે ચિંતા કર્યા વિના તમે જલ્દી જાવ. મને ઠંડુ પાણી લાવી આપો. મારૂં તાળવું અને હોઠ સુકાઈ જાય છે. જો વિલંબ કરશો તો કદાચ આ તૃષા જ મારા પ્રાણને હરી લેશે. માટે જલ્દી જાવ.' મન નહી માનવા છતાં કૃષ્ણના કહેવાથી બલભદ્ર પાણીની શોધ માટે જલ્દી જલ્દી ચાલ્યા. આ બાજુ વ્યાઘ્રચર્મ અને વલ્કલ (વૃક્ષની છાલના વસ્ત્રો) ધારણ કરી દાઢી–મૂછ વધારી, ખભે ધનુષ્ય–બાણના ભાથા રાખીને શિકારી બની ગયેલો જરાકુમાર મૃગલાનો શિકાર કરતો જીવન ગુજારી રહ્યો હતો. એ જરાકુમાર ભવિતવ્યતાના યોગે એ જ કૌશાંબીવનમાં ફરતો ફરતો આવેલો. તેણે પીતાંબર ઓઢીને સૂતેલા કૃષ્ણને જોયા. તેને મૃગ (હરણ)ની ભ્રાન્તિ થઈ. તેણે શિકાર કરવા માટે તીક્ષ્ણ બાણ છોડયું. અવિવેકી એવા જરાકુમારનું બાણ ભવિતવ્યતાથી કૃષ્ણના પગના તળીયામાં પેસી ગયું. બાણના પ્રહારથી સહસા ઉઠીને કૃષ્ણે આમ તેમ જોયું તો દૂર દૂર ઊભેલો એક પુરૂષ દેખાયો. પુરૂષને જોઇને વિષ્ણુએ કહ્યું :– 'અરે પુરૂષ, તું કોણ છે ? હજુ સુધી અજાણ્યા કોઈ પણ માણસે મને એક સળી પણ મારી નથી. તો તું બોલ, તું કોણ છે ? તારી જાતિ, કુલ અને તારૂં નામ મને જણાવ.' ત્યારે વૃક્ષની પાછળ રહેલા જરાકુમારે કહ્યું :– 'શું તમે કોઇ મનુષ્ય છો ? હું હરિવંશ કુલરૂપી ગગનમાં પ્રખર તેજસ્વી સૂર્ય સમાન વસુદેવનો 'જરાકુમાર' નામનો હું પુત્ર છું. જેઓએ રણસંગ્રામમાં હજારો અને લાખો યોદ્ધાઓને પરાસ્ત કર્યા છે, એવા રામ અને કૃષ્ણ મારા બે લઘુ બંધુઓ છે. 'જરાદેવીના પુત્ર જરાકુમારના હાથે કૃષ્ણનું મરણ થશે.' આ પ્રકારના ભગવાન નેમિનાથના વચન સાંભળીને હું નગર છોડીને બહાર નીકળી ગયો. 'મારા હાથે મારા ભાઇનો વધ ના થાય.' એ ભયથી અને ભાઇની રક્ષા માટે હું વનચર (વનવાસી) બની ગયો. બંધુના સ્નેહથી વનવાસ સેવતા મને બાર વર્ષ થઇ ગયા, પરંતુ અહીંયા (આ વનમાં) આજ સુધી કોઈ માણસ દેખાયો નથી. તો તમે કોણ છો, તે મને કહો.' ત્યારે કૃષ્ણે કહ્યું :– 'હું કૃષ્ણ છું. જેના માટે તું બાર વર્ષ વનવાસ સેવી રહ્યો છે, તે જ હું કૃષ્ણ છું, તું અહીં આવ. ભય ના રાખીશ. ભવિતવ્યતા કયારે પણ મિથ્યા થતી નથી. ભગવાન નેમિનાથે કહ્યું તે પ્રમાણે જ બધુ બન્યું છે. તારો વનવાસ ફોગટ ગયો. હવે હું તારા આ પ્રહારથી જીવીશ નહી. બે ઘડી છું, તો ભાઇ, તું જલ્દી આવ. આપણે બે થોડી-

વાર સુખદુઃખની વાત કરી લઈએ. દેહની છાયાની જેમ સાથે રહેનારા રામ પાણી લેવા ગયા છે, એ પહેલાં તું આવી જા.' આ પ્રમાણે કૃષ્ણના વચન સાંભળીને નજીક આવી પગે વિંધાયેલા કૃષ્ણને ઓળખીને, જરાકુમાર મૂર્છિત થઇ ગયો. મુશ્કેલીએ ચૈતન્ય પ્રાપ્ત કોઇપણ જાતની દુર્ભાવનાથી રહિત દુર્ભાગી એવો જરાકુમાર કલ્પાંત કરવા લાગ્યો :– 'અરેરે, ઓ ભાઇ, મેં શું કર્યું ? ધીક્કાર હો મને. હું કયાં જાઉં ? શું કરીશ ? મારો વિશ્વાસ કોણ કરશે ? અરે, હું નીચમાંથી પણ નીચ માણસ છું. અધમાધમ છું. મેં મારા સગાભાઈનો વધ કર્યો. નિરપરાધી જીવોને મારતા એવા પાપીનું નરકમાં પણ સ્થાન નથી. અરેરે, વસુદેવનો પુત્ર થઇને મેં અધમ કૃત્ય કર્યું. ભગવાને કહ્યું ત્યારે હું કેમ ના મરી ગયો ? અરે બંધુ, શું દ્વારિકા બળી ગઈ ? આપણા માતા–પિતા વસુદેવ–દેવકી એ બધાનું શું મરણ થયું ? શું બધા જ યાદવોનો નાશ થઇ ગયો ? તેથી ભમતા–ભમતા તમે અહીં આવી ગયા ? મને ઘોર પાપ આપવા માટે અને આપના જીવિતનો નાશ કરવા માટે, ભાઈ તમે અહીં કેમ આવ્યા ? આપના સહચારી બંધુ બલભદ્ર કયાં ગયા ?' કૃષ્ણે કહ્યું :– 'મારા માટે પાણી લેવા ગયા છે.' 'અરેરે, ભાઇ, અજ્ઞાનથી બાણ છોડતાં મૂર્ખ એવા મારા હાથની આંગળીઓ ધનુષ્યની સાથે કેમ તૂટી ના પડી ?' આ પ્રમાણે વિલાપ અને રૂદન કરતો જરાકુમાર પશુઓને રોવડાવતો વ્યાકુળ બની ગયો, ત્યારે વિષ્ણુએ કહ્યું :– 'ભાઇ, હવે તું શા માટે રૂદન કરે છે ? જે થવાનું હતું તે થઈ ગયું. ભાવી કર્મરેખા બલવાન છે. ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં પણ ભવિતવ્યતા ચલિત થતી નથી. તો હવે તું દુઃખ ના કરીશ. પાછલા પગે દૂર દૂર ચાલ્યો જા. જેથી તારા પગલે પગલે બલભદ્ર આવે નહી, અને તારો વધ કરે નહી. દ્વારિકાપુરી તેમજ બધા યાદવો ભસ્મીભૂત થઇ ગયા છે. એમાંથી કોઇપણ બચ્યું નથી. જો આપણા યાદવવંશમાં તું જીવતો રહીશ, તો સારૂં છે. લે આ કૌસ્તુભમણી. તેને લઇને તું પાંડવ મથુરા જઈ પાંડવોને બધા સમાચાર આપજે. દ્વારિકાનું બધું સ્વરૂપ તેઓને કહેજે. તેઓના ઉપર કરેલા મારા અપરાધોની ક્ષમા આપવાનું કહેજે. મેં તેઓને પૂર્વે ઘણા સંતાપ્યા હશે, તે બધા કલેશોની મને ક્ષમા આપવાનું કહેજે. બસ, હવે તું પાછા પગ મૂકતો મૂકતો જલ્દી ચાલ્યો જા. નહીતર બલભદ્ર આવશે તો અનર્થ થશે.' આ પ્રમાણે આગ્રહપૂર્વક નારાયણના કહેવાથી, જરાકુમાર કૃષ્ણના પગમાં લાગેલા બાણને ખેંચીને કૌસ્તુભરત્નને લઈને, રૂદન કરતો કરતો પાછું વળી વળીને જોતો, ત્યાંથી ચાલી નીકળ્યો.

गते कुमारे तस्याभू–द्वेदना चातिवेदना । भावितीर्थंकरत्वेन, तद्ध्यानमप्यभूच्छुभं ।।४७।।
ततः प्राह नमोऽर्हद्भ्यः, सिद्धेभ्योऽपि नमो मम । आचार्येभ्य उपाध्याय–साधुभ्यो भवतान्नमः ।
आबाल्यात् ब्रह्मचर्यस्य, पालकाय स्वयंभुवे । नमः श्रीनेमिनाथाय, यदुवंशप्रदीपिने ।।४९।।
नमस्कृत्येति सुप्तः स, स्रंस्तरे तृणनिर्मिते । जानूपरि क्रमं न्यस्या–च्छाद्य पीतांबरं तनौ ।।
वरदत्तादयो भूपा, रुक्मिण्याद्या ममांगनाः । पुत्राः प्रद्युम्नसांबाद्या–स्ते धन्या यैर्व्रतं दधे ।।
पूर्वजन्मनि जनित–निदानघनकर्मणा । अहं तु वासुदेवोऽपि सहामीति विडंबनां ।।५२।।
शयितो भावयन्नेवं, पादघातातिपीडितः । क्रूरध्यानधरः कृष्णः, कृष्णवर्त्मवदज्वलत् ।।५३।।
पिपासाशोकवातेन, त्रिधाप्यंगे निपीडितः । केशवत्वादधोगामी, नारायणो व्यचिंतयत् ।५४।

पूर्वं तापसमात्रेण, ज्वालिता नगरी मम । कृतः सर्ववियोगश्च, रामोऽपि सांप्रतं गतः ।५५।
अहं देवेन केनाप्य–परेण भूचरेण वा । समुदायवता पूव, न हतोऽस्मि कदाचन ।।५६।।
वनेचरानुकारेणं–काकिनापि दुरात्मना । हतो जराकुमारेणो–छाय गृह्णामि तं शठं ।५७।
खंडं खंडं विधायाहं, तस्यांगस्यापराधिनः । ददामि वनजोवानां, भक्षणं मांसकांक्षिणां ।५८।
ध्यानेनेत्यतिरौद्रेण, तृतीये नरके हरिः । आयुः सहस्त्रवर्षाणां, संपूर्णीकृत्य जग्मिवान् ।।५९।।

જરાકુમારના ગયા પછી કૃષ્ણના પગે અત્યંત વેદના થવા લાગી. પરંતુ ભાવી તીર્થંકર થવાના કારણે સમ્યક્ત્વધારી હોવાથી શુભ ધ્યાનમાં લીન બની ગયા. શ્રીકૃષ્ણ શુભ ભાવના ભાવતા બોલ્યા :– 'અરિહંત ભગવંતોને મારો નમસ્કાર થાઓ, સિદ્ધ પરમાત્માને મારો નમસ્કાર થાઓ, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયો તેમજ સાધુઓને મારો નમસ્કાર થાઓ, યાદવવંશના કુલદીપક આબાલબ્રહ્મચારી ભગવાન શ્રી નેમિનાથને મારો નમસ્કાર થાઓ.' આ પ્રમાણે ચાર શરણ સ્વીકારી, શરણ્યને નમસ્કાર કરીને, તૃણનો સંથારો કરી, પગ ઉપર પગ ચઢાવી, શરીર ઉપર પીતાંબર ઓઢીને સૂતા. તેઓ શુભભાવનામાં ચઢયા : ધન્ય છે વરદત્ત આદિ રાજાઓને, ધન્ય છે રૂકિમણી આદિ યાદવસ્ત્રીઓને, અને ધન્ય છે પ્રદ્યુમ્નશાંબ આદિ કુમારોને, કે જેઓ સાંસારિક સુખોને તૃણવત્ છોડીને ભગવંત પાસે વ્રત ગ્રહણ કરી, જીવન ધન્ય બનાવી રહ્યા છે. પૂર્વજન્મમાં કરેલા નિયાણાના પાપે વાસુદેવ થયેલો એવો હું, આ બધી વિડંબનાઓ ભોગવી રહ્યો છું. આ પ્રમાણે શુભ ભાવના ભાવી રહ્યા હતાં ત્યારે મૃત્યુની અંતર્મુહૂર્ત ઘડી આવી પહોંચી. 'ગતિ એવી મતિ' એ સિદ્ધાંતને અનુસારે કૃષ્ણને વાસુદેવપણું હોવાથી નરકગતિમાં જવાનું હોઇ, ક્રૂર રૌદ્રધ્યાન શરૂ થયું. પગની પીડા, ભયંકર તૃષા અને શોક, ત્રણે પ્રકારના વાતદોષથી અસહ્ય વેદનાને અનુભવતા નરકગામી કૃષ્ણ ભયંકર રૌદ્રધ્યાનમાં ચઢી ગયા. 'પેલા તાપસે મારી સ્વર્ગપુરી સમી દ્વારિકાને બાળી નાખી, અને મને બધાની સાથે વિયોગ કરાવ્યો. એ દુષ્ટ પાપી દ્વૈપાયનના શરીરના ખંડ ખંડ ટુકડા કરીને વનચર પશુઓને બલી માટે આપી દઉં ! કયાં ગયો એ દુષ્ટાત્મા તાપસ ? એ જ્યાં હોય ત્યાંથી કોઇ પકડી લાવો. અરે, કોઇ દેવ, દાનવ કે ભૂચર એકલો હોય કે સમુદાયમાં હોય, કોઈની તાકાત નથી કે મને એક જરા સરખો ઘા કરી શકે. ત્યારે પેલા વનેચર અધમાધમ જરાકુમારે મને બાણ માર્યું ? એ દુષ્ટ પાપી, તું અહીં આવ. તારૂં ગળુ પકડીને તને ગુંગળાવી નાખું. ઓ શઠ, લુચ્ચા, તું કયાં ભાગી ગયો ? તારા શરીરના ટુકડા કરી કરીને માંસભક્ષી ગીધડાઓને આપી દઉં. તારા શરીરની ઉજવણી કરતા ગીધડાઓને જોઈને મને શાંતિ થશે.' આ પ્રમાણે રૌદ્રધ્યાનમાં મરી, એક હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, કૃષ્ણ ત્રીજી નરકમાં ઉત્પન્ન થયા.

अथ पानीयमानीय, समागच्छन् विदूरतः । निश्चेष्टं काष्टवद् दृष्ट्वा, बंधुं बलो व्यचिंतयत् ।।
माभूत्केनापि जीवेन, हतोऽयं वैरिणाथवा । पश्यामि त्वरितं गत्वौ–त्सुक्यादागात्तदंतिके ।६१।
आगत्य तस्य तेनोक्त–मुत्तिष्टोत्तिष्ट बांधव । त्वदर्थं तोयमानीतमस्ति, तृष्णाच्छिदे पिब ।६२।
नोत्तिष्ठेन्नवदेद्याव–न्मोहेन विह्वलस्तदा । विलापैरिति वाक्यानि, रामो रुदन्नभाषत ।।६३।।

सत्यं भ्रातर्वदेस्त्वं न, सलिलार्थं गते मयि । बभूव महती वेला, तेन रुष्टोऽसि मां प्रति ।।६४।।
इयंतं समयं यद्य-प्यपराधा अनेकधा । मया कृतास्तथापि त्व-मस्था मौनो कदापि न ।६५।
दीर्घरोष्यपि नाभूस्त्वं, दीर्घनिद्रोऽपि केशव । वराके मयि किं दीर्घः, कोपः प्रारभ्यते त्वया ।।
भो वनदेवता यूयं, मयि रुष्टं सहोदरं । मानयतांतरे भूत्वा, यथा जल्पेदयं मया ।।६७।।
स मुंचन् दीर्घनिश्वासा-नूचे भो कुलदेवताः । यूयं कुत्र गता दुःखं, निराकुरुथ नो कथं ।।६८।।
पंचास्य त्वयि शौर्यं चे-द्भवेत्क्ष्वेडां तदा कुरु । यथा चासहमानोऽय-मुत्तिष्ठेत्त्वज्जिघृक्षया ।।
अहो मृगाः समायांतु, भवंतौऽपि भयोज्झिताः । यथायं खेलयेद्युष्मान्, मृदुस्वभावधारिणः ।।
मयूरास्तांडवं यूयं, समेत्य कुरुतादरात् । यथायं भवतां नृत्यं, समीक्षेत सहोदरः ।।७१।।
कोकिलाः पंचमं रागं, प्रकुरुध्वं निजेच्छया । यथा मद्बांधवो युष्म-द्गीतगानं श्रृणोत्ययं ।।
तेनैव वचनैः प्रोचे, बलभद्रस्तदावदत् ।। ब्रूहि बंधोऽहमेकाकी, बिभेम्यत्र बने घने ।।७३।।
दग्धा द्वारवती पूर्वं, पितृभ्यां मुमुचे पुनः । स्वजनैश्च वियोगोऽभू-त्तथाप्यस्थापि हृत्त्वयि ।७४।
न प्रजल्पसि यर्हि त्व-मपि तर्हि गतिर्मम । का भविष्यति बंधो त-द्वद त्वं वदनान्मया ।।७५।
तृषया पीडितस्यास्य मूर्छागता भविष्यति । सम्यक् तस्यां निवृत्तायां, वदिष्यति ममानुजः ।।
चिंतयित्वेति रामेण, शबमुत्पाटितं हरेः । निजस्कंधोपरि स्नेहात्, वदिष्यति ममानुजः ।।
यदा भूंक्ते स आहारं, तदा प्रथममेव तु । कृष्णास्ये कवलान् मुंचन्, ब्रूते गृहाण भोजनं ।।
यदा शबं न तल्लाति, बलदेवस्तदावदत् । कदापि क्षुधया स्थातुं, न क्षमस्त्वमभूर्हरे ।।७९।।
भ्रातः कथमिदानीं त्व-मागृहीतोऽपि लासि न । त्वत्स्वरूपं न जानामि, रुष्टोऽसि केन हेतुना ।।
यदा पिबति पानीयं, तदा तेन निमंत्रयेत् । रजन्यामामृशेत्पाद-तले बलोऽतिमोहतः ।।८१।।
कदाप्येतस्य कृष्णस्य, माभूद्दुःखं मनागपि । तिष्टेत्सेवनयैवेति, दिवारात्रौ स सात्वतः ।८२।
षण्मास्यामिति जातायां, जीवः सिद्धार्थसारथेः । यः स्वर्गं जग्मिवान्नेमि-पार्श्वं आदाय संयमं ।।
स्ववाचाप्रतिबंधेन, स्वर्गादेत्य स निर्जरः । रामस्य प्रतिबोधार्थं, रथमश्ममयं व्यधात् ।।८४।।
विषमं गिरिमुत्तीर्य, यावत्समे समागतः । तावत्स स्यंदनस्तस्य, खंडंखंडमजायत ।।८५।।
देवः कुटुंबिरूपेण, सज्जोचकार तं यदा । आसमंजस्यमालोक्य, तदा रामस्तमब्रवीत् ।।८६।।
भो मूर्खः यः समे स्थाने, भग्नोऽस्ति स्यंदनस्तव । संप्रत्येव विनोपायं, कथं सज्जीभविष्यति ।।
कुटुंबी प्राह भो मर्त्य, जीविष्यति यदा शबं । तदायमपि मे क्षिप्रं, रथः संधिं गमिष्यति ।८८।
पाषाणे पद्मिनीमग्रे, गत्वा सोऽवापयत्सुरः । हली प्राह कदाप्येषा-स्त्युद्गता दृषदि स्वयं ।।८९।।
स प्राहोत्पाटितं स्कंधो-पर्यंतत्कुणपं यदा । जीविष्यति तदा पद्मि-न्युद्गमिष्यति चोपले ।।
अहो राम मृतो मर्त्यो, न करोत्यदनादिकं । न पिबेत्सलिलं जल्पे-न्न वेत्ति जनसेवनं ।।९१।।
अतस्त्वमपि किं मोह-मौढ्येन नरकद्विषः । शरीरं वहसे सेवां, करोषि प्रतिवासरं ।।९२।।

कलेवरमिदं विष्णो-र्जीवेनास्ति विवर्जितं । ततस्त्वया कृतौ भक्ति-मोहौ वेत्ति न सर्वथा ॥
एवं तदीयवाक्येन, प्रतिबोधमवाप्य च । देहसंस्कारमासूत्र्य, वैराग्याद् व्रतमाददे ॥९४॥
दीक्षोद्यतं बलं ज्ञात्वा, श्रीनेमिप्रेषितस्य च । विद्याधरमुनेः पार्श्वे, रामो दीक्षां गृहीतवान् ॥

પાણી લઇને ત્વરાથી આવતા બલભદ્ર, દૂરથી કાષ્ઠની જેમ નિશ્ચેષ્ટ પડેલા બંધુને જોઈ વિચારવા લાગ્યા :– 'શું મારા ભાઇને કોઇ દુશ્મને માર્યો તો નહી હોય? અથવા નજીકમાં જઈને જોઉં.' એમ ઉત્સુકતાથી દોડતા બલભદ્રે કૃષ્ણની નજીકમાં આવીને કહ્યું :– 'ઉઠ ઉઠ ભાઈ, જો તારા માટે પાણી લાવ્યો છું. આ ઠંડું પાણી પીને તારી તૃષાને શાંત કર.' આ પ્રમાણે કહેવા છતાં કૃષ્ણ ઉઠયા નહી, અને બોલ્યા નહીં, ત્યારે મોહથી વિહ્વલ બનેલા બલભદ્ર વિલાપ કરવા લાગ્યા અને રૂદન કરતા કરતા બોલવા લાગ્યા :– 'હે ભાઈ, તું સાચું કહે. હું તારા માટે પાણી લેવા ગયો ને ઘણો સમય થઇ ગયો, તેથી તું રોષે ભરાયો છે? આજ સુધી મેં તારા ઘણા ઘણા અપરાધો કર્યા હશે, છતાં તું કયારે પણ રોષે ભરાયો નથી, અને મારી સાથે અબોલા લીધા નથી. હે કેશવ, તું આ રીતે લાંબા સમય સુધી ક્રોધ ના કર. શું તું ઊંઘી ગયો છે? આટલી લાંબી ઊંઘ તારે કરવી ના જોઇએ. અરે કેશવ, તું મારા સામું તો જો. મારા જેવા રાંક ઉપર આટલો બધો ગુસ્સો કરવો શું તને ઉચિત લાગે છે? તારા અબોલાથી મને શું શું થતુ હશે? ભાઇ, મારા ઉપર જરા તો દયા લાવ. તું આંખ ખોલીને મારા સામું તો જો. હે વનદેવતા, મારા ઉપર રોષે ભરાયેલા મારા સહોદરને તમે મનાવો કે તે મારી સાથે બોલે.' ફરી પાછા કૃષ્ણનું મુખ ઉંચુ કરીને બોલ્યા :– 'ઉઠ બાંધવ ઉઠ, મારા વ્હાલા ભાઈ, તું કેમ બોલતો નથી?' પાછા દીર્ઘ નિસાસા નાખતા કુલદેવીને ઉદ્દેશીને બોલ્યાઃ 'હે કુલદેવતા, તમે અમારૂં દુઃખ કેમ દૂર કરતા નથી? અત્યારે બધી કુલદેવીઓ કયાં ચાલી ગઇ? ભલે, અમારું બધુ ચાલ્યું ગયું, પરંતુ એક મારા ભાઈને મારી સાથે બોલતો કરો. મારે બીજું કંઇ જોઈતુ નથી.' હવે સિંહને ઉદ્દેશીને કહે છે : 'હે સિંહો, જો તમારામાં શૌર્ય હોય તો એક સિંહનાદ કરો. તમારો સિંહનાદ નહીં સહી શકવાથી તમને મારવા માટે મારો ભાઈ ઉભો થશે.' 'હે મૃગલાઓ, ભય મૂકીને તમે અહીં આવો. મૃદુ સ્વભાવવાળા તમને જોઇને, તમારી સાથે ક્રીડા કરવા માટે મારો ભાઈ ઉઠશે.' 'હે મોરલાઓ, તમે અહીં આવીને નૃત્ય કરો, તમારૂં નૃત્ય-તમારી કલા જોઈને મારો બંધુ ખુશ થશે.' 'અરે કોકિલાઓ, તમે તો અહીં આવો. તમારો મધુર પંચમ સૂર સાંભળીને મારો બાંધવ ખૂશ થાય.' આ પ્રમાણે પશુ પક્ષીઓને ઉદ્દેશીને કહ્યા બાદ બલભદ્ર કૃષ્ણના શબને ખોળામાં લઈને રૂદન કરતા કરતા બોલે છે :– 'હે બંધુ, આ ભયંકર જંગલમાં હું એકલો ડરી રહ્યો છું. માટે તું બોલ. તું મારી સાથે બોલીશ તો પછી મને કોઇનો પણ ભય નથી. દ્વારિકાનો નાશ થયો. માતા પિતા તેમજ સ્વજન આદિ બધાનો વિયોગ થયો. તેમ છતાં એક તારો સહારો મારા માટે સર્વસ્વ છે. આવી વિકટ પરિસ્થિતિમાં હે બંધુ, તું આમ રીસ કરીને બેસી જાય તો મારૂં શું થશે? તું મારા સામું તો જો. હું કેટલો દુઃખી થઇ રહ્યો છું? તું બોલીને મને ખુશ કર,' અતિ તૃષાથી મારો ભાઇ મૂર્છિત થઇ ગયો લાગે છે, તેથી એના મોઢામાં પાણી નાંખુ. જલપાન કરવાથી એની તૃષા શાંત થશે પછી મારો ભાઇ બોલશે.' આ પ્રમાણે વિચારીને બલભદ્રે કૃષ્ણનું શબ ગોદમાં લઇને મુખમાં પાણી રેડવા માંડયું. પાણી બહાર ચાલ્યું જાય છે, છતાં 'ભાઈ તું પાણી પી! તું કેમ

પીતો નથી ?' આ પ્રમાણે બોલતા અને રડતા રામ, કૃષ્ણને મનાવવા માટે અથાગ પરીશ્રમ કરે છે. પરંતુ મોહથી વિહ્વળ બની ગયેલા બલભદ્ર, કૃષ્ણને મરણ પામેલા માનવા તૈયાર નથી. પછી તો મોહાંધ બનેલા બલભદ્ર, ખભા ઉપર કૃષ્ણનું મૃતક ઉપાડીને ત્યાંથી આગળ જાય છે. જ્યારે પોતે સ્નાન કરે છે ત્યારે શબને સ્નાન કરાવે છે. પોતે ભોજન કરે છે તે પહેલાં કૃષ્ણના શબના મુખમાં કોળીયા મૂકીને કહે છે કે 'ભાઈ, તું ભોજન કર.' જ્યારે શબ ભોજન ના લે ત્યારે 'હે ભાઈ, પહેલાં તો તારાથી એક ક્ષણ માત્ર ભૂખ સહન થતી નહોતી. કોણ જાણે તારૂં આ સ્વરૂપ નથી સમજાતું કે તું કયા કારણે આટલો બધો રોષે ભરાયો છે ? ભાઈ તું મને ક્ષમા કર ! લે આ ભોજન કરી લે !' આ રીતે જ્યારે પોતે પાણી પીવે છે ત્યારે પણ કૃષ્ણને નિમંત્રણ કરે છે. રાત્રિમાં પોતે સૂવે છે તે પહેલાં બલભદ્ર કૃષ્ણના માટે જમીન સાફ કરી, શય્યા પાથરીને સૂવાડે છે. 'મારા પ્રિય બંધુ કૃષ્ણને જરા પણ દુઃખ ના થાઓ.' તેને માટે બલભદ્ર અતિ મોહથી રાત-દિવસ તેની સેવામાં સતત તત્પર રહે છે. આ રીતે શબને ખભે ઉંચકીને ગામોગામ ફરતા બલભદ્રને છ મહિના થઇ ગયા. ત્યારે સિદ્ધાર્થ સારથીનો જીવ (બલભદ્રના સારથીએ દીક્ષા લીધા પહેલા બલભદ્રને પ્રતિબોધવાનું વચન આપ્યું હતુ) કે જેણે ભગવાન નેમિનાથ પાસે સંયમ ગ્રહણ કર્યું હતું અને તે સ્વર્ગલોકમાં ઉત્પન્ન થયેલો. પોતાના વચન પ્રમાણે બલભદ્રને પ્રતિબોધ કરવા માટે સ્વર્ગમાંથી પૃથ્વી પર આવ્યો ને એક ખેડૂતનું રૂપ ધારણ કર્યું. તેણે પત્થરનો રથ બનાવ્યો. તે રથને વિષમ (ખાડા ટેકરાવાળી) ભૂમિમાંથી નીચે ઉતારીને સમ ભૂમિમાં લાવ્યો. તેની સાથે જ રથના ટુકડે ટુકડા થઇ ગયા. ખેડૂતરૂપે દેવ રથના પત્થરના ટુકડા જોડવા માટે નિષ્ફલ પ્રયાસ કરે છે. આવું અસમંજસ કાર્ય જોઇને બલભદ્ર ખેડૂતને કહે છેઃ- 'હે મૂર્ખ, જે તારો રથ સમભૂમિમાં ભાગી ગયો, તે હમણાં સાધન વિના કઇ રીતે સારો થશે ?' ખેડૂતે કહ્યું :- 'હે માનવ, જો તારૂં આ શબ જિવીત થશે તો મારો આ રથ કેમ સજ્જ નહી થાય ?' અણગમો દાખવીને બલભદ્ર ત્યાંથી આગળ ચાલ્યા. ત્યારે દેવ આગળ જઈને તેમના રસ્તામાં પત્થરની શિલા પર કમલ ઉગાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો ! બલભદ્રે કહ્યું :- 'અરે મૂર્ખ શિરોમણી, તું આ ફોગટ બાલચેષ્ટા કરી રહ્યો છે, કયારે પણ જાણ્યું છે પત્થર ઉપર કમલ ઉગવાનું ?' ત્યારે દેવે કહ્યું :- 'જો તારા સ્કંધ ઉપર રહેલું મડદુ જીવતું થતું હોય તો પત્થર ઉપર કમલ કેમ ના ઉગી શકે ?' ત્યાર પછી દેવે પ્રત્યક્ષ થઈને કહ્યું :- 'અહો રામ ! મરેલો માનવી કયારે પણ ભોજન કરે ખરો ? કયારે પણ મડદુ પાણી પીવે ખરૂં ? અને કયારે પણ બોલે ખરૂં ? તમે મોહમૂઢતાથી આ શું કરી રહ્યા છો ? જીવ વિનાના વિષ્ણુના કલેવરને ખભે ઉપાડી ઉપાડીને હંમેશા ફર્યા કરો છો, બલભદ્રજી, આપની કેટલી મોહમૂઢતા ? વિષ્ણુનું મરણ તો આજથી છ મહિના પહેલા જરાકુમારના બાણથી થયેલું છે. છતાં આપ વિષ્ણુ પ્રત્યેના અનુરાગથી પાગલની જેમ આચરણ કરી રહ્યા છો. હું આપનો સારથિ સિદ્ધાર્થ, દીક્ષા લેતી વખતે આપને વચન આપેલું. સંયમની આરાધના કરીને હું બીજા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છું. અવધિજ્ઞાનથી આપનું સ્વરૂપ જોઇને આપને પ્રતિબોધ કરવા આવ્યો છું. તો હવે આપણે કૃષ્ણ વાસુદેવના દેહનો અગ્નિસંસ્કાર કરીએ.' એમ કહીને દેવે સિંધુનદીના કાંઠે ચંદનની ચિતામાં કૃષ્ણના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાર બાદ દેવ સ્વસ્થાને ગયો અને બલભદ્ર વૈરાગ્ય પામી દીક્ષા લેવા માટે ઉદ્યત થયા. ભગવાન નેમિનાથે બલભદ્રને દીક્ષા લેવા માટે ઉત્સાહિત થયેલા જાણી વિદ્યાધર મુનિને બલભદ્ર પાસે મોકલ્યા.

वैराग्येण शरीरादि-सुखे जानन्ननित्यतां । बभूव प्रतिमाधारो, मार्गयित्वा गुरोर्वचः ।९६।
पारणाय यदा याति, नगरे स मुनिस्तदा । स्थानात्स्थानाद्वशावृंदं, निर्गच्छेद्रूपमोक्षितुं ।।
सान्वतो नगरेऽन्येद्यु-र्मासक्षपणपारणे । समायातो नरस्त्रीणां, मंडलान्यमिलंस्तदा ।।९८।।
बालकेन युता काचि-त्कामिनो कूपतो जलं । समानेतुं समायाता, यावत्कूपतटे मुदा ।९९।
तावदाहारमादातुं, बलभद्रमुनिर्गिरेः । पारणस्याभिलाषेण, पुरीमध्यं समागतः ।।३००।।
तद्रूपदर्शनौत्सुक्यं, दधाना जलकर्षिणी । घटस्थाने सुतस्यैव, कंठे च रज्जूमक्षिपत् ।।१।।
रूपदर्शनलुब्धाया-स्तस्याः स्वरूपमात्मना । विलोक्य बलभद्राख्यो, मुनिरेवं व्यचिंतयत् ।२।
धिगस्तु मम रूपं च, यस्य प्रदर्शनोत्सुका । अप्रेक्षणीयमीदृक्षं, करोति कर्म कामिनी ।।३।।
मद्रूपमोहिता स्त्री चे-द्विधत्ते कार्यमीदृशं । कदाप्याहारमादातुं, नागंतव्यं पुरे मया ।।४।।
इत्यभिग्रहधारी स, भूत्वा कानन एव च । तिष्ठन्नाहारमादत्ते, न चाप्तौ कुरुते तपः ।।५।।
षष्टिमासक्षपणानि, पक्षकक्षपणानि च । चतुर्मासीश्चतस्रश्च, मुनिरेवं तपो व्यधात् ।।६।।
तुंगिकासानुमच्छृंगे, क्रियमाणे तपस्यलं । संस्थिता काननेऽभूवन्, श्वापदा वशवर्त्तिनः ।।७।।
तिष्ठतस्तस्य तत्रैव, मिलिता महती सभा । पंचाननमृगव्याघ्र-शशादिजंतूपूरिता ।।८।।
राममाहात्म्यतोऽन्योन्यं, मुक्तद्वेषेषु तेष्वलं । समेतेषु मुनिर्दत्ते, देशनां दुःखनाशिनीं ।।९।।
तां श्रुत्वा श्रावकाः केऽपि, सम्यक्त्वधारिणोऽभवन् । केऽप्यमी चक्रिरे देश-विरतिं रतिदायिनीं ।
केऽपि कंदफलाहारं, केऽपि मांसस्य भक्षणं । केऽपि कादंबरीपानं, प्रत्याख्यांति तदंतिके ।।
तिर्यग्भवविनाशाय कायोत्सर्गं वितेनिरे । केऽपि चानशनं प्रांते, विदधुः स्वर्ययियासया ।१२।
केचिन्मनुष्यतो भीति-मजानंतो मृगादयः । बिभ्रतो भद्रकत्वं च, संजाताः सेवका इव ।१३।
जातिस्मरणतः कश्चि-त्संवेगी शिष्यवन्मुनेः । पूर्वजन्माभिसंबंधी, संजातो हरिणाग्रणीः ।१४।
स पारणदिने साधो-रुत्तोर्णं सार्थमिक्ष्यते । तं दृष्ट्वा ज्ञापयेत्पुच्छ-शिरोनेत्रादिसंज्ञया ।१५।
वाचंयमोऽपि तां जानन्, ध्यानं मुक्त्वोपरोधतः भिक्षायै कानने गच्छे-त्तेनैव मार्गदर्शिना ।।
एवं तपस्विनस्तस्य, यदागच्छति पारणा । स एव हरिणः पूर्वं, समीक्ष्य ज्ञापयेत्तदा ।।१७।।
अन्यदा पारणे साधो-स्तेन सार्थः समीक्षितः । न तथापि स कुत्रापि, लेभे भक्तिभृता यतौ।।
भूयोऽपि भ्रमता तेन, तत्रैव काननेऽभितः । वृक्षादिच्छेदनायेतो, रथकारो निरीक्षितः ।१९।
निष्पन्नं भोजनं तस्य, समालोक्य मृगः सुधीः । ज्ञापयेद् व्रतिनः सोऽपि, तेनैव सह जग्मिवान्
कदाचिच्चेत्समागच्छेत्, कश्चिदभ्यागतोऽधुना । तदाहं भाग्ययोगेन, दत्वा करोमि भोजनं ।।
एवं व्यचिंतयद्याव-द्रथकृद्दानबुद्धितः । तावत्तत्रागतो राम-मुनिर्भिक्षाजिघृक्षया ।।२२।।
जंगमं स्वर्गिणां वृक्ष-मिवागच्छंतमद्भुतं । निरीक्ष्य रथकारोऽपि, व्यमृशद्विस्मयाकुलः ।२३।
अहो न रूपमीदृक्षं, स्वर्गलोके सुपर्वणां । मर्त्यलोके मनुष्याणा-मपरस्यापि कस्यचित् ।२४।

अद्य धन्योऽवतारो मे, धन्ये अद्य विलोचने । येनाहाराय पश्याम्या–गच्छंतममुमंतिके ।२५।
समागतं समालोक्य, बलभद्रं महामुनिं । पंचांगप्रणिपातेन, प्रणत्य रथकृज्जगौ ।।२६।।
प्रसारय प्रभो पात्रं, पात्रं त्वत्तोऽपरो न हि । गृहाण त्वमिमां भिक्षां, मां निस्तारय संसृतेः ।।
आदरं रथकारस्य, निरीक्ष्य मुनिपुंगवः । संतुष्टोऽभूत् प्रदत्ताहि, भिक्षादरेण सत्फला ।२८।
अज्ञासीन्मुनिरप्युच्चै—रहो भाग्योदयो मम । काननेऽपि हि निर्दोष–माहाराप्तिरजायत ।२९।
आहारं न ग्रहिष्यामि, यद्येनं दोषवर्जितं । मम तर्हि शरीरस्य, धारणा न भविष्यति ।।३०।।
अस्यापि मिलितस्वर्गो–चितकर्मदलस्य च । अंतरायविधानेऽहं, भविष्यामि निबंधनं ।।३१।।
मत्वेति मुनिना पात्रं, पुरतस्तस्य मंडितं । तदा तुल्यगतिग्राही, पार्श्वस्थोऽचिंतयन्मृगः ।३२।
धन्यो मुनिरयं येन, निर्दोषाशनमाप्यत । धन्योऽयं रथकारोऽपि, येनाहारः समर्पितः ।।३३।।
तिर्यग्भवधरं मां धि–ग्दानपुण्यविवर्जितं । निंदन्निति निजं कर्म, स भावनामभावयत् ।।३४।।
निरवद्याशनावाप्त्या, पात्रप्राप्त्या च वर्धकिः । मृगो भावनया शुद्धा–स्त्रयोऽपीमेऽभवंस्तमां ।
अभूद्यो रथकारेण, मुक्तोऽर्धच्छिन्नपादपः । स वातेन प्रचंडेन, पपात तत् त्रयोपरि ।।३६।।
निहतास्तरुपातेन, त्रयोऽपि प्राप्तमृत्यवः । ऊत्पेदिरे ब्रह्मलोक–पद्मोत्तरविमानके ।।३७।।
अवलोक्यावधिज्ञाना–द्भ्रातरं नरकस्थितं । रामजीवसुरस्तत्र, गतवान् बंधुमोहतः ।।३८।।
गत्वा चालिंगनं दत्वा, जगाद केशवं सुरः । भ्रातस्त्वत्स्नेहतः स्वर्ग–लोकान्मिलितुमागतः ।।
ततो ब्रूहि तवाभीष्टं. किं समस्ति करोमि तत् । कथयित्वेति तेन स्व–पाणिभ्यां स समुध्धृतः ।।
बलदेवकरस्पर्शा–द्वपुस्तस्य पृथक्पृथक् । भूत्वा च न्यपतत्सूत, इवामिलत्पुनर्द्रुतं ।।४१।।
शरीरं मिलितं याव–त्समस्तमपि तावता । उपलक्ष्य बलं बंधुं, नत्वा च प्राह माधवः ।।४२।।
भ्रातः श्रीनेमिना पुण्या–त्प्रोक्तस्त्वं स्वर्गगामुकः । अहं तु विषयासक्तः, कथितो नरकातिथिः ।।
तत्सर्वमेव संजातं, सूनृतं नेमिभाषितं । भुंक्ष्व तेन दिवःसौख्य—महं नरकदुःखितां ।।४४।।
अथ चेत्तव सामर्थ्यं, तदेतो मां समुद्धर । सुरः प्राह तदुद्धार, इतः कर्तुं न शक्यते ।।४५।।
अन्यत्किमपि यत्ते स्या–द्वांच्छितं विदधामि तत् । अथवा सन्निधानेऽहं, तिष्ठामि प्रीतये तव ।
कृष्णः प्राह यदि भ्रातः, स्थितस्त्वं मम सन्निधौ । तथापि निजकर्मोत्थं दुखं न याति नारकं ।
कर्मणोपार्जिते दुःख–सौख्ये शरीरधारिणां । स्वयमेवोपभुज्येते, अपरेण न केनचित् ।।४८।।
अवस्थयैतया मित्र, मोक्ष्ये दुःखं स्वकर्मजं । अत्र स्थितोऽहमेकाकी, सर्वथा सुखवर्जितं ।।४९।।
ततस्त्वं भरते गत्वा, शंखचक्रगदाधरं । पीतांबरं सुपर्णांकं, मां विमाने प्रदर्शय ।।५०।।
आत्मानं नीलवस्त्रं च, तालांकं लांगलायुधं । मर्त्यलोके मनुष्याणां,प्र दर्शय समंततः ।।५१।।
विमानसंस्थितौ राम–गोविंदौ व्योमचारिणौ । क्रीडां प्रकुरुतः स्वैरं, पूरयंतौ जनेप्सितं ।५२।
प्रतीतिर्भरतक्षेत्र–वासिनां प्राणिनामिति । यथा भवति वार्तापि, न मे नरकगामिनी ।।५३।।

रामोऽपि वचनं विष्णोः, प्रमाणीकृत्य भारते । गत्वा तथैव चक्राते, भ्रातृमोहेन मोदितः ॥
विमानस्थितयो राम–मधुसूदनयोः शुभे । रुपे द्वे त्रिदशः कृत्वा, समस्तानामदर्शयत् ॥५५॥
राममाधवयोर्मूर्तो, पूजयिष्यति यो जनः । तस्य पुत्रकलत्रादि, सर्वमिष्टं भविष्यति ॥५६॥
उत्कृष्टं देवताबुद्धि, नैतयोर्यः करिष्यति । धनधान्यकुटुंबानां, हानिरेव तदालये ॥५७॥
एतावेव जगत्सृष्टि–संहारप्रविधायिनौ । रामकृष्णौ प्रवर्त्तेते, न परः कोऽपि निर्जरः ॥५८॥
ततो द्वारवतीपुर्या, अस्माभिरेव निर्मितौ । उत्पत्तिप्रलयौ केना–प्यपरेण न नाकिना ॥५९॥
कथयामास निःशेष–लोकानामिति निर्जरः । सकलोऽपि ततो लोको–ऽपूजयत्प्रतिमे तयोः ॥
कारयित्वा स्वगोविंद–प्रतिमापूजनं बलात् । बलदेवः सुरोऽगच्छ–त्पंचमे त्रिदशालये ॥६१॥

पुण्याज्जयः स्याद्बहुसौख्यकर्त्ता, पापात्क्षयश्चातुलदुःखकर्त्ता ।
प्रत्यक्षमेतद्बलदेवविष्णो—विलोकनीयं विबुधेन पुंसा ॥६२॥

બલભદ્રે વિદ્યાધર મુનિ પાસે ચારિત્ર ગ્રહણ કરી, ઘોર તપશ્ચર્યા શરૂ કરી. શરીર આદિને અનિત્ય અને ક્ષણિક જાણતા વિરાગી બલભદ્ર ગુરૂની આજ્ઞાનુસાર પ્રતિમાધારી બન્યા. એક માસક્ષમણ, બે માસક્ષમણ, ચાર માસક્ષમણ આદિ ઉગ્ર તપશ્ચર્યાના પારણે મુનિવર જ્યારે નગરમાં ભિક્ષા માટે જાય છે ત્યારે સ્થાને સ્થાને સ્ત્રીઓનાં ટોળાં બલભદ્રના રૂપને જોવા માટે ભેગાં થાય છે. એક વખતે માસક્ષમણના પારણે બલભદ્રમુનિ તુંગીયાપુર નગરમાં જતા હતા ત્યારે કુવાના કાંઠે પાણી ભરવા આવેલી સ્ત્રીઓ, મુનિનું રૂપ જોવામાં મશગુલ બનીને ઊભી રહી, તેમાંની એક સ્ત્રી મુનિના રૂપમાં આસક્ત બનેલી કુવામાંથી જલ લેવા માટે ઘડાના બદલે પાસે રહેલા બાલકના ગળામાં દોરડાનો ફાંસો નાખીને, બાળકને કુવામાં ઉતારતી હતી. તેટલામાં બલભદ્રમુનિ નજીકમાં આવી ગયા. આવું અઘટિત કાર્ય જોઈ ને બાઈ ને કહ્યું :–'અરે, મુગ્ધા, આ શું કરે છે ? મારા રૂપમાં મુગ્ધ બનેલી તું, તારા બાળકને કુવામાં ફેંકવા તૈયાર થઈ ગઈ છે ?' તરત જ બાઈ સભાન થઇ ગઇ, પરંતુ બલભદ્રમુનિ વિચારવા લાગ્યા :–'ધિક્કાર છે મારા રૂપને, કે મારા રૂપમાં આસક્ત બનેલી સ્ત્રીઓ આવા પ્રકારનું અઘટિત કાર્ય કરે છે. બસ, હવેથી મારે નગર કે કોઇ ગામમાં આહાર લેવા માટે જવું નહી.' આ પ્રમાણેનો ઉત્કૃષ્ટ અભિગ્રહ ધારણ કરી, તપશ્ચર્યાને કરતા તેમણે જંગલમાં જ નિવાસ કર્યો. જંગલમાં કયારેક આહારની પ્રાપ્તિ થાય તો પારણું કરે, નહીતર કાયમ ઉપવાસ કરતા. કોઇક વખત છ મહિનાના ઉપવાસ થાય તો કયારેક પંદર દિવસ, વીસ દિવસ, માસક્ષમણ કે ચાર માસક્ષમણની તપશ્ચર્યા થતી. તુંગિકાપર્વતના શિખર ઉપર તપશ્ચર્યાને કરતા બલભદ્રમુનિને જંગલમાં રહેલા જંગલી પશુઓ વશ થયા. મુનિ જયારે કાયોત્સર્ગ–ધ્યાનમાંથી મુક્ત થાય ત્યારે સિંહ, વાઘ, શિયાળ, હરણિયાં, સસલાં આદિ પશુઓ એમની પાસે આવીને બેસતા. મુનિના તપોબલથી પશુઓ પરસ્પરના વૈરને ભૂલી મિત્રરૂપે સાથે બેસતા, મુનિ તેઓને દુઃખ વિનાશિની દેશના આપતા ! દેશના સાંભળીને કેટલાક પશુઓ સમ્યક્ત્વને ધારણ કરનારા થયા, તો કેટલાક દેશવિરતિધારી બન્યાં. કેટલાંકે તો કંદમૂળનું ભક્ષણ તેમજ માંસભક્ષણ પણ છોડી દીધું. આ પ્રમાણે પશુઓ પોતાના તિર્યંચ ભવના વિનાશ માટે મુનિની પાસે કાયોત્સર્ગ–ધ્યાનમાં રહેતાં. અનેક પશુઓ મુનિની પાસે અનશન કરીને સ્વર્ગલોકમાં ગયાં. મનુષ્યોના ભયને નહી ગણકારતા

હરણીઓ ભદ્રક (સરલ) ભાવને ધારણ કરતા સેવકની જેમ મુનિની સેવા કરતા. જાતિસ્મરણ-જ્ઞાનથી, પૂર્વભવનો સંબંધી એક મુખ્ય હરણીયો, વૈરાગ્ય પામી બલભદ્રમુનિના શિષ્યની જેમ રાત-દિવસ મુનિની સેવામાં રહેતો. પારણાના દિવસે પર્વત ઉપરથી ઉતરીને જંગલમાં ચારે બાજુ તપાસ કરી આવે. જંગલમાં કોઇ સાર્થ કે માણસો આવ્યા હોય તો પોતાના પૂંછડાથી અથવા મસ્તક અને નેત્રોની સંજ્ઞાથી મુનિને ત્યાં લઇ જાય, અને મુનિ આહાર કરે ત્યારે તે હરણ નાચી ઉઠે. ઘણી ઘણી અનુમોદના કરે. મુનિ પણ તેના આગ્રહથી ધ્યાન પૂરૂ કરી તેની સાથે જાય. આ પ્રમાણે નિત્યક્રમ મુજબ હરણ એક દિવસ જંગલમાં તપાસ કરવા માટે ગયો, ત્યાં એક રથકાર (સુથાર) લાકડા કાપવા માટે પોતાના માણસોની સાથે જંગલમાં આવેલો. ભોજન વેળાએ રસોઇ કરતા માણસોને જોઇને હરણ મુનિને આગ્રહ કરીને ત્યાં બોલાવી ગયું. મુનિ પણ તેના આગ્રહથી ભિક્ષા લેવા માટે ત્યાં આવ્યા. રથકાર પણ ભોજનની તૈયારી કરતા પહેલા વિચારે છે કે : 'આ જંગલમાં મારા ભાગ્યયોગે કોઈ અતિથિ, અભ્યાગત અથવા સંન્યાસી આવે તો તેમને ભોજન કરાવીને પછી હું ભોજન કરૂ" આ પ્રમાણે રથકારના શુભસંકલ્પથી તેને તરત જ મુનિરાજનાં દર્શન થયા. જંગમ કલ્પવૃક્ષ સમાન મુનિવરનું અદ્ભુત રૂપ જોઇને, રથકાર વિસ્મિત બનીને વિચારમાં પડયો :- 'અહો ! સ્વર્ગલોકના દેવોનું પણ આવું રૂપ નહીં હોય, તો મનુષ્ય લોકમાં તો આવા અદ્‌ભૂત રૂપનો સંભવ જ કયાંથી હોય ? ઓહો ! આવા અદ્ભુત રૂપવાન મુનિવર કોણ હશે ? ધન્ય ભાગ્ય મારાં, કે મને આવા તપસ્વી મુનિના દર્શન થયાં ! ધન્ય છે આજનો પવિત્ર દિવસ અને ધન્ય છે મારા નેત્રોને ! આવા મુનિવરના દર્શન કરીને પાવન થયા. આહારને માટે આવતા મુનિવર પાસે જઇને જોઉં, તેમને વંદન કરૂં અને મારા આત્માને સફલ બનાવું.' આ પ્રમાણે વિચારી રથકારે મુનિવર સામે જઈ પંચાંગ પ્રણિપાત (નમસ્કાર) કરીને મુનિવરને ભાવપૂર્વક વિજ્ઞપ્તિ કરી :- 'પ્રભો, આપ પાત્ર પ્રસારો. આપનાથી શ્રેષ્ઠ બીજુ કોઇ પાત્ર નથી. આપ ભિક્ષાને ગ્રહણ કરી સંસાર સમુદ્રથી મારો નિસ્તાર કરો.' મુનિ પણ રથકારનો આદર-ભાવ જાણીને સંતુષ્ટ થયા અને ભિક્ષા લેવા માટે પાત્ર લઈને શુભ-ભાવના ભાવે છે :- 'અહો, આજ મારો ભાગ્યોદય કે જંગલમાં પણ મને નિર્દોષ આહારની પ્રાપ્તિ થઈ. નિર્દોષ આહાર નહી લઉં તો શરીર ટકી શકે નહી. અને નિર્બળ શરીરથી સંયમની આરાધના થઈ શકે નહી. જો હું આહાર ગ્રહણ ના કરૂં, તો રથકારને અંતરાય કરનારો થાઉં", આ પ્રમાણે બલભદ્રમુનિ શુભભાવના ભાવતા ઉભા રહ્યા. રથકાર પણ પોતાની જાતને કૃતાર્થ માની રહ્યો. અને પાસે ઊભેલો મૃગ પણ મુનિ અને રથકારની અનુમોદના કરી રહ્યો : 'ધન્ય છે મુનિને કે જેમને જંગલમાં પણ નિર્દોષ આહારની પ્રાપ્તિ થઇ. ધન્ય છે રથકારને કે જે આવા મહામુનિને આહાર આપીને, તેમની સંયમની સાધનામાં સહાયક બની રહ્યો છે. હું નિષ્પુણ્ય છું કે પશુભવ (તિર્યંચભવ)માં આવું કોઇ સુકૃત કરી શકતો નથી. ધિક્કાર છે મારા આત્માને.' આ પ્રમાણે મુનિ, રથકાર અને હરણ-ત્રણે જીવોએ સ્વર્ગલોકને ઉચિત શુભભાવનાપૂર્વક દેવાયુનો બંધ કર્યો. ત્યાં રથકારે અધું કાપેલું વૃક્ષ પ્રચંડ પવનથી એ ત્રણેના મસ્તક ઉપર પડયું. પડતાની સાથે જ મુનિ, રથકાર અને હરણ ત્રણે જીવો મનુષ્યઆયુ પૂર્ણ કરી, મરણ પામી, પાંચમા બ્રહ્મ-દેવલોકના પદ્મોત્તર વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. બલભદ્રદેવ અવધિજ્ઞાનથી નરકના દુઃખ ભોગવી રહેલા શ્રી કૃષ્ણને જોઇને, બંધુપ્રેમથી પ્રેરાઇને સ્વર્ગલોકમાંથી નરકલોકમાં ગયા. કૃષ્ણને આલિંગન આપીને દેવે કહ્યુ :- 'બંધુ, તારા પ્રત્યેના સ્નેહથી પ્રેરાઈને હું બલભદ્રનો આત્મા દેવ, સ્વર્ગલોકમાંથી તને મળવા માટે આવ્યો છું. તેથી હે ભાઈ, તું કહે, તારૂં શું અભિષ્ટ

કરૂં ?' એમ કહીને દેવે પોતાના બે હાથે કૃષ્ણના શરીરને ઉપાડયું, કે તરત જ બલભદ્રદેવના હાથના સ્પર્શથી કૃષ્ણનું શરીર વિખરાઈને છૂટું છૂટું પડી ગયું. ત્યારબાદ છૂટા પડેલા અવયવો તરત જ ભેગા થઈ ગયા. અવયવો શરીરરૂપે બન્યા પછી કૃષ્ણના આત્માએ બલભદ્રને ઓળખી નમસ્કાર કરીને કહ્યું : 'બંધુ, ભગવાન નેમિનાથે તને સ્વર્ગગામી કહેલો અને મને નરકગામી કહેલો. ભગવંતનું તે વચન યથાર્થ બન્યું. તું પુણ્યશાલી સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થયો અને વિષયાસક્ત પાપાત્મા એવો હું નરકનો અતિથિ બન્યો. તેથી તું દેવલોકના દિવ્યસુખોને ભોગવ અને હું નરકની ઘોર વેદના ભોગવીશ. ખરેખર, ભગવાને કહેલું તે બધું સત્ય બન્યું છે. હવે તેનો શોક કરવાથી શું ? જીવે જેવાં કર્મો બાંધ્યા હોય, તેવા તેના કટુ વિપાક ભોગવવા જ પડે છે. તેમ જાણવા છતાં બંધુ, મારાથી નરકની આ ઘોર વેદનાઓ સહન નથી થતી. જો તારૂં સામર્થ્ય હોય તો આ નરકથી મારો ઉદ્ધાર કર.' દેવે કહ્યું : 'ભાઈ, નરકમાંથી ઉદ્ધાર કરવાનું મારૂં સામર્થ્ય નથી. પરંતુ બીજુ કંઈ તને જે ઇચ્છિત હોય તે કરી શકું. તું કહે તો તારા સ્નેહની ખાતર તારી પાસે રહું. તારાથી વધીને મારે સ્વર્ગના સુખનું કોઈ પ્રયોજન નથી.' કૃષ્ણે કહ્યું :– 'ભાઈ, તું મારી પાસે રહે તો પણ મારા કરેલા કર્મો તો મારે જ ભોગવવાના છે. તારા રહેવાથી નરકના દુઃખ ઓછા થવાનાં નથી. અહીં હું એકલો રહીને કર્મનાં ફળો ભોગવીને જ છૂટકારો પામીશ. આપ સ્વર્ગમાં પધારો. મારા માટે આપ શા માટે દુઃખી થાઓ છો ? હા, એક વાત છે : ભરતક્ષેત્રમાં આપણા દુશ્મનો દ્વારિકાના દાહથી અને મારા મરણથી ખુશી થઈ રહેલા છે. તો તમે ભરતક્ષેત્રમાં જઈને શંખ, ચક્ર, ગદાધારી, પીતાંબર અને ગરૂડના ચિહ્નથી યુક્ત મારૂ સ્વરૂપ (મારી મૂર્તિ) વિમાનમાં સ્થાપન કરી, મારી પાસે નીલવસ્ત્રધારી, તાલાંક અને લાંગલ આયુધ (શસ્ત્ર)થી યુક્ત એવું તમારૂ સ્વરૂપ બનાવી, મનુષ્ય લોકમાં જઈને, આકાશમાં વિમાનને રાખી, લોકોને જણાવો કે 'અમે બળરામ અને કૃષ્ણ આકાશગામી છીએ. વૃન્દાવનમાં રહીએ છીએ, અને સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરતા, લોકોનાં ઈચ્છિત પૂર્ણ કરીએ છીએ. દ્વારિકાનો દાહ કરનાર કોઈ બીજો દેવ નથી, અમે જ દ્વારિકાનું સર્જન કર્યું અને અમે જ દ્વારિકાનું વિસર્જન કર્યું છે. માટે સૃષ્ટિ સર્જનાર કે સંહાર કરનાર જગતમાં બળરામ અને કૃષ્ણ સિવાય બીજા કોઈ દેવ નથી. માટે જેને જેને પુત્ર, પરિવાર, સંપત્તિ અને સુખની ચાહના હોય તે બળરામ અને કૃષ્ણની મૂર્તિ બનાવી મંદિરમાં પધરાવી, તેની પૂજા–ઉપાસના કરે. તેનાં બધા જ મનવાંછિત ફળશે.' આ પ્રમાણે બંધુ, મનુષ્યલોકમાં જઈને ઉદ્દઘોષણા કરો. જેથી મારૂં નરકગમન કોઈ જાણે નહીં, અને દુશ્મનોના મુખ શ્યામ બની જાય. કૃષ્ણના ઉપર્યુક્ત વચન સાંભળી, ભાઈને આશ્વાસન આપી શોકાતુર બનેલા બલભદ્રદેવ નરકમાંથી નીકળીને મનુષ્યલોકમાં આવ્યા. બંધુપ્રેમથી પ્રેરાઈને જે પ્રમાણે કૃષ્ણે કહેલું તે પ્રમાણે દેવે બળરામ અને કૃષ્ણની મૂર્તિને બનાવી આકાશમાં વિમાનમાં સ્થાપના કરી, લોકોને આકાશવાણીથી કહ્યું :– જે કોઈ આ બળરામ અને કૃષ્ણની મૂર્તિની પૂજા–ઉપાસના કરશે, તેને પુત્ર–પરિવાર આદિ સર્વ ઇચ્છિત ફળ મલશે. અને જે કોઈ મનુષ્ય દેવાધિદેવની બુદ્ધિથી બળરામ અને કૃષ્ણની મૂર્તિની પૂજા-ઉપાસના–ભક્તિ નહી કરે તેના ધન ધાન્ય, અને કુટુંબની હાનિ થશે.' આ પ્રમાણે લોકોને કહીને દેવે લોકો પાસે મંદિરો બંધાવી કૃષ્ણની ઉપાસના શરૂ કરાવી. જે લોકો રામ-કૃષ્ણની ભક્તિ કરતા, તરત જ દેવ તેના મનોવાંછિત પૂર્ણ કરતા, આથી સુખના અભિલાષી લોકો વિષ્ણુની ઉપાસના કરતા થઇ ગયા. અને જે કોઈ દુશ્મન બળરામ અને કૃષ્ણની હેલના કરે કે નિંદા કરે, તેને

બળદેવ દુઃખી દુઃખી કરી નાખે. આ પ્રમાણે બલાત્કારે રામ-કૃષ્ણની મૂર્તિની પૂજા કરાવી, બલદેવ પોતાના સ્વસ્થાને (પાંચમા દેવલોકમાં) ગયા.

પુન્યપ્રભાવે અતિસુખદાયી જય-વિજયની પ્રાપ્તિ થાય છે, અને પાપકર્મથી અતિદુઃખદાયી એવો વિનાશ સર્જાય છે. તે માટે બળરામ અને કૃષ્ણનું આ દૃષ્ટાંત પંડિતપુરૂષોને જાણવા-સમજવા યોગ્ય છે.

**इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्री रविसागरगणिविरचिते श्रीसांबप्रद्युम्नचारित्रे प्रद्युम्नसांबदीक्षाग्रहणद्वारिकादाहकृष्णमरणबलदेवदीक्षास्वर्गगमनवर्णनोनाम पंचदशः सर्गः समाप्तः ।।श्रीरस्तु।।**

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી સમા શ્રી રાજસાગર ગણીના શિષ્ય પંડિત શ્રી રવિસાગરગણીએ રચેલા શ્રી શાંબપ્રદ્યુમ્નચરિત્રમાં શાંબપ્રદ્યુમ્નનું દીક્ષા ગ્રહણ, દ્વારિકાનો દાહ, કૃષ્ણનું મરણ, બળદેવની દીક્ષા તેમજ સ્વર્ગગમન આદિનું વર્ણન કરતો ૩૬૨ શ્લોક પ્રમાણ પંદરમો સર્ગ સમાપ્ત થયો.

## ॥ अथ षोडशः सर्गः प्रारभ्यते ॥

**अथ श्रीनेमिहस्तेन, गृहीतशुचिसंयमः ।प्रद्युम्नस्तु निरध्यैष्ट, द्वादशांगीं जिनोदितां ।।१।।**
**अधीत्येत गुरोः पार्श्वे, पालयन् संयमं वरं । ध्यानमुग्रं तपश्चोग्रं, चकार मुनिपुंगवः ।।२।।**
**इतश्च द्वारिकादाहं, मरणं नरकद्विषः । प्रद्युम्नमुनिराकर्ण्या—तपद्घोरतरं तपः ।।३।।**
**पारणं षष्ठषष्ठाभ्या—मष्टमैरष्टमैर्व्यधात् । दशमैर्द्वादशैर्भूयः, पक्षमासोपवासकैः ।।४।।**
**अर्हत्सिद्धप्रवचना—नूचानस्थविरास्तथा । उपाध्यायानगाराश्च, विनयो ज्ञानदर्शने ।।५।।**
**चारित्रं ब्रह्मचर्यं च, क्रियातपस्विगौतमाः । जिनाश्चारित्रसद्ज्ञान—श्रुततीर्थानि सिद्धये ।।**
**विंशतिस्थानकान्येवं, क्रियंतेऽर्हत्पदैषिभिः । प्रद्युम्नमुनिरेकैकं, तेऽष्टभक्तेन निर्ममे ।।७।।**
**दुःकरतमं ततोऽकार्षीत्, सिंहनिष्क्रीडितं लघु । चतुर्थतपसा पूर्व—मिष्टं करोति पारणं ।।**
**षष्टं तपश्चतुर्थं चा—ष्टमषष्टं प्रकृष्टकं । उग्रं नानाविधं चैव, षष्टमष्टममुत्तमं ।।९।।**
**चतुर्दशं द्वादशं च, षोडशं च चतुर्दशं । अष्टादशं षोडशं च, जनयन्मुनिनायकः ।।१०।।**
**विंशतितमाष्टादशे, द्राग्विंशतितमं पुनः । षोडशं चतुर्दशं च, षोडशं व्यदधात्तपः ।।११।।**
**द्वादशं चतुर्दशं च, मनोज्ञं दशमं तपः । द्वादशमष्टमं भूयो, दशमं षष्ठमष्टमं ।१२।**
**चतुर्थं षष्टमित्यादि—तपः कृत्वा मुनीश्वरः । मनःकामितमाहारं, पारयेत्पारणादिने ।१३।**
**षड्भिर्मासैरहोरात्रैः, सप्ताधिकैर्जिनोदिता । सिंहनिष्क्रीडितस्याद्या, परिपाटी लघोरियं ।।**
**परिपाट्यां द्वितीयस्या—मेतावान् स्याद्विशेषकः । चतुर्थादितपःप्रांते, पारयेद्विकृतिं विना ।।**

परिपाट्यां तृतीयस्यां, पारयेल्लेपवर्जितः । चतुर्थ्यां परिपाट्यां चा—चाम्लेन पारयेन्मुनिः ॥
चतस्रः परिपाटीश्च, हायनद्वितयेन तु । अष्टाविंशत्यहोरात्रै—राराधयेदिति व्रती ॥१७॥

પ્રદ્યુમ્નકુમાર ભગવાન નેમિનાથ પાસે સંયમ ગ્રહણ કરી, ગુરૂ પાસે વિનયપૂર્વક દ્વાદશાંગીનું અધ્યયન કરી, સંયમની ઉત્કૃષ્ટ આરાધના કરતા, શુભભાવપૂર્વક ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા હતા. દ્વારિકાનો નાશ અને કૃષ્ણનું મરણ સાંભળીને તીવ્ર વૈરાગ્ય પામી પ્રદ્યુમ્નમુનિએ ઘોર તપશ્ચર્યા શરૂ કરી, તેમાં પહેલાં અઠ્ઠમથી વિશસ્થાનક શરૂ કર્યો.

૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. પ્રવચન, ૪. ગણી, ૫. સ્થવીર, ૬. ઉપાધ્યાય, ૭. સાધુ, ૮. વિનય, ૯. જ્ઞાન, ૧૦. દર્શન ૧૧. ચારિત્ર, ૧૨. બ્રહ્મચર્ય, ૧૩. ક્રિયા, ૧૪. તપ, ૧૫. ગૌતમ, ૧૬. જિન, ૧૭. સંયમ, ૧૮. અભિનવજ્ઞાન, ૧૯. સમ્યક્ત્વ, અને ૨૦. તીર્થ—આ દરેક પદની અઠ્ઠમથી આરાધના કરી. ત્યાર પછી દુષ્કર એવો 'લઘુસિંહનિષ્ક્રીડિત' નામનો તપ શરૂ કર્યો. તે તપ આ પ્રમાણે છે : પહેલાં ચાર ઉપવાસ અને પારણું, પછી છઠ્ઠ અને પારણું, ત્યારપછી અઠ્ઠમ, પછી છઠ્ઠ, પછી છઠ્ઠ, પછી અઠ્ઠમ, પછી ચૌદ ઉપવાસ, પછી બાર ઉપવાસ, પછી સોળ, પછી ચૌદ, પછી અઢાર, પછી સોળ, પછી વિશ, પછી અઢાર, પછી બાવીશ, પછી સોળ, પછી ચૌદ, પછી સોળ, પછી સોળ, પછી બાર, પછી ચૌદ, પછી દશ, પછી બાર, પછી અઠ્ઠમ, પછી દશ, પછી છઠ્ઠ, પછી અઠ્ઠમ, પછી ચાર અને પછી છઠ્ઠ' આ પ્રમાણે છ માસ અને સાત દિવસ સુધી જિનેશ્વર ભગવંતે કહેલાં 'લઘુ સિંહ નિષ્ક્રીડિત તપ'ની પહેલી પરિપાટી પૂર્ણ કરી. બીજી પરિપાટીમાં ઉપવાસ આદિ વિશેષ કરવાના હોય છે. અને પારણે વિગઈ વિનાનો આહાર લેવાનો હોય છે. ત્રીજી પરિપાટીમાં પણ પારણે લેપ વિનાનો આહાર લેવાનો હોય છે અને ચોથી પરિપાટીમાં પારણે આયંબિલ કરવાનું હોય છે. આ રીતે ચાર પરિપાટી વાળો આ તપ બે વર્ષ અને અઠ્ઠાવીશ દિવસમાં પ્રદ્યુમ્નમુનિએ પૂર્ણ કર્યો.

विशेषेणायता सिंह—निष्क्रीडितं तपो महत् । चतुर्थादितपस्त्रिंश—त्पर्यंतं जनयेन्मुनिः ॥
प्रथमा परिपाटी स्या—देकेन हायनेन च । षड्भिर्मासैरहोरात्रै—रष्टादशाधिकैस्तथा ।१९।
परिपाट्यश्चतस्रोऽपि, षड्भिः संवत्सरैर्गुरोः । माभ्यां द्वाभ्यामहोरात्रैः, पूर्णाः स्युर्द्वादशाधिकैः ॥
पूर्णीकृत्य लघुं ज्येष्टं, सिहनीक्रीडितं तपः । पद्मोत्तरं महाभद्रं, सर्वतोभद्रमप्यधात् ॥२१॥
एकावली मुक्तावली, रत्नावली कषायजित् । सर्वांगसुंदरं भद्रं, सुधर्मचक्रवालकं ॥२२॥
अनशनमौनोदर्यं, वृत्तिसंक्षेपणं पुनः । रसत्यागो वपुःक्लेशः, संलीनता बहिस्तपः ॥२३॥
प्रायश्चित्तं विनयोऽपि, वैयावृत्त्यं तपस्विनां । स्वाध्यायकरणं ध्यानं, कायोत्सर्गाख्यमांतरं ॥
षट्प्रकारं तपो बाह्यं, तथाषट्विधमांतरं । अनेकधेति मोक्षाय, तपोऽतपत्तपस्व्यसो ॥२५॥
पंचाश्रवाद्विरमणं, पंचेद्रियातिनिग्रहः । कषायविजयो दंड—त्रयस्य विरतिस्त्रिधा ॥२६॥
इति वाचंयमानां च, मार्गे कैवल्यसाधकं । संयतः संयमं सप्त—दशभेदैरपालयत् ॥२७॥
ग्रीष्मर्त्तौ ग्रीष्मकालीनां, शीतर्त्तौ शीतकालिकीं । जग्राहातापनां वर्षा—काले संलीनतां दधौ ।
क्षुधातृषातिशीतोष्ण—दंशांचेलारतिस्त्रियः । चर्यावनिखट्वाशय्या—क्रोशताडनयाचनाः ।२९।

**तृणादिभिर्वपुःस्पर्श—मलसत्कारसंज्ञकाः । प्रज्ञा त्वज्ञानसम्यक्त्वे, द्वाविंशतिः परीषहाः ।३०।**
**असुरामर्त्यमर्त्योग्र—तिर्यग्भिर्निर्मितानपि । असहत्तान् मुनिर्मार्गे, ग्रामपत्तनसंस्थितः ।।३१।।**
**आचार्याख्य उपाध्यायो, ग्लानः सार्धमिकस्तथा । तपस्वी स्थविरशेक्ष—कुलं संघो महान् गणः ।**
**एवं दशप्रकारस्य, वैयावृत्यस्य वांच्छया । द्विचत्वारिंशतादोषै—रदुष्टं सोऽन्नमग्रहीत् ।३३।**
**सोऽथवा प्राणरक्षायै, क्षुद्वेदनोपशांतये । ईर्यार्थं संयमार्थं तद्धर्मचिंतार्थमाददे ।।३४।।**
**न तु स्वकीयसौभाग्य—रूपसंपत्तिवृद्धये । केवलं निर्जरायैत—त्प्रवृत्तिः समजायत ।।३५।।**

ત્યાર પછી પ્રદ્યુમ્નમુનિએ **જ્યેષ્ઠ સિંહનિષ્ક્રીડીત તપ** શરૂ કર્યો. તેમાં એક ઉપવાસથી માંડીને ત્રીશ ઉપવાસ સુધી ચઢવાનું હોય છે. પ્રથમ પરિપાટી એક વર્ષ, છ માસ અને અઢાર દિવસની હોય છે. પારણે આયંબિલનો તપ હોય છે. એમ ચારે પરિપાટી છ વર્ષ-બે માસ અને બાર દિવસે પૂર્ણ થાય. આ પ્રમાણે પ્રદ્યુમ્નમુનિએ ગુરૂની નિશ્રામાં લઘુ અને જ્યેષ્ઠ સિંહ-નિષ્ક્રિડિત તપ પૂર્ણ કરીને, પદ્મોત્તર, મહાભદ્ર, સર્વતોભદ્ર, એકાવલિ, મુક્તાવલિ, રત્નાવલિ, કષાયજિત, સર્વાંગસુંદર, ભદ્ર અને સુધર્મચક્રવાલ નામના તપ કર્યા.

એ પ્રમાણે ૧. અનશન, ૨. ઉણોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસત્યાગ, ૫. કાયક્લેશ, અને ૬. સંલીનતા, એ છ બાહ્યતપ, ૧. પ્રાયશ્ચિત, ૨. વિનય, ૩. વૈયાવચ્ચ, ૪. સ્વાધ્યાય, ૫. ધ્યાન અને ૬. કાયોત્સર્ગ—એ છ અભ્યંતર તપ, એમ છ બાહ્ય અને છ અભ્યંતર—કુલ બાર પ્રકારનો તપ મોક્ષની સિદ્ધિ માટે પ્રદ્યુમ્નમુનિ કરતા રહ્યા. તેમજ પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ, પાંચ આશ્રવોનો ત્યાગ, ચાર કષાયનો જય અને મનદંડ, વચનદંડ અને કાયદંડ એમ ત્રણ પ્રકારના દંડનો વિરામ—આ રીતે ૧૭ પ્રકારના સંયમનું પાલન કરી રહ્યા હતા, કે જે કેવળ જ્ઞાનનું સાધક છે. તેમજ ગ્રીષ્મકાલમાં આતાપના, શીતકાલમાં વસ્ત્ર વિના ઠંડીને સહન કરવી, અને વર્ષાકાલમાં સંલીનતા. (અંગોપાંગને સંકોચીને રાખવા)—આ રીતે ત્રણે ઋતુમાં મુનિશ્વર સંયમની ઉત્કૃષ્ટ સાધના કરતા હતા.

૧. ક્ષુધા, ૨. તૃષા, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. દંશ, ૬. અચેલક, ૭. રતિ, ૮. સ્ત્રી, ૯. ચર્યા, ૧૦. નિષદ્યા, ૧૧. શય્યા, ૧૨. આક્રોશ, ૧૩ વધ, ૧૪. યાચના, ૧૫. અલાભ ૧૬. રોગ, ૧૭. તૃણસ્પર્શ, ૧૮. મલ, ૧૯. સત્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧. અજ્ઞાન, અને ૨૨. સમ્યક્ત્વ. આ પ્રમાણે બાવીશ પરીષહો સહન કરતા હતા. ગામ-નગર અને જંગલમાં ફરતા દેવ, મનુષ્ય અને તિર્યંચોએ કરેલા ઘોર ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરી રહ્યા હતા.

તેમજ પ્રદ્યુમ્નમુનિ, ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. ગ્લાન, ૪. સાધર્મિક, ૫. તપસ્વી, ૬. સ્થવિર, ૭. શૈક્ષ-(નૂતન શિષ્ય) ૮. કુલ, ૯. સંઘ અને ૧૦. ગણ—એમ દશપ્રકારના વૈયાવચ્ચ ધર્મની આરાધના કરતા બેંતાલીશ દોષથી રહિત આહારને ગ્રહણ કરતા હતા. એ આહાર પણ પોતાના સૌભાગ્ય માટે કે શરીરની પુષ્ટિ માટે નહોતા લેતા, પરંતુ પ્રાણની રક્ષા માટે, ક્ષુધાની શાંતિ માટે, ઇર્યાસમિતિનું પાલન કરવા માટે, સંયમની આરાધના માટે અને ધર્મ-

ધ્યાનના ચિંતન માટે ગ્રહણ કરતા હતા. આ કારણોએ આહાર ગ્રહણ કરવાથી કર્મનિર્જરા થાય છે.

आहारं गृह्णता वाचं–यमेन पात्रधारिणा । वर्जनीया इमे दोषाः, पाकक्रियाविधायिनः ।३६।
षौडशोद्गमिका दोषाः, षोडशोत्पादसंभवाः । दशैषणोत्थिताः प्रोक्ता, द्विचत्वारिंशदित्यमी ।।
आधाकर्मोद्देशिकश्च, मिश्रजः पूतिकर्मकः । स्थापनोत्थ प्राभृतिक, उद्भिन्नः परिवर्त्तनं ।३८।
प्रादुःकरणपामित्ये, मालापहृत्यकस्तथा । आच्छेद्यमभ्याहृतानि–सृष्टे अध्यवपूरकः ।।३९।।
अमी औद्गमिका दोषा, गृहस्थेन विनिर्मिताः । भवंति षोडशाहारे, वर्जनीया मुमुक्षुभिः ।।
धात्री दूती निमित्तं चा–जीवो वनीपकाभिधः । चिकित्सा प्रतिघो मानो, माया–लोभविमे दश ।
संस्तवपूर्वपाश्चात्यौ, विद्या मंत्रश्च चूर्णकः । योगश्च मूलकर्माख्यः, षोडशोत्पादका इमे ।।४२।।
वाचयमकृता एते, दोषा वर्ज्याः प्रयत्नतः । शंकितोम्रक्षितश्चैवं, निक्षिप्तः पिहितः पुनः ।
संहृतोदयिको मिश्रो, लिप्तो परिणतस्तथा । छर्दितश्चैषणादोषा, वर्ज्या अमी दर्शाषिभिः ।
द्विचत्वारिंशतामीभि–र्महादोषैरदूषितं । आहारं यः समादत्ते, सिद्धिः स्यात्तस्य हस्तगा ।४५।
आहारस्य भवेच्छुद्धि–र्दुर्लभा श्रमणाध्वनि । व्यवहारस्य संशुद्धि–र्दुष्करा गृहमेधिनां ।।४६।।
आहारो यादृशः प्राय, उद्गारोऽपि च तादृशः । दीपेन भक्षिते ध्वांते, धूममेवोद्गिरेद् ह्यसौ ।।
प्रद्युम्नोपि ततः साधु–र्द्विचत्वारिंशताऽनिशं । दोषैर्वर्जितमाहारं, कायरक्षार्थमग्रहीत् ।।४८।।
असावद्यां जिनप्रोक्तां, भिक्षां गृह्णन् स पारणे । चारित्रं पालयामास, द्वादशभावनान्वितं ।

સ્થવિર પાત્રધારી સાધુઓને ભિક્ષા ગ્રહણ કરતાં નીચે કહેલા બેંતાલીશ દોષોનો ત્યાગ કરવો જોઇએ. તેમાં ગૃહસ્થના કારણે થતા સોળ ઉદ્ગમદોષો, સાધુના કારણે થતા સોળ ઉત્પાદ દોષો, અને સાધુ અને શ્રાવક બંનેથી ઉત્પન્ન થતા દશ એષણાના દોષો કહ્યા છે, એમ કુલ મલીને બેંતાલીસ દોષો બતાવ્યા છે. :— ૧ આધાકર્મી, ૨ ઉદ્દેશિક, ૩ પૂતિકર્મ, ૪ મિશ્રદોષ, ૫ સ્થાપિત, ૬ પાહુડી, ૭ ઉદ્ભિન્ન, ૮ પરાવર્તિત, ૯ પ્રાદુષ્કરણ, ૧૦ પામિત્ય, ૧૧ માલાપહૃત, ૧૨ આચ્છેદ્ય, ૧૩ અભ્યાહૃત, ૧૪ અનાસૃષ્ટિ, ૧૫. અધ્યવપૂરક અને ૧૬. ક્રીતદોષ આ સોળ દોષ ગૃહસ્થથી ઉત્પન્ન થાય છે માટે મુમુક્ષુ સાધુએ એ દોષોને વર્જવા જોઇએ. ૧ ધાત્રીદોષ, ૨ દૂતી, ૩. નિમિત્ત ૪. આજિવપિંડ ૫. વનીયક ૬. ચિકિત્સા ૭. ક્રોધપિંડ ૮. માનપિંડ ૯. માયાપિંડ ૧૦. લોભપિંડ ૧૧. પૂર્વસંસ્તવ અને પશ્ચાત સંસ્તવ ૧૨. વિદ્યાપિંડ ૧૩. મંત્રપિંડ ૧૪. ચૂર્ણપિંડ ૧૫. યોગપિંડ અને ૧૭. મૂળકર્મપિંડ. આ સોલ ઉત્પાદ દોષ સાધુથી ઉત્પન્ન થાય છે. તેનો પણ ત્યાગ કરવો જોઈએ.

૧. શંકિત ૨. ભ્રક્ષિત ૩. નિક્ષિપ્ત ૪. પિહિત ૫. સંહૃત ૬. દાયક ૭. ઉન્મિશ્ર ૮. લિપ્ત ૯. અપિરિણિત અને ૧૦. છર્દિતદોષ. આ દશ દોષ સાધુ અને ગૃહસ્થ બંનેથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે કુલ બેંતાલીશ દોષોથી રહિત શુદ્ધ ભિક્ષાને ગ્રહણ કરે છે, તે મહાત્માઓને મુક્તિ પ્રાપ્ત થાય છે.

સંયમમાર્ગમાં આહારની શુદ્ધિ દુર્લભ હોય છે. અને ગૃહસ્થોને વ્યવહારશુદ્ધિ દુષ્કર હોય છે.

જેવો આહાર હોય તેવો જ ઓડકાર આવે છે. કહ્યું છે કે દીપક અંધકારનું ભક્ષણ કરે કરે છે તો તે ધૂમાડારૂપ ઓડકાર કરે છે. તેમ જેવો આહાર તેવો વિચાર અને જેવો વિચાર તેવું પ્રાયઃ વર્તન હોય છે. માટે મુમુક્ષુએ ખાસ આહારશુદ્ધિ રાખવી જોઈએ. પ્રદ્યુમ્નમુનિ પણ નીરંતર બેંતાલીશ દોષોથી રહિત આહારને સંયમની રક્ષા માટે ગ્રહણ કરતા હતા. તપ-શ્ચર્યાના પારણે ભગવંતે કહેલી નિર્દોષ ભિક્ષાને ગ્રહણ કરી બાર ભાવનાથી ભાવિત ચારિત્રધર્મનું પાલન કરતા હતા.

अनित्यत्वमशरणं भवस्वरुपमेकता । अन्यत्वमाश्रवविधि—रशौचं संवरः पुनः ॥५०॥
कर्मैकनिर्जरा रम्य—धर्ममाहत्म्यवर्णनं । चतुर्दशरज्जुमानो, लोकश्च बोधिभावना ॥५१॥
मनोज्ञैरशनैः पानैः, खाद्यैः स्वाद्यैश्च पोषितं । शरीरं तदपि स्वीयं, विनश्यति क्षणादपि ॥
गजारूढा हयारूढा, रथारुढाश्च ये नराः । अभ्रमन् पार्थिवंमन्या—स्तेषामपि दरिद्रता ॥५३॥
यत्स्वरूपं प्रभाते स्या—न्मध्याह्ने तन्न दृश्यते । त्रियामायां विरूपं त—द्वस्तूनामित्यनित्यता ॥
ऊढो गर्भो यया मात्रा, नवमासान् सुताशया । आत्मना विहिते मंतौ, भूपालात्सा न रक्षिका ॥
बाल्येऽपि वर्धितो येन, पूरयित्वा मनोरथान् । जनकेन न तेनापि, रक्ष्यते यमतः सुतः ॥५६॥
यया पंचेंद्रियाह्लादा, भुक्ता भोगा अहर्निशं । मृगेक्षणा न साप्याधि—व्याधिभ्यः शरणं भवेत् ।
सिद्धांतपारदृश्वानो, ये भवंति तपोधनाः । तेषामप्येष संसारो—ऽसारो नरककारणं ॥५८॥
स्निह्यंति ये जनाः स्वार्थ—कृतये बांधवा इव । तदप्राप्तौ त एव स्यु—र्वैरिभ्योप्यधिका इह ॥
अनादिकालमेतेन, संसारे भ्रमतात्मना । न स्पृष्टं जन्ममृत्युभ्यां, यत्तत्स्थानकमस्ति न ॥६०॥
एकाकी लभते जन्मै—काक्येव म्रियते पुमान् । एकाकी दुःखमाप्नोत्ये—काक्येव याति दुर्गतिं ।
एकेनोपार्जितं वित्तं, प्राज्या भोक्तुं मिलंति च । तस्य दुःखे समायाते, विभज्य कोऽपि लाति न ।
एक एव भवत्यंध, एक एव जडत्वभृत् । एक एव धरेन्मौढ्य—मेक एव च रोगितां ॥६३॥
भिन्ना माता पिता भिन्नो, भिन्नाः स्वजनबांधवाः ।
भिन्नानि धनधान्यानि, भिन्नाः कलत्रपुत्रकाः ॥६४॥
एतेभ्यो निखिलेभ्योऽपि, भिन्नोऽहं निजकर्मभिः । यास्यामि देवतामर्त्यतिग्नारककां गतिं ।६५।
य एवं चिंतयेच्चित्ते, स एव धर्मकर्मठः । विजानन्नन्यमात्मानं, मोक्षसौख्यानि साधयेत् ।६६।
श्रवंति पापकर्माणि, पंचेंद्रियेषु देहिनां । कथिता आश्रवास्तेन, स्वर्गादिसौख्यवारिणः ।६७।
श्रवणेनान्यपैशुन्य— श्रवणैश्वर्यधारणात् । नेत्रेण परदाराणां, रुपावलोकनेन च ॥६८॥
गंधादानेन पुष्पाणां, भोगार्थं नासया पुनः । परेषामतिनिंदैक— प्रविधानेन जिह्वया ॥६९॥
स्पर्शनेंद्रियकेणोच्चैः, परेषां दारसेवया । पापकर्मागमः पुंसां, भवेत्पंचभिराश्रवैः ॥७०॥

यद्भुक्तं घृतपूरादि, पक्वान्नं चारुपायसं । जठरांतः प्रविष्टं त—द्भवेद्दौर्गंध्यसंयुतं ।७१।
यासां मृगीदृशां रूपं, वक्त्रकटाक्षविभ्रमान् । अवलोक्य प्रजायेत, शरीरी विकलस्त्रिधा ।७२।
तदंगे द्वादशश्रोत्र—श्रवद्दौर्गंध्यमुच्चकैः । मूढात्मानो न जानंति, किं मोहाच्छादिताशयाः ।७३।
आश्रवाणां च पंचानां, संवरः स्यान्निरोधकः । जिनैर्द्वेधा स तु द्रव्य—भावभेदेन भाषितः ।।
शिरोनयनहस्तानां, चरणानां तथैव तत् । यतः संवरणं भूयात् स द्रव्यसंवरः स्मृतः ।७५।
क्रोधतो मानतो दुष्ट—मायातो लोभतस्तथा । मनसः संवृतिर्या स्यात्, स भवेद् भावसंवरः ।
यत्क्षुधातृषया शीता—तपाभ्यां दुःखवेदनं । निर्जरा सोदिता सार्वैः, सकामाकामभेदतः ।७७।
विपत्तावामये दुःखे, संकटे च समागते । स्वकर्माण्येव यः शोचेत्, सकामा तस्य निर्जरा ।७८।
यस्तदा परकीयानि, दूषणानि विचिंतयेत् । अकामा निर्जरा तस्य, संजायते शरीरिणः ।।७९।।
नरके नरनारीर्यो, निपतंतीः समुद्धरेत् । धर्मोऽभिधीयते तेना—नादिकालं जिनेश्वरैः ।।८०।।
पापिनामपि मर्त्यानां, कालत्रयप्रवर्त्तिनां । उद्धारकरणाद्धर्मः, सत्यां प्रकुरुतेऽभिधां ।।८१।।
अतीते समये मर्त्या—श्चतुर्हत्याविधायिनः । आसन् दृढप्रहार्याद्या—स्तेऽपि धर्माच्छिवं गताः ।।
पुमांसोऽनागते काले, सेत्स्यंत्यपि च धर्मतः । द्वैपायनादयो दुष्टा, भूयःसंहारकारिणः ।।८३।।
कैवल्यगमनौचित्यं, क्षेदे बिभ्रति सर्वदा । वर्तमानेऽपि काले च, सिद्धयंति धर्मतो जनाः ।।
ज्ञातव्योऽयमुपास्योऽयं, ध्यातव्योऽयं मनीषिभिः । कर्तव्योऽयं विशेषेण, धर्मः सर्वार्थसाधकः ।।
धर्मेण वांछितं सौख्यं, धर्मेण रोगहानयः । धर्मेण कुलवृद्धिश्च, धर्मेण शिवसंपदः ।।८६।।
वैशाखस्थानकस्थस्य, कटिस्थितकरस्य च । नरस्य तुल्ययाकृत्या, लोक एष प्रवर्तते ।।८७।।
धर्मास्तिकायाधर्मास्ति-कायाकाशास्तिकायकाः । पुग्दलजीवास्तिकायौ, कालोऽस्तिकायवर्जितः
एभिः षड्भिर्भृतो द्रव्यैः, स्थित्युत्पत्तिव्ययान्वितः ।
ब्रह्मादिभिः कृतो लोको, नायमाधारवर्जितः ।।८९।।
अनाद्यनंतसंसारे, जीवेन भ्रमता सता । स्थावरत्वं त्रसत्वं वा, लभ्यते कर्मलाघवात् ।।९०।।
ततः पंचेंद्रियत्वं च, मानुष्यमार्यदेशकः । सर्वाक्षपटुता जातिः—प्रभुता प्राप्यतेतमां ।।९१।।
प्राप्तेष्वपि पदार्थेष्व—मीषु सर्वेषु चारुषु । बोधिबीजं मनुष्याणां, माणिक्यमिव दुर्लभं ।९२।
भास्वतीर्भावयन्नेता, भावना भवभेदिनीः । स साधुः सर्वसत्त्वेषु, साम्यं विशेषतो दधौ ।।९३।।

૧. અનિત્ય ૨. અશરણ ૩. સંસાર ૪. એકત્વ ૫. અન્યત્વ ૬. આશ્રવ ૭. અશૌચ ૮. સંવર ૯. નિર્જરા ૧૦. ધર્મમાહાત્મ્ય ૧૧. લોકભાવના અને ૧૨. બોધિદુર્લભ ભાવના. પ્રદ્યુમ્નમુનિ આ બાર ભાવનાનું હંમેશાં પરિશિલન કરતા હતા.

**૧ : અનિત્યભાવના.**

સુંદર અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આ ચાર પ્રકારના આહારથી શરીરને પુષ્ટ કરવામાં આવે છતાં આ શરીર વિજળીના ચમકારાની જેમ ક્ષણ વિનાશી છે. હસ્તિ, અશ્વ અને

રથ ઉપર આરૂઢ થતાં રાજા-મહારાજાઓ પણ ક્ષણમાત્રમાં રંક બની જાય છે. એટલે સંપત્તિ-વૈભવ અને ઐશ્વર્ય સંધ્યાના રંગોની જેમ ક્ષણભંગુર છે. જે સ્વજનોને સવારમાં જોયા હોય તે મધ્યાહ્નમાં દેખાતા નથી. અને મધ્યાહ્નમાં જોયા હોય તે રાત્રિમાં દેખાતા નથી. એટલે કે મનુષ્યનું આયુષ્ય અંજલિમાં રહેતા જલની જેમ ક્ષણ-ક્ષણ વિનાશી છે. તેથી જ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે:- આવા વિનશ્વર શરીર, સંપત્તિ અને સ્વજન સંયોગને જાણી હે જીવ, અવિનાશી એવા પરમાત્માનો સાક્ષાત્કાર કરી લે. એ જ તારા માટે હિતાવહ છે. પ્રદ્યુમ્નમુનિ આ પ્રમાણે અનિત્યભાવનાનું નિરંતર ચિંતન કરતા હતા.

## ૨ : અશરણ-ભાવના

જે માતાએ ઘણી ઘણી આશાથી પુત્રને નવ માસ ગર્ભરૂપે ઉદરમાં વહન કર્યો હોય છે, તે પુત્રને જયારે રાજા કોપાયમાન થઈને હણી નાંખે છે ત્યારે માતા પુત્રનું રક્ષણ કરી શકી નહી. બાલ્યાવસ્થામાં પુત્રના બધા મનોરથો પૂર્ણ કરી તેને મોટો કર્યો હોય, તે પુત્રનું એના વ્હાલસોયા પિતા પણ યમરાજાથી રક્ષણ કરી શકતા નથી. અને જેની સાથે નિરંતર પાંચે ઈન્દ્રિયોના મનોહર વિષયસુખો અનુભવ્યાં હોય તેવી પ્રેમાળ પત્ની પણ આધિ-વ્યાધિથી પતિને શરણ આપી શકતી નથી. એટલે આ સંસારમાં માતા, પિતા, પત્ની, સ્નેહી-સ્વજનોની વચમાંથી બેં બેં કરતા બોકડાની જેમ જીવને યમરાજા ઉપાડી જાય છે, ત્યારે કોઇ યમરાજાના મુખમાંથી છોડાવનાર નથી કે કોઈ શરણ આપનાર નથી

## ૩ : સંસાર સ્વરૂપ ભાવના

ઋષિમુનિઓ તેમજ જિનેશ્વરોએ કહ્યું છે કે : આ સંસાર અસાર છે. તુચ્છ છે, દગાબાજ છે અને તે જીવને નરકમાં લઈ જવા માટે કારણરૂપ છે. જે માણસો પોતાના સ્વાર્થ માટે બંધુઓની જેમ પ્રેમ રાખે છે, સ્નેહ ધારણ કરે છે, તે જ મનુષ્યો જ્યારે પોતાનો સ્વાર્થ ઘવાય છે અર્થાત્ સ્વાર્થની સિદ્ધિ થતી નથી ત્યારે દુશ્મન કરતાં પણ અધિક વિશ્વાસઘાત કરે છે. આ સંસારમાં માતા-પિતા-સ્નેહી-સ્વજન વિગેરે પોતપોતાના સ્વાર્થની સિદ્ધિ માટે જ તત્પર રહે છે. તો આવા દગલબાજ સંસારથી મુક્ત થઇ પોતાનું આત્મકલ્યાણ સાધી લેવું જોઈએ. સંસારના બધા સંબંધો પણ શાશ્વત નથી. અનાદિકાળથી ભ્રમણ કરતા આ જીવને એવું કોઇ સ્થાન નથી કે એવો કોઈ સંબંધ નથી કે જયાં જન્મ્યો ના હોય, મર્યો ના હોય કે કોઈ સંબંધ કર્યા વિનાનો બાકી રહ્યો હોય. આ પ્રમાણે સંસારસ્વરૂપની ભાવના પ્રદ્યુમ્નમુનિ રોજ ભાવતા હતા.

## ૪ : એકત્વ-ભાવના.

અનાદિકાળથી જીવ એકલો જન્મે છે અને એકલો મરે છે. એકલો દુઃખ ભોગવે છે અને એકલો જ સદ્ગતિ કે દુર્ગતિમાં જાય છે. ઉપાર્જન કરેલી ધન-સંપત્તિનો ભોગવટો બધા જ કરે છે, પરંતુ ધન ઉપાર્જન કરતા બાંધેલ કર્મોના ફલસ્વરૂપ દુઃખ જીવ એકલો જ ભોગવે છે. એમાં કોઇ ભાગ પડાવતુ નથી. અશુભ કર્મની ફળશ્રુતિ રૂપે અંધત્વ, જડત્વ, મુર્ખત્વ, રોગીપણું વગેરે એકલાને જ ભોગવવું પડે છે. તો હે જીવ, સચ્ચિદાનંદસ્વરૂપ તારા પરમાત્મસ્વરૂપને પ્રગટ કરવા માટેનો પુરૂષાર્થ કર.

### ૫ : અન્યત્વ-ભાવના.

હે જીવ, તું માતા, પિતા, સ્વજન, બંધુ વગેરે બધાથી ભિન્ન છે. ધન–ધાન્ય, કુટુંબ–પરિવારથી તું જુદો છે, પુત્ર–ભાર્યાથી પણ તું ભિન્ન છે. અરે, તારૂં શરીર પણ તારાથી ભિન્ન છે. તું શુદ્ધ સ્વરૂપી આત્મા છે. તારૂં કોઇ હોય તો તારા જ્ઞાનાદિ ગુણો છે. તો જે વસ્તુ કે જે વ્યક્તિ તારી નથી, તેના પ્રત્યે શા માટે મમત્વ ભાવ રાખવો જોઈએ ? તારા પોતાના સહજાનંદીપણાને પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કર, જેથી તું મુક્તિનું પરમ સુખ પામવા માટે ભાગ્યશાળી બનીશ. આ પ્રમાણે અન્યત્વ ભાવનાને પ્રદ્યુમ્નમુનિ પ્રતિદિન ભાવતા હતા.

### ૬ : આશ્રવ-ભાવના.

પાંચ ઈન્દ્રિયો દ્વારા દુર્ગતિના કારણરૂપ પાપકર્મો નીરંતર આત્મામાં આવ્યા જ કરે છે. કાન દ્વારા બીજાની નિંદા, અવર્ણવાદ સાંભળવા વિગેરે **શ્રવણેન્દ્રિયનો** પાપાશ્રવ કહેવાય. નેત્ર દ્વારા પરસ્ત્રી આદિના રૂપને રાગથી જોવા, બીજાનું ઐશ્વર્ય, સંપત્તિ, અને ઉન્નતિ જોઇને ઈર્ષ્યા કરવી, વિગેરે **ચક્ષુરિન્દ્રિયનો** પાપાશ્રવ કહેવાય. નાસિકા દ્વારા પુષ્પ આદિ સુગંધી પદાર્થોનો ભોગ માટે પ્રબલ રાગથી ઉપયોગ કરવો, તે **ઘ્રાણેન્દ્રિયનો** પાપાશ્રવ કહેવાય. જીભ દ્વારા અતિ નિંદનીય અભક્ષ્ય પદાર્થના રસાસ્વાદમાં લુબ્ધ બનવું, તે **જીહ્વેન્દ્રિયનો** પાપાશ્રવ કહેવાય. સ્પર્શેન્દ્રિય દ્વારા પરસ્ત્રી આદિના કોમલસ્પર્શમાં આસક્ત બનવું તે સ્પર્શેન્દ્રિયના પાપાશ્રવ કહેવાય. આ પ્રમાણે પાંચે ઈન્દ્રિયોના પાંચ આશ્રવો દ્વારા જીવને સમયે સમયે કર્મબંધ થાય છે. આ રીતે પ્રદ્યુમ્નમુનિ આશ્રવભાવનાનું ચિંતન કરતા હતા.

### ૭ : અશૌચ--ભાવના.

મહામૂલા ઘેબર આદિ પકવાન્ન તેમજ મધુર ક્ષીરપાકનું ભોજન કર્યું હોય, પરંતુ તે પેટમાં ગયા પછી, સારામાં સારા પકવાન્નો ક્ષણમાત્રમાં વિષ્ટા, મૂત્ર, મળ અને માંસ રૂપે પરિણમે છે. અને સ્ત્રીઓના સુંદર રૂપ, લાવણ્ય, હાવભાવ, કટાક્ષ અને વિભ્રમો જોઈને, જીવ મન–વચન–કાયાથી તેમાં મૂઢ બની પોતાના પૌરુષનો નાશ કરી નાખે છે. પરંતુ મોહમૂઢ બનેલો માનવી નથી જાણતો કે સ્ત્રીનું બ્હારથી દેખાતું રમણીય શરીર મલમૂત્રની કોથળી છે, અને તે સ્ત્રીના શરીરમાંથી પ્રત્યેક સમયે બાર અશુચિ દ્વારોમાંથી નીરંતર અશુચિ વહી રહી છે. એવા દુર્ગંધમય શરીર ઉપર મારે શા માટે મોહ કરવો જોઈએ ? આ પ્રમાણે અશુચિ ભાવનાને પ્રદ્યુમ્નમુનિ ભાવી રહ્યા હતા.

### ૮ : સંવર-ભાવના.

પાંચ ઇન્દ્રિયના પાંચ આશ્રવોનો રોધ કરવો તેને સંવર કહેવાય છે. જિનેશ્વર ભગવંતે તે સંવરને દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે કહ્યો છે. હાથ, પગ, નેત્ર, મુખ અને મસ્તક આદિની કુચેષ્ટાઓથી વિરામ પામવું અથવા તે કુચેષ્ટાઓને રોકવી, તે **દ્રવ્યસંવર** કહેવાય છે. ક્રોધ, માન, માયા અને લોભ આદિ કષાયોથી અટકવું, અર્થાત તે કષાયોને નિષ્ફળ બનાવવા, તેને **ભાવસંવર** કહેવાય છે. હે આત્મા, જો તું મોક્ષસુખનો ઇચ્છુક હોય તો તારે દ્રવ્યસંવર અને ભાવસંવરથી તારા આત્માને ભાવિત કરવો જોઇએ.

## ૯ : નિર્જરા-ભાવના.

ક્ષુધા, તૃષા, શીત, આતપ આદિ દુઃખોનું વેદન કરવાથી ધીમે ધીમે થતો કર્મનો ક્ષય તેને નિર્જરા કહેવાય છે. સર્વજ્ઞ ભગવંતે તે નિર્જરા બે પ્રકારની કહી છે. તેમાં વિપત્તિ, દુઃખ, કષ્ટ, રોગ, સંતાપ કે સંકટ આવી પડે ત્યારે જીવ વિચારે કે 'આ બધું મારા પૂર્વે બાંધેલા અશુભ કર્મોનું ફલ છે. તેમાં બીજા કોઈનો દોષ નથી. તે કર્મનાં ફળને મારે સમભાવે સહન કરવાં જોઈએ. આ રીતે વિચારીને શોક, સંતાપ, દુઃખ આદિ સમભાવે સહન કરે, તેને **સકામ નિર્જરા** કહેવાય છે. અજ્ઞાની જીવ દુઃખ, કષ્ટ આવે ત્યારે બીજાનો દોષ કાઢે છે અને હાયવોય કરીને દુઃખ ભોગવે છે. ક્ષેત્રકૃત કે કાલકૃત વેદનાને અનિચ્છાએ ભોગવે તેને **અકામ-નિર્જરા** કહેવામાં આવે છે.

પૂર્વકૃત કર્મને અનુસારે જે કોઈ દુઃખ, કષ્ટ કે રોગ આદિ આવે તેને હે જીવ, તું સમભાવે ભોગવી લઈશ તો કર્મના લેણામાંથી તું મુક્ત થઇશ. માટે ગમે તેવી પરિસ્થિતિમાં તારે તારા આત્મભાવને ચલિત કરવો નહી. આ પ્રમાણે નિર્જરાભાવનાને પ્રદ્યુમ્નમુનિ નિરંતર ભાવતા હતા.

## ૧૦ : ધર્મ-ભાવના.

દુર્ગતિમાં પડતા જીવને ધારણ કરી રાખે અર્થાત્ તેનો ઉદ્ધાર કરે તેને જિનેશ્વર ભગવંતે 'ધર્મ' કહ્યો છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન-એમ ત્રણે કાળમાં રહેલા પાપી જીવોનો ઉદ્ધાર કરવાનું જે સામર્થ્ય ધરાવે છે તે ધર્મનું અજબ ગજબનું માહાત્મ્ય હોય છે. ભૂતકાળમાં થઈ ગયેલા દ્રઢપ્રહારી આદિ પાપી જીવો કે જેઓએ જીવનમાં ચોરી, લૂંટફાટ અને ખૂન-ખરાબી સિવાય બીજું કોઇ કામ કર્યું નહોતું. અને છેલ્લે છેલ્લે....બધા ધર્મોથી નિંદિત એવી સ્ત્રીહત્યા, બાલહત્યા, બ્રહ્મહત્યા અને ગોહત્યા જેવી ચાર મહાભયંકર હત્યાઓ કરી હાથને લોહીથી ખરડયા હતા, એવા ભયંકર ડાકૂ દ્રઢપ્રહારી જેવાનો પણ આ ધર્મે ઉદ્ધાર કરી, શાશ્વતુસુખનો ભોક્તા બનાવ્યો. ભવિષ્યકાલમાં પણ દ્વૈપાયન જેવા ભયંકર તાપસને કે જેણે કરોડો મનુષ્યો, પશુ, પક્ષી આદિ જીવોને બાળીને ભસ્મ કરી નાખ્યા હતા. ક્રૂર કર્મને કરનારાને પણ આ ધર્મ ઉદ્ધાર કરી, તેને મોક્ષસુખના ભોક્તા બનાવશે. વર્તમાનકાલમાં મોક્ષગમન યોગ્ય ક્ષેત્રમાંથી હંમેશા ધર્મના પ્રભાવે સેંકડો જીવો કૈવલ્ય પ્રાપ્ત કરી અક્ષય, અનંત સુખના ભોક્તા બની રહ્યા છે, તેથી પંડિત પુરૂષોએ ધર્મ જાણવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે, ઉપાસના કરવા યોગ્ય છે. સર્વકાર્યસાધક ધર્મથી વાંછિત સુખ પ્રાપ્ત થાય છે, ધર્મથી શરીર નિરોગી બને છે, ધર્મથી કુલની વૃદ્ધિ થાય છે, ધર્મથી શિવ-સંપત્તિ પ્રાપ્ત થાય છે, અને ધર્મ જ સર્વ વસ્તુને સિદ્ધ કરી આપનાર છે. માટે ધર્મનો અચિંત્ય પ્રભાવ જાણી, હે જીવ, તારે ધર્મકાર્યમાં નીરંતર ઉદ્યમશીલ બનવું જોઈએ.

## ૧૧ : લોકસ્વરૂપ ભાવના.

વૈશાખ ( મોટું શરાપ ) સંસ્થાનરૂપે રહેલો અને કેડ ઉપર બે હાથ રાખેલા પુરૂષસમાન આકૃતિવાળો આ 'લોક' ( ચૌદ રાજલોક ) કહેવાય છે. તેમાં ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. પુદ્ગલાસ્તિકાય, ૫. જીવાસ્તિકાય અને ૬. કાળ. આ છ દ્રવ્યોથી પરિપૂર્ણ ચૌદ રાજલોક છે. તે લોકમાં રહેલા જડ-ચેતન પદાર્થો ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ-

શીલ છે. આ ચૌદ રાજલોકમાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ-એમ ત્રણ લોક સમાવિષ્ટ છે. હે જીવ, અનાદિ-અનંત સંસારમાં ભમતાં, ચૌદ રાજલોકમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે એવી કોઈ જાતિ નથી કે જેમાં તું જન્મ્યો ના હોય, અને મર્યો ના હોય. અર્થાત્ ચૌદે રાજલોકમાં તું અનંતી વાર ભ્રમણ કરી ચૂક્યો છે. તો હવે ચૌદ રાજલોકના મસ્તક ઉપર રહેલી સિદ્ધશિલા કે જેમાં અનંતાનંત સિદ્ધ આત્માઓ રહેલા છે, તે આત્મ જ્યોતિમાં તારી આત્મજ્યોતિને અભેદભાવે મેળવવા માટેનો પુરૂષાર્થ કરી લે. આ પ્રમાણે લોકસ્વભાવ-ભાવના પ્રદ્યુમ્નમુનિ ભાવતા હતા.

## ૧૨ : બોધિદુર્લભ-ભાવના.

અનાદિ-અનંત સંસારમાં ભમતો આ જીવ અવ્યવહારરાશિ (સૂક્ષ્મનિગોદ)માંથી વ્યવહારરાશિ (બાદર નિગોદ) માં આવ્યો. ભવિતવ્યતાના પરિપાકથી સ્થાવરમાંથી ત્રસપણું પામ્યો, અને કર્મની લઘુતાથી પંચિન્દ્રિયપણું પામ્યો. તેમાં વળી, મનુષ્યપણું પામ્યો. માનવભવ મલવા છતાં આર્યદેશમાં જન્મ મળવો મહાદુર્લભ છે. આર્યદેશમાં પણ આર્યકુલ, આર્યજાતિ મલવી તે એના કરતા પણ અધિક દુર્લભ છે. આર્યકુલ મલવા છતાં પાંચ ઇન્દ્રિયની પટુતા મળવી અધિક દુર્લભ છે. તેમાં પણ પુણ્યકર્મથી નિરોગી શરીર, સુખ-સંપત્તિ, સ્નેહાળ પરિવાર મળવો, તે વિશેષ પ્રકારે દુર્લભ છે. તે બધું હજી પણ પુણ્યકર્મથી સ્હેજે મલી શકે છે, પરંતુ દેવ-ગુરૂ અને ધર્મની સામગ્રી મળવી એ મહાન દુર્લભ છે. સામગ્રી મળવા છતાં રંકજનોને ચિંતામણી રત્નની પ્રાપ્તિ થવી જેમ દુર્લભ હોય છે, તેમ અધિકમાં અધિક દુર્લભ સમ્યક્ત્વ (બોધિ) ની પ્રાપ્તિ છે. હે જીવ, આટલી મુશ્કેલીથી મળેલી માનવભવની સામગ્રીમાં તારે મેળવવા જેવું કંઈ હોય તો તે બોધિ (સમ્યક્ત્વ) જ છે. માટે તે બોધિબીજને મેળવવા માટે તું ભગીરથ પ્રયત્ન કરી લે. આ પ્રમાણે પ્રદ્યુમ્નમુનિ સંસારનો ઉચ્છેદ કરનારી બાર ભાવનાનું ચિંતન કરી સમગ્ર જીવરાશિ ઉપર સમભાવને ધારણ કરતા હતા.

दीक्षां षोडशवर्षाण्य-तिचारपरिवर्जितां । प्रद्युम्नः सह सांबेना—पालयंजनयंस्तपः ।।९४।।
अथ घोराणि पापानि, विधातारोऽपि पूरुषाः । अत्र सिद्धिं यतः प्रापुः, सिद्धाद्रिस्तेन कथ्यते ।।
बाह्यारीनंतरंगारी—नस्माज्जयंति देहिनः । तस्माच्छत्रुंजयं तीर्थं, निरूप्यते मनोषिभिः ।९६।
तीर्थानामुत्तमं तीर्थं, गिरीणामुत्तमो गिरिः । कलिकालेऽप्रि सिद्धाद्रे—र्महिमा हि विजृंभते ।।
येषां च शिथिलानि स्युः, क्रूरकर्माणि देहिनां । सिद्धक्षेत्रं समासाद्य, तैर्विमुक्तिरवाप्यते ।९८।
भवेर्युनिविडान्यत्र, येषां कर्माणि भूरिशः । न ते शत्रुंजयं तीर्थं, विना शुद्धयंति सर्वथा ।।९९।।
ध्यानेनैतस्य तीर्थस्य, यात्रयापि च पूजया । नामसंस्मरणादस्य-नंतं प्रयाति पातकं ।।१००।
शृंगाणि संति तीर्थस्या-स्याष्टोत्तरशतानि च । तेष्वेकविंशतिमुख्या—न्याहुस्तीर्थंकरादयः ।१।
तानि सर्वाणि संस्पृश्य, शत्रुंजयशिलोच्चये । आदिदेवं नमस्कृत्या—न्यानपि जिननायकान् ।।
उज्जयंताख्यमुत्तुंगं, नेमिकल्याणकत्रयं । सिद्धाद्रेः पंचमं शृंगं, प्रद्युम्नश्रमणो ययौ ।।३।।
सहस्राम्रवने तत्र, नेमिकल्याणकास्पदं । नत्वैकं शृंगमारूढः, क्षपकश्रेणिमाश्रयत् ।।४।।
तामारूढः शुभध्यानात्, प्रद्युम्नः श्रमणाग्रणीः । चतुरः क्षपयामासा—दावनंतानुबंधिनः ।।५।।

मिथ्यात्वमोहिनी मिश्र–सम्यक्त्वमोहिनी पुनः । नृतिर्यक्सुरायूष्येक–विगलेंद्रियजातयः ॥६॥
स्त्यानर्द्धित्रिकमुद्योत–नामकर्मापि सुंदरं । तिर्यग्नरकस्थावर–द्विकं साधारणातपौ ॥७॥
प्रत्याख्यानाप्रत्याख्याना–दिभेदेनाष्टकं तथा । नपुंसकस्त्रियोर्वेदो, हास्यादिषट्कमुत्कटं ॥८॥
पुंवेदसंज्वलनादि—चतुष्कं द्वे प्रमीलिके । ज्ञानदर्शनावरण—नवकं विघ्नपंचकं ॥९॥
इत्येताः प्रकृतीः क्षिप्त्वा, प्रद्युम्नर्षिरनुक्रमात् । अंतकृत्केवली भूत्वा, सिद्धसौधमवाप्तवान् ॥
सांबोऽपि मुनिरारुह्य, गिरींद्रशिखरं वरं । प्रक्षिप्याखिलकर्माण्यं–तकृत्केवल्यजायत ॥११॥
ययोः शिखरयोः सिद्धौ, प्रद्युम्नसांबसंयतौ । अद्यापि ते तयोर्नाम्ना, विद्येते ख्यातिधारिणी ॥
विवाहकृत्ये जनयंति लोका, महोत्सवान् यर्हि बहुप्रकारान् ।
प्रभुतवादित्रसुवादनेन, नृत्येन च भ्राजितगीतगानैः ॥१३॥
प्रद्युम्ननामापि शिवांगनां महो–दीक्षां गृहीत्वावृणुतातिदुर्लभां ।
प्रकुर्महे तद्वयमप्यनेकधा, ध्यात्वेति तान्निर्जरकोटयो व्यधुः ॥१४॥
गीतान्यगायन् प्रमदेन केचि—न्नृत्यानि तत्र व्यदधुश्च केचित् ।
धन्यस्त्वमुर्व्यां तव मातृतातौ, धन्यौ सुरास्तुष्टुवुरेवमेके ॥१५॥
गंधोदकानां प्रथमं सुवृष्टिं, ततः प्रसूनप्रकरस्य साधोः ।
पंचोल्लसद्वर्णयुतस्य वृष्टिं, चक्रुः सुरास्तस्य तनूरपि द्राग् ॥१६॥
न जीवतामप्यसुधाकराणां, केषांचिदंगं लभते कदाचित् ।
प्रद्युम्नसाधोश्च शिवं गतस्या–प्यहोवपुः प्रापदनल्पपूजाः ॥१७॥
गोशीर्षसंज्ञेन सुचंदनेन, संस्कारमंगस्य विधाय देवाः ।
प्रापुर्निजं स्थानमदभ्रभक्त्या प्रद्युम्ननिर्ग्रंथगुणान् स्तुवंतः ॥१८॥
येन प्रबोध्यह्युपदेशदानैः, प्रद्युम्ननामापि कृतो विनेयः ।
तस्यापि चित्रं प्रददे विमुक्तिः, स्वकीयराज्ये जयतात्स नेमिः ॥१९॥
समस्ति न व्याकरणे तथाविधिः, परिश्रमश्छंदसि चार्पलंकृतौ ।
तथाप्यदोऽकारि मया चरित्रकं, प्रद्युम्नसाधोर्निबिडाघनाशनं ॥२०॥
अज्ञावतस्तुच्छमते प्रमादा–द्वैयग्रयतो यच्च किमप्यशुद्धं ।
अकारि वा यल्लिखितं मयात्र, क्षंतव्यमेतद्वरलब्धवर्णैः ॥२१॥
अथात्र ये स्युर्बहुमत्सरेण, समन्विताःशास्त्रविदोऽपि मर्त्याः ।
वचः प्रमाणं न तदीयमस्त्य–भिमानदुर्मत्सरधारणेन ॥२२॥
अन्योपकारप्रतिभायुता ये प्रध्वस्तमात्सर्य कलंकदोषाः ।
तैरेव सूक्ष्मेक्षिकया विशोध्य–मेतच्चरित्रं विबुधप्रवृत्त्यै ॥२३॥

**वराष्टमांगं चरितं च नेमे–र्माहात्म्यमुद्यद्विमलाचलस्य ।**
**दिगंबराणां चरितं विलोक्य, प्रद्युम्नसंज्ञं विदधे चरित्रं ।।२४।।**
**पठिष्यति श्रोष्यति वाचयिष्य–त्यदश्चरित्रं शुभभावतो यः ।**
**तस्यैहिकामुष्मिकमंगलानि, प्रादुर्भविष्यंत्यतुलानि नित्यं ।।२५।।**

અનેક પ્રકારની તપશ્ચર્યા કરતા શાંબમુનિ અને પ્રદ્યુમ્ન મુનિએ સોળ વર્ષનો દીક્ષા પર્યાય નિરતિચારપણે પાલન કર્યો.

ઘોર ભયંકર પાપોને કરનારા એવા પણ સ્ત્રી-પુરૂષો જે પર્વત ઉપર સિદ્ધિપદને પામ્યા છે, તે આ જગતમાં 'સિદ્ધાદ્રિ' અથવા 'સિદ્ધાચલ' તરીકે પ્રસિદ્ધ છે. જે પર્વત પર રહીને પુરૂષોએ બાહ્ય અને અભ્યંતર શત્રુ ઉપર વિજય મેળવ્યો છે, તેથી પંડિતો તેને 'શત્રુંજય' તીર્થ પણ કહે છે. **તારે તે તીર્થ કહેવાય. સંસારસમુદ્રથી પાર ઉતારે તે ભાવતીર્થ.** તે જંગમ અને સ્થાવર–એમ બે પ્રકારે છે : જંગમતીર્થ— સાધુ–સાધ્વી–સંઘ, પ્રથમ ગણધર વિગેરે છે. સ્થાવર તીર્થ— શત્રુંજય, ગીરનાર, સમેતશિખર, અષ્ટાપદ આદિ તીર્થો છે. આવા તીર્થોમાં ઉત્તમ તીર્થ અને પર્વતોમાં ઉત્તમ પર્વત તરીકે સિદ્ધાચલતીર્થ પ્રસિદ્ધ છે. કલિકાલમાં પણ તે સિદ્ધગિરીનો મહિમા અપરંપાર છે. આવા સિદ્ધક્ષેત્રને ક્રૂરકર્મને કરનારા પણ મનુષ્યો કે તિર્યંચો ભાવપૂર્વક સ્પર્શે છે તો તેમના નિકાચિત કર્મો શિથિલ થઈ જાય છે અને તેઓ મુક્તિપદને પ્રાપ્ત કરે છે. શત્રુંજય તીર્થની સ્પર્શના કર્યા વિના મનુષ્યોના નિકાચિત કર્મોની પ્રાયઃ શુદ્ધિ થતી નથી. આ મહાન્ તીર્થનું ધ્યાન, યાત્રા, પૂજા, ઉપાસના અને નામસ્મરણ કરવાથી પણ મનુષ્યોના અનંત પાપો નાશ પામે છે. આવા પવિત્ર શત્રુંજય તીર્થના એકસોને આઠ શિખરો છે. તેમાં તીર્થંકર આદિ મુખ્ય એકવીશ શિખરો છે. શાંબમુનિ અને પ્રદ્યુમ્ન આદિ મુનિવરો શત્રુંજય પર્વતના સર્વે શિખરોની સ્પર્શના કરીને, જિનેશ્વરોમાં નાયક-પ્રથમ તીર્થંકર ભગવાન્ આદિદેવને નમસ્કાર કરીને, જેમાં ભગવાન નેમિનાથનાં ત્રણ કલ્યાણકો થયા છે, એવા સિદ્ધગિરીના પાંચમા શિખર 'ઉજ્જયંત' ઉપર પ્રદ્યુમ્નમુનિ ગયા. ભગવાન નેમિનાથની દીક્ષા કલ્યાણક ભૂમિ 'સહસ્રાવન' માં જઇ તે પવિત્ર ભૂમિને નમસ્કાર કર્યો. તે પછી પ્રદ્યુમ્ન મહામુનિ એક શિખર ઉપર ચઢી ધર્મધ્યાનમાં આરૂઢ થયા. શુભ ધ્યાનમાંથી ક્ષપક શ્રેણી માંડી. પ્રથમ ચાર અનંતાનુબંધી કષાયોનો ક્ષય કર્યો, ત્યારબાદ મિથ્યાત્વમોહનીય મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, મનુષ્યઆયુ, તિર્યંચાયુ, દેવાયુ, એકેંદ્રિય, વિકલેંદ્રિય જાતિ, નિદ્રા–નિદ્રા, પ્રચલા-પ્રચલા, સ્ત્યાનર્દ્ધિ [એમ નિદ્રાત્રિક], ઉદ્યોત નામકર્મ, તિર્યંચગતિ, નરક ગતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ આતપ પ્રત્યાખ્યાનીય ચાર કષાય, અપ્રત્યાખ્યાનીય ચાર કષાય, નપુંસકવેદ, સ્ત્રિવેદ, હાસ્યાદિ છ પુરૂષવેદ, સંજ્વલન, ક્રોધ આદિ ચાર કષાય, નિદ્રા, પ્રચલા, જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય નવ, અને પાંચ અંતરાય કર્મ— આ પ્રમાણે ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ કર્મની એકસો અઠ્ઠાવન પ્રકૃતિનો અનુક્રમે મૂલમાંથી ક્ષય કરી, અંતકૃત કેવલી [આયુષ્યનું અંતર્મુહૂર્ત બાકી રહે ને કેવલજ્ઞાન થાય, તેને '**અંતકૃતકેવલિ**' કહેવાય છે] થઇને પ્રદ્યુમ્નમહામુનિ સિદ્ધિગતિને પામ્યા. અનંતાનંત શાશ્વત્ સુખના ભોકતા બન્યા. શાંબમુનિ પણ સિદ્ધગિરીના બીજા શિખર ઉપર જઇ ધ્યાનારૂઢ બની ક્ષપકશ્રેણી માંડીને સર્વ કર્મોનો ક્ષય કરી અંતકૃત કેવલિ થઇને તે જ દિવસે સિદ્ધિગતિને પામ્યા. જે શિખરો ઉપર શાંબ, પ્રદ્યુમ્ન આદિ

મુનિવરો મોક્ષગતિને પામ્યા, તે શિખરોનાં નામ- યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રસિદ્ધ બની ગયાં. આજ સુધી પણ ભવ્યજીવો શાંબ-પ્રદ્યુમ્ન શિખરોની સ્પર્શના કરી, પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યા છે. [ કહેવાય છે કે ફાગણ સુદ તેરસના પવિત્ર દિવસે સિદ્ધગિરીના **ભાંડવાના ડુંગર** ઉપર શાંબ-પ્રદ્યુમ્ન સાડા આઠ કરોડ મુનિવરોની સાથે મુક્તિપદને વર્યા હતા તેથી તેનો મહિમા આજે પણ જોવામાં આવે છે. ફાગણ સુદ તેરસે ગામોગામ અને દેશોદેશથી લોકો આવીને સિદ્ધગિરીની છ ગાઉની સ્પર્શના કરી, છેલ્લે ભાંડવાના શિખરની સ્પર્શના કરી, જીવનને ધન્ય બનાવે છે. ખાસ તો છ ગાઉની યાત્રાનો મુખ્ય આશય ભાંડવા શિખરની યાત્રાનો છે.]

વિવાહકાર્યમાં લોકો અનેક પ્રકારનો મહોત્સવ કરે છે, મંગલગીતો ગાય છે, નૃત્ય કરે છે અને અનેક પ્રકારના વાજિંત્રો વગડાવે છે, તેમ શાંબ-પ્રદ્યુમ્ન મહામુનિઓનો અતિદુર્લભ એવી 'શિવલક્ષ્મી' નામની નારી સાથે વિવાહ થવાથી, કરોડો દેવોએ રાજી થઈને અનેક પ્રકારનો મહોત્સવ કર્યો. કેટલાક દેવો મધુર સ્વરે મહામુનિના ગુણોની પ્રશંસા કરતા ગીતો ગાતા, કેટલાક નૃત્ય કરતા અને કેટલાંક દેવો પ્રદ્યુમ્નમુનિની જન્મભૂમિની અને તેમના માતા-પિતાની સ્તુતિ કરતા.

ત્યાર પછી દેવોએ પ્રદ્યુમ્નમુનિના અચેતન દેહ ઉપર સુગંધી જલની વૃષ્ટિ કરીને તેના પર પંચવર્ણના પુષ્પોની વૃષ્ટિ કરી. જીવંત એવા દેવોની પણ આવી અંગપૂજા થતી નથી.

પ્રદ્યુમ્નમુનિના મોક્ષગમન પછી પણ, તેમના શરીરની કરોડો દેવો પૂજા કરી રહ્યા હતા. ધન્ય છે એ મહામુનિના દેહને! ત્યારપછી ગોશીર્ષચંદનથી મુનિના દેહનો અગ્નિસંસ્કાર કરી, તેની ભસ્મને સાથે લઈને ભક્તિપૂર્વક પ્રદ્યુમ્નમુનિના ગુણોની પ્રશંસા કરતા દેવો પોતપોતાના સ્થાને ગયા. જેમણે ધર્મદેશના વડે પ્રતિબોધ કરીને પ્રદ્યુમ્નને પોતાનો શિષ્ય બનાવ્યો, અને પોતાના જ શાસનમાં પ્રદ્યુમ્નને મુક્તિસુખ આપ્યું. તે ભગવાન નેમિનાથ જયવંતા વર્તો.

વ્યાકરણ, અલંકાર કે છંદશાસ્ત્રમાં મારો પરિશ્રમ નથી, છતાં અલ્પબુદ્ધિવાળા એવા મેં, ઘોર પાપોનો નાશ કરવામાં સમર્થ એવા આ પ્રદ્યુમ્નના ચરિત્રની રચના કરી છે. તેમાં અજ્ઞાનતાથી, અલ્પબુદ્ધિથી, પ્રમાદથી અને વ્યગ્રતાથી આ ચરિત્રમાં કંઈ પણ અશુદ્ધ લખાઈ ગયું હોય તો સાક્ષરવર્યો (પંડિતપુરૂષો) મારી ભૂલને ક્ષમા કરશો.

શાસ્ત્રોના જાણકાર હોવા છતાં ઈર્ષ્યાળુ અને તેજોદ્વેષી પુરૂષો હોય છે કે જે માત્સર્યભાવથી બીજાના દોષો જ જોતા હોય છે, તેવા દુર્જનપુરૂષોના વચનની કંઈપણ કિંમત હોતી નથી.

પરંતુ પરોપકારી સજ્જન પુરૂષો કે જેઓ માત્સર્યાદિ દોષોથી રહિત હોય છે. તેવા પ્રજ્ઞાવંત સંતપુરૂષો સૂક્ષ્મબુદ્ધિથી આ ચરિત્રમાં રહેલી ક્ષતિઓને દૂર કરી મારા જેવા અલ્પબુદ્ધિવાળાના બોધ માટે સૂચન કરજો.

અગીયાર અંગ પૈકી **'અંતકૃતદશાંગ'** નામના આઠમા અંગમાં વર્ણવેલુ પ્રદ્યુમ્નકુમારનું ચરિત્ર, શત્રુંજયમાહાત્મ્યમાં નેમિનાથના વર્ણનમાં આવેલું ચરિત્ર, તેમજ દિગંબરશાસ્ત્રમાં આવેલું પ્રદ્યુમ્નચરિત્ર, તે ત્રણે ચરિત્રોનું અવલોકન કરીને, આ શાંબ-પ્રદ્યુમ્નચરિત્રની રચના કરવામાં આવી છે.

જે કોઇ ભવ્ય જીવો શુભ ભાવથી આ પ્રદ્યુમ્નચરિત્રને ભણશે, સાંભળશે અને વાંચશે–તેની આ લોક અને પરલોકમાં હંમેશા અતુલ મંગલની પરંપરા સર્જાશે.

ગુર્જરદેશના ખેંગાર રાજ્યમાં આવેલા '**માંડલ**'નામના સુંદર નગરમાં વિક્રમ સંવત ૧૬૪૫ની સાલમાં ૭૨૦૦ (બ્હોંતેર સો) શ્લોક પ્રમાણ, મહામંગલકારી પ્રદ્યુમ્નચરિત્રની મંગલ પૂર્ણાહુતિ કરવામાં આવી. —આ 'પ્રદ્યુમ્નચરિત્ર' યાવચ્ચંદ્રદિવાકર જયવંતુ વર્તો.

**तस्मिन्मंडलि नाम्नि चारुनगरे खेंगारराजोत्तमे। संपूर्ण समजायताग्र चरितं प्रद्युम्ननामानघं ।।**
**संख्यातश्च सहस्रसप्तकमिदं द्वाभ्यां शताभ्यां शुभं ।**
**पंचांभोनिधिषण्णिशापतिमिते वर्षे चिरं नंदतान् ।।ग्रन्थाग्रं ७२००।।**

**इति पंडित चक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीसांबप्रद्युम्नचरित्रे श्रीप्रद्युम्नसांबतपःकरणकेवलज्ञानोत्पत्तिनिर्वाणगमनो नाम षोडशः सर्गः समाप्तः ।। श्रीरस्तु ।।**

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી સમા શ્રી રાજસાગર ગણીના વિદ્વાન શિષ્ય પંડિત શ્રી રવિસાગર ગણીએ રચેલા શ્રી શાંબ–પ્રદ્યુમ્નચરિત્રમાં–શ્રી પ્રદ્યુમ્ન–શાંબના તપ, સંયમ, કેવલજ્ઞાન અને નિર્વાણગમનનું વર્ણન કરતો ૧૨૫ શ્લોક પ્રમાણ સોલમો સર્ગ સમાપ્ત થયો.

## अथ प्रशस्तिः

**प्रादुश्चक्रे जगति गुरुणा येन सौधर्ममार्गो। गच्छन् दुष्टप्रकृतितितिभिः खंडितः कालयोगात् ।।**
**भास्वंती भिर्नृपतिनुतिभिः शुद्धसाधुक्रियाभिः । कैवल्यैकप्रथमपदवीसाधिकाभिः प्रकामं ।१।**

### પ્રશસ્તિ

મહા પ્રતાપશાળી રાજાઓ વડે નમસ્કાર કરાતા, શુદ્ધ સાધુમાર્ગના પ્રકૃષ્ટ આરાધક, તેમજ મોક્ષમાર્ગના સાધક એવા ગુરૂભગવંતો કે જેઓએ કલિકાલના દોષથી દુષ્ટ પ્રકૃતિવાળા કુવાદીઓથી ખંડન કરાતા જિનેશ્વરભગવંતના માર્ગને અર્થાત્ જૈનશાસનને સુવ્યવસ્થિત કર્યું છે, તેઓ જયવંતા વર્તો.

**जैनधर्माद्भवति नियमाज्जन्मनीष्टे तृतीये, मुक्तिप्राप्तिर्विहितशरणान्मेऽप्यतो भाविनी सा ।**
**तत्पश्यामि प्रथममधिकं स्वर्गसौख्यं मनुष्या—न्मन्ये ध्यात्वागमदिति दिवं यस्य जीवो विपद्य ।।**
**यातस्यापि त्रिदशनिलयं सम्यागाराध्य धर्मं, यस्याद्यापि स्फुरति महिमोद्यद्यशो नाम लोके ।**
**श्रीमानानंदविमलगुरुः स क्रियात्सत्क्रियाणा— मुद्धारस्य प्रकटनपटुत्वं दधानः शिवानि ।।३।।**

જૈનધર્મની આરાધનાથી અને જૈનશાસનને શરણે ગયેલા એવા મારી નિયમા ત્રીજા ભવે મુક્તિ થવાની છે, તેમ છતાં 'પ્રથમ સ્વર્ગના સુખનો અનુભવ કરૂં.' એમ વિચારીને જાણે અહીંથી કાળધર્મ પામી સ્વર્ગમાં ગયા ના હોય !

સમ્યક્ પ્રકારે ધર્મની આરાધના કરીને સ્વર્ગલોકમાં ગયા છતાં, જેનો મહિમાશાળી યશ હજુ સુધી લોકોમાં પ્રસિદ્ધ છે, એવા સત્ક્રિયોદ્ધારક પ્રવચન પટુ **શ્રી આનંદવિમલગુરૂ** મંગલને કરનારા થાઓ.

सुकृतगुणनिधानं यो दधारावधानं, परममतिविधानं मोक्षदर्शिप्रधानं ।
त्रिजगति विबुधानां हृत्प्रमोदं दधानं, प्रमुदितविबुधानां शर्मकृत्सन्निधानं ॥४॥
अजयदखिलमानं मान्मथं वर्धमानं, क्षितिपतिबहुमानं राजवद्राजमानं ।
शुचिमुखमसमानं यो दधानोपमानं, धृतजगदुपमानं निर्जरैर्गीयमानं ॥५॥
शशधरविशदानं तत्प्रभामाददानं. गुणततिमतिदानं दीनजंतौ ददानं ।
भजत विजयदानं सूरिमुख्यं ददानं वरमतिततिदानं तं जनामोददानं ॥६॥

ઉજ્જવલ ગુણોના ભંડાર, અવધાનને કરનારા, સૂક્ષ્મ મતિના ધારક, મોક્ષમાર્ગને બતાવનારા, ત્રણે જગતમાં રહેલા પંડિતો-દેવોના હૃદયને ઉલ્લસિત કરનારા, આનંદિત બનેલા દેવો નિરંતર જેમના ચરણકમલની સેવામાં તત્પર છે, એવા ત્રણે જગતના જીવોના માનને મૂકાવનાર કામદેવને જેમણે જીતી લીધો છે, એવા રાજા-મહારાજાઓથી સન્માન પામેલા, રાજાની જેમ જૈન શાસનનું સામ્રાજ્ય ભોગવનારા, ચન્દ્ર સમાન નિર્મલ અને પવિત્ર, જેની ઉપમા જગતમાં કોઈ ના પામી શકે એવા અનુપમ, જેમના ગુણાનુવાદ દેવો હંમેશાં ગાઈ રહ્યા છે એવા ચન્દ્ર જેવી ઉજ્જવલ કાંતિના ધારક, દીન, હીન અને પાપીજનોને પણ ગુણોની પરંપરાનું દાન કરનારા, મૂર્ખ શિષ્યને પણ પંડિત બનાવનારા એવા જનમનને આનંદ આપનારા **શ્રી વિજયદાનસુરીશ્વરજી** જયવંતા વર્તો.

अर्हन्निकेतनजिनार्चनमंडलश्री—युक्तेऽग्रयपाल्हणपुरे नगरे प्रसिद्धे ।
ऊकेश शुद्धतमवंशभवो बभासे, कुराभिधोऽतुलगुणो व्यवहारिमुख्यः ॥७॥
औदार्यधैर्यसुविशालगुणप्रयुक्ता, नाथीति तस्य वनिता नितरां विनीता ।
तत्कुक्षिजः समभवत्तनयो विराजन्, हीराभिधः सकललक्षणलक्षितांगः ॥८॥
आबाल्यतोऽपि ववृधे भुवि तस्य कीर्ति—कांता ततो बहुगुणां चरणाभिधानां ।
योषां जिघृक्षुरभवद्गुरुसेवनातो, वांच्छेद्दशामभिनवां तरुणो नरो हि ॥९॥
सत्यामपि प्रसृमरद्युतिकीर्तियोषि—त्यादत्तवांश्चरणयोषितमादरेण ।
सार्धं तयास्य समजायत भूरिरागः, स्पर्धां चकार बहुलां किल कीर्तिकांता ॥१०॥
यस्य स्त्रियौ रुचिररूपयुते भवेतां, भूयिष्टगेहधनधान्यसमन्विते च ।
नाथस्य तस्य न सुखं भवतीह ताभ्यां स्पर्धावशादतुलमत्सरकारिकाभ्यां ॥११॥
कारागृहे निवसनं बहुदुःखदायि, देशांतरेषु यदि वा भ्रमणं विधेयं ।
ते द्वे ततो न विदुषा पुरुषेण कार्ये, स्वस्मिन्नदभ्रसुखमंगलकामुकेन ॥१२॥

सस्फूर्तिकीर्तिवनिता प्रथमा द्वितीया, दीक्षाविलासिरमणी रमणीयरुपा ।
सूरीशहीरविजयस्य यतस्त्विमे द्वे, स्तो योषितौ स्फुरदलंकृतिपूरितांग्यौ ॥१३॥
प्रायो भवेत्तनुमतः प्रथमांगनायां, रागस्तनुः स गुरुताकलितोऽपरस्यां ।
दृष्ट्वा गुरोरपि तथा प्रथमा स्वरूपं, जाता विषादसहिता स्मयधारणेन ॥१४॥
ते चक्रतुः प्रतिदिनं बहु काचपिच्य—मीर्षावशात्तदसहिष्णुरसौ च दध्यौ ।
नैतत्सहाम्यहमितीव विचिंत्य माना—त्तीर्थानि कर्तुमगमत् त्रिजगद्यथेच्छं ॥१५॥
सम्मेतशैलशिखरेऽत्र पवित्रयात्रां, कर्तुं गता स्थितवती निशि चांतराले ।
रम्यागराख्यनगरे वरकीर्तिकांता, शुश्राव तत्र नरनाथ उपागतां तां ॥१६॥
संसत्स्थितैस्तु सकलैरपि तत्प्रशंसां, निष्पादितामतिशयान्नृपतिर्निशम्य ।
चित्ते चमत्कृतिधरः समजायतोच्चै—स्तद्दर्शनोत्सुकमनाः स बभूव तस्मात् ॥१७॥
आकारिता नृपतिना प्रविलोकितुं सा, तावत्ततः प्रचलिता त्रिदशांगनेव ।
दध्यौ तदा क्षितिपतिर्निजमानसांतः, पश्यामि किं स्त्रियमहं मम संति वह्व्यः ॥१८॥
पश्यामि तर्हि रमणं कमनीयमस्या, यस्येयमस्ति भुवनत्रयमोहिनी स्त्री ।
ध्यात्वेत्यकब्बरमहीपतिना प्रमोदा—दाकारितो द्रुततरं खलु हीरसूरिः ॥१९॥
यस्य प्रतापतपने तपति क्षमायां, स्मेरत्वभृत्कुवलयं भवतीति चित्रं ।
संकोचसंयुतमतीवमदेन माद्य—द्विद्वेष्यसंख्यवनितावदनारविंदं ॥२०॥
लोकत्रये मदयुता द्विरदा इवासं—स्ते चक्रिरे गतमदाः स्थावरा ईवाशु ।
सामान्यवृत्तिसहिता अथ सज्जना ये, ते स्वामितोरुगजवाजिधनाश्रयेन ॥२१॥
यस्य प्रतापगगनध्वजतः शुशोष, स्वीयेषु सुंदरगृहेष्वपि संस्थितानां ॥
रामपयोधरपयस्तिलकं ललाटे, निष्ठीवनं च वदने रिपुभूपतीनां ॥२२॥
तेनाप्यकब्बरमहीरमणेन तत्त्व—श्रद्धालुनेव रचितांजलिनोत्तमांगे ।
सूरीशहीरविजयस्य पुरो बहूनि, वस्तूनि चामुमुचिरे द्रविणादिकानि ॥२३॥
सद्योगिनामपि मनांसि विभेदयंत्य—स्तीवैः कटाक्षविशिखैर्नयनद्वयोत्थैः ।
संदर्शिता मृगदृशोऽपि मनोज्ञरूपा—श्चित्तं तथापि चलितं न मुनीश्वरस्य ॥२४॥
नो तानि संजगृहिरे गुरुणा वसूनि, सत्स्वामिनेव च दृशापि न वीक्षितास्ताः ।
एवंस्वरूपमवलोक्य जिनेंद्रधर्मे, श्रद्धा बभूव महती जगतीपतेर्द्राक् ॥२५॥
धर्मेषु भाति सकलेष्वपि जैनधर्मः, सूरीशहीरविजयश्च गुरुष्वपीह ।
तस्मादयं मम कृपाकलितोऽस्तु धर्मः, श्रीमद्गुरुर्भुवि जगद्गुरुनामधारी ॥२६॥
नोपाददे किमपि ते न पुरो विमुक्तं, यावन्मुमुक्षुपतिना स जगाद तावत् ॥

सर्वव्रतीश वद किं प्रददामि तर्हि, तुभ्यं प्रसिद्धिजनकं शिवदायि दानं ।।२७।।
सूरिर्जगाद यदि दास्यसि मार्गितं मे, तद् द्वादशार्पयतमां दिवसानि यावत् ।
जंतोर्धनाश्रयजलस्थलचारिणोऽपि, निःस्वामिनोऽप्यभयदानममानपुण्यं ।।२८।।
श्रुत्वा गुरोरमृततुल्यमशेषजंतु—प्रोत्यावहं वचनमुन्नतिकारकं च ।
भूपो बभाण भगवंस्त्वयका यदुक्तं, नित्यं भविष्यति हिताय ममापि तत्तु ।।२९।।
तस्मात्त्वदुक्तमनघं वचनं करिष्या—म्युक्त्वेति भानुभवभान्वधिकप्रभाय ।
आज्ञास्ति यत्र सदकब्बरपातसाहिः, प्रैषीच्च तत्र निजनामपवित्रलेखान् ।।३०।।
केचिद्भयेन सुकृतेन च केचिदेतान्, सल्लज्जया मनसि केचिदमानयंस्तान् ।।
केनापि किंतु बलिना विफलीकृता न, लेखाः कृपाकरणतः स्फुरतीशगीर्हि ।।३१।।

જિનેશ્વર ભગવંતના સુંદર જિનચૈત્યોથી સુશોભિતપ્રસિદ્ધ પ્રહ્‌લાદનપુર (પાલનપુર) નામના નગરમાં વિશુદ્ધ ઓસવાલ વંશમાં શ્રેષ્ઠીઓમાં અગ્રણી ‘કુરા’ નામના ગુણવાન શ્રેષ્ઠી હતા. તેમની ધૈર્યવતી, ઔદાર્યશાલિની આદિ ગુણોવાળી **‘નાથીદેવી’** નામની પતિવ્રતા પત્ની હતી. તેની કુક્ષીથી સંપૂર્ણ શુભ લક્ષણોથી લક્ષિત ‘હીર’ નામનો પુત્ર હતો. તે હીરકુમારને બાલ્યાવસ્થાથી જ કીર્તિરૂપી કાંતા જગતમાં પ્રસિદ્ધ હતી, પરંતુ હીરકુમારને વધારે ગુણવતી દીક્ષારૂપી કુમારી સાથે, ઘણો પ્રેમ હોવાથી તેની સાથે પાણિગ્રહણ કરવાની ઇચ્છાથી, ગુરુજનની પાસે આવી દીક્ષાકુમારીના હાથની માગણી કરી. ગુરૂદેવે પણ તરૂણ હીરકુમારના દીક્ષાકુમારી સાથે વિવાહ કરાવી આપ્યા. દીક્ષાકુમારીની સાથે હીરકુમારનો અતિ રાગ જાણીને, સ્ફુરાયમાન કાંતીવાળી કીર્તિરૂપી પ્રથમ પત્ની ઇર્ષ્યા કરવા લાગી. લોકમાં પણ ધન, ધાન્ય, સંપત્તિ ઐશ્વર્ય બધું હોવા છતાં પણ જે પુરૂષને સુંદર રૂપવતી બે પત્નીઓ હોય, તેને પ્રાયઃ સુખ નથી હોતું. કેમ કે તે બંને ભાર્યાઓ ઈર્ષ્યાથી એકબીજાની સ્પર્ધા કરતી જ હોય છે. બંને શોકયના ઝઘડાથી તેનો પતિ હેરાન પરેશાન થઇ જાય છે. તેથી બહુદુઃખદાયી કારાગૃહમાં વસવું સારૂં, અને દેશાંતરમાં ભ્રમણ કરવું સારૂં, પરંતુ સુખશાંતિના અભિલાષી પંડિતપુરૂષે કદાપિ બે પત્નીના પતિ બનવું નહીં. અહીંયા પણ શ્રી હીરવિજયસુરિને સ્ફુરાયમાન કીર્તિરૂપી વનિતા, પ્રથમ ભાર્યા હતી અને ગુણોથી અલંકૃત શરીરવાળી મનોહર રૂપવતી દીક્ષારૂપી બીજી પત્ની હતી. પ્રાયઃ કરીને પુરૂષને પ્રથમ-જુની પત્ની ઉપર રાગ ઓછો હોય છે અને નવી-બીજી પત્ની ઉપર રાગ વિશેષ હોય છે. એ પ્રમાણે હીરવિજયસૂરિને કીર્તિરૂપી જુની પત્ની ઉપર રાગ બિલકુલ ઓછો હોવાથી, કીર્તિરૂપી ભાર્યા માત્સર્યભાવથી હંમેશા કચ–કચ કરતી રહેતી. એક વખત વિષાદને ધારણ કરતી કીર્તિરૂપી સ્ત્રીએ વિચાર કર્યો :– ‘મારા પતિને મારા ઉપર બિલકુલ રાગ નથી, તો મારે અહીં રહેવાનું શું પ્રયોજન ? એમ માનીને જાણે પોતે સ્વેચ્છાથી ત્રણ જગતમાં ફરવા નીકળી પડી ! (અર્થાત્ હીરવિજયસૂરીની કીર્તિ ત્રણે જગતમાં દિગંતવ્યાપી હતી.) આ બધી કવિની ઉત્પ્રેક્ષા– કલ્પના બતાવે છે.) પવિત્ર સમેતશિખર તીર્થની યાત્રા કરી, રાત્રિના સમયમાં વચમાં રોકાઇને હીરસૂરિની કીર્તિરૂપી ભાર્યા સુંદર આગ્રા નામના નગરમાં આવી. તેની પ્રશંસા આગ્રાના રાજા અકબર બાદશાહ પાસે પહોંચી. પ્રશંસા સાંભળીને આશ્ચર્યમુગ્ધ

બનેલો રાજા કીર્તિના પતિ હીરવિજયસૂરિના દર્શન કરવા માટે ઉત્સુક બન્યો. રાજાએ વિચાર્યું કે 'દેવાંગના સમી તે કીર્તિરૂપી સ્ત્રીને હું જોઉં'. મારે ઘણી પત્નીઓ છે, પરંતુ આ હીરવિજય-સૂરિની કીર્તિરૂપી ભાર્યા તો ત્રણે જગતને મોહ પમાડનારી અદ્ભુત સ્ત્રી છે, તો તેનો પતિ કેવો અદ્ભુત જ્યોતિર્ધર હશે ! મારે એના દર્શન કરવા જ જોઇએ.' એમ વિચારીને અકબર બાદશાહે આનંદપૂર્વક હીરવિજયસૂરિને પોતાની પાસે બોલાવ્યા. જેના પ્રતાપરૂપી સૂર્યથી પૃથ્વી તપી રહી છે પરંતુ આશ્ચર્ય છે કે કમલો વિકસિત બને છે, અને શત્રુઓની અસંખ્ય વનિતાઓના મુખ-રૂપી કમલો સંકુચિત થાય છે. ત્રણે લોકમાં રહેલા મદોન્મત્ત હાથીઓ મદ વિનાના બની વૃદ્ધ જેવા થઈ જાય છે. સ્વામિનીની કૃપાથી જ હાથી-ઘોડા, ધન અને સંપત્તિથી સજ્જનો સમાન વૃત્તિવાળા થઈ જાય છે. વળી, જેના પ્રતાપરૂપી સૂર્યથી પોતાના સુંદર ઘરમાં રહેલા શત્રુરાજા-ઓના કપાળમાં લક્ષ્મી દેવીએ કરેલું તિલક ભૂસાઈ જાય છે. તેઓનાં શત્રુના મુખમાં થૂંક આવી પડે છે. એવા મહાન્ સામ્રાજ્યના ભોક્તા અકબર બાદશાહે, હીરવિજયસૂરિની પાસે શ્રદ્ધાલુ શ્રાવકની જેમ હાથ જોડી મસ્તક નમાવી, સૂરિજીને પ્રાર્થના કરી. અઢળક ધન-સંપત્તિનો રાશિ સૂરિજી પાસે કર્યો તેમજ સુંદર રૂપવતી એવી સ્ત્રીઓને સૂરિજીને અર્પણ કરતા કહ્યું:- 'ભગવન્, આ ધનસંપત્તિ તેમજ સૌંદર્યવતી આ સ્ત્રીઓનો આપ ઉપભોગ કરો.' જેના હાવભાવ અને કટાક્ષોથી ભલભલા યોગીઓ ચલિત થઇ જાય, પરંતુ હીરવિજયસૂરિજીએ ન તો ધન સામે નજર કરી કે ન તો સ્ત્રીઓ સામે નજર કરી. બાદશાહને કહ્યું:- 'રાજન્, જૈન મુનિઓ કંચન કામિનીના સદંતર ત્યાગી હોય છે. અગ્નિના સ્પર્શની જેમ તેનો સ્પર્શમાત્ર પણ કરતા નથી. એટલું જ નહી પરંતુ બીજા પાસે કરાવતા નથી અને જે લોકો કંચન કામિ-ની રાખે છે, તેનું અનુમોદન અમે કરતા નથી.' આ પ્રમાણે સૂરિજીના શ્રીમુખે જૈનધર્મનું સ્વરૂપ જાણીને, અકબર બાદશાહને જૈનધર્મ પ્રત્યે અતૂટ શ્રદ્ધા થઇ. બાદશાહે કહ્યું:- 'ખરેખર, જગતના સર્વેધર્મોમાં જૈનધર્મ શ્રેષ્ઠ ધર્મ છે. જગતના ગુરૂઓમાં હીરવિજયસૂરિ જગદ્ગુરુ છે. તેથી તેઓના દયામય ધર્મને હું અંગીકાર કરૂં છું. પરંતુ આપ, આમાંની મારી કોઈપણ વસ્તુ નહીં સ્વીકારો ? આપને હું શું આપું ? મારા પર કૃપા કરીને આપ કંઈપણ કાર્ય મને બતાવો. આપ કહેશો તે કરવા તૈયાર છું.' ત્યારે બાદશાહનો ઘણો ઘણો આગ્રહ જોઈને, આચાર્ય ભગવંત બોલ્યા :- 'રાજન્, જો આપને આપવાની ઇચ્છા છે તો તમારી પ્રસિદ્ધિને કરનારૂં, તમારૂ કલ્યાણ કરનારૂં એવું બાર દિવસનું અભયદાન મને આપો. બાર દિવસમાં તમારા રાજ્યમાં જલચર અને થલચર નિરાધાર જીવોની હિંસા થવી જોઈએ નહી. જીવમાત્રને આપેલું અભયદાન મહાન પુણ્યનું સર્જન કરનારૂ થાય છે.' રાજાએ કહ્યું:- 'ભગવન્, આપે જે કહ્યું તે તો મારા હિતને માટે છે. હું હંમેશાં કોઇ જીવની હિંસા કરીશ નહી. આપના મહા-મૂલ્યવાન વચન પ્રમાણે મારા સમગ્ર રાજ્યમાં બાર દિવસ સુધી સદંતર હિંસા થશે નહી. તે માટેના મારા આજ્ઞાપત્રો રાજ્યના વિભાગોમાં મોકલી આપું છું,' એમ કહીને બાર સૂર્ય સમાન બાર આજ્ઞાપત્રો (ફરમાનો) પોતાના નામથી લખીને મોકલાવ્યા. તે આજ્ઞાપત્રોને કેટલાક સુબા-ઓએ ભયથી, કેટલાકે પુણ્યનું કાર્ય જાણી, કેટલાકે દયાભાવથી, કેટલાકે લજ્જાથી, તો કેટલાક સુબાઓએ રાજાના માનથી એ આજ્ઞાપત્રોને શિરસાવંદ્ય કરીને સ્વીકાર્યા. આ પ્રમાણે અકબર બાદશાહે હીરવિજયસૂરિના ઉપદેશથી પોતાના જીવનમાં અહિંસા-દયામય ધર્મને ઉતાર્યો અને પોતાના રાજ્યમાં પણ સખ્ત રીતે અમારિપ્રવર્તન કરાવ્યું.

**ब्रह्मस्तनंधयवधूसुरभिप्रहारी, सारंगशूकरमतंगजसिंहमारी ।**
**येनेदृशोऽपि नृपतिः प्रतिबोधितो द्रा-ग्जीयाद्गुरुः स इति केचिदवर्णयंश्च ।।३२।।**

विघ्नौषधप्रवरमंत्रगतं परोक्षा–कृत्यं विनैव हृदि निःस्पृहतां निरीक्ष्य ।
योऽमानयद्‌गुरुमकब्बरपातसाहिः, सूरीशहीरविजयं स नृपोऽपि धन्यः ॥३३॥
जीवा जलस्थलखगा निजजीवितव्य-दानेन चारुकरुणाकरणेन लोकाः ।
आशीर्वचोःददुरकब्बरपातसाहे, जीयात्पितेव पृथिवीतलपालकोऽसौ ॥३४॥
केचिद् द्विजान् शुचिकुलान् प्रतिबोधयंति, सूक्ष्मक्रियान् स्वकृतसंगरनिर्वहोत्कान् ।
केचित्स्वकीयकलया वणिजः कुलीना–नन्यानपि प्रवरधर्मधियश्च केचित् ॥३५॥
लोकातिभीतिकरमुद्‌गलजातिजोऽपि, भूयिष्टपापकृदकब्बरपातसाहिः॥
येनोग्रधर्ममतिना प्रतिबोधितोऽलं, सूरीशहीरविजयोऽत्र गुरुः स पूज्यः ॥३६॥
आचार्यनामधरणप्रवणाः प्रभूताः, संति स्वचित्तपरिकल्पितभूरिगर्वाः ॥
केनापि किंतु बिरुदं न दधे नरेंद्रा–न्मान्यः स योऽखिलजगद्‌गुरुरित्यधात्तत् ॥३७॥
श्रीस्थूलभद्रवदहो भुवने स्वनाम, श्रीहेमसूरिरिव यः प्रथितं चकार ॥
सूरीशहीरविजयो विजयोन्नतः स, जीयच्चिरं मुनिषु सन्मुकुटायमानः ॥३८॥
इति भट्टारकपुरंदरश्री ५ श्रीहीरविजयसूरिश्वरकीर्तिसंयमरमणीसंवादोद्‌भूतपातिसाहि श्रीअकब्बरबहुमानदानवर्णनद्वात्रिंशिका ॥

બ્રહ્મહત્યા, બાલહત્યા, સ્ત્રી હત્યા અને ગૌહત્યા–આવી ભયંકર ચાર હત્યાઓ કરનાર તેમજ પશુ, પક્ષીઓ, ડુક્કર, હાથી અને સિંહોનો શિકાર કરનાર મહાભયંકર હિંસક બાદશાહને પણ જેમણે પ્રતિબોધ કરી અહિંસક અને દયાળુ બનાવ્યો, એવા જગદ્‌ગુરૂ હીરવિજયસૂરિજી જગતમાં જયવંતા વર્તો. એવા પ્રભાવશાળી ગુરૂના ગુણોનું વર્ણન કરવા માટે બૃહસ્પતિ પણ સમર્થ નથી.

વિઘ્ન, ઔષધ, મંત્ર, તંત્ર આદિની પરીક્ષા કર્યા વિના જ, જેમના હૃદયની નિસ્પૃહતા જોઈને અકબર બાદશાહે જેમને ગુરૂ તરીકે માન્યા, એવા બાદશાહ પણ ધન્યવાદને પાત્ર છે. જલચર, થલચર અને ખેચર જીવોને અભયદાન આપવાથી અને પ્રજાનું કરૂણાભાવે પાલન કરવાથી જગતના જીવો અકબર બાદશાહને નીરંતર આશીર્વાદ આપે છે કે :– ‘પૃથ્વીના પાલક, જગત્‌પિતા અકબર બાદશાહ જય પામો, જય પામો.’

કેટલાંક આચાર્યો પવિત્રકુલમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણોને પ્રતિબોધ કરે છે, કેટલાંક પોતાના કાર્યને કરનાર સૂક્ષ્મક્રિયાના આરાધકોને પ્રતિબોધ કરે છે, કેટલાક પોતાની વાક્‌પટુતાથી વણીકોને પ્રતિબોધ કરે છે, તો કેટલાક અન્યધર્મને કરનારા કુલીન પુરૂષોને પ્રતિબોધ કરે છે. જ્યારે હીરવિજયસૂરિજીએ તો લોકોમાં ભયંકર એવી મોગલજાતિમાં ઉત્પન્ન થયેલા હિંસક અને ક્રુર એવા અકબર બાદશાહને પ્રતિબોધ કર્યો. તે ગુરૂ ખરેખર જગત્‌ પૂજ્ય છે. આચાર્ય પદવીને ધારણ કરવામાં તત્પર અને પોતાની કલ્પિત કીર્તિને વધારવા માટે પ્રયત્ન કરનારા ઘણા સન્તો છે, પરંતુ હીરવિજયસૂરિ તો કોઈપણ જાતના બિરૂદને ધારણ નહી કરનારા, નિસ્પૃહી એવા તે

ગુરૂને સ્વયં બાદશાહે ‘ જગદ્‌ગુરૂ ’ તરીકે બીરદાવેલા, એવા જગદ્‌ગુરૂ હીરવિજયસૂરિ જગતમાં જય પામો.

શ્રી સ્થૂલભદ્રજી અને શ્રી હેમચન્દ્રાચાર્યની જેમ જેમનું નામ જગતમાં પ્રસિદ્ધિને પામ્યું છે એવા મુનિઓને વિષે મુગટ સમાન શ્રી હીરવિજયસૂરિશ્વરજી જયવંતા વર્તો.

આ પ્રમાણે આચાર્યોમાં ઈન્દ્રસમાન શ્રી હીરવિજયસૂરીશ્વરજીની કીર્ત અને સંયમ સ્ત્રી-એ બંનેના સંવાદ પૂર્વક, અકબર બાદશાહ દ્વારા કરાયેલા સન્માન અને બહુમાનનું વર્ણન સાતથી ૩૮ શ્લોક સુધીના બત્રીશ શ્લોકોમાં કરવામાં આવ્યું.

द्राग् द्वादशारुणमरीच्यधिकप्रतापं, भाग्योदयद्युमणिमादधतः स्फुरंतं ।।
आचार्यवर्यपदवीभवनेन यस्य, खंडं जवात्समभवत्कुमतांधकारे ।।३९।।
ध्वांतस्य तस्य परिखंडनके प्रजाते, यद्भाग्यभासुरदिवाकर उद्गते च ।।
भूपालभक्तिबहुमानविधानयोगा–दुद्योत आशु समजायत सर्वलोके ।।४०।।
यद्भाग्यकांतसविता वरसप्तसप्तते–राधिक्यमाचरति तीक्ष्णमयूखवृंदैः ।।
रात्रावपि क्षयमुपैति न सोऽपरोऽर्कः, प्राप्नोति तं निखिलविष्टपदुःखहेतुं ।।४१।।
यद्भाग्यभानुरधिको वरिवर्ति लोके, राज्ञोऽपि दीधितिविनिर्मिततः स चैवं ।
अन्यःक्षयं दिनकरः प्रकरोति राज्ञ–स्तन्निर्मितेः स्वयमपीह लभेत तं सः ।।४२।।
तद्यौवराज्यदवीं च दधन्मुनीनां, कुर्वन् सुखानि भुवनं च विमोहयन् सः ।।
भट्टारको विजयसेनगुरुः प्रसन्नो, भूयाद्भवाभिभवभारभरप्रभेदी ।।४३।।

બાર સૂર્યના કિરણોથી અધિક પ્રતાપી જેમને ભાગ્યોદય રૂપી સૂર્ય સ્ફુરાયમાન છે, જેઓએ આચાર્ય પદના પદાર્પણથી કુમતરૂપી અંધકારને ખંડ ખંડ (ચૂર્ણ) કરી નાખ્યો છે, તેવા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થવાથી દેદીપ્યમાન ભાગ્યરૂપી સૂર્યનો ઉદય થવાથી રાજાઓની ભક્તિ અને બહુમાન પામેલા, સર્વલોકમાં પ્રસિદ્ધ, ભાગ્યરૂપી સૂર્યના તીક્ષ્ણ કિરણોથી આકાશમાં રહેલા સૂર્યને ઝાંખો પાડનારા, ગગનવિહારી સૂર્યનો સમસ્ત જગતના દુઃખના કારણરૂપ રાત્રિમાં ક્ષય થાય છે. જ્યારે આ આચાર્ય ભગવંતનો ભાગ્યરૂપી સૂર્ય દિવસ અને રાત્રિમાં અધિક પ્રકાશ કરનારો છે. લોકોના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારો, તેમજ રાજાઓને પણ જ્ઞાનનો પ્રકાશ આપનારો, જેમનો પ્રખર પ્રતાપી ભાગ્યોદય જગતમાં પ્રસરી રહ્યો છે એવા અને મુનિઓમાં યુવરાજ પદવીને ધારણ કરનારા, લોકોને આનંદ આપનારા અને જગતને મોહ પમાડનારા એવા ભટ્ટારકાચાર્ય **વિજયસેનસૂરિ** અમારા ઉપર પ્રસન્ન થાઓ. સંસાર સમુદ્રને પાર કરાવનારા થાઓ.

शुद्धक्रियोध्धृतिलसत्समयस्य साधो–रादावशोभयदलंकृतिवद्वपुर्वा ।
विभ्राजिवाचकपदं श्रमणेषु मुख्य–माचार्ययोग्यपदवीभवनास्पदं यः ।।४४।।
भूयस्तपोजपविशुद्धतमक्रियाभि–राराधितो भगवतो ननु येन धर्मः ।

श्रीहर्षसागरसमुल्लसने शशी स, श्रीहर्षसागरमनोरमवाचकोऽभूत् ।।४५।।
प्रद्योतनेन पृथिवीवलयं स्वगोभि–निष्पाद्यते घनतमोरहिते यथैतत् ।।
अज्ञानतामसततिं च तथा विनाश्य, मिथ्यादृशामकृत यो जिनधर्मतेजः ।।४६।।
संक्रंदनस्य कठिनाचलभेदनाय, वज्रं यथा भवति सर्वजनप्रसिद्धं ।
आबाल्यतोऽपि समजायत यस्य भाग्यं, पुण्यात्तथा निखिलविघ्नविनाशनाय ।।४७।।
श्रीराजसागरसमप्रमदप्रदंतं, श्रीराजसागरसुता जनकं प्रकामं ।
श्रीराजसागरतमोरणनिम्नगाभं, श्रीराजसागरगुरुं विबुधं च वंदे ।।४८।।
अध्यापिताः प्रथमतस्त्वपरे विनेयास्तेषां च येन पदवी प्रददे स्वकीया ।
आधिक्यतोऽधीयत तेन गुरोरपीह, पूज्यो जनैः सहजसागरको विदग्धः ।।४९।।
स्वच्छब्दशास्त्रधनतर्कजिनागमाना–मध्यापको विशदसंयमशोभमानः ।
साधुक्रियाविनयसागर ईहितार्था–श्चक्रे नृणां विनयसागरलब्धवर्णः ।।५०।।

इति श्रीमद् गुरुपरंपराप्रशस्तिपंचाशिका ।।

एतेषामनुभावतो भगवतो ध्यानान्महानंदतो, भासंपत्तिकृतेर्विपत्त्यपहृतेर्द्रुर्योनिदुःखापहात् ।
सोल्लासं रविसागरो रचितवान् प्रज्ञानुसारादिदं, श्रीप्रद्युम्नचारित्रमत्र सकलश्रोतृश्रुतौ शर्मदं ।
यत्राभूद्रचनार्हतां समवसृत्याः सर्वकृत्याधिका, पापर्धेर्नियमं चकार च चतुर्दश्या दिने भूपतिः ।
भूवाःखेचरपारणाजननमावर्षं सहर्षं जिन–प्रासादोध्धृतिर्निर्मितिः समभवद् द्रव्यव्ययैर्भूरिशः ।
तस्मिन्मांडलिनाम्नि चारुनगरे खेंगारराजोत्तमे, संपूर्णं समजायतोरुचरितं प्रद्युम्ननामानघं ।
संख्यातश्च सहस्रसप्तकमिदं द्वाभ्यां शताभ्यां ७२०० शुभं,
पंचांभोनिधिषड्निशापतिमिते १६४५ वर्षे चिरं नंदतात् ।।५३।।

શુદ્ધ સાધુક્રિયાના ઉદ્ધારક, સાધુધર્મરૂપી આભૂષણોથી અલંકૃત શરીરવાળા વાચક (ઉપાધ્યાય) પદથી વિભૂષિત અને આચાર્યપદવીને યોગ્ય, તપ, જપ, ધ્યાન, સ્વાધ્યાય આદિ વિશુદ્ધ ક્રિયા વડે જૈન ધર્મની આરાધના કરી રહેલા, અને હર્ષ (આનંદ) રૂપી સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચન્દ્રસમાન, એવા **શ્રી હર્ષસાગર મહોપાધ્યાય** જૈન શાસનમાં શોભતા હતા.

પોતાના કિરણો વડે પૃથ્વીવલયને પ્રકાશિત કરનારા, અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારા, મિથ્યાદૃષ્ટિઓના હૃદયોમાં પણ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને, જૈનધર્મરૂપી કિરણોનો પ્રકાશ કરનારા, ઇન્દ્રનું વજ્ર જેમ કઠીનમાં કઠીન પર્વતને પણ ભેદી શકે છે તેમ બાલ્યાવસ્થાથી જ પુણ્ય પ્રભાવથી વિઘ્નોરૂપી પહાડોને તોડી નાખનારા એવા રાજસાગરપુત્ર પોતાના પિતાને રાજસમુદ્ર સમાન આનંદને આપનારા, રાજા–ચંદ્ર જેમ સાગરને ઉલ્લસિત કરે છે તેમ ભવ્યજીવોમાં આનંદરૂપી સાગરને ઉલ્લસિત કરનારા એવા **શ્રી રાજસાગર** ગુરુને હું વારંવાર વંદન કરું છું.

વળી, જે ગુરૂએ બીજાઓના પણ શિષ્યોને શાસ્ત્રાધ્યયન કરાવી પંડિત બનાવ્યા, તેથી જેઓ

વાચક (ઉપાધ્યાય) પદવીને ધારણ કરનારા હતા અને સહજપણે સમુદ્ર સમાન ગંભીર, લોકો વડે પૂજ્ય શ્રી રાજસાગરગણી, સ્વપર શાસ્ત્રના જાણકાર, જૈનાગમોના પ્રખર પંડિત, તાર્કિક શિરોમણી, નીરંતર સાધુ–શ્રાવકોને અધ્યયન કરાવનારા, સાધુક્રિયામાં તત્પર, વિશુદ્ધ સંયમથી સુશોભિત, વિનયધર્મના હિમાયતી, વચનસિદ્ધ, અને જેઓના પ્રભાવથી મનુષ્યોની ઇચ્છિત અર્થની સિદ્ધિ કરનારા, એવા શ્રી રાજસાગરગણીવર્યના શિષ્ય **રવિસાગરગણી** હતા. ગુરૂ કૃપાથી તથા ભગવંતનું ધ્યાન, મહાનંદપદના ઇચ્છુક, અશુભ કર્મજન્યવિપત્તિઓને દૂર કરનારા તેમજ સંયમની સાધના વડે દુર્ગતિઓના દુઃખને દૂર કરનારા એવા શ્રી રવિસાગરગણીએ પોતાની બુદ્ધિને અનુસાર સમસ્ત શ્રોતાગણના હૃદયને આનંદ આપનારા એવા પ્રદ્યુમ્નચરિત્રની ઘણા ઉલ્લાસથી રચના કરી.

જેણે ચતુર્દશી (ચૌદશ) ના દિવસે અથવા પર્વતિથિએ શિકાર નહી કરવાનો નિયમ કરેલો, પશુપક્ષીઓને અભયદાન આપનારા, અને પોતાના દ્રવ્ય વડે જયારે જિનેશ્વર ભગવાનનાં મંદિરનો જેમણે જિર્ણોદ્ધાર કરાવેલો ત્યારે ઘણા ઉલ્લાસ પૂર્વક ઘણા રૂપિયા ખરચેલા એવા ખેંગાર નામના રાજાના રાજ્યમાં આવેલા માંડલ નામના સુંદર નગરમાં (કે જે નગરમાં જિનેશ્વરભગવંતના સમવસરણની સુંદર રચના થઇ હતી.) ઘણું રસિક અને પાપોને હરનારૂં, મંગલને કરનારૂ, પ્રદ્યુમ્નચરિત્ર પુરૂં કર્યું હતું. વિ. સં. સોલસોને પીસ્તાલીસ [૧૬૪૫] ની સાલમાં ૭૨૦૦ શ્લોક પ્રમાણવાળુ '**શાંબપ્રદ્યુમ્નચરિત્ર**' યાવચ્ચંદ્રદિવાકરૌ જયવંતુ વર્તો.

## पुष्पिका

पातिसाहश्रीअकबरदत्तबहुमानपूर्वजगद्‌गुरु–श्रीमत्तपागच्छगगने गगनध्वजसमानश्रीभट्टारक पुरंदर श्रीश्रीश्री हीरविजयसूरीश्वरराज्येऽऽसमाने श्रीविजयसेनसूरिप्रमुखानेकसुविहितसाधु-समुदायराजमाने संवत १६४५ वर्षे चैत्रसित प्रतिपदि गुरु–रेवतीयोगे श्रीबिभीतकनगरे महोपाध्यायश्रीहर्षसागरगणि–तच्छिष्य–पंडितप्रकांड पं. राजसागरगणि तच्छिष्य–नूतन-चरित्रकरणपरायण पण्डित चक्रचक्रवर्ति पं० श्रीश्रीश्री रविसागरगणि तच्छिष्यकण जिनसागर इति भद्रं ।।

सुश्रावकपुन्यप्रभावक-जिनाज्ञाप्रतिपालक- द्वादशव्रतधारक–सर्वोपमायोग्याभिध-भारधूरीण सिद्धसाध्य श्रीहीरविजयसूरिआज्ञाप्रतिपालक–साहशिरोमणि सा० छीतरपु० साह ताल्हण पु० हेमराज नयणा सा० उदयवंत कुवर सांदूरुवोरपाल समस्त परति प्रतिलाभिता पं० श्री श्री श्री रविसागर शिष्य जिनसागर परति दत्ता पतिलाभिता पून्यार्थं पंचमी निमित्ताथ शुभं भवतु ग्र० ७२०० समस्तं कल्याणं भूयात् ।।

## ।। इति श्रीसांबप्रद्युम्नचरित्रं समाप्तं ।।

### : પુષ્પિકા :

ભારત સમ્રાટ અકબરે બહુમાન પૂર્વક જેમને જગદ્‌ગુરુની પદવી આપેલી, એવા શ્રી તપ-ગચ્છરૂપી આકાશમાં સૂર્ય સમાન અને જેમનું સામ્રાજ્ય (શાસન) શ્રી વિજયસેનસૂરિ આદિ

અનેક વાચકો, પંડિતો આદિ સુવિહિત સાધુગણોથી સુશોભિત હતું. ભટ્ટારકો (આચાર્યો) માં ઇન્દ્રસમાન એવા શ્રી શ્રી શ્રી હીરવિજયસૂરીશ્વરજીના અસમાન સામ્રાજ્યમાં રહેલા મહોપાધ્યાયશ્રી હર્ષસાગરગણીના શિષ્ય પંડિત પ્રકાંડ **શ્રી** રાજસાગરગણીવર્યના શિષ્ય નવનવા ચરિત્ર ગ્રંથોનું નિર્માણ કરવામાં તત્પર, પંડિતોમાં ચક્રવર્તીસમા શ્રી રવિસાગરગણીએ પ્રદ્યુમ્નચરિત્રનો બિભીતક (બેહડાનગર) નગરમાં શુભારંભ કરેલો. અને વિક્રમ સંવત ૧૬૪૫ના ચૈત્ર સુદ એકમના ગુરૂવારે રેવતીનક્ષત્રમાં શુભયોગમાં માંડલનગરમાં પ્રદ્યુમ્નચરિત્રની રચના સંપૂર્ણ કરી. એવા શ્રી પંડિતચક્રવર્તી રવિસાગરગણીના શિષ્ય જિનસાગરે ગુરૂચરણે આ પુષ્પકણનું સમર્પણ કર્યું.

સર્વ પ્રકારની ઉપમાને યોગ્ય પવિત્ર નામધેય શ્રી હીરવિજયસૂરિજીના આજ્ઞાવર્તી સુશ્રાવક પુણ્ય પ્રભાવક, જિનાજ્ઞાના પાલક, બાર વ્રતના ધારક, શાહશિરોમણી શાહ છીતરશાના પુત્ર શાહ તલ્હણશા, તેમના પુત્ર શાહ હેમરાજ. ઉદયવંત, કુવાર, સાંદુ, ઉરૂવીરપાલ આદિ સમસ્ત પરિવારથી પ્રતિલાભિત પંડિત શ્રી રવિસાગરના શિષ્ય જિનસાગરના ઉપદેશથી સૌભાગ્ય–જ્ઞાનપંચમીની આરાધના નિમિતે, શાહ હેમરાજના પરિવારે પ્રદ્યુમ્નચરિત્રનું આલેખન કરાવવાનો સંપૂર્ણ લાભ લીધો છે.

## : અનુવાદિકાની ક્ષમાયાચના :

વિ. સં. ૨૦૪૦ના જ્યેષ્ઠ કૃષ્ણા નવમી અને શનિવારના સિદ્ધિયોગમાં શુભ ચોઘડિયામાં, મદ્રાસ શહેરની અંતર્ગત 'મૈલાપુર' નામના પરામાં 'શાંબ–પ્રદ્યુમ્ન–ચરિત્ર' ના ગુર્જર ભાષાનુવાદની મંગલ પૂર્ણાહુતિ થઇ. અનુવાદમાં કોઇ ભૂલ કે અશુદ્ધિ રહી ગઈ હોય અથવા જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાઈ ગયું હોય તો સુજ્ઞ પુરૂષો મને ક્ષમા કરશો. આ શ્રુતોપાસનાથી જે પુણ્ય ઉપાર્જન થયું હોય તેનાથી સર્વજીવોને સુખ મળો, શાન્તિ મળો.

: અનુવાદિકા :
સ્વ. પ્રવર્તિની સાધ્વીજી સુનંદાશ્રીજીની અંતેવાસિની
**સાધ્વી સુલોચનાશ્રી**

## સંપૂર્ણ

## એક દાર્શનિક અણમોલ ગ્રંથ

# સ્યાદ્વાદમંજરી

[ બીજી આવૃત્તિ ]

( મૂળ શ્લોકો-ટીકા અને ગુજરાતી અનુવાદ )

જો તમારે જૈન દર્શનના સ્યાદ્વાદને, અનેકાન્તવાદને જાણવો છે, સમજવો છે, તો તમારે આ ગ્રંથનું અધ્યયન કરવું જ જોઈએ. પૂજ્ય વિદુષી સાધ્વીજી સુલોચનાશ્રીજીએ સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે. થોડી જ નકલો સ્ટોકમાં છે.

મૂલ્ય રૂા. ૨૫ ટપાલ ખર્ચ રૂા. ૭

પ્રાપ્તિ સ્થાન
**કીરીટ જે. શાહ**
કંબોઈનગર પાસે, **મહેસાણા-૩૮૪૦૦૨**

## હિર સૌભાગ્ય

[ મહાકાવ્ય ]

જગદ્ગુરુ આચાર્યદેવ હીરસૂરીશ્વરજી મ. નું જીવન ચરિત્ર આ મહાકાવ્યમાં ગુંથાયેલું છે. તેનો સરળ અનુવાદ વિદુષી સાધ્વીજી સુલોચનાશ્રીજીએ કરેલો છે.

ભાગ : બીજો

થોડી જ નકલો સ્ટોકમાં છે. જ્ઞાનભંડારોમાં તો આ ગ્રંથ હોવો જ જોઈએ.

પ્રાપ્તિ સ્થાન ઉપર મુજબ.

મૂલ્ય : રૂા. ૨૫ ટપાલ ખર્ચ રૂા. ૮

## હિર સૌભાગ્ય

ભાગ : ત્રીજો

બાદશાહ અકબરને પ્રતિબોધ પમાડી, સમગ્ર ભારતમાં અહિંસા ધર્મનો પ્રસાર કરનારા જગદ્ગુરુ હીરસૂરીશ્વરજીનું આ રસપૂર્ણ જીવનચરિત્ર છે. દરેક જૈન-જૈનેતરે વાંચવા જેવું પ્રેરણાદાયી આ ગ્રંથ છે. થોડી જ નકલો સ્ટોકમાં હોવાથી, જ્યાં સુધી હશે ત્યાં સુધી મોકલી આપીશું.

[ પહેલા ભાગની એકેય નકલ સ્ટોકમાં નથી, માટે પહેલો ભાગ કોઈએ મંગાવવો નહીં ]

મૂલ્ય : રૂા. ૫૦ ટપાલ ખર્ચ રૂા. ૮